# અદ્વૈતા-દ્વૈત નરવેદ ચિંતામણિ ગ્રંથ

(સટીક)



જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમઃ ||



# અદ્વૈતા-દ્વૈત
# નરવેદ ચિંતામણિ ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમઃ ||



# અદ્વૈતા-દ્વૈત
# નરવેદ ચિંતામણિ ગ્રંથ
## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**સંકલન-અનુવાદ**
શ્રી બીપીન આર. શાહ
૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ
website: www.kaivalgyan.org

પ્રકાશક
ભજનાનંદ પબ્લિકેશન
વિશ્વ સર્વજનમંગલ ચેરિટી ટ્રસ્ટ
૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,
અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# અદ્વૈતા-દ્વૈત નરવેદ ચિંતામણિ ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 300/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-4-7**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

LyűŜǊl·ŎűλØŜ t5C
tǊl·ʅl·ăK {dzűKl·Ǌ
² Kl·űă!ǇǇ ƴ2Y +91 9фтпфпнфрф

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

સાદર સમર્પણ
જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક
પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર
કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ
શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં
સમર્પણ કરીએ છીએ.

આપના ચરણરજના અભિલાષી

શાહ પરિવાર
Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ ''નિત્ય નિયમ ઉપાસના પાઠ'' (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

''અદ્વૈતા-દ્વૈત નરવેદ ચિંતામણિ'' ગ્રંથમાં કુવેરસ્વામીએ પરમપિતા પાસે પહોંચવાનો સીધો અને સરળ ઉપાય દર્શાવતાં શિખામણ આપે છે. અદ્વૈત પુરુષે

જ્યારે દ્વૈત અંશોને ઉત્પન્ન કરી આનંદ કરવા માટે બ્રહ્માંડમાં મોકલ્યા ત્યારે અંશો પાછા મૂળ વતનમાં જઈ શકે તે માટે અક્કલ, આરત અને સુરતા રૂપી સમુદ્ધિનો ખજાનો આપીને મોકલ્યા હતા, પરંતુ અંશ દેહનાં આવરણોમાં પોતાનું સ્વરૂપ ભૂલી ગયો અને સ્ત્રી શરીર સુખમાં સમૃદ્ધિ ગુમાવી બેઠો. આવા નિર્માલ્ય બનેલા અંશને પાછું જવું હોય તો પરમગુરુની કૃપા અનિવાર્ય છે.

વિશ્વમાં અવતાર ધારણ કરીને ઘેર-ઘેર ભટકતા દેહધારીઓ પરમપિતા ન હોઈ શકે તેમ દર્શાવતાં કહે છે કે

**જેહી ઘેર ઘેર ડોલનકી ઈશતા, ગાદીપત નહી તાઈ;**
**રાજદ્વાર સીપાયનકુ જીત, પઠવાવત તહાં જાઈ. ૧૦.૨૩**

મોટા થઈને ફરવાવાળા ઘણા છે, પરંતુ બ્રહ્માંડમાં કોઈ પણ અંશ પરમગુરુ સમાન ન હોઈ શકે કે થઈ શકે તે સમજાવતાં કુવેરસ્વામી કહે છે કે

**પુનહી પાય પદ મોક્ષ મહાદ રધ, તદીપ ન હોય મમ સમહી. ૧૧.૩૬**
**ત્યૌ હમસે જન ભવિત મોક્ષગત, પણ હમ સમનહી કોઈ. ૧૧.૪૨**
**તદીપ અંશ કોઉ હોય ન મોઈ સમ, જ્યૌ તરુ નહી જમી તુલ. ૧૨.૩**
**કરુ પ્રકાશ પરમપદકે સદ, પણ હમ સમ નહિ હોઈ. ૧૧.૩૧**

સંત પુરુષો પરમપદનો સત્ય ઉપદેશ કરીને જીવોનાં હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ કરી શકે, પરંતુ પરમગુરુ જેવા કોઈ પણ થઈ શકે નહીં.

વળી, આ ગ્રંથમાં કુવેરસ્વામી ખૂબ જ સ્પષ્ટ આદેશ આપે છે કે જેમ ખંડિત થયેલ બીજક ઊગતું નથી અને દવા લેવા છતાં ચરી પાડવામાં ન આવે તો રોગ મટતો નથી. તેમ પરમગુરુના શરણમાં ગયા બાદ જો મુમુક્ષુ સ્ત્રી સુખ સહિતના અન્ય આદેશ મુજબ ચરી ન પાડે તો કદી પણ પરમપિતાને મળી શકતો નથી. માટે જ ચંચલ, ચપળ મોહિની સ્વરૂપ શક્તિનો ત્યાગ કરીને નિરંજનપુરુષ વૈરાગી થયા અને સનકાદિક પણ માયામાં ન લપટાતાં સર્વ સુખ ત્યજીને તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી

ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**

સંત પુરુષોને સત્ કૈવલસાહેબ

ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચેરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........................................................ vi

પ્રકાશકના બે બોલ ........................................... ix

૧. શક્તિ પુરુષ વિયોગ વૈરાગ કો અંગ ૧ ................................૧

૨. શ્રી નિરંજન નરવેદ ધ્યાન કો અંગ ૨ .................................૩૬

૩. શક્તિ આજ્ઞ સુનક વિતરાગકો અંગ ૩ ................................૪૨

૪. નિગમ નિરાક્રણ પર વિષમ વૈરાગકો અંગ ૪............................૬૦

૫. સંસારી શાસ્ત્ર કો ત્યાગીકુ શ્રવણ નહી કરનકો અંગ ૫...................૭૦

૬. નર નિર્માલ્ય હવિત હિસાબકો અંગ ૬ .............................. ૧૦૬

૭. સકર્તા રહિત પક્ષ પરિચ્છેદન દેખાવનકો અંગ ૭...................... ૧૫૪

૮. પરમગુરુ વિશેષણ બરનનકો અંગ ૮ ................................ ૧૮૯

૯. વ્યાકરણ ભાષા અને પ્રાકૃત ભાષાકો અંગ - ૯ ......................... ૨૧૯

૧૦. દેહ ધારીકો કર્તા નહિં સંબોધ વિષયકો અંગ ૧૦...................... ૨૪૯

૧૧. અન્ય ગુરુઓ અને પરમગુરુની પિછાનકો અંગ ૧૧.................... ૨૬૭

૧૨. દિવ્ય પરમગુરુ પ્રત્યે લાગ લગાવન નીતિકો અંગ ૧૨ ................. ૨૯૫

૧૩. અખંડ કૈવલધામકી સત્ય પહેંચાનકો અંગ ૧૩......................... ૩૩૧

૧૪. કૈવલધામ પ્રાપ્તિ અર્થે નીતિ દર્શાવનકો અંગ ૧૪ ...................... ૩૭૩

૧૫. હુકમ અને મુખત્યારપત્ર દર્શાવનકો અંગ ૧૫ ......................... ૩૮૮

ચોપાઈ અનુસુચી ............................................... ૪૧૭

# શક્તિ પુરુષ વિયોગ વૈરાગ કો
# અંગ ૧

**પ્રથમ પુરેશ સકર્તા સરજન, આદ્ય સબનકી સોય;**
**જીનકે શુદ્ધ સંકલ્પે અખિલ કુલ, ઉપજાયેહુ સબ કોય. ૧**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલા **પુરેશ** = પુરુષોમાં ઈશ, શ્રેષ્ઠ પુરુષ **સકર્તા** = સર્વના રચનારા, પોતે જ રચનારા છે તેવા **સરજન** = રચના, ઉત્પતિ **આદ્ય** = આદિમાં **સબનકી** = દરેકની, બધાની **સોય** = તે **જીનકે** = જેઓના **શુદ્ધ સંકલ્પે** = શુદ્ધ સંકલ્પથી **અખિલ કુલ** = સમસ્ત બ્રહ્માંડ **ઉપજાયેહુ** = ઉત્પન્ન કર્યું **સબ કોય** = સર્વ કોઈ.

### અનુવાદ

**પુરુષમાં ઈશ એવા સકર્તા સર્જનહાર સર્વની આદિમાં સૌ પ્રથમ હતા. જેઓએ શુદ્ધ સંકલ્પથી અખિલ બ્રહ્માંડમાં સર્વ કોઈ (બધું જ) ઉત્પન્ન કર્યું છે.**

### ભાવાર્થ

જ્યારે મહાશૂન્યમાં કંઈ જ ન હતું ત્યારે સૌ પ્રથમ સર્વ શ્રેષ્ઠ એવા કૈવલ પુરુષ સજાણ-જાણ સ્વરૂપે પોતે એકલા જ કૈવલધામમાં હતા. જ્યારે તેમને ઉપજણ ઉપજી તથા કંઈક કરવા માટે ઈચ્છા થઈ ત્યારે તેમણે પોતાની દૃષ્ટિ ચોતરફ પ્રસારી ત્યાં સુધીના ઘટકને બ્રહ્માંડ કહેવામાં આવ્યું. તેમાં પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના મહાતત્ત્વોનો પસારો કરી બ્રહ્મક્ષેત્ર તૈયાર કર્યું. તે બ્રહ્મક્ષેત્રમાં ખટવૃત્તિ દ્વારા તત્ત્વો, પંચદેહો, વૈરાટ, દેવ, દાનવ અને માનવ સહિત સ્થાવર જંગમ જાતિના અસંખ્ય ઘાટ તૈયાર કર્યા. તદ્ઉપરાંત વિધ વિધ પ્રકારની રિદ્ધિ સિદ્ધિવાળી દુનિયા બનાવી. આ ઉપરાંત સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોને ઉત્પન્ન કરીને તેમાં રમણ કરવા મોકલ્યા. આમ પોતાના શુદ્ધ સંકલ્પ વડે પળભરમાં પોતાને યોગ્ય લાગે તે મુજબની સઘળી રચના ઉત્પન્ન કરી છે.

**તિનુ અનુકરમ કરતકે કારણ, શ્રોત સકલ તતવેતુ;**
**જેહી જમ હુયે મહાદ્ય અવિગતસે, તેહી જનાવહુ હેતુ. ૨**

### શબ્દાર્થ

**તિનુ** = તેનો **અનુકરમ** = ક્રમાનુસાર **કરતકે** = રચનાનું **કારણ** = કારણ, મૂળ **શ્રોત** = શ્રોતાજનો, સાંભળનારા **સકલ** = તમામ, સર્વ **તતવેતુ** = તત્ત્વના વેત્તા **જેહી** = જે, રીતે **જમ** = જેમ **હુયે** = થયું **મહાદ્ય** = મહાન, મહદ્ **અવિગતસે** = અવિગતથી **તેહી** = તેને, તેનો **જનાવહુ** = જણાવું છું **હેતુ** = ઉદ્દેશ, આશય.

### અનુવાદ

**મહદ્ અવિગતથી ક્રમાનુસાર જે રચના બની અને જે રીતે જેમ ઉત્પન્ન થયું તેના મૂળ ઉદ્દેશ અને કારણ વિશે હું તમોને જણાવું છું તે હે તત્ત્વવેત્તા, શ્રોતાજનો! શ્રવણ કરો.**

### ભાવાર્થ

મહદ્ અવિગત મહાશૂન્યમાંથી ક્રમાનુસાર સમગ્ર બ્રહ્માંડની જે રચના થઈ છે તેના કારણરૂપે રહેલા સર્જનહાર અંગે તથા જે રીતે અને જેમ ઉત્પન્ન થયું છે, તેની સઘળી માહિતી જણાવે છે. આ ઉપરાંત તે ઉત્પન્ન કરવાનો સર્જનહારનો આશય પણ કુવેરસ્વામી જણાવે છે. સર્વ તત્ત્વવેત્તા શ્રોતાજનોને તે ધ્યાનપૂર્વક સાંભળવા માટે અનુરોધ છે.

**પ્રથમ આદ્ય ધંધુકાર ધૂન્યમેં, આપ અકેલ રહાઈ;**
**મહાશૂન્યમે શુન્ય મુન્ય ગત, ઉતઈત કોહુ ન થાઈ. ૩**

### શબ્દાર્થ

**પ્રથમ** = પ્રારંભમાં, પહેલાં, પ્રથમ **આદ્ય** = આદિ, મહાદ **ધંધુકાર** = ગાઢ અંધકાર રૂપે રહેલ **ધુન્યમેં** = અંતરાય રહિત પથરાવો (**શૂનમેં** = શૂન્યમાં) **આપ** = પોતે **અકેલ** = એકલા **રહાઈ** = રહેતા હતા **મહાશૂન્યમેં** = મહાશૂન્યમાં **શૂન્ય મુન્ય** = શૂન-મૂન **ગત** = ગતિની જેમ, સ્થિતિમાં **ઉતઈત** = આગળ પાછળ **કોહુ** = કોઈ પણ, કશું પણ **ન** = ન, નહીં **થાઈ** = હતું.

### અનુવાદ

**પ્રથમ આદિમાં ધંધૂકાર અંતરાય રહિત પથરાયેલા મહાશૂન્યમાં તેઓ પોતે**

**એકલા જ શૂનમૂન સ્થિતિમાં નિવાસ કરતા હતા. તે વખતે મહાશૂન્યમાં આગળ પાછળ કે ઉપર-નીચે કંઈ પણ હતું નહીં.**

### ભાવાર્થ

આદિ અનાદિ કાળમાં ગાઢ અંધકાર રૂપે રહેલા અંતરાય વગરના પથરાયેલા શૂન્યમાં સૌ પ્રથમ સર્જનહાર, કૈવલ પુરુષ કૈવલધામમાં એકલા નિવાસ કરતા હતા. . તે વખતે તેઓ બાહ્ય હંગને અંકુર સ્વરૂપે પોતાના અંતરહંગમાં લીન કરીને નિજ જાણના પુંજ તરીકે શૂનમૂન સ્થિતિમાં હતા. ત્યારે મહાશૂન્યમાં કૈવલ ધામની આગળ-પાછળ કે ઉપર-નીચે એમ દશે દિશાઓમાં માત્ર મહાશૂન્ય સિવાય કાંઈ પણ (કોઈ પણ) હતું નહીં.

**તેહી ખુદનકુ કોટી કલ્પમહી, હવીતવ હેજ વિલાખા;**
**આપને આપકે નિજ નરણિતકો, ઉઠત હંગ સભાખા. ૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **ખુદનકુ** = નિજ કર્તાને, મૂળ પુરુષને **કોટી** = કરોડો **કલ્પમહી** = કલ્પમાં **હવીતવ** = થયો **હેજ** = ઉમળકો, ઉપજણ **વિલાખા** = વિલાસ, આનંદ **આપને** = પોતાને **આપકે** = પોતાના **નિજ** = મૂળ, આદિ, પોતાનો **નરણિત કો** = નિર્ણયનો **ઉઠત** = ઊઠ્યો **હંગ** = જાણ **સભાખા** = સભાનતા થતાં, સાવધાન થતાં.

### અનુવાદ

**કરોડો કલ્પો વીત્યા બાદ તેમને ઉપજણ ઉપજતાં આનંદ કરવાનો ઉમળકો થયો. આમ પોતે પોતાના નિજ નિર્ણય કરવા માટે હંગથી સાવધ થયા.**

### ભાવાર્થ

મહદ્ શૂન્યમાં શૂન-મૂન મુનિવ્રત સ્થિતિમાં કરોડો કલ્પો વીત્યા. તેવામાં તેમને અચાનક ઉપજણ ઉપજતાં આનંદ થયો. (જેમ કોઈ માનવ નિદ્રામાં અચાનક ઝબકીને મનમાં આનંદનો અનુભવ કરે, હજી જાગ્રત તો થયો જ નથી તેવી સ્થિતિને ઉપજણ

કહેવાય.) તેમને પોતાનો નિર્ણય કરવા માટે જે હંગ સ્વરૂપે તેઓ રહેતા હતા તે અંતર હંગથી સાવધ થયા.

**હંગ સભાખ સો અહંગ એક મમ, અચીત ભયે ચિતવાનું;**
**સુરત સચેત વેત હોઈ નિજકે, ધરીત શુદ્ધ અભિમાનું. ૫**

### શબ્દાર્થ

**હંગ** = જાણ્ય **સભાખ** = સાવધ, સચેત **સો** = તો, તે **અહંગ** = હું **એક મમ** = હું પોતે **અચીત** = નચિંત **ભયે** = થયા **ચિતવાનુ** = સચેત, ચિત્તવાન **સુરત** = દૃષ્ટિ **સચેત** = સાવધ, સચેતન **વેત** = જાણકાર **હોઈ** = હોવાથી **નિજકે** = પોતાની અંદર રહેલી **ધરીત** = ધારણ કરી **શુદ્ધ** = નિર્મળ **અભિમાનું** = અહંભાવ, મમત્વ.

### અનુવાદ

**હંગથી સાવધ એટલે કે નચિંતમાંથી હું પોતે જ છું તેમ સચેત થયા. આમ શુદ્ધ અહંભાવ ધારણ કરીને પોતાની જાણકારી થતાં દૃષ્ટિને સચેત કરી.**

### ભાવાર્થ

પોતે જે અંતર હંગે કરીને રહેતા હતા તે અંતરહંગથી સાવધ થયા. અર્થાત્ તેઓ પોતાની જાણ સ્વરૂપે જે પહેલાં શૂનમૂન નચિંત સ્થિતિમાં હતા, તેમાંથી સચેત સ્થિતિમાં આવ્યા. આમ પોતે પોતાનો શુદ્ધ અહંભાવ ધારણ કરતાં જ તેમને પોતાની મહદ્ સજાણ જાણનો અહેસાસ થયો. અંતર હંગે સચેત થતાં તેમનામાં કર્તાપણાનું બાહ્યહંગ કે જે અંકુર રૂપે રહેલું હતું તેને પણ તેમણે સચેત કર્યું. અને પોતાની દૃષ્ટિ પ્રસારી.

**તેહી શુદ્ધ અભિમાન અહંગ મમ, અસંખ કાલકે સોઈ;**
**આદ્ય અંત મધ્ય અજર અજાયલ, અવધકાલ બિનું મોઈ. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **શુદ્ધ** = શુદ્ધ **અભિમાન** = અહંભાવ, મમત્વ **અહંગ** = પોતાના હંગે, જાણ **મમ** = હું, મારી **અસંખ** = અસંખ્ય, અપાર **કાલકે** = કાળથી, સમયથી **સોઈ** = તે, હતો **આદ્ય** = પ્રારંભ **અંત** = છેડો

**મધ્ય** = પસારો **અજર** = અમર **અજાયલ** = અજન્મા, નાશ રહિત **અવધકાળ** = અવધીકાળ, અંત સમય **બિનું** = વિના, સિવાયના **મોઈ** = હું.

## અનુવાદ

**હું અનંત કાળથી રહેલો છું, તેવા શુદ્ધ અહંભાવની મને જાણ થઈ. વળી હું આદ્ય, મધ્ય અને અંતરૂપી અવધિકાળ વિનાનો અજર અને અજન્મા છું.**

## ભાવાર્થ

કૈવલકર્તા અનંત કાળથી પોતાના મહદ્ ચૈતન અંતરહંગ સ્વરૂપે મુનિવર સ્થિતિમાં રહેતા હતા, તેવો શુદ્ધ અહંભાવ તેમણે ધારણ કર્યો. તેઓ પોતે આદ્ય, મધ્ય અને અંતકાળ - એમ ત્રણે કાળથી રહિત અર્થાત્ અવધિકાળ સિવાયના અજર, અમર અને અજન્મા છે; તેવી તેમને જાણ થઈ.

**એહી પરકારન આપોઆપ નિજ, સાવધાન હોઈ સદહી;**
**ભવિત ભાવ ઉર તદિપ તાય દિવ્ય, જદિપ પાય અહંપદહી. ૭**

### શબ્દાર્થ

**એહી** = આ **પરકારન** = પ્રકારે **આપોઆપ** = પોતાની જાતે **નિજ** = પોતે **સાવધાન** = સચેત, સાવધ **હોઈ** = થઈને **સદહી** = પોતાની જાતથી **ભવિત** = થયો **ભાવ** = હેત, લાગણી **ઉર** = હૃદય, મનમાં, પોતાનામાં **તદિપ** = ત્યારે **તાય** = તે **દિવ્ય** = અલૌકિક **જદિપ** = જ્યારે, જેથી **પાય** = પ્રાપ્ત કર્યો **અહંપદહી** = હું પદ, હું પણું.

## અનુવાદ

**આ પ્રકારે પોતે પોતાની જાતે સાવધ થયા. આવો અલૌકિક ભાવ જ્યારે તેમનામાં થયો ત્યારે તેમણે અહંપદ ધારણ કર્યું.**

## ભાવાર્થ

આ પ્રકારે કૈવલકર્તા પોતે પોતાની જાતે (સ્વયં) જ સાવધ થયા. જ્યારે તેમને તેમના પોતાનામાં આવો અલૌકિક ભાવ થયો ત્યારે તેમણે પોતાનું અહંપદપણું ધારણ કર્યું. (અહંભાવ ધારણ કર્યો)

## અહંપદ સો આપનો આપનપુ, અનુભવ કરીત કરાલે;
## અહો હુંય હું સ્વાધ સનાતન, શું ન બનીત ક્રત કાલે. ૮

### શબ્દાર્થ

**અહંપદ** = પોતાપણાનું **સો** = તે **આપનો** = પોતાનું **આપનપુ** = શુદ્ધ ચૈતન સ્વરૂપ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **કરીત** = કરીને **કરાલે** = ઉગ્ર, તીવ્ર **અહો** = અહો ! **હુંય** = હું પણ **હું** = હું, છું **સ્વાધ** = સ્વાધીન **સનાતન** = શાશ્વત, કાયમ, નિત્ય **શું** = શું **ન** = નહીં **બનીત** = બની શકે **ક્રત** = રચના, કાર્ય **કાલે** = કાળે, સમયે.

### અનુવાદ

**અહંપદ એટલે પોતાના નિજ ચૈતન સ્વરૂપનો ઉગ્ર અનુભવ કરવો. અહો! હું પોતે સ્વાધીન અને સનાતન હોઈ શું મારાથી કોઈ કાળે કાર્ય ન બની શકે ?**

### ભાવાર્થ

અહંપદ એટલે પોતાના નિજ ચૈતન સ્વરૂપનો ઉગ્ર અનુભવ કરવો. આ રીતે કૈવલ કર્તાએ પોતાના અતિ ઉજાગ્રતપણે અંતરહંગની સજાણ જાણથી પોતાના મહદ્ ચૈતન સ્વરૂપનો અનુભવ કર્યો અને નક્કી કર્યું કે તેઓ પોતે સ્વાધીન છે. અર્થાત્ કોઈનો પણ સાથ-સહકાર લીધા વગર આ સમયે રચના (કાર્ય) અંગે જે ધારે તે બધું જ કરી શકે તેમ છે.

## તબતે શુદ્ધ અભિમાન અહંગ લેઈ, કરીત શુદ્ધ સંકલ્પહી;
## અદ્વૈત એક અનાદ્ય પુરુષકુ, એહી વિધિ ઉઠે કલપહી. ૯

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે **શુદ્ધ** = નિર્મળ **અભિમાન** = અહંમેવ, મમત્વ **અહંગ** = પોતાના હંગે **લેઈ** = કરીને **કરીત** = કર્યો **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **સંકલ્પહી** = સંકલ્પ, રચના કરવાનો મનસુબો **અદ્વૈત** = જુદાપણું નહીં તેવું, અજોડ, અભિન્ન **એક** = એક **અનાદ્ય** = આદિ-અનાદિ, પુરાણા **પુરુષકુ** = પુરુષને **એહી વિધિ** = આ પ્રમાણે **ઊઠે** = ઊઠ્યો **કલપહી** = કલ્પ દરમિયાન.

### અનુવાદ

**તેથી પોતાના હંગે કરી શુદ્ધ અહંમેવ ધારણ કરીને શુદ્ધ સંકલ્પ કર્યો. આ પ્રમાણે એક અદ્વૈત અનાદિ પુરુષને કલ્પના અંતે સંકલ્પ ઊઠ્યો. (ઉત્પન્ન થયો.)**

### ભાવાર્થ

કેવલ પુરુષને જ્યારે પોતાના ચૈતન સ્વરૂપનો અનુભવ થયો ત્યારે પોતે સ્વતંત્રપણે બધું જ કરી શકવા સક્ષમ છે તેવો અહંમેવ થયો. આ પ્રમાણે શુદ્ધ અહંમેવ ધારણ કરીને પોતાની બાહ્ય હંગની કર્તાવૃત્તિને ફેલાવી શુદ્ધ સંકલ્પ કર્યો. આ રીતે એક અદ્વૈત પુરાણા પુરુષને પોતાનામાં રચના રચવા અંગેનો સંકલ્પ મહાકલ્પ પૂર્ણ થતાં ઊઠે છે. અર્થાત્ એક મહાકલ્પના ગાળા (સમય) સુધી પોતે આરામ કરે છે અને બીજા મહાકલ્પ દરમિયાન શુદ્ધ સંકલ્પ દ્વારા રચના રચીને આનંદ માણે છે.

**કલ્પ સોઈ આપને જાનનકે, બીન ઈન્દ્રિ અંતસહી;**
**સાક્ષીપણે સકર્તા બાજત, કામ ન અંતસ જસહી. ૧૦**

### શબ્દાર્થ

**કલ્પ** = મહા કલ્પ **સોઈ** = થવાથી, થી **આપને** = પોતાને **જાનનકે** = જાણીને **બીન** = સિવાય, વિના **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અંતસહી** = અંતઃકરણ **સાક્ષીપણે** = નજરોનજર જોનારા, દૃષ્ટા સ્વરૂપે **સકર્તા** = સર્જનહાર **બાજત** = બિરાજમાન છે **કામ** = કામના, કાર્ય વિષય-વાસના, કામુક્તા **ન** = નહીં **અંતસ** = અંતઃકરણ **જસહી** = જરાયપણ, વિનય, સંયમ, જીતેન્દ્રિય, નમ્રતા, જશ, કીર્તિ.

### અનુવાદ

**ઈન્દ્રિ અને અંતઃકરણ વગર મહાકલ્પ સુધી સકર્તા પોતાને જાણીને સાક્ષી સ્વરૂપે બિરાજમાન રહે છે. જેમાં અંતઃકરણો જરા પણ કામ આવતા નથી.**

### ભાવાર્થ

સર્જનહાર મહાકલ્પ પર્યંત પોતાને જાણીને ઈન્દ્રિ અને અંતઃકરણો સિવાયના પોતે પોતાની રચનાના સાક્ષી પણે કૈવલધામમાં બિરાજમાન રહે છે. તેમ છતાં તેમનામાં અંતઃકરણોથી ઊભી થતી કામના જરાપણ પેદા થતી નથી.

**બીન ઈન્દ્રિ અંતસકે કરતા, ઓર નહીં ગુન સેતુ;**
**તેહી બરનન અચરત સાગરમે, દેખહુ સજન સહેતુ. ૧૧**

### શબ્દાર્થ

**બીન** = સિવાય, વિના **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અંતસકે** = અંતઃકરણના **કરતા** = કર્તા **ઓર** = અને, બીજુ **નહીં** = નથી **ગુન** = રજો- તમો - સતો **સેતુ** = સહિત **તેહી** = તે **બરનન** = વર્ણન **અચરત સાગરમે** = અચરતસાગર ગ્રંથમાં **દેખહુ** = જોઈ લેવું **સજન** = સજ્જનોએ **સહેતુ** = પ્રેમપૂર્વક, હેત ધારણ કરીને.

### અનુવાદ

**સકર્તા ઈન્દ્રિ, અંતઃકરણ અને ગુણ સિવાયના છે. તેનું વર્ણન અચરતસાગર ગ્રંથમાં સજ્જનોએ હેતપૂર્વક જોઈ લેવું.**

### ભાવાર્થ

કેવલ કર્તા દશ ઈન્દ્રિયો, પાંચ અંતઃકરણ, રજોગુણ, તમોગુણ અને સતોગુણ તેમજ તેના અનુષાંગિક અન્ય પેટા તત્ત્વો સિવાયના છે. તે બાબતનું વર્ણન અચરતસાગર નામના ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે. તેથી સજ્જનોએ તે વર્ણનને અચરતસાગર ગ્રંથમાં જોઈ લેવું.

**યાતે અંતસકરન ઈન્દ્રિ ગુન, રહીત સદા સામ્રથહી;**
**નિજકે જ્ઞાન સુરતસે સબ કછુ, ઉદીત હવીત સાંસ્ત્રતહી. ૧૨**

### શબ્દાર્થ

**યાતે** = આ પ્રમાણે, આ રીતે **અંતસકરન** = અંતઃકરણ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગુન** = ગુણ **રહીત** = વિના, સિવાય **સદા** = હંમેશ માટે, નિત્ય **સામ્રથહી** = સામર્થ્યવાન **નિજકે** = પોતાના **જ્ઞાન** = જાણ, સમજ **સુરતસે** = દૃષ્ટિથી **સબ કછુ** = બધું જ, સર્વ **ઉદીત** = ઉત્પન્ન કરીને **હવીત** = હોવું, થવું, કરવુ **સાંસ્ત્રતહી** = સજાતીય વંશજો રૂપી અંશ.

### અનુવાદ

**આ રીતે સામ્રથ સકર્તા હમેશાં અંતઃકરણ, ઈન્દ્રિયો અને ગુણ સિવાયના છે. છતાં પોતાની દૃષ્ટિની જાણથી સજાતીય અંશો સહિત બધું જ ઉત્પન્ન કર્યું છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે સમર્થ સર્જનહાર હમેશાં પાંચ અંતઃકરણ, દશ ઈન્દ્રિયો અને ત્રણ ગુણ સિવાયના છે. તેમ છતાં સર્જનહારે પોતાની બાહ્ય-કર્તા-હંગવાળી (બાજ) બાહ્ય દૃષ્ટિની જાણથી સર્વ તત્ત્વો સહિત જડ રચના પોતાના બ્રહ્મક્ષેત્રમાં ઉત્પન્ન કરી છે. વળી અંતરહંગની આંતર (દૃષ્ટિ) વૃત્તિથી તમામ જડ રચનાને સજીવન કરવા માટે પોતાની સજાતિના અંશોને બનાવ્યા છે.

**સાંસ્ત્રત સો શુદ્ધ સ્ત્રજીત અંશકુ, પુનિત વિશેષ સામાનુ;**
**પરમ વિશેષ પરમપતકી ગત, કરન કાજ ઈત જ્ઞાનુ. ૧૩**

### શબ્દાર્થ

**સાંસ્ત્રત** = સજાતિ, વંશજો **સો** = તે **શુદ્ધ** = શુદ્ધ **સ્ત્રજીત** = સજર્યા, સર્જન કર્યા **અંશકુ** = અંશોને **પુનિત** = પવિત્ર, નિર્મળ **વિશેષ** = વિશેષ **સામાનુ** = સામાન્ય **પરમ વિશેષ** = પરમ વિશેષ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **પતકી** = પતિની, માલિકની **ગત** = ગતિ, સમજ, જાણ **કરન** = કરવા **કાજ** = માટે, કાજે **ઈત** = અહીંયાં, બ્રહ્માંડમાં **જ્ઞાનુ** = જ્ઞાન.

### અનુવાદ

**સાંસ્ત્રત એટલે શુદ્ધ અંશોને સજર્યા છે. તેમાં સામાન્ય અને વિશેષ તેમજ પરમપતિની સમજ (ગતિ) આ બાજુ (બ્રહ્માંડમાં) આપવાના કાર્ય માટે પરમ વિશેષ અંશ પણ સર્જેલા છે.**

### ભાવાર્થ

સાંસ્ત્રત એટલે સર્જનહારે પોતાના બાહ્યહંગ વડે જે જડ સૃષ્ટિ સર્જેલી તેને ચલાયમાન કરવા માટે પોતાના અંતરહંગથી ચૈતન અંશોને ઉત્પન્ન કર્યા છે. આ અંશોમાં સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના અંશોનો સમાવેશ થાય છે. તેમાં સામાન્ય અંશોએ ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટમાં નિવાસ કરેલો છે, વિશેષ અંશોમાં સામાન્ય દેવી-દેવતાઓ અને વિશ્વના વહીવટીય કારભાર સંભાળનાર પ્રારંભના વિશેષ મહાદેવોનો સમાવેશ થાય છે. વળી પરમ વિશેષ અંશોને ઈંડના અધિપતિ તરીકે મૂક્યા છે. આ ઉપરાંત પરમ વિશેષ પાટવી

અંશને પતિપદની સમજ આપવા તથા અંશ-અંશીનું જ્ઞાન જણાવવા માટે પોતાના સાંનિધ્યમાં રાખેલા છે.

**જેહી ચતુરાનન નિગમ ચતુરસે, જીનું પોકારત નેતિ;**
**તિનકી ભાલ કરન ભવ આવત, પરમ અંશ પરમેતિ. ૧૪**

### શબ્દાર્થ

**જેહી** = જે **ચતુરાનન** = ચારમુખવાળા બ્રહ્માએ **નિગમ** = વેદ **ચતુરસે** = ચારથી, ચારમાં **જીનું** = જેની **પોકારત** = પોકાર કર્યો **નેતિ** = જેનો કોઈ અંત નથી **તિનકી** = તેની **ભાલ** = ભાળ, જાણ, ખબર **કરન** = કરવા **ભવ** = ભવમાં, વિશ્વમાં **આવત** = આવે છે **પરમ અંશ પરમેતિ** = પરમ વિશેષ અંશોમાં શ્રેષ્ટ એવા પાટવી અંશ.

### અનુવાદ

**ચાર મુખવાળા બ્રહ્માજીએ ચાર વેદમાં જેની નેતિ પોકારેલી છે, તેની જાણ આપવા પરમ વિશેષ અંશોમાં શ્રેષ્ઠ એવા પાટવી અંશ (પરમગુરુ) આ વિશ્વમાં આવે છે.**

### ભાવાર્થ

પાંચમાં મુખના છેદન બાદ બ્રહ્માજીએ ચાર મુખ દ્વારા ચાર વેદનો ઉચ્ચાર કર્યો છે. તે ચાર વેદમાં જે પદ માટે 'નેતિ' નો પોકાર કરવામાં આવ્યો છે. તેવા અજાણ પરમપદની જાણ કરાવવા માટે પરમ વિશેષ અંશોમાં શ્રેષ્ઠ એવા પાટવી અંશ વિશ્વમાં આવે છે.

**પ્રકૃતિ પુરુષ ગુન બ્રહ્મજ્ઞાનકો, કરન કાજ ઉપદેશુ;**
**જુગન જુગન મેં ધરીત તાય તન, આવત અંશ વિશેષુ. ૧૫**

### શબ્દાર્થ

**પ્રકૃત્તિ** = આદ્ય શક્તિ, મહામાયા **પુરુષ** = નિરંજન પુરુષ **ગુન** = ત્રિગુણ દેવતાઓ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **બ્રહ્મજ્ઞાનકો** = બ્રહ્મ જ્ઞાનનો **કરન કાજ** = કરવા માટે **ઉપદેશુ** = ઉપદેશ **જુગન જુગન** = યુગે યુગે **મેં** = માં **ધરીત** = ધારણ કરીને **તાય** = તેમનું **તન** = શરીર, દેહ **આવત** = આવે છે **અંશ વિશેષુ** = વિશેષ અંશ.

### અનુવાદ

**પ્રકૃતિ, નિરંજનપુરુષ, ત્રણ ગુણ અને બ્રહ્મપદનો ઉપદેશ કરવા માટે દરેક યુગમાં વિશેષ અંશ તેમનું શરીર ધારણ કરીને પૃથ્વી પર (વિશ્વમાં) આવે છે.**

### ભાવાર્થ

આદ્ય પુરુષ નિરંજન, આદ્ય શક્તિ મહામાયા, રજોગુણી બ્રહ્મા, તમોગુણી શંકર અને સતોગુણી વિષ્ણુ તેમજ બ્રહ્મ-સિદ્ધાંત વડે સ્થાપિત થયેલું બ્રહ્મપદ સુધીનો ઉપદેશ કરવા માટે પંચભૌતિક દેહ ધારણ કરીને વિશેષ અંશ એવા અવતારી પુરુષ વિષ્ણુ દરેક યુગે યુગે વિશ્વમાં આવે છે.

**પણ પુનિ પરમ અંશ અવિગતકો, અનુભવ અકલ અનુપા;**
**નેતિ પુરુષકુ કલ્પ કલ્પમેં, જુગમેં કરીત જનુપા. ૧૬**

#### શબ્દાર્થ

**પણ** = પરંતુ **પુનિ** = વળી **પરમઅંશ** = પરમ વિશેષ અંશ **અવિગત કો** = અવિગતનો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અકલ** = અકળ **અનુપા** = અનુપમ **નેતિ પુરુષકુ** = નેતિ પુરુષને **કલ્પ કલ્પ મેં** = કલ્પ કલ્પમાં કલ્પમાં એક વખત **જુગમેં** = જગતમાં **કરીત** = કરીને, કરે છે **જનુપા** = જણાવે છે, જાણ.

### અનુવાદ

**પરંતુ પરમ વિશેષ પાટવી અંશને વળી અવિગત અકળ અને અનુપમ અનુભવ હોવાથી નેતિ પુરુષની કલ્પે કલ્પે જગતમાં જાણ કરાવે છે.**

### ભાવાર્થ

પરંતુ પરમ વિશેષ પાટવી અંશને અવિગત કર્તાપદનો કળી ન શકાય તેવો અકળ અને સર્વ શ્રેષ્ઠ અનુભવ છે. વળી ચાર વેદમાં જેમના માટે નેતિ પોકારી છે તેવા નેતિપુરુષની જાણ કરાવવા માટે તેઓ કલ્પમાં એક વખત વિશ્વમાં આવે છે.

**એહી સામાન્ય વિશેષ અંશહી, પરમ વિશેષ સમેતુ;**
**છેવટ કતા અંશકે કહીતલ, ભિન્ન ભિન્ન કર હેતુ. ૧૭**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **સામાન્ય** = સામાન્ય **વિશેષ** = વિશેષ **અંશહી** = અંશો છે **પરમ વિશેષ** = પરમ વિશેષ **સમેતુ** = સહિત **છેવટ** = છેવટે તો, આખરે તો **ક્રતા** = સર્જનહાર **અંશકે** = અંશોના **કહીતલ** = કહેવાય છે **ભિન્ન ભિન્ન** = જુદા જુદા **કર હેતુ** = કાર્ય અને આશય.

### અનુવાદ

**એ પ્રમાણે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોના જુદા જુદા કાર્યો અને આશય (ઉદ્દેશ) હોવા છતાં છેવટે તો તેઓ સકર્તાના જ અંશો છે.**

### ભાવાર્થ

એ પ્રમાણે સામાન્ય અંશો, વિશેષ અંશો અને પરમ વિશેષ અંશો સહિત બધા જ અંશોના કાર્યો અને તેમને ઉત્પન્ન કરવા પાછળનો આશય જુદો જુદો હોય છે. તેમ છતાં છેવટે તો તેઓ સર્જનહાર કૈવલ કર્તાના જ ઉત્પન્ન કરેલા અંશો કહેવાય છે.

## તિનમેં પરમ વિશેષ અગ્રહી, ક્રતા કીન મહેરબાનુ;
## દ્વિતીયે અંશ વિશેષ વિલાસીક, ત્રિતીયે અંશ સામાનુ. ૧૮

### શબ્દાર્થ

**તિનમેં** = ત્રણેમાં, તેમાં **પરમ વિશેષ** = પરમ વિશેષ અંશો **અગ્રહી** = આગળ પડતા, વિશેષ, મહાન, પ્રથમ, શ્રેષ્ઠ **ક્રતા** = સર્જનહાર **કીન** = કર્યા છે, કરેલ છે **મહેરબાનુ** = મહેરબાની, કૃપા, દયા **દ્વિતીયે** = બીજા ક્રમે **અંશ** = અંશ **વિશેષ** = વિશેષ અંશો **વિલાસીક** = વિષયી, કામાસક્ત **ત્રીતીયે** = ત્રીજા ક્રમે **અંશ સામાનુ** = સામાન્ય અંશો.

### અનુવાદ

**તે ત્રણેયમાં પરમ વિશેષ અંશ શ્રેષ્ઠ છે કે જેમના ઉપર કર્તાની વિશેષ મહેરબાની છે. બીજા વિશેષ અંશો જે વિલાસીક છે અને ત્રીજા ક્રમે સામાન્ય અંશો છે.**

### ભાવાર્થ

સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણેય પ્રકારના અંશો પૈકી પરમ વિશેષ અંશ પ્રથમ પ્રકારના સર્વ શ્રેષ્ઠ અંશો છે. જેમના ઉપર સર્જનહારની વિશેષ

મહેરબાની રહેલી છે. બીજા પ્રકારના વિશેષ અંશો છે કે જે સૃષ્ટિના પ્રવાહમાં જોડાઈને વિલાસીક બન્યા છે. ત્રીજા પ્રકારના સામાન્ય અંશો છે, જે સ્થાવર અને જંગમના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં રહેલા છે.

**પરમ વિશેષ પ્રકાર ઊભયે ગત, સ્ત્રજે અંશ કરુણેશુ;**
**એક સૃષ્ટકે કિયે પસારન, એક હી રખે અરુણેશુ. ૧૯**

### શબ્દાર્થ

**પરમ વિશેષ** = પરમ વિશેષ અંશો **પ્રકાર** = પ્રકાર, વિભાગ **ઊભયે** = બે **ગત** = ગતિવાળા **સ્ત્રજે** = સર્જન કર્યા, સજર્યા **અંશ** = અંશ **કરુણેશુ** = કરુણેશ કર્તાએ **એક** = એક **સૃષ્ટકે** = જગતના, સૃષ્ટિના **કિયે** = કરે, કરતા **પસારન** = પસારો **એકહી** = એકને **રખે** = રાખ્યા **અરુણેશુ** = સર્વોપરી, સર્વના ઈશ.

### અનુવાદ

**કરુણેશે પરમ વિશેષ અંશોમાં બે પ્રકારની ગતિવાળા અંશો સજર્યા છે. તેમાં એકને સૃષ્ટિનો પસારો કરવા અને એકને સર્વોપરી તરીકે રાખ્યા છે.**

### ભાવાર્થ

કરુણાઓના ઈશ એવા કરુણેશ કર્તાએ પરમ વિશેષ અંશોમાં બે પ્રકારની ગતિવાળા અંશો સજર્યા છે. એક પ્રકારના પરમ વિશેષ અંશો કે જેમને સૃષ્ટિનો પસારો કરવાના આશયથી દરેક ઈંડોના અધિપતિ તરીકે નીમ્યાં અને બીજા પ્રકારના પરમ વિશેષ પાટવી અંશને બધા જ અંશોમાં સર્વના ઈશ તરીકે સર્વોપરી - સત્તાધીશ રાખીને સત્તા સોંપી અને પોતાની હજૂરમાં રાખ્યા છે.

**નહીં નરણીત સોઈ કહે અરણેશર, સકરત પાસ રહાઈ;**
**નેતિ કહણકો લોપ હવિત ભવ, ક્તા પઠાવત તાઈ. ૨૦**

### શબ્દાર્થ

**નહીં** = નહીં **નરણીત** = નિર્ણય **સોઈ** = તે **કહે** = કહે છે **અરણેશર** = અરણેસર **સકરત** = સકર્તાની **પાસ** = પાસે **રહાઈ** = રહેલા છે **નેતિ** = ન ઈતિ, જેનો અંત નથી **કહણકો** = કહેવાથી **લોપ** = ગુપ્ત, લુપ્ત, અજાણ્યા **હવિત** = હોવાથી **ભવ** = ભવમાં **ક્તા** = સર્જનહાર **પઠાવત** = મોકલે છે **તાઈ** = તેમને.

### અનુવાદ

**જેનો નિર્ણય નથી કરી શક્યા તેવા પદને અરણેશર કહેવાય છે. તેઓ કર્તાના સાંનિધ્યમાં જ રહેતા હોય છે પરંતુ જે પદ નેતિ કહીને લોપ થયેલું છે તે (પદ જણાવવા) માટે કર્તા તેમને દુનિયામાં મોકલે છે.**

### ભાવાર્થ

બ્રહ્માજી ચાર વેદમાં બ્રહ્મપદનો નિર્ણય ન કરી શક્યા. તેવા બ્રહ્મપદથી પણ પરે રહેલું પરમપદ વિશ્વમાં અનિર્ણાયક અને અજાણ રહ્યું છે. તે ગુપ્ત રહેલા પરમપદની જાણ્યને જણાવવાળા અરણેશર છે. તેઓ કર્તાના પરમ વિશેષ પાટવી અંશના નાતે હંમેશા કર્તાના સાંનિધ્યમાં - કૈવલધામમાં જ બિરાજમાન રહે છે. દુનિયામાં જે પદ ગુપ્ત રહેલું છે તે પરમપદને જણાવવા માટે તથા અંશ-અંશીનો લક્ષ આપવા માટે જ સકર્તાપતિ તેઓને કલ્પમાં એક વખત (વિશ્વમાં) મોકલે છે.

**તેસેહી પણ અવતાર આદ્ય લ્યૌ, ઉભયે અંશ વિશેષુ;**
**એક જ્વાલકે રહિત અગન્ય પુનિ, એક સહિત પરમેષુ. ૨૧**

#### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **પણ** = પણ **અવતાર** = અવતાર લેનારા **આદ્ય** = આદિ, સહિત **લ્યૌ** = સુધી **ઉભયે** = બે પ્રકારના **અંશ** = અંશ **વિશેષુ** = વિશેષ **એક** = એક **જ્વાલકે** = જ્વાળાના, અગ્નિ શિખા, ભડકો **રહિત** = વિનાના, સિવાયના **અગન્ય** = અગ્નિ **પુનિ** = વળી **એક** = એક **સહિત** = સાથે, સુદ્ધા **પરમેશુ** = શ્રેષ્ઠ, પરમેશ્વર, મહાન.

### અનુવાદ

**તે જ પ્રમાણે અવતારાદિકની આદ્ય લઈ બે પ્રકારના વિશેષ અંશો છે, જેમાં એક જ્વાલા વિનાના અગ્નિ જેવા અને એક જ્વાલા સહિત (અગ્નિ) જેવા શ્રેષ્ઠ છે.**

### ભાવાર્થ

જેમ પરમ વિશેષ અંશોમાં બે પ્રકારના અંશો દર્શાવ્યા છે તે જ પ્રમાણે અવતારાદિકની આદ્ય લઈને બે પ્રકારના વિશેષ અંશો છે. તેમાં એક જ્વાળા

સિવાયના અગ્નિ જેવા છે તો બીજા પ્રકારના અંશો જ્વાળા સહિત અગ્નિ જેવા છે અર્થાત્ એક વ્યક્ત સ્વરૂપે છે જ્યારે બીજા અવ્યક્ત સ્વરૂપે રહેલા છે. બંને અગ્નિની જેમ મહાન તો છે જ પરંતુ માત્ર સ્વરૂપમાં ભિન્નતા છે.

**ઓર કહત સામાન્ય અંશકી, સુનીયો સમન સકોઈ;**
**ઉત્તમ મધ્યમ કરની કરનસે, ઊંચ નીચ સબ કોઈ. ૨૨**

### શબ્દાર્થ

**ઓર** = અને, બીજા, હવે **કહત** = કહે છે, કહેવાય **સામાન્ય** = સામાન્ય **અંશકી** = અંશ વિષે **સુનીયો** = સાંભળો **સમન** = મનને સ્થિર કરીને **સકોઈ** = સર્વ કોઈ **ઉત્તમ** = શ્રેષ્ઠ, સારાં **મધ્યમ** = સામાન્ય **કરની** = કર્મો **કરનસે** = કરવાથી **ઊંચ** = ઊંચા, મહાન **નીચ** = નિમ્ન, કનિષ્ઠ **સબ** = બધા **કોઈ** = કોઈ (સબ કોઈ = બધા જ).

### અનુવાદ

**હવે સામાન્ય અંશો વિશે કહું છું તે સૌ કોઈ મનને સ્થિર કરીને શ્રવણ કરો. ઉત્તમ-મધ્યમ કર્મો કરવાથી સર્વ કોઈ ઊંચ-નીચ (કહેવાય) છે.**

### ભાવાર્થ

હવે કુવેરસ્વામી સામાન્ય અંશો વિશે જણાવે છે. તે બાબત સૌ કોઈ શ્રોતાજનોને સ્થિર મન રાખીને અર્થાત્ એકાગ્ર ચિત્તે શ્રવણ કરવા અનુરોધ કરે છે.

સામાન્ય અંશોમાં જે ઉત્તમ કર્મો કરે છે તે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરે છે અને જે મધ્યમ કર્મો કરે છે તે નિમ્ન કક્ષાની પદવી પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે સર્વ કોઈ સત્કર્મો થકી સુખી અને દુષ્કર્મો દ્વારા દુઃખી જણાય છે.

**એહી ત્રીયે વૈંશ અંશકી ઉત્પન્ન, કતા શુદ્ધ સંકલ્પકી;**
**પરમ પસાર ભરીત સહિતમ વિત્ત, કેતેહી મુદત ક્લપકી. ૨૩**

### શબ્દાર્થ

**એહી ત્રીયે** = આ ત્રણેય **વૈંશ** = જાતિ, વંશજ **અંશકી** = અંશોની **ઉત્પન્ન** = ઉત્પન્ન કરી **કતા** = કર્તાએ **શુદ્ધ** = શુદ્ધ **સંકલ્પકી** = સંકલ્પથી **પરમ પસાર** = શ્રેષ્ઠ પસારો **ભરીત** = ભરીને **સહિતમ વિત્ત** = વિત્ત સહિત

**કેતેહી** = કેટલાક, કરેલી છે **મુદત** = આયુષ્ય, સમય **કલપકી** = કલ્પોની.

### અનુવાદ

**કર્તાએ શુદ્ધ સંકલ્પથી આ ત્રણેય પ્રકારના (જાતિના) અંશો ઉત્પન્ન કર્યા છે. તેમાં કેટલાક કલ્પનું આયુષ્ય ભરીને વિત્ત સહિત શ્રેષ્ઠ પસારો કર્યો છે.**

### ભાવાર્થ

સકર્તા સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા છઠ્ઠી ચૈતન અંશવૃત્તિ વડે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણે જાતિના (પ્રકારના) અંશો ઉત્પન્ન કર્યા છે.

એ જ રીતે પોતાના શુદ્ધ સંકલ્પથી પ્રથમ પ્રકાશવૃત્તિ, બીજી સંજમભોગવૃત્તિ, ત્રીજી ઈચ્છાવૃત્તિ, ચોથી ક્રિયાવૃત્તિ અને પાંચમી સજીવનવૃત્તિ દ્વારા અખિલ બ્રહ્માંડનો પસારો કર્યો છે. આ સમગ્ર પસારામાં વિત્ત રૂપ અંશો સહિત સર્વ વિવિધતાવાળી રચનાના પ્રસારની આદ્ય લઈ કેટલાક કલ્પના આયુષ્યનો સંચ ભરીને રચેલી છે.

**જેતેહી પુરુષ પ્રમાણ અઈસકે, જીમે કલ્પ જેહી જાઈ;**
**તેતેહી મુદત અંશ આરબલકી, કછુ ફરક નહીં તાઈ. ૨૪**

#### શબ્દાર્થ

**જેતેહી** = જે પ્રમાણે, જેટલું **પુરુષ** = પુરુષ **પ્રમાણ** = હિસ્સો, ભાગ **આઈસકે** = આયુષ્યનો, ઐશ્વર્યતાનો **જીમે** = જેમાં **કલ્પ** = કલ્પ **જેહી** = જે **જાઈ** = જાય, નાશ પામે **તેતેહી** = તેટલી, તે પ્રમાણે, તે રીતે **મુદત** = સમય, આયુષ્ય **અંશ** = અંશના **આરબલકી** = આયુષ્યની **કછુ** = કાંઈ પણ **ફરક** = તફાવત **નહીં** = નથી **તાઈ** = તેમાં, તેનામાં.

### અનુવાદ

**જે પ્રમાણે કર્તા પુરુષે ઐશ્વર્યતાનું પ્રમાણ ભર્યું છે તે મુજબ કલ્પમાં તે નાશ પામે છે. તે જ પ્રમાણેની મુદત અંશના આયુષ્યમાં પણ ભરેલી છે. જેમાં કોઈ તફાવત (ફરક) નથી.**

### ભાવાર્થ

કર્તા માલિકે સૃષ્ટિની ઉત્પત્તિ કરેલી છે તે નાશવંત છે. જેમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ

અને મહાકારણ દેહની આદ્ય લઈ જે તે દેહમાં નિશ્ચિત કરેલ માપ (પ્રમાણ) મુજબ ઐશ્વર્યતા પોખેલી છે. તે મુજબ કલ્પ દરમિયાન તે તે ઉત્પત્તિનો નાશ થાય છે.

તે જ પ્રમાણે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોના આયુષ્ય એક જ પ્રમાણથી નક્કી કરેલું છે. તે પ્રમાણે સર્વ અંશો એક સાથે છઠ્ઠી અંશવૃત્તિથી ઉત્પન્ન થયા છે અને તે છઠ્ઠી અંશવૃત્તિ કર્તા પોતાનામાં સમાવી દે છે ત્યારે બધા જ અંશો તે વૃત્તિમાં સમાઈ જાય છે. એટલે ઐશ્વર્યતાની દષ્ટિએ ભલે તફાવત હોય પરંતુ આયુષ્યની દષ્ટિએ બધા જ અંશો સરખા છે. તેમાં કોઈ તફાવત યા ફેરફાર નથી.

**કિયે સકલ અનુકરમ અંશકે, સહિત મુદત ઈશ્વરીયે;**
**ભિન્ન ભિન્ન જીનું કરીત કરામલ, જ્યૌ નિજતે વિસ્તરીયે. ૨૫**

**શબ્દાર્થ**

**કિયે** = કર્યો, બનાવ્યો **સકલ** = સર્વ **અનુકરમ** = અનુક્રમ **અંશકે** = અંશોનો **સહિત** = સાથે **મુદત** = સમય, હદ **ઈશ્વરીયે** = ઐશ્વર્યતા અંગે **ભિન્ન ભિન્ન** = જુદી જુદી **જીનુ** = જેનું **કરીત** = કરીને **કરામલ** = કરામત, કર્તવ્ય **જ્યૌ** = જેમ **નિજતે** = નિજપતિએ **વિસ્તરીયે** = વિસ્તાર કર્યો છે, પોખ્યા છે.

**અનુવાદ**

**સર્વ અંશોની ક્રમાનુસાર ઐશ્વર્યતાની હદ (મર્યાદા) બનાવી છે. વળી નિજપતિએ જેમ વિસ્તાર કર્યો તે મુજબ તેમનું જુદું જુદું કર્તવ્ય છે તે પણ દર્શાવ્યું છે.**

**ભાવાર્થ**

સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ બધા અંશોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એ પ્રમાણે ક્રમાનુસાર તેમની ઐશ્વર્યતાની મુદત (હદ) પણ અગાઉ દર્શાવવામાં આવી છે. વળી સકર્તાપતિ સર્જનહારે જે પ્રમાણે વિસ્તાર કર્યો છે તે જ પ્રમાણે સર્વનું જે કર્તવ્ય હતું તેનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

**તીનમેં પરમ અંશ ઉભયે મહી, સૃષ્ટ પસારન જેહી;**
**સુનો તેહુનકી કહત હકીકત, જેહી પરકાર બનેહી. ૨૬**

### શબ્દાર્થ

**તીનમેં** = તેમાં **પરમ અંશ** = પરમ વિશેષ અંશ **ઉભયે** = બે **મહી** = માં, અંદર **સૃષ્ટ** = વિશ્વ, જગત **પસારન** = પ્રસારવા, વૃદ્ધિ કરવા **જેહી** = જે, માટે **સુનો** = શ્રવણ કરો **તેહુનકી** = તેમની **કહત** = કહું છું **હકીકત** = સાચી સ્થિતિ, વિગત, બનેલી ઘટના **જેહી** = જે **પરકાર** = પ્રકારે **બનેહી** = બની છે.

## અનુવાદ

**તેમાં સૃષ્ટિનો પસારો કરવા માટે બે પરમ વિશેષ અંશોને મૂક્યા. તેમની જે પ્રકારની ઘટના બનેલી છે તે કહી સંભળાવું છું.**

## ભાવાર્થ

સર્જનહારે સમગ્ર બ્રહ્માંડની રચનામાં અઠ્ઠાવીસ તબકોની રચના કરી છે. તે પૈકી મહીમંડ ઈંડની હકીકત દર્શાવે છે. સૃષ્ટિનો પસારો કરવાના કાર્યને ધ્યાનમાં રાખી બે પરમ વિશેષ અંશો - નિરંજન પુરુષ અને નાભિનારાયણ પુરુષને પસારાના કાર્યની જવાબદારી સોપવામાં આવી. તેમની જે પ્રમાણે હકીકત બની તે પ્રમાણે અહીં દર્શાવવામાં આવી છે. જે તમામ શ્રોતાજનોને શ્રવણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

## પુરુષે કિયે શક્તિકે સંજમ, તેહી પણ અંશ વિશેષુ;
## કરીત વિલોક અન્યોઅન્ય ઉપજે, બ્રહ્મા, વિસન, માહેશુ. ૨૭

### શબ્દાર્થ

**પુરુષે** = નિરંજન પુરુષે **કિયે** = કર્યો **શક્તિ કે** = આદ્ય શક્તિનો **સંજમ** = ભોગ, મેળાપ, સબંધ **તેહી** = તે **પણ** = પણ **અંશ વિશેષુ** = વિશેષ અંશ છે **કરીત** = કરીને **વિલોક** = ધ્યાન, સબંધ, વિલોકન **અન્યોઅન્ય** = એક-બીજા પ્રત્યે **ઉપજે** = ઉત્પન્ન થયા **બ્રહ્મા** = બ્રહ્માજી **વિસન** = વિષ્ણુ **માહેશુ** = મહેશ, શીવજી.

## અનુવાદ

**પરમ વિશેષ અંશ, નિરંજન પુરુષે શક્તિ સાથે સબંધ બાંધીને પરસ્પર વિલોકન કરીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ઉત્પન્ન કર્યા.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતમાં નિરંજનપુરુષ કે જેઓ પણ સર્જનહારના પરમ વિશેષ અંશ છે. તેઓએ આદ્યશક્તિ મહામાયા સાથે સબંધ બાંધ્યો. આ રીતે પરસ્પર વિલોકન (ધ્યાન) કરીને તેમને છ સંતાન થયાં. તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ પુત્રો ઉત્પન્ન થયાં.

**એહી ત્રીયે પુત્ર ભયે ભવ કારજ, પુનિ દ્વિતાય ભવેતુ;**
**સાવિત્રી ઉમયા સહિતમ લછ, એહી ખટ અંશ સખેતુ. ૨૮**

#### શબ્દાર્થ

**એહી** = એ **ત્રીયે** = ત્રણેય **પુત્ર** = પુત્રો **ભયે** = થયા **ભવકારજ** = સૃષ્ટિના કાર્ય માટે **પુનિ** = વળી **દ્વિતાય** = બીજા ત્રણ **ભવેતુ** = થયા, ઉત્પન્ન કર્યા **સાવિત્રી** = સાવિત્રી **ઉમયા** = પાર્વતી **સહિતમ** = સહિત **લછ** = લક્ષ્મી **એહી** = આ પ્રમાણે **ખટ અંશ** = છ અંશો **સખેતુ** = ખેતરના કારણ રૂપે, ક્ષેત્રના કારણ રૂપે.

### અનુવાદ

**આ ત્રણ પુત્રો જગતના કાર્ય માટે થયા. વળી બીજા પણ ત્રણ થયા; જેમાં સાવિત્રી, ઉમિયા અને લક્ષ્મી થયાં. આ છ અંશો ખેતર રૂપ સૃષ્ટિના કારણ રૂપે ઉત્પન્ન થયેલાં છે.**

### ભાવાર્થ

આ ત્રણ પુત્રો જગતના કારજ માટે ઉત્પન્ન થયાં છે. ત્યારબાદ બીજા ત્રણ સંતાનો પણ થયાં જેમાં સાવિત્રી, પાર્વતી અને લક્ષ્મીનો સમાવેશ થાય છે. છ સંતાનોના અંશો ખેતરરૂપે રહેલા સૃષ્ટિના કારણરૂપે ઉત્પન્ન થયેલાં છે.

**તાર પીછે ફેરી તેહી પુરુષને, અહંગ હવિત અવિલાનું;**
**નહીં ન સૂઝ સરજનકી હમકુ, કીને કિયે ઉતપાનુ. ૨૯**

#### શબ્દાર્થ

**તાર પીછે** = ત્યારપછી **ફેરી** = ફરી **તેહી** = તે **પુરુષને** = નિરંજન પુરુષને **અહંગ** = પોતાની જાતનો **હવિત** = થયો **અવિલાનું** = જોયુ, નિહાળવું, જાંખવું **નહીંન** = નથી **સૂઝ** = માહિતી, જાણ **સરજન કી** = સર્જનહારની **હમકુ** = મને **કીને** = કોણે **કિયે** = કર્યા, કર્યું **ઉતપાનું** = ઉત્પત્તિ, રચના.

### અનુવાદ

**ત્યારબાદ ફરી પાછું તે પુરુષે નિજ સ્વરૂપને નિહાળ્યું અને વિચાર્યું કે મારી ઉત્પત્તિ કોણે કરી હશે ? તે સર્જનહારની મને ખબર નથી.**

### ભાવાર્થ

છ સંતાનોની ઉત્પત્તિ થયા પછી તે પુરુષને પોતાના નિજ સ્વરૂપ અંગે વિચારતાં ખબર પડી કે આ છ સંતાનોને ઉત્પન્ન કરનાર તે પોતે છે, તો પછી તેમને ઉત્પન્ન કરનાર કોઈ હશે જ. પરંતુ તે સર્જનહારની તેમને ખબર નથી. આ પ્રમાણે તે પુરુષ વિચારવા લાગ્યા.

**તદપી તાય ઉર તીવ્ર વૈરાગ્યત્યે, તન મન કિયે તરાસુ;**
**અહો મોય મુજ ક્તા ન પાઈત, ધીક એહી શક્ત વિલાસુ. ૩૦**

### શબ્દાર્થ

**તદપી** = તેથી **તાય** = તેમને **ઉર** = હૃદયમાં **તીવ્ર** = અતિ, અત્યંત, મહાન, આકરો **વૈરાગ્યત્યે** = વૈરાગ્ય થતાં **તન મન** = તન અને મન **કિયે** = કર્યા, થયા **તરાસુ** = ત્રાસ આપનારા **અહો** = અહો ! હે ! **મોય** = હું **મુજ** = મારા **ક્તા** = કરનાર, પિતા **ન** = નહીં **પાઈત** = પ્રાપ્ત કરૂં **ધીક** = ધિક્કાર છે **એહી** = આ **શક્ત** = શક્તિ સાથેના **વિલાસુ** = વિલાસ, આનંદ, મોજ.

### અનુવાદ

**તેથી તેમના હૃદયમાં તીવ્ર વૈરાગ્ય જાગ્યો અને શરીર તથા મનને ત્રાસ આપવા લાગ્યાં. અરેરે! મેં મારા કર્તાને પ્રાપ્ત ન કર્યા. તેથી શક્તિ સાથેના આ પ્રકારના વિલાસને ધિક્કાર છે.**

### ભાવાર્થ

તે નિરંજન પુરુષે જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર કર્યો ત્યારે તેમના હૃદયમાં તીવ્ર વૈરાગ્યની ભાવના જાગ્રત થઈ. તે તીવ્ર વૈરાગ્યને કારણે તેઓ મનથી અને શરીરથી ત્રાસ અનુભવવા લાગ્યા. તેમણે પોતાની જાતને જ ધિક્કારતાં વિચાર્યું કે પોતે આ શક્તિ સાથેનો ભોગ-વિલાસ તો ભોગવ્યો, પરંતુ પિતા (કર્તા) ને પ્રાપ્ત

કરવા માટે કાંઈ પણ કર્યું નથી.

**ક્રોડ કોપ ધર આપને આપ પર, અતિ આક્રંત પુરેશુ;**
**મહા અઘોર ગત ભયે ભયંકર, હવિત ક્રાંત અકલેશુ. ૩૧**

### શબ્દાર્થ

**ક્રોડ** = કરોડ **કોપ** = ગુસ્સો **ધર** = ધારણ કરી **આપને આપ પર** = પોતાની જાત ઉપર **અતિ** = વિશેષ, અત્યંત, ઘણો, અપાર **આક્રંત** = વિલાપ, દુઃખ **પુરેશુ** = પુરુષે **મહા** = અધિક, ખૂબ જ **અઘોર** = અતિ દૃઢ **ગત** = સ્થિતિ, ગતિ **ભયે** = થઈ **ભયંકર** = વિકરાળ, ગંભીર **હવિત** = થયા **ક્રાંત** = ક્રોધાતુર, ક્રોધી **અકલેશુ** = અકળામણ થવી, મુઝાયા.

### અનુવાદ

**તે પુરુષ પોતે પોતાની જાત ઉપર અપાર ગુસ્સો ધારણ કરીને અત્યંત વિલાપ કરવા લાગ્યા. વળી અત્યંત દૃઢતાવાળી સ્થિતિથી ભયંકર વ્યાકુળતા ધારણ કરીને મુંઝાવા લાગ્યા.**

### ભાવાર્થ

અત્યંત વૈરાગ્યવાળી વૃત્તિને કારણે નિરંજનપુરુષ પોતે પોતાની જાત ઉપર અપાર ગુસ્સો ધારણ કરીને ખૂબ જ વિલાપ કરવા લાગ્યા. આ ઉપરાંત મનની અને હૃદયની વ્યાકુળતાવાળી સ્થિતિથી અત્યંત ક્રોધાતુર બનીને તેઓ મનમાં મુંઝાવા લાગ્યા.

**દેખી ત્રાસે શક્તિ ગુણ સહિતમ, ક્યૌ કીત પુરુષ ઉદાસી;**
**ચૂક નહીં અપની ક્યૌ કીતમે, તો ક્યૌ તજે હુલાસી. ૩૨**

### શબ્દાર્થ

**દેખી** = જોઈ, નિહાળીને **ત્રાસે** = ત્રાસને, દુઃખને **શક્તિ** = આદ્યશક્તિ **ગુણ** = બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **સહિતમ** = સહિત, સાથે **ક્યૌ** = કેમ **કીત** = કરીને **પુરુષ** = નિરંજનપુરુષ **ઉદાસી** = ઉદાસ **ચૂક** = ભૂલ **નહીં** = નથી **અપની** = પોતાની **કયૌ** = ક્યાંક **કીતમે** = કશામાં, કોઈમાં **તો** = તો પછી **ક્યૌ** = શા માટે **તજે** = ત્યજીને, છોડીને **હુલાસી** = ખુશી આનંદ ઉમંગ.

### અનુવાદ

**તેમને દુઃખી જોઈને ગુણો સહિત શક્તિ વિચાર કરવા લાગ્યા કે નિરંજન પુરુષ કેમ ઉદાસીન છે ? આપણી ક્યાંક ભૂલ તો નથી થઈને ! તેમણે શા માટે વિલાસનો ત્યાગ કર્યો ?**

### ભાવાર્થ

મહામાયા અને ત્રણેય પુત્રો-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ; નિરંજન પુરુષને ઉદાસ (દુઃખી) જોઈને વિચારવા લાગ્યા કે તેઓ કયા કારણે આટલા બધા ઉદાસ રહે છે ? કદાચ કોઈ કારણોસર તેઓની કંઈક ભૂલ-ચૂક તો થઈ નથી ને ! જો એમ હોય તો જ તેમની પ્રફુલ્લિતતા રહેવા પામી ન હોવાથી ઉદાસ રહે છે. વળી તેમણે આનંદનો ત્યાગ શા માટે કર્યો ?

**બીન હુલાસ હાસ તજ હકીગત, પુરુષે કિયે શકતકુ;**
**તુમ હમકે કરતાર કારનકો, સો ન લહે અવિગતકુ. ૩૩**

#### શબ્દાર્થ

**બીન** = સિવાય **હુલાસ** = આનંદ, પ્રફુલ્લિત **હાસ** = હાસ્ય, વિનોદ **તજ** = તજવાની, ત્યાગવાની **હકીગત** = હકીકત, સાચી વાત, સત્યતા, મતલબ **પુરુષે** = નિરંજન પુરુષે **કિયે** = કહી, જણાવી **શકતકુ** = શક્તિને **તુમ** = તમો **હમકે** = આપણા **કરતાર** = સર્જનહાર **કારનકો** = કારણરૂપે રહેલા **સો** = તે **ન લહે** = જાણતા નથી **અવિગતકુ** = અવિગતને, અજાણ્યાને.

### અનુવાદ

**વિનોદ ત્યજીને આનંદ (હાસ્ય) વગરના થવા પાછળના કારણ અંગે નિરંજન પુરુષે શક્તિને કહ્યું કે તમારા અને મારા કારણ રૂપે રહેલા અવિગત કર્તાને હું જાણતો નથી.**

### ભાવાર્થ

નિરંજન પુરુષે શક્તિ અને પુત્રો સાથેનો આનંદ ત્યજીને હાસ્ય સિવાયના ઉદાસ બનવા અંગેની સાચી મતલબ આદ્ય શક્તિને જણાવી. મહામાયાની આદ્ય લઈ છ સંતાનો તેમજ પોતાની ઉત્પત્તિના કારણ રૂપે રહેલા અવિગત કર્તાને તેઓ જાણતા

નથી. કર્તાને ન જાણવાને લીધે તેઓ હમેશાં મુંઝાયેલા રહે છે.

**બીન અવિગત ગત પાયે વિના તો, પતિ વિનુ કુન પસાઈ;**
**ખલક ખેલ રચના બાબજકી, કિનકુ કીયે વધાઈ. ૩૪**

### શબ્દાર્થ

**બીન** = સિવાય, વિના **અવિગત** = જેની વિગત નથી તેવા અજાણ્યા પિતાની **ગત** = જાણ્ય **પાયે વિના** = પ્રાપ્ત કર્યા વિના **તો** = તો **પતિ** = માલિક, પિતા **વિનું** = વિના, સિવાય **કુન** = કોણ **પસાઈ** = પસારો કર્યો, ઉત્પન્ન કર્યા **ખલક** = બ્રહ્માંડના **ખેલ** = રચના **રચના** = ઉત્પત્તિ **બાબજકી** = બાબતની **કિનકુ** = કોણે, કોને **કીયે** = કરી, કરાય **વધાઈ** = વધામણા, અભિનંદન, સરાહના.

### અનુવાદ

**અવિગત કર્તાની જાણ પ્રાપ્ત કર્યા વગર આ સમગ્ર ખલકના ખેલની રચનાની (ઉત્પત્તિ) કેવી રીતે ખબર પડે ? માલિક વિના કોણે પસારો કર્યો હશે ? વળી કોની સરાહના કરવી ?**

### ભાવાર્થ

નિરંજન પુરુષ, આદ્ય શક્તિને પોતાની ઉદાસીનતા અંગે કહે છે કે, જો આ અવિગત કર્તાની જાણ (ખબર) ન હોય તો સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિના માલિકની કેવી રીતે ખબર પડે ? વળી આવી અપાર રચનાનો પસારો કોઈક માલિક સિવાય તો ન જ થયો હોય ! જો માલિકને ન ઓળખવામાં આવે તો આવી અદ્ભુત રચનાના રચયિતાની સરાહના પણ કોને ઉદ્દેશીને કરવી ? આ પ્રમાણેના સવાલોનો મર્મ જાણવા માટે નિરંજન પુરુષે ઉત્કંઠા વ્યક્ત કરી.

**તદપી શક્તિ કહે કુન પતિ હે, આપો આપ તમેહી;**
**જેહ પરજા હમસે ઉતપાની, તુમસે કરી સનેહી. ૩૫**

### શબ્દાર્થ

**તદપી** = ત્યારે **શક્તિ** = આદ્ય મહામાયા **કહે** = કહે છે **કુન** = કોણ **પતિ** = પિતા, માલિક **હે** = હોય **આપો આપ** = તમો પોતે જ **તમેહી** = તમે જ **જેહી** = જે, જેમ કે **પરજા** = પ્રજા, સંતતી **હમસે** = આપણાથી

**ઉતપાની** = ઉત્પન્ન થઈ **તુમસે** = તમારી સાથે **કરી** = કરીને **સનેહી** = સ્નેહ, પ્રેમ, આસક્તિ, સબંધ.

## અનુવાદ

**ત્યારે શક્તિએ કહ્યું કે બીજા કોણ પતિ છે ? તમે પોતે જ પતિ છો. આપણાથી જે પ્રજા (સંતતી) ઉત્પન્ન થઈ તે તમારી સાથે સ્નેહ (સબંધ) કરવાથી જ થઈ છે.**

## ભાવાર્થ

નિરંજન પુરુષના સવાલનો ખુલાસો કરતાં આદ્યશક્તિ કહેવા લાગ્યાં કે બીજા કોઈ (અન્ય) પતિ હોય જ નહીં ? કારણ કે નિરંજન પુરુષ સ્વયં જ પતિ છે. તેનું અનુમોદન આપતા જણાવે છે કે જે પુરુષના સ્નેહથી આદ્યશક્તિને છ સંતાનો પેદા થયાં છે તે સર્વના પિતા નિરંજન પુરુષ જ છે.

**બહોરૂ કિન પુરુષે પરમાનીક, જો મેં હવિત નિજ આપુ;**
**તો મેરી મુજ ક્યૌ ન હોય ગત્ય, ઉપજે ક્યૌ ન ક્લાપુ. ૩૬**

### શબ્દાર્થ

**બહોરૂ** = વળી, ત્યારબાદ **કિન** = કહ્યુ **પુરુષે** = નિરંજન પુરુષ **પરમાનીક** = પ્રમાણિકતા પણે **જો મેં** = જો હું **હવિત** = હોઉ **નિજ** = પોતે, નિજકર્તા **આપુ** = સ્વયં, આપનયુ, પોતાનું અંશ સ્વરૂપ **તો મેરી** = તો મારી **મુજ** = મને **ક્યૌ** = કેમ **ન હોય** = ન હોય **ગત્ય** = જાણ્ય **ઉપજે** = ઉત્પન્ન થાય **ક્યૌ ન** = કેમ નહીં **કલાપુ** = કળા, યુક્તિ, કરામત.

## અનુવાદ

**ત્યારે પુરુષે પ્રમાણિકપણે કહ્યું કે જો હું પોતે જ નિજકર્તા હોઉં તો મારી મને કેમ જાણ્ય (ખબર) ન હોય ! વળી ઉત્પત્તિની કળા પણ કેમ ન જાણું ?**

## ભાવાર્થ

નિરંજન પુરુષે આદ્ય શક્તિને ખૂબ જ પ્રમાણિકપણે જણાવતાં કહ્યું કે તેઓ પોતે નિજપતિ, સર્જનહાર હોય તો તેમને પોતાને પોતાની જાણ્ય હોવી જોઈએ, પરંતુ તે પણ તેમને નથી. વળી, તેમનામાં ઉત્પત્તિ કરવાની કળા પણ નથી.

**તેહી માટે હમહી નિજપત નહીં, સામ્રથ કોહુ સકરતા;**
**આપ સહિત અસમાન અરસકે, જેહી ઉપજાવન હરતા. ૩૭**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે, તેથી **હમહી** = હું **નિજપત** = નિજપતિ, માલિક **નહીં** = નથી **સામ્રથ** = સામર્થ્યવાન, સમર્થ **કોહુ** = કોઈ **સકરતા** = સર્જનહાર છે **આપ સહિત** = આપણા સહિત **અસમાન** = આસમાન, આકાશ **અરસકે** = અંતરિક્ષના **જેહી** = જે, જેઓ **ઉપજાવન** = ઉત્પન્ન કરનાર **હરતા** = નાશ કરનાર, હરનારા.

### અનુવાદ

**તે માટે હું નિજપતિ નથી પરંતુ આપણા સહિત અંતરિક્ષમાં રહેલ આકાશને ઉત્પન્ન કરનારા અને નષ્ટ કરનારા અન્ય કોઈ સામર્થ્યવાળા (સમર્થ) સકર્તા હોવા જોઈએ.**

### ભાવાર્થ

નિરંજન પુરુષ પ્રમાણિકપણે શક્તિને સમજાવે છે કે તેઓ પોતે નિજપતિ નથી. વળી શક્તિ સહિત પોતાને તથા અંતરિક્ષમાં રહેલા મહદ્ આકાશના ઉત્પન્ન કરનારા અને નષ્ટ કરનારા કોઈ સમર્થ (સામર્થ્યવાન) હોવા જોઈએ.

**તેહી પતિકે આલોચીત અનુભવ, કરીત દેખતાં જબહી;**
**અતિ અથાહ અપરમ ગત્ય દેખીત, ભ્રમિત ભઈત હમ તબહી. ૩૮**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **પતિકે** = પતિને, માલિકને **આલોચીત** = નિરીક્ષણ, અવલોકન **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **કરીત** = કરીને **દેખતાં** = જોતાં, જોવાથી, જોતાં જ **જબહી** = જ્યારે **અતિ** = અપાર, ઘણો **અથાહ** = થાહ વગરનો **અપરમ** = અપરંપાર **ગત્ય** = ગતિ, જ્ઞાન **દેખીત** = જોઈને **ભ્રમિત** = ભ્રમણાયુક્ત **ભઈત** = થઈને **હમ** = મને **તબહી** = ત્યારે.

### અનુવાદ

**અનુભવ થકી તે પતિનું નિરીક્ષણ કર્યું ત્યારે તેમની અતિ અથાહ અને અપરંપાર**

**ગતિ જોતાંની સાથે જ હું ભ્રમિત થયો.**

## ભાવાર્થ

નિરંજન પુરુષે પોતાના સ્વાનુભવથી સર્જનહારની રચનાનું અવલોકન કર્યું. જ્યારે તેમણે તમામ (સઘળી) ઉત્પત્તિ નિહાળી ત્યારે તેમને લાગ્યું કે સર્જનહારની ગતિ અથાહ અને પાર ન પામી શકાય તેવી (અપરંપાર) છે. સર્જનહારનું આવું સામર્થ્ય જોતાં જ નિરંજન પુરુષ ભ્રમિત થયા, અર્થાત્ તેમનામાં વિધ વિધ પ્રકારની ભ્રમણાઓ ઉત્પન્ન થઈ.

**ભ્રમીત ભાવ ગત હુયે ઉર અંતર કતા ખોજ નહીં પાઈ;**
**તબહી તાય તન ભયે ઉદાસિક, ઈત ઉત રહે હેરાઈ. ૩૯**

### શબ્દાર્થ

**ભ્રમીત** = ભ્રમણાયુક્ત, ભ્રમણા ઉપજાવે તેવો **ભાવ** = હાલત, સ્થિતિ **ગત** = સમજ, જાણ્ય, માહિતી **હુયે** = થઈ **ઉર અંતર** = હૃદયમાં **કતા** = કર્તાની, સર્જનહારની **ખોજ** = શોધ **નહીં** = નહીં **પાઈ** = પ્રાપ્ત કરી **તબહી** = ત્યારે **તાય** = તેમનું **તન** = શરીરત **ભયે** = થયું **ઉદાસિક** = ઉદાસ, નિરાશ **ઈતઉત** = આમ તેમ **રહે** = રહે, રહ્યા **હેરાઈ** = અટકીને, સ્થિર થઈને, રોકાઈને.

## અનુવાદ

**કર્તાની શોધ કરીને તેમને પ્રાપ્ત ન કરી શકવાથી હૃદયમાં ભ્રમણાયુક્ત સમજ ઊભી થઈ, ત્યારે તેમનું શરીર ઉદાસીન બન્યું અને વૃત્તિ આમ તેમ અટકી ગઈ છે.**

## ભાવાર્થ

કર્તાની શોધ ન કરવાને કારણે પરમપિતાને પ્રાપ્ત ન કરી શક્યા. પરિણામે નિરંજન પુરુષના હૃદયમાં ભ્રમણા ઉપજાવે તેવી અટકળો અને ભ્રામક સમજ ઉત્પન્ન થઈ. ત્યારબાદ નિરંજન પુરુષનું શરીર ઉદાસીન બન્યું હતું. અંતે પ્રમાણિકપણે કોઈ નિશ્ચિત નિર્ણય ન કરી શકવાથી તેમની વૃત્તિ જ્યાં ને ત્યાં અટકી ગઈ.

**જદપી ચકિત ચીન ભયે ભયંકર, હવિત વિભ્રાંત વિકલહી;**
**તેહીત્યે ત્રસીત ચંત ચિતવન કર, નિજપતિ રહે અકલહી. ૪૦**

### શબ્દાર્થ

**જદપી** = જેથી, જયારે, ને કારણે **ચકિત** = વિસ્મિત, આશ્ચર્ય પામેલુ, નવાઈ પામેલું **ચીન** = ચિહ્નો, ભાવ **ભયે** = થયો **ભયંકર** = વિકરાળ, બિહામણુ **હવિત** = થઈને **વિભ્રાંત** = ભ્રમિત, ગુંચવાયેલું, સંશયવાળું, બેશુધ **વિકલહી** = વ્યાકુળ **તેહીત્યે** = તેથી **ત્રસીત** = ત્રાસદાયક **ચંત** = ચિંતા **ચિંતવન** = ચિતવન **કર** = કરી **નિજપતિ** = સર્જનહાર **રહે** = રહ્યા **અકલહી** = અકળ, અજાણ્યા, કળ્યામાં ન આવે એવા.

### અનુવાદ

**તેથી સંશયગ્રસ્ત અને વ્યાકુળતાને કારણે અતિ વિકરાળ તથા નવાઈ ઉપજાવે તેવા લક્ષણો (ચિહ્નો) થયાં, વળી ત્રાસદાયક ચિંતાના ચિંતવન થકી નિજપતિ અજાણ્યા રહી ગયા.**

### ભાવાર્થ

નિરંજન પુરુષના હૃદયમાં સંશયોના વમળો ચાલવા માંડ્યા. તેથી તે પોતે ખૂબ જ વ્યાકુળતા અનુભવવા લાગ્યા. આવા સંજોગોમાં તેમના મનનો ભાવ દર્શાવતા દેહના પ્રગટ ચિન્હો પણ નવાઈ પમાડે તેવાં થયાં. પોતાને થયેલી ત્રાસદાયક (પિતાની) ચિંતાના ચિંતવનથી વૃત્તિ આમ-તેમ ભટકવા માંડી જેને પરિણામે નિજપતિ તે નિરંજન જાણી શક્યા નહીં.

**અકલ રહાયન તે આપને ખુદ, માલિક વિના ન મોજુ;**
**કોટી કોટી કલપેઈ આપન પર, કહો કિનું ઉપજત સોજુ. ૪૧**

### શબ્દાર્થ

**અકલ** = અકળ, અજાણ્યા **રહાયન** = રહેલા **તે** = તે **આપને** = આપણા **ખુદ** = પોતે, મૂળ, આદિ **માલિક** = પિતા, સર્જનહાર **વિના** = સિવાય **ન** = નહિ, ન **મોજુ** = પ્રીતિ, આનંદ, એશ, મઝા **કોટી કોટી** = કરોડો **કલપેઈ** = કલ્પો **આપન** = પોતાના, આપણા **પર** = ઉપર **કહો** = કહો **કિનું** = કોને, કોનું **ઉપજત** = ઉપજે, ઉત્પન્ન થાય **સોજુ** = પ્રીતિ, લાગણી, હેત.

## અનુવાદ

**આપણા તે ખુદ સર્જનહાર અજાણ્યા રહેલા છે, તેમના સિવાય આ મોજ (આનંદ) માણી શકાય નહીં. (તેમના વગર) કરોડો કલ્પો વીતી જાય તો પણ આપણા ઉપર કોને લાગણી ઉત્પન્ન થશે તે કહો. ?**

## ભાવાર્થ

જો ખુદ કર્તા - માલિક આપણાથી અજાણ્યા રહે તો કેમ કરીને આપણાથી એશ - આરામ કે આનંદની મોજ કેવી રીતે ભુક્તમાન થઈ શકે ? આ પ્રમાણે કરોડો કલ્પો વીતી જાય તો પણ સર્જનહારને જાણીને તેમની સરાહના કરવામાં ન આવે તો આપણા ઉપર કોની કૃપા અને લાગણી થાય ? અર્થાત્ આપણા પર કૃપા કરવાવાળુ અને લાગણી દર્શાવવાવાળુ સકર્તા સર્જનહાર સિવાય કોણ હોઈ શકે ?

**બીનહુ સોજી શિર સુસક સ્વાંત ગત, ધરહી ધ્યાન કોહુ કુનકે;**
**સામ્રથ પુરુષ સજીવનકે કોઈ, સ્ત્રજીત આપ નહીં સુનકે. ૪૨**

### શબ્દાર્થ

**બીનહુ** = સિવાય, વિના **સોજી** = સોજ, લાગણી, પ્રીતિ **શિર** = માથે **સુસક** = શુષ્ક, સાર વિનાનું, વ્યર્થ, નિરસ **સ્વાંત** = સહાય, પોતાનો અંત **ગત** = ગતિ **ધરહી** = ધારણ કરે, ધરે **ધ્યાન** = ધ્યાન **કોહુ** = કોણ, કોઈ **કુનકે** = કોનું **સામ્રથ પુરુષ** = સમર્થ પુરુષ **સજીવનકે** = સચેતન, શાશ્વત **કોઈ** = કોઈ **સ્ત્રજીત** = સર્જન, ઉત્પન્ન **આપ** = પોતે **નહીં** = નહીં **સુનકે** = શૂન્યની.

## અનુવાદ

**શિર પર લાગણી રાખનાર કોઈ ન હોય તો પોતાનો અંત નિરસ-ગતિવાળો બની જાય, ત્યારે કોણ કોનું ધ્યાન ધરે ? ખરેખર, આપણે શૂન્યમાંથી આપોઆપ ઉત્પન્ન થયેલા નથી, પરંતુ સમર્થ પુરુષથી જ સૌ કોઈ સજીવન થયેલા છે. અર્થાત્ સર્જન પામેલા છે.**

## ભાવાર્થ

સૌના શિરે સર્જનહારની લાગણી-કરુણા રહેલી છે. જો તેમ ન હોય તો

દરેકના જીવનનો અંત વ્યર્થ અને નિરસ બની જાય. જો તેમ થાય તો પછી કોણ કોનું ધ્યાન ધરે ? વળી આખું જીવન સર્વ એશ-આરામથી વ્યતીત કરે પણ કોઈ માલિકનું ધ્યાન ધરે નહીં. વળી આપણે શૂન્યમાંથી આપોઆપ (સ્વયં) ઉત્પન્ન થયા નથી, પરંતુ આપણને ઉત્પન્ન કરનાર મહાન સામર્થ્યવાન શાશ્વત સકર્તા પતિ, સર્જનહાર છે. તેમના દ્વારા જ આપણા સૌની ઉત્પત્તિ અને ઘાટની સચેતનતા શક્ય બની છે. આવી અદ્‌ભુત રચના અને રચનાની ચેતનતા નિજ - માલિક સિવાય શક્ય જ નથી.

**નિજ અનુભવ ઉનમાન કરીતસે, કતા સિદ્ધ આપનાઈ;**
**સોહી સિધ કરતારનકી તીત, શોધ કરનકુ જાઈ. ૪૩**

### શબ્દાર્થ

**નિજ** = પોતાના **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ઉનમાન** = અટકળ, અનુમાન, નતીજો, પરિણામ, તોલ, ગણતરી **કરીતસે** = કરીને **કતા** = સર્જનહારનું પદ **સિધ** = નિશ્ચિત, સાધના દ્વારા પ્રાપ્તિ **આપનાઈ** = પોતાના, આપણા સર્વના **સોહી** = તેઓ, તે **સિદ્ધ** = પ્રાપ્ત **કરતારનકી** = સર્જનહારની **તીત** = અહીંથી પર **શોધ** = તપાસ, ખોળ **કરનકુ** = કરવા **જાઈ** = જાઉં છું.

### અનુવાદ

**પોતાના અનુભવ થકી અનુમાન દ્વારા સિદ્ધ (નિશ્ચિત) થાય છે કે નિજકર્તા છે. કર્તાની પ્રાપ્તિ માટે શોધ કરવા ત્યાં (તે તરફ) જાઉં છું.**

### ભાવાર્થ

નિરંજન પુરુષે સ્વાનુભવના અનુમાન દ્વારા નિશ્ચિત કર્યું કે તેમના પોતાના સહિત આદ્યશક્તિ તથા સમગ્ર ઉત્પત્તિના રચનાર સર્જનહાર મહાન સમર્થ ચૈતનશક્તિ ધરાવનાર છે. પરે રહેલા તેવા સમર્થ સર્જનહારની શોધ કરવા માટે તેઓ તેમણે પોતાના ધામથી પરે (તીત) અરુઢ શૂન્યમાં ચાલ્યા જાય છે.

**તેહી અમુઝ સુઝ બિન સંચિત, અહંગ હોઈ અકુલાઈ;**
**તીનકે મરમ ન પાઈ તુમ જીનું, સો હમ દેહુ લખાઈ. ૪૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **અમુઝ** = અમુઝણ **સુઝ** = સમજ, જ્ઞાન, માહિતી **બિન** = સિવાય, વગર **સંચિત** = એકત્રિત **અહંગ** = હું, મને **હોઈ** = થઈ, થયો **અકુલાઈ** = અકળામણ **તીનકે મરમ** = તેનો મર્મ, તેનું રહસ્ય **ન** = નહીં **પાઈ** = પ્રાપ્ત, મેળવ્યા **તુમ** = તમો **જીનું** = જેથી **સો હમ** = તેથી હું **દેહુ** = દઉં છું **લખાઈ** = જણાવી, દર્શાવી.

### અનુવાદ

**જ્ઞાન (સમજણ) વગર થયેલી મુંઝવણને લીધે (મને) અકળામણ થઈ છે. તેનો મતલબ (મર્મ, રહસ્ય) તમે જાણતાં ન હતાં તેથી મેં તમને જણાવી દીધી છે.**

### ભાવાર્થ

નિરંજન પુરુષે તેમના ચિત્તમાં સમર્થ સર્જનહાર કોઈ છે અને તેમના સહિત સર્વને ઉત્પન્ન કરનાર કોઈ મહાન ચૈતન શક્તિ નિશ્ચિત છે, તેવો નિર્ણય કર્યો. પરંતુ તેઓ તે કર્તાથી અજાણ્યા છે, તેથી તેમને મુંઝવણ થઈ. પરિણામે તેઓ ખૂબ જ અકળામણ અનુભવતા હતા. આ રહસ્યને આદ્યશક્તિ જાણતા ન હોવાથી તેમને (આદ્યશક્તિને) ખુલાસો કરતાં નિરંજનપુરુષે સ્પષ્ટ જણાવી દીધું.

**તેહી અકુલાઈ દેખ તમ ત્રાસીત, જાસીત ભયે ભરમહી;**
**આગુ કિન ક્યૌ પુરુષ ઉદાસિક, તીનકે એહી મરમહી. ૪૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **અકુલાઈ** = અકળામણ **દેખ** = દેખીને, જોઈને **તમ** = તમે **ત્રાસીત** = ત્રાસ, પીડા, કષ્ટ, તકલીફ **જાસીત** = જેથી **ભયે** = થયા **ભરમહી** = ભ્રમણાયુક્ત **આગુ** = આગળ **કિન** = કહ્યું **ક્યૌ** = કેમ **પુરુષ** = નિરંજન પુરુષ **ઉદાસિક** = ઉદાસીન, ઉદાસ **તીનકે** = તેનો **એહી** = આ **મરમહી** = મર્મ, રહસ્ય, ભેદ.

### અનુવાદ

**આવી અકળામણ જોઈને તેમને પીડા થાય છે, જેથી ભ્રમણા પેદા થઈ છે. આગળ કહ્યું કે હે પુરુષ ! કેમ ઉદાસ છો ? તેનો આ મર્મ (ભેદ) છે.**

### ભાવાર્થ

અગાઉ આદ્ય શક્તિએ નિરંજન પુરુષને તેમની ઉદાસીનતા વિશે પ્રશ્ન પૂછ્યો

હતો. તેના જવાબમાં નિરંજન પુરુષે ખુલાસો કર્યો. નિરંજન પુરુષ આ કારણે ત્રાસ અનુભવવા લાગ્યાં તેમજ તેને લીધે તેમના મનમાં ભ્રમણા પેદા થઈ.

**કિન મરમ નિજ ક્રતા સિધકે, જેહી અનુમાન કરેહુ;**
**જબીત હાસ તુમસે તજ કંપિત, એહી વિધિ સોચ પરેહુ. ૪૬**

### શબ્દાર્થ

**કિન** = કહ્યો **મરમ** = રહસ્ય **નિજ** = મૂળ, આદિ, પોતાના **ક્રતા** = સર્જનહાર, કર્તા **સિધકે** = પ્રાપ્ત કરવાનો **જેહી** = જે **અનુમાન** = તોલ, ગણત્રી, અટકળ, નતીજો **કરેહુ** = કરીને, કરેલું **જબીત** = જેથી, તેના કારણે **હાસ** = વિનોદ, આનંદ, મોજ **તુમસે** = તમારાથી **તજ** = ત્યજીને **કંપીત** = કોપાયમાન થવું, ત્રાસી જવું, ડરવું, થરથરવું **એહી વિધિ** = આ પ્રમાણે **સોચ** = વિચારમાં **પરેહુ** = પડ્યો છું.

### અનુવાદ

**અનુમાન કરીને સિદ્ધ કરેલા નિજ કર્તાનો જે મર્મ હતો તે કહ્યો. આ પ્રમાણેનો વિચાર થવાથી જ મેં તમારી સાથેનો હાસ્ય-વિનોદ ત્યજી દીધો છે અને કોપાયમાન થયો છું.**

### ભાવાર્થ

નિરંજન પુરુષે પોતાના સ્વાનુભવથી નિશ્ચિત કર્યું કે સર્જનહારનું કોઈ સમર્થ અને શાશ્વત પદ છે. આમ ખુલાસો કર્યા બાદ આ નિર્ણયને કારણે જ તેમણે આદ્યશક્તિ સાથેનો હાસ્ય-વિનોદ છોડીને પોતાનાથી ઉપર (તીત) રહેલા કર્તાને નહીં જાણવાને કારણે તે પોતે કોપાયમાન થયા છે.

**જેહી સોચ આપને સરજકો, હવિત વિજોગ વિલાપુ;**
**ત્રાહે ત્રાહે તીનકે તન ઉપજીત, પરમ મહાદ્ય પરિતાપુ. ૪૭**

### શબ્દાર્થ

**જેહી** = જે **સોચ** = નિર્ણય, વિચાર **આપને** = પોતાને **સરજકો** = ઉત્પન્ન થતાં **હવિત** = થયો **વિજોગ** = વિયોગ, જુદાઈ, વિરહ **વિલાપુ** = દુઃખી, આક્રંદ, કરુણાભર્યા વચનો **ત્રાહે ત્રાહે** = ત્રાહિમામ ત્રાહિમામ, ત્રાસના કારણે ત્રાહિમામ થવું **તીનકે** = તેમના **તન** = શરીર, દેહ **ઉપજીત** = ઉત્પન્ન થવાથી, ઉપજવાથી **પરમ** = મહાન **મહાદ્ય** = વિશેષ **પરિતાપુ** = સંતાપ, તાપ, પશ્ચાતાપ, અકળામણ, હૃદયની બળતરા.

### અનુવાદ

**પોતાને પેદા થયેલ વિચારથી વિયોગને કારણે કરુણાભર્યા (દુઃખદ) વચનો બોલું છું વળી ત્રાહિમામ થવાથી તેમના દેહમાં મહાન પરિતાપ ઉત્પન્ન થયો છે.**

### ભાવાર્થ

નિરંજન પુરુષને તેમના પોતાનામાં પેદા થયેલા કર્તા અંગેના વિચારને લીધે વિયોગ અનુભવવાથી તેઓ કરુણાભર્યા (દુઃખદ) વચનોનો ઉચ્ચાર કરે છે. વળી ત્રાહિમામ થવાને લીધે તેમના દેહમાં વિશેષ અકળામણ ઊભી થઈ.

**યા વિનું દીરઘ નાંહી ઉપરીત દુઃખ, ખસમ વિના ઉતઈતમેં;**
**સંકટ સહાય કરન કોઉ કીનુ કીત, પ્રપીત કાજ જીત તીતમેં. ૪૮**

### શબ્દાર્થ

**યા વિનું** = તે વગર, તે સિવાય **દીરઘ** = મહાન, ઘણુ મોટુ **નાંહી** = નહીં **ઉપરીત** = અધિક, અતિશય **દુઃખ** = પીડા, કષ્ટ **ખસમ** = ધણી, પતિ, માલિક **વિના** = વગર, સિવાય **ઉતઈત મે** = અહીં કે ત્યાં, આ બાજુ કે તે બાજુ **સંકટ** = આપત્તિ, વિઘ્ન, દુઃખ **સહાય** = મદદ **કરન** = કરવા, કરનાર **કોઉ** = કોઈ, કોણ **કીનું** = કોને, કોની **કીત** = ક્યાં, કેવી રીતે **પ્રપીત** = પરાઈ પ્રીત, પર પ્રીત **કાજ** = માટે, કારણે **જીત તીત મેં** = જ્યાં ત્યાં, જેમ તેમ.

### અનુવાદ

**માલિકને પ્રાપ્ત નહીં કરવા સમાન ઉત-ઈતમાં બીજું એક પણ અત્યાધિક દુઃખ નથી. અન્ય ઉપર પ્રીતિ કરવાથી સંકટ સમયે કોણ કોને અને કેવી રીતે સહાય કરશે ?**

### ભાવાર્થ

કર્તા-માલિકને પ્રાપ્ત નહીં કરવા સમાન આલોક અને પરલોકમાં બીજું કશું પણ અધિક દુઃખ નથી. જો માનવ પોતાના માલિક સિવાય અન્ય ઉપર પ્રીતિ કરીને પોતાનો પ્રેમ વ્યર્થ ગુમાવશે તો પછી જ્યારે સંકટ-સમય આવશે ત્યારે કોણ કોને અને કેવી રીતે સહાયરૂપ થશે ?

**એહી અમોઘ સોગહી પરેહુ હમ, અતહી પ્રૌઢ અપરમહી;**
**તદપી તાય તુમ તજીત ભાગુ મોઈ, સકલ બહાય કરમહી. ૪૯**

### શબ્દાર્થ

**એહી** = આ **અમોઘ** = ઘણા, ગંભીર, ગૂઢ **સોગહી** = શોકમાં **પરેહુ** = પડ્યો છું **હમ** = હું **અતહી** = અતિ **પ્રૌઢ** = પુરાણા **અપરમહી** = અપાર **તદપી** = તેથી **તાય** = તેના કારણે **તુમ** = તમોને **તજીત** = ત્યજીને, છોડીને **ભાગુ** = જાઉં છું, જતો રહું છું **મોઈ** = હું **સકલ** = બધાને, તમામને, સૌને **બહાય** = છોડીને, ત્યાગીને **કરમહી** = કર્મોને.

### અનુવાદ

**એવા ગંભીર, અતિ પ્રૌઢ અને અપરંપાર શોકમાં હું પડ્યો છું. તેથી સર્વ કર્મોને ત્યજીને તમારો પણ ત્યાગ કરીને હું જતો રહું છું.**

### ભાવાર્થ

એવા અપરંપાર અતિ પ્રૌઢ અને ગંભીર શોકમાં નિરંજન પુરુષ પડી ગયા, તેના કારણે જ તેઓ વૈરાગનો માર્ગ અપનાવીને પોતાના બધા જ કર્મોનો ત્યાગ કરીને તેમજ આદ્યશક્તિના સુખને પણ છોડીને નિરંજન પોતાના ધામથી દૂર જવા માટે નીકળી જાય છે.

**અબ તુમ હમસે લાગ લગીત નહીં, ધરહી ત્યાગ તન સેતી;**
**તુમ પતિ હમ જીનું સુખદ તુમનકુ, હમ પતિકી કાય નેતિ. ૫૦**

### શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમો **હમસે** = મારાથી **લાગ** = સબંધ **લગીત** = સાધીને રહેવું, રાખવો **નહીં** = નહીં **ધરહી** = ધારણ કરી **ત્યાગ** = વૈરાગ **તન સેતી** = થી, સહિત, સાથે **તુમ** = તમો, તમારા **પતિ** = સ્વામી, ધણી **હમ** = હું, અમે **જીનું** = જેનું, જેથી **સુખદ** = સુખદાયક **તુમનકુ** = તમોને **હમ** = હું, મારા, અમે **પતિકી** = પતિની, સ્વામીની **કાય** = શું, કેમ, શા માટે **નેતિ** = જેનો કોઈ અંત જ નથી.

### અનુવાદ

**હવે તમારે મારી સાથે સબંધ રાખવો નહીં અને દેહ થકી વૈરાગ ધારણ કરજો. હું પતિ છું તેનું સુખ તમને મળ્યું પરંતુ મારા પતિનો તો કોઈ પત્તો જ નથી!**

### ભાવાર્થ

જ્યારે નિરંજન પુરુષ સર્વનો ત્યાગ કરીને જવાનો નિર્ણય કર્યો ત્યારે તેઓ આદ્યશક્તિને સમજાવતાં કહે છે કે આદ્યશક્તિ માટે તો નિરંજન પુરુષ પતિ તરીકે રહ્યા છે અને તેનું સુખ તેમને મળ્યું છે. હવે પછી આદ્યશક્તિને પણ પોતાના દેહ થકી વૈરાગ ધારણ કરીને જીવન જીવવા માટે અનુરોધ કરે છે. તેમને પોતાને માલિક તરીકેનું સુખ ન મળ્યું હોવાથી એવા માલિક કે જેનો કોઈ અંત નથી તેને શોધવા માટે (તેમનામાં આતુરતા થઈ છે) તેઓ આતુર (અધીરા) બન્યા છે.

**જબત્યે અબ મોઈ પરમ પતિનકી, ભાલ કરહુ ભવ છાંડી;**
**મહા ધુંધમે જાઈ લગાવું, આસન અટલ ખરાડી. ૫૧**

#### શબ્દાર્થ

**જબત્યે** = જેથી, ને કારણે જ **અબ મોઈ** = હવે હું **પરમ પતિનકી** = પરમપતિની **ભાલ** = ખોજ, શોધ **કરહુ** = કરીશ, કરવા **ભવ** = સંસાર **છાંડી** = ત્યજીને **મહા ધુંધમે** = મહાન ધંધુકારમાં **જાઈ** = જઈને **લગાવું** = લગાવીશ **આસન** = સ્થાન **અટલ** = સ્થિર, કાયમી, અડગ **ખરાડી** = શુદ્ધ, નિરાળો બનીને, સંપૂર્ણ ત્યજીને.

### અનુવાદ

**જેથી હવે હું પરમપતિની શોધ કરવા સંપૂર્ણ રીતે સંસારનો ત્યાગ કરીને મહાન ધંધુકાર શૂન્યમાં જઈ અટલ આસન લગાવીશ.**

### ભાવાર્થ

હવે નિરંજનપુરુષ સ્વયં આદ્યશક્તિ સહિત સંસારનો ત્યાગ કરે છે. તેમનાથી અજાણ રહેલા સકર્તાપતિ સર્જનહારને પ્રાપ્ત કરવા માટે પોતે ધંધુકાર શૂન્યમાં જઈ અટલ આસન જમાવી તપશ્ચર્યા કરવાનો નિર્ણય (આદ્યશક્તિને) જણાવે છે.

**શક્તિ સમીપ રહી એતની લગ, એતેહી વચન વદેહી;**
**તુરત ત્યાગ કે ગયે શૂન્ય મેં, છટકીત સકલ સન્યેહી. ૫૨**

### શબ્દાર્થ

**શક્તિ** = આદ્ય શક્તિ, મહામાયા **સમીપ** = સામે, સાથે, પાસે **રહી** = રહીને **એતની** = એટલો સમય **લગ** = સુધી **એતેહી** = એટલા, આટલા **વચન** = વચનો, શબ્દો, વાણી **વેદેહી** = બોલ્યા, ઉચ્ચાર કર્યો, કહ્યા **તુરત** = તરત જ **ત્યાગ કે** = ત્યજીને, છોડીને **ગયે** = ગયા **શૂન્ય મેં** = ધંધુકાર શૂન્યમાં **છટકીત** = એકદમ છોડીને, તરત જ ત્યાગીને **સકલ** = બધાનો **સન્યેહી** = સ્નેહ, પ્રેમ, લાગણીને.

### અનુવાદ

**એટલાં વચનો બોલ્યા ત્યાં સુધી તેઓ આદ્યશક્તિ સન્મુખ રહ્યા. ત્યારબાદ તરત જ સૌનો સ્નેહ ત્યજીને મહાશૂન્યમાં ગયા.**

### ભાવાર્થ

આ પ્રમાણેના વચનો બોલ્યા ત્યાં સુધી નિરંજન પુરુષ આદ્યશક્તિની સન્મુખ હાજર રહ્યા. ત્યારબાદ પોતાના નિશ્ચિત કરેલા નિર્ણય મુજબ શક્તિ સહિત સૌનો સ્નેહ છોડીને સંસારનો ત્યાગ કરી ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા માટે ચાલ્યા ગયા.

# શ્રી નિરંજન નરવેદ ધ્યાન કો
# અંગ ૨

**શક્તિ વિજોગ પરેહુ પુરુષકે, ક્રોડ કોપ કલપાઈ;**
**બ્રહ્મા વિષ્ણુ માહેશ થરથરીત, ત્રીયા સહિત તીનુ તાઈ. ૧**

### શબ્દાર્થ

**શક્તિ** = આદ્યશક્તિ, મહામાયા **વિજોગ** = વિયોગ **પરેહુ** = થયો, પડ્યો **પુરુષકે** = પુરુષનો **ક્રોડ** = કરોડો, ઘણા, અપાર **કોપ** = કોપાયમાન થઈ, ગુસ્સે થઈ **કલપાઈ** = કલ્પાંત કરવા લાગ્યાં **બ્રહ્મા** = બ્રહ્માજી **વિષ્ણુ** = વિષ્ણુ **માહેશ** = શિવજી **થરથરીત** = ધ્રુજવા લાગ્યા, કાંપવા લાગ્યા **ત્રીયા** = પત્ની, સ્ત્રી **સહિત** = સાથે **તીનુ** = ત્રણે **તાઈ** = તે.

### અનુવાદ

**પુરુષનો વિયોગ થવાથી શક્તિ ખૂબ જ કોપાયમાન થઈને કલ્પાંત કરવા લાગ્યાં. તેથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શિવજી) પણ ત્રણે સ્ત્રીઓ સાથે કાંપવા લાગ્યાં.**

### ભાવાર્થ

નિરંજન પુરુષ સૌનો ત્યાગ કરીને જ્યારે ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા ત્યારે તેમનો વિયોગ સહન કરી ન શકવાથી આદ્ય શક્તિ ખૂબ કોપાયમાન થયાં અને અત્યંત કલ્પાંત કરવા લાગ્યાં. આદ્યશક્તિની આવી કલ્પાંતભરી સ્થિતિ નિહાળીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા સાવિત્રી, લક્ષ્મી, અને ઉમિયાં એમ સઘળાં (છ) સંતાનો પણ દુઃખની લાગણી અનુભવવાથી થરથરવા (કાંપવા) લાગ્યાં.

**મહા રુદન કલ્પાંત કરીત જીનું, જુગન કોટ લ્યૌ જબહી;**
**ચૌદેઈ તબક લોક વિનુ નિરવિત, ચલિત રોન લગે સબહી. ૨**

### શબ્દાર્થ

**મહા રુદન** = ખૂબ જ રડવું **કલ્પાંત** = અતિશય શોક **કરીત** = કરતાં **જીનું** = જેના, જેનું **જુગન કોટ** = કેટલાક યુગો, કરોડો યુગ **લ્યૌ** = સુધી **જબહી** = જયારે, ત્યારે **ચૌદેઈ તબક** = ચૌદ

તબકના **લોક** = લોકો, વસ્તી **વિનુ** = વિના, સિવાય **નિરવિત** = વિત રહિત, નિર્વિત **ચલિત** = ચાલ્યા **રોન લગે** = રડવા લાગ્યા **સબહી** = બધા જ, તમામ, સૌ.

## અનુવાદ

**જ્યારે કરોડો યુગ સુધી તેમ તે અતિશય રુદન અને કલ્પાંત કર્યું ત્યારે ચૌદેય તબકના લોકો નિરવિત્ત હોવા છતાં બધા જ રુદન કરવા લાગ્યા.**

## ભાવાર્થ

નિરંજનપુરુષનો વિયોગ સહન ન થવાથી આદ્યશક્તિ કરોડો યુગ સુધી અતિશય રુદન કરીને કલ્પાંત કરવા લાગ્યાં. ત્યારે ચૌદ તબકના લોક નિરવિત્ત હોવા છતાં તેઓ બધા જ રુદન કરવા લાગ્યા.

**રોયે શૂન્ય મહાશૂન્ય અમિત પુનિ, ગંભીરા શૂન્ય સોઈ;**
**રોયે પંચતત્ત્વકે બીજગ, બીનું પસરન તન ઓઈ. ૩**

### શબ્દાર્થ

**રોયે** = રડ્યા, રડવા લાગ્યા, રુદન કરે **શૂન્ય** = શૂન્ય **મહાશૂન્ય** = મહાશૂન્ય **અમીત** = અમીતશૂન્ય **પુનિ** = વળી **ગંભીરા** = ગંભીરા **શૂન્ય સોઈ** = તે **રોયે** = રુદન કરે **પંચ તત્ત્વકે** = પંચ તત્ત્વોના **બીજગ** = બીજક **બીનું** = વિના, સિવાય **પસરન** = પસારો **તન** = દેહ, શરીર **ઓઈ** = તે, એ.

## અનુવાદ

**શૂન્ય, મહાશૂન્ય, અમિતશૂન્ય અને ગંભીરાશૂન્ય પણ રુદન કરવા લાગ્યાં. વળી પસારો થયા સિવાયના પાંચ તત્ત્વોના બીજગોના દેહ પણ રુદન કરવા લાગ્યા.**

## ભાવાર્થ

આદ્યશક્તિના કલ્પાંત દરમિયાન શૂન્ય, મહાશૂન્ય, અમીતશૂન્ય અને ગંભીરાશૂન્ય પણ રુદન કરવા લાગ્યાં. વળી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વોના બીજકો કે જે પસારો થયા સિવાયના હતા તેવા દેહ પણ રુદન કરવા લાગ્યા.

**જ્યૌ તરુ જડ ઘણ લગીત ખાય જીત, વૃક્ષ સકલ કુમલાઈ;**
**ત્યૌ શક્તિ જડ જીનુ પસરન તરુ, તબક તત્ત્વ સુનતાઈ. ૪**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેવી રીતે, જેમ **તરુ** = વૃક્ષ, ઝાડ **જડ** = સ્થિર **ઘણ** = એક પ્રકારનો કીડો, જંતુ, ઉધઈની જેમ જે લાકડામાં સડો પેદા કરે છે **લગીત** = લાગતાં **ખાય** = ખાઈ જાય, નાશ કરે **જીત** = જે **વૃક્ષ સકલ** = આખુ વૃક્ષ (ઝાડ) **કુમલાઈ** = કરમાઈ જાય, સુકાય જાય **ત્યૌ** = તેમ **શક્તિ** = આદ્યશક્તિ **જડ** = પાણી, નિશ્ચેતન **જીનુ** = જેનું **પ્રસરન** = પસારો **તરુ** = વૃક્ષ, વેલી, ઝાડ **તબક** = તબકના **તત્ત્વ** = તત્ત્વો **સુનતાઈ** = શૂન્યવત્ બની ગયા, સૂસ્ત થઈ ગયા, નિસ્તેજ થઈ ગયા.

### અનુવાદ

**જેવી રીતે વૃક્ષના મૂળમાં ઘણ (સડો) લાગે તો તેને ખાઈ જવાથી આખું વૃક્ષ કરમાઈ (સુકાઈ) જાય છે. તેવી જ રીતે શક્તિ રૂપી પાણી વગર તરુવરના પસારાની જેમ સમગ્ર તબકના તત્ત્વો શૂન્યવત્ થઈ ગયા.**

### ભાવાર્થ

જેવી રીતે વૃક્ષના મૂળમાં સડો કરનાર ઘૈણ (કીડો) (મામણમૂંડો) દાખલ થતાં જ તે મૂળને ખાય જાય છે અને આખું વૃક્ષ કરમાઈ જાય છે. તેવી જ રીતે આદ્યશક્તિ રૂપ જળ (પાણી) સિવાય તરુવરની જેમ પસારો પામેલા સમગ્ર તબકના તત્ત્વો શૂન્યવત્ થઈ ગયા. અર્થાત્ શક્તિના નિસ્તેજ થવાથી સમગ્ર પસારો સ્થિર થઈ જતાં સ્તબ્ધ બની ગયો.

**યૌ કલપંત રહે સબહી ઈત, પુરુષ પરમ સુન જેહુ;**
**સમદમ સુરત સમેટ કરીત જીત, ઉપચિન ભયે વિદેહુ. ૫**

### શબ્દાર્થ

**યૌ** = એ પ્રમાણે **કલપંત** = કલ્પાંત કરતા **રહે** = રહ્યા **સબહી** = બધા, સર્વ **ઈત** = અહીં **પુરુષ** = નિરંજન પુરુષ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **સુન** = શૂન્યમાં **જેહુ** = જે **સમદમ** = દમને સમ કરી, કુંભક કરી **સુરત** = સુરતા, દૃષ્ટિ **સમેટ** = સમેટીને **કરીત** = કરીને **જીત** = વિજય **ઉપચિન** = ઉપલક ચિહ્નો **ભયે** = થયા **વિદેહુ** = વિદેહી.

## અનુવાદ

**આ પ્રમાણે આ બાજુ (અહીં) સૌ કલ્પાંત કરતાં રહ્યા ત્યારે પરમ પુરુષ શૂન્યમાં સમદમપણે દ્દષ્ટિને સમેટી લઈ સુરતા પર જીત પ્રાપ્ત કરીને ઉપલક ચિહ્નોથી વિદેહી થયા.**

## ભાવાર્થ

આ પ્રમાણે અહીં સૌ કલ્પાંત કરતા રહ્યા, જ્યારે ધંધુકાર શૂન્યમાં જઈ પરમપુરુષ નિરંજન પોતે પોતાની દ્દષ્ટિને સમેટી લઈ દમને સમ કરી સુરતા પર વિજય પ્રાપ્ત કરી ધ્યાનમાં મગ્ન થઈ ગયા. આમ ઉપલક ચિહ્નોથી તેઓ વિદેહી થયા.

**એક નિગ્રે ચિત્ત હવિત નિરાલંબ, વૃત્તિ વેગ વિલમાઈ;**
**સૂક્ષમ દ્દષ્ટ અવિલોક અલખ લખ, ક્તા એક ઉર લાઈ. ૬**

### શબ્દાર્થ

**એક** = એક **નિગ્રે** = અવરોધ, અટકાવ, ઈન્દ્રિયોનો સંયમ કરી **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **હવિત** = થઈને, થયા **નિરાલંબ** = આલંબન રહિત **વૃત્તિ** = વૃત્તિઓને **વેગ** = વેગ, ગતિ, ઝડપ **વિલમાઈ** = શાંત કરીને, નાશ કરીને, ઓગાળીને, પીગળાવીને **સૂક્ષમ** = સૂક્ષ્મ **દ્દષ્ટ** = દ્દષ્ટિ **અવિલોક** = અવલોકન દ્વારા **અલખ** = અલખ કર્તાના નિર્વાણ, લખી ન શકાય તેવા **લખ** = લક્ષને **ક્તા** = કરતા, સર્જનહાર **એક** = એક **ઉર** = હૃદયમાં **લાઈ** = લાવીને.

## અનુવાદ

**તેમણે ચિત્તવૃત્તિનો નિગ્રહ કરીને આલંબન રહિત થઈ વૃત્તિના વેગને વિલમાવી દીધો અને સૂક્ષ્મ દ્દષ્ટિએ અલખના લક્ષનું અવલોકન કર્યું, આમ કર્તાને જ હૃદયમાં ધારણ કર્યા.**

## ભાવાર્થ

નિરંજન પુરુષે તેમના ચિત્ત અંતઃકરણની વૃત્તિનો નિગ્રહ કરી માયાના આલંબનોથી રહિત થઈને તેમની બધી જ વૃત્તિઓના વેગને શાંત પાડી દીધી. ત્યારબાદ સૂક્ષ્મ દ્દષ્ટિએ સર્જનહારના લક્ષનું જ અવિલોકન કરવા લાગ્યા. આ પ્રમાણે પોતાના હૃદયમાં એક માત્ર કર્તાનું જ ચિંત્તવન કરીને ધ્યાન ધરતા રહ્યા.

**પરમ શૂન્ય સનાતનમે સદ, બેઠેહુ ધ્યાન ધરીનકે;**
**ત્રિગુણ શક્ત મગ સુપનંતર જીનુ, દેખુ ન દષ્ટ ફેરીનકે. ૭**

### શબ્દાર્થ

**પરમશૂન્ય** = મહાશૂન્ય **સનાતનમે** = શાશ્વત, સત્ય, નિત્યમાં **સદ** = પોતે **બેઠેહુ** = બેઠા, આસન જમાવ્યું **ધ્યાન** = ધ્યાન **ધરીનકે** = ધરતા હતા ધરીને **ત્રિગુણ** = ત્રણ ગુણ - બ્રહ્મા, વિષ્ણુ, માહેશ **શક્ત** = આદ્યશક્તિ, મહામાયા **મગ** = માર્ગ તરફ **સુપનંતર** = સ્વપ્ન પર્યંત પણ **જીનુ** = જેમણે **દેખુ ન** = જોયું નહીં **દષ્ટ** = નજર, દૃષ્ટિ **ફેરીનકે** = ફેરવીને, પાછી વાળીને.

### અનુવાદ

**તેઓ સનાતન એવા મહાશૂન્યમાં ધ્યાન ધરીને બેઠા પછી ત્રણ ગુણ અને શક્તિ પ્રત્યે સ્વપ્નાંતરે પણ દૃષ્ટિ ફેરવીને જોયું નહીં.**

### ભાવાર્થ

નિરંજન પુરુષ સનાતન શૂન્યમાં રહેલા ધંધુકાર શૂન્યમાં જઈ ધ્યાન ધરવા બેસી ગયા. ત્યારબાદ તેમણે ત્રિગુણ-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આદ્ય લઈ આદ્યશક્તિ મહામાયા તરફ સ્વપ્નાંતરે પણ દૃષ્ટિ ફેરવીને (ઉલટાવીને) જોયું નહીં.

**એકાએક શુન્ય મુન્ય શુનમહી, સુધ્ય સમાધ લગાઈ;**
**નિજ કર્તાકે લક્ષ રખનકુ, સુરત સચેત રહાઈ. ૮**

### શબ્દાર્થ

**એકાએક** = અચાનક, ઓચિંતાનું, એકદમ **શુન્ય મુન્ય** = શૂનમૂન, ચુપચાપ **શુનમહી** = શૂન્યમાં **સુધ્ય** = શુદ્ધ **સમાધ** = સમાધિ, ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત કરી ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે તેવું ઊંડુ ધ્યાન **લગાઈ** = લગાવીને **નિજ કર્તાકે** = નિજ સકર્તા પતિનો **લક્ષ** = લક્ષ **રખનકુ** = રાખીને **સુરત** = દૃષ્ટિ સુરતા **સચેત** = ચેતનવંત, જાગ્રત **રહાઈ** = રહ્યા.

### અનુવાદ

**શૂન્યમાં એકદમ શૂન-મૂન રીતે શુદ્ધ સમાધિ લગાવીને ચિત્તમાં નિજપતિનો લક્ષ રાખી દૃષ્ટિને સચેત કરીને ધ્યાનમાં બેઠાં.**

## ભાવાર્થ

શૂન્યમાં એકદમ શૂન-મૂન સ્થિતિમાં રહીને નિરંજનપુરુષ પોતાના ચિત્તમાં એક માત્ર નિજકર્તાના લક્ષને કેન્દ્ર સ્થાને રાખીને પોતાની દૃષ્ટિ સચેત કરી ધ્યાનસ્થ દશામાં શુદ્ધ સમાધિ લગાવીને બેઠા.

# શક્તિ આજ્ઞા સુનક વિતરાગકો અંગ ૩

**એહી પરકારન જુઓ પુરુષને, ક્તા કાજ ક્યા કીનહી;**
**આપને નિજ અનુભવ નરણિતસે, લીયે પરમપદ ચીનહી. ૧**

### શબ્દાર્થ

**એહી** = આ **પરકારન** = પ્રકારે **જુઓ** = જુઓ **પુરુષને** = નિરંજન પુરુષને **ક્તા** = સર્જનહાર **કાજ** = માટે **ક્યા** = શું **કીનહી** = કર્યું **આપને** = પોતાના **નિજ** = મૂળ, જાત **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **નરણિતસે** = નિર્ણય કરીને **લીયે** = લીધો, લીધું **પરમપદ** = પરમપદ, અંતિમપદ, શ્રેષ્ઠ પદ **ચીનહી** = ઓળખી, જાણી.

### અનુવાદ

**આ પ્રકારે નિરંજન પુરુષે કર્તાને પ્રાપ્ત કરવા માટે શું કર્યું તે જુઓ. પોતે જાત અનુભવથી નિર્ણય કરીને પરમપદ જાણી લીધું.**

### ભાવાર્થ

આ પ્રમાણે આદ્ય પુરુષ નિરંજને સકર્તાપતિ સર્જનહારને પ્રાપ્ત કરવા માટે પોતાના પરિવાર સહિત મહામાયાના બંધનો તોડી નાંખ્યા. પોતે પૂર્ણ વૈરાગ્ય ધારણ કરીને ગૃહત્યાગ કર્યો. આ પ્રમાણે શક્તિની વાતમાં આવ્યા સિવાય સ્વાનુભવ કરેલા નિર્ણયને છેવટનો નિર્ણય માન્યો. ત્યારબાદ પોતે નક્કી કર્યા મુજબ પોતાનાથી પર અને વિશેષ ચૈતન શક્તિ કોઈ છે, તેમ જાણીને પરમપદ ઓળખી લીધું. તે મહાન પરમપદને પ્રાપ્ત કરવા માટે તેઓ ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા.

**ધન્ય ધન્ય જીનું કહી ન જાત મોઈ, એહી પુરુષકે ત્યાગુ;**
**ચંચલ ચપલ મનોજ મોહની, તજકે લીયે વૈરાગુ. ૨**

### શબ્દાર્થ

**ધન્ય ધન્ય** = ધન્યવાદ છે **જીનું** = જેને **કહી** = કહી **ન** = નથી, નહીં **જાત મોઈ** = મારી જાતથી **એહી** = એ **પુરુષકે** = નિરંજન પુરુષનો **ત્યાગુ** = ત્યાગ માટે **ચંચલ** = કામુક, ચકોર **ચપલ** = નટખટ,

ચાલાક, કાબેલ, ચપળ **મનોજ** = મનને આનંદ દેનારી, કોમળ કાયાવાળી **મોહની** = મોહિની, વશીકરણ કરનારી, મોહ પમાડનારી, મનને લલચાવનારી અપ્સરા **તજકે** = ત્યજીને, છોડીને **લીયે** = લીધો **વૈરાગુ** = વૈરાગ્ય.

## અનુવાદ

**મારી જાતથી હું એ પુરુષના ત્યાગ માટે કહી શકતો નથી. કારણ કે ચંચળ, ચપળ, મોજીલી અને મનને લલચાવનારી શક્તિને છોડીને તેમણે વૈરાગ્ય ધારણ કર્યો, તેથી તેમને વારંવાર ધન્યવાદ છે.**

## ભાવાર્થ

નિરંજન પુરુષનો ત્યાગ એટલો બધો તીવ્ર અને મહાન હતો કે જેના માટે કુવેરસ્વામી પણ તેમની જાતે ત્યાગી પુરુષ નિરંજનના ગુણગાન કેવી રીતે (શી રીતે) ગાય ? તેમ દર્શાવે છે. એટલું જ નહીં પરંતુ તેમને વારંવાર ધન્યવાદ આપે છે. કારણ કે નિરંજન પુરુષે આદ્યશક્તિ જેવી કામુક, ચાલાક, મનને આનંદ આપનારી, કોમળ કાયાવાળી મહામાયાનો તીવ્ર ત્યાગ કરીને વૈરાગ્ય ધારણ કર્યો હતો.

**જીનકે નેંન કટાક્ષ અચરચર, લોક અસંખ્ય નચાવે;**
**સત્યાવંત હોઈ સકલ પદારથ, સજીવ સંચ ચલાવે. ૩**

### શબ્દાર્થ

**જીનકે** = જેમના **નેંન** = નેત્રો, નયન **કટાક્ષ** = વક્રદષ્ટિ, નજર **અચરચર** = સ્થાવર અને જંગમના **લોક** = ઘાટ **અસંખ્ય** = અસંખ્ય **નચાવે** = નચાવે, ડોલાવે **સત્યાવંત** = સત્તાધીશ **હોઈ** = હોવાથી **સકલ** = બધા, સર્વ **પદારથ** = પદાર્થ, ઉત્પત્તિ **સજીવ** = સજીવન **સંચ** = શરીર, ઘાટ, દેહ **ચલાવે** = ચલાવે, કાર્યશીલ બનાવે, કાર્યાન્વિત કરે.

## અનુવાદ

**જે પોતાના નેત્રોની વક્ર દષ્ટિથી સ્થાવર અને જંગમના અસંખ્ય ઘાટને નચાવે છે, વળી તે સત્તાધીશ હોઈ દરેક પદાર્થો અને સજીવ ઘાટને કાર્યાન્વિત કરે છે.**

### ભાવાર્થ

આદ્યશક્તિના અપાર બળવાળા નયનોની વક્ર દૃષ્ટિના ઈશારાથી વિશ્વના ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર અને જંગમ ઘાટને પોતાની ઈચ્છા મુજબ નચાવે છે. સમગ્ર સંસારમાં પોતે સત્તાધીશ હોવાથી અણુએ અણુમાં વ્યાપેલા દરેક પદાર્થોની આદ્ય લઈ સર્વ સજીવ ઘાટને કાર્યાન્વિત (કાર્યશીલ) કરે છે.

**પુનિ જાકે પ્રાક્રમ પરમ ગત્ય, અકલ કલી નવ જાઈ;**
**સમલ શક્તિ કલ અણુની આદ્ય તન, શક્ત કુણ તજ તાઈ. ૪**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **જાકે** = જેઓની **પ્રાક્રમ** = પરાક્રમ **પરમ** = શ્રેષ્ઠ **ગત્ય** = ગતિ, બળથી **અકલ** = અકળ **કલી** = કળી **નવ** = ન, ના **જાઈ** = જાય તેવી **સમલ** = ભળેલી, સંમિલિત થયેલી **શક્તિ** = શક્તિ **કલ** = કળ **અણુની આદ્ય** = અણુ સહિત **તન** = ઘાટ, દેહ **શક્ત** = શકે **કુણ** = કોણ **તજ** = તજીને **તાઈ** = તેને.

### અનુવાદ

**વળી તેનું પરમગતિવાળુ પરાક્રમ હોવાથી કળી ન શકાય તેવું અકળ છે. તેની શક્તિની કળ અણુની આદ્ય લઈ તમામ ઘાટમાં સમાયેલી છે. તેનો ત્યાગ કોણ કરી શકે તેમ છે ?**

### ભાવાર્થ

આદ્યશક્તિના પરાક્રમ શ્રેષ્ઠ ગતિવાળાં છે. દુનિયામાં કોઈ પણ પુરુષ તેને કળી શક્યો નથી. તેવી તેની અકળ કળા છે. અણુની આદ્ય લઈ વિશ્વના તમામ ઘાટમાં તેની પકડ સમાયેલી છે. એવી મહાન પ્રતિભા અને સામર્થ્યવાળી તથા મનને લોભાવનારી શક્તિનો સંસારમાં એવો કોઈ વૈરાગી નથી કે જે તે માયાને ત્યાગી શકે તેમ હોય.

**એહી વિધીકી અદ્‌ભુત અતલીબલ, જીનત્યે કોઉ ન ખટાઈ;**
**તેહી પુરુષને તજીત તરણ તુલ, બહોરુ નકીન બનાઈ. ૫**

### શબ્દાર્થ

**એહી વિધીકી** = આ પ્રમાણેની **અદ્‌ભુત** = નવાઈ પમાડે તેવી, અજાયબી ભરેલી **અતલીબલ** = મહાન શક્તિશાળી, ખુબ જ બળવાન **જીનત્યે** = જેનાથી, જેને **કોઉ ન** = કોઈ પણ નહીં **ખટાઈ** = દુશ્મની વહોરવી, વિજય પ્રાપ્ત કરવો **તેહી** = તે **પુરુષને** = નિરંજન પુરુષને **તજીત** = ત્યજી દીધી **તરણ તુલ** = તરણા સમાન, તૃણવત્ **બહોરુ** = ફરીથી, પાછી, તેમ છતાં **નકીન** = નાકામીયાબ, સબંધ **બનાઈ** = બનાવ્યો.

### અનુવાદ

**આવી અજાયબી ભરેલી ખૂબ જ બળવાન હોઈ તેની સાથે કોઈ પણ દુશ્મનાવટ વહોરી શકે તેમ નથી. તેમ છતાં નિરંજન પુરુષે તેને તરણા સમાન ગણીને ત્યાગી દીધી પછી કોઈ સબંધ રાખ્યો નહીં.**

### ભાવાર્થ

આદ્યશક્તિ અપાર શક્તિશાળી હોવાથી તેની સાથે કોઈ પણ દુશ્મનાવટ વહોરી શકે તેમ નથી. અર્થાત્ અત્યંત શક્તિશાળી હોવાથી તેને કોઈ જીતી શકે તેમ નથી. તેમ હોવા છતાં પણ આદ્યશક્તિને નિરંજન પુરુષે તૃણવત્ (તરણા સમાન) ગણીને ત્યજી દીધી. ત્યારબાદ તેના તરફ ફરીને કદી પણ જોયું નહીં કે કોઈ પણ જાતનો સબંધ પણ ન રાખ્યો. આ રીતે તેમણે આદ્યશક્તિની દરેકે દરેક ચાલબાજી નાકામીયાબ (નિરર્થક) બનાવી.

**નિજપતિ કતા કાજ કિયે કેઈ વિધિ, શ્રોતા સુનો અકરહી;**
**તિનુ આગે એહી ભવકે ભેખ સબ, કુન તાય સરભરહી. ૬**

### શબ્દાર્થ

**નિજપતિ** = મૂળ માલિક, આપણા પતિ **કતા** = સર્જનહાર **કાજ** = માટે **કિયે** = કરી **કેઈ** = કેવી **વિધિ** = રીતે, પ્રમાણે **શ્રોતા** = સાંભળનારા **સુનો** = શ્રવણ કરો, સાંભળો **અકરહી** = જ્ઞાન વિનાના, સમજ વગરના, કપટ સિવાયના **તિનુ** = તેમની **આગે** = આગળ **એહી** = આ **ભવકે** = સંસારના **ભેખ સબ** = બધા જ ભેખધારીઓ **કુન** = કોણ માત્ર **તાય** = તેમની **સરભરહી** = સમાન, તુલનામાં, સરખામણી કરી શકાય તેવા.

### અનુવાદ

**હે શ્રોતાજનો ! નિખાલસ થઈ સાંભળો કે તેમણે પોતાના સકર્તા પતિ માટે**

**કેવું કાર્ય (ત્યાગ) કર્યું ? તેમની આગળ આ સંસારના ભેખધારીઓમાંથી કોની સરખામણી થઈ શકે તેમ છે ?**

## ભાવાર્થ

નિખાલસ હૃદયના શ્રોતાજનોને સાંભળવા માટે અનુરોધ કરવામાં આવે છે કે નિરંજન પુરુષે પોતાના પતિ સકર્તા સર્જનહારને મેળવવા માટે કેવો ત્યાગ કર્યો કે તેમની તુલનામાં સંસારના તમામ ભેખધારી (વૈરાગી) પુરુષો કદાપિ આવી શકે તેમ નથી. અર્થાત્ નિરંજન પુરુષના તીવ્ર વૈરાગની સરખામણી કરી શકે તેવા કોઈ પણ ભેખધારી વૈરાગી પુરુષો આ સંસારમાં નથી.

**જ્યેતિ જ્યેતિ જગ આદ્ય પુરુષકી, પરમ પુરુષ ઈત કેહી;**
**જેહી પરંતુ નાહીન કોઉ પત, તિનકે ભયે સનેહી. ૭**

### શબ્દાર્થ

**જ્યેતિ જ્યેતિ** = જય હો, જય હો **જગ** = જગતના **આદ્ય પુરુષકી** = આદ્ય પુરુષની **પરમ પુરુષ** = મહાન પુરુષ **ઈત** = અહીં **કેહી** = કોણ **જેહી** = જે **પરંતુ** = પરંતુ, ઉપરાંત **નાહીન** = કોઈ નથી **કોઉ** = કોઈ **પત** = પતિ **તિનકે** = તેમના **ભયે** = થયા **સનેહી** = સ્નેહી, પ્રીત કરનારા.

## અનુવાદ

**જેના ઉપર અન્ય કોઈ નિજપતિ નથી તેમના સ્નેહી બન્યા હોય તેવા અહીં કોણ પુરુષ છે ? તે આદ્ય પુરુષની જય હો, જય હો.**

## ભાવાર્થ

જેમના ઉપર અન્ય કોઈ પતિ જ નથી, તેવા સકર્તા સર્જનહાર કૈવલકર્તા સ્વયં એકલા જ છે. તેમની સાથે નાતો જોડીને સ્નેહી બન્યા હોય તેવા આ સંસારમાં ક્યા પરમપુરુષ છે ? એવા એક માત્ર નિરંજન પુરુષ જ છે કે જેમણે પોતાના નિર્ણય દ્વારા સર્વના અધિપતિ સકર્તા સર્જનહારને (જાણ્યા) ઓળખ્યા. વળી તેમની સાથે સ્નેહ રાખી તેમને પ્રાપ્ત કરવા તીવ્ર વૈરાગ્ય ધારણ કરીને આદ્યશક્તિનો પણ ત્યાગ કર્યો. એવા મહાન આદ્ય પુરુષની જય હો, જય હો.

## કરીત સ્નેહ સનાતન પતસે, અવિગત અકલ આરાધુ;
## આપ અકેલ અનાદ્ય અરસમેં, બેઠેહુ અચલ અગાધુ. ૮

### શબ્દાર્થ

**કરીત** = કરીને **સ્નેહ** = પ્રીતિ, નાતો, સબંધ **સનાતન** = શાશ્વત, સત્ય, અવિનાશી **પતસે** = પતિ સાથે, માલિક સાથે **અવિગત** = વિગત ન જાણી શકાય તેવા **અકલ** = કળ્યામાં ન આવે તેવા, અકળ **આરાધુ** = આરાધના કરવી, ભજવું **આપ** = પોતે **અકેલ** = એકલા જ **અનાદ્ય** = આદિ **અરસ મેં** = અંતરિક્ષમાં **બેઠેહુ** = બેઠા છે **અચલ** = સ્થિર **અગાધુ** = અગાધ, દુર્બોધ, ગંભીર.

### અનુવાદ

**સનાતન, અવિગત અને અકળ પતિ સાથે સ્નેહ કરીને આરાધના કરવાવાળા આપ એકલા જ આદિ પુરુષ અંતરિક્ષમાં અચળ અને અગાધ આસન જમાવીને બેઠા છો.**

### ભાવાર્થ

જેઓ સનાતન છે, અવિગત છે અને અકળ છે, તેવા સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા સાથે સ્નેહ ધારણ કરીને આરાધના કરવાવાળા એક માત્ર આદિ પુરુષ નિરંજન એકલા જ છે. જેઓ પોતાનો પરિવાર ત્યજીને અંતરિક્ષમાં અચળ તથા અગાધ આસન જમાવીને ધ્યાનસ્થ દશામાં બેઠા છે.

## અબ ઈતકે ગુણ શક્તિ સહિત કી, કહત હવીત જેહી જીનકી;
## રોત રહે જેહી પતિ વિછરનસે, જુગન કોટ ગયે તીનકી. ૯

### શબ્દાર્થ

**અબ** = હવે **ઈતકે** = આ બાજુના **ગુણ** = ત્રણ ગુણોના અધિપતિ-બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ **શક્તિ** = આદ્ય શક્તિ-મહામાયા **સહિત કી** = સહિતની, સાથેની **કહત** = કહું છું **હવીત** = થઈ ગયેલી, થયેલી **જેહી** = જે પ્રમાણેની **જીનકી** = જેમની, જેઓની **રોત રહે** = રડતા રહ્યા **જેહી** = જેઓ **પતિ** = માલિક, સ્વામી **વિછરનસે** = વિખૂટા પડવાથી, વિયોગથી **જુગન કોટ** = કોટી યુગો **ગયે** = ગયા **તીનકી** = તેમના.

### અનુવાદ

**હવે આ બાજુ શક્તિ સહિત ત્રણ ગુણોની જે (જેવી) સ્થિતિ થઈ તે કહું છું.**

**પોતાના સ્વામીના વિયોગથી જેઓ રડતા રહ્યા તેમાં તેમના કરોડો યુગો વહી ગયા.**

### ભાવાર્થ

હવે આ બાજુ આદ્ય શક્તિ સહિત બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશની પોતાના સ્વામીથી અલગ થવાના વિયોગથી જ તેમની જેવી સ્થિતિ થઈ તે કુવેરસ્વામી જણાવે છે. નિરંજન પુરુષ સમગ્ર પરિવારનો ત્યાગ કરીને ચાલ્યા ગયા હોવાથી સૌ રુદન કરવા લાગ્યા, આ દરમિયાન કરોડો યુગો વીતી ગયા.

**અતિ રુંદન કલપાંત દેખીતવ, ભઈ વાણ અસમાની;**
**ત્રિગુણ પુત્ર લઈ રચો સૃષ્ટકુ, છોડો રુંદન સહ્યાની. ૧૦**

### શબ્દાર્થ

**અતિ** = અત્યંત **રુંદન** = રડવું **કલપાંત** = અત્યંત રડવું, વ્યાકુળતા પૂર્ણ રડવું **દેખીતવ** = જોઈને **ભઈ** = થઈ **વાણ અસમાની** = આકાશવાણી **ત્રિગુણ** = ત્રણ ગુણોવાળા **પુત્ર** = સંતાન **લઈ** = લઈને, સાથે રાખીને **રચો** = રચના કરો, આગળ વધારો, વૃદ્ધિ કરો **સૃષ્ટકુ** = સૃષ્ટિની, સંસારની **છોડો** = છોડી દો, ત્યજી દો **રુંદન** = રડવાનું **સહ્યાની** = શાણી, સ્ત્રી, કહ્યાગરી પત્ની.

### અનુવાદ

**અત્યંત કલ્પાંતભર્યું રુદન જોઈને આકાશવાણી થઈ કે હે સહ્યાની (શાણી શક્તિ) ! રડવાનું છોડીને ત્રણ પુત્રોનો સાથ લઈ સૃષ્ટિની રચનાને આગળ વધારો.**

### ભાવાર્થ

નિરંજન પુરુષ ઉપલક ચિહ્નોથી વિદેહી બનીને પોતે સકર્તાપતિ સર્જનહારને પ્રાપ્ત કરવા ધ્યાનમગ્ન થઈ બેઠા, પરંતુ શક્તિ સાથેના નાતાને લીધે આદ્યશક્તિ સહિત ત્રણે સંતાનોનું કલ્પાંતભર્યું રુદન (પોતાની દિવ્ય દૃષ્ટિથી) નિહાળતાં નિરંજન પુરુષ તેમને આદેશ આપે છે. તે આકાશવાણી આદ્યશક્તિએ સાંભળી. તેમાં આદેશ આપવામાં આવ્યો કે શાણી શક્તિએ રડવાનું છોડી દેવું જોઈએ. હવે પછી આદ્યશક્તિ

મહામાયાએ પોતાના ત્રણ ગુણના અધિપતિ સંતાનો - રજોગુણી બ્રહ્મા, સતોગુણી વિષ્ણુ અને તમોગુણી મહેશનો સહકાર લઈને સૃષ્ટિની રચનાના ક્રમને આગળ ધપાવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**તબતે છોડ્યો રુંદન શક્તિને, સૂની અરસકી બાની;**
**બહોરુ રખે સુત આપનેકુ, કિનો ભેદ ભવાની. ૧૧**

**શબ્દાર્થ**

**તબતે** = ત્યારે **છોડ્યો** = છોડી દીધું **રુંદન** = રડવાનુ **શક્તિને** = શક્તિએ **સૂની** = સાંભળીને **અરસકી બાની** = આકાશવાણી **બહોરુ** = ત્યારબાદ **રખે** = રાખીને **સુત** = સંતાનો **આપનેકુ** = પોતાની પાસે **કિનો** = કહ્યો, કર્યો **ભેદ** = રહસ્ય, મર્મ **ભવાની** = આદ્યશક્તિ, મહામાયાએ.

**અનુવાદ**

**આકાશવાણી સાંભળ્યા બાદ શક્તિએ રડવાનું છોડી દીધું. ત્યાર પછી પુત્રોને પોતાની પાસે રાખીને તેનો (આકાશવાણીનો) ભેદ-રહસ્ય કહી જણાવ્યું.**

**ભાવાર્થ**

આદ્યશક્તિએ આકાશવાણી સાંભળી, ત્યારબાદ નિરંજનના વિયોગનું આદ્ય ક્તિનું જે કલ્પાંતભર્યું રુદન હતું તે બંધ થયું, પછી પોતાના ત્રણેય પુત્રોને પાસે બેસાડીને (રાખીને) નિરંજન દ્વારા જે આકાશવાણી થઈ હતી તેની મતલબ કહી સમજાવી.

**પુત્રી તીન દીનહી પુત્રનકુ, જીનસે કરો સંજોઈ;**
**મેરે હુકમ કરતુમ કરતુ, સામ્રથ દોષ ન કોઈ. ૧૨**

**શબ્દાર્થ**

**પુત્રી તીન** = ત્રણ પુત્રી **દીનહી** = આપી, સોંપી દીધી **પુત્રનકુ** = પુત્રોને **જીનસે** = જેમની સાથે **કરો** = કરો **સંજોઈ** = સંયોગ, સબંધ **મેરે** = મારો **હુકમ** = આદેશ, હુકમ, ફરમાન **કરતુમ** = તમો કરો **કરતુ** = આચરણ, કર્મ **સામ્રથ** = સમર્થને **દોષ** = પાપ, અપરાધ, અવગુણ, બુરાઈ **ન** = નહીં **કોઈ** = કાંઈ પણ, જરા પણ.

## અનુવાદ

**પુત્રોને ત્રણ પુત્રીઓ સોંપી (આપી) ને તેમની સાથે સંયોગ કરવા જણાવ્યું. મારા હુકમનો અમલ કરો. કારણ કે સમર્થને દોષ લાગતો નથી.**

## ભાવાર્થ

નિરંજન દ્વારા કરવામાં આવેલી આકાશવાણી બાદ આદ્યશક્તિએ ત્રણ પુત્રોઃ બ્રહ્મા, વિષ્ણુ, શંકર ને ત્રણ પુત્રીઃ સાવિત્રી, લક્ષ્મી અને ઉમિયા સોંપીને તેમની સાથે સંયોગ સાધીને રહેવા માટે જણાવ્યું. વળી તેમણે ખુલાસો કરતાં કહ્યું કે શક્તિના હુકમનો અમલ કરવાથી જે સામર્થ્યવાનને કોઈ પણ પ્રકારનો અપરાધ (દોષ) લાગતો નથી.

**જબ તીનુ દેવ તીનુ તરીયનસે, કિયો સંજોગ સનેહી;**
**સંશે રહિત હવીત જીનકે ચિત્ત, માત બચન સુન લેહી. ૧૩**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **તીનુ દેવ** = ત્રણે દેવતાઓ **તીનુ** = ત્રણે **તરીયનસે** = સ્ત્રીઓ સાથે **કિયે** = કર્યો **સંજોગ** = સંયોગ **સનેહી** = સ્નેહપૂર્વક, પ્રેમથી **સંશે** = સંશયો, શંકાઓ **રહિત** = વિના, સિવાય **હવીત** = થયુ **જીનકે** = જેઓનું, જેમનું **ચિત્ત** = ચિત્ત **માત** = માતાના **જીનકે** = જેઓનું, જેમનું **ચિત્ત** = ચિત્ત **માત** = માતાના **વચન** = વચનો, વાણી, હુકમ **સુણ** = સાંભળી **લેહી** = લઈને.

## અનુવાદ

**માતાના વચનો સાંભળીને જ્યારે તેમના ચિત્તમાં રહેલા સંશયો દૂર થયા ત્યારે ત્રણે દેવતાઓએ ત્રણ સ્ત્રીઓ સાથે પ્રેમથી સંયોગ કર્યો.**

## ભાવાર્થ

જ્યારે માતા આદ્યશક્તિ મહામાયાના વચનો ત્રણ દેવતાઓ અને ત્રણે દેવીઓએ શ્રવણ કર્યા ત્યારે તેમના ચિત્ત અંતઃકરણમાં રહેલી શંકાઓનું સમાધાન થયું. ત્યારબાદ તેઓ નચિંત બનીને બ્રહ્માજીએ સાવિત્રી સાથે, વિષ્ણુએ લક્ષ્મી સાથે અને શંકરે પાર્વતી સાથે પ્રેમપૂર્વક સબંધ બાંધ્યો.

**અરધ વચન માનીત શંકરને, નાર સહિત રહે યોગી;**
**સારા વચન વિરંચી વિલાસીક, વિનહુ ત્યાગ ભયે ભોગી. ૧૪**

### શબ્દાર્થ

**અરધ** = અર્ધુ, અરધુ **વચન** = વચન **માનીત** = માનીને **શંકરને** = શીવજીએ **નાર** = સ્ત્રી, નારી **સહિત** = સાથ **રહે** = રહ્યા **યોગી** = ધ્યાન અને સમાધિ લગાવીને, બ્રહ્મનું ચિંતન કરનાર **સારા** = સંપૂર્ણ, આખું **વચન** = વચન **વિરંચી** = બ્રહ્મા **વિલાસીક** = વિષયી, કામોક્ત **વિનહુ** = વિના, સિવાય **ત્યાગ** = ત્યજવું વિષય વૈરાગ્ય **ભયે** = થયા **ભોગી** = આશક, કામી, વ્યભિચારી.

### અનુવાદ

**અડધુ વચન માનીને શંકર સ્ત્રી સહિત યોગી રહ્યા. આખું (સંપૂર્ણ) વચન માનીને બ્રહ્મા ત્યાગી થયા સિવાય વિષયી અને ભોગી (કામી) બન્યા.**

### ભાવાર્થ

આદ્યશક્તિના વચનોનું અડધું વચન સ્વીકારીને શંકરે પાર્વતી સાથે સબંધ તો બાંધ્યો, પરંતુ મોટે ભાગે તેઓ ધ્યાનાવસ્થા અને સમાધિ અવસ્થામાં રહીને બ્રહ્મનું ચિંતન કરવામાં વ્યસ્થ રહ્યા. જ્યારે બ્રહ્માજીએ શક્તિનું પૂરેપૂરું વચન નિભાવી (માનીને) સાવિત્રી સાથે વિષય - ભોગમાં વ્યસ્ત રહીને વૈરાગ્ય છોડ્યા વગર સદાને માટે કામી પુરુષ તરીકે જિંદગી જીવ્યા.

**વિષ્ણુ વિચાર કિનહી કલપ તજ, પિતા કુન કીત ગયેહુ;**
**તજી મોહ તમ હુયે સ્વાંતી ગત, જીનકે ધરી સંદેહુ. ૧૫**

### શબ્દાર્થ

**વિષ્ણુ** = વિષ્ણુ **વિચાર** = વિચાર **કિનહી** = કરીને **કલપ** = કલ્પના **તજ** = ત્યજીને **પિતા** = પિતા **કુન** = કેમ, શા માટે **કીત** = ક્યાં **ગયેહુ** = ગયા **તજી** = છોડીને, તજીને **મોહ** = રજોગુણ, આકર્ષણ **તમ** = તમોગુણ, અહંકાર **હુયે** = થયા **સ્વાંતી ગત** = શાંત સ્થિતિમાં, પોતાના અંતના મન અંતઃકરણમાં, પોતાની અંતર ગતિમાં **જીનકે** = જેના માટે **ધરી** = ધારણ કરી **સંદેહ** = સંશય, શંકા.

### અનુવાદ

**વિષ્ણુએ કલ્પનાઓ તજીને વિચાર કર્યો કે પિતા ક્યાં અને શા માટે ગયા હશે ? વચનો અંગે શંકા ધારણ કરીને રજોગુણ અને તમોગુણ ત્યજી પોતે અંતરગતિમાં રહ્યા.**

### ભાવાર્થ

વિષ્ણુ પોતાના સહોદર બ્રહ્મા અને શંકરના કાર્યો અંગે તેમજ માતાના વચનો પ્રત્યેની કલ્પના ત્યજીને પિતા નિરંજન પુરુષ સર્વને ત્યજી શા માટે અને ક્યાં ગયા હશે ? તે અંગે વિચારમાં પડ્યા. શક્તિના વચનોમાં શંકા ધારણ કરીને લક્ષ્મી પ્રત્યેના રજોગુણી ભાવ તેમજ તમોગુણી ભાવ ત્યજીને પોતાના સતોગુણી ધર્મને વળગી પોતે અંતરગતિમાં મગ્ન રહ્યા.

**એહી પરકારન ભયે ત્રિગુણ કૃત, જીનમેં વિષયી વિરંચી;**
**તીનકે સુત સુનકાદિક સરજીત, રહિત સકલ પરપંચી. ૧૬**

#### શબ્દાર્થ

**એહી** = એ, તે **પરકારન** = પ્રકારે **ભયે** = થયા **ત્રિગુણ** = ત્રણ ગુણોવાળા-બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ **કૃત** = રચના, ક્રિયા **જીનમેં** = જેમાં **વિષયી** = ભોગ-વિલાસી, કામોસક્ત **વિરંચી** = બ્રહ્માજી **તીનકે** = તેમના **સુત** = પુત્રો **સુનકાદિક** = સનકાદિકો **સરજીત** = ઉત્પન્ન કરીને **રહિત** = રહ્યા, વિના **સકલ** = સર્વ પ્રકારે, સર્વમાં, બધી જ રીતે **પરપંચી** = પ્રપંચ, માયાવી, ગૃહસ્થ, સંસારી.

### અનુવાદ

**આ પ્રકારે ત્રિગુણ ક્રિયાશીલ બન્યા જેમાં બ્રહ્મા વિષયી રહ્યા. પરંતુ તેમના ઉત્પન્ન થયેલા પુત્રો-સનકાદિકો બધા જ પ્રપંચ વિનાના રહ્યા.**

### ભાવાર્થ

આ મુજબ બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ ત્રણે ગુણોના અધિપતિ દેવતાઓ માતાની આજ્ઞા પ્રમાણે સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી સાથે સંયોગ સાધીને રહ્યા. તેમાં બ્રહ્મા સાવિત્રી સાથે વિશેષ કામાતુર સંબંધે રહ્યા. તેમના ઉત્પન્ન કરેલા સનકાદિકો બધા

જ દાદાના પગલે ચાલીને ગૃહત્યાગ કરી સંસારમાં લોપાયમાન થયા નહીં (જોડાયા નહીં) અને બાલ બ્રહ્મચારી રહ્યા.

**તીનુ ઉર ધરે ન બોધ શક્તિકે, વચન વિડાર ગયેહુ;**
**પિતુ પિતનકી પૂઠ પલાઈત, તરણ વેશ તન રહેવું. ૧૭**

### શબ્દાર્થ

**તીનુ** = તેઓએ, તેમણે **ઉર** = હૃદયમાં **ધરે ન** = ધારણ કર્યો નહીં **બોધ** = સલાહ, શિખામણ, ઉપદેશ **શક્તિકે** = આદ્યશક્તિનો **વચન** = વચનો **વિડાર** = ઉલંઘન કરીને, નકારીને, ન માનીને **ગયેહુ** = ગયા **પિતુ** = પિતાના **પિતનકી** = પિતાની **પૂઠ** = પાછળના રસ્તે, ના માર્ગે **પલાઈત** = ચાલી જઈને, અનુકરણ કરીને **તરણ વેશ** = યુવાવસ્થા, યુવાન અવસ્થામાં **તન** = શરીર, દેહ **રહેવું** = રહ્યા.

### અનુવાદ

**તેમણે શક્તિનો ઉપદેશ હૃદયમાં ધારણ કર્યો નહીં. પરંતુ વચનોનું ઉલંઘન કરીને પિતાના પિતાની (દાદાની) પાછળ ચાલ્યા જઈને યુવા અવસ્થામાં જ રહ્યા.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલ બધા જ સનકાદિકો (દાદી) આદ્યશક્તિએ આપેલો આદેશ હૃદયમાં ધારણ કર્યો નહીં. તેમણે તે વચનોનું ઉલંઘન કરીને પિતાના પિતા (દાદા) સંસાર છોડીને તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા, તે જ પ્રમાણે તેઓ (સનકાદિકો) પણ દાદાના (નિરંજનના) પગલે પગલે યુવાવસ્થામાં જ બાલયોગી તરીકે રહ્યા.

**બહોરુ બરજ ન લગી શકત તવ, સુનકાદિક ઉચરેહુ;**
**પિતા માત તજકે તુજકે પત, કુન કારન કીત ગયેહુ. ૧૮**

### શબ્દાર્થ

**બહોરુ** = ફરીથી, જ્યારે **બરજ** = શિખામણ, ઉપદેશ **ન** = નહીં **લગી** = લાગી, લાગ્યો, અસર કર્યા **શકત** = શક્તિનો **તવ** = ત્યારે **સુનકાદિક** = સનકાદિકો **ઉચરેહુ** = બોલ્યા **પિતા માત** = માતાપિતાને **તજકે** = છોડીને **તુજકે** = તમારા **પત** = પતિ, પિતા **કુન** = શા **કારન** = કારણે **કીત** = ક્યાં **ગયેહુ** = ગયા.

### અનુવાદ

**ફરીથી શક્તિની વિનંતીની અસર ન થતાં સનકાદિકો પૂછવા લાગ્યા કે માતા - પિતાને ત્યજી તમારા પતિ (દાદા) શા કારણે અને ક્યાં ગયા છે ?**

### ભાવાર્થ

શક્તિ, સનકાદિકોને વારંવાર વિનંતીપૂર્વક સમજાવવા લાગી. તેમ છતાં સનકાદિકોના હૃદયમાં શક્તિની શિખામણની સહેજ પણ અસર થઈ નહીં. તેઓ વળતા જવાબે શક્તિને પૂછવા લાગ્યા કે બ્રહ્માજી અને સાવિત્રી સહિત શક્તિને પણ છોડીને દાદા (નિરંજન પુરુષ) શા કારણે અને ક્યાં ગયા છે ?

**જદપી શક્તિ સંકોચ કરીત ચિત્ત, એહી ન માને શીખ મેરી;**
**દિવ્ય ચક્ષુકે સુભટ સચેતન, જીનકી ગતિ અનેરી. ૧૯**

### શબ્દાર્થ

**જદપી** = જેથી, જ્યારે **શક્તિ** = આદ્યશક્તિ **સંકોચ** = ખચકાટ, ભય, આચકો **કરીત** = કરીને, અનુભવીને **ચિત્ત** = ચિત્ત (અંતઃકરણ) માં **એહી** = આ પણ **ન** = નહિ, નથી **માને** = માનતા **શીખ** = સલાહ, શિખામણ **મેરી** = મારી **દિવ્ય ચક્ષુકે** = જ્ઞાન દૃષ્ટિથી, જ્ઞાન ચક્ષુવાળા **સુભટ** = હોંશિયાર **સચેતન** = સભાન, સાવધ, જાગૃત **જીનકી** = જેમની **ગતિ** = સમજ, જ્ઞાન **અનેરી** = વિશિષ્ટ પ્રકારનું, વિચિત્ર, અસાધારણ, સૌથી ચડિયાતુ, અદ્વિતીય.

### અનુવાદ

**ત્યારે શક્તિ ચિત્તમાં સંકોચ કરવા લાગ્યા કે આ (સનકાદિકો) પણ મારી શિખામણ માનશે નહીં; કારણ કે તેમની સમજ પણ અદ્વિતીય (અસાધારણ) છે. તેઓ ખૂબ જ જ્ઞાન દૃષ્ટિવાળા અને હોંશિયાર તથા જાગૃત છે.**

### ભાવાર્થ

ત્યારબાદ આદ્યશક્તિ પણ પોતાના ચિત્તમાં સંકોચ અનુભવવા લાગ્યાં. તેમના મનમાં થયું કે સનકાદિકો તેમની શિખામણ કાને ધરે તેવા લાગતા નથી. વળી શક્તિને લાગ્યું કે સનકાદિકોની સમજ, જ્ઞાનદૃષ્ટિ અને હોંશિયારી અન્ય સૌથી ચડિયાતી છે.

**તદીપ શક્તિ સુનકાદિકકુ જબ, જાત ન રખે રહાઈ;**
**અહો ધન્ય સુતકે સુત તુમકુ, દોહુ કર લેહુ બલાઈ. ૨૦**

### શબ્દાર્થ

**તદીપ** = તેમ છતાં, આ પ્રમાણે **શક્તિ** = આદ્યશક્તિ **સુનકાદિકકુ** = સનકાદિકોને **જબ** = જ્યારે **જાત** = જતાં **ન** = નહીં **રખે** = રાખ્યા, રાખી **રહાઈ** = રોકી **અહો** = અહો! **ધન્ય** = ધન્યવાદ **સુતકે સુત** = દિકરાના દિકરાઓ, પૌત્રોને **તુમકુ** = તમને **દોહુ** = બંને **કર** = હાથથી **લેહુ** = લઉં છું **બલાઈ** = ઓવારણાં.

### અનુવાદ

**જ્યારે આ પ્રમાણે શક્તિ સનકાદિકોને જતાં ન રોકી શક્યાં ત્યારે બંને હાથથી ઓવારણાં લઈને કહેવા લાગ્યાં કે હે પૌત્રો ! તમને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

જ્યારે આ પ્રમાણે આદ્યશક્તિ સનકાદિકોને ઘણી શિખામણ આપવા છતાં તેઓને રોકી શક્યાં નહીં, ત્યારે છેવટે થાકીને સનકાદિકો પોતાના બે હાથથી ઓવારણા લેવા લાગી અને તે પૌત્રોને તેમના આ નિર્ણયથી ધન્યવાદ આપવા લાગી.

**જેહી કરતા કારણ મેરે પત, ગયે સબનકુ છાડી;**
**તીનકી ખોજ કરત તુમહી સુત, જાવન લગે પછાડી. ૨૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **કરતા** = કર્તા, સર્જનહારને **કારણ** = કારણે, માટે **મેરે** = મારા **પત** = પતિ **ગયે** = ગયા **સબનકુ** = બધાને, સૌને **છાડી** = છોડીને, ત્યજીને **તીનકી** = તેઓની, તેમની **ખોજ** = શોધ **કરત** = કરવા **તુમહી** = તમે પણ **સુત** = પુત્રો **જાવન** = જાઓ, જવા પ્રસ્થાન કરો **લગે** = લાગ્યા **પછાડી** = પાછળ-પાછળ, ને અનુસરીન.

### અનુવાદ

**જે સર્જનહારના કારણે મારા પતિ બધાને છોડીને ગયા છે, તેમ હે પુત્રો! તમે પણ તેમની (કર્તાની) શોધ કરવા માટે તેમને (નિરંજનને) અનુસરીને જાઓ.**

## ભાવાર્થ

સૌના કારણ રૂપે રહેલા સકર્તા પતિ સર્જનહારની શોધ કરવા માટે આદ્યશક્તિ સહિત સંતાનોને છોડીને જેમ નિરંજન પુરુષ ચાલ્યા ગયા છે તેમ આદ્યશક્તિ તેમના પૌત્રોને પણ સકર્તાપતિની શોધ કરવા નિરંજનના કાર્યને અનુસરીને પ્રસ્થાન કરવા માટે આજ્ઞા આપે છે.

**નાહિન ભયે તુમસે નિજકે સુત, પિતા પુઠ જાયનસે;**
**તદપી ધન્ય તુમ ભયે ચતુર સુત, ખોજીત મોહી ખાવનસે. ૨૨**

### શબ્દાર્થ

**નાહિન ભયે** = ન બન્યા **તુમસે** = તમારા જેવા **નિજકે** = પોતાના **સુત** = પુત્રો **પિતા** = પિતાના **પુઠ** = પાછળ, રસ્તે-રસ્તે **જાયનસે** = જવાવાળા, જનારા **તદપી** = તેથી, ત્યારે, તેમ, છતાં, તો પણ **ધન્ય** = ધન્યવાદ છે **તુમ** = તમે **ભયા** = થયા **ચતુર** = ચતુરમુખી બ્રહ્માના, ચાર **સુત** = પુત્રો **ખોજીત** = શોધ માટે, શોધ કરવાવાળા **મોહી** = મારા **ખાવનસે** = ધણીની જેમ, પતિની માફક.

## અનુવાદ

**મારા પોતાના પુત્રો પિતાની પાછળ જવા માટે તમારા જેવા બન્યા નથી તેમ છતાં મારા પતિની જેમ તમે પણ શોધ માટે જાઓ છો, માટે (ચર્તુરમુખ બ્રહ્માના) હે ચાર પુત્રો ! તમને ધન્યવાદ છે.**

## ભાવાર્થ

આદ્યશક્તિને અફસોસ થાય છે. તેમણે વિચાર્યું કે પોતાના પુત્રો તેમના પિતા નિરંજનની પાછળ તેમની વિચારધારાને વળગીને કર્તાની શોધ કરવા ગયા નહીં, પરંતુ ચતુરમુખી બ્રહ્માના ચાર પુત્રો નિરંજનના પગલે પગલે ચાલીને તેમને અનુસર્યા ખરા ! તેઓ પણ તેમના દાદા (નિરંજનની જેમ) સંસારમાં ન લપેટાતાં - ત્યાગ કરીને યુવાવસ્થામાં જ સકર્તા પતિની શોધ માટે ચાલી નીકળ્યા. એટલા માટે આદ્યશક્તિ તેમને પણ ધન્યવાદ પાઠવે છે.

**દેઈ આશિષ પુત્રકે સુતકુ, શક્તિ સમોહ તજીને;**
**રહો અચલ કહી કાલ ઐશકે, નિજ કરતાર ભજીને. ૨૩**

### શબ્દાર્થ

**દેઈ** = આપીને **આશિષ** = આશિર્વાદ **પુત્રકે સુતકુ** = પૌત્રોને **શક્તિ** = આદ્યશક્તિ **સમોહ** = સાંસારિક મોહ, સર્વ પ્રકારનો મોહ **તજીને** = છોડીને **રહો** = રહો **અચલ** = સ્થિર, અડગ, અચળ **કહી** = કેટલાક **કાલ** = કાળ **ઐશકે** = આયુષ્યવાળા, અખંડિત, ઉમંગી **નિજ કરતાર** = પોતાના સકર્તાપતિને **ભજીને** = સ્મરણ કરીને.

### અનુવાદ

**શક્તિ પોતાનો સાંસારિક મોહ ત્યજીને પૌત્રોને આશીર્વાદ આપતાં કહે છે કે નિજકર્તાનું સ્મરણ કરીને ઘણા સમય સુધી અડગ રહીને આયુષ્ય ભોગવો.**

### ભાવાર્થ

આદ્યશક્તિ પોતાનો સર્વ પ્રકારનો સંસારીક મોહ છોડીને પૌત્રોને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપે છે. તેઓ ચારેય પૌત્રોને જણાવે છે કે સર્જનહારની શોધ કરવા માટે સદાને માટે તેમના સ્મરણમાં રહે અર્થાત્ નિજકર્તાના ધ્યાન-સ્મરણમાં તલ્લીન બનીને દીર્ઘકાળ પર્યંત આયુષ્ય ભોગવી અચળ રહે.

**નિજ કિરતાર સકલકે કારણ, સૂનો સુનક બડભાગી;**
**જેહી કારન તુમેરે પિતુકે પિત, તજીત મોય ગયે ભાગી. ૨૪**

### શબ્દાર્થ

**નિજ કિરતાર** = નિજકર્તા, સર્જનહાર **સકલકે** = બધાના, સર્વના **કારણ** = કારણ રૂપે રહેલા **સૂનો** = સાંભળો **સુનક** = સનકાદિકો **બડભાગી** = ઘણા જ ભાગ્યશાળી, મહાન ભાગ્યશાળી **જેહી** = જે **કારન** = કારણે **તુમેરે** = તમારા **પિતુકે** = પિતાના **પિત** = પિતા **તજીત** = ત્યજીને **મોય** = મને **ગયે** = ગયા **ભાગી** = નાસી, ચાલી.

### અનુવાદ

**હે મહાન ભાગ્યશાળી ! તમો સાંભળો કે સૌના કારણ રૂપે નિજકર્તા રહેલા છે.**

**તેમના કારણે જ તમારા દાદા મને ત્યજીને નાસી ગયા છે.**

## ભાવાર્થ

મહાન ભાગ્યશાળી એવા સુનકાદિકોને આદ્યશક્તિ કહે છે કે સમગ્ર ઉત્પત્તિ સહિત આપણા સૌના કારણ રૂપે સકર્તાપતિ સર્જનહાર રહેલા છે. તે કારણ રૂપે રહેલા કર્તાની શોધ કરવા માટે જ નિરંજન પુરુષ આદ્યશક્તિને છોડીને ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા છે.

**તેહી કારણકી ભઈ તમનકુ, આરત ખોજ કરનકી;**
**વારમવાર લેહુ વારણીયાં, તુમ ગતિ અપરપરનકી. ૨૫**

### શબ્દાર્થ

**તેહી** = તે જ **કારણકી** = કારણની **ભઈ** = થઈ **તમનકુ** = તમને **આરત** = લગની, ઉત્કંઠા, કોડ **ખોજ** = શોધ, ખોળ **કરનકી** = કરવા માટેની **વારમવાર** = વારંવાર, ફરી ફરીથી, અનેક વખત **લેહુ** = લઉં છું **વારણીયા** = ઓવારણાં (પ્રિય સ્વજનને કોઈ અનિષ્ટ ન થાય તેવી સદ્ભાવનાથી સ્ત્રીઓ પોતાના બે હાથથી સામેની વ્યક્તિના માથે અડાડીને પોતાના માથે અડાડી મુઠ્ઠીના ટચકા લેવા તે) **તુમ ગતિ** = તમારી સમજ, તમારી બુદ્ધિ, તમારું જ્ઞાન **અપરપરનકી** = પરે રહેલા અપરંપાર પદ અંગેની.

## અનુવાદ

**તે કારણે જ તમને પણ શોધ કરવાની આરત થઈ છે. વળી તમારી સમજ પરે રહેલા અપરંપાર પદ પ્રાપ્ત કરવા અંગેની થઈ હોવાથી વારંવાર ઓવારણા લઉં છું.**

## ભાવાર્થ

જેમ નિરંજન પુરુષને સર્વના કારણ રૂપે રહેલા સકર્તાપતિની શોધ કરવાની ઉત્કંઠા જાગી હતી, તે જ કારણ માટે સુનકાદિકોને પણ કર્તાની શોધ કરવા માટેની ઉત્કંઠા જાગી છે. વળી સનકાદિકોને તેમની સમજથી અપરંપાર પરમપદને પ્રાપ્ત કરવા માટેની તમન્ના થઈ. તેના કારણે આદ્યશક્તિ ખૂબ જ પ્રસન્નતા અનુભવે છે. પોતાની ખુશાલી વ્યક્ત કરવા તથા (સારા) ઉત્તમ કાર્ય માટે જતા પોતાના પૌત્રો સુનકાદિકોને કોઈ પણ પ્રકારનું કષ્ટ ન પડે તે માટે તેમના દુઃખને પોતે પોતાના માથે

લઈ લેવાની ભાવનાથી વારંવાર ઓવારણાં લે છે.

**એહી પરકાર શક્તિ સનમાનીત, કરીત જાન દીયે સુતહી;**
**મહા વિકટ વિતરાગ ધરીત ગયે, સુનકાદિક અદ્‌ભૂતહી. ૨૬**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, આ પ્રમાણે **શક્તિ** = આદ્યશક્તિ **સનમાનીત** = સન્માન કર્યું **કરીત** = કરીને **જાન** = બળ, જોર, સ્નેહ, ઉત્સાહ, હોંશલો **દીયે** = આપ્યો, દીધો **સુતહી** = પુત્રોને, પૌત્રોને **મહા વિકટ** = ખુબ જ કઠિન **વિતરાગ** = વૈરાગ **ધરીત** = ધારણ કરીને **ગયે** = ગયા **સુનકાદિક** = સનકાદિકો **અદ્‌ભૂતહી** = આશ્ચર્યજનક, નવાઈ, અચંબો, વિસ્મય પમાડનારું, અલૌકિક.

### અનુવાદ

**આ પ્રકારે શક્તિએ સન્માનિત કરીને પૌત્રોના ઉત્સાહને વધાર્યો અને વિદાય આપી. મહાન અદ્‌ભુત તથા કઠીન વૈરાગ્ય ધારણ કરીને તેઓ ચાલ્યા ગયા.**

### ભાવાર્થ

આ પ્રમાણે આદ્યશક્તિએ સનકાદિકોના ઓવારણાં લઈ, ધન્યતા બક્ષી અને તેમના હૃદયમાં કર્તાને મેળવવાની જે ભાવના હતી તેમાં વિશેષ બળ આપીને તેમને સન્માનિત કરીને ઉત્સાહ વધાર્યો ત્યારબાદ તેમને જવા માટે વિદાય આપી.આ રીતે સનકાદિકો પણ અદ્‌ભુત અને મહાન કઠીન વૈરાગ્ય ધારણ કરીને માતા-પિતા સહિત આદ્યશક્તિ અને કાકાઓના પરિવારને તુરંત ત્યજી દઈ પરમપદની શોધ કરવા ચાલ્યા ગયા.

# નિગમ નિરાક્રણ પર વિષમ વૈરાગકો
# અંગ ૪

---

**દેખો એહી નિજ તીવ્ર ત્યાગકે, કેહી વિધિ જોગ લયેહુ;**
**તેહી પરકારનકે ઉતઈતમે, આ ભવ કુન ભયેહુ. ૧**

### શબ્દાર્થ

**દેખો** = જુઓ, નિહાળો **એહી** = એ, એવા **નિજ** = પોતાના **તીવ્ર** = મહાન, આકરા, સખત, પ્રચંડ, ઉગ્ર **ત્યાગકે** = ત્યાગને **કેહી વિધિ** = કેવી રીતે, કઈ રીતે **જોગ** = યોગ **લયેહુ** = લીધો **તેહી** = તે **પરકારનકે** = પ્રકારનો **ઉતઈતમેં** = અહીં તહીં, આલોક અને પરલોકમાં **આ ભવ** = આ સંસારમાં **કુન** = કોણ **ભયેહુ** = થયા છે.

### અનુવાદ

**એવા પોતાના તીવ્ર ત્યાગથી કેવી રીતે યોગ ધારણ કર્યો તે નિહાળો. આ પ્રમાણે આલોક અને પરલોક સહિત આ સંસારમાં એવા કોણ થયા છે ?**

### ભાવાર્થ

આ પ્રમાણે નિરંજન અને સનકાદિકોમાં પોતાની સમજ દ્વારા તીવ્ર વૈરાગ્ય ધારણ કરીને સંસારના સુખો છોડી યોગ ધારણ કર્યો, તે એક મહાન અદ્‌ભુત હકીકત છે. આ પ્રમાણે તીવ્ર વૈરાગ્ય ધારણ કરનાર આલોક અને પરલોક સહિત આ સંસારમાં કોણ મહાન ત્યાગી બન્યા ?

**નિજ અનુભવકે એહી વૈરાગુ, પુરુષ આદ્ય સુનકનકે;**
**વેદ પુરાણ શાસ્ત્ર નહીં ઉસ દિન, સુનીત જ્ઞાન કોઉ કુનકે. ૨**

### શબ્દાર્થ

**નિજ** = પોતાના **અનુભવકે** = અનુભવથી, પ્રત્યક્ષ જ્ઞાનથી **એહી** = આ, એવો **વૈરાગુ** = તીવ્ર ત્યાગ, વૈરાગ્ય **પુરુષ આદ્ય** = આદિ પુરુષ, નિરંજન **સુનકનકે** = સનકાદિકોનો **વેદ** = ચાર વેદ **પુરાણ** = અઢાર પુરાણ **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **નહીં** = ન હતા **ઉસ દિન** = તે દિવસે, તે સમયે **સુનીત** = સાંભળીને

**જ્ઞાન** = જ્ઞાન, સમજ **કોઉ** = કોઈયે, ક્યાં **કુનકે** = કોણે, કોનુ.

## અનુવાદ

**આદિ પુરુષ અને સનકાદિકો પોતાના જાત અનુભવથી જ તીવ્ર વૈરાગી બન્યા હતા. તે સમયે વેદ, શાસ્ત્ર, પુરાણ હતા જ નહીં તો પછી કોનું જ્ઞાન સાંભળીને વૈરાગ ધારણ કર્યો હશે ?**

## ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભના આદિ-અનાદિ સમયે આદિપુરુષ નિરંજન અને બ્રહ્મપુત્ર સનકાદિકોને પોતાના સ્વાનુભવથી જ જ્ઞાન થતાં વૈરાગી બન્યા હતા. કારણ કે તે સમયે ચાર વેદ, છ શાસ્ત્ર કે અઢાર પુરાણ જેવા ધાર્મિક પુસ્તકો હતા જ નહીં. તો પછી તેઓ તીવ્ર વૈરાગી કોનું જ્ઞાન સાંભળીને થયાં હશે ?

**આપહી આપ કરીત અવિલોકન, ગુરુ વિચાર અગમસે;**
**પુરુષ આદ્ય સુતકે સુત લહી ગત, વિનુ ગમ જ્ઞાન નિગમસે. ૩**

### શબ્દાર્થ

**આપહી આપ** = પોતાની જાતે જ **કરીત** = કરીને **અવિલોકન** = અવલોકન, નિરીક્ષણ, સમાલોચના **ગુરુ** = ગુરુ **વિચાર** = વિચાર **અગમસે** = સમજી ન શકાય તેવું, અંતરિક્ષથી **પુરુષ આદ્ય** = આદ્યપુરુષ **સુતકે સુત** = પુત્રના પુત્ર **લહી ગત** = સમજ પ્રાપ્ત કરીને, જ્ઞાનથી જાણ્યું **વિનુ** = સિવાય, વગર **ગમ જ્ઞાન** = જ્ઞાનની સમજ **નિગમસે** = ચાર વેદની.

## અનુવાદ

**વેદના જ્ઞાનની સમજ વિના આદ્ય પુરુષ અને તેમના પુત્રના પુત્રોએ પોતાની જાતે જ અવલોકન કરીને ગુરુ રૂપ અગમ વિચારથી જ્ઞાન પ્રાપ્ત કર્યું.**

## ભાવાર્થ

ચાર વેદના જ્ઞાનની સમજણ પ્રાપ્ત કર્યા વિના જ આદ્યપુરુષ નિરંજને અને તેમના પૌત્રો સુનકાદિકોએ પોતાની જાતે જ પોતાના નિરીક્ષણ દ્વારા ગુરુ રૂપ અગમ

વિચારથી જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

**તદપી તાય વૈરાગ ત્યાગહુ, નિગમ શાસ્ત્ર કીત કામુ;**
**જેહી વચન સંસારીનકે સુન, પાવહી ત્યાગ વિરામુ. ૪**

### શબ્દાર્થ

**તદપી** = તેથી **તાય** = તેવા **વૈરાગ** = વૈરાગ **ત્યાગહુ** = ત્યાગને **નિગમ** = ચાર વેદ **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **કીત કામુ** = શું કામના **જેહી** = જે **વચન** = વચનો, જ્ઞાન **સંસારીનકે** = સંસારીઓના **સુન** = સાંભળીને **પાવહી** = પ્રાપ્ત કરી **ત્યાગ** = ત્યાગ **વિરામુ** = વિરામ, શાંત, સમાઈ જાય.

### અનુવાદ

**તો પછી તેવા વૈરાગ અને ત્યાગ માટે ચાર વેદો કે છ શાસ્ત્રનું શું કામ ? સંસારીઓનાં વચનો સાંભળવાથી વૈરાગ સમાઈ જાય છે.**

### ભાવાર્થ

તેથી તીવ્ર વૈરાગીઓ માટે અને સંસારના ત્યાગની ભાવના જાગ્રત કરવા માટે ચાર વેદ અને છ શાસ્ત્રનું જ્ઞાન કંઈ જ કામ આવતું નથી. એથી ઊલટું સંસારીઓના વચનો અને જ્ઞાન શ્રવણ કરવાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય પણ શાંત થઈ જાય છે.

**જદીપ વિરંચી આદ્ય નારકે, સંગી વચન વદેહી;**
**તેહી ન આવત કામ ત્યાગકે, જીનકુ હોણા વિદેહી. ૫**

### શબ્દાર્થ

**જદીપ** = જેથી **વિરંચી** = બ્રહ્મા **આદ્ય** = આદિ **નારકે** = સ્ત્રીના **સંગી** = સંગ કરનારા **વચન** = વાણી **વદેહી** = ઉચ્ચારેલ **તેહી** = તે **ન આવત** = આવતા નથી **કામ** = કામમાં **જીનકુ** = જેઓને, જેમને **હોણા** = થવું હોય **વિદેહી** = માયાના બંધનથી મુક્ત, ઈન્દ્રિયોના ભોગથી વિરક્ત.

### અનુવાદ

**જેથી આદ્ય બ્રહ્માજી નારીના સંગી થયેલા હોવાથી તેમના વચનો જેમને માયાથી મુક્ત થઈને ત્યાગી થવું હોય તો તેમને કામ આવતાં નથી.**

## ભાવાર્થ

આદ્ય બ્રહ્માજી સાવિત્રીના સંગી બનીને વિષયનાં ભોગી બન્યા. તેમના મુખથી ઉચ્ચારાયેલા વેદના વચનો જેમને માયાથી મુક્ત થઈને સંસારના ભોગ - વૈભવો ત્યજી વૈરાગી થવું હોય તો તેમના વદેલા વચનો કામ આવતા નથી, તેમજ વૈરાગ ટકાવી રાખવામાં સહાયભૂત થતાં નથી.

**તેહી માટે જેહી પ્રથમ ત્યાગકુ, ગ્રહી વચનકુ તજહી;**
**પીછે ઈંદ્રિ કરણ નીગ્રે કર, જોગ જુગતસે સજહી. ૬**

## શબ્દાર્થ

**તેહી** = તે **માટે** = માટે **જેહી** = જે **પ્રથમ** = સૌના પ્રારંભે **ત્યાગકુ** = ત્યાગને **ગ્રહી** = ધારણ કરી **વચનકુ** = વચનોને **તજહી** = ત્યાગી દેવા **પીછે** = પછીથી **ઈંદ્રિ** = ઈંદ્રિઓના **કરણ** = કાર્યો, કર્મોને **નિગ્રે કર** = નિગ્રહ કરી **જોગ** = યોગ **જુગતસે** = યુક્તિપૂર્વક **સજહી** = ધારણ કરવો, સજ્જ થવું.

## અનુવાદ

**તેટલા માટે વચનોનો ત્યાગ કરીને પ્રથમ ત્યાગ ગ્રહણ કરવો. પછી ઈન્દ્રિયોના કાર્યોનો નિગ્રહ કરી યુક્તિપૂર્વક યોગ ધારણ કરીને સજ્જ થવું.**

## ભાવાર્થ

તે માટે સંસારીઓના મુખેથી ઉચ્ચારાયેલાં વચનોનો ત્યાગ કરીને પ્રથમ પોતાની સમજથી ત્યાગ ધારણ કરવો જોઈએ. ત્યારબાદ પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન અંતઃકરણ એમ અગિયારના કાર્યો તેમજ કર્મોનો નિગ્રહ કરીને યુક્તિપૂર્વક યોગ ધારણ કરવા માટે તૈયાર થવું જોઈએ.

**તદીપ તાય જેહી ગ્રસ્ત આચારજ, તીનુ શાસ્ત્ર નહીં સુનહી;**
**રહે સદાય અરસ અનુભવ ગત, બ્રહ્મરંદ્ર સુન ધુનહી. ૭**

## શબ્દાર્થ

**તદીપ** = તેથી **તાય** = તેવા **જેહી** = જે, તે **ગ્રસ્ત** = ગૃહસ્થ, સંસારી **આચારજ** = આચાર્યો **તીનું** = તેઓના **શાસ્ત્ર** = રચના, ધર્મ પુસ્તક **નહિં** = નહીં **સુનહી** = સાંભળવા, શ્રવણ કરવા

**રહે** = રહેવુ **સદાય** = સદાને માટે **અરસ** = અંતરિક્ષના **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **બ્રહ્મરંદ્ર** = બ્રહ્મરંદ્ર **સુન** = સાંભળવું **ધુનહી** = અનહદ નાદનો ધ્વનિ.

## અનુવાદ

**તેથી સદાને માટે અંતરિક્ષના જ્ઞાનમાં રહીને બ્રહ્મરંદ્રના અનહદ નાદના ધ્વનિના અનુભવમાં રહેવું પરંતુ ગૃહસ્થી આચાર્યો હોય તેઓના શાસ્ત્રને સાંભળવા નહીં.**

## ભાવાર્થ

વૈરાગી યોગીજનોએ સદાને માટે અંતરિક્ષના (પરમપદના) જ્ઞાનને વળગી રહીને બ્રહ્મરંદ્રમાં થતા અનહદ નાદના અંતરિક્ષ ધ્વનિમાં તલ્લીન થઈને પોતાના જાત અનુભવમાં હંમેશને માટે રહેવું જોઈએ. પરંતુ જેઓ ગૃહસ્થી આચાર્યો છે તેઓના શાસ્ત્રને શ્રવણ કરવાં નહીં.

**બહોરહુ જેહી પુની આચારજકે, શાસ્ત્રમાંય હોય ત્યાગુ;**
**નાર સહિત શાને ભવ ભુગતે, સો ક્યોં હોય ન વૈરાગુ. ૮**

### શબ્દાર્થ

**બહોરહુ** = તેમ છતાં, ફરીથી **જેહી** = જો **પુનિ** = વળી **આચારજકે** = આચાર્યોના **શાસ્ત્રમાંય** = લખાણમાં, રચનામાં **હોય** = હોય **ત્યાગુ** = ત્યાગની સમજ, ત્યાગનું જ્ઞાન **નાર સહિત** = સ્ત્રી સાથે **શાને** = શું કામ ? શા માટે ? **ભવ** = સંસારમાં **ભુગતે** = ભોગવે **સો** = તે **ક્યોં** = કેમ **હોય** = થયા **ન** = નહીં **વૈરાગુ** = વૈરાગી.

## અનુવાદ

**તેમ છતાં જો વળી આચાર્યોના શાસ્ત્રમાં ત્યાગ હોય તો નારી સાથે શા માટે સંસાર ભોગવે ? વળી તે પોતે કેમ વૈરાગી ન બન્યા ?**

## ભાવાર્થ

તેમ છતાં જો ગૃહસ્થી આચાર્યો દ્વારા નિર્માણ કરેલા શાસ્ત્રમાં ત્યાગની સાચી સમજ કે યથાર્થ વૃત્તાંત હોય તો તેઓ પોતે સ્ત્રી સાથે શા માટે સંસાર ભોગવે

છે ? જો ત્યાગ અંગેની યોગ્ય સમજણ દર્શાવેલી હોય તો તેઓ પોતે વૈરાગી કેમ ન બન્યા ?

**તે માટે એહી ઠગકે ઠાઠ સબ, જ્યોં કરી વદન ડસનકે;**
**દુનિ દેખાવન દીરઘ દંતકુ, ન્યારે નિજ ભક્ષનકે. ૯**

### શબ્દાર્થ

**તે માટે** = તે માટે **એહી** = આ **ઠગકે** = છેતરનારાઓનો **ઠાઠ** = ભપકો, ઠઠારો **સબ** = બધો, તમામ **જ્યોં** = જેમકે **કરી** = હાથી **વદન** = મોં, મુખ **ડસનકે** = દાંતના જેવો **દુનિ** = દુનિયાને **દેખાવન** = દેખાડવાનાં **દીરઘ દંતકુ** = લાંબા દાંતને **ન્યારે** = જુદા, અલગ **નિજ** = પોતાના **ભક્ષનકે** = ખાવા માટે.

### અનુવાદ

**તે માટે આ બધો ઠગોનો ઠાઠ હાથીના મુખમાં રહેલા દાંત જેવો જ છે. દુનિયાને દેખાડવાના લાંબા જ્યારે પોતાના ભક્ષણ માટેના જુદાં દાંત હોય છે.**

### ભાવાર્થ

તેટલા માટે જ એ ગૃહસ્થી આચાર્યોના લખાણમાં અને પોતાની વિચારધારામાં ઘણો તફાવત જોવા મળે છે. તેમની વિચારધારા હાથીના મુખમાં રહેલા દાંત જેવી હોય છે. હાથીના બહારના લાંબા દાંત દુનિયાને દેખાડવા પુરતા જ હોય છે, જ્યારે મુખની અંદર રહેલા દાંતનો ઉપયોગ ભક્ષણ માટે કરે છે. આમ દુનિયાને ઠગનારાઓનો જે રીતે ઠઠારો હોય છે તે રીતે, ગૃહસ્થી આચાર્યોના લખાણમાં પણ તે મુજબનું જ જોવા મળે છે.

**તદીપતાય એહી ભવકે ભેખ સબ, સુનીત પુરાન સચેતુ;**
**ઉપજત મોહ નારકે લંપટ, બોહોતીક હોત ફજેતુ. ૧૦**

### શબ્દાર્થ

**તદીપ** = તેમ છતાં **તાય** = તેઓ **એહી** = આ **ભવકે** = વિશ્વના, જગતના **ભેખ** = ભેખધારીઓ **સબ** = બધા, તમામ **સુનીત** = સાંભળીને **પુરાન** = પુરાણ **સચેતુ** = ચિત્તને સચેત કરીને **ઉપજત** = ઉપજત, ઉત્પન્ન થાય **મોહ** = પ્રેમ, વાસના **નારકે** = સ્ત્રીઓના **લંપટ** = લપટાયેલા, વિષયી, વ્યભિચારી **બોહોતીક** = બહુ જ મોટા પ્રમાણમાં **હોત** = થાય છે **ફજેતુ** = ફજેતી, બદનામ, ભવાડો.

## અનુવાદ

**તેમ છતાં આ ભવના બધા ભેખધારીઓ તેમનાં બનાવેલા પુરાણ ચિત્ત સચેત કરીને સાંભળે છે. જેથી સ્ત્રીના મોહને લીધે આવા વ્યભિચારીઓની ઘણી ફજેતી થાય છે.**

## ભાવાર્થ

તેમ છતાં આ વિશ્વના મોટા ભાગના ભેખધારીઓ ગૃહસ્થીઓના બનાવેલા ગ્રંથોની આદ્ય લઈને પુરાણ સહિત બધાં જ પુસ્તકો ચિત્ત દઈને સાંભળે છે. પરિણામે તેઓનો વૈરાગ સમાઈ (શાંત થઈ) જાય છે. તેથી ભોગની ભૂખ સંતોષવા સ્ત્રીના મોહમાં પડે છે અને એવા વ્યભિચારીઓની અંતે દુનિયામાં બદનામી થતી હોય છે.

**આવત નહીં તોહે લાજ નફટકુ, સરખા શ્વાન વિચારુ;**
**બિનુ મુરજાદ માર શિર ખાવત, જાવત તેહી દવારુ. ૧૧**

### શબ્દાર્થ

**આવત નહીં** = આવતી નથી **તોહે** = તેઓને તોય, તો પણ લાજ = શરમ **નફટકુ** = બેશરમ, બેફીકર **સરખા** = સમાન **શ્વાન** = કૂતરા **વિચારુ** = વિચારધારા ધરાવતા **બિનું** = વિના, સિવાય **મુરજાદ** = મર્યાદા, અદબ, સભ્યતા **માર શિર ખાવત** = માથે માર ખાય છે, પોતે શિક્ષા ભોગવે છે **જાવત** = જાય છે **તેહી** = તેમના **દવારુ** = દ્વારે, બારણે, આંગણે.

## અનુવાદ

**તો પણ કૂતરાની વિચારસરણી ધરાવતા એવા બેશરમીઓને શરમ પણ આવતી નથી. એક વખત જાતે શિક્ષા ભોગવવા છતાં મર્યાદા વિનાના તેઓ પાછા તેના આંગણે જાય છે.**

## ભાવાર્થ

એક વખત કૂતરાને મારીને હાંકી કાઢવા છતાં તે ફરીથી પાછો તે જ આંગણે આવીને ઊભો રહે છે. તેમ કૂતરાના જેવી જ વિચારસરણી ધરાવતા આવા કામાંધ

ભેખધારીઓ બેશરમ થઈને વર્તતા હોય છે. તેમને શરમ પણ આવતી નથી. તેઓ પોતે સંસારીઓ તરફથી માથે માર પડતો હોય અને જાતે શિક્ષા ભોગવવા હોવા છતાં મર્યાદાને નેવે મૂકીને સ્ત્રી - સંગના ભોગમાં ટેવાયેલા હોવાથી નફ્ટ થઈ ફરી ફરીને પાછા તેના આંગણે જ જતા હોય છે.

**લોક નંદકી ક્ષોભ ધરત નહીં, શાસ્ત્ર પુરાન સુનીતમેં;**
**કરીત સમાસ હાસ ઈતકે ચિત્ત, લખીત જોય જીત તીતમેં. ૧૨**

### શબ્દાર્થ

**લોક** = લોકોનાં **નંદકી** = નિંદાની **ક્ષોભ** = શોક, ડર, રંજ **ધરત નહીં** = ધારણ કરતાં નથી **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાન** = પુરાણ **સુનીતમેં** = સાંભળતા દરમિયાન, સાંભળ્યા છતાં **કરીત** = કરીને **સમાસ** = સમાવેશ, જોડાણ **હાસ** = આનંદ **ઈતકે** = અહીંયાના, લૌકિક **ચિત્ત** = ચિત્તમાં **લખીત** = લખેલું **જોય** = જોઈને **જીત** = જે - તે, જ્યાં - ત્યાં **તીતમેં** = ત્યાં, તેમ.

### અનુવાદ

**શાસ્ત્ર અને પુરાણને સાંભળીને જે લખાણ વાંચ્યું તેમાં જ ચિત્ત જોડીને લૌકીક હાસ્ય-વિનોદ કરે છે અને લોક નિંદાનો ડર ધારણ કરતા નથી.**

### ભાવાર્થ

ગૃહસ્થી આચાર્યો દ્વારા લખાયેલા શાસ્ત્ર અને પુરાણને સાંભળી તેમાં જે લખાણ જોયું તેમાં જ ભેખધારીઓએ ચિત્ત પરોવે છે. વળી તેમાં દર્શાવેલા લૌકિક વ્યવહારના હાસ્ય-વિનોદ પોતાના અંગત જીવનમાં તેવી જ ભૂમિકા ભજવવા તલ્લીન રહે છે. પરંતુ લોકો દ્વારા થતી નિંદાનો સહેજ પણ ડર રાખતા નથી.

**બેર બેર ઉલટાઈ કહતહુ, જદીપ ત્યાગીકુ તબહી;**
**જેહી શાસ્ત્ર સંસારીનકે નિજ, કરણ ધરીત નહીં કબહી. ૧૩**

### શબ્દાર્થ

**બેર બેર** = વારંવાર **ઉલટાઈ** = ઉલટાવીને, ફેરવી ફેરવીને **કહતહુ** = કહું છું **જદીપ** = જેથી, જે **ત્યાગીકુ** = ત્યાગીને, વૈરાગીને **તબહી** = તેથી, તે, ત્યારે, તે કારણે **જેહી** = જે **શાસ્ત્ર** = શાસ્ત્ર, ધર્મ સંદિગ્ધ

પુસ્તકો **સંસારીનકે** = ગૃહસ્થીઓના **નિજ** = પોતાના **કરણ** = કાને **ધરીત** = ધારણ કરવા, સાંભળવા **નહીં** = નહિં **કબહી** = ક્યારેય પણ, કદાપિ.

## અનુવાદ

**તેથી તે કારણને લીધે જ વારંવાર ઉલટાવીને કહું છું કે સંસારીઓના જે શાસ્ત્ર છે તેને વૈરાગીઓએ પોતાના કાને કદાપિ ધારણ કરવા (સાંભળવા) નહીં.**

## ભાવાર્થ

એટલા જ માટે અગાઉ દર્શાવેલા કારણોને લીધે જ કુવેરસ્વામી વારંવાર ઉલટાવીને કહે છે કે જે ગૃહસ્થી આચાર્યો દ્વારા લખેલા ધર્મ-સંદિગ્ધ પુસ્તકો ત્યાગી, વૈરાગી અને ભેખધારીઓએ કાને ધારણ કરવા નહીં. અર્થાત્ તેવા પુસ્તકો કદાપિ વાંચવા કે શ્રવણ કરવાં નહીં.

**રહત જોગ વૈરાગ અચલ તવ, ભ્રમિત ભાવ નવ હોઈ;**
**પુરુષ આદ્ય વિનુ શાસ્ત્ર સુનક સુન, ગયે ન ઉલટે કોઈ. ૧૪**

### શબ્દાર્થ

**રહત** = રહે છે **જોગ** = યોગ **વૈરાગ** = વૈરાગ્ય **અચલ** = અડગ, અટલ, દૃઢ **તવ** = ત્યારે **ભ્રમિત** = ભ્રમણાયુક્ત, ચલિત **ભાવ** = પ્રેમ, સ્નેહ, ઉદ્દેશ **નવ** = ન, નહીં **હોઈ** = થશે, થાય **પુરુષ આદ્ય** = આદિ પુરુષ નિરંજન **વિનુ** = સિવાય, વગર **શાસ્ત્ર** = શાસ્ત્ર **સુનક** = સનકાદિકો **સુન** = સાંભળવા **ગયે** = ગયા **ન ઉલટે** = પાછા ફર્યા નથી, પાછા આવ્યા નથી **કોઈ** = કોઈ પણ.

## અનુવાદ

**ત્યારે જ વૈરાગ અને યોગ અટલ રહે છે અને ભ્રમણાયુક્ત સ્નેહ થતો નથી. આદ્યપુરુષ (નિરંજન) અને સનકાદિકો શાસ્ત્ર સાંભળ્યા સિવાય જ ગયા હતાં. તેમાંથી તેઓ કોઈ પાછા આવ્યા નથી.**

## ભાવાર્થ

ગૃહસ્થીઓના લખેલાં ધર્મ સબંધી પુસ્તકોથી દૂર રહેવું જેથી ધારણ કરેલો

વૈરાગ અને યોગ યથાયોગ્ય જળવાઈ રહે. અને મનમાં કામુક્ત ભ્રમણા ભરેલાં સંકલ્પ-વિકલ્પ ઊભા થાય નહીં. જેમ કે આદિમાં આદ્યપુરુષ નિરંજન અને સનકાદિકોએ વેદ કે શાસ્ત્રના વચનો સાંભળ્યા સિવાય જ તીવ્ર વૈરાગ ધારણ કરીને પરમપદ પામવા તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતાં, જે પરત ફર્યા નથી.

# સંસારી શાસ્ત્ર કો ત્યાગીકુ શ્રવણ નહી કરનકો
# અંગ ૫

**અબકે તો વૈરાગ ધરીત ઈત, સુનત પુરાન અગમહી;**
**રંડીબાજકે રસિક વચનમેં, તપત ત્યાગ હોય સમહી. ૧**

**શબ્દાર્થ**

**અબકે** = હવે તો, અત્યારના, હાલમાં **તો** = તો **વૈરાગ** = વૈરાગ, સંસાર પ્રત્યે અનાશક્તિ **ધરીત** = ધારણ કરીને **ઈત** = અહીંયા, આ **સુનત** = સાંભળીને **પુરાન** = પુરાણ **અગમહી** = પરંપરાગત ચાલી આવેલી વાતો **રંડીબાજકે** = વ્યભિચારીઓના **રસિક** = મનને ગમતા, મનને આનંદ પમાડનારા રસયુક્ત **વચનમેં** = વચનોમાં **તપત** = તપેલો તીવ્ર **ત્યાગ** = વૈરાગ, અપરિગ્રહ, વિષયો પ્રત્યે અભાવ **હોય** = હોય, થાય **સમહી** = મંદ પડે, લોપ કે અદૃશ્ય થઈ જાય.

**અનુવાદ**

**પરંપરાગત લખાયેલી પુરાણની વાતો અને વ્યભિચારીઓના મુખેથી નીકળેલ રસિક વચનો સાંભળીને અત્યારના વૈરાગ ધારણ કરેલાઓનો તીવ્ર વૈરાગ પણ શાંત થઈ જાય છે.**

**ભાવાર્થ**

પુરાણમાં પરંપરાગત ચાલી આવેલી કાલ્પનિક વાતો દર્શાવવામાં આવેલી છે. વ્યભિચારીઓના મુખેથી મનને આનંદ આપે તેવા દ્વીઅર્થી વચનો દ્વારા રજૂ કરવામાં આવે છે. વર્તમાન પરિસ્થિતિ જોતાં તેમના રસિક અને રોચક વચનો સાંભળીને તીવ્ર વૈરાગ ધારણ કરેલા વૈરાગીઓનો વૈરાગ પણ મંદ પડી જાય છે. (શાંત પામે છે.)

**તપત ત્યાગ સોઈ તીવ્ર તડીતવત, જેહી આભ્રન વિછરનકી;**
**અવની છેદ ગત કરીત રસાતલ, બહોરુ મિલન નહીં ઘનકી. ૨**

### શબ્દાર્થ

**તપત** = તીવ્ર, તપેલો **ત્યાગ** = વૈરાગ **સોઈ** = તે **તીવ્ર** = ઉગ્ર, પ્રચંડ, વેગીલી **તડીતવત** = વિજળી સમાન **જેહી** = જે **આભ્રન** = વાદળો, આકાશ **વિછરનકી** = છૂટી પડેલી **અવની** = પૃથ્વીને **છેદ** = છેદીને **ગત** = ગતિથી, ઝડપથી **કરીત** = કરીને **રસાતલ** = પાતાળમાં **બહોરુ** = પાછી, ફરીથી **મિલન** = મળતી **નહીં** = નથી **ઘનકી** = વાદળાંને.

### અનુવાદ

**તપેલો તીવ્ર ત્યાગ પ્રચંડ વિજળી જેવો હોય છે. જેમ વિજળી વાદળથી છૂટી પડી પૃથ્વીનો છેદ કરીને પાતાળમાં જાય છે. ત્યાર બાદ તે વાદળને મળતી નથી.**

### ભાવાર્થ

જેમ પ્રચંડ શક્તિશાળી વિજળી આકાશમાં વાદળોથી છૂટી પડી જાય છે. વેગીલી ગતિથી તે નીચે આવી પૃથ્વીને છેદીને પાતાળમાં સમાય છે. ત્યારબાદ તે વાદળને પાછી મળતી નથી. તેવી જ રીતે સંસારમાં પણ જેણે તીવ્ર વૈરાગ ધારણ કર્યો છે. તેવા વૈરાગીઓનો વૈરાગ પણ વેગીલી વિજળી સમાન હોય છે.

**તેહી પરકારન ત્યાગ તડીતવત, ભવ આભ્રન વિછરનહી;**
**ભરમ અવન છેદીત કરીતવ ગત, ઉલટ ન મિલે સજનહી; ૩**

### શબ્દાર્થ

**તેહી** = તેજ **પરકારન** = પ્રકારે **ત્યાગ** = ત્યાગી, વૈરાગી **તડીતવત** = વીજળી સમાન **ભવ** = સંસારરૂપી **આભ્રન** = વાદળ **વિછરનહી** = વીખુટો પડે છે, છૂટો પડેલ છે **ભરમ** = ભ્રમણારૂપી **અવન** = પૃથ્વી **છેદીત** = છેદીને, વિધિને **કરીતવ ગત** = ગતિ કરે છે **ઉલટ** = પાછી, ઉલટી **ન** = નહિં **મિલે** = મળે **સજનહી** = સ્વજનોને, કુંટુબીઓને, સગાને.

### અનુવાદ

**તે જ પ્રકારે ત્યાગી (ત્યાગીનો ત્યાગ) વિજળી સમાન હોઈ સંસાર રૂપી વાદળોથી (આવરણથી) છૂટો પડી ભ્રમણા રૂપી પૃથ્વીને છેદીને ગતિ કરે છે, પરંતુ પાછા જઈ સ્વજનોને મળતો નથી.**

### ભાવાર્થ

તેવી જ રીતે ત્યાગ ધારણ કરેલ વૈરાગીનો ત્યાગ પણ વિજળી સમાન હોય છે. અર્થાત્ વૈરાગી પણ સંસારરૂપી વાદળોને એક વખત ત્યજીને જગતની માયિક ભ્રમણાઓ રૂપી પૃથ્વીને છેદી (ભેદીને) પરમેશ્વરને પ્રાપ્ત કરવા ઉર્ધ્વગમન કરે છે. ત્યારબાદ તે વૈરાગી સંસારમાં પાછો આવી પોતાના સ્વજનોને કદી પણ મળતો નથી.

**તદીપ જેહુનત્યે હોય સ્વાંતી ગત, ક્તા મિલે બીન ત્યાગુ;**
**કોટિક કષ્ટ સહીત આપને તન, જીનકે ન કરીત સમાગુ. ૪**

#### શબ્દાર્થ

**તદીપ** = તેવી જ રીતે, તેથી, તેમજ **જેહુનત્યે** = જેઓને, તેવાઓને **હોય** = થાય **સ્વાંતી** = શાંતિ **ગત** = ગતિ, સ્થિતિ **ક્તા** = સર્જનહારને **મિલે** = મળ્યા **બિન** = સિવાય **ત્યાગુ** = ત્યાગ **કોટિક** = કરોડો **કષ્ટ** = દુઃખ, યાતના **સહીત** = સહે **આપને તન** = પોતાના શરીરથી **જીનકે** = જેના માટે , તેઓને, જેને **ન** = નહિં **કરીત** = કરે **સમાગુ** = સમાગમ, મેળાપ.

### અનુવાદ

**તેથી તેમનો ત્યાગ કર્તાને પ્રાપ્ત કર્યા સિવાય શાંત થતો નથી. પોતાના શરીર દ્વારા તે કરોડો કષ્ટ સહન કરે પરંતુ તેઓ કદિ (સ્વજનોનો) મેળાપ કરતા નથી.**

### ભાવાર્થ

આવો તીવ્ર વૈરાગ ધારણ કરનાર વૈરાગી જ્યાં સુધી પોતાના લક્ષ રૂપી સર્જનહારને પ્રાપ્ત કરતા નથી. ત્યાં સુધી તેનો વૈરાગ શાંત થતો નથી. પછી ભલેને પોતાના શરીરથી કરોડો (અનેક) દુઃખ ભોગવવા છતાં પણ તે પોતાના ધ્યેયથી પાછા ફરીને સંસારમાં ક્યારેય પૂર્વાશ્રમના સ્વજનોને મળતા નથી.

**તબતે સાંખ્ય વેદાંત સુનીત ગત, જાવત ત્યાગ વિલાઈ;**
**જ્યોં ત્યે કોટિ હિસાબ દરબસે, રંક શ્રીમંત બનાઈ. ૫**

### શબ્દાર્થ

**તબતે** = તેથી **સાંખ્ય** = સાંખ્ય શાસ્ત્ર **વેદાંત** = વેદાંત શાસ્ત્ર **સુનીત** = સાંભળીને **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **જાવત** = જાય છે **ત્યાગ** = ત્યાગ **વિલાઈ** = નાશ પામે છે, શાંત થાય છે, મંદ પડે છે વિલસાઈ જાય છે **જયોં** = જેમકે, જેમ **ત્યે** = કે **કોટિ** = કરોડોનો **હિસાબ** = લેવડ દેવડ, ગણત્રી **દરબસે** = રૂપિયાથી, ધનથી **રંક** = ગરીબ **શ્રીમંત** = પૈસાદાર, ધનાઢ્ય, સંપત્તિવાન **બનાઈ** = કહેવાયેલો, બનાવેલો, બનાવવામાં આવેલ.

### અનુવાદ

**તેથી સાંખ્ય અને વેદાંતનું જ્ઞાન સાંભળીને ત્યાગ વિલાઈ (ઓગળી) જાય છે. જેવી રીતે કરોડો રૂપિયાનો હિસાબ કરનાર ગરીબને ધનવાન કહેવાતો હોય.**

### ભાવાર્થ

તેથી સાંખ્ય અને વેદાંત શાસ્ત્રમાં સમજાવેલી જ્ઞાનની વાતો સાંભળવાથી ત્યાગી (વ્યક્તિ) નો ત્યાગ નષ્ટ થઈ જાય છે. જેમ કોઈ વ્યક્તિ કરોડો રૂપિયાની લેવડ-દેવડના કાર્યમાં જોડાયેલો હોય અને કરોડો રૂપિયાનો હિસાબ કરે તો તે ગરીબ માણસને કદી ધનવાન (શ્રીમંત) થઈ ગયો એવું કહેવામાં આવતું હોય પરંતુ કરોડોના હિસાબથી તે શ્રીમંત બની જતો નથી, પરંતુ તે ગરીબ જ રહે છે.

**તેહી રંક શ્રીમંત જંતકુ, કોડી ન મિલે ખરચકુ;**
**ત્યોં બાતનકે જ્ઞાન મુક્તસે, કતા મિલે ન દરશકુ. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **રંક** = ગરીબ **શ્રીમંત** = ધનવાન **જંતકુ** = વ્યક્તિને **કોડી** = એક કોડી રૂપિયાનું, નાનામાં નાનું ચલણ **ન** = નહિં **મિલે** = મળે **ખરચકુ** = ખર્ચ કરવા માટે, ખર્ચવા માટે, વાપરવા માટે **ત્યોં** = તેમ **બાતનકે** = વાતોથી, કહેવાથી **જ્ઞાન** = જ્ઞાન, સમજ **મુક્તસે** = મુક્તિને **કતા** = સર્જનહાર **મિલે** = મળે **ન** = નહીં **દરશકુ** = જોનારને, આશા રાખનારને.

### અનુવાદ

**તેવા ધનવાન કહેવાતા ગરીબને એક કોડી પણ ખરચવા મળતી નથી. તેમ મુક્તિની વાતોના જ્ઞાન થકી કર્તાના દર્શનનો લાભ મળી શકતો નથી.**

## ભાવાર્થ

તેવો ગરીબ માણસ કરોડો રૂપિયાની લેવડ-દેવડનો હિસાબ કરતો હોય તેથી તેને ધનવાન કહી શકાય નહીં. વળી ધનવાન કહેવાતા ગરીબને લેવડ-દેવડના હિસાબમાંથી તેને ખર્ચ કરવા એક કોડી પણ મળતી નથી. તેવી જ રીતે વાતોથી મુક્તિ મળી ગઈ તેવું જ્ઞાન કહેવામાં આવે તો તેવા જ્ઞાનથી મુક્તિની આશા રાખનાર વ્યક્તિને સર્જનહાર કદી મળતા નથી. અર્થાત્ માત્ર કહેવાતા શ્રીમંતને હિસાબના રૂપિયા પૈકી એક કોડી પણ ખર્ચવા મળતી નથી. તેવી જ રીતે મુક્તિ મળી ગઈ એમ કહેવાથી મુક્તિની રાહ જોનાર વ્યક્તિને કદી પણ સર્જનહાર મળતા નથી.

**તે માટે મુખ કહેણ મોક્ષમે મત, કોઈ ધરો સબુરી;**
**નિજકે લક્ષ લહાય વિના ગત, જંત ન પાય જરુરી. ૭**

### શબ્દાર્થ

**તે માટે** = તે માટે **મુખ** = મોઢાથી **કહેણ** = કહેલા **મોક્ષમે** = મોક્ષમાં **મત** = નહિં **કોઈ** = કોઈ **ધરો** = ધારણ કરો, રાખો **સબુરી** = વિશ્વાસ, ધીરજ **નિજકે** = પોતાનો, સ્વનો **લક્ષ** = લક્ષ, અંતિમ ધ્યેય **લહાય** = જાણ્યા **વિના** = વિના, સિવાય **ગત** = ગતિ, જ્ઞાન **જંત** = વ્યક્તિ, જીવ, માનવી **ન** = નહીં **પાય** = પ્રાપ્ત કરે **જરુરી** = નક્કી, જરૂર.

## અનુવાદ

**તેટલા માટે મુખ દ્વારા કહેલી મુક્તિમાં કોઈ વિશ્વાસ (ધીરજ) રાખશો નહીં. નિજ લક્ષની ગતિ જાણ્યા સિવાય જીવ તે પ્રાપ્ત કરી શકતો નથી તેમ ચોક્કસ જાણવું.**

## ભાવાર્થ

તે માટે મુખ દ્વારા વાતોથી મોક્ષ પ્રાપ્ત થવાની કોઈ વાત કરે તો તેમાં કોઈએ પણ વિશ્વાસ રાખવો જોઈએ નહીં. જ્યાં સુધી માનવી પોતાની (સ્વની) જાણ અર્થાત્ નિજ આપનપુ અને પતિપદની જાણ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી કોઈ પણ પ્રકારે માનવને મુક્તિ પ્રાપ્ત થતી નથી એમ નિશ્ચિત (ચોક્કસ) જાણવું.

**સો નિજકે લક્ષ અહંગ એહી મમ, પુની કારન કિરતારુ;**
**ઉભયે કો અનુભવ અનવયે ગત, જીનું હવિત એકતારુ. ૮**

### શબ્દાર્થ

**સો** = તે **નિજકે** = પોતાનાં, સ્વનો **લક્ષ** = લક્ષ **અહંગ** = પોતાનું ચૈતન સ્વરૂપ **એહી** = એ **મમ** = મારુ **પુની** = વળી **કારન** = કારણ સ્વરૂપે રહેલા **કિરતારુ** = સર્જનહાર, કર્તા **ઉભયે** = બન્ને **કો** = ને **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અનવયે** = પ્રમાણ, અનુસરે, અન્વયે, સબંધ **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **જીનુ** = જેથી, તોજ **હવિત** = હોય, થાય **એકતારુ** = એકતા, મેળાપ.

### અનુવાદ

**તે નિજનો લક્ષ એટલે પોતાનું ચૈતન સ્વરૂપ તથા તેના કારણ રૂપે રહેલા સર્જનહાર એ બંનેના સબંધનો અનુભવ કરાવનારું જ્ઞાન થાય તો જ એકતા થાય છે.**

### ભાવાર્થ

તે નિજનો લક્ષ એટલે કે પોતાનું આપનપુ ચૈતન અંશ સ્વરૂપ. વળી તેના કારણ રૂપે રહેલા સકર્તાપતિ સર્જનહાર અર્થાત્ અંશી. આ પ્રમાણે અંશ અને અંશીના સબંધનો સ્વાનુભવ કરવા માટે જો કૈવલ જ્ઞાન પ્રાપ્ત થાય તો જ અંશની અંશી સાથે સજાતીય એકતા થાય છે. ટૂંકમાં પોતાના અલ્પ હંગની કર્તાના મહદ્ હંગ સાથે એકતા (યોગ) સધાય છે.

**હવિત સરલ એકતાર ક્તારન, ન્યાય સહિત જાનનસે;**
**તદીપ ભક્તિ ઉર ધરીત ત્યાગ તજ, અવિલોકીત જ્ઞાનનસે. ૯**

### શબ્દાર્થ

**હવિત** = હોય, થાય **સરલ** = સરળ રીતે, સહેજમાં **એકતાર** = એકતા ,મેળાપ **ક્તારન** = કર્તા સાથે, સર્જનહાર સાથે **ન્યાય સહિત** = ન્યાય સહિત **જાનનસે** = જાણવાથી **તદીપ** = તો જ, તેથી **ભક્તિ** = ભક્તિ, પવિત્ર ભાવથી પરમેશ્વરના ગુણ ગાવા અને પરાયણ રહેવુ, ઉપાસના, આરાધના **ઉર** = હૃદયમાં **ધરીત** = ધારણ કરીને **ત્યાગ** = ત્યાગથી **તજ** = ત્યજીને, છોડીને **અવિલોકીત** = અવલોકન કરવું **જ્ઞાનનસે** = જ્ઞાનથી, સમજથી, જાણ્ય વડે.

### અનુવાદ

**ન્યાય સહિત જાણવાથી કર્તા સાથે સરળ રીતે એકતા થાય છે માટે ત્યાગથી ત્યજીને (છોડીને) હૃદયપૂર્વક ભક્તિ કરી જ્ઞાન થકી અવલોકન કરવું.**

### ભાવાર્થ

માનવીએ તીવ્ર ત્યાગ ધારણ કરી દુનિયાના નાશવંત પદાર્થો અને માયાના બંધનોને ત્યજી દઈને હૃદયપૂર્વક ભક્તિ કરવી જોઈએ. ત્યારબાદ સત્ય જ્ઞાનથી પોતાના સ્વ ચૈતન અંશ સ્વરૂપ અને તે અંશની સજાતિના છે એવા અંશી (સકર્તા) ના સ્વરૂપનું જ્ઞાન દ્વારા અવલોકન કરવું જોઈએ. આ પ્રમાણે ન્યાય સહિત અંશ અને અંશીનો લક્ષ જાણવાથી સર્જનહાર કૈવલ કર્તા સાથે સરળતાપૂર્વક એકતા થઈ શકે છે.

**તેહી અવિલોકીત ભક્તિ ન્યાર ગત, ચતુર ખટ ઉપરાઈ;**
**એક નિરંતર ક્તાકાર ચિત્ત, ઔર ન ક્રિયા સહાઈ. ૧૦**

#### શબ્દાર્થ

**તેહી** = તેનું **અવિલોકીત** = અવલોકન કરીને **ભક્તિ** = ભક્તિ **ન્યાર** = ન્યારી **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **ચતુર ખટ** = દશ (૪ + ૬) **ઉપરાઈ** = પરે, ઉપરાંત **એક** = એક **નિરંતર** = સદાને માટે અંતરરહિત **ક્તાકાર** = ક્તાના સ્વરૂપ સાથે, એકાકાર **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ઔર** = બીજી **ન** = નહિં **ક્રિયા** = ક્રિયા, કર્મ **સહાઈ** = સહાયરૂપ થાય, મદદગાર બને.

### અનુવાદ

**દશધા ભક્તિથી ન્યારી (ભિન્ન) રહેલી ભક્તિ કરીને તેનું અવિલોકન કરવું, વળી ચિત્તને એક નિરંતર કર્તા સાથે જોડેલું રાખવું. તેમાં અન્ય ક્રિયા-કર્મ સહાયરૂપ થતાં નથી.**

### ભાવાર્થ

જગતમાં પ્રસિદ્ધ એવી નવધા ભક્તિઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, સંખ્ય, હાસ્ય અને આત્મ નિવેદન સહિત ફલ સ્વરૂપવાળી પ્રેમ લક્ષણા ભક્તિ મળીને કુલ દશ પ્રકારની ભક્તિ છે. પરંતુ નિજ જાણ રૂપ

અંશ-અંશીના લક્ષનું આરાધન એ તમામ ભક્તિથી ન્યારું છે. તેથી તેનું જ અવલોકન કરવું. તદ્ઉપરાંત પોતાના ચિત્તને પોતાની નિજ જાણ્યથી (પોતાના અલ્પ હંગથી) કર્તાના મહદ્ હંગ સાથે નિરંતર જોડાયેલું રાખવુ. આ પ્રમાણે હંગે-હંગની એકતા કરી કર્તા સાથેના જોડાણમાં અન્ય ભૌતિક કે દેહ દ્વારા થતાં બીજા કર્મો-ક્રિયા સહાયરૂપ થતાં નથી.

**ક્તાકાર ચિત્ત ક્તા અંશકે, જેહી સચેત સજાનુ;**
**તેહી સજાત સચેત દ્દષ્ટ ચિત્ત, ક્તાકાર સોઈ જાનુ. ૧૧**

**શબ્દાર્થ**

**ક્તાકાર** = કર્તા સાથે એકતાર **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ક્તા અંશકે** = સર્જનહારના સજાતીય અંશને **જેહી** = જે **સચેત** = ચેતન, શાશ્વત **સજાનુ** = સજાણ જાણ સ્વરૂપે **તેહી** = તે **સજાત** = સજાતિ **સચેત** = ચેતન, શાશ્વત **દ્દષ્ટ** = જાણ **ચિત્ત** = ચિત્તથી **ક્તાકાર** = કર્તાની સાથે એકતા સાધીને **સોઈ** = તે, તેને **જાનુ** = જાણવો.

**અનુવાદ**

**કર્તાકાર થયેલ કર્તાના અંશનું ચિત્ત કે જે સચેતન અને સજાણ છે. તે સજાતીય અને સચેતન ચિત્તની દૃષ્ટિ છે તે કર્તાકાર થયેલ જાણવી.**

**ભાવાર્થ**

કર્તાના સજાતીય સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશની એકતા કર્તા (અંશી) સાથે થાય તે બાબતનો અહીં જણાવવામાં આવી છે. અંશ પોતે કર્તા સાથે એકતા કરતો નથી, પરંતુ કર્તાનો સજાણ - જાણ અંશ પોતાના ચિત્ત અર્થાત્ અલ્પ જાણ કે જે સચેતન અને સજાણ રૂપે રહેલી છે. તે અલ્પ જાણની એકતા કર્તાની મહદ્ સજાણ જાણ સાથે થાય છે. અંશની અલ્પ જાણ અને તેની સજાતીય કર્તા (અંશીની) ની મહદ્ જાણ એકાકાર (કર્તાકાર) થયેલી જાણવી અર્થાત્ અંશ - અંશીની એકતા નહીં પરંતુ અલ્પ હંગ અને મહદ્ હંગની એકતા જાણવી.

**ઓર ચતુર અંતસક્ણકે ચિત્ત, ક્તાકાર નવ હોઈ;**
**તેહી અંશ હથિયાર કરન સમ, ક્તા લખિત નહિં કોઈ. ૧૨**

### શબ્દાર્થ

**ઓર** = અને, અન્ય **ચતુર** = ચાર **અંતસક્રણકે** = અંતઃકરણોના **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ક્તાકાર** = કર્તા સાથે એકાકાર **નવ હોઈ** = થઈ શકે નહીં, થાય નહીં **તેહી** = તે **અંશ** = સજાણ જાણ ચૈતન અંશના **હથિયાર** = ઓજાર, સાધન **કરન** = કારણ **સમ** = સમાન, સરીખા **ક્રર્તા** = સર્જનહાર **લખિત** = લખી શકે, જાણી શકે, ઓળખી શકે **નહીં** = નહીં **કોઈ** = કોઈ પણ.

### અનુવાદ

**અને ચાર અંતઃકરણો પૈકીનું ચિત્ત અંતઃકરણ કર્તાકાર થઈ શકે નહીં, તે તો અંશને કાર્ય કરવાના કારણ રૂપ હથિયાર સમાન છે. તેનાથી કર્તા જાણી શકાય નહીં.**

### ભાવાર્થ

દેહના ચાર અંતઃકરણો - મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત પૈકીના ચિત્ત અંતઃકરણને અંશની જાણ તરીકે ગણત્રીમાં લેવાનું નથી. તેથી ચિત્ત અંતઃકરણ કર્તા સાથે કદી પણ એકતા સાધી શકે નહીં. અંતઃકરણો તો અંશને માટે ક્રિયા કરવાના હથિયાર સમાન છે. તે ચાર અંતઃકરણો પૈકી કોઈથી પણ કૈવલ કર્તાની જાણ (હંગ) સાથે એકતા કરી શકાય કે કર્તાને જાણી શકાય તેમ નથી. આ અગાઉ જણાવવામાં આવ્યું છે તેમ કર્તાના મહદ્ હંગ સાથે તેના સજાતીય અંશનું અલ્પ હંગ જ એકતા સાધી શકે અને કર્તાને જાણી શકે છે.

**જેહી અંશ હથિયાર કરન જડ, જડ જડકુ જઈ લગહી;**
**પણ કરતાર સજાણ સચેતન, ઈનમેં તાય કુન પગહી. ૧૩**

### શબ્દાર્થ

**જેહી** = જે **અંશ** = સજાણ જાણ ચૈતન અંશના **હથિયાર** = સાધન, ઓજાર **કરન** = કાર્યના કારણ રૂપે રહેલા **જડ** = નિર્જીવ **જડકુ** = નિર્જીવને જ **જઈ** = જઈને **લગહી** = લાગે, જોડાય, સબંધ બાંધે **પણ** = પરંતુ **કરતાર** = સકર્તા પતિ સર્જનહાર **સજાણ** =સજાણ **સચેતન** = શાશ્વત, પૂર્ણ, ચૈતન **ઈનમેં** = એમાં, તેમાં **તાય** = તે **કુન** = કેવી રીતે **પગહી** = પહોંચી શકે, સ્પર્શી શકે.

### અનુવાદ

**અંશના કાર્ય કરવાના કારણ રૂપે રહેલા જે હથિયાર છે તે જડ છે તેથી જડ માત્ર**

**જડને જઈને મળે. પરંતુ કર્તા તો સજાણ અને પૂર્ણ ચૈતન છે તેથી તે તેમને કેવી રીતે પહોંચી શકે ?**

## ભાવાર્થ

ચાર અંતઃકરણો તો અંશના કાર્ય માટે કારણ રૂપે રહેલા હથિયાર છે, જે જડ છે. જડ અંતઃકરણો માત્ર જડ પદાર્થો સુધી જ પહોંચી શકે છે. જ્યારે સકર્તા સર્જનહાર તો મહદ્ સજાણ જાણ સ્વરૂપે શાશ્વત છે. તેથી તે ચાર અંતઃકરણો જડ હોવાથી શાશ્વત અને ચૈતન સર્જનહારને કોઈ પણ રીતે પહોંચી શકે તેમ નથી.

**પાગી શકે તો અંશ પગે લગ, સજાણ સજાત જબેહી;**
**બિનું સજાણ સજાત વિના તો, ક્યોં કરી કરે સનેહી. ૧૪**

### શબ્દાર્થ

**પાગી શકે** = સ્પર્શી શકે, પહોંચી શકે **તો** = તો **અંશ** = અંશ **પગે** = પહોંચે, સ્પર્શે, મળે **લગ** = સુધી, લગી **સજાણ** = સજાણ **સજાત** = સજાતિ **જબેહી** = જ્યારે, જે, કારણકે **બિનું** = સિવાય **સજાણ** = સજાણ **સજાત** = સજાતીય **વિના** = સિવાય **તો** = તો **ક્યોં** = કેમ, કેવી રીતે **કરી** = કરી શકે **કરે** = કરે **સનેહી** = સ્નેહ, પ્રેમ.

## અનુવાદ

**પહોંચી શકે તો અંશ એકલો ત્યાં સુધી પહોંચે છે. કારણ કે તે સજાણ અને સજાતિ સાથે સજાણ અને સજાતિ સિવાય કેમ કરીને સ્નેહ કરી શકે ? કે કરે ?**

## ભાવાર્થ

સકર્તા સર્જનહાર મહદ્ સજાણ જાણ સ્વરૂપે રહેલા છે. તેમની સજાતીય ચૈતન અંશ પણ અલ્પ સજાણ જાણ સ્વરૂપે છે એટલે નિજ કૈવલ કર્તાની સાથે મેળાપ (એકતા) કરી શકે તો માત્ર ને માત્ર તેમના સજાતીય અંશ જ કરી શકે છે. સજાતિ સજાતિને જ મળી શકે તે નિયમને આધારે સજાણ અને સજાતીય સિવાયના તત્ત્વોવાળા અન્ય કોઈ જડ પદાર્થો કે અંતઃકરણો કર્તાને મળી ન શકે કે સ્નેહ કરી ન શકે.

**જબતે અંતસકરણ ઈન્દ્રિ ગુણ, એહી જડવત્ સબ કોઈ;**
**નામ રુપ ગુણ દેષ્ટ પદન લગ, અવિલોકન કર ઓઈ, ૧૫**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **અંતસકરણ** = અંતઃકરણ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગુણ** = ત્રણ ગુણ **એહી** = એ **જડવત્** = જડ જેવા **સબ કોઈ** = સર્વ કોઈ **નામ** = નામ **રુપ** = રુપ **ગુણ** = ગુણ **દેષ્ટ** = દેખાય તેવા **પદન** = પદાર્થ **લગ** = લગી, સુધી **અવિલોકન** = બારીકાઈથી નિરીક્ષણ **કર** = કરે, કરી શકે **ઓઈ** = આ બાજુના, નાશવંત.

### અનુવાદ

**અંતઃકરણ, ઈન્દ્રિયો, ગુણ એ સર્વ કોઈ જડવત્ છે, જેથી તે નામ, રૂપ અને ગુણવાળા દૃષ્ટિમાં આવે તેવા નાશવંત પદાર્થોનું અવિલોકન કરી શકે છે.**

### ભાવાર્થ

ચાર અંતઃકરણો, દશ ઈન્દ્રિયો અને ત્રણ ગુણ એ બધા જ જડવત્ છે. તેથી તે તેના સજાતીય એવા નાશવંત નામ, રૂપ અને ગુણવાળા દૃષ્ટિગોચર પદાર્થોનું જ અવિલોકન કરી શકે છે.

**ચૈતન તો જડકે સાક્ષી પણ, જડ ચૈતન લહે કમહી;**
**જ્યોંતે ચિતરકી ચિતરનકુ ગત, ચિતર લહત નહીં ગમહી. ૧૬**

### શબ્દાર્થ

**ચૈતન** = શાશ્વત, ચૈતન **તો** = તો **જડકે** = ચૈતન નથી તેવા નિર્જીવનો **સાક્ષી** = દૃષ્ટા, સદેહી **પણ** = પરંતુ **જડ** = નિર્જીવ **ચૈતન** = ચૈતનને **લહે** = જાણે **કમહી** = કેમ કરીને, કેવી રીતે ? **જ્યોંતે** = જેમકે **ચિતરકી** = ચિત્રની **ચિતરનકુ** = ચિત્રકારને **ગત** = સમજ, જાણ, માહિતી **ચિતર** = ચિત્ર **લહત** = જાણે **નહીં** = નહીં **ગમહી** = જાણ, સમજ, ગતિ.

### અનુવાદ

**જેમ ચિત્રકારને ચિત્રની સમજ છે. પરંતુ ચિત્રને (ચિત્રકારની) સમજ નથી. તેમ ચૈતન તો જડનો દૃષ્ટા છે, પરંતુ જડ ચૈતનને કેમ કરીને જાણી શકે ?**

## ભાવાર્થ

અહીં જડ અને ચૈતનની સમજ દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવી છે. જેમકે ચિત્ર જડ છે અને ચિત્રનો ચિત્રકાર સ્વયં તેના દૃષ્ટા સ્વરૂપે ચૈતન છે. જેથી તે દૃષ્ટા સ્વરૂપે તેણે પોતે દોરેલા ચિત્રને ઓળખે છે કે તે ચિત્ર તેણે દોરેલું છે. પરંતુ ચિત્ર ચિત્રકારને જાણતું નથી કારણ કે ચિત્ર જડ છે. તેવી જ રીતે ચૈતન અંશ જડનો દૃષ્ટા છે. તેથી તે જડ પદાર્થને જાણે (ઓળખે) છે પરંતુ જડ પદાર્થો તે ચૈતનને જાણી (ઓળખી) શકતા નથી.

**જબત્યે ક્રતા અંશકે અંતસ, દૃષ્ટપણું નિજ સોઈ;**
**તેહી કરતામેં હવીત એકતાયન, જડ ચિત્ત લાગ ન કોઈ. ૧૭**

### શબ્દાર્થ

**જબત્યે** = જેથી **ક્રતા અંશકે** = કર્તાના અંશોનું **અંતસ** = આંતરિક, અંદરનું, અંતઃકરણ **દૃષ્ટપણું** = જોવાપણુ, નિહાળવાપણું **નિજ** = પોતાનું **સોઈ** = તે, છે **તેહી** = તે, તેની **કરતામેં** = કર્તામાં **હવિત** = હોય **એકતાયન** = એકમેકપણુ, જોડાણ, મિલન **જડ** = જડ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **લાગ** = લાગ, સબંધ **ન** = નહીં **કોઈ** = કોઈ પણ પ્રકારનો.

## અનુવાદ

**જેથી કર્તાના અંશનું પોતાની અંદર રહેલું દૃષ્ટાપણું તેનું પોતાનું જ છે. તેથી જ તેની કર્તા સાથે એકતા થાય છે. જડ ચિત્ત સાથે તેનો કોઈ સબંધ નથી.**

## ભાવાર્થ

જેના કારણે સકર્તાપતિના સજાણ જાણ ચૈતન અંશનું તેના પોતાનામાં રહેલું દૃષ્ટાપણું તેનું પોતાનું જ છે. એટલે કે જે દૃષ્ટાપણું છે તે તેની સજાણ જાણ વૃત્તિની હંગ રૂપી જાણ છે. અંશ પોતાની અલ્પ સજાણ જાણ હંગ થકી જ સકર્તાપતિના મહદ્ હંગ સાથે એકતા સાધે છે. તેમાં જડ અંતઃકરણો પૈકી ચિત્તને કાંઈ લાગતું - વળગતું નથી. અર્થાત્ એકતામાં ચિત્ત અંતઃકરણ કોઈ પણ પ્રકારે બંધનકર્તા નથી કે સબંધ ધરાવતું નથી.

**એહી પરકારન હવે વિના ગત, તીવ્ર રાગ નહીં તજહી;**
**પ્રોક્ષ પરમ ઉતકષ્ટ આરતસે, ક્રતા આદ્યકુ ભજહી. ૧૮**

### શબ્દાર્થ

**એહી પરકારન** = એજ પ્રકારે **હવે વિના** = થયા વિના **ગત** = સમજ, જ્ઞાન, સુઝ **તીવ્ર** = ઉગ્ર, પ્રચંડ, અત્યંત, કુશાગ્ર **રાગ** = આશક્તિ, પ્રેમ, સ્નેહ, ઈચ્છા **નહીં તજહી** = છોડતા નથી, ત્યજી દેતા નથી **પ્રોક્ષ** = પરોક્ષ **પરમ** = શ્રેષ્ઠ મહાન **ઉત્કષ્ટ** = સર્વોત્તમ **આરતસે** = આરતથી, ઉત્કંઠાથી, હોંશથી, કોડથી **ક્તા આદ્યકુ** = આદ્ય કર્તાને, આદિ અનાદિ સર્જનહારને **ભજહી** = ભજવા, સ્મરણ કરવું, સ્મરવા.

### અનુવાદ

**એ જ પ્રકારે સમજ વિના ઉગ્ર આસક્તિને ત્યજવી નહીં અને પ્રોક્ષ રહેલા અનાદિ સર્જનહારને પરમ ઉત્કૃષ્ટ આરત ધારણ કરીને ભજવા.**

### ભાવાર્થ

આ પ્રમાણે જ્યારે સમજ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી અંશના પોતાના અલ્પ હંગ સિવાય અન્ય જડ અંતઃકરણો કર્તા સાથે સબંધ જોડવામાં કંઈ પણ કામમાં આવતા નથી, ત્યારે જ તેવી સમજને વળગી રહીને તીવ્રપણે સંસાર અને ઈન્દ્રિયોના ભોગ પ્રત્યેની આસક્તિ ત્યજી દેવી. એટલે કે સત્ય સમજ વગર ઉગ્ર આસક્તિ ત્યજવી નહીં. આ પ્રમાણે સ્થિતિ થતાં તીવ્ર વૈરાગની ભાવનાથી જ પરોક્ષ રહેલા આદિ અનાદિ સકર્તાપતિ સર્જનહારનું પરમ ઉત્કૃષ્ટ આરત ધારણ કરીને ભજન સ્મરણ કરવું.

**તદીપ જોગ વૈરાગ રખન જીનું, નિજ પતિપદ પાવનકે;**
**તદપી તાય નહીં સુનીત શાસ્ત્રકુ, વદીત નારીકે જનકે. ૧૯**

### શબ્દાર્થ

**તદીપ** = તેથી જ **જોગ** = યોગ **વૈરાગ** = સંસાર પ્રત્યે અનાશક્તિ **રાખન** = રાખીને, ધારણ કરીને **જીનું** = માટે **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = કર્તાનું પદ **પાવનકે** = પ્રાપ્ત કરવા માટે, મેળવવા માટે **તદપી** = તેથી, એટલે **તાય** = તે માટે, તેઓએ **નહીં** = નહીં **સુનીત** = સાંભળવા **શાસ્ત્રકુ** = શાસ્ત્રને **વદીત** = ઉચ્ચારેલા, બોલેલાં **નારીકે જનકે** = સ્ત્રી સાથે સબંધ રાખનાર વ્યક્તિએ.

### અનુવાદ

**તેથી નિજ પતિપદ પ્રાપ્ત કરવા માટે યોગ અને વૈરાગ ધારણ કરવા, એટલે તેમણે સ્ત્રી સાથે સબંધ રાખનાર વ્યક્તિએ ઉચ્ચારેલાં શાસ્ત્ર સાંભળવા નહીં.**

### ભાવાર્થ

તેટલા માટે જ સકર્તાપતિ કૈવલ કર્તાને પ્રાપ્ત કરવા હોય તો ચિત્તવૃત્તિ અને ઈન્દ્રિયોના નિગ્રહ દ્વારા વાસનાનો ક્ષય કરીને તપસ્વીપણુ ધારણ કરવું. આવી સ્થિતિને નિરંતર સતત જાળવી રાખવા માટે વિરક્ત પુરુષે સ્ત્રી સાથે સાંસારિક સબંધ રાખનાર વ્યક્તિએ ઉચ્ચારેલા શાસ્ત્ર કદી પણ સાંભળવાં નહીં.

**પુનિત નારકે વચન સુનીતસે, સહેજ સભાવ બોલનકે;**
**જીનકે બાધ ન લગત ત્યાગકુ, કહું દૃષ્ટાંત ખોલીનકે, ૨૦**

### શબ્દાર્થ

**પુનિત** = પવિત્ર **નારકે** = સ્ત્રીનાં, નારીનાં **વચન** = વચનો, ઉપદેશ, કથન, સૂચન, મર્મના બોલ **સુનીતસે** = સાંભળીને **સહેજ** = સહજ **સભાવ** = સ્વભાવે **બોલનકે** = બોલવાથી **જીનકે** = જેનાથી **બાધ** = અડચણ, રુકાવટ, દોષ, પાપ, અપરાધ **ન** = નહીં **લગત** = લાગતો **ત્યાગકુ** = ત્યાગને **કહું** = કહું છું **દૃષ્ટાંત** = ઉદાહરણ, દાખલો **ખોલીનકે** = ખુલાસો કરીને, સ્પષ્ટતા કરીને.

### અનુવાદ

**નારીના પવિત્ર વચનો સાંભળીને તેની સાથે સહજ સ્વાભાવિક બોલવાથી તેની ત્યાગ ઉપર આડ અસર થતી નથી. તે માટે ખુલાસો કરતુ દૃષ્ટાંત (ઉદાહરણ) કહું છું.**

### ભાવાર્થ

સ્ત્રી સાથે પવિત્ર સબંધ રાખીને નિર્દોષ ભાવે તેના નિર્દોષ વચનો સાંભળવા, તેની સાથે સહજ સ્વભાવે વાતચીત કરવાથી ત્યાગી પુરુષના ત્યાગ ઉપર અડચણ ઊભી થતી નથી કે તે અંગે અપરાધ પણ થતો નથી. જે બાબતની વધારે સ્પષ્ટતા કરવા માટે કુવેરસ્વામી આપણને દૃષ્ટાંત આપીને સમજાવે છે.

**જ્યૌ કોઈ તામસ દેવહી ઉચરત, ઓટ મનુષકી સોઈ;**
**તીનકે નિજ મુખ વચન સુનીતસે, મરત નહીં કિનું કોઈ. ૨૧**

### શબ્દાર્થ

**જ્યોં** = જેમ કે, જેવી રીતે **કોઈ** = કોઈ **તામસ** = તમોગુણી **દેવહી** = દેવ પણ **ઉચરત** = બોલે છે **ઓટ** = ઓથ, આધાર **મનુષ્યકી** = મનુષ્યની **સોઈ** = તે **તીનકે** = તેનાં **નિજ** = પોતાના **મુખ** = મોઢેથી **વચન** = વચનો **સુનીતસે** = સાંભળીને, સાંભળવાથી **મુરત** = મરણ પામે, મૃત્યુ પામે **નહીં** = નહીં **કિનું કોઈ** = કોઈ પણ.

## અનુવાદ

**જેમ કોઈ તામસ દેવ મનુષ્યનો આધાર લઈને વચનો ઉચ્ચારે છે તેમ છતાં પોતાના મુખથી બોલેલા વચનો સાંભળવાથી કોઈ કાંઈ મૃત્યુ પામતું નથી.**

## ભાવાર્થ

જેમ કોઈ તમોગુણી દેવ ભુવા કે સાધકના દેહનો અથવા અન્ય સ્થૂળ માનવ દેહનો સહારો લઈ પરકાયા પ્રવેશ કરીને વચનો ઉચ્ચારે છે. આવા સહજ રીતે તે માનવીના દેહથી ઉચ્ચારાયેલાં તમોગુણી દેવના વચનો સાંભળવાથી કોઈ વ્યક્તિ મરણ પામતો નથી. કારણ કે તેમાં સાધનાથી પ્રાપ્ત કરેલ સિદ્ધિનો પ્રતાપ કે અસર હોતી નથી.

**તેહી દેવનકે સંગી ઉપાસન, કરનહાર મંતરહી;**
**સોહી મંત્ર જેહી જનકુ સુનાવત, તુરત જાત તેહી મરહી. ૨૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **દેવનકે** = દેવોના **સંગી** = સંગમાં રહીને, નાતો જોડીને, સબંધ રાખીને **ઉપાસન** = ઉપાસના **કરનહાર** = કરવાવાળો **મંતરહી** = મંત્રે **સોહી** = તે **મંત્ર** = મંત્ર, ધારેલી અસર થાય તેવું ચમત્કારીક વાક્ય કે અક્ષરોનું ઉચ્ચારણ **જેહી** = જે **જનકુ** = વ્યક્તિને **સૂનાવત** = સંભળાવે, તેના ઉપર લગાવે **તુરત** = તુરત જ, તત્કાળ **જાત** = જાય **તેહી** = તે **મરહી** = મૃત્યુ પામે છે.

## અનુવાદ

**તે દેવના સંગે રહીને ઉપાસના કરનાર મંત્ર સંભળાવે તો તે મંત્ર જે વ્યક્તિને સંભળાવે તો તે તુરત જ મૃત્યુ પામે છે.**

## ભાવાર્થ

પરંતુ તે તામસ દેવનો સબંધ ધરાવતો મંત્ર જો કોઈ સાધક સાધના દ્વારા સિદ્ધ કરે, તો તે તામસ દેવની ઉપાસના કરનાર સાધક તે મંત્રની શક્તિથી બીજાના ઉપર માઠી અસર કરી શકે છે. તે સિદ્ધ કરેલ મંત્ર જો કોઈ મનુષ્યને સંભળાવે તો મંત્રની સીધી અસર તે સાંભળનાર ઉપર તુરત જ થતી હોય છે. મંત્ર વ્યક્તિના અંતઃકરણ અને ગુણ-ઘણની સંધિનું છેદન કરતાં વ્યક્તિ મરણ પામે છે.

**યા ગત બરનન સંગી નારકે, શાસ્ત્ર પુરાન સબેહી;**
**તેહી શાસ્ત્ર સૂન લલીત નારકે, ત્યાગ ન બંચ કબેહી. ૨૩**

### શબ્દાર્થ

**યા ગત** = આ રીતે **બરનન** = વર્ણવેલ **સંગી નારકે** = સ્ત્રીનો સંગ કરનારના **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાન** = પુરાણ **સબેહી** = બધા, તમામ **તેહી શાસ્ત્ર** = તે શાસ્ત્ર **સૂન** = સાંભળતાં, સાંભળીને **લલીત** = વિલાસી, કામના પ્રધાન, વાસનાયુક્ત **નારકે** = સ્ત્રીનો **ત્યાગ** = ત્યજવાની ભાવના, અનાશક્તિ **ન** = નહીં **બંચ** = બચી શકે, ટકી રહે, બચે **કબેહી** = કદાપી, કદી પણ.

## અનુવાદ

**આ રીતે સ્ત્રીનો સંગ કરનારના વર્ણવેલા જે શાસ્ત્ર અને પુરાણ છે તે બધા શાસ્ત્રના શ્રવણથી કામનાપ્રધાન સ્ત્રીનો ત્યાગ કદી પણ ટકી રહેતો નથી.**

## ભાવાર્થ

આ પ્રમાણે સ્ત્રીની સાથે સબંધ રાખનાર આચાર્યો દ્વારા રચેલા તમામ શાસ્ત્ર અને પુરાણ છે. તેવા આચાર્યોના વચનોવાળાં શાસ્ત્ર અને પુરાણને સાંભળવાથી જો વૈરાગ ધારણ કરવામાં આવે તો પણ કામનાપ્રધાન સ્ત્રીનો ત્યાગ કદી ટકી શકતો નથી.

**ઓર ત્યાગ ઈતકે સબ અલપીત, સંપ્રદાય ચૌ જનકે;**
**ત્રિગુણ શક્ત અવતાર જ્યોત લ્યૌ, એહી ઉપાસ સબનકે. ૨૪**

### શબ્દાર્થ

**ઓર** = અન્ય, બીજા **ત્યાગ** = ત્યાગ, નિષ્કામ ભાવના **ઈતકે** = અહીંના **સબ** = બધા **અલપીત** = અલ્પ સમય માટે, થોડો સમય ચાલતા, ક્ષણિક **સંપ્રદાય** = ગુરુ પરંપરાથી સ્થાપિત માન્યતા ધરાવતી વ્યક્તિઓનો સમુહ અને મત **ચૌ** = ચાર **જનકે** = જેમનો, માન્યતા ધરાવનાર વ્યક્તિઓનો **ત્રિગુણ** = ત્રણ ગુણયુક્ત, બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ **શક્ત** = આદ્યશક્તિ **અવતાર** = અવતારી પુરુષ **જ્યોત** = નિરંજન પુરુષ **લ્યૌ** = સુધી,સહિત **એહી** = આ **ઉપાસ** = ઉપાસના, માન્યતાઓ **સબનકે** = બધાની, સૌની.

### અનુવાદ

**આ બાજુના ચાર સંપ્રદાયને માનવાવાળાનો ત્યાગ અલ્પકાલીન છે. તે તમામની ઉપાસના ત્રિગુણાત્મક દેવતાઓ, અવતારાદિક પુરુષો, આદ્યશક્તિ અને નિરંજન પુરુષ સુધીની જ છે.**

### ભાવાર્થ

વળી આ બાજુના રામાનુજ, નિમાનુજ, વલ્લભાચાર્ય અને માધવાચાર્ય એ ચાર આચાર્યો દ્વારા પ્રસ્થાપિત કરેલા ચાર સમ્પ્રદાયોને અનુસરનારા બધાનો ત્યાગ અલ્પકાલીન છે. કારણ કે તેમની માન્યતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, દશ અવતારાદિક દેવો, આદ્યશક્તિ અને નિરંજન પુરુષ સુધીના દેવી - દેવતાઓ પૈકીની હોઈ નાશવંત ધામો સુધીની ઉપાસનાનો સમાવેશ થાય છે.

**તેહી ઉપાસનકે ત્યાગનકી, કહુ જીનુ લક્ષ લખાઈ;**
**જેહી જીનકે દેવનકુ દરશીત, શાસ્ત્ર પુરાન જુગાઈ. ૨૫**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **ઉપાસનકે** = ઉપાસનાના **ત્યાગનકી** = ત્યાગની **કહુ** = કહું છું **જીનુ** = જે માટે, જેનો **લક્ષ** = અંતિમ ધ્યેય **લખાઈ** = દર્શાવીને, જણાવીને **જેહી** = જે **જીનકે** = જેના **દેવનકુ** = દેવતાઓને, દેવી-દેવતાઓને **દરશીત** = જણાય, દેખાય **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાન** = પુરાણ **જુગાઈ** = યુગલ, જોડીમાં, જુગલ.

### અનુવાદ

**તે ઉપાસનાના ત્યાગ અંગેના લક્ષ જણાવું છું. શાસ્ત્ર અને પુરાણમાં દર્શાવેલા દેવો યુગલ સ્વરૂપે દશ્યમાન થાય છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે શાસ્ત્ર અને પુરાણમાં યુગલ સ્વરૂપે દર્શાવેલા જે જેમના દેવી - દેવતાઓ છે તેમને તેવા દેવી-દેવતાઓ દશ્યમાન થાય છે. તેવા દેવી-દેવતાઓની ઉપાસના કરનાર ઉપાસકોના ત્યાગ અંગેનો અંતિમ ધ્યેય કુવેરસ્વામી કહી સમજાવે છે.

**કેતેક તોહી પુરાન સુનીતસે, તજી તત્ત્વ ત્યાગ ઉમાગી;**
**ઈષ્ટ દેવ સંજોગી જાનીકે, ભૂલે ભરમ અભાગી. ૨૬**

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાક **તોહી** = તો **પુરાન** = પુરાણને **સુનીતસે** = સાંભળીને **તજી** = છોડીને **તત્ત્વ** = તત્ત્વો **ત્યાગ** = ત્યાગ ધારણ કરે છે **ઉમાગી** = ઉમંગભેર, ઉમંગપૂર્વક **ઈષ્ટદેવ** = ઈષ્ટદેવ, મહાન દેવતાઓ **સંજોગી** = સંયોગી, જુગલબંધી, જોડામાં **જાનીકે** = જાણીને **ભૂલે** = ભૂલા પડ્યા **ભરમ** = ભ્રમણામાં **અભાગી** = ભાગ્યહીન.

## અનુવાદ

**કેટલાકે તત્ત્વોનો મોહ તજીને ઉમંગપૂર્વક ત્યાગ કર્યો. ત્યાર બાદ ઈષ્ટદેવોને યુગલ સ્વરૂપે જુએ છે ત્યારે પોતાને અભાગી સમજી ભ્રમણામાં ભૂલા પડ્યા તેમ સમજે છે.**

## ભાવાર્થ

વિશ્વના ઘણા મુમુક્ષુ જનો શરીરના તત્ત્વોનો અને ભૌતિક પદાર્થોનો મોહ ત્યજીને ઉમંગપૂર્વક વૈરાગ ધારણ કરે છે. એવા મુમુક્ષુ જનો જ્યારે પુરાણની કથા સાંભળે છે, ત્યારે ઈષ્ટદેવોને દેવી સાથે યુગલ સ્વરૂપમાં (સંસારી સ્વરૂપે) નિહાળે છે તે વખતે તેઓ પોતાને ભાગ્યહીન સમજીને પોતે ભ્રમણામાં ભૂલા પડ્યા છે. તેનો અહેસાસ અનુભવે છે.

**કેતેક તો તપ જોગ કરીનકે, પરસે નિજ પતિયનકુ;**
**જુગલ જોરીકે દરસ પરસ કર, ઉલટ ભઈત ગતિયનકુ. ૨૭**

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાક **તો** = તો **તપ** = તપશ્ચર્યા **જોગ** = યોગ, સાધના **કરીનકે** = કરીને **પરસે** = સ્પર્શે, પ્રાપ્ત કરે **નિજ** = પોતાના **પતિયનકુ** = પરમેશ્વરને, પતિને **જુગલ** = યુગલ **જોરીકે** = જોડીને **દરસ** = જોઈને, દેખીને **પરસ કર** = સ્પર્શીને, પ્રાપ્ત કરીને **ઉલટ** = પાછા વળતાં **ભઈત** = થઈને, ફરીને **ગતિયનકુ** = ગતિથી, સમજથી, જ્ઞાનથી.

### અનુવાદ

**કેટલાકે તો તપ અને યોગ ધારણ કરીને પરમેશ્વરનો સ્પર્શ કર્યો, પરંતુ યુગલ જોડીનો સ્પર્શ તથા દર્શન કરીને તેમની ગતિ ઉલટીને પાછી પડી.**

### ભાવાર્થ

કેટલાક મુમુક્ષુઓ તો ઉગ્ર તપશ્ચર્યા કરીને તથા કઠિન યોગ ધારણ કરીને પરમેશ્વર (પોતાના આરાધ્યદેવ) નો સ્પર્શ કરે છે - દર્શન કરે છે. પરંતુ જ્યારે તે ઈષ્ટદેવને દેવી સહિત (સજોડે) જુએ છે. ત્યારે તેવા વૈરાગીની ગતિ ઉલટીને પાછી પડે છે. આ પ્રમાણે વૈરાગ મંદ પડતાં તેમના હૃદયમાં સંસાર તરફ પાછા ફરવાના સંકેતો પેદા થાય છે.

**ઉલટી સો નિજ તીવ્ર ત્યાગકી, ઈષ્ટ જુગલકુ જોઈ;**
**તેહી પણ દેખીત કરત આરાધન, પરમપતિનકો સોઈ. ૨૮**

### શબ્દાર્થ

**ઉલટી** = વિરોધી, પરત, પાછી **સો** = તે **નિજ** = પોતાના **તીવ્ર** = ઉગ્ર, પ્રચંડ **ત્યાગકી** = ત્યાગની **ઈષ્ટ** = ઈષ્ટને, પાતે માનેલા દેવને **જુગલકુ** = દેવી સાથે, સજોડે **જોઈ** = જોઈને **તેહી** = તે **પણ** = પણ **દેખીત** = દર્શન કરી, નિહાળીને **કરત** = કરે છે **આરાધન** = આરાધના, સ્તુતિ, પ્રાર્થના **પરમપતિનકો** = પરમપતિની **સોઈ** = તે, તેઓ.

### અનુવાદ

**ઈષ્ટદેવને યુગલ સ્વરૂપે જોઈને તથા તેઓને પણ પરમપતિની આરાધના કરતા નિહાળીને પોતાનો તીવ્ર ત્યાગ પણ ઉલટાઈ જાય છે.**

### ભાવાર્થ

પોતે માનેલા પોતાના ઈષ્ટદેવને દેવી સહિત યુગલ સ્વરૂપે જોઈને તેમજ દેવી - દેવતાઓ સજોડે પરમપતિની આરાધના કરતા નિહાળીને તીવ્ર વૈરાગીઓનો ત્યાગ પણ મંદ પડી જાય છે. પરિણામે વૈરાગીઓનો વૈરાગ (ત્યાગ) પણ સંસારમાં જવા માટે પલટાઈ જાય છે.

**કરત આરાધન નિજપતિકે ઉર, પુનિ પોકારત નેતિ;**
**તેહી પતિકે નિજ અરસ પરસ બિન, ભવીત ભાવ ભવસેતી. ૨૯**

#### શબ્દાર્થ

**કરત** = કરીને **આરાધન** = આરાધના **નિજપતિકે** = પોતાના માલિકને **ઉર** = હૃદય **પુનિ** = વળી, તેમ છતાં, ફરીથી **પોકારત** = પોકારે છે **નેતિ** = જેનો કોઈ અંત નથી **તેહી** = તે **પતિકે** = કર્તાને **નિજ** = પોતે **અરસ** = અંતરિક્ષમાં, અરસમાં **પરસ** = સ્પર્શ, દર્શન **બિન** = સિવાય, વિના, વગર **ભવીત** = થાય છે **ભાવ** = ઈચ્છા, આકાંક્ષા **ભવસેતી** = સંસારમાં ભળવાની, સંસાર પ્રત્યે, જગત પ્રત્યે.

### અનુવાદ

**જ્યારે હૃદયમાં નિજપતિની આરાધના કરવા છતાં તે અંતરિક્ષમાં રહેલા પરમપતિના પોતે દર્શન ન કરી શકવાથી નેતિનો પોકાર કરે છે, ત્યારે સંસાર પ્રત્યે ભાવ જાગે છે.**

### ભાવાર્થ

તે ઈષ્ટદેવો પણ પોતાનાં હૃદયમાં નિજ પરમપતિની આરાધના કરતા હોય છે. તેમ છતાં અંતરિક્ષમાં રહેલા તેવા પતિનાં પોતે દર્શન કરી શક્યાં નથી. છેવટે હારીને તે નેતિનો પોકાર કર્યો. આ પ્રમાણે પોતાના ઈષ્ટદેવોની પણ આવી સ્થિતિ નિહાળીને વૈરાગ્યપૂર્ણ જીવન જીવતા મુમુક્ષુઓ પણ ગૃહસ્થ જીવન જીવવા અને સંસાર પ્રત્યે મનમાં ભાવ ધારણ કરે છે.

**ભવ સોઈ ભવિત ભામનીનસે રત, જેહી નિજપતિ પાવનકી;**
**તેહી રત દિયે ત્રિયનકુ ઈત, કોઉ કરે ખોજ ખાવનકી. ૩૦**

### શબ્દાર્થ

**ભવ** = સંસારમાં **સોઈ** = તે **ભવીત** = ભાવ ધારણ કરી **ભામનીનસે** = સંસારની સ્ત્રીઓ સાથે **રત** = પ્રેમ, આરત, સ્નેહ **જેહી** = જે **નિજપતિ** = પોતાના પરમપિતાને **પાવનકી** = પ્રાપ્ત કરવાનો **તેહી રત** = તે ભાવ-પ્રેમ **દિયે** = આપી દે, વાપરી નાંખે, ખર્ચી નાંખે **ત્રિયનકુ** = સ્ત્રીઓ પાછળ, સ્ત્રીઓને **ઈત** = અહીંયા **કોઉ** = કોણ **કરે** = કરે **ખોજ** = શોધ, તપાસ, ખોળ **ખાવનકી** = પતિની, ધણીની, માલિકની.

### અનુવાદ

**નિજપતિને પ્રાપ્ત કરવાની જે આરત હતી તે (આરત) સંસારની સ્ત્રીઓ પ્રત્યે લાગી ગઈ. જો તે આરત અહીં સ્ત્રીઓને લાગી જશે તો પછી નિજકર્તાની શોધ કોણ કરશે ?**

### ભાવાર્થ

જે આરત નિજપતિ કૈવલકર્તાને પ્રાપ્ત કરવા માટે હતી તે આરત જો સ્ત્રીઓ પ્રત્યે રાખીને સાંસારિક જીવન જીવશો તો તે આરત સ્ત્રીઓની પાછળ ખર્ચાઈ જશે. માટે આરતહીન બન્યા પછી નિજ કૈવલ કર્તાની શોધ કેવી રીતે કરી શકશો ?

**જેહી આરત નિજ અરસ ભોવનકી, નિજપતિ દિયે સબનસે;**
**સુરતા સહિત અકલ અનુરાગીત, લાયેહુ અંશ જબનસે. ૩૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **આરત** = આરત **નિજ** = પોતે, પોતાના **અરસ** = અંતરિક્ષમાં રહેલા **ભોવનકી** = ધામની **નિજપતિ** = નિજ કર્તાએ, માલિકે પોતે **દિયે** = આપી, દીધી **સબનસે** = બધાને, દરેકને **સુરતા** = સુરતા **સહિત** સાથે, શુદ્ધાં **અકલ** = અક્કલ **અનુરાંગીત** = અનુરાગવાળું **લાયેહુ** = લાવ્યા છે **અંશ** = અંશ **જબસે** = જ્યારથી.

### અનુવાદ

**અંતરિક્ષ ધામમાંથી નિજપતિએ અનુરાગવાળી આરત સહિત જે સુરતા અને અક્કલ સૌને આપેલી છે તે અંશો પોતે શરૂઆતથી જ લાવ્યા છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના આરંભમાં નિજ કૈવલપતિએ સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ

ત્રણ પ્રકારના તમામ અંશોને કર્તા સાથે સ્નેહ ધારણ કરીને ઉર્ધ્વગમન કરી શકે તે માટે સમૃદ્ધિ રૂપે પ્રથમથી જ અક્કલ, આરત અને સુરતા આપેલી છે. અંશો જ્યારે બ્રહ્માંડથી પરે રહેલા કૈવલધામમાંથી (સર્જનહાર પાસેથી) છૂટા પડીને આવ્યા ત્યારે તે મહાન સમૃદ્ધિ તેમની સાથે જ લઈને આવ્યા હતા.

**તેહી સુરત પુનિ અકલ આરતકુ, ઉલટ મિલન જીન જ્ઞાનું;**
**પરમપતિનસે જાઈ મિલાવત, જાંહી સે કિયે પીયાનુ. ૩૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **સુરત** = સુરત **પુનિ** = વળી **અકલ** = અક્કલ **આરતકુ** = આરતને **ઉલટ** = પાછા **મિલન** = મળવા **જીન** = માટે **જ્ઞાનું** = જ્ઞાન સ્વરૂપે, જાણ રૂપે **પરમપતિનસે** = પરમપતિને **જાઈ** = જઈને **મિલાવત** = મેળાપ કરાવે **જાંહી સે** = જયાંથી **કિયે** = કર્યું **પીયાનુ** = પ્રયાણ, પ્રસ્થાન.

### અનુવાદ

**તે સુરતા, અક્કલ અને આરત ઉલટ થઈ જઈને પરમપતિને મળે તેના જ્ઞાન (સમજ) માટે છે. એટલે જ્યાંથી પ્રસ્થાન કર્યું છે ત્યાં જઈને (પરમપતિને) મળી શકે.**

### ભાવાર્થ

સર્જનહારે અંશને સુરતા, અક્કલ અને આરત રૂપી સમૃદ્ધિ આપેલી છે, તેથી તે પોતાના (નિજ) સ્વરૂપની સમજ ભુલી ન જાય અર્થાત્ સાચવી રાખે. અંશો જ્યાંથી આવ્યા છે, (તે કૈવલ ધામમાં) ત્યાં પાછા જઈને સકર્તાપતિ સર્જનહારને મળી શકે તે માટે જ સમૃદ્ધિ આપવામાં આવેલી છે.

**સો તો સુરત અકલ આરત ઈત, સબ વિધિ ખરચ ખનાયે;**
**બહોરુ પતિનપે કુન પહોંચાવત, જ્યૌ અહી મણિ ગમાયે. ૩૩**

### શબ્દાર્થ

**સો તો** = તે તો **સુરત** = સુરતા **અકલ** = અક્કલ **આરત** = આરત **ઈત** = અહીં, જગતમાં **સબ વિધિ** = બધી જ રીતે **ખરચ** = ખર્ચીને, વાપરીને, વેડફી નાંખીને **બહોરુ** = ફરીથી પાછા

**પતિનપે** = પતિ પાસે **કુન** = કોણ **પહોંચાવત** = પહોંચાડે **જ્યોં** = જેમકે **અહી** = નાગ **મણિ** = મણિરૂપ રતન **ગમાયે** = ગુમાવી બેઠા, ગુમાવ્યો.

## અનુવાદ

**જેમ નાગે મણિ ગુમાવ્યો તેમ સુરતા, અક્કલ અને આરત તો બધી રીતે ખર્ચ કરીને વાપરી નાંખી છે. તો પછી પતિ પાસે પાછા કોણ પહોંચાડશે ?**

## ભાવાર્થ

સર્પો (નાગ) પોતાના મૂળ વતન (ભુવન) રૂપ પાતાળમાં રહેતા હતા, પરંતુ તેઓ મણિધર સ્વરૂપે પૃથ્વી પર આવ્યા હતા. તે મણિને ધારણ કરી રાખે તો જ પાછા પાતાળમાં પોતાની જાતે (મણિના આધારે) જઈ શકે. પરંતુ મણિ તજીને અન્ય ચારો ચરવામાં પોતે માણિને ગુમાવી દીધો. ત્યારથી તેઓ પૃથ્વી પર જ ભમ્યા (ભટક્યા) કરે છે અને પાતાળમાં જઈ પોતાના સ્વામી રૂપે રહેલા મણિધર શેષજીને મળી શકતા નથી.

તેવી જ રીતે અંશો પણ પોતાની સમૃદ્ધિ રૂપી અક્કલ, આરત, સુરતાને સ્ત્રી સંગે ખર્ચ કરીને વાપરી નાંખી, તેથી ઉર્ધ્વગમન કરીને પાછા સકર્તાપતિ પાસે (સાથે) તેમને કોણ પહોંચાડશે ?

**ઓર ખરચત ધન ખાત ન ખૂટત, સુરત અકલ રત જેહુ;**
**કોટિ કલપ જુગ અરબ ન ચૌટત, બિન એક નાર સનેહુ. ૩૪**

### શબ્દાર્થ

**ઓર** = અને **ખરચત** = ખર્ચ કરતાં **ધન** = સંપત્તિ, સમૃદ્ધિ **ખાત** = ખાતા **ન** = નહીં **ખૂટત** = ખૂટે, ઓછી થાય, વપરાય **સુરત** = સુરતા **અકલ** = અક્કલ **રત** = આરત **જેહુ** = જે **કોટિ** = કરોડો **કલપ** = કલ્પો **જુગ** = યુગ **અરબ** = અરબો **ન** = નહીં **ચૌટત** = ઓછું થાય, ઘટાડો થાય **બિન** = સિવાય, વિના **એક** = એકમાત્ર **નાર** = સ્ત્રી **સનેહુ** = પ્રેમ, આસક્તિ, સંયોગ, કામુકતા, વાસના, કામના.

## અનુવાદ

**સુરતા, અક્કલ અને આરત એ એવી ધન સમૃદ્ધિ છે કે જેને ખર્ચતાં કે ખાતાં ખૂટતી નથી. માત્ર સ્ત્રીના સંગ સિવાય તે સમૃદ્ધિ વાપરતાં અરબ યુગો અને કરોડો કલ્પ સુધી ખૂટે તેમ નથી.**

## ભાવાર્થ

સર્જનહારે અંશને આપેલી અક્કલ, આરત અને સુરતા રૂપી ધન સમૃદ્ધિ જો માનવી સ્ત્રીની સાથે કામ વાસના સિવાય અન્ય રીતે ખર્ચ કરે કે વાપરે તેમ છતાં તે સમૃધ્ધિ યુગો અને કરોડો કલ્પો સુધી ખૂટે નહીં તેટલી છે. (એવો અખૂટ અને અદ્‌ભુત ખજાનો છે.)

**સકલ સાજ અવિલોકન રતકો, સમટી હવે સમોહુ;**
**તેહી સબનસે અધિક નેહ રત, સુનીયો સંત અમોહુ. ૩૫**

## શબ્દાર્થ

**સકલ** = બધા, સર્વ **સાજ** = ભોગ, પદાર્થો, સાધનો, વિભૂતિ **અવિલોકન** = બારીકાઈથી નિરીક્ષણ **રતકો** = આરતને **સમટી** = સમેટીને **હવે** = થાય **સમોહુ** = સંમોહન, પ્રબળ મોહ **તેહી** = તે **સબનસે** = દરેકથી, બધાથી **અધિક** = વિશેષ, મહાન, મહત્તમ **નેહ** = સ્નેહ, પ્રેમ, આસક્તિ **રત** = આરત **સુનીયો** = સાંભળો **સંત અમોહુ** = મોહ રહિત સંત દશા ભોગવનાર.

## અનુવાદ

**સર્વ પદાર્થોનું અવલોકન કરતાં સૌથી અધિક નારીના સંમોહનના સ્નેહની આરત સમેટવી અત્યંત જરૂરી છે. તે વિષે હે મોહ રહિત સંત પુરુષો ! તમે શ્રવણ કરો.**

## ભાવાર્થ

સંત પુરુષોએ પોતાની આરતને વિશ્વના અન્ય ભૌતિક પદાર્થોના અવલોકનમાંથી સમેટી લેવા કરતાં નારીના સંમોહનની વિષયવાસનાના સ્નેહ માટેની આરત સૌથી પ્રથમ સમેટી લેવી તે સૌથી અધિક જરૂરી છે. કારણ કે સ્ત્રીના મોહમાં ખર્ચાયેલી આરતને કારણે આરતનો ખજાનો ખૂટી જાય છે. પરિણામે નિર્માલ્યતા વધે છે. તે માટે વધુ સમજ કુવેરસ્વામી મોહથી રહિત એવા નિર્મોહી સંત પુરુષોને હવે પછી કહે છે.

**કોટી અનંત વસ્ત અવિલોકત, નર નરબંધ રહાઈ;**
**સત્‌ગુરુ મિલે તો લહહી પરમપદ, જીનસે નહીં અટકાઈ. ૩૬**

### શબ્દાર્થ

**કોટી** = કરોડો **અનંત** = અંત રહિત, અપાર **વસ્ત** = વસ્તુ, પદાર્થ, વિભૂતિ **અવિલોકત** = અવલોકન **નર** = પુરુષ **નરબંધ** = પુરુષાતનથી પૂર્ણ, પુરુષાતનથી અકબંધ **રહાઈ** = રહે છે **સત્‌ગુરુ** = સત્‌ગુરુ **મિલે** = મળે **તો** = તો **લહહી** = જાણી લેવું **પરમપદ** = અંતિમ પદ, અંશીપદ **જીનસે** = જેનાથી, તેને **નહીં** = નથી **અટકાઈ** = રૂકાવટ, રોકી શકે, અટકાવે.

### અનુવાદ

**અનંત કરોડ પદાર્થોનું અવલોકન કરવા છતાં પુરુષ પોતાના પુરુષાતનથી અકબંધ રહે છે.તેને જો સત્‌ગુરુ મળે તો પરમપદ પ્રાપ્ત કરવામાં કોઈ અટકાવી શકતું નથી.**

### ભાવાર્થ

સર્જનહારે વિશ્વમાં વિભૂતિથી ભરેલા અનંત કરોડ પદાર્થોનું નિર્માણ કર્યું છે. તેને ભોગવવા છતાં કે અવલોકન કરવા છતાં પુરુષની અક્કલ, આરત અને સુરતા વપરાઈ જતી નથી. તે પુરુષ પોતાના પુરુષાતનથી અકબંધ રહે છે. એવા પુરુષને જો પરમગુરુનું શરણું મળે તો પરમપદ પ્રાપ્ત કરવામાં વાર લાગતી નથી. એ સમૃદ્ધિ સિવાય અંશને પરમપદ પ્રાપ્ત કરતાં અન્ય કોઈ સમૃદ્ધિ (પદાર્થો) અટકાવી શકતી નથી.

**એહી સબ અખિલ પદારથકી અત, રત નિરબંધ જનાઈ;**
**પણ જેહી નેહ નાર નરકો ચિત્ત, વજર લેપવત્‌ તાઈ. ૩૭**

### શબ્દાર્થ

**એહી** = એ **સબ** = બધા **અખિલ** = સમસ્ત, અખિલ સૃષ્ટિના બધા **પદારથ કી** = પદાર્થોની, વિભૂતિઓની, સમૃદ્ધિઓની **અત** = અતી, ઘણી, અધિક, વધારે **રત** = આરત **નિરબંધ** = અકબંધ, અખંડ, અનામત, જેમનું તેમ **જનાઈ** = જણાય છે **પણ** = પરંતુ **જેહી** = જે **નેહ** = સ્નેહ, પ્રેમ **નાર** = સ્ત્રીના **નરકો** = પુરુષના **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **વજર લેપવત્‌** = અતૂટ, કદી પણ જુદા ન પડે તેવો, ચિર સ્મરણીય **તાઈ** = તે, તેનુ.

### અનુવાદ

**અખિલ સૃષ્ટિના તમામ (બધા જ) પદાર્થોથી આરત અકબંધ જણાય છે પરંતુ નારીના સ્નેહથી પુરુષની ચિત્તવૃત્તિ વજ્રલેપવત્‌ હોય છે.**

## ભાવાર્થ

અખિલ સૃષ્ટિના તમામ પદાર્થોના ઉપભોગથી અંશની સમૃદ્ધિ રૂપે રહેલી આરત અકબંધ રહે છે. પરંતુ નારી પ્રત્યે કરેલા ભોગ વૈભવના સ્નેહથી પુરુષની ચિત્તવૃત્તિ વજલેપની માફક અતૂટ જોડાયેલી  હોય છે.

**જેહી સૂક્ષ્મ ચિત્ત અમલ અંશકે, ચીનત ચિત્ત ચિતવનસે;**
**તેહી ચિત્ત લગ્યો નેહ નારીનસે, વિછરીત અંશ આપનસે. ૩૮**

### શબ્દાર્થ

**જેહી** = જે **સૂક્ષ્મ** = અદશ્ય, અતિ અલ્પ **ચિત્ત** = સત્તા, અમલ, બળ, શક્તિ **અંશકે** = અંશની **ચીનત** = ઓળખે, તપાસે **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચિતવનસે** = ચિંતવનથી **તેહી ચિત્ત** = તે ચિત્ત અંતઃકરણ **લગ્યો** = લાગ્યું, જોડાયુ **નેહ** = પ્રેમ **નારીનસે** = સ્ત્રીના **વિછરીત** = વિખૂટો પડ્યો, જુદો પડ્યો **અંશ** = અંશ **આપનસે** = પોતાનાથી, સ્વ સ્વરૂપથી.

## અનુવાદ

**અંશના સૂક્ષ્મ વિત્તનો અમલ ચિંત્ત અંતઃકરણ ચિંતવન દ્વારા જાણી શકે છે. પરંતુ તે ચિત્ત અંતઃકરણ તો સ્ત્રીના પ્રેમમાં જોડાયું, જેથી તે પોતાની જાણથી વિખૂટો પડી જાય છે.**

## ભાવાર્થ

અંશનો અમલ દેહ ઉપર અતિ સૂક્ષ્મ રીતે છવાયેલો છે. તે અંશના વિત્તને ચિત્ત અંતઃકરણ ચિંતવન દ્વારા જાણી શકે છે. પરંતુ જ્યારે તે સ્ત્રી સાથે સબંધ કરે છે. ત્યારે તે ચિત્ત નારીના સ્નેહમાં વજલેપ સમાન ચોંટેલું રહે છે. જેને કારણે તે ચિત્ત પોતાના સ્વ સ્વરૂપની જે જાણ હતી તેનાથી જુદુ પડી જઈને અંશના વિત્તની જાણથી અજાણ બની જાય છે.

**પીછે રહે મન બુધ અહંકારન, ઘાડ પદારથ ઘટકે;**
**સો સૂક્ષ્મ અવિલોક શકે ક્યૌ, છપીત બોધ છેવટકે. ૩૯**

### શબ્દાર્થ

**પીછે રહે** = પાછળ રહેલાં, બાકીના રહેલાં **મન, બુધ, અહંકારન** = મન, બુદ્ધિ, અને અહંકાર અંતઃકરણો **ઘાડ પદારથ** = ઘન પદાર્થો, આકારવાળા જોઈ શકાય તેવા પદાર્થો **ઘટકે** = દેહના, શરીરના **સો** = તે **સૂક્ષ્મ** = અદશ્યનું, અરૂપીનું **અવિલોક** = અવિલોકન **શકે ક્યૌ** = કેવી રીતે કરી શકે ? **છપીત** = છૂપા, ગુપ્ત **બોધ** = ઉપદેશ, સમજ, જ્ઞાન, લક્ષ **છેવટકે** = અંતનો, છેવટનો, સર્વોપરી.

### અનુવાદ

**પાછળ બાકી રહેલા મન, બુધ, અને અહંકાર અંતઃકરણો તો ઘન પદાર્થોને નિહાળી શકે છે. તો પછી ગુપ્ત રહેલા સર્વોપરી - અરૂપી અંશ સ્વરૂપના લક્ષનું અવલોકન કેવી રીતે કરી શકે ?**

### ભાવાર્થ

ચિત્ત સિવાયના બાકી રહેલા મન, બુધ અને અહંકાર અંતઃકરણો તો જે જોઈ શકાય તેવા ઘન પદાર્થોનું જ અવિલોકન કરી શકે છે. તો પછી શરીરમાં ગુપ્ત રીતે અમલ કરતા સર્વોપરી અરૂપી અંશ સ્વરૂપના લક્ષનું અવલોકન કેવી રીતે કરી શકે ?

**તબતે આપના આપનકો મુખ, ચિત્ત દરપન દરશાઈ;**
**સો ચિત્ત લગ્યો નેહ નારીનકે, ઈત કીનસે મુખપાઈ. ૪૦**

### શબ્દાર્થ

**તબતે** = તેથી **આપના** = પોતાના **આપનકો** = પોતાની સ્વ જાતના **મુખ** = મોં, છબી, આકૃત્તિ, સ્વરૂપ **ચિત્ત** =ચિત્ત (અંતઃકરણ) **દરપન** = અરીસો **દરશાઈ** = દેખાય, જોઈ શકાય **સો** = તે **ચિત્ત** = ચિત્ત **લાગ્યો** = જોડાયો, લાગી ગયો **નેહ** = સ્નેહમાં, પ્રેમમાં **નારીનકે** = નારીના, સ્ત્રીના **ઈત** = તે, આ બાજુ **કીનસે** = કોનાથી, કેવી રીતે **મુખપાઈ** = મોં, દેખાય, જોઈ શકાય, આકૃત્તિ પ્રાપ્ત કરી શકાય.

### અનુવાદ

**તેથી ચિત્ત અંતઃકરણ રૂપી દર્પણમાં અંશ પોતાનું સ્વરૂપ જોઈ શકતો હતો. પરંતુ તે ચિત્ત અંતઃકરણ તો નારીના સ્નેહમાં જોડાઈ ગયું, તો પછી અંશ તેના સ્વરૂપને કેવી રીતે જોઈ શકે યા જાણી શકે ?**

### ભાવાર્થ

ચાર અંતઃકરણ પૈકી ચિત્ત અંતઃકરણ રૂપી દર્પણમાં અંશ પોતાનું અરૂપી સ્વરૂપ નિહાળી શકતો હતો. પરંતુ તે ચિત્ત અંતઃકરણ તો સ્ત્રી સાથેની કામ-વાસનામાં જોડાઈ ગયું. તો પછી અંશ તેના સ્વરૂપને કેવી રીતે જોઈ શકે યા જાણી શકે ?

**જબ આપના આપન દરશનકો, અનુભવ હવે વિનાઈ;**
**તબ કર્તા અવિગતકી ગતકુ, કુન નમુને પાઈ. ૪૧**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **આપના** = પોતાની **આપન** = જાતના **દરશન કો** = જોવા માટેનો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, સ્મૃતિથી જુદા એવા સ્વરૂપનું જ્ઞાન **હવે** = થયા, થવા **વિનાઈ** = સિવાય, વગર, વિના **તબ** = ત્યાર, તો પછી **કર્તા** = સર્જનહાર **અવિગતકી** = અજાણ્યાની **ગતકુ** = જાણને **કુન** = ક્યા **નમુને** = અસલપ્રત, મૂળ નકલ, અનુકરણીય સ્વરૂપ, સરખામણી થાય તેવું **પાઈ** = પ્રાપ્ત કરી શકાય, મેળવાય, જણાય.

### અનુવાદ

**હવે પોતાના સ્વરૂપને નિહાળવાનું પ્રત્યક્ષ જ્ઞાન ન હોવાથી અવિગત કર્તાની વિગત કોની સરખામણીથી જાણી શકાય ?**

### ભાવાર્થ

નારીના સંગે લોપાયમાન થયેલા ચિત્ત અંતઃકરણને લીધે પોતાની જાતના અરૂપી સ્વરૂપને નિહાળવાનું પ્રત્યક્ષ જ્ઞાન રહેવા પામતું નથી. આમ અંશને પોતાના સ્વરૂપની જ જાણ ન રહેવા પામી હોય તો પછી તે જેની સજાતિનો છે, એવા અજાણ્યા કર્તાની જાણ, બીજી કોની સરખામણી કરીને જાણી શકે ? એટલે કે અજાણ્યા કર્તાની જાણ માટે તેની સરખામણી કરીને જાણી શકાય તેવું બ્રહ્માંડમાં માત્ર એક કર્તાની સજાતીય અંશનું સ્વરૂપ જ છે. પરંતુ તે સ્વરૂપથી અંશ પોતે જ અજાણ બન્યો છે. તો પછી તે બીજા કોની સરખામણી કરીને કર્તાને જાણી શકે ?

**જબ કર્તા નિજ પરમ પુરુષકુ, પાવન ચહો જો સંતુ;**
**તો તજહો નિજ નેહ નારકો, ધરી તત્ત્વ ત્યાગ અતંતુ. ૪૨**

### શબ્દાર્થ

**જબ** = જેથી **કર્તા** = સર્જનહાર **નિજ** = મૂળ, આદિ **પરમ પુરુષકુ** = પરમ પુરુષને **પાવન** = પ્રાપ્ત કરવા **ચહો** = ચાહતા હોય, ઈચ્છા રાખતા હોય **જો** = જે, જો **સંતુ** = સંતપુરુષ **તો** = તો **તજહો** = ત્યજી દો **નિજ** = પોતે, પોતાનો **નેહ** = સ્નેહ, સબંધ, પ્રેમ, આસક્તિ **નારકો** = સ્ત્રીનો, નારી સાથેનો **ધરી** = ધારણ કરી **તત્ત્વ** = તત્ત્વોના **ત્યાગ** = ત્યાગ **અતંતુ** = તત્ત્વ રહિત, વિદેહી બનીને, અંતર રહિત.

### અનુવાદ

**જેથી હે સંતો ! જો ખુદ કર્તા એવા પરમ પુરુષને પ્રાપ્ત કરવાની ચાહના હોય તો પોતાનો નારી પ્રત્યેનો સ્નેહ ત્યજીને વિદેહીની જેમ તત્ત્વોનો ત્યાગ ધારણ કરો.**

### ભાવાર્થ

કુવેરસ્વામી સંતપુરુષોને સંબોધતા કહે છે કે જો તેઓ સમગ્ર બ્રહ્માંડના કારણ રૂપે રહેલા સકર્તાપતિને (કૈવલકર્તાને) મળવાની ઈચ્છા રાખતા હોય તો તેમણે સ્ત્રી પ્રત્યેનો સ્નેહનો સમજ (જ્ઞાન) થકી સંપૂર્ણ રીતે ત્યાગ કરવો જોઈએ. ત્યારબાદ વિદેહી બનીને વિશ્વના સર્વ પ્રકારના (તત્ત્વોનો) નાશવંત વૈભવનો પણ ત્યાગ કરવો જોઈએ.

**તબતે નિજ ગુરુ પરમ બોધકે, લાગ લગે તેહી જનસે;**
**જ્યૌં પુરષાતન સહિત પુરુષકે, મીટે દરદ વૈદનસે. ૪૩**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, ત્યારેજ **નિજ** = આદિ **ગુરુ પરમ** = પરમગુરુના **બોધકે** = બોધને **લાગ લગે** = દાવ લાગે **તેહી** = તેવા **જનસે** = વ્યક્તિને **જ્યૌ** = જેમ, જેવી રીતે **પુરષાતન** = પુરુષાતન **સહિત** = સાથેના **પુરુષકે** = પુરુષને **મીટે** = મટી જાય, દૂર થાય **દરદ** = દુઃખ, પીડા **વૈદનસે** = વૈદ્યથી, આયુર્વેદની રીતે દર્દીની ચિકિત્સા અને સારવાર કરનાર ચિકિત્સકથી.

### અનુવાદ

**જેમ પુરુષાતનવાળા પુરુષને વૈદની દવાથી દર્દ મટે છે, તેમ તેવી વ્યક્તિને જ પરમગુરુના જ્ઞાનની અસર વર્તાય છે.**

### ભાવાર્થ

જેવી રીતે સંસારમાં જે વ્યક્તિ સ્ત્રીના સંગથી દૂર રહીને જીવન જીવતા પુરુષાતનવાળા પુરુષનું દર્દ આયુર્વેદની પદ્ધતિથી (દર્દની) ચિકિત્સા અને સારવાર કરનાર ચિકિત્સકથી મટે છે. તેવી જ રીતે સ્ત્રીનો ત્યાગ કરીને વિદેહી રહેનારા સંતગતિના આરતવંત પુરુષોને નિજ પરમગુરુના જ્ઞાનની અસર થતાં વાર લાગતી નથી. અને એવા પુરુષનું જન્મ-મરણનું દુઃખ નિશ્ચિતપણે દૂર થાય છે.

**નાર સનેહ લગાવત નર ચિત્ત, ભવીતવ ભંગ વૈરાગુ;**
**ઉપલે ભેખ ભજાવત ભવહિત, ઉરીત નાર અનુરાગુ. ૪૪**

### શબ્દાર્થ

**નાર સનેહ** = સ્ત્રી સાથેનો પ્રેમ **લગાવત** = લગાવે **નર** = પુરુષ **ચિત્ત** = ચિત્ત અંતકરણથી **ભવીતવ** = થાય છે **ભંગ** = ખંડન, નાશ, વિક્ષેપ **વૈરાગુ** = વૈરાગ, અનાસક્તિપણુ **ઉપલે** = ઉપલક **ભેખ** = વૈરાગીનો વેશ, સાધુનો વેશ **ભજાવત** = ભજવીને **ભવહીત** = સંસારના કલ્યાણ માટેનો, જગતના હિતાર્થે **ઉરીત** = હૃદયમાં તો **નાર** = સ્ત્રી પ્રત્યેનો **અનુરાગ** = પ્રેમ, ખેંચાણ, આસક્તિ, જોડાણ.

### અનુવાદ

**જે પુરુષનું ચિત્ત સ્ત્રીના સ્નેહમાં લાગે છે, તેના વૈરાગમાં વિક્ષેપ પડે છે. પરંતુ જગતના હિતાર્થી બનીને ઉપલક ભેખનો વેશ ભજવનારના હૃદયમાં તો સ્ત્રી પ્રત્યે અનુરાગ હોય છે.**

### ભાવાર્થ

જે વૈરાગી પુરુષનુ ચિત્ત કોઈ કારણોવસાત સ્ત્રીના પ્રેમમાં રહીને શરીર સબંધ ભોગવીને કામી બને છે, તેવા પુરુષના વૈરાગનું ખંડન થાય છે. તેમજ વૈરાગી જીવનમાં વિક્ષેપ પડે છે. વળી જગતના હિતાર્થી બનીને જે પુરુષો ઉપલક રીતે સંસારને દેખાડવા પુરતો સંન્યાસી કે સાધુનો ભગવો વેશ ભજવે છે. તેવા ભવૈયાઓના હૃદયમાં તો સ્ત્રી પ્રત્યે છૂપી રીતે અનુરાગ (પ્રેમ) ભરેલો હોય છે.

## મન ક્રમ વચન વેદ વિત્તકે અજ, નિરખીત નિજ કન્યાઈ;
## ધરીત મોહ તીનું પૂઠ પલાઈત, જીનું જુગ જશ અન્યાઈ. ૪૫

### શબ્દાર્થ

**મન** = મન અંતઃકરણ **ક્રમ** = કર્મથી **વચન** = વચનોથી **વેદ** = વેદના **વિત્તકે** = વિત્તને દર્શાવનાર **અજ** = બ્રહ્માજી **નિરખીત** = જોઈને, નિહાળીને **નિજ** = પોતાની **કન્યાઈ** = પુત્રીને **ધરીત** = ધારણ કરી **મોહ** = પ્રેમ, આસક્તિ **તીનું** = તેની **પૂઠ પલાઈત** = પાછળ પડ્યા **જીનું** = જેના માટે, જે માટે **જુગ** = જગત, સંસાર **જશ** = યશ **અન્યાઈ** = અન્યાયનો, અધર્મનો, અનીતિનો ન્યાય વિરુદ્ધ આચરણનો.

### અનુવાદ

**મન, કર્મ અને વચનથી વેદના વિત્તને જણાવનાર બ્રહ્માજી પોતાની પુત્રીને જોઈ મોહ ધારણ કરીને તેની પાછળ પડ્યા હતા. તેથી સંસારમાં તેવા ન્યાય વિરુદ્ધ આચરણથી તેમના અપયશ ગવાય છે.**

### ભાવાર્થ

ચાર વેદના વક્તા એવા બ્રહ્માજી પોતે મન, વચન અને કર્મથી ચારેય વેદના વિત્તને જાણનારા હતા તેમ છતાં તેમણે પોતાની જ પુત્રી સરસ્વતી ઉપર કુદૃષ્ટિથી નિહાળીને તેની પૂંઠ પાછળ દોડ્યા હતા. આવા ધર્મવિરુદ્ધ અન્યાયી આચરણને લીધે સંસારમાં તેના અપયશ ગવાય છે.

## તબતે નેહ ન કરીત નારસે, જીનુ મિલન કરતારુ;
## જ્યૌ બીજગ અંકુરનકે મુખ, કંચિત કટે ન કારુ. ૪૬

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે **નેહ** = સ્નેહ, પ્રેમ, પ્રીત **ન** = નહીં **કરીત** = કરવી **નારસે** = સ્ત્રી સાથે **જીનુ** = જેમણે **મિલન** = મળતું હોય **કરતારુ** = કર્તાને, સર્જનહારને **જ્યૌ** = જેમ કે, જેવી રીતે **બીજગ** = બીજક **અંકુરનકે** = અંકુરનું **મુખ** = ભાગ, અંકુરીત થવાનું **કંચિત** = સહેજ પણ, જરા **કટે** = કપાઈ જાય, છેદ પામે **ન** = નહીં **કારુ** = કરનારુ , પામનારુ, નકામું.

## અનુવાદ

**તેટલા માટે જેમણે સર્જનહારને મળવું છે, તેમણે સ્ત્રી સાથે સ્નેહ રાખવો નહીં. જેમ કે બીજકમાં રહેલું અંકુર જરા પણ ખંડિત થયું હોય તો તે ઉદય પામતું નથી.**

## ભાવાર્થ

તેટલા માટે જેમણે સર્જનહાર કૈવલ કર્તાને મળવું હોય તેવા સંત પુરુષોએ સ્ત્રી સાથે શરીર સબંધ બાંધીને વૈરાગનું ખંડન થાય તેવું આચરણ કરવું નહીં. કારણ કે ખંડિત થયેલા વૈરાગીથી અંશનું ઉર્ધ્વગમન થતુ નથી. જેમ કે બીજકમાં રહેલા અંકુરનું મુખ સહેજ પણ ખંડિત થયું હોય તેને ગમે તેટલું ખાતર પાણી આપવા છતાં તેનો ઉદય થતો નથી. એટલે કે અંકુર ઉર્ધ્વગમન ગતિ કરીને અંકુરીત થતું નથી.

**તેહી ન કરે ઉદભવ અવનિ તલ, કંચિત પડે કસરહી;**
**તેહી બીજગકે ફલકી આશ નહીં, બિન તરુ કિયે પસરહી. ૪૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **ન** = નહીં **કરે** = થાય **ઉદભવ** = ઉત્ત્પતિ, ઊગીને **અવનિ** = પૃથ્વી **તલ** = સપાટી **કંચિત** = સહેજ, જરાક **પડે** = પડે છે **કસરહી** = ખામી, કચાસ, ઉણપ, ખોટ **તેહી** = તે **બીજગકે** = બીજકના **ફલકી** = ફળની **આશ** = આશા **નહીં** = નહીં **બિન** = સિવાય **તરુ** = વૃક્ષ **કિયે** = કર્યા, થયા **પસરહી** = પસારો, વૃદ્ધિ.

## અનુવાદ

**તે બીજકમાં સહેજ ખામી રહેવાથી પૃથ્વીના તળમાં ઊગતું નથી. તેવા બીજકથી વૃક્ષનો પસારો થતો ન હોવાથી તેના ફળની આશા રાખી શકાય નહીં.**

## ભાવાર્થ

તેવા ખંડિત થયેલા બીજકમાં સહેજ ખામી રહેવાથી તે પૃથ્વીના તળમાં (જમીનમાં) ગમે તેટલું ખાતર-પાણી સિંચન કરવા છતાં પણ તે ઊગતું નથી. જો તે બીજગ ઊગે જ નહીં તો વૃક્ષનો પસારો ન થાય અને વૃક્ષનો પસારો ન થાય તો પછી તેના ફળની આશા રાખી શકાય નહીં.

**તેહી પરકારન આપનુઆપ કણ, ઈચ્છ ઉદિત અંકુરહી;**
**જીનકે મુખ નિજ સુરત સમોહિત, નાર લગીત ભઈ ચુરહી. ૪૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરકારન** = પ્રકારે **આપનુઆપ** = પોતાનુ નિજ ચૈતન સ્વ સ્વરૂપ **કણ** = દાણારૂપી **ઈચ્છ** = ઈચ્છાથી **ઉદિત** = ઊગે છે **અંકુરહી** = અંકુરથી **જીનકે** = જેના **મુખ** = મુખ **નિજ** = પોતાનું **સુરત** = સુરતા **સમોહિત** = સમોહથી, મોહવાળી **નાર** = સ્ત્રી **લગીત** = લાગેલી, લાગે છે **ભઈ** = થાય છે **ચુરહી** = ચૂરે ચૂરા, ભૂક્કો, નાશ, ટૂકડે - ટૂકડા, ખંડિત.

### અનુવાદ

**તે જ પ્રકારે કણ રૂપી અંશ સ્વરૂપ અંકુરની જેમ ઉર્ધ્વ ગતિ કરીને ઊગવા માટે ઈચ્છા તો કરે, પણ તેની સુરતા રૂપી મુખ નારીની સંગે સંમોહિત થઈને ખંડિત થયું હોય છે,**

### ભાવાર્થ

બીજક રૂપી કણની જેમ પોતાનું નિજ ચૈતન અંશ સ્વરૂપ પોતે ઉર્ધ્વ ગતિએ ગમન કરીને પરમ પિતાને પ્રાપ્ત કરવા માટે ઈચ્છા તો કરે છે પરંતુ અંશોની સમૃદ્ધિ રૂપે રહેલા અંકુરના મુખ રૂપી સુરતા સ્ત્રીના મોહથી લપટાઈને ખંડિત થઈ ગઈ હોય છે.

**ચૂર હવિત અંકુર મુખનસે, નહીંન ઉદિત ઈશ્વરીયે;**
**બિનુ ઈશ્વરીયે ચંત અહર્નિશ, લાગી રહત તનુ તરીયે. ૪૯**

### શબ્દાર્થ

**ચૂર** = ખંડિત **હવિત** = થયેલ **અંકુર** = અંકુરના **મુખનસે** = મુખથી **નહીંન** = નથી, નહીં **ઉદિત** = ઊગે, ઉદય થાય **ઈશ્વરીયે** = ઐશ્વર્યતા **બિનુ** = સિવાય, વિના **ઈશ્વરીયે** = ઐશ્વર્યતા **ચંત** = રટણ, ચિંતવન **અહર્નિશ** = રાત-દિવસ, સતત, હમેશાં **લગી રહત** = વળગી રહે, લાગી રહે **તનુ** = શરીર **તરીયે** = સ્ત્રી સાથે.

### અનુવાદ

**અંકુરના મુખ ખંડિત થવાથી ઐશ્વર્યતાનો ઉદય થતો નથી. તેવા ઐશ્વર્ય સિવાય**

**સ્ત્રીના શરીર સાથે વળગી રહીને અહર્નિશ તેનું જ ચિંતવન (રટણ) કરે છે.**

## ભાવાર્થ

કણ રૂપી અંશના અંકુરનું મુખ રૂપી આરત ખંડિત થઈ ગઈ હોવાથી તે ઐશ્વર્યતા વગરની બની જાય છે, તેથી તેનો ઉદય થતો નથી. તેથી તેવા ઐશ્વર્યતા સિવાયના ભેખધારી પુરુષો સ્ત્રીના શરીર સાથે સબંધ રાખીને વળગી રહે છે, તેમજ રાત-દિવસ પોતાના ચિત્તમાં સ્ત્રીનું જ ચિંતવન કરે છે.

**તબતે સત્ગુરુ શરણ આઈ ક્યા, કાજ કિયો ઘર તજહી;**
**જીનુ છટકાઈત ધરીત ત્યાગ તન, તદપી તાય ક્યૌ ભજહી. ૫૦**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે, તો પણ **સત્ગુરુ** = સત્ગુરુ **શરણ** = શરણમાં **આઈ** = આવીને **ક્યા** = શું, ક્યા **કાજ** = કાર્ય, કામ **કિયો** = કર્યું **ઘર તજહી** = ઘર તજીને, સંસારનો ત્યાગ કરીને, કુટુંબી જનોને ત્યજીને **જીનુ** = જેમનાથી **છટકાઈત** = છટકીને, છોડીને, દૂર થઈને **ધરીત** = ધારણ કર્યો **ત્યાગ** = વૈરાગ, અનાશક્તિ **તન** = શરીરથી **તદપી** = તેમ છતાં **તાય** = તેઓને, તેમને **ક્યૌ** = શા માટે **ભજહી** = સ્મરણ કરવું, યાદ કરવું.

## અનુવાદ

**તો પછી કુટુંબીજનોને છોડીને સદ્ગુરુના શરણે આવીને શું કામ કર્યું ? જેમને છોડીને શરીરથી ત્યાગ કર્યો તેમને શા માટે યાદ કરો છો ?**

## ભાવાર્થ

કુવેરસ્વામી ઉપલક ભેખ ધારણ કરનારને પૂછે છે કે, જો ચિત્તને સ્ત્રીઓના દેહ સાથે ભોગ ભોગવવામાં જ રોકી રાખવાનું હોય તો પછી કુટુંબીજનોને છોડીને તેમજ સદ્ગુરુના શરણે જઈ ભેખ ધારણ કરી રહેવાનો શો અર્થ ? વળી ગુરુના શરણમાં આવીને પોતાના આત્મકલ્યાણ માટે શું (કામ) કર્યું ? આમ કુટુંબ પરિવારને શરીરથી છોડીને ત્યાગ અને વૈરાગ્ય તો ધારણ કર્યો પરંતુ ભગવો વેશ ધારણ કરી તમારે (સ્ત્રી તથા પરિવાર જનોને) શા માટે યાદ કરો છો?

**ખાન પાન જેહી સહિત ઈજતકે, તીનમેં નહીં અટકાવું;**
**પણ જેહી નેહ નાર વિતરાગીન, સો કીત નહીં સોહાવું. ૫૧**

### શબ્દાર્થ

**ખાન પાન** = ખાવા-પીવામાં **જેહી** = જે **સહિત** = સાથે **ઈજતકે** = માન-મર્યાદા અને મોભા પ્રમાણે, પ્રતિષ્ઠા અને આબરુ વધારે તેવું **તીનમેં** = તેમાં **નહીં** = નહીં **અટકાવુ** = અટકાવીશ, રોકીશ **પણ** = પરંતુ **જેહી** = જે **નેહ** = સ્નેહ, પ્રેમ **નાર** = સ્ત્રી **વિતરાગીન** = આસક્તિવાળું **સો** = તે **કીત** = કેમ કરીને, કદીપણ, કઈ રીતે, શી રીતે ? **નહીં** = નહીં, નથી **સોહાવું** = સારું દેખાતુ, શોભતું, ગમતું, સહન કરું.

### અનુવાદ

**(ભેખના મોભા પ્રમાણે) ખાવા પીવામાં મર્યાદા અનુસાર અટકાવતો નથી, પરંતુ સ્ત્રી પ્રત્યે આસક્તિવાળો જો સ્નેહ હોય તો તે કદી પણ શોભાસ્પદ નથી (તેને હું ક્યારે સહન નહીં કરું).**

### ભાવાર્થ

કુવેરસ્વામી ભેખધારી સંતપુરુષોને ચેતવણી આપી જણાવે છે કે ભેખને શોભે તેવો ઈજ્જતવાળો ખોરાક ખાવા-પીવામાં તેઓ ભેખધારીઓને અટકાવતા નથી (અટકાવશે નહીં). પણ જો તેમના શરણમાં આવ્યા પછી પણ ભેખધારી પુરુષો સ્ત્રીઓ સાથે આસક્તિભર્યો વ્યવહાર રાખશે તો તે કુવેરસ્વામીને જરાપણ ચલાવી લેશે નહીં. તેમ છતાં પણ આવી વ્યક્તિ સ્ત્રીઓ સાથે રાગાત્મક વ્યવહાર રાખશે તો કદી પણ કુવેરસ્વામી સહન પણ કરશે નહીં, પરંતુ શિક્ષા કરશે.

**નાર સ્નેહ ખોટ ત્રીયે ધનકી, પાવન ક્તા પખનત્યે;**
**બારુતકી વિત્ત હાંન હવિત ગત્ય, જ્યૌતે અગન ચખનત્યે. ૫૨**

### શબ્દાર્થ

**નાર સ્નેહ** = સ્ત્રી સાથેના પ્રેમમાં **ખોટ** = નુકસાન **ત્રીયે** = ત્રણ પ્રકારના **ધનકી** = સંપત્તિની, સમૃદ્ધિની **પાવન** = પ્રાપ્ત કરવા **ક્તા પખનત્યે** = કર્તા પક્ષની, સર્જનહાર તરફની **બારુતકી** = દારુગોળાની **વિત્ત** = શક્તિ, તાકાત **હાંન** = હણાય છે, નાશ થાય **હવિત** = થાય છે **ગત્ય** = ગતિ, ઝડપ **જ્યૌતે** = જ્યારે તે જેમકે **અગન** = અગ્નિ **ચખનત્યે** = સ્પર્શે છે ઉપભોગ કરે, ચાખે ત્યારે.

## અનુવાદ

**સર્જનહારને પ્રાપ્ત કરવાના પક્ષમાં સ્ત્રી સાથેના સબંધથી (પ્રેમથી) ત્રણ પ્રકારની ધન સમૃદ્ધિનું નુકસાન થાય છે. જેમ કે અગ્નિના સંગથી દારુગોળામાં રહેલા વિત્તની ગતિ નષ્ટ થાય છે.**

## ભાવાર્થ

સર્જનહારને પ્રાપ્ત કરવા માટે ઉર્ધ્વગમન કરવાની ધન સમૃદ્ધિનો ખજાનો કે જે અંશ કૈવલધામમાંથી લઈને આવેલો છે, તે અક્કલ, આરત અને સુરતા છે. જ્યારે સ્ત્રી સાથે શરીર સબંધ કરવામાં આવે ત્યારે તે ખર્ચાઈ જતાં (નષ્ટ થતાં) અંશ નિર્માલ્ય બની જાય છે. જેમ દુશ્મન સામે જીત મેળવવા તોપમાં દારૂગોળો ભરવામાં આવે અને તેને ફોડવામાં આવે તો તેની ક્ષમતા મુજબ તે કાર્ય કરે છે. પરંતુ તેને અગ્નિનો સંગ થાય તો દારુગોળાની શક્તિ - ગતિ નાશ પામે છે. પછી તે તોપમાં ભરવાના કામમાં આવતો નથી. કે ફરી વાપરી શકાતો નથી.

# નર નિર્માલ્ય હવિત હિસાબકો અંગ ૬

**તીનકે કહત હિસાબ હકીગત, સુનીયો સકલ સજનહી;**
**જેહી જેતની નિરમાલ નરનકી, ભવિત ભંગ નિજ તનહી. ૧**

### શબ્દાર્થ

**તીનકે** = તેની, તેના, તેનો **કહત** = કહું છું **હિસાબ** = ગણત્રી **હકીગત** = હકીકત, બીના, અહેવાલ **સુનીયો** = સાંભળો **સકલ** = બધા, સૌ, સર્વ **સજનહી** = સજ્જનો **જેહી જેતની** = જેની જેટલી **નિરમાલ** = હાનિ, નુકસાન, હિનતા **નરનકી** = પુરુષતત્ત્વની **ભવિત** = થાય **ભંગ** = વિક્ષેપ, નાશ **નિજ** = પોતાના **તનહી** = શરીરમાંથી, શરીરની.

### અનુવાદ

**શરીરમાંથી પોતાના પુરુષતત્ત્વનું વિત્ત નાશ થાય છે તેની નુકસાનીની સાચી બીના (સ્થિતિ) ગણતરી કરીને કહું છું તે હે સર્વ સજ્જનો! શ્રવણ કરો.**

### ભાવાર્થ

સ્ત્રી સાથે શરીર સુખ ભોગવવાથી પુરુષના પુરુષતત્ત્વનાં જેટલા જેટલા તત્ત્વોનો નાશ થાય છે તેની નુકસાનીની સાચી પરિસ્થિતિ ગણતરી કરીને આપણને કુવેરસ્વામી દર્શાવે છે તે સાંભળવા માટે દરેક સજ્જનોને અનુરોધ કરવામાં આવે છે.

**વીશા સો સમર મહી ચોસટ, નરકુ કામ વિશેઈ;**
**તિનકે દિન ઉનમાન કહત પુનિ, ગનતી સરવ ગનેઈ. ૨**

### શબ્દાર્થ

**વીશા સો** = એક સો વીસ **સમર મહી** = સમયમાં **ચોસટ** = ચોસઠ **નરકુ** = પુરુષને **કામ વિશેઈ** = કામ વાસના **તિનકે** = તેના **દિન** = દિવસો **ઉનમાન** = ગણતરી કરીને, માપ, સામર્થ્ય, અનુમાન, બળ **કહત** = કહું છું **પુનિ** = વળી **ગનતી** = ગણાવીને હિસાબ કરીને **સરવ** = બધું **ગનેઈ** = ગણાવું છું.

## અનુવાદ

**એક સો વીસ વર્ષના સમય દરમિયાન ચોસઠ વર્ષ પુરુષને કામવાસના રહે છે. તેના દિવસો ગણતરી કરીને જણાવું છું, વળી તેની દરેકની સામર્થતાની ગણતરી પણ ગણાવું છું.**

## ભાવાર્થ

પુરુષના સરેરાશ એકસો વીસ વરસના આયુષ્યની ઉંમર દરમિયાન પુરુષતત્ત્વનો ચોસઠ વર્ષનો સમય હોય છે. તે સમય દરમિયાન પુરુષની કામવાસના ઉત્તેજીત થતી હોય છે. તેના દિવસોની ગણતરી તેમજ તેમાં થતા દરેક તત્ત્વોના સમર્થતાની હાનિ અંગેની ગણતરી કરીને કુવેરસ્વામી આપણને હિસાબ ગણાવે છે.

**અષ્ટાદશ ઓરુ પંચ સહસ્ત્ર જીનું, ખટસે ઉભે ચાલીશુ;**
**એતને દિનકી બિંદુ પાતસે, તદિપ ન હોય નર ઈશુ. ૩**

### શબ્દાર્થ

**અષ્ટાદશ** = અઢાર **ઓરુ** = અને **પંચ** = પાંચ **સહસ્ત્ર** = હજાર **જીનું** = જેના **ખટસે** = છસો **ઉભે** = બે વખત **ચાલીશુ** = ચાલીસ **એતને** = એટલા **દિનકી** = દિવસના **બિંદુ પાતસે** = બિંદુ પતનથી **તદિપ** = તેથી, ત્યારે **ન હોય** = હોય નહીં, રહે નહીં **નર** = પુરુષત્વવાળો, ઐશ્વર્યવાન.

## અનુવાદ

**ત્રેવીસ હજાર છસો એંસી દિવસ બિંદુનું પતન થાય ત્યારે પુરુષ પુરુષતત્ત્વવાળો રહેતો નથી.**

## ભાવાર્થ

સંવત વર્ષની ગણત્રી કરતા ૩૦ દિવસનો મહિનો અને વર્ષના ૩૬૦ દિવસની ગણતરી કરતાં ૬૪ વર્ષના ૨૩,૦૪૦ દિવસ થાય છે, વળી અધિક માસના ૬૪૦ દિવસ ઉમેરતાં કુલ ૨૩,૬૮૦ દિવસ થાય છે. તે દરમિયાન ૨૩૬૮૦ વખત પુરુષના બિંદુનું પતન થાય તો પુરુષમાં પુરુષત્ત્વ રહેવા પામતું નથી. અર્થાત્ ત્યારબાદ પુરુષ પુરુષાતનવાળો રહેતો નથી.

**ઈષ્ટપણું ક્યૌ હોય ન નરનકુ, તીનકે લક્ષ લખાવુ;**
**જેતને નર વિત્ત જાત વીરજમેં, સબ વિધિ સમજ પખાવુ. ૪**

### શબ્દાર્થ

**ઈષ્ટપણું** = મહાનતા, ઐશ્વર્ય, શક્તિ, મર્દાનગી **ક્યૌ** = કેમ **હોય** = હોય **ન** = નહીં **નરનકુ** = પુરુષને **તીનકે** = તેનો **લક્ષ** = અંતિમ ધ્યેય, સમજ, જ્ઞાન **લખાવું** = જણાવું, દર્શાવુ **જેતને** = જેટલા **નર વિત્ત** = પુરુષની શક્તિ **જાત** = જાય છે, નાશ પામે **વીરજમેં** = વીર્યમાં, શુક્રાણુમાં **સબ વિધિ** = બધી રીતે **સમજ** = સમજણ **પખાવુ** = દર્શાવુ, સમજ પડે તેમ કહુ, પરખાવુ.

### અનુવાદ

**પુરુષમાં મર્દાનગી કેમ ન હોય તે અંગેનો લક્ષ દર્શાવું છું. વળી જેટલી (કેટલી) શક્તિ પુરુષના શુક્રાણુમાં (વહી) જાય છે, તે બધી રીતે સમજ પડે તેમ કહું છું.**

### ભાવાર્થ

પુરુષમાં ૨૩,૬૮૦ દિવસ દરમિયાન બિંદુપાત પછી પુરુષાતન કેમ ન રહે તે અંગેના લક્ષને કુવેરસ્વામી દર્શાવે છે. વળી પુરુષના શુક્રાણુમાં જે પ્રમાણે તત્ત્વોની હાનિ થાય છે તે તત્ત્વના વિત્તની ગણતરી કરીને આપણને સમજ પડે તે રીતે જણાવે છે.

**બિંદુ બિંદુમેં પુરુષ પુરુષકે, સ્ત્રાજમ સકલ સબેહી;**
**અંતઃકરણ ઈન્દ્રિ ગુણ ઘણ સહિતમ, પંચતત્ત્વ તન જેહી. ૫**

### શબ્દાર્થ

**બિંદુ બિંદુમેં** = પ્રત્યેક બિંદુમાં **પુરુષ પુરુષકે** = પ્રત્યેક પુરુષના **સ્ત્રાજમ** = સામગ્રી, સરંજામ **સકલ** = સર્વ **સબેહી** = તમામ, બધી જ **અંતઃકરણ** = અંતઃકરણ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગુણ** = ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ **સહિતમ** = સહિતની આદ્ય લઈ **પંચ તત્ત્વ** = પાંચ તત્ત્વો **તન** = શરીરના **જેહી** = જે.

### અનુવાદ

**શરીરમાં જે અંતઃકરણ, ઈન્દ્રિયો, ગુણ-ઘણની આદ્ય લઈ પંચ તત્ત્વો સહિત**

**બધા જ તત્ત્વની બધી જ (તમામ) સામગ્રી પુરુષના પ્રત્યેક બિંદુમાં જાય છે.**

## ભાવાર્થ

પ્રત્યેક પુરુષમાં જ્યારે જ્યારે બિંદુપાત થાય ત્યારે ત્યારે દરેક બિંદુપાતમાં ચાર અંતઃકરણો મન-બુદ્ધ, ચિત્ત અને અહંકાર-પાંચ કમેન્દ્રિયો- હાથ, પગ, મુખ, ઉપસ્થ અને ગુદા-પાંચ જ્ઞાનેન્દ્રિયો-કાન, નાક, નેત્ર, ત્વચા અને જિહ્‌વા-ત્રણ ગુણ-રજો તમો અને સતો-ત્રણ ઘણ અહંકાર, અચંત અને સ્વકાશ સહિત પાંચ તત્ત્વો-પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ મળીને કુલ અઠ્ઠાવીસ તત્ત્વોના તત્ત્વભાગનું દોહન થઈને (પ્રત્યેક બિંદુમાં ) વહી જાય છે.

**ઓરુ ચોસઠ અંગુલકી હવીતવ, હાણ પવનકી જીનમેં;**
**સુરતા અકલ અંશ આરતકે, તેહી પણ જાવત તીનમેં. ૬**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **ચોસઠ** = ચોસઠ **આંગુલકી** = આંગળીઓના માપથી **હવીતવ** = થાય છે **હાણ** = હાનિ, નાશ, ઘાત **પવનકી** = પ્રણવની **જીનમેં** = જેમાં **સુરતા** = સુરતા **અકલ** = અક્કલ **અંશ** = અંશની **આરતકે** = આરતની **તેહી પણ** = તે પણ **જાવત** = જાય છે **તીનમેં** = તેમાં.

## અનુવાદ

**તેમાં ચોસઠ આંગળ પ્રણવની પણ હાનિ થાય છે અને અંશની સમૃદ્ધિ રૂપે રહેલી સુરતા, અક્કલ તથા આરત પણ તેમાં જાય છે.**

## ભાવાર્થ

એક વખતના બિંદુપાતમાં અંશની જે સમૃદ્ધિ છે તેવા અક્કલ, આરત અને સુરતાની સામગ્રી વહી જાય છે.જ્યારે બિંદુપાત થતો હોય તે દરમિયાન ૬૪ આંગળના માપથી ચાલતા પ્રણવની પણ હાનિ થાય છે.

**એહી દ્વાદશ દશ ખટ અંશકી, પ્રજા બિંદુમે જાઈ;**
**એહી પરકાર વરસ ચોસઠ કે, દીનકી કેતીક થાઈ. ૭**

### શબ્દાર્થ

**એહી** = આ મુજબ **દ્વાદશ** = બાર **દશ** = દશ **ખટ** = છ **અંશકી** = અંશની **પ્રજા** = તત્ત્વોનો સમુહ, પ્રાકૃત્તિક તત્ત્વોનો પરિવાર **બિંદુ મેં** = બિંદુપાતમોં **જાઈ** = જાય છે **એહી** = આ **પરકાર** = પ્રકારે **વરસ** = વર્ષ **ચોસઠકે** = ચોસઠના **દીનકી** = દિવસોની **કેતીક** = કેટલી **થાઈ** = થાય.

### અનુવાદ

**અંશના પરિવાર રૂપે રહેલાં એ અઠ્ઠાવીસ તત્ત્વોના ભાગ બિંદુમાં જાય છે. એ પ્રકારે ચોસઠ વર્ષના દિવસોમાં કેટલાં થાય ?**

### ભાવાર્થ

દેહના સ્વામી રૂપે રહેલા અંશના પરિવાર રૂપે રહેલા ચાર અંતઃકરણો, દશ ઈન્દ્રિયો, પાંચ તત્ત્વો, ત્રણ ગુણ, ત્રણ ઘણ તેમજ અંશની ત્રણ સમૃદ્ધિ રૂપે રહેલાં અક્કલ, આરત અને સુરતા મળી કુલ અઠ્ઠાવીસ તત્ત્વોના તત્ત્વભાગ એક બિંદુપાતમાં વહી જાય છે. તેની ગણતરી કરતાં ચોસઠ વર્ષના દિવસોની ગણતરી કરતાં કેટલી સામગ્રી થાય ? તે હવે પછી દર્શાવી છે.

**તીનકે કહુ પરમાણ અપરમીત, મરમીત મીસર સહેતુ;**
**એહી તનમેં તન સમલ સંજુક્તા, અપરમપાર સખેતુ, ૮**

### શબ્દાર્થ

**તીનકે** = તેના અંગે, તે વિષે **કહું** = કહું છું **પરમાણ** = પ્રમાણ, હિસ્સો, ગુણોત્તર **અપરમીત** = અમાપશક્તિ **મરમીત** = માપકશક્તિ **મીસર** = મિશ્રણ **સહેતુ** = હેતપૂર્વક **એહી** = એ **તનમેં** = શરીરમાં **તન** = શરીર **સમલ** = મેળવીને **સંજુક્તા** = સંયુક્તપણે, અભિન્નપણે, ભેગું, અવિભક્ત **અપરમપાર** = અપરંપાર, પુષ્કળ, અનહદ, બેહદ **સખેતુ** = ખેતર રૂપ.

### અનુવાદ

**આ અપરંપાર ખેતર રૂપ શરીરમાં શરીર સાથે અભિન્નપણે ભળેલા આ અમાપ અને માપશક્તિવાળા તત્ત્વો છે તેનું મિશ્રણ ક્યા પ્રમાણથી થયેલું છે તે (હું) પ્રેમપૂર્વક કહું છું.**

## ભાવાર્થ

જેનો કોઈ પાર પામી શકાય તેમ નથી તેવા આ ખેતર રૂપી સ્થૂળ દેહમાં શરીર સાથે ઈચ્છાવૃત્તિના અભિન્નપણે બોતેર માપક તત્ત્વો ભળેલા છે. તે પૈકી દશ ઈન્દ્રિયોના + પાંચ મહા (ભૂત) તત્ત્વો + ત્રણ ગુણ + ત્રણ ઘણ + ચાર અંતઃકરણ એમ પચ્ચીસ તત્ત્વો ; તેમ જ અંશની સમૃદ્ધિના અમાપ તત્ત્વો અક્કલ, આરત અને સુરતા મળીને કુલ અટ્ઠાવીસ તત્ત્વોના તત્ત્વભાગ એક બિંદુપાતમાં વહી જાય છે. તેનું મિશ્રણ ક્યા પ્રમાણથી થયેલું છે તે કુવેરસ્વામી આપણને હવે પછી હેતપૂર્વક દર્શાવે છે.

**જેતેહી દિન ઉનમાન કહીતમેં, બિંદુપાત તન હોઈ;**
**તેતેહી અંતસ ગુણકી આદ્ય સબ, જાવત સંગ સકોઈ. ૯**

### શબ્દાર્થ

**જેતેહી** = જેટલા **દિન** = દિવસ **ઉનમાન** = ગણતરી **કહીત** = કહી **મેં** = મેં **બિંદુપાત** = બિંદુપાત **તન** = શરીરથી **હોઈ** = હોય છે **તેતેહી** = તેટલા તેટલા **અંતસ** = અંતઃકરણ **ગુણકી** = ગુણોની **આદ્ય** = આદ્ય લઈ **સબ** = સર્વ, તમામ, બધા જ **જાવત** = જાય છે **સંગે** = સાથે મળીને, સંગાથે **સકોઈ** = સર્વ કોઈ, દરેક, પ્રત્યેક.

## અનુવાદ

**જેટલા દિવસની ગણતરી મેં કહી તેટલા બિંદુપાત શરીરમાંથી થાય છે, તેટલા તેટલા અંતઃકરણ ગુણની આદ્ય લઈ બધા જ તત્ત્વો ભળીને એક સાથે જ જાય છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ ચોસઠ વર્ષના જેટલા દિવસોની ગણતરી કહી સમજાવી તે મુજબ તેટલા તેટલા તત્ત્વો એક બિંદુપાતમાં શરીરમાંથી એક સાથે વહી જાય છે. જેમાં અંતઃકરણો ગુણ અને પાંચ મહાતત્ત્વોની આદ્ય લઈ ઈન્દ્રિયો સહિત અક્કલ, આરત અને સુરતા એ તમામે તમામ તત્ત્વો ભેગા ભળીને એક સાથે જ જાય છે.

**એહી પરકાર હાન વિભૂતિનકી, હોવત અંશ જેહુનકી;**
**જ્યોં નરપત દલહીન હવિતસે, જીત ન હોય તેહુનકી. ૧૦**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે, એ પ્રમાણે **હાન** = હાનિ **વિભૂતિનકી** = ઐશ્વર્યોની, પ્રભૂતાની, સામર્થ્યની, શક્તિની **હોવત** = થાય છે **અંશ** = અંશ **જેહુનકી** = જેઓની **જ્યૌ** = જેમ **નરપત** = રાજા **દલહીન** = લશ્કર વિનાનો, સૈન્ય સિવાય **હવિતસે** = થવાથી **જીત ન હોય** = જીત મેળવે નહીં, જીતે નહીં **તેહુનકી** = તેમની, તેઓની.

### અનુવાદ

**જેમ રાજા સૈન્ય સિવાયનો હોય તો તેની જીત થતી નથી, એ જ પ્રકારે અંશને પણ તેના સામર્થ્યની હાનિ થાય છે.**

### ભાવાર્થ

યુદ્ધ ભૂમિમાં રાજાનું શક્તિશાળી સૈન્ય નાશ પામે તો સૈન્ય સિવાયનો રાજા શક્તિહીન થઈ જતાં તે દુશ્મનો ઉપર જીત મેળવી શકતો નથી. એવી જ રીતે શરીરમાંથી બિંદુપાતને લીધે પોતાના સામર્થ્ય અને શક્તિરૂપી તત્ત્વોની હાનિ થતાં અંશ નિર્માલ્ય થતો હોવાથી પોતાની સામર્થ્યતા ગુમાવે છે.

**તેસેહી અંશ રાજ દલ ઉરભીત, હિરણ ગ્રભવત તાઈ;**
**નાર સંગ સંજોગ કરીતસે, કનક સીન ભગ જાઈ. ૧૧**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **અંશ** = અંશ **રાજ દલ** = રાજ્યનું સૈન્ય **ઉરભીત** = સજ્જ, બાથભીડે તેવું, પ્રતિકારક શક્તિ ધરાવતું **હિરણ ગ્રભવત્** = હિરણ્ય ગર્ભના સ્વરૂપે **તાઈ** = તે **નાર** = સ્ત્રી **સંગ** = સાથે **સંજોગ** = સંયોગ, મેળાપ **કરીતસે** = કરવાથી **કનક સીન** = સુવર્ણ રૂપી સૈન્ય, કિમતી લશ્કર **ભગ** = પરાક્રમ, અપારશક્તિ, સામર્થ્ય **જાઈ** = જાય છે, નાશ પામે છે, દૂર થાય છે.

### અનુવાદ

**તેવી જ રીતે રાજા રૂપી અંશનું હિરણ્યગર્ભીત રૂપે રહેલું શક્તિશાળી - મહામૂલ્યવાન સૈન્ય નારીના સંગે કરીને નાશ પામે છે. પરિણામે શક્તિહીન થવાથી અંશ નિર્માલ્ય બને છે.**

### ભાવાર્થ

તેવી જ રીતે રાજા રૂપી દેહના સ્વામી એવા અંશનું હિરણ્યગર્ભિત રહેલું અક્કલ, આરત અને સુરતા તેમજ પ્રણવ સહિતનું મહામૂલ્યવાન સામર્થ્યવાળું સૈન્ય સ્ત્રી સાથે શરીર સબંધ ભોગવવાને કારણે નાશ પામે છે. પરિણામે અંશ શક્તિહિન થવાથી નિર્માલ્ય બને છે.

**જો કદપિ દલ સંચિત હોય તો, ઈશતા સુણો જીનેહુ;**
**કોટિક સિંહ સંગ જીનકે હુત, તીનકુ કુન જીતેહુ. ૧૨**

### શબ્દાર્થ

**જો** = જો **કદપિ** = કદાચ, કોઈ કારણો વસાત **દલ** = સૈન્ય **સંચિત** = સચવાયેલું, સંગ્રહાયેલું, એકઠું થઈને રાખેલું **હોય તો** = હોય તો **ઈશતા** = ઐશ્વર્ય, પરાક્રમ, શક્તિ **સુણો** = સાંભળો **જીનેહુ** = જેની, તેની **કોટિક** = કરોડો, કેટલાય **સિંહ** = સિંહો **સંગ** = સાથે **જીનકે** = જેમની, જેઓની **હુત** = હોય **તીનકુ** = તેમને, તેઓને **કુન** = કોણ **જીતેહુ** = જીતી શકે.

### અનુવાદ

**જો કદાચ લશ્કર સંગ્રહાયેલું હોય તો તેની શક્તિ કેવી હોય તે સાંભળો. જેમ કે જેની સાથે કરોડો (કેટલાયે) સિંહ હોય તેને કોણ જીતી શકે ?**

### ભાવાર્થ

જો કોઈ કારણો વસાત્ અંશના સામર્થ્યવાન લશ્કર રૂપી અક્કલ, આરત, સુરતા અને પ્રણવને વેડફાયા વિનાનું સંગ્રહાયેલ અખંડ અને અભિન્ન રહ્યું હોય તો તેવા પુરુષની અપાર શક્તિ હોય છે. તેની શક્તિ સમજવા માટે અહીં દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. રાજા સમાન અંશની સામે દુશ્મનોના સૈન્યની કરોડો સિંહો સમાન તાકાત એકઠી થઈ હોવા છતાં અંશના શક્તિશાળી સૈન્ય સમાન તત્ત્વ બળ આગળ તે ઓછી પુરવાર થાય છે. અર્થાત્ તેવી તાકાત પણ તે અભિન્ન અને અખંડ રહેલા બળવાળા પુરુષને જીતી શકતી નથી.

**અબ તીનકી ગનતી ગનવાવત, શ્રોતા સુનો સકલહી;**
**એક પક્ષ અગણિત હોહુતે, કેતીક હોય અકલહી. ૧૩**

### શબ્દાર્થ

**અબ** = હવે **તીનકી** = તેની **ગનતી** = ગણતરી **ગનવાવત** = ગણાવું છું **શ્રોતા** = સાંભળનારા વર્ગ, શ્રોતાજનો **સુનો** = સાંભળો **સકલહી** = બધા જ, સર્વ, તમામ **એક** = એક **પક્ષ** = જૂથ, વિભાગ **અગણિત** = અસંખ્ય, અપાર, અનેક **હોહુતે** = હોઈ શકે **કેતીક** = કેટલીયે **હોય** = હોય **અકલહી** = અક્કલ, બુદ્ધિ.

### અનુવાદ

**હવે તેની ગણતરી ગણાવું છું તે હે શ્રોતાજનો ! સૌ સાંભળો. જો એક જ પક્ષ (જુથ કે બાબત) માં રહી હોત તો કેટલીયે અક્કલ હોત !**

### ભાવાર્થ

પુરુષના શરીરમાંથી બિંદુપાતને લીધે કેટલા સમય દરમિયાન કેટલા તત્ત્વોની કેટલી સંખ્યામાં કેટલી શક્તિનો નાશ થાય છે ? તે કુવેરસ્વામી સર્વ શ્રોતાજનોને સાંભળવા માટે અનુરોધ કરે છે. તેઓ કહે છે કે જો સ્ત્રી સંગ ન કરે તો પુરુષમાં એક જૂથ થયેલી અપાર શક્તિ સંગ્રહાયેલી રહેતી હોય છે અને તેવા પુરુષની બુદ્ધિ પણ અનેક ઘણી હોય છે.

**ચોસઠ વરસ પુરુષકે દિન હુત, સતદશ અષ્ટ હજારુ;**
**ઉભે દશ એક લખ મીલી પંચસે, ઉભે ત્રીસુ વિસ્તારુ. ૧૪**

### શબ્દાર્થ

**ચોસઠ વરસ** = ચોસઠ વર્ષ **પુરુષકે દિન** = પુરુષના દિવસો **સતદશ** = સીત્તેર **અષ્ટ** = આઠ **હજારુ** = હજાર **ઉભે દશ** = વીસ **એક** = એક **લખ** = લાખ **મીલી** = મળીને **પંચસે** = પાંચસો **ઉભે ત્રીસુ** = સાઈઠ **વિસ્તારુ** = વિસ્તાર

### અનુવાદ

**ચોસઠ વર્ષના દિવસોમાં એકવીસ લાખ ઈઠ્ઠોતેર હજાર પાંચસો સાઈઠ (૨૧,૭૮,૫૬૦) તત્ત્વ ભાગ જાય છે, તેનો વિસ્તાર કહું છું.**

### ભાવાર્થ

પુરુષના કુલ ચોસઠ વર્ષના દિવસો ૨૩,૬૮૦ × ૨૮ તત્ત્વો મળી કુલ

૬,૬૩,૦૪૦ અને ૨૩,૬૮૦ × ૬૪ આંગળ પ્રણવના કુલ ૧૫,૧૫,૫૨૦ મળી કુલ ૨૧,૭૮,૫૬૦ તત્ત્વ ભાગની હાનિ એક બિંદુપાતના આધારે તત્ત્વો અને પ્રણવની સમૃધ્ધિનો નાશ થાય છે. તેની ગણતરી કુવેરસ્વામી હવે પછી અલગ અલગ ગણતરી કરીને જણાવશે.

**દિન દિન પ્રત્યે બિંદુ એકનમેં, ગુણ ઘણ જત અંતસહી;**
**પ્રણવ ઈન્દ્રિ દશ સુરત અકલ રત, કહત સમાર સમસહી. ૧૫**

### શબ્દાર્થ

**દિન દિન પ્રત્યે** = પ્રત્યેક દિવસ દરમિયાન **બિંદુ** = બિંદુ **એકનમેં** = એકમાં **ગુણ** = ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ **જત** = જાય **અંતસહી** = ચાર અંતઃકરણો **પ્રણવ** = ચોસઠ આંગળ પ્રણવ **ઈન્દ્રિ દશ** = દશ ઈન્દ્રિયો **સુરત** = સુરતા **અકલ** = અક્કલ **રત** = આરત **કહત** = કહું છું **સમાર** = સમીકરણ, હિસાબ, ગણતરી **સમસહી** = સમાવેશ થાય છે, સમાયેલ, કરીને.

### અનુવાદ

**પ્રત્યેક દિવસ દરમિયાન એક બિંદુમાં ગુણ, ઘણ, અંતઃકરણ, પ્રણવ, દશ ઈન્દ્રિયો, અક્કલ, આરત અને સુરતા જાય છે, તેની ગણતરી કરીને કહું છું.**

### ભાવાર્થ

ચોસઠ વર્ષના ૨૩,૬૮૦ દિવસોમાં પ્રત્યેક દિવસે જો પુરુષનું સ્ત્રી સાથે શરીરસુખ માણવાથી બિંદુપાત થાય તો તેમાં ત્રણ ગુણ + ત્રણ ઘણ + ચોસઠ આંગળ પ્રણવ + ચાર અંતઃકરણ + દશ ઈન્દ્રિયો + પાંચ મહાતત્ત્વ તથા અક્કલ, આરત અને સુરતા વહી જાય છે. તેની વ્યક્તિગત રીતે ગણતરી કરીને હવે કુવેરસ્વામી આપણને દર્શાવે છે.

**પ્રથમહી સુરત અકલ આરત વિત્ત, જીનકે સૂનો વિભાગુ;**
**ચોસટ સહસ્ત્ર હજાર સપ્ત પુનિ, દ્વૈ વીશ સહિત સમાગુ. ૧૬**

### શબ્દાર્થ

**પ્રથમહી** = સૌથી પહેલાં **સુરત** = સુરતા **અકલ** = અક્કલ **આરત** = આરત **વિત્ત** = સત્ત્વ, સમૃદ્ધિ, ઐશ્વર્ય **જીનકે** = જેનાં, જેના અંગે **સૂનો** = સાંભળો **વિભાગુ** = ભાગ, વિભાગ,પ્રમાણ **ચોસટ** = ચોસઠ

**સહસ્ત્ર** = હજાર **હજાર સપ્ત** = સાત હજાર **પુનિ** = વળી **દ્વૈ વીશ** = બે વખત વીસ ચાલીસ **સહિત** = સાથે, મળીને **સમાગુ** = સમાવેશ, સમાયા, ભળેલાં.

## અનુવાદ

**પ્રથમ સુરતા, અક્કલ, અને આરતના ઐશ્વર્યના વિભાગ શ્રવણ કરો. જેમાં ચોસઠ હજાર + સાત હજાર + ચાલીસ મળીને ૭૧,૦૪૦ નો સમાવેશ થાય છે.**

## ભાવાર્થ

સૌ પ્રથમ અક્કલ, આરત અને સુરતા એમ ત્રણ સત્ત્વની ગણતરી કરીએ તો કુલ ૨૩,૬૮૦ દિવસો × ૩ સત્ત્વ = ૭૧,૦૪૦ વિભાગ એક (વખતના) બિંદુપાતની ગણતરીએ કરીને થાય છે.

**એતેહી જાત વિભાગ બિંદુમેં, ચોસઠ વરસ દિનુમેં;**
**સુરત અકલ આરતકે વિત્તમેં, હાનિ હોત જીનુંમે. ૧૭**

### શબ્દાર્થ

**એતેહી** = એટલા, તેટલા **જાત** = જાય છે **વિભાગ** = હિસ્સો, પેટા ભાગ **બિંદુમેં** = બિંદુમાં **ચોસઠ વરસ** = ચોસઠ વર્ષના **દિનુમેં** = દિવસોમાં **સુરત** = સુરતા **અક્કલ** = અક્કલ **આરતકે** = આરતના **વિત્તમેં** = વિત્તનું, બળનું, તાકાતનું **હાનિ** = નૂકશાની, ધોવાણ **હોત** = હોય, થાય **જીનુંમે** = જેમાં, જેમનાં

## અનુવાદ

**ચોસઠ વર્ષના દિવસોમાં બિંદુમાં એટલા વિભાગ જાય છે વળી તેમાં સુરતા, અક્કલ અને આરતના વિત્તની હાનિ થાય છે.**

## ભાવાર્થ

ચોસઠ વર્ષના ૨૩,૬૮૦ દિવસોની ગણતરીએ કુલ ૭૧,૦૪૦ જેટલા વિભાગ બિંદુમાં વહી જાય છે. જેથી સુરતા, અક્કલ અને આરતના વિત્તની હાનિ થાય છે.

**પુનિ ગુણ ઘણ લખ એક ઓર જીનું, દ્વાદસ ત્રીસ હજારુ;**
**તીનકે ઉપરીત એંસી અંશ મિલ, ગુણ ઘણ કિયે સમારુ. ૧૮**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **ગુણ** = ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ **લખ એક** = એક લાખ **ઓર** = અને **જીનું** = જેનો **દ્વાદસ ત્રીસ હજારુ** = બાર અને ત્રીસ મળી કુલ બેતાળીસ હજાર **તીનકે** = તેના **ઉપરીત** = ઉપરાંત, વત્તા **એંસી** = એંસી **અંશ** = અંશ **મિલ** = મળીને **ગુણ ઘણ** = ગુણ અને ગણ **કિયે** = કર્યા **સમારુ** = ગણતરી, હિસાબ, સુમાર.

### અનુવાદ

**વળી ગુણ, ઘણ મળીને એકંદરે એક લાખ બેતાળીસ હજાર ને એંસી (૧,૪૨,૦૮૦) ભાગ જાય છે. આ રીતે ગુણ તથા ઘણની ગણતરી કરી છે.**

### ભાવાર્થ

વળી ત્રણ ગુણ-રજોગુણ, સતોગુણ અને તમોગુણ-તેમજ ત્રણ ઘણ -અચંત, સ્વકાશ અને અહંકાર મળી કુલ છ તત્ત્વોના વિભાગની ૨૩,૬૮૦ દિવસની ગણતરી કરતાં કુલ ૧,૪૨,૦૮૦ તત્ત્વ વિભાગ થાય છે.

**તેહી પણ જાત વિભાગ વીરજમેં, કારણ કામ સમલતા;**
**તેતેહી રજ તમ સાત્ત્વિક તીન ઘણ, પાવત પેજ નિર્બલતા. ૧૯**

### શબ્દાર્થ

**તેહી પણ** = તે પણ **જાત** = જાય છે **વિભાગ** = વિભાગ **વીરજમેં** = વીર્યમાં, બિંદુપાતમાં **કારણ કામ** = કામ-વાસનાને કારણે **સમલતા** = મળીને, ભેગા થઈને **તેતેહી** = તેટલા તેટલા **રજ** = રજોગુણ **તમ** = તમો ગુણ **સાત્ત્વિક** = સતોગુણ **તીન ઘણ** = ત્રણ ઘણ **પાવત** = પામે છે, મેળવે છે **પેજ** = આંટા, બળ, શક્તિ, તાકાત **નિર્બલતા** = નિર્બળતા, કમજોરી, નબળાઈ.

### અનુવાદ

**તે પણ કામ-વાસનાને કારણે ભેગા ભળીને વીર્યમાં વહી જાય છે. તેટલા તેટલા**

**જ રજોગુણ, સતોગુણ અને તમોગુણ તેમજ ત્રણ ઘણ પોતાની શક્તિથી કમજોર થાય છે.**

### ભાવાર્થ

તે ત્રણ રજોગુણ, સતોગુણ અને તમોગુણના તેમજ ત્રણ અચંતઘણ, સ્વકાશઘણ અને અહંકારઘણના ભેગા મળીને બધા જ તત્ત્વભાગો સ્ત્રી સાથેની કામવાસના સંતોષવાને કારણે વીર્યમાં વહી જાય છે. જેટલા જેટલા તત્ત્વભાગ વહી જાય તેટલા તેટલા તેના તત્ત્વો પોતાની શક્તિ ગુમાવીને કમજોર બની જાય છે.

**અબકે કહત ચતુર અંતસકે, અંશ વિભાગ જીનેહુ;**
**ચતુર નેવુ જીનું સહસ્ત્ર સપ્તસે, ઉપરીત વૈશ તીનેહુ. ૨૦**

#### શબ્દાર્થ

**અબકે** = હવે પછી **કહત** = કહું છું **ચતુર અંતસકે** = ચાર અંતઃકરણોના **અંશ વિભાગ** = તત્ત્વ ભાગના વિભાગો **જીનેહુ** = જે, જેના **ચતુર નેવુ** = ચાર + નેવુ = ચોરાણુ **જીનું** = જેના **સહસ્ત્ર સપ્તસે** = સાતસો હજાર **ઉપરીત** = ઉપરાંત, વત્તા **વૈશ** = વીશ **તીનેહુ** = તેના પણ.

### અનુવાદ

**હવે પછી ચાર અંતઃકરણોના તત્ત્વ ભાગના વિભાગો કહું છું જેના ચોરાણુ હજાર વત્તા સાતસો વીસ મળી કુલ ૯૪,૭૨૦ વિભાગ થાય છે.**

### ભાવાર્થ

હવે પછી ચાર અંતઃકરણો - મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તના તત્ત્વભાગના વિભાગો બિંદુપાતમાં જાય છે. તેની ગણતરી કુવેરસ્વામી કહે છે કે જેમાં કુલ ૨૩,૬૮૦ દિવસને ચાર વડે ગુણતાં કુલ ૯૪,૭૨૦ તત્ત્વ ભાગના વિભાગો થાય છે.

**એતેહી અંતસકરનકે જત, અંશ સહિર સમોહુ;**
**તબ જોસનભર રહત ન અંતસ, આકંત વંત અમોહુ. ૨૧**

### શબ્દાર્થ

**એતેહી** = એટલાં, આ રીતે **અંતસકરનકે** = અંતઃકરણોનાં **જત** = જાય છે **અંશ** = તત્ત્વ ભાગ **સહિર** = હિર રૂપે, વિત્ત રૂપે **સમોહુ** = સમૂહ, જૂથ **તબ** = ત્યારે **જોસનભર** = તાકાતવાળા, સમર્થવાન **રહત** = રહે **ન** = નહીં **અંતસ** = અંતઃકરણ **આકંત વંત** = આકંતિવાન, સામર્થ્યવાન **અમોહુ** = મોહ વિનાના.

### અનુવાદ

**આ રીતે અંતઃકરણોના તત્ત્વ ભાગ રૂપ હિરનો સમુહ જાય છે, ત્યારે અંતઃકરણ તાકાતવાળાં ન રહેતાં, મોહ અને આકંતિવાન વગરનાં રહે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે જ્યારે ચારેય અંતઃકરણોનાં સમુહના તત્ત્વ ભાગ રૂપે રહેલા હિરના વિભાગો તેમાં મળીને બિદુપાત સાથે વહી જાય છે, ત્યારે જે મૂળ તાકાતવાન અંતઃકરણો પોતાનામાં રહેલા હીર રૂપ તત્ત્વ ભાગ વહી જવાને કારણે તે મોહ અને આકંતિવાન સિવાયના થઈ જાય છે તેમજ નિર્બળ થાય છે.

**તેહી માટે ચતુરન અવિલોકન, પાત ન પોંચ અગમકી;**
**આધારે આધારન ઉચરત, ગ્રહીતવ ઓટ નિગમહી. ૨૨**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે **ચતુરન** = ચાર મુખવાળા બ્રહ્માજી **અવિલોકન** = બારીકાઈથી નિહાળવું **પાત** = પતન, અધઃપતન પડવું તે **ન પોંચ** = પહોંચી ન શક્યા **અગમકી** = અગમ પદની **આધારે આધારન** = અવલંબનને આધારે, પ્રમાણ, પુરાવા **ઉચરત** = ઉચ્ચાર કર્યો **ગ્રહીતવ** = ધારણ કરીને **ઓટ** = ઓથ, આશ્રય, આધાર **નિગમકી** = વેદનો, વેદની.

### અનુવાદ

**તે માટે ચતુરાનન બ્રહ્મા પતનને લીધે જ અગમ પદનું અવલોકન કરવાની પહોંચ પામ્યા નહીં અને પ્રત્યક્ષ અવલંબનના આધારે વેદની ઓથ લઈને બોલ્યા છે.**

### ભાવાર્થ

તેટલા માટે જ ચતુરાનન બ્રહ્માજી પણ પોતે રજોગુણી હોવાને કારણે તેમનામાં

રહેલા તત્ત્વો પતન થઈ જવાને લીધે જ તેઓ અગમપદનું અવલોકન કરી શક્યા નહિં અને તેમનું બળ ત્યાં સુધી ન પહોંચ્યું. પરિણામે પ્રત્યક્ષ અવલંબનના આધારે જ વેદની ઓથ લઈને વાણીનો ઉચ્ચાર કર્યો છે.

**જ્યૌ પરહીન વિહંગમ વિચરત, ધર ધર પાવ ધરાસે;**
**જાઈ લગે પરવત પતિકે શિર, ઉરી ન શકે આકાશે. ૨૩**

**શબ્દાર્થ**

**જ્યૌ** = જેમકે **પરહીન** = પાંખ વિનાના **વિહંગમ** = આકાશમાં ઊડતું પક્ષી **વિચરત** = ચાલે, ફરે **ધર ધર પાવ** = પગ મૂકી મુકીને **ધરાસે** = પૃથ્વી ઉપર **જાઈ લગે** = જવા માંડે, જવા લાગે **પરવત પતિકે શિર** = પર્વતોના પતિ (રાજા)ની (હિમાલયની) ટોચ પર **ઉરી ન શકે** = ઊડી ન શકે **આકાશે** = આકાશમાં.

## અનુવાદ

**જેમ પાંખ સિવાયનું પક્ષી પૃથ્વી પર પગ ધરી ધરીને સૌથી ઊંચામાં ઊંચા પર્વતની ટોચે જઈ શકે, પરંતુ આકાશમાં ઊડી ન શકે.**

## ભાવાર્થ

પક્ષીનો ગુણધર્મ આકાશમાં ઊડવાનો છે. પરંતુ જો તે પોતાને ઊડવાની શક્તિ પ્રદાન કરતી પાંખો નિર્બળતા પામે તો તે પાંખ સિવાયનું પક્ષી પૃથ્વી પર ડગલાં (પગલાં) ભરી ભરીને પર્વતોના રાજા સમાન સૌથી ઊંચામાં ઊંચા પર્વતની ટોચ ઉપર પહોંચી શકે, પરંતુ આકાશમાં કદી ઊડી શકતું નથી.

**નિરાધાર તેહી અવનિ છોરીકે, વિચર ન શકે વિલતહી;**
**ત્યૌ કવિતાય વિહંગ હીન પર, વદીતવ સુરત મિલતહી. ૨૪**

**શબ્દાર્થ**

**નિરાધાર** = આધાર વગરનું, પાંખો વગરનું **તેહી** = તે **અવનિ** = પૃથ્વી **છોરીકે** = છોડીને **વિચર ન શકે** = ફરી શકે **વિલતહી** = ધીમેથી, મંદ ગતિથી **ત્યૌ** = તેમ, તેવી રીતે **કવિતાય** = કવિઓની રચના **વિહંગ હીન પર** = પાંખ વગરના પક્ષીની જેમ **વદીતવ** = બોલ્યા **સુરત** = દૃષ્ટિ **મિલતહી** = મેળવીને, પહોંચી ત્યાં સુધી.

### અનુવાદ

**(પાંખોના) આધાર વગર તે મંદ ગતિથી ચાલે છે પરંતુ પૃથ્વી છોડીને ઊડી ન શકે. તેમ પાંખો વિનાના પક્ષીની જેમ કવિતા રચનાર પણ જ્યાં સુધી પોતાની દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી જ બોલેલા છે.**

### ભાવાર્થ

પાંખોના આધાર વગરનું પક્ષી તેની ઊડવાની ક્ષમતા ન હોવાથી મંદ ગતિથી પૃથ્વી પર ચાલે છે, પરંતુ સહેજ પણ ઊડી શકતું નથી. તેમ કવિતાઓના રચયિતા પોતાના આંતરિક બળનું પતન થવાથી અગમ પદ સુધી પહોંચી શકતા નથી. તેઓ પોતાની દૃષ્ટિથી જેટલું જોઈ શક્યા છે તેટલું જ વિવરણ કરીને તેમણે વાણીનો વિલાસ કર્યો છે.

**આચારજ અગણિત અવન પર, વ્યાકરણકે વેત્તનકે;**
**પુમ પરધાન બ્રહ્મકે ભવીતલ, ભાષક ભવ ખેતનકે. ૨૫**

#### શબ્દાર્થ

**આચારજ** = આચાર્યો **અગણિત** = ઘણા, અપાર **અવન પર** = પૃથ્વી પર **વ્યાકરણકે** = વ્યાકરણના **વેત્તનકે** = જાણકાર, વેત્તા **પુમ** = પુરુષ **પરધાન** = આદ્યશક્તિ **બ્રહ્મકે** = બ્રહ્મયુક્ત **ભવીતલ** = ઉત્પન્ન થયેલા **ભાષક** = દેખાય, ભાષ્યમાન થાય છે **ભવ** = સંસાર, જગત **ખેતનકે** = ખેતરમાં, ક્ષેત્રમાં.

### અનુવાદ

**પૃથ્વી પર વ્યાકરણને જાણનારા અનેક આચાર્યો છે.જેઓ બ્રહ્મક્ષેત્રની ભૂમિકામાં પુરુષ અને પ્રકૃત્તિથી ઉત્પન્ન થયેલા જગતમાં ભાષ્યમાન થાય છે.**

### ભાવાર્થ

પૃથ્વી પર વિવિધતાસભર વ્યાકરણને જાણનારા અગણિત આચાર્યો થયેલા છે. તે બધા આચાર્યો બ્રહ્મક્ષેત્રની ભૂમિકામાં પુરુષ અને પ્રકૃત્તિથી ઉત્પન્ન થયેલા ભવમાં (વિશ્વમાં) ભાષ્યમાન થાય છે.

**ભવ સોઈ ભવિત નામ રુપ ગુણકે, ઓર પુરુષ પરકરતી;**
**અજ ભવ આદ્ય અનાદ્ય સબનકી, યાંહાં લ્યૌ સુરતી સમરતી. ૨૬**

### શબ્દાર્થ

**ભવ** = જગત, સંસાર **સોઈ** = તે **ભવિત** = થયેલા **નામ** = નામ **રુપ** = આકાર **ગુણકે** = ગુણોવાળા **ઓર** = અને **પુરુષ** = નિરંજન પુરુષ **પરકરતી** = પ્રકૃત્તિ, મહામાયા, આદ્ય શક્તિ **અજ** = બ્રહ્મા **ભવ** = વિષ્ણુ **આદ્ય અનાદ્ય** = ની આદ્ય લઈ અનાદિથી આદિ અનાદિ **સબનકી** = બધાની, સર્વની **યાંહાં લ્યૌ** = ત્યાં સુધી **સુરતી** = શ્રૃત્તિ, વેદ **સમરતી** = સ્મૃતિ, યાદદાસ્તથી લખેલા ગ્રંથો.

### અનુવાદ

**ભવ એટલે નામ, રૂપ અને ગુણવાળુ જગત કે જેમાં શ્રૃતિ અને સ્મૃતિ દ્વારા આદિ અનાદિની આદ્ય લઈ પુરુષ અને પ્રકૃતિ બ્રહ્મા, વિષ્ણુ સહિત બધું જ દર્શાવેલું છે.**

### ભાવાર્થ

ભવ એટલે કે નામ, રૂપ અને ગુણવાળી નાશવંત રચના. જેમાં ચાર વેદ અને સ્મૃતિઓ દ્વારા વર્ણવેલાં આદિ-અનાદિની આદ્ય લઈ નિરંજન પુરુષ, આદ્યશક્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સુધીની બધી જ રચનાઓનો સમાવેશ થાય છે.

**પણ કરતાર પુરંજન પદકે, અનુભવ અકલ અગાદુ;**
**કોઉ ન કોય નિજ અવનિ આદ્ય ધર, જીનકે વાદ વિવાદુ. ૨૭**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **કરતાર** = સર્જનહાર, રચનારા **પુરંજન** = પુરાણા અંજન રહિત પુરાણા પુરુષ **પદકે** = પદનો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અકલ** = અકળ, કળ્યામાં ન આવે તેવું **અગાદુ** = અગાધ **કોઉ** = કોઈ પણ **ન** = નહીં **કોય** = કોય **નિજ** = આદિ **અવનિ** = પૃથ્વીની **આદ્ય** = આદિ, પ્રથમ, પહેલાં **ધર** = સુધી **જીનકે** = તે અંગે, તે માટે **વાદ વિવાદુ** = વાદવિવાદ, ચર્ચાસ્પદ.

### અનુવાદ

**પરંતુ અંજન રહિત પુરાણા પુરુષ, સર્જનહારનું પરમપદ અકળ અને અગાધ**

**હોવાથી તેનો અનુભવ પૃથ્વીના પ્રારંભની આદ્ય લઈ કોઈએ પણ કર્યો નથી કે તે અંગે ચર્ચા પણ કરી નથી.**

### ભાવાર્થ

અંજન રહિત પુરાણા પુરુષ સર્જનહારનું પરમપદ કળ્યામાં ન આવે તેવું અકળ અને પાર ન પામી શકાય તેવું અગાધ છે. તેનું પ્રત્યક્ષ જ્ઞાન પૃથ્વી ઉપર જીવસૃષ્ટિની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધી કોઈએ પણ જાણ્યું કે અનુભવ્યું નથી. તેવા પરમપદને જાણવા માટે તથા તેની સમજ પ્રાપ્ત કરવા માટેની ચર્ચા-વિચારણા કરવાનો કોઈએ પણ પ્રયાસ કર્યો નથી.

**વાદ વિવાદ કરીત કોઉ જીનકે, અગમ ગતિ બિનુ કુનકી;**
**અંતસકરણ કરારી વિના કોઉ, ઓર સહિત કમ ગુનકી. ૨૮**

### શબ્દાર્થ

**વાદ-વિવાદ** = ચર્ચા-વિચારણા **કરીત** = કરીને **કોઉ** = કોઈએ **જીનકે** = જે અંગે **અગમ ગતિ** = આગળ વિચાર કરવાની શક્તિ, દિવ્ય દૃષ્ટિથી અવલોકન કરવાની ટેવ **બિનુ** = સિવાય, વિના **કુનકી** = કોની **અંતસકરણ** = અંતઃકરણ **કરારી** = દૃઢ, સ્થિર, શાંત, મક્કમ, ખામોશ, નિર્બળતાપૂર્ણ **વિના** = સિવાય, વગર **કોઉ** = કોઈ **ઓર** = અને **સહિત** = સાથે **કમ** = કમી, ઊણપ, ઓછપ, ખામી **ગુનકી** = ગુણોની, લક્ષણોની.

### અનુવાદ

**કોઈની અગમગતિ ન હોવાને કારણે તે અંગે કોઈ વાદ-વિવાદ પણ કેવી રીતે કરે ? (કોની સાથે કરે ?) કારણ કે અંતઃકરણોના મૂળ લક્ષણોની તેમજ ગુણોની ઉણપ વર્તાવાથી તે ખામોશ થઈ ગયા હોય છે.**

### ભાવાર્થ

પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધી અગમપદની કોઈને જાણ નથી. વળી તેને સમજવા વાદ-વિવાદ દ્વારા કોઈ પ્રયત્ન પણ કર્યો નથી. કારણ કે અંતઃકરણોના અને ગુણના મૂળ સામર્થ્ય અને તેના મૂળભૂત લક્ષણો તરીકે ગણાતી તેની

આંતરિક શક્તિ હતી તે તો બિંદુપાતથી ક્ષીણ થતાં તેમાં ઉણપ વર્તાવા માંડી. પરિણામે નિર્બળ પામેલાં અંતઃકરણો અગમગતિ સુધી પહોંચી શકવા અસમર્થ બની ગયા હોય છે.

**બહોરુ સુરત ઓરુ અકલ આરતકે, આગમ કિયે વિભાગુ;**
**તેહી પણ નિષ્ટ ભવિત તન ભંગુર, ગમ ગઈ ગમન સમાગુ. ૨૯**

### શબ્દાર્થ

**બહોરુ** = વળી, ઉપરાંત **સુરત** = સુરત **ઓરુ** = અને **અકલ** = અક્કલ **આરતકે** = આરતને **આગમ** = આગળ **કિયે** = કહેલા **વિભાગુ** = વિભાગ મુજબ **તેહી** = તે **પણ** = પણ **નિષ્ટ** = નાશ **ભવિત** = થાય છે **તન ભંગુર** = શરીરમાંથી બિંદુપાત થતાં **ગમ ગઈ** = સમજ વહી જતાં **ગમન સમાગુ** = સમાગમની સાથે.

### અનુવાદ

**તે ઉપરાંત અક્કલ, આરત અને સુરતા આગળ જે વિભાગ કહ્યા હતા તે પણ શરીરમાંથી બિંદુપાત થતાં તેની ગતિ સમાગમને કારણે નાશ પામે છે અને પરિણામે શરીર ક્ષણભંગુર બને છે.**

### ભાવાર્થ

તે ઉપરાંત અક્કલ, આરત અને સુરતાના જે વિભાગો અગાઉ ગણતરી કરીને દર્શાવ્યા હતા, તે મુજબ સમાગમને લીધે શરીરમાંથી બિંદુપાત થતાં નાશ પામે છે અને પરિણામે દરેકનાં શરીર ક્ષણભંગુર બને છે.

**એતેહી જતમત જોગ હવીનસે, ભવિત ન વિકલ શરીરુ;**
**તે તે અગમ ગતિનકે લાયક, અનુભવ કરન અમીરુ. ૩૦**

### શબ્દાર્થ

**એતેહી** = એટલા, એટલે જ **જતમત** = જતમતપણે, ઈન્દ્રિયોને વશ રાખીને, વૃત્તિને સ્થિર કરીને **જોગ** = યોગ, વૈરાગ **હવીનસે** = થવાથી, રાખવાથી **ભવિત** = થાય **ન** = નહીં **વિકલ** = વિકળ, નમાલુ, શક્તિહીન **શરીરુ** = શરીર **તે તે** = તે, તેટલા **અગમ ગતિનકે** = અગમ ગતિને માટે **લાયક** = અનુકૂળ, યોગ્ય, સક્ષમ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **કરન** = કરે, કરી શકે **અમીરુ** = સંપત્તિવાન, સમૃદ્ધિવાન, ઐશ્વર્યતાથી ભરપૂર.

### અનુવાદ

**એટલે જ ઈન્દ્રિયોને વશ રાખીને વૈરાગ ધારણ કરવાથી શરીર નબળું પડતું નથી. તેથી તે અગમગતિનો અનુભવ કરવા લાયક સમૃદ્ધિવાન રહે છે.**

### ભાવાર્થ

એટલા માટે પુરુષે પોતાની ઈન્દ્રિયો ઉપર જીત મેળવીને તેને સદાય માટે વશ રાખવી. એ પ્રમાણે ધારણ કરેલા વૈરાગથી બિંદુપાત થતાં અટકે જેથી અંતઃકરણ અને ઈન્દ્રિયો સહિતનું પૂર્ણ શરીર નમાલું અને શક્તિહીન થતું નથી. આ રીતે અંશની સમૃદ્ધિના સંગ્રહથી બનેલું પુરુષાતનવાળું શરીર અગમગતિનો અનુભવ કરવા માટે સમૃદ્ધિવાન અને સક્ષમ બને છે.

**સો તો સકલ વિભાગ ભંગુસે, હીનતા ભઈ તરકકી;**
**જદપી અગમ ગતિ લહહી તાયકો, લખે સો કતા ફરકકી. ૩૧**

#### શબ્દાર્થ

**સો તો** = તે તો **સકલ** = બધા, તમામ **વિભાગ** = આનુસાંગિક તત્ત્વ વિભાગ **ભંગુસે** = નાશ થવાથી **હીનતા** = અધમતા, નીચતા, નિર્બળતા **ભઈ** = થઈ **તરકકી** = ઉર્ધ્વગતી, આગળ વધવું, વૃદ્ધિ, ઉન્નતિ, ચડતી **જદપી** = જેથી **અગમગતિ** = અગમ્ય ગતિ **લહહી** = જાણવી **તાયકો** = તેઓને **લખે સો** = લખવામાં આવ્યા તેવા, દર્શાવવામાં આવેલા **કતા** = સર્જનહારને માટે **ફરકકી** = તફાવત, ફેર, અસમાનતા.

### અનુવાદ

**તે તો સર્વ વિભાગો ભંગ (નાશ) થવાથી ઉર્ધ્વગતિને બદલે અધોગતિ થાય છે. જેથી તેઓએ અગમગતિ જાણ્યા વગર જ જૂદા જૂદા કર્તાને દર્શાવ્યા છે.**

### ભાવાર્થ

આ રીતે શરીરથી નિર્માલ્ય બનેલા અને પુરુષાતનને ગુમાવી બેઠેલા પુરુષોના શરીરમાંથી બિંદુપાત દ્વારા વહી જતા હીર રૂપી સત્ત્વો નાશ પામે છે. જેથી અંશની ઉર્ધ્વગતિ થવાને બદલે અધોગતિ થાય છે. તેના કારણે તે સાચા અગમ્યપદ સુધી તેમની ગતિ પહોંચતી નથી. પરિણામે જેમની જ્યાં સુધી પહોંચ ગતિ પહોંચી ત્યાં

સુધી તે દર્શાવી અને અસમાનતાવાળા વિધ વિધ પદોને જ અગમપદ સમજીને કર્તા તરીકે દર્શાવ્યા છે.

**ક્તા ફરક ઈતકે ઈતકી સબ, નિગમ શાસ્ત્ર લખતાઈ;**
**જાહી પરંતુ પરમ લક્ષ ગત, તબતે કોહુ ન પાઈ. ૩૨**

**શબ્દાર્થ**

**ક્તા** = સર્જનહાર **ફરક** = તફાવત **ઈતકે** = અહીંના જગતપક્ષના **ઈતકી** = અહીંની **સબ** = બધા **નિગમ** = વેદ **શાસ્ત્ર** = શાસ્ત્ર **લખતાઈ** = લખેલા છે **જાહી** = જેથી **પરંતુ** = પરંતુ **પરમ લક્ષ** = શ્રેષ્ઠ, સમજ, અંતિમ જ્ઞાન **ગત** = ગતિ, જ્ઞાન **તબતે** = તેથી જ **કોહુ** = કોઈએ પણ **ન** = નહીં **પાઈ** = પ્રાપ્ત કરી, મેળવી, જાણી.

**અનુવાદ**

**તેને લીધે નિગમ અને શાસ્ત્રએ જગતપક્ષના જૂદા જૂદા સર્જનહારોને બતાવ્યા છે. જેને કારણે પરમલક્ષની સમજ કોઈએ પ્રાપ્ત કરી નથી.**

**ભાવાર્થ**

સત્ય અને નિજ (મૂળ) પરમપદ સુધી કોઈની ગતિ (સમજ) ન પહોંચી તેથી જુદા જુદા અસમાનતાવાળા (ઈષ્ટ-આરાધ્ય-દેવને) ને સર્જનહાર માની લીધા. ચાર વેદ અને છ શાસ્ત્રએ પણ તેમની જ્યાં સુધી ગતિ પહોંચી ત્યાં સુધીના પદને એટલે કે અહીંના જગતપક્ષના નાશવંત પદોને જ કર્તા તરીકે દર્શાવ્યા છે. તેના કારણે જ સંસારમાં સામાન્ય મુમુક્ષુજનો કે સંસારીઓ પરમલક્ષની સાચી સમજ પ્રાપ્ત કરી શક્યા નથી.

**અબકે સુનો ઈન્દ્રિ દશકે રસ, ભંગ વિભાગ ગનીતહી;**
**જાહેર નૂર જહુર હીરાઈત, જુગ જન કરન જનીતહી. ૩૩**

**શબ્દાર્થ**

**અબકે** = હવે પછી **સૂનો** = શ્રવણ કરો, સાંભળો **ઈન્દ્રિ દશકે** = દશ ઈન્દ્રિયોના **રસ** = સત્ત્વ **ભંગ** = નાશ **વિભાગ** = વિભાગો, હિસ્સો **ગનીતહી** = ગણતરી **જાહેર** = પ્રસિદ્ધ **નૂર** = શક્તિ, બળ

**જહુર** = જેવી રીતે, જેટલી **હીરાઈત** = નાશ પામી, ધોવાણ પામી **જુગ** = જગતના **જન** = માનવોને **કરન** = કહું છું, કરું છું **જનીતહી** = જણાવીને, જાણ.

## અનુવાદ

**હવે પછી દશ ઈન્દ્રિયોના સત્ત્વના નાશ અંગેની ગણતરી અને તેના નૂરનો ક્ષય થાય છે. તે જગતના માનવોને પ્રસિદ્ધપણે જાણ કરું છુ.**

## ભાવાર્થ

હવે પછીની ચોપાઈઓમાં પુરુષના બિંદુપાતમાં દશ ઈન્દ્રિયોના સત્ત્વનો કેટલો નાશ થાય છે તેની ગણતરી દર્શાવવામાં આવે છે. પુરુષના એક બિંદુપાતમાં ચોસઠ વરસના સમયગાળા દરમિયાન પ્રસિદ્ધપણે ઈન્દ્રિયોના નૂરનો ક્ષય (ધોવાણ) થાય છે, તે કુવેરસ્વામી જગતના માનવોને જણાવે છે.

**દ્વૈ લખ છત્રીસ હજાર ચતુરસે, પુની ચતુરસે તાઈ;**
**ઈનમેં પણ એતને ઉલજણસે, રહત ન તન રસનાઈ. ૩૪**

### શબ્દાર્થ

**દ્વૈ લખ** = બે લાખ **છત્રીસ હજાર** = છત્રીસ હજાર **ચતુરસે** = ચારસો **પુની** = વળી, અને **ચતુરસે** = ચારસો **તાઈ** = તે **ઈનમેં** = તેમાં **પણ** = પણ **એતને** = એટલા જ **ઉલજણસે** = ઉલેચાઈ જવાથી, વહી જતા હોવાથી **રહત ન** = રહેતા નથી **તન** = શરીર **રસનાઈ** = સત્ત્વવાળુ, ઐશ્વર્યવાળુ, શક્તિવાળુ.

## અનુવાદ

**તેમાં બે લાખ છત્રીસ હજાર આઠસો જેટલા વિભાગ ઉલેચાઈ જતા હોવાથી શરીર ઐશ્વર્યવાળું રહેતું નથી.**

## ભાવાર્થ

ચોસઠ વર્ષના ૨૩,૬૮૦ દિવસોમાં પ્રત્યેક દિવસે એક વખતના બિંદુપાતમાં દશે દશ ઈન્દ્રિયોની ગણતરીમાં કુલ ૨,૩૬,૮૦૦ તત્ત્વ ભાગના વિભાગો શરીરમાંથી ઉલેચાઈ

જતાં હોવાથી શરીર પુરુષાતનવાળુ ન રહેતાં (સામર્થ્ય વિનાનું) નબળું પડી જાય છે.

**બોહોરહુ શ્રોત પંચ તનકે તત, જાવત ભાગ જે તનહી;**
**અવની તેજ અપ પવન શૂન્યકે, ખાલી પરત ખેતનહી. ૩૫**

### શબ્દાર્થ

**બહોરહુ** = તદ્ ઉપરાંત **શ્રોત** = સાંભળો **પંચ** = પાંચ **તનકે તત** = શરીરના તત્ત્વો **જાવત** = જાય છે, નાશ પામે છે **ભાગ** = વિભાગ **જે** = જે **તનહી** = શરીરમાંથી **અવનિ** = પૃથ્વી **તેજ** = અગ્નિ **અપ** = પાણી **પવન** = વાયુ **શૂન્યકે** = આકાશના **ખાલી પરત** = ખાલી પડે છે **ખેતનહી** = ખેતર, ક્ષેત્ર.

### અનુવાદ

**તદ ઉપરાંત પૃથ્વી, તેજ, પાણી, પવન અને આકાશ એમ પાંચ તત્ત્વોના જેટલા તત્ત્વ ભાગ જાય છે તેથી (શરીર રૂપ) ખેતર ખાલી પડે છે તે સાંભળો.**

### ભાવાર્થ

તે ઉપરાંત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાતત્ત્વોના વિભાગ પુરુષના શરીરમાંથી (બિંદુપાતના કારણે) નાશ પામે છે તેથી શરીર રૂપી ખેતર ખાલી પડી જાય છે. તે સૌ શ્રોતાજનોને સાંભળવા માટે અનુરોધ છે.

**એક લખ સહેસ્ત્ર અઢાર ચતુરસે, ચોસટ વરસ રોજનકી;**
**એતની નિર્બલતા હોવત જીનમે, પંચતત્ત્વકે તનકી. ૩૬**

### શબ્દાર્થ

**એક લખ** = એક લાખ **સહેસ્ત્ર અઢાર** = અઢાર હજાર **ચતુરસે** = ચારસો **ચોસટ** = ચોસઠ **વરસ** = વર્ષ **રોજનકી** = રોજના **એતની** = એટલી **નિર્બલતા** = નિર્બળતા **હોવત** = થાય છે, હોય છે, આવે છે **જીનમેં** = જેમાં **પંચ તત્ત્વકે** = પાંચ તત્ત્વોના **તનકી** = શરીરની.

### અનુવાદ

**દરરોજના હિસાબે ચોસઠ વર્ષમાં એક લાખ અઢાર હજાર ને ચારસો વિભાગ નાશ થતા હોવાથી પંચ તત્ત્વના શરીરમાં એટલી નિર્બળતા આવે છે.**

## ભાવાર્થ

ચોસઠ વર્ષ દરમિયાન કુલ ૨૩,૬૮૦ દિવસોના હિસાબે પાંચ તત્ત્વોના કુલ ૧,૧૮,૪૦૦ તત્ત્વના વિભાગો બિંદુપાતને કારણે વહી જાય છે. તેથી પાંચ તત્ત્વના જેટલા તત્ત્વ વિભાગ નાશ પામે છે તેટલા પ્રમાણમાં પુરુષાતનવાળા સ્થૂળ શરીરમાં નિર્બળતા આવે છે.

**કહત તુટ અબ પ્રણવ પેચકી, ચોસટ વરસ નિશાકી;**
**પ્રકૃત્તિ પુરુષ સંજોગ હવિનકી, ગનતી લખાવહુ તાકી. ૩૭**

### શબ્દાર્થ

**કહત** = કહું છું **તુટ** = તૂટે છે તે, તૂટી **અબ** = હવે **પ્રણવ પેચકી** = પ્રણવના સંચની **ચોસટ વરસ** = ચોસઠ વર્ષ **નિશાકી** = ચિહ્નો, એંધાણ, સંજ્ઞા, સંખ્યા **પ્રકૃત્તિ** = સ્ત્રી **પુરુષ** = પુરુષ **સંજોગ** = સમાગમ, શરીર, સબંધ **હવિનકી** = હોવાથી, માણવાથી **ગનતી** = ગણતરી **લખાવહુ** = લખાવું છું, જણાવું છું **તાકી** = તેની.

## અનુવાદ

**હવે ચોસઠ વર્ષ દરમિયાન પુરુષ અને પ્રકૃત્તિના સંયોગથી પ્રણવના સંચની જે તૂટ થાય (અનુભવાય) છે તેની ગણતરીની સંખ્યા જણાવું છું.**

## ભાવાર્થ

હવે ચોસઠ વર્ષ દરમિયાન પુરુષ અને પ્રકૃત્તિના (સ્ત્રી-પુરુષના) સમાગમને કારણે દરરોજ બિંદુપાત થાય તો તેટલા સમયમાં પ્રણવના સંચની કેટલી તૂટ થાય છે. તેની ગણતરી કરીને કુલ સંખ્યા જણાવવામાં આવે છે.

**સકલ શરીર તંતકે કારણ, રોમ રોમ રગ રગકે;**
**સ્થાવર જંગમ વિશ્વ ચરાચર, અણુની આદ્ય સબ જગકે. ૩૮**

### શબ્દાર્થ

**સકલ** = આખુ, સમસ્ત **શરીર** = તન **તંતકે** = તત્ત્વોના **કારણ** = કારણે **રોમ રોમ** = રુંવાટે રુંવાટે **રગ રગકે** = નસે નસને **સ્થાવર જંગમ** = સ્થિર અને અસ્થિર **વિશ્વ** = જગત, દુનિયામાં **ચરાચર** = ચર અને

અચર, હલનચલન કરનારા અને સ્થિર રહેનારા **અણુની આદ્ય** = અણુ (નાનામાં નાના કણ)થી લઈને **સબ** = બધા જ, તમામ **જગકે** = જગતના, વિશ્વના.

## અનુવાદ

**અણુની આદ્ય લઈને જગતમાં સ્થાવર અને જંગમ ઘાટનાં રોમે રોમ અને રગે રગના કારણ રૂપે તે (પ્રણવ) જ છે.**

## ભાવાર્થ

જગતમાં અણુની આદ્ય લઈ સ્થાવર અને જંગમના ચર અને અચર એવા તમામ શરીરના રોમે રોમ અને રગે રગના કારણ (સંચ) રૂપે પ્રણવ રહેલો છે. તે દરેક ઘાટમાં પ્રત્યેક તત્ત્વોમાં ચેતનપણું (ચેતનતા) પહોંચાડે છે. આ પ્રણવ જે તે ઘાટમાં યુક્તિપૂર્વક ભરાયેલો છે. વળી તે અંશના આભાસથી ચેતનવંત થયેલો હોઈ તમામ શરીરના જીવન સમાન છે.

**ઓર સતો રજ તમકે તન લ્યૌ, રવિ શશી આદ્ય દેવનહી;**
**જીનકે સમલ ચલાય સકલકો, વિછરે ભવિત અમનહી. ૩૯**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી **સતો** = સતોગુણી, વિષ્ણુ **રજ** = રજોગુણી બ્રહ્મા **તમકે** = તમોગુણી શંકરના **તન** = શરીર **લ્યૌ** = સુધી, સહિત **રવિ** = સૂર્ય **શશી** = ચંદ્ર **આદ્ય** = વગેરે, ની આદ્ય લઈ **દેવનહી** = દરેક દેવો **જીનકે** = જેઓનામાં **સમલ** = સમાયેલો **ચલાય** = ચલાવે છે **સકલકો** = સૌને, સર્વનો **વિછરે** = વિખૂટો પડે, અલગ થાય **ભવિત** = થાય **અમનહી** = શાંત, સ્નેહ વિનાનું-અભાવવાળું.

## અનુવાદ

**વળી સૂર્ય-ચંદ્રની આદ્ય લઈને રજો, સતો અને તમોગુણી સહિત સર્વ દેવતાઓમાં તે (પ્રણવ) રહેલો હોઈ (સૌને) ચલાયમાન કરે છે, જ્યારે તે વિખૂટો પડે (અલગ થાય) ત્યારે શરીર શાંત (નિસ્તેજ) થઈ જાય છે.**

## ભાવાર્થ

સૂર્ય અને ચંદ્રની આદ્ય લઈ રજોગુણી બ્રહ્મા, સતોગુણી વિષ્ણુ અને તમોગુણી

શિવજી સહિત સર્વ દેવતાઓના દેહમાં પ્રણવનો સંચ દેહને અનુકૂળ બનીને એક સમાન રીતે સમાયેલો છે. જે દરેકના દેહને જીવન પ્રદાન કરવામાં કારણભૂત બને છે. જ્યારે તે પ્રણવ સજીવન દેહથી ભિન્ન થાય ત્યાર પછી જે તે દેહ સ્નેહ વિનાનો અભાવવાળો (શાંત) બની જાય છે. જેને દેહની સમાપ્તિ કે અંત કહેવાય છે. આ સ્થિતિ ત્યારે જ બને છે જ્યારે દેહનો સ્વામી જે અંશ પ્રણવ પરથી પોતાની વૃત્તિ ઉલટાવી અન્ય દેહમાં કેન્દ્રિત કરે છે.

**એહી પરકાર સકલ જડ તનકે, જગ દેખનકે જીવુ;**
**તેહી તે પરખ પરત નાડીનમેં, જીનતે મરત સજીવુ. ૪૦**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, આ પ્રમાણે **સકલ** = બધા, સર્વ **જડ** = અચેત **તનકે** = શરીરને **જગ** = જગત, વિશ્વ **દેખનકે** = જુએ છે, દેખે છે **જીવુ** = જીવોના જીવંતપણા અંગે **તે હીતે** = તેની **પરખ** = તપાસ, પરીક્ષા **પરત** = (ખબર) પડે **નાડીનમેં** = નાડીથી, નાડી દ્વારા **જીનતે** = જેનાથી **મરત સજીવુ** = મરેલું કે સજીવ છે તે.

### અનુવાદ

**આ પ્રમાણે સૌ જડ શરીર જીવતા દેખાય છે. તેથી તે શરીર જીવે (સજીવ) છે કે મરી ગયા (જડ) છે તે નાડીની પરીક્ષા કરે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે વિશ્વના સ્થાવર અને જંગમના ચર અને અચર ઘાટ (સ્થૂળ શરીર) પ્રણવના સંચ વડે જ સજીવન થયેલાં દેખાય છે. તેને કારણે જે તે દેહ જીવંત છે કે મૃત્યુ પામેલો છે તેની પરખ શરીરની નાડીના ધબકારા તપાસીને કરવામાં આવે છે.

**અદ્‌ભુત વસ્તુ અમુલ અનોપમ, તનમેં પ્રણવ સમીરુ;**
**તીનકી કરત હાનિ હરસાલક, જબ જન હોય ન સધીરુ. ૪૧**

### શબ્દાર્થ

**અદ્‌ભુત** = અલૌકિક, આશ્ચર્યકારક **વસ્તુ** = ચીજ, સત્ય, સાર, મતલબ **અમુલ** = મૂલ્યવાન **અનોપમ** = ઉપમા ન આપી શકાય તેવું **તનમેં** = શરીરમાં **પ્રણવ** = પ્રણવ **સમીરુ** = પવન **તીનકી** = તેની **કરત** = કરો છો **હાનિ** = નુકસાન, ખરાબી, વ્યર્થ ગુમાવવું **હરસાલક** = દર વર્ષે, વર્ષોવર્ષ **જબ** = જ્યારે, જેથી **જન** = વ્યક્તિ **હોય** = હોય **ન** = નહીં **સધીરુ** = ધૈર્યવાન, સમજુ, બુદ્ધિશાળી.

### અનુવાદ

**શરીરમાં પ્રણવ રૂપ પવન અલૌકિક, મૂલ્યવાન અને અજોડ વસ્તુ છે. મનુષ્ય તેને વર્ષોવર્ષ વ્યર્થ ગુમાવે છે. તેથી તે ધૈર્યવાન રહેતો નથી.**

### ભાવાર્થ

શરીરમાં જે રેચક અને પ્રેરકની ગતિ કરતો જડ પવન કે જેને પ્રણવ કહેવામાં આવે છે તે આશ્ચર્યજનક બહુ જ મૂલ્યવાન અને ઉપમા આપી ન શકાય તેવો અજોડ છે. જે બંધારણમાં રહેલ બ્રહ્મના અલ્પ તત્ત્વભાગના સાર રૂપે શરીરમાં કાર્યરત રહે છે. તેવા પ્રણવની ગતિ સ્ત્રી સાથેના શરીર સબંધને કારણે બિંદુપાત વખતે ચોસઠ આંગળના પ્રણવને વ્યર્થ રીતે વાપરી માનવ તેને વ્યર્થ ગુમાવે છે. આવા પ્રત્યેક બિંદુપાત વખતે ચોસઠ આંગળના પ્રણવની હાનિ થકી માનવ વર્ષો વર્ષ સુધી આ રીતે પ્રણવને ગુમાવતો રહે છે, પરિણામે તે ધૈર્યવાન રહેતો નથી.

**બિનહુ સધીર વિના નર સામ્રથ, અનુભવ ન હોય અગમકે;**
**કદપિક કરે તો બુધકી બાબજ, સરસ્વતી સાધ સુગમકે. ૪૨**

### શબ્દાર્થ

**બિનહુ** = સિવાય, વગર **સધીર** = ધૈર્યવાન, ધીરજ **વિના** = સિવાય, વગર **નર** = માનવ, પુરુષ **સામ્રથ** = સામર્થ્યવાન **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ન હોય** = હોતો નથી, હોય નહીં **અગમકે** = અગમ (પદ) નું, તત્ત્વાતીતનું **કદપિક** = કદાચિત, કોઈ કારણ વસાત્‌, કદાચ **કરે તો** = કરે તો **બુધ કી બાબજ** = બુદ્ધિની વાતો (બાબતો), બુદ્ધિપૂર્વકનું કાર્ય **સરસ્વતી** = વિદ્યાની દેવી **સાધ** = સાધીને **સુગમકે** = દુનિયાદારીની, સરળતાપૂર્વકની.

## અનુવાદ

**ધૈર્ય વગરના અને સામર્થ્ય સિવાયના પુરુષને અગમપદનો અનુભવ હોતો નથી. જો કે વિદ્યાદેવીની સાધનાથી તે (વાણી દ્વારા) દુનિયાદારીની બાબતની સમજ (સરળતાપૂર્વક) કરી શકે.**

## ભાવાર્થ

પ્રણવને વ્યર્થ રીતે ગુમાવનાર ધૈર્ય (ધીરજ) અને સામર્થ્ય સિવાયના પુરુષને બ્રહ્માંડથી તીત રહેલા અગમપદ (પરમપદ) ની જાણ્ય કે અનુભવ કદાપી થતી નથી. જો કદાચ તે ભણી ગણીને જ્ઞાન પ્રાપ્ત કરે તો પણ દુનિયાદારીની કે ઉત્પત્તિના સંદર્ભની માહિતી અને સમજ પ્રાપ્ત કરી શકે છે, જે માત્ર જગત પક્ષની જ હોય છે.

**પણ અનભે તો અગાધ મહાદ રધ, જ્યૌ ચિંતામણી ધનહી;**
**મૂલ તોલ જીનકે નહીં થાવત, પાવત જોગ વજનહી. ૪૩**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **અનભે** = નિર્ભયતા ધૈર્યતા **તો** = તો **અગાધ** = ગાધ નહીં તેવું, ગંભીર, ઊંડુ **મહાદ** = મહાન, મોટો **રધ** = રિદ્ધિ-સિદ્ધિ, સમૃદ્ધિ **જ્યૌ** = જેમકે **ચિંતામણિ** = હાથમાં રાખીને ચિંતવન કરતાં ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવો મણિ **ધનહી** = સંપત્તિ, પદાર્થ, વસ્તુ **મૂલ** = કિંમત **તોલ** = સરખામણી, બરાબરી, વજન **જીનકે** = જેના, જેની **નહીં** = નહીં, ના **થાવત** = થઈ શકે, થાય, કરી શકાય **પાવત** = પ્રાપ્ત થાય **જોગ** = યોગ, વૈરાગ્ય **વજનહી** = ભારથી, પ્રભાવથી, વધારવાથી, તાકાતથી, લક્ષણથી.

## અનુવાદ

**પરંતુ ધૈર્યતા તો ચિંતામણિ રૂપ સમૃદ્ધિની જેમ જ અગાધ અને મહાન સમૃદ્ધિ છે. જેની કોઈની સાથે સરખામણી કે મૂલ્ય થઈ શકે નહીં. તે તો વૈરાગથી જ પ્રાપ્ત કરી શકાય.**

## ભાવાર્થ

પરંતુ પુરુષની ધૈર્યતા (નિર્ભયતા) તો ચિંતામણિ સમાન સંપત્તિ છે. જેને મહા ગંભીર અને મહાન સમૃદ્ધિવાન ગણવામાં આવેલી છે. આ સમૃદ્ધિની કોઈ કિંમત

આંકી શકે તેમ નથી કે તેની કોઈ વસ્તુ સાથે તોલ - વજન કરી તુલના પણ કરી શકાય તેમ નથી. આ સમૃદ્ધિને વ્યર્થ જતી અટકાવવી હોય તો માત્રને માત્ર વૈરાગ્યથી જ બચાવી તેની ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય.

**તેહી નિજ જોગ કરન જુકતનકી, આગે દેહી દેખાઈ;**
**કિનેહુ તંત સકલ જેતને ભર, જો જન રખે જમાઈ. ૪૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિજ** = મૂળ, પોતે **જોગ** = યોગ, વૈરાગ્ય **કરન** = કરીને, કરવાની **જુક્તનકી** = જુગતિની, યુક્તિની **આગે** = આગળ **દેહી** = દીધી,આપી **દેખાઈ** = બતાવી, દર્શાવી **કિનેહુ** = કરીને **તંત** = તત્ત્વો **સકલ** = બધા જ **જેતને ભર** = જેટલા છે તેટલા **જો** = જે **જન** = માનવ, પુરુષ **રખે જમાઈ** = જમા રાખે, બચાવીને રાખે.

### અનુવાદ

**તે યોગ કરવાની યુક્તિ આગળ કહી છે. જેટલા તત્ત્વો જે પુરુષે બચાવી રાખવા જેવા છે તે પણ કહ્યાં છે.**

### ભાવાર્થ

યોગના માધ્યમથી પુરુષે વૈરાગ કેવી રીતે કેળવવો જોઈએ તે અંગે કુવેરસ્વામી દ્વારા આગળ વર્ણન કરીને દર્શાવવામાં આવ્યું છે. વળી પુરુષની સમૃદ્ધિ અને અંશના સામર્થ્યને નિર્માલ્ય કરે છે તે તમામ તત્ત્વોનો વિનાશ થતો રોકીને બચાવી રાખવા માટેની ગણતરી કરીને દર્શાવેલ છે.

**તીનમેં જેતની બનીત સોઈ સદ, તેતની અનભે પાવે;**
**તો જન કોડીનકે બદલે ઈત, પારસ ક્યૌ હુ ગુમાવે. ૪૫**

### શબ્દાર્થ

**તીનમેં** = તેમાં **જેતની** = જેટલી **બનીત** = બને, શક્ય હોય (તેટલી) **સોઈ** = તેટલી, તે **સદ** = તે, અસ્તિત્વ **તેતની** = તેટલી **અનભે** = નિર્ભયતા **પાવે** = પ્રાપ્ત કરે **તો જન** = તો માનવ **કોડીનકે** = કોડીને, તૂચ્છ કિંમતિને **બદલે** = બદલામાં **ઈત** = આ **પારસ** = પારસમણિ, મૂલ્યવાન વસ્તુ **ક્યૌ હુ** = શા માટે **ગુમાવે** = ગુમાવવી જોઈએ.

## અનુવાદ

**તેમાંથી જેટલી બની શકે તેટલી બચાવવાથી નિર્ભયતા પણ પ્રાપ્ત કરી શકાય છે તો વ્યક્તિએ કોડીના બદલામાં આવા પારસને કેમ ગુમાવવો જોઈએ?**

## ભાવાર્થ

અંશની સમૃદ્ધિના તત્ત્વો જેટલા પ્રમાણમાં બચાવવામાં આવે તેટલા પ્રમાણમાં પુરુષની સામર્થતા અને નિર્ભયતા પ્રાપ્ત કરી શકાય છે. માટે ક્ષણ ભંગુર અને તુચ્છ એવા વિષય-સુખ ભોગવવાથી થતા બિંદુપાત દ્વારા પારસની જેમ કિંમતી મૂલ્યવાન મણિ રૂપ પચ્ચીસ તત્ત્વો અને અંશની અક્કલ આરત સુરતા સહિત ચોસઠ આંગળના પ્રણવને શા માટે (નાહક) ગુમાવવા જોઈએ ?

**તેહી પારસ નિજ પ્રણવ સમીરન, જાવન હીર જનાવું;**<br>
**ચોસટ વરસ ખૂનકી ખડતલ, સૌ સબ ગનીત ગનાવું. ૪૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **પારસ** = પારસમણિ **નિજ** = મૂળ **પ્રણવ** = પ્રવણ **સમીરન** = પવનને **જાવન** = જતું **હીર** = સત્ત્વ **જનાવું** = દર્શાવું છું **ચોસટ વરસ** = ચોસઠ વર્ષ **ખૂનકી** = નુકસાનની **ખડતલ** = મજબૂત, તાકાતી, સશક્ત **સૌ** = તે **સબ** = સર્વ, તમામ **ગનીત** = ગણતરી **ગનાવું** = ગણાવું છું.

## અનુવાદ

**તે પારસ રૂપ પોતાના પ્રણવ રૂપી પવનનું જે વિત્ત (નાહક) જાય છે તે જણાવું છું. ચોસઠ વર્ષ દરમિયાન તેની તાકાત (બળ) ની નુકશાનીની બધી જ ગણતરી પણ ગણાવું છું.**

## ભાવાર્થ

સ્ત્રી સાથેના શરીર સુખ માણવામાં પારસરૂપ મૂલ્યવાન પ્રણવના પવનનું વિત્ત કેટલું વહી જાય છે તે કુવેરસ્વામી જણાવે છે. વળી કુલ ચોસઠ વર્ષ દરમિયાન પ્રત્યેક દિવસમાં થતા બિંદુપાતથી તેની કુલ નુકસાનીની ગણતરી ગણીને હવે દર્શાવવામાં આવે છે.

**ખટ નવ લક્ષ હજાર તેહીતને, પુનિ પંચસે વીશુ;**
**એતની લગે વિઘાત માહાતમે, તબ ન પાય જગદીશુ. ૪૭**

### શબ્દાર્થ

**ખટ નવ લક્ષ** = ૬ + નવ + લાખ = પંદર લાખ **હજાર તેહીતને** = તેટલા હજાર **પુનિ** = વળી **પંચસે** = પાંચસો **વીશુ** = વીશ **એતની** = એટલી **લગે** = લાગે, વહે, જાય **વિઘાત** = નાશ **માહાતમે** = મૂળ જથ્થામાંથી, પતન થઈને તેમાંથી, હાર પામીને **તબ** = તેથી, તેટલા માટે **ન** = નહીં **પાય** = પ્રાપ્ત કરી શકાય **જગદીશુ** = પરમેશ્વરને, માલિકને, કર્તાને, જગતના ઈશને.

### અનુવાદ

**તે પ્રણવમાં પંદર લાખ, પંદર હજાર પાંચસો ને વીસ (૧૫,૧૫,૫૨૦) આંગળ પ્રણવના બિંદુપાતમાં નાશ થતો હોવાથી પરમેશ્વરને પ્રાપ્ત કરી શકાય નહીં.**

### ભાવાર્થ

કુલ ચોસઠ વરસના ૨૩,૬૮૦ દિવસોમાં પ્રત્યેક દિવસે સ્ત્રી સાથે શરીર સુખ માણવામાં વહી જતા બિંદુપાતમાં ચોસઠ આંગળની ગણતરી કરતાં કુલ ૧૫,૧૫,૫૨૦ આંગળ પ્રણવના વિત્તની હાનિ થાય છે. આ પ્રમાણે પ્રણવનો આટલો બધો વિનાશ થવાથી પુરુષ કે સ્ત્રી પોતાના કલ્યાણના માર્ગે ઉર્ધ્વગમન કરીને જગત પિતા પરમેશ્વરને કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી.

**એહી પરકાર હોત નારકુ, તનકે તત્ત્વ વિધાતુ;**
**જેહી પરકાર કિયે પુરુષકુ, જાવન જોસ સધાતુ. ૪૮**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ જ પ્રકારે (પ્રમાણે) **હોત નારકુ** = સ્ત્રીઓને થાય **તનકે** = શરીરના **તત્ત્વ** = તત્ત્વો **વિધાતુ** = વિવિધ ધાતુ **જેહી પરકાર** = જે પ્રકારે (પ્રમાણે) **કિયે** = કહ્યું, જણાવ્યું **પુરુષકુ** = પુરુષના **જાવન** = જાય છે, વહે છે, નાશ પામે છે **જોસ** = શક્તિ **સધાતુ** = સર્વ ધાતુઓની, તત્ત્વોની, સપ્ત ધાતુ પ્રત્યેની એક વીર્ય ધાતુ.

## અનુવાદ

**જે પ્રકારે પુરુષની ધાતુમાં શક્તિ રૂપ તત્ત્વોની હાનિ થાય છે તે કહ્યું, તે જ પ્રમાણે સ્ત્રીના શરીરમાંથી તે જ ધાતુઓના તત્ત્વોની હાનિ થતી હોય છે.**

## ભાવાર્થ

સ્ત્રી સાથે શરીર સુખ ભોગવવાથી થતા બિંદુપાત દરમિયાન પુરુષના જે રીતે તત્ત્વોની હાની તથા અંશની સમૃદ્ધિ અને ચોસઠ આંગળ પ્રણવની તૂટ થાય છે, તે જ ગણતરી મુજબ તેટલા જ તત્ત્વોના વિભાગ અંશની સમૃદ્ધિ અને પ્રણવ પુરુષ સાથે શરીર સુખ ભોગવતાં સ્ત્રીના શરીરમાંથી પણ (બિંદુપાતને કારણે) વહી જાય છે.

**એહી ઉભયન કી હાનિ બરાબર, ભવિત જોગ સંજમહી;**
**એકલ કર કડતલ નહીં બાજત, એક એકસે ત્યૌ તમહી. ૪૯**

### શબ્દાર્થ

**એહી** = એ **ઉભયન કી** = બંનેની **હાનિ** = નુકસાન **બરાબર** = સરખી, સમાન **ભવિત** = થાય છે **જોગ** = સંયોગે, યોગે **સંજમહી** = સમાગમ **એકલ કર** = એકલા હાથે **કડતલ નહીં બાજત** = તાલી પડતી નથી **એક એકસે** = પરસ્પર, એકબીજાથી **ત્યૌ** = તેમ **તમહી** = તે રીતે.

## અનુવાદ

**એ બંનેની હાનિ સંયોગના યોગો કરીને એક સરખી થાય છે. જેમ એક હાથે તાળી પડતી નથી તેમ પરસ્પર થકી જ તેમ થાય છે.**

## ભાવાર્થ

એ રીતે સ્ત્રી અને પુરુષ એમ બંનેની હાનિ શરીર સબંધના સંયોગે એક સરખી થાય છે. જેમ કે એક હાથે તાળી પાડી શકાય નહીં, બંને હાથના સંયોગે જ તાળી પાડી શકાય છે તેમ તે રીતે સ્ત્રી-પુરુષના બંનેનો સંયોગ થાય ત્યારે જ બંનેના બિંદુપાત દ્વારા તત્ત્વોની એક સમાન હાનિ થાય છે.

**તેહી માટે તનુ જુગલ જોસકી, સમજાવન કહી સોઈ;**
**નર નારી ખૂન સભર ભરાભર, કોઉ કિનું કમ ન કસોઈ. ૫૦**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે **તનુ** = શરીર **જુગલ** = યુગલ, સ્ત્રી અને પુરુષ **જોસકી** = શક્તિની, તાકાતની, જુસ્સાની **સમજાવન** = સમજાવવા માટે **કહી** = કહી **સોઈ** = તે **નરનારી** = સ્ત્રી-પુરુષની **ખૂન** = હત્યા **સભર ભરાભર** = સર્વ રીતે ભરપુર, સંપૂર્ણ રીતે પૂર્ણ **કોઉ** = કોઈની **કિનુ** = કોઈ પણ **કમ** = ઓછુ **ન** = નહીં **કસોઈ** = કોઈ કોઈની.

### અનુવાદ

**તે માટે બંને શરીરના જુસ્સાને સમજાવવા માટે કહ્યું છે કે સ્ત્રી અને પુરુષમાં ભરપુર રીતે રહેલા તત્ત્વોની હત્યાથી એક સરખી હાનિ થાય છે, પરંતુ કોઈને કોઈથી ઓછી-વત્તી થતી નથી.**

### ભાવાર્થ

તેટલા માટે જ સ્ત્રી-પુરુષ એમ બંનેના શરીરના જુસ્સાની હાનિ સમજાવવામાં આવી છે. સ્ત્રી અને પુરુષ એમ બંનેના એકબીજાના તત્ત્વોની હત્યા કોઈ કોઈનાથી ઓછી-વત્તી થતી નથી. પરંતુ બંનેને એક સરખા પ્રમાણમાં ભારે નુકસાન થાય છે.

**એહી પરકારન સકલ જાંહાંન જગ, નિજ તન ખુની નિરાસી;**
**જ્યૌ કોઈ નર નિરવિત્ત નિરમાલિક, નિજ મનોરથ નહીં પાસી. ૫૧**

### શબ્દાર્થ

**એહી પરકારન** = આ પ્રકારે **સકલ જાંહાન** = સમગ્ર વિશ્વ **જગ** = જગત, સંસાર **નિજ** = પોતાના **તન** = શરીરના **ખુની** = હત્યારા **નિરાસી** = નિરાશ, તિરસ્કાર કરનાર, ખંડન કરનાર **જ્યૌ** = જેમ **કોઈ** = કોઈ **નર** = પુરુષ **નિરવિત્ત** = વિત્ત વગરના **નિરમાલિક** = નિર્માલ્ય **નિજ** = પોતાના **મનોરથ** = મનની ઈચ્છા, મનના સંકલ્પ **નહીં** = નહીં **પાસી** = મેળવી શકતા, પૂરા કરી શકતા, પ્રાપ્ત કરી શકતા.

### અનુવાદ

**આ પ્રકારે વિશ્વના તમામ સંસારીઓ પોતાના શરીરની હત્યાથી નિરાશા**

**અનુભવે છે. જેમ કોઈ પુરુષ નિર્વિત અને નિર્માલ્ય હોય તો તે તેના મનના મનોરથ પૂરા કરી શકતો નથી.**

## ભાવાર્થ

જેમ કોઈ પુરુષ પુરુષાતન વગરનો અને નિર્માલ્ય (નિર્બળ) હોય તો તે પોતાના મનના સંકલ્પોને કદી પૂર્ણ કરી શકતો નથી. એ જ પ્રમાણે આખા વિશ્વના બધા જ સંસારીઓ શરીરસુખ ભોગવીને પોતાની સંચિત શક્તિની હત્યા કરી છેવટે નિરાશાનો અનુભવ કરે છે.

**નિજ મનોરથ સોઈ કતા મિલન કજ, આપનુ આપ જીનું અંશુ;**
**ઓર કાજ ઈન્દ્રિ અંતસકે, ગુણ ઘણ સહિત આકંશુ. ૫૨**

### શબ્દાર્થ

**નિજ** = પોતાના **મનોરથ** = મનની ઈચ્છા, મુરાદ, વાંછના, આશા **સોઈ** = તે **કતા** = સર્જનહારને **મિલન કજ** = મળવા માટે **આપનું આપ** = પોતાના સ્વ સ્વરૂપ **જીનું** = જે **અંશુ** = અંશ **ઓર** = અને, બીજું **કાજ** = કાર્ય, કામ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અંતસકે** = અંતઃકરણોના **ગુણ** = ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ **સહિત** = સહિત **આકંશુ** = આકાંક્ષાઓ.

## અનુવાદ

**પોતાનો મનોરથ એટલે અંશ પોતાના સ્વ સ્વરૂપે થઈને તે જેનો અંશ છે તેવા જ સર્જનહારને મળવાનું કાર્ય થાય તે છે. જ્યારે તે સિવાયનાં બીજાં (કાર્યો) ઈન્દ્રિ, અંતઃકરણના કાર્યો ગુણ-ઘણ સહિત આકાંક્ષાથી થાય છે.**

## ભાવાર્થ

માનવ દેહ દ્વારા કરવા યોગ્ય એક જ કાર્ય છે કે તે પોતે પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપે થાય અને તેવા શુદ્ધ સ્વરૂપે થયેલો અંશ જ પોતાના સજાતિનો છે એવા સર્જનહાર, કૈવલ કર્તાને મળી શકે. આ પ્રમાણેના સંકલ્પને પુરુષ કે સ્ત્રી બિંદુપાતથી ગુમાવેલા તત્ત્વો, પ્રણવ તેમજ અંશની સમૃદ્ધિને લીધે નિર્માલ્ય બની જાય છે, એટલે તે પરમપદને પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે તે સિવાયનાં કાર્યો

તો પોતાની ઈન્દ્રિયો, અંતઃકરણો ગુણ અને ઘણ સહિતની આકાંક્ષાને આધારે પૂર્ણ કરી શકાય છે.

**ઈનમેં નિજ કરતાર અંશકે, કહો કુન કાજ સરેતુ;**
**એ તો અનિત પદારથ અનિતકે, સરખે સરખ સહેતુ. ૫૩**

### શબ્દાર્થ

**ઈનમેં** = તેમાં, એમાં **નિજ કરતાર** = નિજ કર્તા, મૂળ સર્જનહાર **અંશકે** = અંશના **કહો** = કહો **કુન** = ક્યુ, ક્યા **કાજ** = કાર્ય **સરેતુ** = સરે છે, પૂરા થાય છે **એ તો** = એ તો **અનિત** = નાશવંત, જડ **પદારથ** = પદાર્થ **અનિતકે** = નાશવંતના, જડતત્ત્વોના **સરખે સરખ** = સરખે સરખા **સહેતુ** = સમાન, આશયવાળા, પ્રયોજનયુક્ત, ઉદ્દેશવાળા.

### અનુવાદ

**એમાં નિજ કર્તાના અંશનું ક્યું કામ થયું ? તે કહો, કારણ કે એ તો સમાન ઉદ્દેશવાળા જડ નાશવંત પદાર્થો છે.**

### ભાવાર્થ

નિર્માલ્ય બનેલા પુરુષથી પોતાના અંશ થકી કર્તાનો મેળાપ કરી શકાતો નથી, તો પછી પોતાના આપનપુ ચૈતન અંશનું ક્યું કાર્ય પૂર્ણ થયું કહેવાય ? કારણ કે બાકીના જે કાર્યો છે તે તો ઈન્દ્રિયો અને અંતઃકરણ કરે છે, જે જડ તત્ત્વો થકી નાશવંત પદાર્થોનો સબંધ ધરાવતાં કાર્યો છે. તેમાં બંને સમાન ઉદ્દેશવાળાં જડ નાશવંતનો સુમેળ સધાયો કહેવાય. જ્યારે ચૈતન અંશ જેના વંશનો છે તેવા તેના સજાતીય મહદ્ ચૈતન કૈવલ કર્તાનો મેળાપ થાય ત્યારે તેનું કાર્ય સિદ્ધ થયું કહેવાય.

**સરખે સરખ સહેત જેહુનમેં, સુરત અકલ આરતહી;**
**જેહી સમરધી કર્તા અંશકી, પરભારી પતી જતહી. ૫૪**

### શબ્દાર્થ

**સરખે સરખ** = સરખે સરખા, સમાન **સહેત** = સમાન ઉદ્દેશ વાળા, એક જ પ્રયોજનવાળાં **જેહુનમેં** = જેઓમાં, જેમાં **સુરત** = સુરતા **અકલ** = અક્કલ **આરતહી** = આરત છે **જેહી** = જે

**સમરધી** = સમૃદ્ધિ **કર્તા અંશકી** = કર્તાના અંશની **પરભારી** = બારોબાર, સીધે સીધી, ઉપલક રીતે **પતી જતહી** = પતી જાય છે, નાશ પામે છે.

## અનુવાદ

**જે કર્તાના અંશની સમૃદ્ધિ રૂપે રહેલાં તેનાં સરખે સરખાં સમાન ઉદ્દેશવાળાં અક્કલ, આરત અને સુરતા છે, તે તો પરભાર્યા નાશ પામે છે.**

## ભાવાર્થ

સજાણજાણ આપનપુ ચૈતન અંશની સમૃદ્ધિ રૂપે રહેલાં તેના સરખે સરખાં સમાન ઉદ્દેશ કે જે કર્તાને મળવાના કાર્યમાં સહાયભૂત થાય છે તે અક્કલ, આરત અને સુરતા છે. જેનો શરીર સબંધ અને ઈન્દ્રિયોના ભોગ ભોગવવામાં સ્ત્રી અને પુરુષ બંને ખર્ચી નાંખે છે. એટલે તે બધાં અંશની મૂળ ક્રિયામાં કામ આવવાને બદલે વ્યર્થ પરભાર્યા બિંદુપાતમાં જ નાશ પામે છે.

**અંશ ઈન્દ્રિકી મધ્ય અલાધિક, એ તીનુ રધ અજમાલી;**
**જેહી જીતની ખરચીત તેહી તીનકી, બિનુ ખરચીત નહીં ખાલી. ૫૫**

### શબ્દાર્થ

**અંશ** = સજાણ જાણ કૈવલકર્તાનો અંશ **ઈન્દ્રિકી** = ઈન્દ્રિયોની **મધ્ય** = વચ્ચે, માં, અંદર **અલાધિક** = અલગ વિભૂતીવાન, ભિન્ન, અધિકતાવાન **એ તીનુ** = એ ત્રણ **રધ** = સામર્થ્ય **અજમાલી** = ગુહ્ય, ગર્ભિત **જેહી** = જે **જીતની** = જેટલી **ખરચીત** = ખર્ચ કરે **તેહી** = તે **તીનકી** = તેની **બિનુ ખરચીત** = ખર્ચ કર્યા વિના **નહીં** = નહીં **ખાલી** = ખાલી, ખલાસ, ઠાલુ.

## અનુવાદ

**ઈન્દ્રિના મધ્યે ભિન્ન રીતે અધિકારી સ્વરૂપે રહેલા અંશની ત્રણ સમૃદ્ધિ ગુપ્ત રહેલી છે. તે જેટલી ખર્ચે તેટલી ઓછી થાય છે અને જો ખર્ચવામાં ન આવે તો ખાલી થતી નથી.**

## ભાવાર્થ

સ્ત્રી અને પુરુષની ઈન્દ્રિયોમાં અંશની સમૃદ્ધિ રૂપે રહેલ અક્કલ, આરત અને

સુરતા ભિન્ન રૂપે પોતાની કાર્યશક્તિ નિભાવીને ગુપ્તપણે રહેલી છે. તે સમૃદ્ધિ જેટલા પ્રમાણમાં ખર્ચવામાં આવે તેટલા પ્રમાણમાં ઓછી થાય છે અને જો તેને સહેજ પણ ખર્ચવામાં ન આવે તો તે કદાપી ખાલી રહેતી જ નથી.

**ઈન્દ્રિ દ્વાર જો ખરચ ખનાવત, એ તીનહી તત જબહી;**
**એતની અંશ ઈશતા જાવત, પાવન પેજ ન તબહી. ૫૬**

### શબ્દાર્થ

**ઈન્દ્રિ** = ઈન્દ્રિ **દ્વાર** = દ્વારા, મુખ, પ્રવેશ માટેનું સ્થાન, અંગ **જો** = જો **ખરચ** = ખર્ચ **ખનાવત** = બિંદુપાત કરે **એ તીનકી** = એ ત્રણે **તત** = તત્ત્વો **જબહી** = જ્યારે **એતની** = એટલી **અંશ** = અંશ **ઈશતા** = સમૃદ્ધિ, પ્રભુતા **જાવત** = જાય છે, નાશ પામે છે **પાવન** = પ્રાપ્ત કરે **પેજ** = પરમ તત્ત્વના મર્મની યુક્તિ **ન** = નહીં **તબહી** = ત્યારે.

### અનુવાદ

**ઈન્દ્રિના મુખ-દ્વારથી એ ત્રણેય તત્ત્વો જ્યારે બિંદુપાતથી ખર્ચ થાય ત્યારે અંશની તેટલી સમૃદ્ધિ નાશ પામે છે, જેથી તે પરમતત્ત્વના મર્મની યુક્તિને પ્રાપ્ત કરી શકતો નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં સ્ત્રી હોય કે પુરુષ બંને પૈકી શરીરના જનનેન્દ્રિયના દ્વારથી જ્યારે જ્યારે બિંદુપાત થાય છે ત્યારે ત્યારે અંશની સમૃદ્ધિરૂપી અક્કલ, આરત અને સુરતા ખર્ચાતા રહે છે. તે જેટલા પ્રમાણમાં ખર્ચાય તેટલા પ્રમાણમાં અંશની સમૃદ્ધિ નષ્ટ થાય છે. અંશ પોતે જ્યારે પોતાની પ્રભુતા ગુમાવે છે ત્યારે તે પાછી પ્રાપ્ત કરી શકતો નથી. આ પ્રમાણે પોતે નિર્માલ્યતા અનુભવે છે. પરિણામે પોતે ઉર્ધ્વગમન કરીને પરમ તત્ત્વને પામવાની ગર્ભિત શક્તિને ગુમાવી હોવાથી તે અંશ પરમપદ પ્રાપ્ત કરી શકતો નથી.

**બોહોરુ અંશ જો કરીત તાયકુ, આકંત ધરીત સુવસહી;**
**ઈન્દ્રિ અંતસકરણ સહિત ગુણ, જીનત્યે કરીકુ વશહી. ૫૭**

### શબ્દાર્થ

**બોહોરુ** = તેમ છતાં **અંશ** = અંશ **જો** = જો **કરીત તાયકુ** = તેને, કરવા માગે તો, તેને કરી શકે તો **આકંત** = બળપૂર્વક અટકાવીને **ધરીત** = ધારણ કરીને **સુવસહી** = વ્યવસ્થિત રીતે વશ કરીને, કાબુમાં લઈને **ઈન્દ્રિ** = ઈન્દ્રિઓ **અંતસકરણ** = અંતઃકરણ **સહિત** = સાથે **ગુણ** = ત્રણ ગુણ **જીનત્યે** = જેનો, જેનાથી **કરીકુ** = કરીને **વશહી** = કાબુમાં,વશ, તાબે.

### અનુવાદ

**તેમ છતાં અંશ તેને બળપૂર્વક અટકાવીને વ્યવસ્થિત રીતે પોતાના કાબુમાં કરી ઈન્દ્રિયો, અંતઃકરણ અને ગુણ સહિત (તત્ત્વોને પણ) કાબુમાં લઈ વશ કરી શકે છે.**

### ભાવાર્થ

તેમ છતાં અંશ પોતાની સમૃદ્ધિરૂપ અક્કલ, આરત અને સુરતાને બળપૂર્વક અટકાવીને સુવ્યવસ્થિત રીતે પોતાના કાબુમાં લઈ વ્યય થતાં અટકાવી શકે છે. આ ઉપરાંત દશ ઈન્દ્રિયો, પાંચ તત્ત્વો, ચાર અંતઃકરણ, ત્રણ ગુણ અને ત્રણ ઘણ મળીને પચ્ચીસ તત્ત્વોની આદ્ય લઈ ચોસઠ આંગળના પ્રણવને પણ પોતાની વૃત્તિઓ અને ભાવના ઉપર કાબુમાં લઈને વૈરાગ્ય દ્વારા (બિંદુપાત થતાં અટકાવીને) વશ કરી શકે છે.

**જબતે અંશ ઈશતા સહિતમ, જ્યૌ નરપત વિત્ત સેતુ;**
**તેહી અંશ નિજ ગુરુ પરમસે, જઈ મિલે કતા સહેતુ. ૫૮**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, જ્યારે, તેથી **અંશ** = અંશ **ઈશતા** = ઐશ્વર્ય, સામર્થ્ય, પ્રભુત્વ **સહિતમ** = સાથે મળીને **જ્યૌ** = જેમ **નરપત** = રાજા **વિત્ત** = વિત્ત રૂપ સૈન્ય **સેતુ** = સહિત **તેહી** = તે **અંશ** = અંશ **નિજ ગુરુ પરમસે** = પોતે પરમગુરુ પાસે, સમીપ **જઈ મિલે** = જઈને મળે **કતા** = સર્જનહાર **સહેતુ** = હેતપૂર્વક, આરતપૂર્વક, પ્રેમપૂર્વક.

### અનુવાદ

**એવાં સામર્થ્ય સહિત સજ્જ થયેલ અંશ રાજાની માફક પોતાના વિત્ત (સૈન્ય) સમૃદ્ધિ સહિત રહે તો નિજ પરમગુરુ થકી સર્જનહારને હેતપૂર્વક મળી શકે છે.**

## ભાવાર્થ

ઉપર દર્શાવ્યા મુજબ અંશ જો પોતાની તમામ સમૃદ્ધિને બળપૂર્વક બચાવી રાખે તો તે મહાન સામર્થ્યવાળો બની રહે છે. ત્યાર બાદ તે લશ્કર રૂપ સંપત્તિથી સજ્જ થયેલ બળવાન - સામર્થ્યવાળા રાજાની માફક પોતે પ્રભુત્ત્વવાળો બને છે. આવી પ્રભુતા પ્રાપ્ત કરેલ અંશ પરમગુરુના શરણમાં સમર્પિત થઈને રહે તો તે પરમગુરુની કરુણાથી કૈવલ કર્તાને પ્રેમપૂર્વક મળી શકે છે.

**એહી પરકાર જંત જતમતહી, હવે વિના નિર્ધનહી;**
**તિનકે વચન વિલોક વિલાસિક, ખાલીત ગરજ ગગનહી. ૫૯**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **જંત** = માનવ, વ્યક્તિ **જતમતહી** =જતમતપણે, સંયમ જાળવીને, નિગ્રહપૂર્વક **હવે વિના** = થયા વિના, હોવા સિવાય **નિર્ધનહી** = સંપત્તિ વિનાનો દીન, કંગાલ **તિનકે** = તેના **વચન** = શબ્દો, વાણી **વિલોક** = જોઈએ તો, નિહાળતાં **વિલાસિક** = વિષયી, કામાદીક, વિલાસવાળી, કામુક **ખાલીત** = ખાલી, ઠાલાં **ગરજ** = ગર્જના કરતાં **ગગનહી** = આકાશમાંના વાદળો જેવા, ની જેમ.

## અનુવાદ

**આ પ્રકારે સંયમી રહ્યા વગરના માનવો (સમૃદ્ધિ-સંપત્તિ વિના) નિર્ધન બને છે. તેમના વિલાસ ભર્યા વચનો જોઈએ તો તે આકાશમાં ખાલી ગર્જના (કરતા વાદળો) સમાન હોય છે.**

## ભાવાર્થ

આ પ્રકારના સંયમ વિનાના અને પોતાને મહાન ત્યાગી ગણતા સ્ત્રી કે પુરુષ પોતાની પ્રભુતા વગર (વિત્ત વિના) કંગાળ (નિર્ધન) થઈને રહેતા હોય છે. આવી વ્યક્તિના ઉપદેશાત્મક વચનોને જો આપણે નિહાળીયે તો આકાશમાં ખાલી ગર્જના કરતાં વાદળો જેવાં જ હોય છે. તેમના દ્વિઅર્થી વચનો ભલે કામાદિક વૃત્તિને પોષણ ન આપતાં જણાય પરંતુ સંસાર પ્રત્યે વૈરાગ જાળવી રાખવામાં કે વૈરાગવૃત્તિને પોષવાના કાર્યમાં સહાયભૂત પૂરવાર થતાં નથી.

**જનકુ બોધ કરન અતિ કુશલીત, આપ વિટંડ વિકલહી;**
**જ્યૌ મિંડક પંકજ નિકટનકે, ભખત જાય નિજ મલહી. ૬૦**

### શબ્દાર્થ

**જનકુ** = માનવોને **બોધ** = ઉપદેશ **કરન** = કરવા **અતિ કુશલીત** = ઘણા કુશળ, હોંશિયાર **આપ** = પોતે તો **વિટંડ** = કામુક, લંપટ **વિકલહી** = વિહ્વળ, વ્યાકુળ, ગાભરુ, અસમર્થ **જ્યૌ** = જેમકે **મિંડક** = દેડકો **પંકજ** = કમળનું ફુલ **નિકટનકે** = નજીક (હોવા છતાં) **ભખત** = ભક્ષણ કરે, શિકારનો, પદાર્થ ખાય **જાય** = જાય **નિજ** = તેના, પોતાના **મલહી** = લીલને, મળને, વિકારને.

### અનુવાદ

**જેમ દેડકો કમળની નજીક હોવા છતાં કાદવમાં રહીને લીલનું જ ભક્ષણ કરે છે, તેમ આવા ઉપદેશકો ઘણી જ હોંશિયારીપૂર્વક માનવોને ઉપદેશ તો કરે છે, પરંતુ પોતે તો વહીતળ બનીને વિષયોની પાછળ ફરતા હોય છે.**

### ભાવાર્થ

જેમ દેડકો કમળની નજીક રહેવા છતાં પોતાની પ્રકૃત્તિ (સ્વભાવ) ને ત્યજી શકતો નથી. તે પોતે કાદવમાં રહીને લીલનું જ ભક્ષણ કરે છે. તેવી જ રીતે વિશ્વમાં મહાન ગણાતા આવા ભેખધારી પુરુષો ઉપરછલ્લો ભેખ અને વૈરાગનો આશરો લે છે અને હોશિયારીપૂર્વક જગતને ત્યાગી જીવન જીવવા માટેનો ઉપદેશ આપે છે. તેમ છતાં પોતે સ્ત્રી પાછળ વિહ્વળ બનીને શરીર સુખ માણવાના આશયવાળી જીવન જીવવાની શૈલીને છોડી શકતા નથી. તેઓ જગતથી છૂપા રહીને અંદર ખાને તો વિષયોની પાછળ ગાંડા બનીને ફરતા હોય છે.

**કોઉ ન કિયે કલ્યાણ જીવકે, કતા તજી કત પાગે;**
**પરમ તત્ત્વકે મરમ ન પાઈત, એ સબ જોગ અભાગે. ૬૧**

### શબ્દાર્થ

**કોઉ** = કોઈ, કોઈએ **ન** = નહીં **કિયે** = કર્યું **કલ્યાણ** = મોક્ષનું (મુક્તિ માટેનું) કાર્ય **જીવકે** = જીવોનું **કતા** = સર્જનહાર **તજી** = ત્યજીને **કત** = રચના, ઉત્પત્તિ **પાગે** = પૂજે, ભક્તિ કરે, અટકી રહેવું, વળગી રહેવું

**પરમ તત્ત્વકે** = પરમ પદનો, તત્ત્વાતિત રહેલા પદનો **મરમ** = મર્મ, રહસ્ય **ન** = નહીં **પાઈત** = પ્રાપ્ત કર્યો **એ સબ** = એ બધું, એ તમામ **જોગ** = યોગ, વૈરાગ **અભાગે** = નિરર્થક, ભાગ્યહીન, અભાવો, અભાગી.

### અનુવાદ

**રચનારને ત્યજીને રચનાને વળગી રહેનારા (ઉપદેશકો કદીપણ) જીવોનું કલ્યાણ કરી શકે નહિં. કારણ કે એ બધા વૈરાગના અભાગી હોવાથી પરમ તત્ત્વના મર્મને પ્રાપ્ત કરી શકતા નથી.**

### ભાવાર્થ

એ બધા ઉપદેશકોના ભાગ્યમાં વૈરાગનો અભાવ હોવાને કારણે તત્ત્વાતિત પરમપદના રહસ્યને પ્રાપ્ત કરી શક્યા નથી. તેના કારણે સર્જનહારે રચેલા પદાર્થ રૂપ જગતની રચનાના ભોગી બનીને તેમાં જ અટકી રહ્યા છે. પરંતુ તેમણે રચનાના રચનાર (રચયિતા) સકર્તા પતિ સર્જનહારને જાણવા કે તેના રહસ્યને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો નથી. તેઓ પોતાનું તો કલ્યાણ કરી શકે તેમ નથી તો પછી જગતના કલ્યાણની વાત જ ક્યાં રહી ? ટૂંકમાં આવા ઉપદેશકોનો ઉપદેશ કદી પણ જગતનુ કલ્યાણ કરી શકે તેમ નથી.

**જોગ અભાગી સકલ જેહી જનકે, જ્ઞાન વિના ગત હદકી;**
**ઈત ઈતકે હી સકલ અનુરાગીત, ઈછ નહીં નિજપદકી. ૬૨**

#### શબ્દાર્થ

**જોગ** = યોગ, વૈરાગ **અભાગી** = ભાગ્યહીન, ભાગ્ય વિનાના **સકલ** = બધા **જેહી જનકે** = જે માનવોને **જ્ઞાન વિના** = સમજ કે જાણ સિવાય **ગત** = ગતિ, સમજ **હદકી** = હદવાળી, રચના પક્ષેની, સીમાવાળી, બ્રહ્મમાં થયેલી સઘળી ઉત્પત્તિની, ગુણોની **ઈત ઈતકે** = અહીંની, આ બાજુની **કેહી** = નીજ (આ બાજુની જ) **સકલ** = બધી જ, સર્વ **અનુરાગીત** = અનુરાગવાળી, ચાહના રાખીને, વળગી રહીને **ઈચ્છ નહીં** = ઈચ્છા નથી **નિજ પદકી** = નિજ પદની, પોતાના અંતિમ પદની, પોતાના મૂળ ધામ (સ્થાનની).

### અનુવાદ

**જ્ઞાન વગરના તે વૈરાગના અભાગીયા સર્વને હદ સુધીની જ સમજ છે. અહીંના**

**બધા અહીંની જ સઘળી ઉત્પત્તિમાં અનુરાગ (પ્રેમ કે સ્નેહ) ધારણ કરેલો હોવાથી નિજપદ માટે ઈચ્છા રાખતા જ નથી.**

## ભાવાર્થ

વૈરાગના અભાગીયા આવા ઉપદેશકો પોતે પરમપદના જ્ઞાન સિવાયના હોવાથી સગુણ દેવ-દેવતાઓ સહિતના હદવાળી ઉપાસનાની સમજમાં જોડાયેલા છે, વળી કેટલાક જ્ઞાની પુરુષોએ અહીંની સર્વ ઉત્પત્તિના કારણ રૂપ માનીને બ્રહ્મની માન્યતાવાળી બેહદની સમજ પ્રાપ્ત કરેલી છે. જેથી તેઓ તમામ રચનામાં અનુરાગ રાખીને રહેલા છે, પરિણામે હદ અને બેહદથી પર રહેલા અનહદ એવા પરમપદની સમજ (જ્ઞાન) ના અભાવને કારણે તેમને તે (પરમપદ) પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી.

**ક્યૌ કરી શકે ઈચ્છ નિજપદકી, અનિત પદારથ ફંદે;**
**સુર સુરીનર અહીપતિ અજ ભવ લ્યૌ, ઓરલી ગત આનંદે. ૬૩**

### શબ્દાર્થ

**ક્યૌ** = કેવી રીતે **કરી શકે** = કરી શકે **ઈચ્છ** =ઈચ્છા **નિજપદકી** = પરમપદની, મૂળ ધામની, અંતિમ પદની **અનિત** = નાશવંત **પદારથ** = પદાર્થ, રચના, ઉત્પત્તિ **ફંદે** = ફંદમાં - જાળમાં ફસાયેલા, બંધનમાં બંધાયેલા **સુર** = મહાન દેવતાઓ **સુરીનર** = સામાન્ય દેવી-દેવતાઓ **અહીપતિ** = શેષનારાયણ, વિષ્ણુ **અજ** = બ્રહ્મા **ભવ** = શંકર **લ્યૌ** = સુધીના **ઓરલી** = આ બાજુની, જગત પક્ષની **ગત** = સમજ, જ્ઞાનગતિ **આનંદે** = આનંદીત થઈને, આનંદ માનીને, આનંદ આપનારી.

## અનુવાદ

**જેઓ નાશવંત પદાર્થોમાં ફસાયા હોવાથી નિજ પદની ઈચ્છા કેવી રીતે રાખી શકે ? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આદ્ય લઈ શેષનારાયણ સહિત દેવી-દેવતાઓ પણ જગત પક્ષના (આ તરફના) આનંદમાં જ ગતિ પરોવી છે.**

## ભાવાર્થ

તમામ અભાગી માનવોએ હદ અને બેહદની સમજ પ્રાપ્ત કરીને નાશવંત પદાર્થોમાં જ પોતાની ચિત્તવૃત્તિને જોડી રાખી છે. એટલે તેઓ બ્રહ્મથી પરે તત્ત્વાતિત

નિજકર્તાના અંતિમ પદને પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ કેવી રીતે કરી શકે ? સૃષ્ટિના આરંભથી જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શેષનારાયણ મિંડક અને કોરમદેવ સહિતના મહાન દેવતાઓની આદ્ય લઈ સામાન્ય દેવી-દેવતાઓ એ પણ જગત પક્ષના આનંદને માણવામાં જ તેમણે ગતિ પરોવી છે.

**જબતે નિજપતિ કતા કાજ કોઉ, ભવ ભર ધરત ન ત્યાગુ;**
**જેતને તંત કિયે વિછરનકે, રાખન જેહી અનુરાગુ. ૬૪**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, જેના કારણે **નિજપતિ** = સકર્તાપતિ, સર્જનહાર, નિજકર્તા **કતા કાજ** = કર્તાના કાર્ય ને માટે, પ્રાપ્ત કરવા માટે **કોઉ** = કોઈ પણ **ભવ ભર** = જગતભરમાં, વિશ્વભરમાં **ધરત** = ધારણ કર્યો **ન** = નહીં **ત્યાગુ** = ત્યાગ, વૈરાગ **જેતને** = જેટલા **તંત** = તત્ત્વો **કિયે** = કર્યા, થયા **વિછરનકે** = વિખૂટા, છુટા, નાશ, ત્યજાયેલા **રાખન** = રાખીને **જેહી** = જે **અનુરાગુ** = અનુરાગ, પ્રેમ, આસક્તિ.

### અનુવાદ

**જેઓએ અનુરાગ રાખીને તત્ત્વોને છૂટા પાડ્યા છે, તે જેથી કહી શકાય કે નિજ સકર્તા પતિને પ્રાપ્ત કરવા માટે જગતભરમાં કોઈએ ત્યાગ ધારણ કર્યો નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં દેહ ધારણ કર્યો છે તેવા જેટલા દેહ-ધારીઓએ સ્ત્રી સાથે અનુરાગ રાખીને અંશની સમૃદ્ધિ સહિત પ્રણવ અને શરીરનાં તત્ત્વોને ગુમાવ્યા છે. તેવા દરેક વાસનાના ભોગીઓની આવી સ્થિતિ ઊભી થવાને કારણે કહી શકાય કે નિજ સકર્તાપતિને પ્રાપ્ત કરવા માટે જગતભરમાં કોઈએ સાચો ત્યાગ ધારણ કર્યો જ નથી.

**અનુરાગીત જ્યૌ કૃપી પુરુષ ધન, કોડી ન ખરચત જ્યૌતે;**
**ત્યૌ જનકુ ધન કિયે તત્ત્વકે, જાવત દેત ન ત્યૌતે. ૬૫**

### શબ્દાર્થ

**અનુરાગીત** = આસક્તિ **જ્યૌ** = જેમ **કૃપી** = કૃપણ, કંજૂસ, લોભી **પુરુષ** = પુરુષ **ધન** = સંપત્તિ, દ્રવ્ય, નાણુ **કોડી** = નાનામાં નાનો નાણાનો ભાગ, પેની, નવો પૈસો **ન** = નહીં **ખરચત** = ખર્ચ કરતો

**જ્યૌતે** = જેવી રીતે, જેમ **ત્યૌ** = તેવી જ રીતે, તેમ **જનકુ** = માનવને, વ્યક્તિને **ધન** = દ્રવ્ય, સંપત્તિ **કિયે** = કહ્યું **તત્ત્વકે** = તત્ત્વોને **જાવત** = જવા, વેડફવા, નાશ કરવા **દેત** = દે, દેતું **ન** = નથી, નહીં **ત્યૌતે** = તેવી રીતે, તેમ.

## અનુવાદ

**જેવી રીતે કંજૂસ પુરુષને ધન પ્રત્યે આસક્તિ હોવાથી કોડી પણ ખર્ચતો નથી તેવી જ રીતે ધન રૂપી કહેલાં તત્ત્વોને વેડફવા (નકામા જવા દેવા) ન જોઈએ.**

## ભાવાર્થ

જેમ કોઈ કંજૂસ માણસ પોતાની ધન-સંપત્તિને એવી રીતે સાચવી રાખે છે કે તે પોતાની જરૂરિયાત સંતોષવા માટે પણ તેમાંથી ખર્ચ કરતો નથી. આમ એક કોડી પણ ખર્ચ કર્યા સિવાય તે ધનને સાચવી રાખે છે. તેવી જ રીતે માનવીએ પોતાના શરીરમાં રહેલા અમૂલ્ય ખજાના રૂપી અંશની સમૃદ્ધિ રૂપે રહેલા અક્કલ, આરત, સુરતા, કિમતી પ્રણવ અને શરીરમાં રહેલા પાંચ તત્ત્વો, ત્રણ ગુણ, ત્રણ ઘણ, ચાર અંતઃકરણ અને દશ ઈન્દ્રિયોને સ્ત્રી સાથે શરીર-સુખ ભોગવ્યા સિવાય બિંદુપાતમાં વહી જતાં અટકાવીને વ્યર્થ ગુમાવવા જોઈએ નહિં.

**પણ અબકે તો ત્યાગ દેખાઈત, જીવ કરનકુ શરના;**
**અંતર બગ મંજારીનકી ગત,દાવ લગે ધન હરના. ૬૬**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **અબકે** = હાલના, અત્યારના **તો** = તો **ત્યાગ** = વૈરાગ **દેખાઈત** = દેખાવ, પુરતો, શોભાનો **જીવ** = જીવોને **કરનકુ** = કરવા માટે **શરના** = શરણે, શરણમાં **અંતર** = હૃદયમાં, અંતરમાં **બગ** = બગલા **મંજારીનકી** = બિલાડીની **ગત** = ગતિ, ચાલ, જેમ **દાવ** = લાગ, તક, મોકો **લગે** = લાગે, મળે **ધન** = ધન, સંપત્તિ, દ્રવ્ય **હરના** = પડાવી લેવા, હરણ કરવા.

## અનુવાદ

**પરંતુ હાલમાં તો જીવોને શરણે લાવવા માટે ત્યાગ તો દેખાડવા પુરતો હોય છે. કારણ કે બિલાડી અને બગલાની જેમ ચાલ ચાલીને લાગ મળતાં ધનને પડાવી લેવાના ધ્યાનમાં જ હોય છે.**

## ભાવાર્થ

વર્તમાનમાં વૈરાગીઓનો ત્યાગ અને વૈરાગ માત્ર સૌને દેખાડવા પુરતો જ હોય છે. તેમનો બાહ્ય આડંબરવાળો વૈરાગ, સંસારના ધર્મપ્રેમી જનતા અને મનવાંછીત ફળ પ્રાપ્ત કરવા માટેના લોભી માનવોને પોતાના શરણમાં લઈ માયાજાળમાં ફસાવીને ધન - સંપત્તિ લૂંટવા પુરતો જ હોય છે.જેવી રીતે બિલાડી અને બગલો પોતાના શિકાર પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને સ્થિર થઈ જાય છે, પરંતુ લાગ-તક મળતાં જ તેના ઉપર વાર કરે છે. આમ સ્થિરતાવાળી ધ્યાનસ્થ દશા ધરાવતા બિલાડી અને બગલાનો હેતુ માત્ર શિકારનું ભક્ષણ કરવા માટે જ હોય છે. તેવી જ રીતે દંભી અને પાખંડી સાધુ અને વૈરાગીઓની વૃત્તિ પણ માત્ર ભક્તોના ધન પ્રાપ્ત કરવા માટેની જ હોય છે.

**જો કદપી આપને પતિ પરમીત, ન્યાય સહિત નરણાવે;**
**પુનિ દેખાવત આપનુઆપ નિજ, જીનું સજાત જનાવે. ૬૭**

### શબ્દાર્થ

**જો કદપી** = જો કદાચ **આપને** = પોતાના **પતિ** = માલિક, ધણી, સર્જનહાર **પરમીત** = પ્રમાણ સહિત, પરમીત દ્વારા **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક **નરણાવે** = નિર્ણય કરાવે **પુનિ** = વળી, અને **દેખાવત** = દર્શાવીને, બતાવીને **આપનુઆપ નિજ** = પોતાનું સ્વ ચૈતન સ્વરૂપ **જીનું** = જેના **સજાત** = સજાતીય **જનાવે** = જણાવે, દર્શાવે, ઓળખાવે.

## અનુવાદ

**જો કદાચ પોતાના માલિકનું પ્રમાણ આપીને ન્યાય સહિત નિર્ણય કરીને તથા તેમના સજાતિનો છે એવા પોતાના સ્વ-સ્વરૂપને દર્શાવીને જણાવે તો...**

## ભાવાર્થ

વિશ્વમાં જો કોઈ પોતાના માલિક એવા સકર્તા પતિ સર્જનહારનું પ્રમાણ આપી ન્યાયપૂર્વક નિર્ણય કરીને તેમજ તેમના સજાતિનો છે તેવા પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને ઓળખાવીને તેની જાણ કરાવી આપે તો...

**તદીપ તાય તન મન ધન તિનકુ, દેવત ધોખ ન ધરીયે;**
**કોટિ કલપ વિછરન પતિ પાયલ, તો તીનુ કુન સરભરીયે. ૬૮**

### શબ્દાર્થ

**તદીપ** = ત્યારે તો **તાય** = તેમને, તેને **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **ધન** = સંપત્તિ, દ્રવ્ય **તિનકુ** = તેમને **દેવત** = આપતાં, દેતા, સમર્પિત કરતાં **ધોખ** = રાહ જોવી, શંકા કે અવિશ્વાસ **ન ધરીયે** = ધારણ કરવું નહીં **કોટિ કલપ** = કરોડો કલ્પોથી **વિછરન** = વિખૂટા પડેલા, છુટા પડેલા **પતિ** = ધણી, માલિક, સર્જનહાર **પાયલ** = પ્રાપ્ત થાય **તો** = તો પછી **તીનુ** = તેનાથી, તેમનાથી **કુન** = કોણ **સરભરીયે** = સરખામણી, બરોબરી.

### અનુવાદ

**તો તેમને તન, મન અને ધન સમર્પિત કરવામાં જરા પણ શંકા ધારણ કરવી નહીં. કારણ કે કરોડો કલ્પોથી વિખૂટા પડેલા માલિક જો મળતા હોય તો તેમની સરખામણી કોની સાથે કરવી ?**

### ભાવાર્થ

તો તેવા મહાપુરુષના શરણમાં તન, મન અને ધન શંકા ધારણ કર્યા સિવાય તરત જ સમર્પણ કરી દેવું જોઈએ. વળી કરોડો કલ્પોથી આપણે આપણા માલિકથી વિખૂટા પડીને બ્રહ્મભૂમિકામાં ભટક્યા કરીએ છીએ તો આવા સંજોગોમાં તેઓ જો આપણને આપણા માલિક-સર્જનહારનો મેળાપ કરાવી આપતા હોય તો તેમનાથી બીજુ કોણ આપણા માટે ઈષ્ટ હોઈ શકે ? તેવા સર્જનહાર સાથે મેળાપ કરાવી આપનારની સરખામણી અન્ય કોઈ પણ સાથે થઈ શકે તેમ નથી.

**તેહી પતકી પહેચાન ન કિનકુ, ગુનકે ગાન લખાઈ;**
**જીવ અજાણ જાણ બીનુ જીનકુ, લેવત પંથ ફસાઈ. ૬૯**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **પતકી** = પતિની,માલિકની, ધણીની **પહેચાન** = ઓળખ, જાણ **ન** = નહીં **કિનકુ** = કોઈને પણ **ગુનકે** = ત્રણ ગુણના દેવતાઓના **ગાન** = ગાથા, યશ **લખાઈ** = લખાવી છે, ગાઈ

છે, જણાવી, દર્શાવી **જીવ** = જીવો **અજાણ** = અજાણ્યા **જાણ બીનુ** = જાણ વગરનો **જીનકુ** = તેઓના, તેમના **લેવત** = લે છે, લઈ લે છે **પંથ** = સિદ્ધાંતમાં, માર્ગમાં, નિર્ધારિત માન્યતાઓમાં **ફસાઈ** = ફસાવીને.

## અનુવાદ

**તે માલિક (પતિ, સર્જનહાર) ની કોઈને જાણ ન હોવાથી ત્રણ ગુણવાળા દેવતાઓના યશ ગાયા કરે છે. આમ પોતાને તેમની જાણ ન હોવાથી જીવોને પણ પોતાની માન્યતાઓમાં ફસાવી લે (દે) છે.**

## ભાવાર્થ

એવા સકર્તાપતિ સર્જનહાર કૈવલ કર્તાની વિશ્વમાં કોઈને પણ જાણ (ખબર) ન હોવાથી બધા ધર્માચાર્યો અને વિવિધ ધર્મના આદ્ય સ્થાપકોએ જગતના જીવોને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની જ યશ-ગાથા દર્શાવી છે. તેમને પોતાને જ સાચા માલિક (સર્જનહાર) ની જાણ (ખબર) ન હોવાને કારણે પોતાની મહત્તા વધારવા જગતની ભોળી ધર્મપ્રેમી જનતાને પોતે ઊભી કરેલી માયાજાળમાં ફસાવી રાખ્યા છે.

**પંથ પવાડ વાડ રમતનકુ, આપના કરી લખાવે;**
**જેહી જીનકે મતકી મજબુત કર, સબ વિધિ સમજ પખાવે. ૭૦**

### શબ્દાર્થ

**પંથ** = નિશ્ચિત કરેલ માન્યતાવાળો માર્ગ **પવાડ** = રચના, પીવડાવવું , લોકોના જનમતમાં ઠોંસવો, કલ્પિત વાતો, આક્ષેપ **વાડ** = આંતરો, ઘેરાવ, હદ દર્શાવતી રેખા, મર્યાદા **રમતનકુ** = રમતની, યુક્તિપૂર્વકની ચાલને **આપના કરી** = પોતાની કરીને **લખાવે** = જણાવે, દર્શાવે **જેહી** = જે **જીનકે** = જેના, જેની **મતકી** = સિદ્ધાંતની, પંથની **મજબૂત** = સમૃદ્ધ, બહોળો, અધિક, અનુયાયીની સંખ્યામાં વધારો કરીને **સબ વિધિ** = બધી જ રીતે **સમજ** = જાણ, માહિતી, સમજણ **પખાવે** = ઠસાવે, સાચું છે તેવુ મગજમાં ઉતારવું.

## અનુવાદ

**પંથની રચના કર્યા બાદ વાડાઓ બાંધીને પોતાના કરી લેવા માટે યુક્તિપૂર્વકની ચાલ રમે છે. પોત પોતાના મત (માન્યતા) ને મજબૂત કરીને બધી રીતે સમજ ઠસાવે છે.**

## ભાવાર્થ

આવા ધર્માચાર્યો અને આદ્ય સ્થાપકો પોતાની અંગત વિચારસરણીને આધારે માન્યતાઓ દર્શાવતા સિદ્ધાંત મુજબ પંથની રચના કરે છે. ત્યારબાદ યુક્તિપૂર્વકની ચાલ ચાલીને વધુમાં વધુ અનુયાયી વર્ગ ઊભો કરી પોતાની વિચારધારામાં જોડાય તેવો પ્રયત્ન કરે છે.આમ પોતાનો મત મજબૂત બને તેવો ઘેરાવ ઊભો કરીને સેવકોને તેમાં જ (જકડી) ઘેરી રાખે છે આ પ્રમાણે પોત પોતાની વિચારધારા મુજબ બધી જ રીતે સમજ બતાવી અનુયાયી વર્ગના મનમાં તેમનો મત જ સાચો છે તેમ ઠસાવવાના પ્રયત્નો કરતા હોય છે.

**ઉપલે કરત રસિક રમણીકમે, અતિ અભ્યાસ કરાઈ;**
**મન બુધ ચિત્ત અહંકાર લગે તાંહાં, કતા ખોજ કુન કાઈ. ૭૧**

### શબ્દાર્થ

**ઉપલે** = ઉપલક, દેખાવ, પુરતુ **કરત** = કરે છે **રસિક** = ભાવિક, રસપૂર્ણ, રસિલું, આશ્ચર્યજનક **રમણિકમે** = મનોહર, ખુબસુરત, સુંદર **અતિ** = ઘણો, વધુ, અત્યંત, બહુ જ **અભ્યાસ** = ચિંતન, ધ્યાન, મનન **કરાઈ** = કરાવીને, કરાવે છે **મન, બુધ, ચિત્ત, અહંકાર** = મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર એમ ચારે અંતઃકરણો **લગે** = સુધી, લાગે **તાંહા** = ત્યાં **કતા** = કર્તા, સર્જનહારની **ખોજ** = શોધ, તપાસ **કુન** = શી, કોણ **કાઈ** = કામની, કરે.

## અનુવાદ

**ઉપલક રીતે રસપૂર્ણ અને મનોહર લાગે તેવો ઘણો અભ્યાસ કરાવે છે. એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ત્યાં લાગી રહેતાં હોવાથી નિજ કર્તાની કોણ શોધ કરે?**

## ભાવાર્થ

શ્રોતાજનોને આંખ અને કાનને ગમે તેવા ખુબ જ રસ ઉપજાવે તેવી ઉપલક રજૂઆત કરીને તેઓ વિશેષ ચિંતવન કરાવે છે. આવા અભ્યાસના મહાવરાથી મુમુક્ષુજનો પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર અંતઃકરણોને સગુણ તથા નિર્ગુણમાં સ્થિર કરીને વળગી રહે છે. એટલે તત્ત્વાતિત એવા સાચા સર્જનહારની શોધ માટે અત્યાર સુધીમાં કોઈએ પ્રયત્નો કર્યા નથી કે કોઈએ કરાવવા પ્રયત્ન પણ કર્યો નથી.

# સકર્તા રહિત પક્ષ પરિચ્છેદન દેખાવનકો
# અંગ ૭

**જ્યૌ બાલીનકે બાલ ખેલવના, કરત કેલ મનમાની;**
**તીનમે પણ નિજ માત અસક ધર, જેહી વિધિ રહી હેરાની. ૧**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ, જેવી રીતે **બાલીનકે** = બાળકીને **બાલ** = બાળક **ખેલવના** = ખેલ કરાવતાં, રમાડતાં **કરત** = કરે છે **કેલ** = આનંદ **મનમાની** = મનપસંદ, મનગમતો **તીનમેં** = તેમાં **પણ** = પણ **નિજ** = પોતાની, તેઓની **માત** = માતા **અસક ઘર** = પ્રેમ ધારણ કરીને, પ્રેમપૂર્વક **જેહી** = જે **વિધિ** = રીતે **રહી** = રહે છે **હેરાની** = નિહાળીને, ધ્યાનપૂર્વક જોવું.

### અનુવાદ

**જેવી રીતે છોકરા અને છોકરી પોતાની મન-પસંદ રમત રમીને આનંદ કરે છે, તે તેમની માતા પ્રેમ ધારણ કરીને જે રીતે નિહાળે છે.**

### ભાવાર્થ

સંસારમાં નાનાં બાળકો અને બાલિકાઓ તેમની મનગમતી ઢીંગલા ઢીંગલીની રમતો આનંદપૂર્વક રમતાં હોય છે. આનંદ કરતાં આ બાળકોને તેમની માતા બાળકોની રમતના ક્ષણિક આનંદને જાણતી હોવા છતાં તે પોતે અલગ રહીને પ્રેમપૂર્વક તે બાળકોને નિહાળે છે અને તેમના આનંદમાં ભાગીદાર બની પોતે પણ હરખાય છે.

**એહી દૃષ્ટાંત સિદ્ધાંત કામમે, લાગત કહું જીનું જમહી;**
**સુર સુરીનર મુનિજન અજભવકી, કહી હતી નહીં ગમહી. ૨**

### શબ્દાર્થ

**એહી** = આ **દૃષ્ટાંત** = ઉદાહરણ **સિદ્ધાંત** = નિશ્ચિત કરેલ મંતવ્ય, પ્રમાણીત નિર્ણય **કામમે** = કામમાં **લાગત** = લાગે, બંધ બેસે **કહું** = કહું છું **જીનું** = જે અંગે, જેનો, જેનું **જમહી** = તેમજ, જેમજ **સુર** = મહાન દેવો **સુરીનર** = સામાન્ય દેવી-દેવતાઓ **મુનિજન** = મુનિજન **અજભવકી** = બ્રહ્મા, વિષ્ણુ, મહેશની

**કહી હતી** = કહી હતી **નહીં** = નહીં **ગમહી** = સમજ, જ્ઞાન.

## અનુવાદ

**આ દૃષ્ટાંતનો સિદ્ધાંત જેને જે કામમાં લાગુ પડે છે તે માટે કહ્યો, પરંતુ અગાઉ કહ્યું હતું કે દેવી-દેવતાઓ મુનિજનની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પણ પરમપદનું જ્ઞાન નથી.**

## ભાવાર્થ

આ બાળકોનું જે દૃષ્ટાંત જણાવ્યું છે તેનો પ્રમાણિત નિર્ણય જેને જે રીતે કાર્યના સંદર્ભમાં લાગુ પડે છે તેની હકીકત હવે પછી જણાવવામાં આવે છે. વળી અગાઉના અંગમાં સામાન્ય દેવી-દેવતાઓ મુનિજનોની આદ્ય લઈ મહાન દેવતાઓ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સહિત સૌને સકર્તા પતિ પક્ષનું જ્ઞાન ન હતું.

**તીનકી સમજ ન્યાય લખવાવત, ન લહે કોઉ કહી જીનકે;**
**અતિ સચેત વેત્ત વિતકે પત, લહહી સોય ભવ ભિન્નકે. ૩**

### શબ્દાર્થ

**તીનકી** = તેની **સમજ** = સમજ **ન્યાય** = ન્યાય સહિત **લખવાવત** = લખાવું છું, સમજાવું છું **ન લહે** = ન જાણે **કોઉ** = કોઈ **કહી** = કહે **જીનકે** = જે અંગેની, જેમને **અતિ** = ઘણી, પૂર્ણ **સચેત** = જાગૃત, ચેતનવંત **વેત્ત** = વેત્તા, જાણકાર **વિતકે પત** = પતિના સત્ત્વની **લહહી** = જાણીને **સોય** = તે **ભવ** = વિશ્વથી **ભિન્નકે** = જુદા, અલગ.

## અનુવાદ

**તેમને કોઈ જાણતું જ નથી. તેમની ન્યાયપૂર્વકની સમજ જણાવું છું. કેવલકર્તા ભવથી ભિન્ન, પૂર્ણ, ચૈતન અને સૌના વિત્તના જાણકાર છે એવા પતિ (માલિક) ને જાણવા જોઈએ.**

## ભાવાર્થ

સર્જનહાર ભવથી ભિન્ન અને પૂર્ણ ચૈતન છે. વળી તેઓ સર્વ અંશોના વિત્તને

જાણનારા છે. તેવા સર્જનહારને જગતમાં કોઈ જાણતું નથી. માટે અંશની ફરજ થઈ પડે છે કે એવા સર્જનહારને અવશ્ય જાણવા જોઈએ. આ આશયથી જ કુવેરસ્વામી કૈવલ કર્તાની ન્યાયપૂર્વકની સમજ આપે છે.

**કિયે આગુ બાલીનકે બાલક, જીનુ સિદ્ધાંત સૂનીજે;**
**કતા સેતી નહીં હેત કોહુનકે, પરહી સુજ ચિત્ત ધીજે. ૪**

### શબ્દાર્થ

**કિયે** = કહ્યું **આગુ** = આગળ **બાલીનકે** = બાળકીને **બાલક** = બાળક **જીનું** = જેનો **સિદ્ધાંત** = માન્ય કરેલ નિર્ણય **સુની** = સાંભળીને **જે** = જે, કે **કતા** = સર્જનહાર **સેતી** = પ્રત્યે, સાથે **નહીં** = નથી **હેત** = પ્રેમ, સ્નેહભાવ, પ્રીતિ **કોહુનકે** = કોઈને પણ **પરહી** = પડે, પડી **સુજ** = સમજ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ધીજે** = ભક્તિ કરે, આરાધના કરે, ચિંતન કર્યું, કલ્પના કરી, વિચાર કર્યો.

### અનુવાદ

**આગળ બાલીકા અને બાળક અંગે કહ્યું હતું તેનો જે સિદ્ધાંત છે તે સાંભળો કે કર્તા પ્રત્યે કોઈની પ્રીતિ નથી, પરંતુ ચિત્તમાં જે સૂઝ સમજ પડી તેનું જ ચિંતવન કર્યું છે.**

### ભાવાર્થ

અગાઉ જે બાલિકા અને બાળકના દૃષ્ટાંતની વાત કહી તે અંગે હવે પછી જે રીતે સિદ્ધાંત બંધ બેસે તેવી રીતે કહેવામાં આવે છે.

વિશ્વમાં પ્રારંભથી તે અત્યાર સુધી કોઈએ સકર્તાપતિ સર્જનહાર સાથે પ્રીતિ ધારણ કરી નથી તેમજ પોતાની રીતે કોઈએ વિચાર્યું જ નથી. એટલે અન્યની દર્શાવેલી બાબતોને સમજીને પોત પોતાને જે સૂઝ-સમજ પડી તેનું ચિંતન કરવામાં આવ્યું છે.

**એહી તનમે ઈન્દ્રિ દશ બાલક, માત સુરત જીનું તેહી;**
**બ્રહ્મા કીટ પતંગ આદ્ય મે, બસે સબનમે એહી. ૫**

### શબ્દાર્થ

**એહી** = આ **તનમે** = શરીરમાં **ઈન્દ્રિ દશ** = દશ ઈન્દ્રિયો **બાલક** = બાળક રૂપે **માત** = માતા **સુરત** = સુરતા **જીનુ** = જેની **તેહી** = તે **બ્રહ્મા** = બ્રહ્મા **કીટ-પતંગ** = નાનાં કીટાણુ અને પતંગિયાં

**આદ્ય મે** = સુધીમાં, વગેરેમાં **બસે** = રહે **સબનમેં** = બધામાં **એહી** = એ.

## અનુવાદ

**આ શરીરની દશ ઈન્દ્રિયો બાળકો રૂપે છે અને સુરતા તેની માતા છે. તે કીટ-પતંગની આદ્ય લઈને બ્રહ્મા સુધી દરેકમાં હયાત છે.**

## ભાવાર્થ

આ શરીરમાં પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને કુલ દશ ઈન્દ્રિયો બાળક-બાલિકા સમાન છે. સુરતા તેની માતા તરીકે શરીરમાં રહેલી છે. આ બાળક રૂપ દશ ઈન્દ્રિયો અને તેની માતા રૂપ સુરતા કીટ-પતંગની આદ્ય લઈ બ્રહ્મા સુધીના તમામ દેહોમાં વસેલાં છે.

**તેહી સબનકી ઈન્દ્રિ આલિંગન, કરત કેલ તન સેતી;**
**તાર પીછે આપને સુતકુ લગ, જાવત સુરત સમેતી. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **સબનકી** = બધાની, સૌની **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **આલિંગન** = ભેટવું, સ્પર્શવું, ચુંબન કરવું **કરત** = કરે **કેલ** = આનંદ, મઝા, ક્રિડા, કલ્લોલ **તન** = શરીર **સેતી** = સાથે **તાર પીછે** = ત્યારપછી **આપને** = પોતાના **સુતકુ** = પુત્રને, સંતાનને **લગ** = લાગીને, જોડીને, એકતા સાધીને **જાવત** = જાય છે **સુરત** = સુરતા **સમેતી** = સમેત, સહિત, સાથે.

## અનુવાદ

**તે બધી ઈન્દ્રિયો શરીર સાથે આલિંગન કરાવીને આનંદ કરે છે. ત્યારબાદ પોતાના સંતાનો સહિત સુરતા પણ સાથે જાય છે.**

## ભાવાર્થ

નાનાં કે મોટાં બધાં જ દેહની ઈન્દ્રિયો આલિંગન કરીને શરીર સાથે આનંદ-કિલ્લોલ કરતી હોય છે. આ પ્રમાણે આનંદમગ્ન થયેલ ઈન્દ્રિયો રૂપ પોતાના સંતાનોને નિહાળીને તેની માતા રૂપ સુરતા પણ તેના આનંદમાં ભાગીદાર બને છે.

ત્યારબાદ ઈન્દ્રિયો સાથે એકતા સાધીને તે પણ આનંદ માણે છે અને હરખાતી હોય છે.

**દશ ઈન્દ્રિ ઓરુ સુરત સહિત ઈત, વેંધેહુ વિપન પસારે;**
**કુન રહે કરતારનકે તવ, લગન લગાવનહારે. ૭**

**શબ્દાર્થ**

**દશ ઈન્દ્રિ** = દશ ઈન્દ્રિયો **ઓરુ** = અને **સુરત** = સુરતા **સહિત** = સાથે **ઈત** = આ, અહીં **વેંધેહુ** = વીંધે છે, કોચે છે, દુઃખી કરે છે, ઘા કરે છે **વિપન** = વ્યાપાર, કાર્યશક્તિ, વારંવાર **પસારે** = પ્રસારે છે, ફેલાવે છે **કુન રહે** = કોણ રહ્યું **કરતારનકે** = સર્જનહારને માટે **તવ** = તેમાં, ત્યારે **લગન** = જોડાણ માટે, લાગી રહેવા માટે, જોડવા માટે **લગાવનહારે** = લગાવવાવાળુ, લગાવ કરનારુ.

**અનુવાદ**

**દશ ઈન્દ્રિયો અને સુરતા સહિતની સમૃદ્ધિ પોતાની કાર્યશક્તિનો વિસ્તાર કરવામાં જ વિંધાઈ જાય છે. તો પછી સર્જનહાર સાથે એકતા કરનારું કોણ રહ્યું?**

**ભાવાર્થ**

દશ ઈન્દ્રિયોની આનંદીત ક્રિડા નિહાળીને સુરતા તેમાં સહભાગી થાય છે, ત્યારે તેમના આનંદને કારણે તે વિંધાય છે છતાં તેઓ તેમની કાર્યશક્તિનો વિસ્તાર ચાલુ જ રાખતા હોય છે. પરિણામે સર્જનહાર સાથે એકતા (મેળાપ) કરવા માટે કોઈ રહેવા પામતું નથી.

**યા વિધકે નરણીત કરીકે નિજ, દેખેહુ સુરત પસારી;**
**તો આ ભવમે જોગી જતી જન, સહિત લગત સંસારી. ૮**

**શબ્દાર્થ**

**યા વિધકે** = આ પ્રમાણે, આ રીતે **નરણીત** = નિર્ણય, નિશ્ચય **કરીકે** = કરીને **નિજ** = પોતે **દેખેહુ** = નિહાળ્યું **સુરત** = સુરતા **પસારી** = પ્રસારીને **તો** = તો **આ ભવમેં** = આ વિશ્વમાં, આ જગતમાં **જોગી** = યોગી, વૈરાગી **જતી** = પતિવ્રત ધર્મ પાળનાર **જન** = માનવો, વ્યક્તિઓ **સહિત** = સાથે, ને લઈને **લગત** = લાગે છે, જણાય છે **સંસારી** = સંસારમાં લેપાયમાન હોય તેવા, કર્મ પ્રધાન, ગૃહસ્થી, દુનિયાદારી પ્રમાણે જીવન જીવનારા, સંસારમાં રચ્યા-પચ્યા રહેનાર.

### અનુવાદ

**સુરતા પ્રસારીને પોતે (કુવેરસ્વામીએ) આ પ્રમાણે નિર્ણય કર્યો કે જગતમાં યોગી, સતી અને સજ્જનો સહિત બધા જ સંસારી જણાય છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ તેમની દિવ્ય અલૌકિક દૃષ્ટિ પ્રસારીને જોયું તો આ પ્રમાણે દરેક દેહધારીઓ ઈન્દ્રિયોના ભોગ-વિલાસમાં આનંદ-કલ્લોલ કરતા જણાયા. વળી તેમની સુરતા પણ તેમાં જ પ્રવૃત્ત થયેલી હોય છે. તે બધું નિહાળતાં તેમણે નિર્ણય કર્યો કે સમસ્ત જગતમાં યોગ સાધનારા યોગી પુરુષોની આદ્ય લઈ પતિવ્રતા ધર્મ પાળનારી સતી સ્ત્રી સહિત સર્વ સજ્જનો સાંસારિક પ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા હોઈ ગૃહસ્થી જણાય છે.

**તેહી માટે નિજ ક્રતા આદ્યકુ, કુન લહત ઉત ઈતમેં;**
**વેદ પુરાન શાસ્ત્ર સમદાયક, ફસી રહે જીત તીતમેં. ૯**

#### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે, તેથી **નિજ** = મૂળ, આદિ **ક્રતા** = સર્જનહાર **આદ્યકુ** = જેમના પહેલાં કોઈ હતું જ નહીં તેવા, આદિ અનાદિના, પુરાણા પુરુષને **કુન** = કોણ **લહત** = જાણે, ઓળખે **ઉત ઈતમેં** = અહીંયાં અને ત્યાં, મૃત્યુલોકમાં અને અંતરિક્ષમાં **વેદ** = ચાર વેદ **પુરાન** = અઢાર પુરાણો **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **સમદાયક** = સમુહ, સમુદાય **ફસી રહે** = વળગી રહ્યા, ફસાઈ રહ્યા **જીત તીતમેં** = જ્યાં ને ત્યાં, જેમાં ને તેમાં.

### અનુવાદ

**તે માટે નિજ આદિ અનાદિ સર્જનહાર કર્તાને આ બાજુ કે તે બાજુ કોણ જાણે છે. ? સર્વ સમુદાય વેદ, શાસ્ત્ર અને પુરાણમાં જ્યાં ને ત્યાં ફસાઈ રહેલા છે.**

### ભાવાર્થ

આદ્ય સનાતન સર્જનહારને મૃત્યુલોકમાં કે અંતરિક્ષના દૈવી ધામો પૈકી કોઈ પણ જાણતા નથી. વિશ્વમાં તમામ યતિ, સતિ સહિત સજ્જનો અને દેવી-દેવતાઓનો સમુદાય વગેરે બ્રહ્માએ રચેલા ચાર વેદ, વ્યાસજીએ રચેલા અઢાર પુરાણ અને બુદ્ધિજીવી

મહાપુરુષોએ લખેલા છ શાસ્ત્રમાં પોતાની માન્યતાને સ્થિર કરીને ફસાઈ રહ્યા છે.

**વેદ પુરાન શાસ્ત્રકે કરતા, સો ન લહત નિજ પદકુ;**
**તો તીનકે જેહી સ્ત્રોત પઠનકે, ક્યૌ કરી લખે હારદકુ. ૧૦**

### શબ્દાર્થ

**વેદ** = ચાર વેદ **પુરાન** = અઢાર પુરાણ **શાસ્ત્રકે** = છ શાસ્ત્રના **કરતા** = રચયિતા, રચનારા **સો** = તેઓ **ન** = નહીં **લહત** = જાણતા **નિજ પદકુ** = નિજ પદને **તો** = તો **તીનકે** = તેમના **જેહી** = જે **સ્ત્રોત** = શ્લોક, રચના **પઠનકે** = વાંચીને, પઢીને **ક્યૌ કરી** = કેમ કરીને **લખે** = જાણે, દર્શાય **હારદકુ** = હાર્દને, રહસ્યને, મર્મને, ભેદને.

### અનુવાદ

**વેદ, પુરાણ અને શાસ્ત્રના રચયિતા નિજ પદને જાણતા નથી, તો પછી તેની રચનાના શ્લોકને વાંચનારા તેના હાર્દને કેવી રીતે સમજી શકે ?**

### ભાવાર્થ

ચાર વેદના વક્તા બ્રહ્માજી, અઢાર પુરાણના રચનાર વ્યાસજી, ન્યાયશાસ્ત્રના રચનાર ગૌતમ ઋષિ, મિમાંશાસ્ત્રના રચયિતા જયમુનિ, વેદાંતશાસ્ત્રના રચનાર વ્યાસમુનિ, પાંતાજલિના રચયિતા શેષજી, વૈશેષિકશાસ્ત્રના રચનાર જ્ઞાનાદિકઋષિ અને સાંખ્યશાસ્ત્રના રચનાર કપિલમુનિ સહિત તમામ રચયિતાઓ નિજ પતિપદની જાણથી અજાણ્યા હતા. જેથી તેમની રચનાઓમાં કર્તાપદની સમજ કે માહિતી તેમણે દર્શાવી નથી તો પછી તેમની રચનાને વાંચનારાઓ તથા અધ્યયન કરનારાઓ સર્જનહારના પરમપદના રહસ્યને કેવી રીતે સમજી શકે ?

**બિનુ હારદ નિજ કતા આદ્યકે, લહે વિના કુન જગહી;**
**જ્યૌ તે કણ ન લહત કરખીનકુ, ત્યૌ રીતે સબ મગહી. ૧૧**

### શબ્દાર્થ

**બિનુ** = વિના, સિવાયના **હારદ** = હાર્દ, રહસ્ય, મર્મ **નિજ કતા** = નિજ કર્તાના, નિજ પરમપતિના **આદ્યકે** = આદિ-અનાદિને **લહે** = જાણ્યા **વિના** = સિવાય **કુન** = કોણ, કોઈ **જગહી** = જાગ્રત કરે, જગાડે

**જ્યૌ** = જેમ **તે** = તે, કે **કણ** = દાણા, અનાજના બિયારણ, બીજક **ન** = નહીં **લહત** = જાણે, ઓળખે **કરખીનકુ** = ખેડૂતને **ત્યૌ** = તેમ, તેવી રીતે **સબ** = બધા જ **મગહી** = માર્ગો, પંથો, માન્યતાઓ, સંપ્રદાયો.

## અનુવાદ

**આદ્ય કર્તાના મર્મને જાણ્યા સિવાય જાગ્રત કોણ કરે જેમ ખેડુતને બીજક જાણવું નથી તે રીતે સર્વે મત પંથો છે.**

## ભાવાર્થ

આદ્ય કર્તાના મર્મને જાણ્યા સિવાય કોણ જાગ્રત કરે ? જેમ ખેતરમાં બીજક તરીકે વાવણી કરવાના જે કણ (દાણા) હોય છે તે ખેડૂતને જાણતા નથી. તેમ સૌના કારણ રૂપે રહેલા મૂળ ખેડૂત રૂપ સકર્તાપતિ સર્જનહારને જાણ્યા સિવાય દુનિયામાં સ્થાપિત થયેલા તમામ ધર્મપંથો અને સમ્પ્રદાયો કણ જેવા છે.

**રીતે મગ સોઈ સર્જનહાર બીન, જેહી શાસ્ત્ર પુરાનહી;**
**પઢી પઢી મુયે સહિત સુનનારન, ગયે સકલ અધુરનહી. ૧૨**

### શબ્દાર્થ

**રીતે** = ફીક્કા, સત્ત્વહીન, રીતા **મગ** = માર્ગો, પંથો, સમ્પ્રદાયો **સોઈ** = તે **સર્જનહાર** = કર્તા, રચનાર **બીન** = વિનાના **જેહી** = જે **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાનહી** = પુરાણ **પઢી પઢી** = વાંચી વાંચીને, અભ્યાસ કરી કરીને **મુયે** = મૃત્યુ પામ્યા, મર્યા **સહિત** = સાથે **સુનનારન** = સાંભળનારાઓ **ગયે** = ગયા **સકલ** = સૌ, બધા **અધુરનહી** = અજ્ઞાની, અધુરા, અપૂર્ણ.

## અનુવાદ

**શાસ્ત્ર અને પુરાણએ દર્શાવેલ માર્ગો સર્જનહાર વિનાના ફીક્કા છે. તેને વાંચી વાંચીને બોલનાર અને સાંભળનારા પણ જ્ઞાન વગર મૃત્યુ પામ્યા છે.**

## ભાવાર્થ

છ શાસ્ત્ર અને પુરાણએ જે સમજ દર્શાવી છે તેનો આધાર રાખીને વિશ્વમાં જેટલા જેટલા મતપંથોની સ્થાપના કરવામાં આવી છે તે દરેક મતપંથો સર્જનહાર કૈવલ કર્તાના પરમપદથી અજાણ રહેલા હોવાથી સત્ત્વહીન છે. એવા શાસ્ત્ર અને પુરાણ

વાંચી વાંચીને જે જે કથાકારો અને તેમાં દર્શાવેલી સમજને દર્શાવવાળા વક્તાઓ સહિત સાંભળનારા શ્રોતાજનો પણ અધુરા અને અપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને મરણને શરણ થઈ ચાલ્યા ગયા છે.

**અધુરન સો આપને સરજનકી, જીનું નહીં માલમહી;**
**ભૂલે સકલ પંથ અગવાયન, તો ક્યૌ લહે આલમહી. ૧૩**

### શબ્દાર્થ

**અધુરન** = અધુરા, અપૂર્ણ **સો** = તો, તે **આપને** = પોતાના **સરજનકી** = સર્જન કરનારની **જીનું** = જેની **નહીં** = નથી **માલમહી** = ઓળખ, જાણ, માહિતી ખબર **ભૂલે** = ભૂલા પડેલા **સકલ** = બધા, સૌ **પંથ** = મત, સંપ્રદાય, ધર્મપંથ **અગવાયન** = સ્થાપકો, આગેવાનો, મુખીયા **તો** = તો **ક્યૌ લહે** = શું જાણે **આલમહી** = અનુયાયીઓ, અનુસરનારાઓ, દુનિયા, જનસમુહ, પ્રજા.

### અનુવાદ

**અધુરા એટલે કે પોતાને સર્જન કરનારની જેને જાણ (ખબર) નથી તેવા તમામ પંથોના સ્થાપકો છે. તો પછી અનુયાયી વર્ગ (દુનિયા) શું જાણે ?**

### ભાવાર્થ

અધુરા એટલે જેમને પોતાના ચૈતન સ્વરૂપનું અને અંશ જેની સજાતિનો છે એવા સર્જનહારને જાણતા નથી તેવો વર્ગ. આવા અધુરા જ્ઞાનને દર્શાવવાળા ધર્મ પંથના આગેવાનો (આદ્ય સ્થાપકો) પોતે જ અપૂર્ણ હોય તો પછી અપૂર્ણ જ્ઞાનના પંથોમાં જનારા અનુયાયી વર્ગની તો વાત જ શી કરવી ? આવા મત-પંથનો જન સમુદાય કર્તાના લક્ષને કેવી રીતે જાણી શકે ?

**આલમ સો અવની વસનારન, અચર ચરાચર તનહી;**
**સપ્ત પાતાલ રસાતલકે લગ, જેહી સુર વસે ગગનહી. ૧૪**

### શબ્દાર્થ

**આલમ** = જન સમુદાય, જન સમુહ, દુનિયા **સો** = તે તો **અવનિ** = પૃથ્વી પર **વસનારન** = વસવાટ કરનારા **અચર** = સ્થાવર **ચરાચર** = સ્થાવર-જંગમ, બધા જ **તનહી** = શરીર

**સપ્ત** = સાત દ્વિપ **પાતાલ** = પાતાળ **રસાતલકે** = રસાતલના **લગ** = સુધી **જેહી** = જે **સુર** = દેવો **વસે** = રહે છે, વસે છે **ગગનહી** = અંતરિક્ષમાં.

## અનુવાદ

**સમુદાય એટલે પૃથ્વી પર વસનારા તમામ જંગમ તથા સ્થિર અને અસ્થિર ઘાટ તેમજ સાત દ્વિપ તથા રસાતલ પાતાળ સુધીના અને અંતરિક્ષમાં વસતા દેવો.**

## ભાવાર્થ

આલમ એટલે જગતના સર્વ સમુદાય જેમાં પૃથ્વી પર વસવાટ કરનારા સ્થિર અને અસ્થિર ઘાટ, સાત દ્વિપ અને રસાતલ પાતાળ સુધીના બધા જ દેહોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અંતરિક્ષમાં વસનારા ચૌદેય લોકના દેવી-દેવતાઓ અને ચાર મુક્તિ પામેલા દેહોનો સમાવેશ થાય છે.

**એતને ભરમાં આઈ ગયે સબ, તબ કિનુ કુન રહાઈ;**
**નિજ કરતારનકે કારનકી, કોઉ કીનુ ખોજ ન પાઈ. ૧૫**

### શબ્દાર્થ

**એતને ભરમાં** = આ સર્વમાં, આ બધામાં, એટલા બધામાં **આઈ ગયે** = આવી ગયા, ગણતરીમાં ગણાયા **સબ** = બધા, તમામ **તબ** = ત્યારે **કિનુ** = ક્યાં **કુન** = કોણ **રહાઈ** = રહી ગયુ, રહ્યું છે **નિજ કરતારનકે** = નિજ સકર્તા પતિને **કારનકી** = કારણરૂપની **કોઉ** = કોઈએ **કીનુ** = ક્યાંય, ક્યારે **ખોજ** = શોધ, ખોળ, તપાસ **ન** = નહીં **પાઈ** = પ્રાપ્ત કરી, મેળવી શક્યા, મળી, મેળવી.

## અનુવાદ

**એટલા સુધીમાં બધા જ આવી ગયા તો પછી બાકી કોણ રહેવા પામ્યું ? સૌના કારણ રૂપે રહેલા નિજકર્તાની કોઈએ ક્યારેય પણ શોધ કરી નથી.**

## ભાવાર્થ

આટલી ગણતરી પ્રમાણે પાંચે પ્રકારના દેહોનો સમાવેશ થાય છે, તો પછી હવે મૃત્યુલોકમાં કે અંતરિક્ષમાં બીજુ કોઈ બાકી રહેવા પામ્યું નથી. આ તમામ દેહોના

કારણ રૂપે રહેલા સકર્તા પતિ આદિ કૈવલકર્તાની કોઈએ, ક્યાંય પણ શોધ કરવા પ્રયત્ન કર્યો નથી.

**જબત્યે નિજપતિ ખોજ વિના તો, કહીત સકલ સબ રીત્યે;**
**અદબદ ગયે અનંત કોટિ જન, કોઉ ન હારે કોઉ જીતે. ૧૬**

**શબ્દાર્થ**

**જબત્યે** = જેથી **નિજપતિ** = મૂળ માલિક, આદિપતિ, મૂળ ધણીની **ખોજ** = શોધ, તપાસ **વિના તો** = વિના તો **કહીત** = કહેવાય **સકલ** = સર્વ, બધા **સબ રીત્યે** = તમામ અધૂરા, ફીક્કા, અપૂર્ણ **અદબદ** = અનિર્ણાયક, મોઘમ, અસ્પષ્ટ **ગયે** = ગયા, નાશ પામ્યા **અનંત કોટિ** = અનંત કરોડો, અનેક પ્રકારના **જન** = માનવો, વ્યક્તિઓ **કોઉ ન** = કોઈ પણ **નહીં** = નહિં **હારે** = હાર્યા **કોઉ** = કોઈ **જીતે** = જીત્યા.

**અનુવાદ**

**જેથી નિજપતિને શોધ્યા વગર સૌને અપૂર્ણ કહ્યા છે. અનંત કોટિ માનવો મોંઘમ રહીને ચાલ્યા ગયા છે. જેમાં કોઈ હાર્યા પણ નથી અને જીત્યા પણ નથી.**

**ભાવાર્થ**

નિજપતિની શોધ કર્યા સિવાયના બધાને અપૂર્ણ કહ્યા છે. અર્થાત્ જ્ઞાન પક્ષે અપૂર્ણ દર્શાવ્યા છે. વળી જગતમાં કરોડો વ્યક્તિઓ કોઈ પણ જાતની સ્પષ્ટતા કર્યા વિના મોંઘમ રીતે જિંદગી જીવીને મૃત્યુ પામ્યા છે, જેમાના પતિપક્ષની જાણના સંદર્ભમાં કોઈ હાર્યા પણ નથી કે કોઈ જીત્યા પણ નથી.

**હાર જીત તો પતિ પરમસે, બીન પતિ કોઉ કિનું કાંઈ;**
**કે બકસે કે કરીત ગુનાયત, તજે કે લેઈ શરનાઈ. ૧૭**

**શબ્દાર્થ**

**હાર જીત** = હાર અને જીત **તો** = તો **પતિ** = ધણી, કર્તા, માલિક **પરમસે** = પરમથી **બીન પતિ** = પતિ સિવાય **કોઉ** = કોન **કિનુ** = કોઈની **કાંઈ** = ક્યાં **કે** = કે, અથવા **બકસે** = બક્ષિસ કરે **કે** = અથવા **કરીત** = કરેલા **ગુનાયત** = ગુનાઓને, અપરાધને **તજે કે** = તજી દે, છોડી દે, માફ કરે, તડી પાર કરી દે - અથવા તો **લેઈ** = લઈ લે **શરણાઈ** = શરણે, શરણમાં.

### અનુવાદ

**હાર જીત તો પરમપતિ દ્વારા (નક્કી) કરાતી હોય છે. પરમપતિ સિવાય સત્તા કોની અને કેવી રીતે તથા કોને હોઈ શકે ? કારણ કે કરેલા ગુના (અપરાધ) ની સજા દઈને ત્યાગ કરે કે ગુનાને બક્ષીસ કરીને પોતાના શરણમાં લેતા હોય છે.**

### ભાવાર્થ

હારવું કે જીતવું તેનો નિર્ણય અધિપતિ દ્વારા કરાતો હોય છે. અર્થાત્ માલિક સિવાય કોણ, કોનો અને કેવી રીતે ક્યાં નિર્ણય કરી શકે ? કારણ કે સત્તાના સર્વોચ્ચ અધિપતિ (માલિક) તો કેટલાક અપરાધીને તેના ગુનાની સજા કરીને તડી પાર (ત્યાગ) કરે છે અથવા પોતાની સત્તાની રૂએ ગુનેગારના ગુનાને બક્ષિસ કરીને તેને (ગુનેગારને) પોતાના શરણમાં લઈ લે છે.

**તિનકે કહું દ્દષ્ટાંત કરાંમલ, સમજ પરે સદ સોઈ;**
**જ્યો રણમેં નરપતિ બિનુ એકલ, ઝૂઝ મરે જન કોઈ. ૧૮**

### શબ્દાર્થ

**તિનકે** = તે માટે **કહું** = કહું **દ્દષ્ટાંત** = ઉદાહરણ **કરાંમલ** = કરામતનું, સરળતાપૂર્વકનું, કાર્યક્ષેત્રનું, યુક્તિપૂર્ણ **સમજ પરે** = સમજણ પડે તેવું **સદ્** = સત્ય, સારી **સોઈ** = તે **જ્યૌ** = જેમ, જેવી રીતે **રણમે** = રણભૂમિમાં, યુદ્ધના મેદાનમાં **નરપતિ** = રાજા, અધિપતિ **વિનુ** = સિવાય, વગર **એકલ** = એકલો **ઝુઝ મરે** = ઝઝુમીને મૃત્યુ પામે **જન** = માનવ, યોદ્ધો **કોઈ** = કોઈ.

### અનુવાદ

**તે માટે સારી સમજ પડે તેવું સરળ દ્દષ્ટાંત કહું છું જેમ રણભૂમિમાં સેનાપતિ (રાજા) વગર એકલો યોદ્ધો લડીને મૃત્યુ પામે તો તેમાં...**

### ભાવાર્થ

ઉપર્યુક્ત હાર અને જીતની સારી રીતે સમજ પડે તે માટે સરળ ઉદાહરણ કુવેરસ્વામી આપે છે. જેમ રણભૂમિમાં (યુદ્ધના મેદાનમાં) સેનાપતિ કે રાજા સિવાય એકલો યોદ્ધો દુશ્મનોની સાથે લડાઈ કરીને મૃત્યુ પામે ત્યારે તેમાં....

**હારે કે ઓરન હરવાવે, મારે કે મર જાઈ;**
**પતિ બિનકે પરભારી જીતસે, કુન મોજ દે તાઈ. ૧૯**

### શબ્દાર્થ

**હારે** = હારી જાય **કે** = કે, અથવા **ઓરન** = બીજાને, અન્યને **હરવાવે** = હરાવે **મારે** = દુશ્મનનો નાશ કરે, મારે **કે** = યા, અથવા **મર જાઈ** = મરી જાય, શહીદ થાય **પતિ બિનકે** = સેનાપતિ સિવાય, અધિપતિ વગર **પરભારી** = બારોબારની, સીધેસીધી **જીતસે** = જીતથી **કુન** = કોણ **મોજ** = શાબાશી, ધન્યવાદ **દે** = આપે **તાઈ** = તેને.

### અનુવાદ

**પોતે હારે કે બીજાને હરાવે અથવા દુશ્મનને મારે કે પોતે મૃત્યુ પામે પરંતુ સેનાપતિ સિવાય પરભારી (બારોબાર) જીત (મળવા) થી તેને શાબાશી (ધન્યવાદ) કોણ આપે ?**

### ભાવાર્થ

રણભૂમિમાં દુશ્મનો સામે લડીને શૂરવીર યોદ્ધો પોતે હારી જાય કે શત્રુને હરાવે અથવા તે દુશ્મનનો સંહાર કરે યા પોતે શહીદ થાય પરંતુ જો સેનાપતિની હાજરી ન હોય તો તે બારોબારની લડાઈથી પ્રાપ્ત કરેલ જીત માટે શાબાશી ન મળે તો તેનો આનંદ પણ તે કેવી રીતે અનુભવી શકે ?

**મોજ વિના મનોરથ પરિપૂર્ણ, ભક્તિ ત્યાગ કરનનકે;**
**કુન કરહી કરુણેશ કલિત વિન, આપને જાણ વિનુ જનકે. ૨૦**

### શબ્દાર્થ

**મોજ** = આનંદ, કૃપા,શાબાશી, ખુશી,સુખ **વિના** = સિવાય **મનોરથ** = મનની ઈચ્છા, મુરાદ **પરિપૂરણ** = સંપૂર્ણ રીતે પૂરી **ભક્તિ** = ભક્તિ **ત્યાગ** = ત્યાગ, અનાશક્તિ **કરનનકે** = કરવાને **કુન** = કોણ **કરહી** = કરે,કરશે **કરુણેશ** = કરુણાઓના ઈશ **કલિત વિન** = કળ્યા સિવાય, જાણ્યા વગર **આપને** = પોતાની સ્વ સ્વરૂપની **જાણ** = જાણ, સમજ **વિનુ** = સિવાય **જનકે** = માનવને.

### અનુવાદ

**પોતાના સ્વ ચૈતન (સ્વરૂપ) ને અને ઈશને ઓળખ્યા સિવાય ભક્તિ અને ત્યાગ**

**કરે તો તેની કરુણા સિવાય મનના મનોરથ કોણ પરિપૂર્ણ કરશે ?**

### ભાવાર્થ

પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપને યથાર્થ રીતે જાણે નહીં, તો પછી તે જેની સજાતિનો છે તેવા કરુણેશ કર્તાને પણ ઓળખી શકતા નથી. આમ અંશ, અંશીને જાણ્યા સિવાય ભક્તિ અને ત્યાગ ધારણ કરે તેમ છતાં તેની ઉપર મળવા પાત્ર કરુણા સિવાય તેના મનના મનોરથ અર્થાત્ મુક્તિની અભિલાષા માલિક સિવાય કોણ પરિપૂર્ણ કરે ?

**જો કદપિ જન આપને જાણ બિન, કરહી સહાય કરુણેશુ;**
**કુન રહે તબ ભવકી માંહાંય જન, જાવન નરક ન રેશુ. ૨૧**

### શબ્દાર્થ

**જો કદપિ** = જો કદાચ **જન** = માનવ **આપને** = પોતાના સ્વ સ્વરૂપને **જાણ બિન** = જાણ્યા સિવાય **કરહી** = કરે **સહાય** = મદદ, કૃપા **કરુણેશુ** = કરુણેશ કર્તા, માલિક, ધણી **કુણ રહે** = કોણ રહેવા પામે **તબ** = ત્યારે **ભવકી** = જગતની, વિશ્વની **માંહાંય** = માં, અંદર **જન** = માનવ **જાવન** = જાય **નરક** = નર્ક, કુંડ,યાતનાઓ ભોગવવાની યોની **ન રેશુ** = રહેવા પામે નહીં, રહેશે નહીં.

### અનુવાદ

**જો કદાચ માનવો અંશ સ્વરૂપને જાણતા ન હોવા છતાં કરુણેશ કરુણા કરે તો પછી નર્કમાં જવા માટે જગતમાં કોઈ પણ બાકી રહે નહીં.**

### ભાવાર્થ

જો કદાચ માનવો તેમના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને જાણતા ન હોય છતાં પણ કરુણેશ કર્તા તેવા અંશોને જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરે, તો પછી જગતના તમામ માનવો મોક્ષ ગતિ પ્રાપ્ત કરે. જો એવું જ થાય તો પછી નર્કકુંડની યાતના ભોગવવા માટે કોઈ જ રહેવા પામે નહીં.

**નરક સરગકે ન્યાય વિના તો, પતિકે કો અધિકારુ;**
**રચના રચિત તાય બિનુ ઈજ્જત, કારન કુન પસારુ. ૨૨**

### શબ્દાર્થ

**નરક** = નર્ક, કુકર્મો ભોગવવા માટેનો લોક **સરગકે** = સ્વર્ગનો, સત્કર્મ ભોગવા માટેનો લોક **ન્યાય વિના** = ન્યાય સિવાય **તો** = તો **પતિકે** = પતિને, માલિકને **કો** = શો, શું **અધિકારુ** = અધિકાર, સત્તા **રચના** = ઉત્પત્તિ,કૃત **રચિત** = ઉત્પન્ન કરી **તાય** = તેના **બિનુ** = વિના **ઈજ્જત** = કીર્તિ, આબરુ, મોભો **કારન** = કારણે **કુન** = ક્યા, શા માટે, કેમ **પસારુ** = પસારો કર્યો.

### અનુવાદ

**સ્વર્ગ અને નર્કના ન્યાય સિવાય તો માલિકનો શો અધિકાર રહે ? વળી રચના રચી તેની કીર્તિ ન મળે તો પસારો કરવાનું શું પ્રયોજન રહ્યું ?**

### ભાવાર્થ

સત્ કર્મો કરવાથી સ્વર્ગ મળે અને દુષ્કર્મો કરવાથી નર્ક મળે, તે પ્રમાણેનો ન્યાયપૂર્વકનો સિદ્ધાંત અને નિશ્ચિત પ્રમાણ ન હોય તો કર્તા માલિકનો શો અધિકાર રહેવા પામે ?

વળી રિદ્ધિ-સિદ્ધિ થી ભરપુર વિવિધતાવાળી રચના અને પાંચ પ્રકારના દેહો વસાવવા માટે ત્રણ પ્રકારના ચૈતન અંશો સહિત બ્રહ્માંડમાં તમામ પસારો કરવાનું પ્રયોજન શું રહ્યું ? આ ઉપરાંત વિવિધતાવાળી આવી રચના કરી તેવી કીર્તિ ન મળે (મોભો ન સચવાય) તો માલિક તરીકેની સર્વોપરીતા ધરાવવાનો શો અર્થ ?

## જબ તો રહે અલાધિક ભવજન, કોઉ કિનુ કાજ સજેતી;
## સુનકાદિક નવ યોગી આદ્યશિવ, કુન કજ ભયે ફજેતી. ૨૩

### શબ્દાર્થ

**જબ** = જેથી **તો** = તો **રહે** = રહ્યા **અલાધિક** = સૌના સર્વોપરિ, સારાયે આલમના અધિપતિ **ભવજન** = ભવના માનવી **કોઉ** = કોણ **કિનુ** = કોના **કાજ** = કાર્ય **સજેતી** = સજાતિ **સુનકાદિક** = સનકાદિક **નવયોગી** = નવ યોગેશ્વરો - શુક્રાચાર્ય કવિ, નારાયણ હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિહોત્ર, દ્રુવુમિલ, ચમસ, અને કરભાજન **આદ્યશિવ** = આદિશિવ **કુન** = શા **કજ** = કાર્ય માટે **ભયે** = થયા **ફજેતી** = અપકીર્તિવાન, બદનામ, હેરાનગત, પરેશાન, માનભંગ, કલંકિત.

### અનુવાદ

**જો જગતના માનવો આલમના અધિપતિથી અજાણ્યા રહે તો સજાતિ વિના કોણ કોનું કાર્ય કરે ? એટલા માટે જ સનકાદિકો, નવ યોગેશ્વરો અને આદ્ય શિવજી શા માટે પરેશાન થયા ?**

### ભાવાર્થ

અખિલ વિશ્વમાં પ્રારંભથી તે અત્યાર સુધી બધા માનવો સમગ્ર આલમના અધિપતિ સર્જનહાર માલિકથી અજાણ્યા રહ્યા છે. જો આપણા અંશ સ્વરૂપના સજાતિને ન ઓળખવામાં આવે તો કોણ કોનું કાર્ય કરે ? એટલા માટે જ સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજી દ્વારા ઉત્પન્ન થયેલ સનકાદિકો અને આદ્ય શિવ રૂપ નિરંજન સહિત નવ યોગેશ્વરો પણ સંસારનો ત્યાગ કરીને પોતાના સજાતિ એવા પરમપદના અધિપતિ અંશીની શોધ માટે કઠોર તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. આ પ્રમાણે જોતાં તેઓ અપાર સુખ છોડીને શા માટે પરેશાન થયા હશે ?

**ઓરુ પોષણ જગ જીવ જંતકે, રત્ય રત્ય કુન રચાઈ;**
**અરસ અચાનક અમી ચુવત, સામ્રથ દેત સચાઈ. ૨૪**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **પોષણ** = પોષણ, ખોરાક, ખાધાખોરાકી **જગ** = જગતના **જીવ જંતકે** = જીવ-જંતુઓ માટે **રત્ય રત્ય** = વિધ વિધના, વિવિધી પ્રકારના **કુન** = કોણે **રચાઈ** = રચ્યા છે, બનાવ્યા છે **અરસ** = અંતરિક્ષમાંથી **અચાનક** = ઓચિંતાનું **અમી** = પાણી, નીર **ચુવત** = પાન કરાવે, ચૂવે, પડે, ટપકાંના રૂપે પડે, ગળવું **સામ્રથ** = સમર્થ (ધણીની) સમર્થવાન પતીની, માલિકની **દેત** = આપે છે **સચાઈ** = પ્રમાણિકતા, સત્ત્યતા, ખરેખર, સાચેસાચ, સચ્ચાઈ.

### અનુવાદ

**અને જગતના જીવ-જંતુઓ માટે વિધ વિધ પ્રકારના પોષણની વ્યવસ્થા કોણ કરે છે ? વળી આકાશમાંથી અચાનક વરસાદ વરસાવી પાન કરાવે છે તે બધું સમર્થ કર્તાની સચ્ચાઈ (સત્યતા) બતાવી આપે છે.**

### ભાવાર્થ

કીટ-પતંગની આદ્ય લઈને જગતમાં માનવ, પશુ-પંખી, સહિત તમામની રચના કરીને તેમના પોષણ માટે વિવિધ પ્રકારના ખોરાકની વ્યવસ્થા સર્જનહારે કરેલી છે. વળી તે વ્યવસ્થા સતત ચાલુ રહે તે માટે અંતરિક્ષમાંથી અચાનક વરસાદ પણ વરસાવે છે.

આ બધું જોતાં સર્જનહારનું સામર્થ્ય દેખાઈ આવે છે, આ પ્રમાણે પુરવાર થાય છે કે સકર્તા સર્જનહાર કેટલા સામર્થ્યવાન હશે !

**જિનકે હુકમ સુર સબ વરતત, ઘડી પલક નવ ચૂકે;**
**ચંદ્ર સુર ઓરુ ઋતુ વ્રખાવન, ખટ માહીકુ નવ સૂકે. ૨૫**

### શબ્દાર્થ

**જિનકે** = જેમના, જેઓના **હુકમ** = આદેશ, ફરમાનથી **સુર** = દેવો **સબ** = બધા, સૌ **વરતત** = વર્તે છે, વર્તમાન કરે **ઘડી** = ચોવીસ મિનીટનો સમય **પલક** = પળ, ક્ષણ **નવ** = નહીં, ના **ચૂકે** = ભૂલે,ખામી, ત્રુટી, કસૂર કરે **ચંદ્ર** = ચંદ્ર **સુર** = સૂર્ય **ઓરુ** = અને **ઋતુ** = ઋતુઓ-વસંત, ગ્રીષ્મ, શરદ, વર્ષા, હેમંત અને શિશિર **વ્રખાવન** = વનરાજી, ઝાડી-જંગલ, ઘનઘોર વૃક્ષોનો સમુહ **ખટ** = છ **માંહીકુ** = માંથી, પૈકી **નવ** = નહીં **સૂકે** = સૂકાય.

### અનુવાદ

**જેમના હુકમથી ચંદ્ર અને સૂરજ સહિત બધા જ દેવતાઓ એક ક્ષણ પણ ચૂક્યા સિવાય વર્તમાન કરે છે. વળી છ ઋતુઓ દરમિયાન વનરાજી પણ સુકાતી નથી.**

### ભાવાર્થ

ચંદ્ર, સૂર્ય, સહિત તમામ દેવી-દેવતાઓ પોત પોતાની ફરજ ચૂકતા નથી. કર્તાના હુકમ પ્રમાણે આધિન રહીને અહોનિશ વર્તમાન કરે છે, તેમ વર્તમાન કરતાં તેઓ ઘડી પણ ચૂકતા નથી. આ ઉપરાંત નિશ્ચિત કરેલી છ ઋતુઓ-વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, અને શિશિરના વર્તમાનને લીધે પૃથ્વી ઉપરની વનરાજી સૂકાઈ જતી નથી.

**એહી પરકારન અદલ ચલાવન, અદલી પુરુષ પુરાને;**
**અરે તાય કોઉ સરજનહારકુ, જુગ જન કોહુ ન જાને. ૨૬**

### શબ્દાર્થ

**એહી** = આ **પરકારન** = પ્રકારે **અદલ** = ન્યાય, ઈન્સાફ **ચલાવન** = ચલાવે છે **અદલી** = ન્યાયી, ઈન્સાફી **પુરુષ** = પુરુષ **પુરાને** = પુરાણા, આદિ અનાદિ **અરે તાય** = અરે, તેમ છતાં **કોઉ** = કોઈ **સરજનહારકુ** = સર્જનહારને, કર્તાને **જુગજન** = જગતના માનવો **કોહુ** = કોઈ **ન** = નહીં **જાને** = જાણે, ઓળખે.

### અનુવાદ

**આ પ્રકારે ઈન્સાફી પુરાણા પુરુષ ન્યાય ચલાવે છે તેમ છતાં અરે ! તેવા સર્જનહારને જગતના માનવો કોઈ જાણતા નથી.**

### ભાવાર્થ

સર્જનહારે સૃષ્ટિમાં દેવતાઓને એક એક કરુણા સોંપીને તેમને કરુણામય બનાવ્યા. તેમ છતાં તેઓ સ્વયં સૌની એક સરખી રીતે સંભાળ રાખે છે. એવા ઈન્સાફી પુરાણા પુરુષ કોઈ પણ જાતનો વળ રાખ્યા વગર નિયમિત રીતે જગતનો કારભાર ચલાવી રહ્યા છે તેવા કરુણાનિધાન સકર્તાપતિ સર્જનહારને જગતના કોઈ પણ માનવો જાણતા નથી.

**આ ભવ કિયે કરતારન જદકે, અછતા આપ રહાઈ;**
**વેદ પુરાણ શાસ્ત્રોકે વક્તા, કોહુ મરમ નહીં પાઈ. ૨૭**

### શબ્દાર્થ

**આ ભવ** = આ સૃષ્ટિની **કિયે** = કરી, ઉત્પન્ન કરી, બનાવી **કરતારન** = કર્તાએ, સર્જનહાર **જદકે** = જ્યારથી **અછતા** = અજાણ્યા, ગુપ્તપણે, અજાણ **આપ** = સ્વયં, પોતે **રહાઈ** = રહ્યા છે **વેદ** = ચાર વેદ **પુરાણ** = અઢાર પુરાણ **શાસ્ત્રોકે** = શાસ્ત્રના **વક્તા** = બોલનારા, કથાકારો **કોહુ** = કોઈ **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ **નહીં** = નહીં **પાઈ** = પ્રાપ્ત કર્યો, મેળવ્યો.

### અનુવાદ

**સર્જનહારે જ્યારથી આ સૃષ્ટિની રચના કરી ત્યારથી પોતે અજાણ્યા રહ્યા છે. તેમના રહસ્યને વેદ, પુરાણ અને શાસ્ત્રના વક્તાઓ (વિદ્વાનો) પૈકી કોઈએ રહસ્ય પ્રાપ્ત કર્યું (જાણ્યું) નથી.**

## ભાવાર્થ

સર્જનહારે જ્યારથી આ સૃષ્ટિની રચના કરી ત્યારથી અત્યાર સુધી તેઓ અજાણ્યા જ રહ્યા છે. ચાર વેદ, અઢાર પુરાણ અને છ શાસ્ત્રના વ્યાખ્યાતાઓ (કથાકારો) ની આદ્ય લઈ આજ સુધી કોઈ પણ તેમનું (સર્જનહારના) રહસ્ય પ્રાપ્ત કરી શક્યા નથી.

**મરમ લહે બિન પરમ પુરુષકે, પતિ બિનુ સકલ પસાઈ;**
**ખાવન છતે ખલક બિનુ ખાવન, મર મર જાય વહાઈ. ૨૮**

### શબ્દાર્થ

**મરમ** = મર્મ, રહસ્ય **લહે બિન** = જાણ્યા સિવાય **પરમપુરુષકે** = પરમપુરુષનો, કર્તાધણીનો **પતિ બિનુ** = પતિ સિવાય, માલિક સિવાય, ધણી વગર **સકલ** = તમામ, બધો **પસાઈ** = કૃપા, પ્રભાવ, મહેરબાની **ખાવન છતે** = માલિક હોવા છતાં **ખલક** = સમગ્ર જગત **બિનુ ખાવન** = માલિક વગર, પતિ વગર **મર મર જાય** = મરી મરી જાય, જન્મ-મરણ ભોગવે **વહાઈ** = વહી જાય છે.

## અનુવાદ

**પરમપુરુષના રહસ્ય (ભેદ)ને જાણ્યા વગર સૌ પતિની કૃપા વગરના રહ્યા છે. પતિ હોવા છતાં પતિ વગરનું જગત મૃત્યુના પ્રવાહમાં વહી જાય છે.**

## ભાવાર્થ

પરમપુરુષ એવા સકર્તાપતિને જાણ્યા (ઓળખ્યા) વગર બધા જ જીવો કર્તાની કૃપા પ્રાપ્ત કર્યા વિનાના રહ્યાં છે. પોતાના માથે ધણી હોવા છતાં (નધણિયાતા) ધણી વગરના થઈને જગતના બધા જીવાત્માઓ જન્મ અને મરણના પ્રવાહમાં વહી જાય છે.

**એહી પરકારન સકલ કુવારક, કોહુ વ્યાહ નહીં વ્યાહાયે;**
**સરખે સરખો કરીત સનેહક, પતિ પરમ વિસરાયે. ૨૯**

### શબ્દાર્થ

**એહી પરકારન** = એ પ્રકારે, એ પ્રમાણે **સકલ** = બધા, સૌ **કુવારક** = કુંવારા રહીને **કોહુ** = કોઈએ પણ **વ્યાહ** = વિવાહ, લગ્ન **નહીં** = નહીં **વ્યાહાયે** = પરણેલા, લગ્ન કરેલા **સરખે સરખા** = સમાનતાભર્યા,

સમાન **કરીત** = કરીને **સનેહક** = સ્નેહ, પ્રેમ, આદર **પતિ પરમ** = પરમપતિને, પરમપતિ, ધણી **વિસરાયે** = ભુલી ગયા, ભુલાયા છે.

## અનુવાદ

**આ રીતે બધા કુંવારા રહીને કોઈએ પણ લગ્ન કરેલાં નથી તેથી સમાનતાભર્યા સ્નેહને કારણે પરમપતિ વિસરાઈ ગયા છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે જગતના તમામ જીવો માથે પતિ ધારણ કર્યા વિના (લગ્ન કર્યા વગર) કુંવારા જ રહેલા છે. પતિથી અજાણ્યા રહેલા હોવાથી કોઈ સકર્તા પતિ સાથે મેળાપ કરાવી શક્યા નથી. એટલે જીવો સરખે સરખા સજાતીય એવા દેહધારી પુરુષો સાથે સ્નેહ રાખીને તેમને જ સમર્પિત થઈને રહ્યા છે. પરિણામે સાચા ધણી સાથે (અખંડ પતિ સાથે) કોઈએ સબંધ રાખ્યો નથી. આમ જગતના જીવો પરમપતિને ભૂલી ગયા છે.

**સરખે સરખા સોઈ પદારથ, પુરુષ આદ્ય ગુણ ઘણહી;**
**ઓર અંશ વિશેષ પરમ પુનિ, યાતે ફરક ગત્ય કુણહી. ૩૦**

### શબ્દાર્થ

**સરખે સરખા** = સમાનતા ધરાવતા **સોઈ** = તે **પદારથ** = પદાર્થ **પુરુષ આદ્ય** = આદ્ય પુરુષ, નિરંજનપુરુષ **ગુણ** = ત્રણ ગુણોના દેવો-બ્રહ્મા, વિષ્ણુ, મહેશ **ઘણહી** = ત્રણ ઘણના દેવતાઓ -મિંડક, કોરમ અને શેષજી **ઓર** = અને **અંશ વિશેષ** = વિશેષ અંશો **પરમ** = શ્રેષ્ઠ મહાન **પુનિ** = વળી **યાતે** = તેમાં, આમાં **ફરક** = તફાવત, ભેદ **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન **કુણહી** = કોની ? શું કેટલી ?

## અનુવાદ

**તે સરખે સરખા પદાર્થ એટલે આદ્ય પુરુષ, ગુણ, ઘણ અને વિશેષ અંશો સહિત અન્ય અંશો છે. તે બધામાં ભિન્ન ગતિ કોની છે ?**

## ભાવાર્થ

આપણે સામાન્ય અંશો છીએ. જ્યારે આદ્ય પુરુષ નિરંજન અને આદિ નારાયણ

પરમ વિશેષ અંશો છે. બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ એ ત્રણ ગુણોના અધિપતિ દેવતાઓ છે અને મિંડક, કોરમ અને શેષનારાયણ એ ત્રણ ઘણના અધિપતિ દેવતાઓ મળી કુલ છ વિશેષ અંશો છે. તેમજ બાકીના દેવી-દેવતાઓ સામાન્ય વિશેષ અંશો છે તે બધા સમાનતા ધરાવતા પદાર્થો જ કહેવાય, કારણ કે બધા સકર્તાપતિના જ અંશો છે તેમણે પાંચ પ્રકારના દેહો પૈકી કોઈને કોઈ દેહ ધારણ કરેલા છે. વળી કોઈએ પણ પરમપિતાને જાણ્યા (ઓળખ્યા) જ નથી. અર્થાત્ બધા જ કર્તાપદથી અજાણ્યા રહેલા છે, તો પછી સમજ કે જ્ઞાનની બાબતમાં મોટા દેવો અને આપણા વચ્ચે તફાવત કોનો કહેવાય ?

**તેહી માટે નિજ કરતારનકે, નહી ન ઉપાસક જનહી;**
**આપના આપ ઉપાવન તેહી તજ, ગ્રહે કરત શરનનહી. ૩૧**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે, તેથી **નિજ કરતારનકે** = પોતાના સર્જનહારના **નહી ન** = કોઈ નથી **ઉપાસક** = ઉપાસના કરનાર **જનહી** = માનવ **આપના આપ** = પોતાના સ્વ ચૈતન સ્વરૂપને **ઉપાવન** = ઉત્પન્ન કરનાર, ઉપજાવનાર **તેહી** = તેને **તજ** = તજીને, છોડીને **ગ્રહે** = ગ્રહણ કરે, અપનાવે **કરત** = કૃત, રચના પૈકીના **શરનનહી** = શરણું, શરણમાં.

### અનુવાદ

**તેથી (એટલે) મૂળ (પુરાણા) સર્જનહારના કોઈ ઉપાસક નથી. આપણા પોતાના સ્વ-ચૈતન સ્વરૂપને ઉત્પન્ન કરનારને છોડીને માનવ રચના પૈકીનાનું શરણું ગ્રહણ કરે છે.**

### ભાવાર્થ

સર્જનહારના પરમપદથી અજાણ્યા હોવાને કારણે જ વિશ્વમાં સકર્તા સર્જનહારની ઉપાસના કોઈ પણ માનવો કરતા નથી. તેઓ સરખે સરખા (સમાન) પદાર્થોમાં વળગી રહ્યા હોવાને કારણે રચના પૈકીના જે મહાન દેહધારી દેવી-દેવતાઓ છે તેમના શરણમાં જઈને તેમને સમર્પિત થઈ ગયા છે. આપણને ઉત્પન્ન કરનાર એવા નિજ પતિને ત્યજીને રચના પૈકીના વિશેષ અને પરમ વિશેષ અંશોની ઐશ્વર્યતા અને

વિભૂતિથી અંજાઈને તેમનું જ શરણું ગ્રહણ કરે છે.

**કરત સકલ કર્તા સંકલ્પકે, અંશ રહિત અલ્પજ્ઞે;**
**ઓર અનિત અવધિ અનુરાગીત, નિજપતિ પરમ અલ્પજ્ઞે. ૩૨**

### શબ્દાર્થ

**કરત** = કૃત, રચના **સકલ** = બધા, તમામ **કર્તા** = સર્જનહારના **સંકલ્પકે** = સંકલ્પથી **અંશ** = અંશો **રહીત** = રહેલા છે **અલ્પજ્ઞે** = અલ્પજ્ઞ **ઓર** = અને **અનિત** = નાશવંત, જડ **અવધિ** = મર્યાદા, અવધિકાળ **અનુરાગીત** = વરેલી, પામેલી **નિજપતિ** = મૂળ સર્જનહાર, આદિ કર્તા **પરમ** = મહાન **અલ્પજ્ઞે** = અલગ જ, ભિન્ન જ.

### અનુવાદ

**(જગતની) તમામ રચના કર્તાના સંકલ્પથી થયેલી છે. જેમાં અંશો અલ્પજ્ઞ રહેલા છે, જ્યારે બાકીની ઉત્પત્તિ નાશવંત અને અવધિકાળને વરેલી છે. પરંતુ નિજ પરમપતિ તેનાથી અલગ (ભિન્ન) રહેલા છે.**

### ભાવાર્થ

અહીં સમગ્ર રચના અંગેની સમજ દર્શાવતાં ખુલાસો કરેલો છે કે બ્રહ્માંડની અંદર બ્રહ્મા સહિત તમામ રચના સર્જનહાર કેવલ કર્તાના શુદ્ધ સંકલ્પથી થયેલી છે. જેમાં ત્રણ પ્રકારના જે અંશો છે તે ચૈતન અને અલ્પજ્ઞ છે, જ્યારે બાકીની બધી જ જડ રચના નાશવંત હોવાથી અલ્પ અવધિકાળે નાશ પામે તેવી છે. પરંતુ આ સઘળી રચનાથી સકર્તા સર્જનહાર સ્વયં ભિન્ન રહેલા છે.

**પતિ અલગ જેહી લગન લગાવત, મહાદ માહાદ્ય વિભૂતિનમે;**
**કૃતા આદ્ય વિનુ કુન નિવાજીત, આપન સેતી જેહી જીનમેં. ૩૩**

### શબ્દાર્થ

**પતિ** = સર્જનહાર **અલગ** = ભિન્ન **જેહી** = જે **લગન લગાવત** = લગની લગાવેલી છે તે **મહાદ** = મોટા **માહાદ્ય** = વિશેષ **વિભૂતિનમેં** = વિભૂતિવાળામાં **કૃતા આદ્ય** = આદ્ય કર્તા **વિનુ** = સિવાય, વગર **કુન** = કોણ **નિવાજીત** = નિવેડો લાવે, તારશે **આપન** = આપણા **સેતી** = જેવા **જેહી** = જે **જીનમેં** = જેઓમાં, જેમનામાં.

### અનુવાદ

**પરમપતિ અલગ રહેલા છે અને જે મહાન વિભૂતિવાળા મોટા છે તેમની સાથે લગની લગાવવામાં આવી છે. પરંતુ આપણા જેવા જ તેમનામાંથી આદ્ય કર્તા કોણ છે કે જે નીવેડો લાવી શકે તેમ છે ?**

### ભાવાર્થ

સકર્તા પતિ સર્જનહાર બ્રહ્મથી તિત પોતાના કૈવલ ધામમાં બિરાજમાન રહેલા છે. જ્યારે જગતના માનવો જે મહાન વિભૂતિવાળા મોટા દેવી-દેવતાઓ છે તેમની સાથે લગની (પ્રીતિ) લગાવી લીન થઈને રહેલા છે. આવા મહાન ગણાતા ઈષ્ટદેવો જો આપણા જેવા જ હોય તો તેઓમાં કોઈ કર્તા જ નથી. વળી નિજ કર્તા (સર્જનહાર) સિવાય (જન્મ મરણના ભવસંકટમાંથી મુક્તિ) નિવેડો કોણ લાવી શકે તેમ છે ? અર્થાત્ ભવ સાગરમાંથી ઉગારવાના કાર્ય માટે દેવ-દેવીઓ અસમર્થ છે એટલે કર્તા જ અંશોને ભવ પાર કરી શકે તેમ છે.

**છોટે મોટે અંશ અખિલ મે, ક્તા ફરક તેહી તીનસે;**
**જ્યૌ બાજીગર રચત બાજીકુ, આપ અલગ જ્યૌ જીનસે. ૩૪**

#### શબ્દાર્થ

**છોટે** = નાનાં, સામાન્ય **મોટે** = મોટા, વિશેષ **અંશ** = અંશો **અખિલમેં** = દરેકમાં, બધી જ રચનામાં **ક્તા** = સર્જનહાર **ફરક** = તફાવત **તેહી** = તેમનો **તીનસે** = તેઓનાથી **જ્યૌ** = જેમ **બાજીગર** = બાજીને રમાડનારો, રમત રમાડનાર **રચત** = રચે, રમાડે છે **બાજીકુ** = રમતને, બાજીને **આપ** = પોતે **અલગ** = જુદો, નિરાલો, ભિન્ન **જ્યૌ** = જેમ, જેવી રીતે **જીનસે** = જેનાથી, તેનાથી.

### અનુવાદ

**જેમ બાજીગર બાજી રચે છે, પરંતુ પોતે તેનાથી અલગ હોય છે, તેમ સામાન્ય અને વિશેષ અંશો સહિત બધી જ રચનામાં કર્તા તેમનાથી ભિન્ન છે.**

### ભાવાર્થ

જેમ બાજીગર બાજીની રચના કરીને બાજી રમે છે, પરંતુ બાજીગર પોતે તો

બાજીથી અલગ જ હોય છે. તેવી જ રીતે સર્જનહારે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો સહિત બ્રહ્માંડની તમામ રચના કરેલી છે. પરંતુ તે બધી જ રચનાઓથી તેના બનાવનાર કૈવલ કર્તા ભિન્ન છે.

**મહાદ વિભૂતન વિવિધ ભાત્ય ભવ, અરસ સહિત ઈશ્વરીયે;**
**નિજ જન મોક્ષ કરન કારન પખે, તાંહાં નિજ જન સરભરીયે. ૩૫**

### શબ્દાર્થ

**મહાદ** = મોટા **વિભૂતન** = વિભૂતિવાન, દેહધારી **વિવિધ ભાત્ય** = વિધ વિધ પ્રકારના, ભાતવાળા **ભવ** = વિશ્વમાં **અરસ** = અંતરિક્ષ **સહિત** = સહિત **ઈશ્વરીયે** = ઐશ્વર્ય ધરાવતા ઈશ્વરો **નિજ જન** = સામાન્ય માનવો **મોક્ષ** = મુક્તિ, ભવસંકટમાંથી છુટકારો **કરન** = કરવાના **કારન** = કારણ **પખે** = પક્ષે, તરફે, સબંધે **તાંહા** = ત્યાં, તો **નિજ જન** = સામાન્ય માનવો **સરભરિયે** = સમાન, સરખા.

### અનુવાદ

**વિવિધી ભાતવાળા વિશ્વનાં અંતરિક્ષના ઈશ્વરો સહિત મહાન વિભૂતિવાળા અંશો મોક્ષ કરવાના પક્ષે તો સામાન્ય માનવી જેવા જ છે.**

### ભાવાર્થ

વિધ વિધ પ્રકારની વિશ્વની રચનામાં અંતરિક્ષના દૈવી ધામોમાં દેવી-દેવતાઓ બિરાજમાન છે. તેમજ મહાન વિભૂતિવાન અવતારાદિક મહાપુરુષો પણ છે. તે બધા પૈકી મોક્ષ પક્ષે વિચારીએ તો કોઈ કોઈનો મોક્ષ કરી શકે તેમ નથી. અંશ દૃષ્ટિએ બધા એક જ સર્જનહારના અંશો છે અને બધા જ અંશોને મુક્તિ મેળવવા માટે અંશીની કૃપા જરૂરી છે. તેથી મુક્તિનું દાન કરવા પક્ષે બધા જ દેવો અસમર્થ છે. માનવોનો મોક્ષ કરવાના પક્ષે બધા જ નાશવંત દેહધારી દેવો સામાન્ય માનવ જેવા જ છે.

**દીરઘ ઉપાધ જ્ઞાન બિનુ સુરકી, દેખી ન દલદર જાઈ;**
**પરમગુરુ બિન પરમ પતિનકી, જીનસે ગતિ ન પાઈ. ૩૬**

### શબ્દાર્થ

**દીરઘ** = મહાન, મોટા **ઉપાધ** = ઉપાધીવાળા, વિભૂતીવાન **જ્ઞાન** = સમજ **બિનુ** = વિના, સિવાય **સુરકી** = દેવોની **દેખી** = જોઈને ન = નહીં **દલદર** = યાતના, દારિદ્ર, દર્દ **જાઈ** = જાય **પરમગુરુ** = પરમગુરુ **બિન** = વિના, સિવાય પરમ **પતિનકી** = પરમપતિની **જીનસે** = જેમનાથી, જેઓથી **ગતિ** = જ્ઞાન, સમજ **ન** = નહીં **પાઈ** = પ્રાપ્ત થાય.

## અનુવાદ

**મોટા વિભૂતિવાન હોવા છતાં દેવોના દર્શનથી દેહનું દર્દ (દુઃખો) જતાં નથી. વળી પરમગુરુ વિના પરમપતિની સમજ પણ તેમનાથી (દેવોથી) પ્રાપ્ત થતી નથી.**

## ભાવાર્થ

સર્જનહારે દેવોને મોટા વિભૂતિવાન બનાવ્યા છે. તેમને એક એક વિભૂતિ પ્રદાન કરેલી છે. જેથી તેઓ તેમને સોંપેલા કાર્ય પ્રમાણે સૃષ્ટિનું સંચાલન કરીને માનવોને ભૌતિક સુખાકારીમાં સહાયરૂપ થાય છે. તેમ છતાં તેમના (દેવોના) દર્શનથી માનવના દેહનું જન્મ-મરણનું દર્દ (દુઃખ) કદી પણ દૂર થતું નથી. વળી દેવોને સર્જનહાર પક્ષે સમજ ન હોવાથી તેઓ જગતને કર્તાનું જ્ઞાન કેવી રીતે આપી શકે ? માટે પરમગુરુ કે જેઓ કર્તાના પરમ વિશેષ પાટવી અંશ છે. સર્જનહારે તેમને સોળ વિભૂતિ અને નવ બુદ્ધિ બક્ષેલી છે. તેથી કૈવલ વેત્તાના નાતે તેઓ વિશ્વમાં સકર્તાપતિનું જ્ઞાન આપી શકવા સમર્થ (સક્ષમ) છે. તેમના સિવાય બ્રહ્માંડભરમાં અન્ય કોઈ પણ વિભૂતિવાન દેવતાઓથી પરમપદનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

**જ્ઞાન વિના નિજ ગમ નહીં પાવત, સુર સુરીનર મુનિજનસે;**
**બિન કીલી જ્યૌ કુંલપ ન બિકસત, ખડક સેયેલ તોપનસે. ૩૭**

### શબ્દાર્થ

**જ્ઞાન વિના** = જ્ઞાન સિવાય **નિજ ગમ** = પોતાના સ્વ સ્વરૂપની સમજ, મૂળ સમજ, અંશ-અંશીની સમજ **નહીં** = નહીં **પાવત** = પ્રાપ્ત કરી શકાય **સુર** = મહાન દેવો **સુરીનર** = સામાન્ય દેવી-દવેતાઓ **મુનિજનસે** = મુનિજનોથી **બિન કીલી** = ચાવી વગર **જ્યૌ** = જેમ **કુંલપ** = તાળું **ન** = ન, નથી **બિકસત** = ખુલે, ઉઘડે **ખડક** = તલવાર **સેયેલ** = સુરંગ, સાંગ **તોપનસે** = તોપથી.

## અનુવાદ

**નિજ લક્ષના જ્ઞાન સિવાય મહાન દેવતાઓ, સામાન્ય દેવી-દેવતાઓ, કે મુનિજનોથી મૂળ સમજ પ્રાપ્ત થતી નથી. જેવી રીતે ચાવી (કુંચી) સિવાય તલવાર, સુરંગ કે તોપથી તાળું ઉઘડતું નથી.**

## ભાવાર્થ

અંશ-અંશીના નિજ લક્ષનું જ્ઞાન પ્રાપ્ત કર્યા સિવાય મહાન ગણાતા છ દેવતાઓ અને તેત્રીસ કરોડ દેવ અને નવ કરોડ દેવી કે મોટા કહેવાતા મુનિજનોથી કર્તા સબંધી તથા પોતાના સ્વ સ્વરૂપની સમજ પ્રાપ્ત થતી નથી. જેવી રીતે ચાવી (કુંચી) સિવાય તલવાર, સુરંગ કે તોપથી તાળું ઉઘાડી શકાતું નથી.

**ખડક સેયેલ તોપ અધિક લોહનસે, જ્યૌ નહીં ખુલે કુંલપહી;**
**તેહી પરકારન દેવ દીરઘ ઈત, નિજ પદ પખે અલપહી. ૩૮**

### શબ્દાર્થ

**ખડક** = તલવાર **સેયેલ** = સુરંગ, સાંગ **તોપ** = તોપ **અધિક** = વધારે, વધુ, મોટા પ્રમાણમાં **લોહનસે** = લોખંડથી **જ્યૌ** = જેમ, જેવી રીતે **નહીં** = નહીં **ખુલે** = ઉઘડે **કુંલપહી** = તાળું **તેહી પરકારન** = તેજ પ્રકારે, તેવી જ રીતે **દેવ દીરઘ** = મોટા દેવો **ઈત** = અહીં, મૃત્યુ લોકમાં **નિજ પદ પખે** = કર્તાપદ યા પરમપદ પક્ષે, સબંધે **અલપહી** = અલ્પ, અલ્પજ્ઞે, નાના છે.

## અનુવાદ

**અધિક માત્રામાં લોખંડ ધરાવતાં તલવાર, સુરંગ અને તોપથી જેમ તાળું ઉઘડતું નથી, તે જ પ્રકારે આ બાજુ (મૃત્યુલોકમાં) મોટા દેવો પણ નિજપદના (જ્ઞાન) સબંધે અલ્પજ્ઞ છે.**

## ભાવાર્થ

જેવી રીતે કુંચીની સરખામણીમાં ભલે અધિક માત્રામાં લોખંડ ધરાવતાં તલવાર, સુરંગ અને તોપ હોય, તેમ છતાં તાળાં ખોલવાની સામર્થતા તો કુંચીમાં જ છે. તેવી જ રીતે દેવલોકમાં અધિક નાશવંત વિભૂતિવાન મોટા દેવતાઓ ભલે હોય, પરંતુ નિજ

પતિપદ સબંધી જ્ઞાનના સંદર્ભે તેમની ઐશ્વર્યતા કામ આવતી નથી. તેથી દેવતાઓ મૂક્તિ બક્ષવા પક્ષે ઘણા જ અલ્પજ્ઞ ગણી શકાય.

**બ્રહ્માદિક ભવ અણુની આદ્ય કુલ, કરત વિષે અત ભેદા;**
**નિજ કારન કરતા ગતકે સમ, નયેતિ કહીત જ્યાં વેદા. ૩૯**

**શબ્દાર્થ**

**બ્રહ્માદિક** = બ્રહ્મા આદિ, બ્રહ્મા સહિત **ભવ** = શંકર **અણુની આદ્ય** = અણુથી માંડીને, અણુથી લઈને **કુલ** = બધા, તમામ **કરત** = કૃત, રચના **વિષે** = અંગે **અત ભેદા** = ઘણું રહસ્ય, ઘણા ભેદ **નિજ કારન** = કારણરૂપે રહેલ પોતે **કરતા** = કર્તા, સર્જનહારની **ગતકે** = ગતિની, જ્ઞાનની, સમજની **સમ** = સમાન, સરખામણીમાં **નયેતિ** = નેતિ **કહીત** = કહી છે **જ્યાં** = જેમાં **વેદા** = ચારે વેદએ.

**અનુવાદ**

**અણુની આદ્ય લઈ બ્રહ્મા સહિત શંકર વગેરેએ રચના વિષે ઘણો ભેદ દર્શાવ્યો છે, પરંતુ સર્વના કારણરૂપ કર્તાના જ્ઞાન સબંધે તો વેદએ પણ નેતિ કહી છે.**

**ભાવાર્થ**

અણુની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરેએ કર્તા દ્વારા બ્રહ્મ ભૂમિકામાં ઉત્પન્ન કરાયેલી નાશવંત રચના વિષે ઘણો ભેદ દર્શાવ્યો છે. પરંતુ આ સર્વ ઉત્પત્તિના કારણરૂપે રહેલા કૈવલકર્તાના પરમપદના જ્ઞાન સબંધે તો સર્વ અજાણ હતા તેથી બ્રહ્માજીએ પોતાના ચાર વેદનું ઉચ્ચારણ કર્યું. તેમાં પોતાના અજાણપણાની તૃષ્ટી આપતાં “નેતિ” શબ્દનો પોકાર કર્યો છે.

**તબત્યે નિજ કરતારનકી ગમ, પાવન પરમ અગાદુ;**
**ભવ ઉત્પન્ન જબતે અબલગ લ્યૌ, અવિગત આદ્ય અનાદુ. ૪૦**

**શબ્દાર્થ**

**તબત્યે** = તેથી **નિજ કિરતારનકી** = આદિ સર્જનહારની **ગમ** = સમજ, જ્ઞાન, માહિતી **પાવન** = પવિત્ર, પાવનકારી **પરમ** = મહાન **અગાદુ** = અગાધ **ભવ** = સૃષ્ટિ **ઉત્પન્ન** = ઉત્પન્ન **જબતે** = જ્યારથી, ત્યારથી **અબલગ લ્યૌ** = અત્યાર સુધી **અવિગત** = ગતિમાં ન આવે તેવા અજાણ, ગુપ્ત

**આદ્ય** = આદિ, જેના પહેલાં કોઈ હતું જ નહીં તેવા **અનાદુ** = અનાદિ.

## અનુવાદ

**તેથી નિજકર્તાનું જ્ઞાન પરમશ્રેષ્ઠ, પાવનકારી અને અગાધ છે. સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી અત્યાર સુધી તેઓ અવિગત આદ્ય અને અનાદિ જ રહ્યા છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ નિજકર્તાનું જ્ઞાન પાવનકારી અને પરમશ્રેષ્ઠ છે. જેને સમજવું ઘણુ અગાધ અને ગહન છે. સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી અત્યાર સુધી આદ્ય અને અનાદિ કૈવલકર્તાનું પદ કોઈના પણ કળ્યા (વિગત)માં આવ્યું નથી. જેથી તેવા અનાદિ અને અવિગત કર્તાને કોઈ જાણી શક્યા નથી.

**અવિગત આદ્ય રહે નિજ કર્તા, જીનકી સૂનો સકોઈ;**
**કોઈ કહેશે ક્યા સકલ અજાનીત, તુમ સત ક્યૌ કીત હોઈ. ૪૧**

### શબ્દાર્થ

**અવિગત** = વિગતમાં ન આવે તેવા **આદ્ય** = જેના પહેલાં કોઈ હતું જ નહીં તેવા **રહે** = રહેલા **નિજ કર્તા** = મૂળ સર્જનહાર, આદિકર્તા **જીનકી** = જેઓની **સૂનો** = સાંભળો **સકોઈ** = સૌ કોઈ, બધા **કોઈ કહેશે** = જો કોઈ એમ કહે કે **ક્યા** = શું **સકલ** = બધા જ, તમામ **અજાનીત** = અજાણ્યા **તુમ** = તમે **સત** = સાચુ, સાચા **ક્યૌ** = કેવી રીતે **કીત** = કેમ **હોઈ** = હોઈ શકે.

## અનુવાદ

**અવિગત રહેલા આદ્ય નિજ કર્તા માટે હું જાણ કરું છું જે સૌ કોઈ સાંભળો. જો કોઈ એમ કહે કે શું બધા જ અજાણ્યા છે ? તો પછી તમો કેવી રીતે સાચા હોઈ શકો ?**

## ભાવાર્થ

અગાઉ વર્ણન કરવામાં આવ્યું છે કે સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં કોઈએ અવિગત કર્તાને જાણ્યા નથી. તેથી તે પદ સૌને માટે અજાણ્યુ રહી

ગયું છે. વળી કુવેરસ્વામી અહીં અવિગત કર્તાની ઓળખાણ માટેનું જ્ઞાન સાંભળવા માટે કહ્યું છે. તેથી પ્રતિવાદી પ્રશ્ન કરે છે કે, જો બધા જ કર્તાપદ માટે અજાણ્યા હોય તો તેઓ કર્તાની જાણના સંદર્ભે કેવી રીતે સાચા હોઈ શકે ? અથવા તેઓ જે કાંઈ કહે છે તેને સાચું કેવી રીતે માની શકાય ?

**જીનકે કહું નરણીત ન્યાયીક નિજ, સમજ પરે તમ જેહી;**
**કોઉ લહત નહીં કતા આદ્યકુ, કહીત આગુ હમ તેહી. ૪૨**

### શબ્દાર્થ

**જીનકે** = જેના માટે **કહું** = જણાવું, ખુલાસો કરું **નરણીત** = નિર્ણય કરીને **ન્યાયીક** = ન્યાયપૂર્વક **નિજ** = આદિ, મૂળ **સમજ** = સમજણ **પરે** = પડે **તમ** = તમને, તેમ **જેહી** = જેની **કોઉ** = કોઈ **લહત** = જાણતા **નહીં** = નથી **કતા** = સર્જનહાર **આદ્યકુ** = મૂળ, અનાદિના **કહીત** = કહ્યું કે **આગુ** = આગળ, અગાઉ **હમ** = મેં **તેહી** = તે, જે.

### અનુવાદ

**અગાઉ કહ્યું હતું કે આદ્ય કર્તાને કોઈ જાણતા નથી. તે અંગે ન્યાયપૂર્વક નિર્ણય કરીને તમને મૂળ સમજ પડે તેમ કહું છું.**

### ભાવાર્થ

અગાઉ કુવેરસ્વામીએ કહ્યું હતું કે આદ્ય સકર્તાપતિ સર્જનહારને કોઈ જાણતું જ નથી. તેનો ન્યાયપૂર્વક નિર્ણય કરીને આપણને સમજ પડે તેમ કહે છે.

**શાસ્ત્ર પુરાન સિદ્ધાંતનકે સબ, આચારજ અનુભવહી;**
**તેહી સિદ્ધાંત નિગમ તે નરણીત, શ્રુતિ સાખ્ય દેઈ ચવહી. ૪૩**

### શબ્દાર્થ

**શાસ્ત્ર** = છ શાસ્ત્ર **પુરાન** = અઢાર પુરાણ **સિદ્ધાંતનકે** = માન્ય કરેલ મતોને **સબ** = બધા **આચારજ** = આચાર્યો **અનુભવહી** = પ્રત્યક્ષ સમજ, જ્ઞાન **તેહી** = તે **સિદ્ધાંત** = નિર્ણય કરેલ મત **નિગમ** = વેદ **તે** = તે **નરણીત** = નક્કી કરેલ **શ્રુતિ** = શ્રુતી, વેદના શ્લોક **સાખ્ય** = સાખ, સંમતિ, પુરાવા,

આધાર **દેઈ** = આપી **ચવહી** = બોલે, કથે.

### અનુવાદ

**દરેક આચાર્યો, શાસ્ત્ર અને પુરાણના સિદ્ધાંતના અનુભવી હોય છે. પરંતુ તે સિદ્ધાંત ચાર વેદના આધારે નિશ્ચિત કરેલા હોવાથી શ્રુતિના પુરાવા આપીને જ કથે છે.**

### ભાવાર્થ

જે ધર્માચાર્યોએ અનુભવ મેળવ્યો છે તે છ શાસ્ત્ર અને અઢાર પુરાણના સિદ્ધાંતોનો અભ્યાસ કરીને પ્રાપ્ત કરેલો છે. પરંતુ તે સિદ્ધાંતોના હાર્દને તપાસતાં અંતે તો ચાર વેદ દ્વારા સ્થાપિત સર્વોપરિ બ્રહ્મને જ સ્પર્શ કરતા હોય છે. અર્થાત્ તેમના અલગ-અલગ મત-મતાંતરો ચાર વેદના આધારે જ નિશ્ચિત કરેલા હોય છે. એટલા માટે જ તે શ્રુતિના પુરાવા આપીને પોતાનું મંતવ્ય અને વ્યક્તવ્ય રજૂ કરતા હોય છે.

**તેહી નિગમ ગમ શ્રુતિ સહિત ઈત, અજ ઉચરન અવિગતહી;**
**નેતિ નેતિ જીનું કિયે નિરાક્રણ, અગમ પોકાર અપતહી. ૪૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિગમ** = ચાર વેદએ **ગમ** = સમજ, જ્ઞાન **શ્રુતિ સહિત** = ઋચાઓ દ્વારા **ઈત** = અહીંના **અજ** = બ્રહ્માજી ઉચરન = ઉચ્ચાર કર્યો **અવિગતહી** = અવિગત બ્રહ્મનો **નેતિ નેતિ** = જેનો કોઈ અંત જ નથી **જીનું** = જેના માટે **કિયે** = કર્યો **નિરાક્રણ** = નિરાકરણ, નિર્ણય **અગમ** = અગાધ, ગમ ન પહોંચે તેવું **પોકાર** = ઉચ્ચાર **અપતહી** = અકર્તાની.

### અનુવાદ

**બ્રહ્માજીએ ચાર વેદમાં શ્રુતિઓ સહિત ઉચ્ચાર કરીને આ બાજુની રચના સહિત અવિગત બ્રહ્મને દર્શાવ્યું છે. જેનો નિર્ણય કરીને અકર્તા બ્રહ્મ માટે નેતિ નેતિનો પોકાર કર્યો છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ પોતે ઉચ્ચારેલ ચાર વેદમાં બ્રહ્માંડની બધી જ નાશવંત રચનાનું શ્રુતિઓ દ્વારા વર્ણન કર્યું છે. તેમાં તેમણે અવિગત બ્રહ્મને સર્વોપરિ પદ તરીકે દર્શાવ્યું

છે. અકર્તા બ્રહ્મ માટે અને તેનાથી પરે રહેલા પરમપદની સત્ય સમજના અભાવે નેતિનો પોકાર કર્યો. અંતે તેમને જેટલી સમજ રહી તેને આધારે બ્રહ્મને સર્વોપરિ પદ સ્થાપીને પોતાની વાતને રજૂ કરી છે.

**અગમ પોકાર અપતકે ગત્યકી, ગતિ સબનને લેઈ;**
**કિયે પુરાણ શાસ્ત્ર ખટકે મત, જુગધર જાણ સબેઈ. ૪૫**

### શબ્દાર્થ

**અગમ પોકાર** = અગમ્ય પોકાર **અપતકે** = અકર્તાને **ગત્યકી** = ગતિની, સમજની **ગતિ** = જ્ઞાન, સમજ **સબનને** = બધાએ **લેઈ** = પ્રાપ્ત કરી લીધી **કિયે** = કર્યા **પુરાણ** = અઢાર પુરાણ **શાસ્ત્ર ખટકે મત** = છ શાસ્ત્રના મત **જુગધર** = જગતના પ્રત્યેકે **જાણ** = માહિતી, સમજ, જ્ઞાન **સબેઈ** = સર્વએ, બધાએ.

### અનુવાદ

**અકર્તા બ્રહ્મપદના અગમ્ય પોકારની સમજ બધાએ મેળવી લીધી છે. તેને આધારે છ શાસ્ત્ર અને (અઢાર) પુરાણના મત દર્શાવ્યા છે. જેને જગતના સૌ કોઈ જાણે છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદમાં સર્વોપરિ બ્રહ્મપદને સ્થાપીને અકર્તા બ્રહ્મનો જ અગમ્ય ઉચ્ચાર કર્યો છે, પરંતુ છેવટે અંતિમ નિવેડો ન લાવી શકવાને કારણે તે પદ માટે નેતિ પોકારી છે. એટલે કે નેતીપદથી પર રહેલુ પરમપદ અજાણ્યુ રહી ગયું છે. પરિણામે સંસારમાં સૌએ બ્રહ્મપદની જ સમજ ગ્રહણ કરી છે. છ શાસ્ત્ર અને અઢાર પુરાણમાં પણ તે બ્રહ્મપદને અંતિમ પદ માનીને પોત પોતાની રજૂઆત કરેલી છે. આ પ્રમાણે જગતના લોકો આટલુ જ જ્ઞાન જાણે છે.

**તો નિજપદ કરતાર પુરંજન, કોહો ક્યૌ કરી કોઉ જાને;**
**નહીં ગ્યમ કિયે સાખ્ય લેઈ જીનકી, ભવભર ભયે સહ્યાને. ૪૬**

### શબ્દાર્થ

**તો** = તો **નિજપદ** = આદિ પરમપદ **કરતાર** = સર્જનહાર **પુરંજન** = અંજનરહિત, પૂર્ણ ચૈતન, માયા રહિત, પ્રકાશનું પૂંજ **કોહો** = કહો **ક્યૌ કરી** = કેમ કરીને **કોઉ** = કોઈ **જાને** = જાણે **નહીં** = નથી **ગ્યમ** = સમજ, જ્ઞાન **કિયે** = કરી **સાખ્ય** = સરખામી કરવા યોગ્ય બાબત, સાક્ષી દર્શાવતો સબંધ, પુરાવા દર્શક **લેઈ** = લઈ **જીનકી** = જેની **ભવભર** = જગતભરમાં, જગતમાં બધા, આખા વિશ્વમાં **ભયે** = થયા **સહ્યાને** = ડાહ્યા, શાણા, ડહાપણ ભર્યા.

### અનુવાદ

**તો પૂર્ણ ચૈતન આદિ કર્તાના પદને કેમ કરીને કોઈ જાણી શકે તે કહો ! તેમની સાખ્ય લઈને કોઈને પણ સમજ પડી નથી, તેમ છતાં જગતમાં બધા શાણા થાય છે.**

### ભાવાર્થ

ખુદ બ્રહ્માજીએ ચાર વેદમાં અકર્તા બ્રહ્મપદને સર્વોપરિ સ્થાપી છેવટે 'નેતિ'નો પ્રોકાર કર્યો છે, તો પછી તેની પાછળ થઈ ગયેલા આદિ કર્તાપદને કેમ કરીને જાણી શકે ? એવા પરમપદની સાખ્ય માટે યોગ્ય બીજું કોઈ પદ જ નથી, તો તેને કોની સાથે સરખાવીને તેવા પદ વિષે રજૂઆત કરી શકાય ! ટૂંકમાં કોઈ પણ વ્યક્તિને બ્રહ્મપદથી પરે રહેલા અંતિમ પદની સમજ પડી જ નથી. તેમ છતાં જગતભરમાં પોતે ડાહ્યા અને હોંશિયાર છે તેવું બતાવવા માટે બધા ધર્મસંદિગ્ધ પુરુષો શાણા થાય છે.

**સોહી સહ્યાન ભયે તે ભવજન, ક્તાકાલ ક્યૌ બૂજે;**
**બીન કરતાર બૂજ બાબજકે, જબસે કિયે અબૂજે. ૪૭**

### શબ્દાર્થ

**સોહી** = તે **સહ્યાન** = સહ્યાના, ડહાપણવાળા **ભયે** = થયા **તે** = તે **ભવજન** = જગતના માનવો **ક્તાકાલ** = કર્તાના મહદ્ સ્વરૂપને **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **બૂજે** = જાણે, સમજે **બીન કરતાર** = સર્જનહાર સિવાય **બૂજ** = જાણેલી **બાબજકે** = બાબતને **જબસે** = જ્યારથી, જેથી, તેથી **કિયે** = કર્યા, કહ્યા **અબૂજે** = અજાણ્યા.

### અનુવાદ

**જેથી તે સહ્યાના બનેલા જગતના માનવો કર્તાના મહદ્ સ્વરૂપને કેવી રીતે**

**જાણે? (તેમણે) કર્તા સિવાયની બાબતને જ જાણી છે તેથી (મેં) અજાણ્યા કહ્યા છે.**

### ભાવાર્થ

સદ્યાના બનીને બેઠેલા જગતના માનવો બ્રહ્મથી પરે રહેલા તત્ત્વાતિત અને માયાથી રહિત એવા કર્તાના મહદ્ સ્વરૂપને કેવી રીતે જાણી શકે ? જેમના દ્વારા રચનાની બધી જ ઉત્પત્તિ કરવામાં આવી છે તેવા કર્તાને જાણ્યા સિવાય તેમની રચનાના સંદર્ભે બધીજ બાબતની સમજ અને જ્ઞાન ધરાવતા હોવા છતાં પણ તેઓને (ડાહ્યા ગણાતા વિદ્વાનોને) અજાણ્યા કહેવામાં આવ્યા છે.

**એહી પરકાર સકલ ભવ ભરમત, નિજપદ નિરુપ વિનાઈ;**
**જ્યૌ કોઈ વૃક્ષ વંઝકે પલવન, તેહી સબ વંઝ રહાઈ. ૪૮**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, એ પ્રમાણે **સકલ** = બધા, તમામ, સૌ **ભવ** = સંસાર, જગત, દુનિયા **ભરમત** = ભરમાઈ ગયેલા છે **નિજપદ** = મૂળ, આદિકર્તાના પરમપદ **નિરુપ** = ઓળખ્યા, જાણ્યરૂપ, આકાર **વિનાઈ** = વિનાના **જ્યૌ** = જેમ **કોઈ વૃક્ષ** = કોઈક વૃક્ષ **વંઝકે** = વાંઝીયાંને **પલવન** = પલ્લવિત **તેહી** = તે **સબ** = બધીજ **વંઝ** = વાંઝણી **રહાઈ** = રહે છે.

### અનુવાદ

**જેમ કોઈ વાંઝીયા વૃક્ષની પલ્લવિત સર્વ શાખાઓ વંઝ રહે છે, એ પ્રકારે સમગ્ર જગતભરમાં નિજપદના સ્વરૂપને જાણ્યા વિના (સૌ) ભરમાઈ રહ્યા છે.**

### ભાવાર્થ

જેવી રીતે કોઈ વૃક્ષ પ્રથમથી વાંઝીયુ હોય તો તેની પલ્લવિત થયેલી બધીજ ડાળીઓ પણ વૃક્ષની જેમ વાંઝણી હોય છે. અર્થાત્ ફળ આપતી નથી તેવી જ રીતે બ્રહ્માજી પોતે જ કર્તાપદથી અજાણ્યા રહેલા હોઈ તેની શાખા રૂપ પલ્લવિત થયેલી બધીજ રચનાઓ પણ નિજ (સકર્તા) પદને જાણ્યા સિવાયની હોય તે સ્વાભાવિક છે. જેથી કહી શકાય કે જગત આખું નિજ પતિપદના સ્વરૂપને જાણ્યા વિના ભળતા પદોમાં ભરમાયેલું જ રહ્યું છે.

**જબતે નિગમ વૃક્ષકે પલવન, શાસ્ત્ર પુરાન સબેઈ;**
**જીનકી ગમ ભવ સકલ ભેદી તવ, કોઉ કિનસે સુન લેઈ. ૪૯**

### શબ્દાર્થ

**જબતે** = જેથી તે, તેથી તે, જ્યારે તે **નિગમ** = ચાર વેદ **વૃક્ષકે** = વૃક્ષકે, વૃક્ષની **પલવન** = પલ્લવિત થયેલી **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **પુરાન** = અઢાર પુરાણ **સબેઈ** = બધા સર્વ **જીનકી** = જેમની, જેઓની **ગમ** = સમજ, સૂઝ **ભવ** = જગતને **સકલ** = તમામ, સર્વ, બધા **ભેદી** = ભેદીને **તવ** = ત્યારે **કોઉ** = કોઈ **કિનસે** = કોના થકી, કોના વડે, કોની પાસેથી **સુન લેઈ** = સાંભળી લે, સાંભળે, સાંભળશે.

### અનુવાદ

**તેવી જ રીતે ચાર વેદ રૂપ વૃક્ષની પલ્લવિત થયેલ શાખાઓ તે જ બધા શાસ્ત્ર અને પુરાણ છે. જેમની સમજ જગતને ભેદી શકતી નથી તો તે કોની પાસેથી સાંભળી શકશો ?**

### ભાવાર્થ

તેવી જ રીતે બ્રહ્માજી દ્વારા મૂળ કહેવાતા આદિ ધર્મ પુસ્તક રૂપ ચાર વેદની સમજ બ્રહ્માંડને ભેદીને પેલી પાર રહેલા કર્તાપદ સુધી પહોંચી શકતી નથી, તો પછી તેની શાખા રૂપે પલ્લવિત થયેલા છ શાસ્ત્ર અને અઢાર પુરાણની સમજ બ્રહ્મથી પરે ન જાય તે સ્વાભાવિક છે. તો એવા પરમપદની સમજ કોની પાસેથી સાંભળશો ?

**તેહી સકલ ગમ જ્ઞાન સબનકે, નિજ પતિપદ ફલ વિનહી;**
**તબત્યે સકલ અજાણ અખિલ કુલ, નિજપતિકે હમ કીનહી. ૫૦**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકલ** = સર્વ, બધા **ગમ** = જાણ **જ્ઞાન** = સમજ, જ્ઞાન **સબનકે** = સૌની, બધાની **નિજ પતિપદ** = મૂળ પતિપદ **ફલ** = ફળ **વિનહી** = વિનાની **તબત્યે** = તેથી, તે કારણથી **સકલ** = બધા, તમામ, સૌ **અજાણ** = અજાણ્યા **અખિલ કુલ** = સમગ્ર જગત, આખા વિશ્વમાં **નિજપતિકે** = સર્જનહારના, આદિ કર્તાને **હમ** = મેં **કીનહી** = કહ્યા છે, જણાવ્યા છે, દર્શાવ્યા છે.

## અનુવાદ

**તે બધા (શાસ્ત્ર અને પુરાણ) નિજપતિની સમજ અને જ્ઞાન રૂપી ફળ વગરના છે. એટલા માટે જ મેં સમગ્ર જગતમાં સૌને નિજપતિથી અજાણ્યા કહ્યા છે.**

## ભાવાર્થ

નિજપતિની જાણ (જ્ઞાન) સિવાયના વાંઝીયા વૃક્ષ રૂપ ચાર વેદથી પલ્લવિત થયેલ શાખા (ડાળીઓ) રૂપ શાસ્ત્ર અને પુરાણ પણ નિજપતિપદની સમજ અને જ્ઞાન રૂપ ફળ વગરના વાંઝીયા જ રહેલા છે. તે કારણે જ કુવેરસ્વામીએ સમસ્ત જગતના તમામ જીવોને નિજપતિપદની જાણ્ય સિવાયના અજાણ્યા કહ્યા છે.

# પરમગુરુ વિશેષણ બરનનકો
# અંગ ૮

---

**તેહી માટે નિજ પરમગુરુ બિન, પતિ પરમ નહીં પાઈ;**
**જબતે તારન તરન પુરુષકે, ક્યૌ ન શરન કોઉ જાઈ. ૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **માટે** = માટે **નિજ** = આદિ, મૂળ **પરમગુરુ** = પરમગુરુ **બિન** = વિના, વગર, સિવાય **પતિ પરમ** = પરમપતિ **નહીં** = નહીં **પાઈ** = મેળવી શકાય, પ્રાપ્ત કરી શકાય **જબતે** = જેથી તે **તારન તરન** = પોતે તરી શકે અને અન્યને પણ તારી શકે તેવા **પુરુષકે** = પુરુષના **ક્યૌ** = કેમ, શા માટે **ન** = નહીં **શરન** = શરણમાં **કોઉ** = કોઈ **જાઈ** = જતાં.

### અનુવાદ

**તે માટે પરમગુરુ વિના પરમપિતાને પ્રાપ્ત કરી શકાય તેમ નથી. જેથી તે તારણ-તરણ પુરુષના શરણમાં કેમ કોઈ જતા નથી ?**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં માત્ર પરમગુરુ જ સામર્થ્યવાન છે કે જે અંશોને પોતાના શુદ્ધ સ્વ-સ્વરૂપે કરીને પરમપિતા એવા સકર્તા સર્જનહાર (કૈવલકર્તા)ની સાથે મેળાપ કરાવી આપે છે. તેમ છતાં અંશો વિશ્વમાં ભવસંકટનું દુ:ખ ભોગવતા હોવા છતાં પણ એવા તારણ-તરણ પુરુષના શરણમાં કેમ જતા નથી?

**તેહી તારન સદ્ગુરુ પરમ પુનિ, વિશેષ અંશ પરમહી;**
**અગમ નિગમ ગતિ કતા કતકી, પાવત સકલ મરમહી. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તેઓ **તારન** = તારવાવાળા **સદ્ગુરુ** = સદ્ગુરુ **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પુનિ** = વળી **વિશેષ અંશ પરમહી** = પરમ વિશેષ અંશ પણ **અગમ નિગમ** = ભવિષ્ય અને ભૂતકાળ, આલોક અને પરલોક, બ્રહ્માંડનું બ્રહ્માંડથી પરેનું **ગતિ** = જ્ઞાન, સમજ **કતા** = સર્જનહાર **કતકી** = ઉત્પત્તિની, રચનાની **પાવત** = પ્રાપ્ત

કરી શકાય **સકલ** = બધોજ **મરમહી** = મર્મ, ભેદ, રહસ્ય.

## અનુવાદ

**તેઓ (ભવસાગર) તારણહાર મહાન સદ્‌ગુરુ છે. વળી પરમ વિશેષ અંશ પણ છે. તેમના થકી સર્જનહાર અને તેમની રચના પૈકી અગમ-નિગમનું જ્ઞાન તથા તમામ રહસ્ય પણ પ્રાપ્ત થાય છે.**

## ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં જીવોને ભવસાગરમાંથી પાર ઉતારનાર પરમગુરુ સમર્થ સદ્‌ગુરુ રૂપ છે. જેઓ સકર્તા સર્જનહાર કૈવલકર્તાના પરમ વિશેષ પાટવી અંશ છે. તેથી તેઓ સકર્તા સર્જનહારની તમામ રચનાની હકીકતના જાણકાર હોઈ તેનું જ્ઞાન (સમજ) આપી શકે છે એટલે માનવો આવા અગમ-નિગમની સંપૂર્ણ સમજ તથા તેનો સાચો મર્મ પ્રાપ્ત કરી શકે છે.

**કરત મરમ પાયન પતિયનકી, મહાતા પરહી દરસહી;**
**તેહીત્યે ત્રસીત હોત પાવન રત્ય, ઉપજત હરદે હરસહી. ૩**

### શબ્દાર્થ

**કરત** = કૃત, રચના **મરમ** = મર્મ, ભેદ, રહસ્ય **પાયન** = પ્રાપ્ત કરવાની **પતિયનકી** = પતિની, સર્જનહારની **મહાતા** = મહિમા, મહત્તા **પરહી** = પડે **દરસહી** = મુલાકાત, મિલન, મળવાથી **તેહીત્યે** = તેથી **ત્રસીત** = તૃપ્ત **હોત** = થાય **પાવન** = પ્રાપ્ત કરવા માટે, મેળવવાની **રત્ય** = ઈચ્છા, આરત, લગની **ઉપજત** = ઉપજે **હરદે** = હૃદયમાં **હરસહી** = આનંદપૂર્વક, હર્ષપૂર્વક.

## અનુવાદ

**તેમને મળવાથી રચનાનું રહસ્ય પ્રાપ્ત થાય છે અને સર્જનહારની મહત્તા ખબર પડે છે, ત્યારે હૃદયમાં ઉપજેલી કર્તાને મળવાની પ્રેમપૂર્વકની આરત તૃપ્ત થાય છે.**

## ભાવાર્થ

પરમગુરુના શરણમાં જવાથી માનવને બ્રહ્માંડની તમામ રચનાની ગતિ (મર્મ)

પ્રાપ્ત થાય છે. વળી તે રચનાને નિહાળીને તેના રચનાર કેવલકર્તાની મહત્તા પણ (સમજ પડે) સમજાય છે. આ પ્રમાણે કર્તાના રહસ્યને સમજ્યા પછી જ અંશને હૃદયમાં સર્જનહારને મળવા માટેની પ્રેમપૂર્વક આરત ઉપજે છે. હૃદયપૂર્વકની આ આરત પરમગુરુના શરણે જવાથી જ તૃપ્ત થઈ શકે છે.

**હરદે હરસ ઉપજણસે અકલિત, કલિત હોય કિરતારુ;**
**દિવ્ય નેંનસે દરસ પરસ કર, ભવિત તાય નિસતારુ. ૪**

### શબ્દાર્થ

**હરદે** = હૃદયમાં **હરસ** = આનંદ, ઉલ્લાસ **ઉપજણસે** = ઉપજવાથી **અકલિત** = અકળ, કળ્યામાં ન આવે તેવા **કલિત** = જાણી શકાય તેવું **હોય** = થાય **કિરતારુ** = સર્જનહાર **દિવ્ય નેંનસે** = દિવ્ય દૃષ્ટિથી **દરસ** = દર્શન **પરસ** = સ્પર્શ **કર** = કરીને **ભવિત** = થાય છે **તાય** = તેનો **નિસતારુ** = મોક્ષ, ઉદ્ધાર, નિસ્તાર.

### અનુવાદ

**હૃદયમાં હરખભેર (ઉમંગપૂર્વક) થયેલ ઉપજણથી અકળ કર્તાને કળી શકાય છે. વળી દિવ્ય નેંનથી દર્શન-સ્પર્શન કરવાથી મોક્ષ પણ થાય છે.**

### ભાવાર્થ

પરમગુરુના શરણમાં ગયેલા મુમુક્ષુઓના હૃદયમાં કર્તાને પ્રાપ્ત કરવાની ઉમંગભેર ઉપજેલી ઉપજણ એ તો કર્તાના વિરહની વેદનાની પરાકાષ્ટાએ પહોંચેલી આરતની શ્રેષ્ઠ સ્થિતિ છે. પરમગુરુની કૃપા થકી મુમુક્ષુઓમાં ખુલેલા દિવ્યચક્ષુના માધ્યમથી કળ્યામાં ન આવે તેવા કર્તાને પણ જાણી શકે છે એટલું જ નહીં પરંતુ અંશ શુદ્ધ ચૈતન ભાવથી પોતાની અલ્પ સજાણ-જાણ વૃત્તિને કર્તાની મહદ્ સજાણ જાણ સાથે એકતા સાધીને સદેહે કર્તાના પરમપદનો સ્વાનુભવ કરતો હોય છે. આ સ્થિતિએ પહોંચેલા અંશનો નિશ્ચિતપણે મોક્ષ થાય છે.

**નિસતારન સોઈ ભૂક્તમાન ભવ, ફોગટ ફેર ફરનહી;**
**સદા સર્વદા રહહી તાય પદ, નિજપતિ પરમ શરણહી. ૫**

### શબ્દાર્થ

**નિસતારન** = મોક્ષ **સોઈ** = એટલે **ભૂક્તમાન** = ભોગવતા **ભવ** = જગતમાં **ફોગટ** = વ્યર્થ **ફેર** = ફેરા **ફરનહી** = ફરવા **સદા સર્વદા** = હમેશને માટે **રહહી** = રહેવાય **તાય** = તે **પદ** = સ્થાન, ધામ **નિજપતિ** = મૂળ સર્જનહાર, કર્તા, માલિક **પરમ** = શ્રેષ્ઠ **શરણહી** = શરણમાં.

### અનુવાદ

**મોક્ષ એટલે ભવમાં ભોગવાતા વ્યર્થ ફેરા ફરવામાંથી મુક્ત થઈને (છૂટીને) હમેશને માટે નિજપતિના પરમપદમાં જઈ તેમના દિવ્ય શરણમાં રહેવું તે.**

### ભાવાર્થ

અંશનો નિસ્તાર એટલે પંચમી અખંડ કૈવલ મુક્તિ. અંશ પોતાના દેહ થકી કરેલા સત્કર્મો અને દુષ્કર્મોને ભોગવવા માટે એક દેહમાંથી બીજા દેહમાં કર્મબંધનોને આધિન થઈને ભટકતો હોય છે. તેવા ફોગટ ફેરામાંથી હંમેશને માટે થતો છુટકારો. તે ત્યારે જ શક્ય બને કે જ્યારે અંશ પરમગુરુની કૃપા થકી પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે કૈવલ ધામમાં જઈને કૈવલકર્તાના દિવ્ય શરણમાં હંમેશને માટે રહેવાનો અવસર પ્રાપ્ત કરે. પરિણામે અંશને કદી પણ જન્મ-મરણના ઘટક્રમ (ભવફેરા) ભોગવવા માટે પાછા બ્રહ્માંડમાં કે મૃત્યુલોકમાં આવવું પડે નહીં.

**નિજપતિ પરમ શરણ પાવનકી, પેર સકલ સુણવાઈ;**
**કરહી સોઈ એહી ક્રિયા અલોકિત, જીનુ કર્તા અનુરાઈ. ૬**

### શબ્દાર્થ

**નિજપતિ** = આદિ કર્તા, મૂળ માલિક **પરમ** = શ્રેષ્ઠ, મહાન, દિવ્ય **શરણ** = શરણુ **પાવનકી** = પ્રાપ્ત કરવાની **પેર** = રીત, માર્ગ **સકલ** = સર્વ, બધા **સુણવાઈ** = દર્શાવી, સંભળાવી **કરહી** = કરે **સોઈ** = તે **એહી** = આ પ્રમાણેની **ક્રિયા** = કર્મ **અલોકિત** = અલૌકિક **જીનુ** = જેઓને **કર્તા** = સર્જનહારા સાથે **અનુરાઈ** = અનુરાગ, પ્રેમ, ચાહના, સ્નેહ, આરત.

### અનુવાદ

**નિજપતિનું દિવ્ય શરણ પ્રાપ્ત કરવાની બધી જ રીત સંભળાવી. જેને કર્તા સાથે સ્નેહ હોય તેઓએ (આ) અલૌકિક ક્રિયા કરવી.**

## ભાવાર્થ

મહાન પરમપદ રૂપ કૈવલધામ પ્રાપ્ત કરીને કૈવલકર્તાના દિવ્ય ચરણોમાં હંમેશાં રહેવા માટેની બધી જ રીત કુવેરસ્વામીએ આપણને કહી સંભળાવી. સાથે સાથે સ્પષ્ટ આદેશ પણ આપ્યો કે જેમને પોતાના જન્મ-મરણના ફોગટ ફેરામાંથી ફારગતી મેળવીને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત કરવા માટેની તથા કૈવલકર્તાને મળવાની તમન્ના હોય તેવા મુમુક્ષુ માનવોએ આ અલૌકિક ક્રિયા અવશ્ય કરવી.

**અનુરાગીત નિજ પતિપદ પાગીત, કરની અકલ અરુઢહી;**
**સો નિજ જનકુ દેઈ દેખાઈત, અતહી જ્ઞાન ગમ ગૂઢહી. ૭**

### શબ્દાર્થ

**અનુરાગીત** = આરતવાન **નિજ** = મૂળ આદિ **પતિપદ** = સર્જનહારનું પદ, કૈવલધામ **પાગીત** = પ્રાપ્ત કરવાની, પહોંચવાની **કરની** = કાર્ય, કર્મ, આચરણ, વર્તણૂંક **અકલ** = અકળ, કળ્યામાં ન આવે તેવું **અરુઢહી** = રૂઢિગત નહીં તેવું, અપ્રસિદ્ધ, અપ્રચલિત **સો** = તે **નિજ જનકુ** = તેવી વ્યક્તિને **દેઈ દેખાઈત** = બતાવી આપુ છું, દર્શાવી આપુ **અતહી** = આ પ્રમાણે, આવી, આ રીતે કરવા યોગ્ય, અત્યંત **જ્ઞાન** = જ્ઞાન **ગમ** = સમજ **ગૂઢહી** = ગહન, ગૂઢાર્થભરી.

## અનુવાદ

**નિજ પતિપદને પ્રાપ્ત કરવા માટે કરવા યોગ્ય બધું જ આચરણ કે જે અપ્રસિદ્ધ અને અત્યંત ગૂઢાર્થભરેલું જ્ઞાન છે, તે પોતાના આરતવાન માનવોને (ભક્તજનોને) માટે બતાવી દીધું છે.**

## ભાવાર્થ

સૌના કારણરૂપ રહેલા કૈવલકર્તાના પરમપદને પ્રાપ્ત કરવા માટે આચરણ કરવા યોગ્ય અત્યંત ગૂઢાર્થ ભરેલું જ્ઞાન કે જે વિશ્વમાં પ્રસિદ્ધ થયેલું નથી, તે સમજ (જ્ઞાન) કુવેરસ્વામીએ આરતવાન વ્યક્તિઓ માટે બતાવી દીધું છે. અલૌકિક કૈવલજ્ઞાનની આ સમજ જ ગૂઢાર્થ ભરેલી અને સાચી છે.

**ગૂઢ ગમ જ્ઞાન સો નિજ કારણ કલ, પરમ પુનિત બાબજકી;**
**જેહી દુરલભ સુનકાદિક આદિભવ, સો ગત કુન સાબજકી. ૮**

### શબ્દાર્થ

**ગૂઢ ગમ** = ગૂઢાર્થ ભરેલી સમજ **જ્ઞાન** = જ્ઞાન **સો** = તો, તે **નિજ કારણ** = મૂળ કારણરૂપ રહેલા **કલ** = કળા, યુક્તિ **પરમ પુનિત** = અત્યંત પવિત્ર **બાબજકી** = બાબતની **જેહી** = જે **દુરલભ** = દુર્લભ, મુશ્કેલ, કઠિન **સુનકાદિક** = બ્રહ્માપુત્રો **આદિભવ** = આદિ પુરુષ, નિરંજન **સો** = તે **ગત** = ગતિ, સમજ **કુન** = કોણ **સાબજકી** = સાબિત, સાખદાઈ, સજ્જનતા, તૈયારી, હેસીયત, ગણત્રીની.

### અનુવાદ

**ગૂઢ ગમ જ્ઞાન એટલે કારણરૂપે રહેલા પરમપતિની પવિત્ર સમજ અંગેની ગૂઢાર્થ ભરેલી બાબતને યુક્તિપૂર્વક સમજવી તે છે. જે આદિ નિરંજન અને સનકાદિકોને પણ દુર્લભ હતી, તો પછી તેમની ગતિને કોણ સાબિત કરી શકે ?**

### ભાવાર્થ

અગાઉ જે ગૂઢ ગમ જ્ઞાનની વાત કરી તેનો અર્થ સૌના નિજ કારણરૂપે રહેલા સર્જનહારના પવિત્ર પરમપદની ગૂઢાર્થ ભરેલા જ્ઞાનની બાબતને યોગ્ય રીતે સમજવી તે છે. જે જ્ઞાન અને સમજ આદિ પુરુષ નિરંજન અને બ્રહ્માપુત્ર સનકાદિકોને અત્યંત દુર્લભ હતાં. એટલા માટે તેઓ વિચારરૂપ ગુરુ વડે સ્વયં તપશ્ચર્યા કરવા માટે ચાલ્યા ગયા હતા. આવા અદ્‌ભૂત અને ગૂઢાર્થ ભરેલા જ્ઞાનને સમજીને આવી સમજ માટે કોની સજ્જતા (તૈયારી) હોઈ શકે ?

**એહી પરકાર લક્ષકે નિજપદ, પાવત પરમ વિભાગી;**
**કહે કુવેર સેર જીનકે સદ, સુરલભ સંત સમાગી. ૯**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **લક્ષકે** = લક્ષને **નિજપદ** = નિજપદના **પાવત** = પ્રાપ્ત કરે **પરમ** = શ્રેષ્ઠ **વિભાગી** = ભાગ્યશાળી, વિશેષ ભાગ્યશાળી **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **સેર** = અધિક, માર્ગ **જીનકે** = જેનો **સદ** = સાચો, સાચાં **સુરલભ** = સુર્લભ, સહેલાઈથી **સંત** = સંતનો **સમાગી** = સમાગમ.

## અનુવાદ

**આ પ્રકારના નિજપદના લક્ષને મહાન ભાગ્યશાળી જ પામી શકે છે. કુવેરસ્વામી કહે છે કે જેને સાચા સંતનો સમાગમ થાય તેને જ આ માર્ગ સુર્લભ થાય છે.**

## ભાવાર્થ

આવો ગૂઢાર્થ ભરેલો નિજપતિપદનો લક્ષ ઘણાં સંચિત પૂણ્ય કર્મોવાળા ભાગ્યશાળી મુમુક્ષુજનો ને જ પ્રાપ્ત થાય છે. કુવેરસ્વામી કહે છે કે પૂર્વ જન્મના સંચિત કર્મોનો ઉદય થાય તો તેને જ સાચા સંત રૂપ પરમગુરુનું શરણું મળે છે. જે મુમુક્ષુ પરમગુરુનું શરણું સ્વીકારે છે. તેવા ભાગ્યશાળીને જ આવો અંશ-અંશીનો લક્ષ પ્રાપ્ત કરવો સુર્લભ બને છે.

**તેહી સંત નિજ પરમપુરુષકે, અરસ પરસ એકતાઈ;**
**તદીપ તેહુતે પરમ મોક્ષપદ, પરમ પુનિતસે પાઈ. ૧૦**

### શબ્દાર્થ

**તેહી** = તે **સંત** = સંત **નિજ** = આદિ, મૂળ **પરમપુરુષકે** = પરમપુરુષની **અરસ પરસ** = પરસ્પર, અન્યોઅન્ય **એકતાઈ** = એકતાવાળા **તદીપ** = તેથી **તેહુતે** = તેમનાથી **પરમ મોક્ષપદ** = મહાન મોક્ષનું પરમપદ **પરમ પુનિતસે** = મહાન પાવનકારીથી **પાઈ** = પ્રાપ્ત થાય છે.

## અનુવાદ

**તે સંત પુરુષની પરસ્પર એકતા નિજ પરમપુરુષ સાથે હોય છે. તેથી તેવા મહાન પાવનકારી (તરફથી) પાસેથી પરમમોક્ષ પદ પ્રાપ્ત થાય છે.**

## ભાવાર્થ

તે સંતરૂપ પરમગુરુના નિજ જાણ સ્વરૂપની એકતા સકર્તા પતિ નિજ સર્જનહાર કૈવલકર્તા પુરુષની મહદ્ સજાણ જાણ સાથે (પરસ્પર) સદાને માટે અખંડ જોડાઈને રહેલી હોય છે. એવા મહાન પાવનકારી પરમગુરુની કૃપા થકી અંશ નિશ્ચિતપણે પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરે છે.

**જેહી નિજપતિ પરમકે પાયલ, ન્યાય સહિત નિજ ધામુ;**
**તેહી પવરાવે ઓર જનનકુ, અવિગત અટલ વિરામુ. ૧૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **નિજપતિ** = ખુદ સર્જનહાર, મૂળ માલિક **પરમકે** = મહાનને **પાયલ** = અચળ, સ્થિર **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક **નિજ** = મૂળ, આદિ **ધામુ** = ધામ **તેહી** = તેઓ **પવરાવે** = મેળાપ કરાવે, પ્રાપ્ત કરાવે **ઓર જનનકુ** = અન્ય માનવોને **અવિગત** = અવિગત **અટલ** = નિત્ય, સનાતન **વિરામુ** = સ્થિર થઈને રહેવાનું ધામ.

### અનુવાદ

**તેઓ ન્યાય સહિત અચળ નિજ પરમપતિને ઓળખાવીને જે અવિગત અટલ અને છેવટનું સ્થિર થઈને રહેવાનું ધામ છે ત્યાં અન્ય માનવોને પહોંચાડે છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં માત્ર પરમગુરુ જ અચળ અને નિજ પરમ કૈવલપતિને કૈવલજ્ઞાન દ્વારા ન્યાયપૂર્વક ઓળખાવે છે. અવિગત, અચળ અને અંશોને સ્થિર થઈને રહેવાનું જે છેવટનું ધામ છે જ્યાં પરમપતિ સદાને માટે બિરાજમાન રહે છે તે જ કૈવલ ધામ છે. દિવ્ય પરમગુરુ તેમને શરણે આવેલા માનવને તેમના અધિકારની રૂએ શુદ્ધ અંશ સ્વરૂપે કરીને ત્યાં (કૈવલધામમાં) પહોંચાડીને પરમપદનું દાન બક્ષે છે.

**અટલ વિરામ ધામકે ધરતા, કૈવલ નિજ કિરતારુ;**
**કહે કુવેર તાય શરનન પર, અહંગ અંશ તન વારુ. ૧૨**

### શબ્દાર્થ

**અટલ** = સ્થિર, અચળ, શાશ્વત **વિરામ** = આરામ, નિવાસ **ધામકે** = ધામના **ધરતા** = ધારણ કરનાર **કૈવલ** = કૈવલ, વળથી રહિત **નિજ કિરતારુ** = નિજ સર્જનહાર **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **તાય** = તેમના **શરનન પર** = શરણમાં **અહંગ** = મારું, નિજ જાણ **અંશ તન** = અંશ સ્વરૂપ **વારુ** = વારી જાઉં છું, વારી ઘરું છું, કુરબાન કરું છું.

## અનુવાદ

**અટલ વિરામ ધામને ધારણ કરનારા નિજ કૈવલકર્તા છે. કુવેરસ્વામી કહે છે કે તેમના શરણે મારું નિજ જાણ અંશ સ્વરૂપ વારી ધરું છું.**

## ભાવાર્થ

દરેક અંશોનો છેવટનો (અંતિમ) મુકામ તથા સ્થિર થવા માટેના શાશ્વત કૈવલ ધામને ધારણ કરનારા સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા સ્વયં (પોતે) જ છે. કુવેરસ્વામી કહે છે કે એવા કર્તાના શરણમાં તેઓ તેમના નિજ જાણ રૂપ અંશ સ્વરૂપને વારી ધરે છે. એટલે કે પોતાના અંશ સ્વરૂપને કુરબાન કરે છે.

**અહંગ અંશ સોઈ આપનું આપ સદ, નિજપતિ નિજ સંકલ્પકે;**
**જા દિન મોજ દ્વૈત ઉપજીત હુત, ભિન્ન ભયે સોઈ કલપકે. ૧૩**

### શબ્દાર્થ

**અહંગ અંશ** = સજાણ જાણ અંશ સ્વરૂપ **સોઈ** = તે, એટલે **આપનું આપ** = પોતાની જાતનું, આપનું પોતાનું **સદ** = શાશ્વત **નિજપતિ** = નિજકર્તા, આદ્ય માલિક **નિજ** = પોતાના **સંકલ્પકે** = સંકલ્પથી **જા દિન** = જે દિવસ **મોજ** = આનંદ **દ્વૈત** = ભિન્નપણાની **ઉપજીત** = ઉપજણ ઉપજી **હુત** = હતી **ભિન્ન ભયે** = છુટા પડ્યા **સોઈ** = તે **કલપકે** = કલ્પથી, સમયથી.

## અનુવાદ

**સજાણ જાણ અંશ સ્વરૂપ એટલે આપણું પોતાનું શાશ્વત સ્વરૂપ જે નિજપતિના પોતાના સંકલ્પનું છે. જે દિવસે ભિન્ન થવાની મોજ ઉપજી હતી તે કલ્પથી છૂટા પડેલા છે.**

## ભાવાર્થ

પોતાનું સજાણ જાણ ચૈતન અંશ સ્વરૂપ એટલે આપણું પોતાનું શાશ્વત અંશ સ્વરૂપ છે. સર્જનહાર કૈવલકર્તાએ જ્યારે તેમને મોજ માણવા માટે કશુંક ઉત્પત્તિ કરવાની ઉપજણ ઉપજી ત્યારે તેમણે પોતાના શુદ્ધ સંકલ્પથી બધી રચના કરી. તે તમામ રચનાને જીવંત બનાવવા માટે પોતાની છટ્ઠી અંશવૃત્તિથી ત્રણ પ્રકારના અંશોને

ઉત્પન્ન કર્યા. તે કલ્પથી (સમયથી) આ બધા અંશો કૈવલધામમાંથી વિખૂટા પડીને બ્રહ્માંડમાં આવ્યા છે.

**પણ હમતો નિજ પાસ રહનકે, સધર સમીપ સદાઈ;**
**કલ્પ કલ્પ જુગમાંહી જનાવત, કતા ખોજ કરુણાઈ. ૧૪**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **હમતો** = હું તો **નિજ પાસ** = નિજપતિની પાસે **રહનકે** = રહીને **સધર** = સ્થિર **સમીપ** = સાંનિધ્યમાં, નજીક, પાસે **સદાઈ** = હંમેશા, સદાને માટે **કલ્પ કલ્પ** = દરેક કલ્પમાં, કલ્પે કલ્પે **જુગમાંહી** = જગતમાં **જનાવત** = જણાવું છું **કતા** = સર્જનહાર, રચનાર **ખોજ** = શોધખોળ, પ્રાપ્ત **કરુણાઈ** = કરુણા કરીને.

### અનુવાદ

**પરંતુ હું તો નિજપતિના સાંનિધ્યમાં સદાને માટે સ્થિર રહું છું. કલ્પમાં એક વખત જગતમાં (આવીને) કર્તાને પ્રાપ્ત કરવાની ગતિ કરુણા કરીને જણાવું છું.**

### ભાવાર્થ

કર્તાએ ઉત્પન્ન કરેલા ત્રણે પ્રકારના અંશોમાં પરમગુરુ પરમ વિશેષ પાટવી અંશ છે. સર્જનહારે તેમને પોતાના સાંનિધ્યમાં સ્થિર રાખેલા છે. એટલે તેઓ કર્તાના સાંનિધ્યમાં જ રહેતા હોય છે. તેમ છતાં કલ્પમાં એક વખત કર્તાના હુકમને આધિન થઈ તેઓ બ્રહ્માંડમાં આવે છે. અહીં તેઓ અંશ-અંશીનો લક્ષ દર્શાવે છે. આમ માનવને પોતાના નિજ ચૈતન સ્વરૂપને ઓળખાવી અંશ જેની સજાતિનો છે તેવા મહદ્ સજાણ જાણ સ્વરૂપ ચૈતન અંશી (કૈવલકર્તા)ની સત્ય સમજ આપે છે. જેથી માનવ પોતાના શુદ્ધ અંશ સ્વરૂપે થઈ સકર્તા સર્જનહારને પ્રાપ્ત કરી નિજ ઘરમાં સ્થિર રહી શકે.

**બહોરુ રહત નિજપતિ પરમપે, અરસ પરસ અનુરાગી;**
**જાંહી જાંહી પરમ પુરુષ પઠવાવત, જાવત ધરી ઉમાગી. ૧૫**

### શબ્દાર્થ

**બહોરુ** = ત્યાર બાદ, ખાસ કરીને, માટે ભાગે **રહત** = રહું છું **નિજપતિ પરમપે** = નિજ પરમપતિની સાથે **અરસ પરસ** = પરસ્પર, અન્યોન્ય **અનુરાગી** = એકતા સાધીને, અનુરાગ ધારણ કરીને **જાંહી જાંહી** = જ્યાં જ્યાં, જ્યારે જ્યારે **પરમ પુરુષ** = કૈવલકર્તા **પઠવાવત** = મોકલે **જાવત** = જાઉં છું **ધરી ઉમાગી** = ઉમંગ ધારણ કરીને, ઉમંગપૂર્વક, આનંદપૂર્વક.

## અનુવાદ

**ત્યાર બાદ નિજ પરમપતિની સાથે પરસ્પર અનુરાગી થઈને (એકતા સાધીને) રહું છું. જ્યારે જ્યારે પરમપુરુષ (નિજકર્તા) મોકલે ત્યારે ઉમંગ ધારણ કરીને જાઉં છું.**

## ભાવાર્થ

મોટે ભાગે પરમગુરુ નિજ પરમપતિ સકર્તા સાથે પરસ્પર અનુરાગ ધારણ કરીને તેમના સાંનિધ્યમાં કૈવલધામમાં રહે છે, પરંતુ જ્યારે જ્યારે કૈવલકર્તા આદેશ આપે છે ત્યારે જ્યાં મોકલે ત્યાં ઉમંગ ધારણ કરીને જાય છે.

## ઓર અંશ જેહી અખિલ ખલકકે, નિજત્યે ભિન્ન ભયેવુ;
## જબ આયે તબત્યે અબ લગ લ્યૌ, ઈત કે ઈત રહેવું. ૧૬

### શબ્દાર્થ

**ઓર** = અન્ય, બાકીના, અને **અંશ** = અંશો **જેહી** = જે **અખિલ** = સમસ્ત **ખલકકે** = બ્રહ્માંડના **નિજત્યે** = જ્યારથી, નિજથી, પરમપતિથી **ભિન્ન** = છૂટા, અલગ, જુદા **ભયેવુ** = થયા, પડયા **જબ આયે** = જ્યારે આવ્યા **તબત્યે** = ત્યારથી **અબ લગ** = અત્યાર **લ્યૌ** = સુધી **ઈત કે ઈત** = અહીંના અહીંજ **રહેવું** = રહેલા છે.

## અનુવાદ

**સમસ્ત બ્રહ્માંડના અન્ય (બીજા) અંશો જે નિજપતિથી અલગ થઈને જ્યારથી (આ બાજુ) આવ્યા ત્યારથી અત્યાર સુધી અહીંના અહીંજ રહેલા છે.**

## ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડમાં નિવાસ કરતા બીજા સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો સકર્તાપતિ કૈવલકર્તાથી ભિન્ન થઈને જ્યારથી બ્રહ્માંડમાં (આ બાજુ) આવ્યા ત્યારથી

તે અત્યાર સુધી અહીંના અહીંજ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં જ રહેલા છે.

**રહે સકલ ઈતકે ઈત અંશુ, નિજ ગમ જ્ઞાન વિનાઈ;**
**આદ્ય સકર્તા કારન કોઉને, કિયે નહીં કિનુ તાઈ. ૧૭**

### શબ્દાર્થ

**રહે** = રહ્યા **સકલ** = બધા, સૌ **ઈતકે ઈત** = અહીંના અહીંજ **અંશુ** = અંશો **નિજ ગમ** = પોતાની, સ્વ સમજ **જ્ઞાન** = જ્ઞાન **વિનાઈ** = સિવાય **આદ્ય** = જેનાં પહેલાં કોઈ ન હતું તેવા **સકર્તા** = સર્જનહાર **કારન** = કારણરૂપ **કોઉને** = કોઈએ **કિયે** = કર્યા, જાણ્યા, કહ્યું **નહીં** = નથી **કિનુ** = કોઈએ **તાઈ** = તેમના અંગે, તેમના માટે.

### અનુવાદ

**નિજગમના જ્ઞાન વિના અંશો અહીંના અહીં જ રહ્યા છે. વળી કારણરૂપે રહેલા આદ્ય સકર્તા વિષે કોઈએ કાંઈ જ કહ્યું નથી.**

### ભાવાર્થ

પોતાના ચૈતન સ્વરૂપના જ્ઞાન વગર દરેક અંશો પોત-પોતાની વિભૂતિ અને દેહના આરબલને આધિન થઈ કર્મોના બંધનને ભોગવવા માટે વિવિધ પ્રકારના દેહોમાં નિવાસ કરીને અહીંના અહીં જ રહેલા છે. સૌના કારણરૂપે આદ્ય સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા છે, પરંતુ પોતાના સ્વ (ચૈતન અંશ) સ્વરૂપને નહીં જાણી શકવાને કારણે અંશો જેની સજાતિના છે એવા કૈવલકર્તાને વિષે કોઈએ શોધ કરી નથી કે તે અજાણ પરમપદને જણાવ્યું પણ નથી.

**જેહી જેહી ભયે આચાર અવન પર, તીનુ સિદ્ધાંત સુનેહુ;**
**સકલ અંશ તાંહાં રહે મોહિત રત, જતમત જાની જુનેહુ. ૧૮**

### શબ્દાર્થ

**જેહી જેહી ભયે** = જે જે થયા **આચાર** = આચાર્યો **અવન પર** = પૃથ્વી પર **તીનુ** = તેઓના, તેમના **સિદ્ધાંત** = મત, નિશ્ચિત કરેલી (પંથની) માન્યતા **સુનેહુ** = સાંભળીને **સકલ** = બધા, સર્વ **અંશ** = અંશ

**તાંહાં** = ત્યાં **રહે** = રહ્યા **મોહિત** = મોહ પામીને, મોહગ્રસ્ત બનીને **રત** = પ્રેમપૂર્વક **જતમત** = મતોમાં દર્શાવ્યું છે તેમજ, જેમ દર્શાવ્યું તેમનું તેમ **જાની** = જાણીને **જુનેહુ** = અગાઉથી ચાલી આવેલા, પરંપરાગત.

## અનુવાદ

**પૃથ્વી ઉપર જે જે આચાર્યો થયા તેમના સિદ્ધાંતોને સાંભળીને દરેક અંશો પરંપરાગતની જાણમાં જ મોહગ્રસ્ત થઈને ત્યાં પ્રેમથી જતમતપણે રહ્યા છે.**

## ભાવાર્થ

પૃથ્વી પર જે જે ધર્માચાર્યો થઈ ગયા છે તેઓએ પોતપોતાની માન્યતાઓને નિશ્ચિત રૂપે પોતાના સિદ્ધાંત તરીકે સ્થાપિત કરીને દુનિયાને દર્શાવી છે. આ વિવિધતાવાળા મત-પંથોના જ્ઞાનની પરંપરાગત ચાલી આવેલી પ્રણાલિકા મુજબ સાંભળીને જીવો તેમાં જ મોહગ્રસ્ત થઈ ગયા છે. ત્યારબાદ પોતે જે માન્યતાને સ્વીકારી છે તે પંથમાં તેઓ જતમતપણે પ્રેમથી વળગી રહ્યા છે.

**જુને પક્ષ સોઈ ક્રતા કરતકે, ઈશ્વર આદ્ય વિભૂતકે;**
**અલ્પ અંશ જાંહાં રહે આલંબીત, સગુન ઈષ્ટ સંજુતકે. ૧૯**

### શબ્દાર્થ

**જુને** = જુના, પરંપરાથી ચાલી આવેલા **પક્ષ** = પંથો, સિદ્ધાંતો **સોઈ** = તે **ક્રતા કરતકે** = કર્તાની રચના પૈકીનાને **ઈશ્વર** = ઐશ્વર્યવાન, પુરુષો **આદ્ય** = આદિ **વિભૂતકે** = વિભૂતિમાં, ઐશ્વર્યતામાં **અલ્પ** = સામાન્ય **અંશ** = અંશ **જાંહાં** = જ્યાં **રહે** = રહ્યા **આલંબીત** = વળગીને, પકડી રાખીને **સગુન** = ગુણવાળા **ઈષ્ટ** = મહાન **સંજુતકે** = સંયુક્ત, જોડાયેલું, અવિભક્ત, યુગલ.

## અનુવાદ

**આદિ ઐશ્વર્યતા ધરાવતા ઈશ્વરોના જુના પક્ષો તો કર્તાની રચના પૈકીના છે. સામાન્ય અંશો અવિભક્ત સગુણને ઈષ્ટ તરીકે વળગી રહ્યા છે.**

## ભાવાર્થ

પ્રણાલિગત ચાલી આવેલી પરંપરાવાળા જે જૂના પક્ષો છે તે તો સર્જનહારની

રચના પૈકીના છે. તે બધા પક્ષો આદિ ઐશ્વર્યવાન દેવી-દેવતાઓને ઈષ્ટ માનીને સ્થાપિત કરેલા છે. વળી આવા યુગલમાં અવિભક્તપણે રહેલા દેવી-દેવતાઓને જ્ઞાન થકી અલ્પજ્ઞ સમજવાળા સામાન્ય અંશો ઈષ્ટ માનીને તેમને જ વળગી રહ્યા છે.

**ઓરુ નિરગુણ નિરસત્વ નિરંતર, પાગે હંસ પરમહી;**
**તેહી અકરત ઈત ઈષ્ટ કરતમેં, કર્તા કુન ધરમહી. ૨૦**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **નિરગુણ** = નિર્ગુણ **નિરસત્વ** = સત્વ વિહિન, નિઃસત્વ **નિરંતર** = હંમેશને માટે, સદા **પાગે** = વળગી રહ્યા, અટક્યા **હંસ પરમહી** = પરમ હંસો **તેહી** = તે **અકરત** = અકર્તા **ઈત** = અહીંના **ઈષ્ટ** = મહાન **કરતમેં** = કૃતમાં, રચનામાં **કર્તા** = સર્જનહાર **કુન** = કોણ, ક્યા **ધરમહી** = ધર્મ, માન્યતા, સિદ્ધાંત.

### અનુવાદ

**વળી પરમહંસો નિરંતર નિરસત્વ અને નિર્ગુણમાં વળગી રહેલા છે, તો પછી સકર્તા અને અહીંના ઈષ્ટ ગણાતા રચના પૈકીના જ હોઈ તેમાં કર્તાનો કયો ધર્મ છે ?**

### ભાવાર્થ

વળી જે પરમહંસો કહેવાય છે, તેવા ધ્યાની પુરુષો તો નિરંતર નિર્ગુણ અને અકર્તા બ્રહ્મમાં પોતાની ચિત્તવૃત્તિને સ્થિર કરીને અટકી રહ્યા છે. અકર્તા બ્રહ્મમાં માનનારા પરમહંસો છે અને ઐશ્વર્યવાન યુગલ સ્વરૂપમાં બિરાજમાન દેવી-દેવતાઓને ઈષ્ટ તરીકે સ્વીકારનારા અલ્પજ્ઞ-જ્ઞાન ધરાવનાર સામાન્ય અંશો છે, પરંતુ સર્જનહારના પરમપદનો જો વિચાર કરવામાં આવે તો સગુણ અને નિર્ગુણ બંનેમાંથી એક પણ સિદ્ધાંત બંધ બેસતો કે યોગ્ય ગણાય નહીં.

**એહી ઉભયે અવિલોક ન લાયક, બિનુ આપને સરજનહી;**
**અકરત ઓરુ કરતવકે કર્તા, કુન કજ દિયે સમનહી. ૨૧**

### શબ્દાર્થ

**એહી** = આ **ઉભયે** = બન્ને **અવિલોક** = બારીકાઈથી નિહાળતાં **ન** = નથી **લાયક** = યોગ્ય **બિનુ** = વિના, સિવાયના **આપને** = પોતાના,આપના **સરજનહી** = સર્જનહાર **અકરત** = અકર્તા, બ્રહ્મ **ઓરુ** = અને **કરતવકે** = રચના પૈકીના **કર્તા** = સર્જનહાર **કુન કજ** = શા કાજે, શા માટે, શું કામ **દિયે** = અર્પ્યુ હશે **સમનહી** = મનનો ભાવ.

### અનુવાદ

**એ બંને સિદ્ધાંત આપણા સર્જનહાર વિનાના છે અને અવલોકનને લાયક નથી, તો પછી અક્રત અને કર્તાની રચના પૈકીનાઓને શા માટે મનનો ભાવ દર્શાવવો જોઈએ?**

### ભાવાર્થ

સાકાર દેવી-દેવતાઓને ઈષ્ટ તરીકે સ્થાપન કરતો સગુણ સિદ્ધાંત અને અકર્તા નિઃસત્વ તથા નિરાકાર બ્રહ્મનું સ્થાપન કરતો નિર્ગુણ સિદ્ધાંત છે. આ બંને સિદ્ધાંતો આપણા શુદ્ધ મહદ્ ચૈતન સકર્તા પતિ સર્જનહારના પરમપદને દર્શાવતા નથી. એટલે તે બંને અવલોકન કરવાને લાયક નથી. વળી જે અક્રત બ્રહ્મપદ તથા ત્રિગુણાત્મક દેવી-દેવતાઓ તે બંને સર્જનહારની રચના પૈકીના ભાગ રૂપે છે. તો પછી તેમના પ્રત્યે મનનો શુદ્ધ ભાવ શા માટે અર્પણ કરવો જોઈએ ?

**જબતે અંશ ખોજ ક્યૌ કરહીત, આગુ વિના સબ અંધે;**
**આગમ ગયે ભુલાય આચારજ, નિજગમ વિના નિરંધે, ૨૨**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **અંશ** = અંશ **ખોજ** = શોધખોળ, જાણ **ક્યૌ** = ક્યૌ, ક્યાંથી **કરહીત** = કરે, કરી શકે **આગુ** = આગેવાન **વિના** = સિવાય **સબ** = બધા **અંધે** = આંધળા, જ્ઞાન ચક્ષુ વિનાના **આગમ** = અગાઉ થઈ ગયેલા **ગયે** = ગયા **ભુલાય** = ભૂલી **આચારજ** = આચાર્યો **નિજગમ** = મૂળ પરમપદની જાણ, સર્જનહારની જાણ **વિના** = સિવાય **નિરંધે** = આંધળા, નિર્મૂળ આંધળા, અંતરચક્ષુ વિનાના.

### અનુવાદ

**આગેવાન વિનાના બધા જ અંધ છે. જેથી અંશ ક્યાંથી શોધ કરી શકે ? વળી**

**આગળ થઈ ગયેલા આંધળા આચાર્યો નિજગમ વિનાના હોવાથી તે પણ ભૂલા પડેલા છે.**

## ભાવાર્થ

પરમપદની સાચી જાણવાળા સમર્થ આગેવાન સિવાય બધા જ અંશો સર્જનહારની શોધ ક્યાંથી કરી શકે ? વળી જે કોઈ અગાઉ થઈ ગયેલા ધર્માચાર્યો છે તેઓને પોતાને પણ નિજ પરમપદ માટેની સૂઝ નથી, તેથી તેઓ પણ ભૂલા પડેલા છે. આ પ્રમાણે સંસારના સૌ મુમુક્ષુઓને સર્જનહારની રચના પૈકીનાઓને જ ઈષ્ટ મનાવીને સગુણ અને નિર્ગુણમાં ભૂલા પાડ્યા છે.

**તેહી નિરંધ ન્યાય વિનું નિરમીત, નિજ કરતાર વિનેહુ;**
**સબને થપે કરતકે કર્તા, ઓરુ અકત બ્રહ્મ જેહુ. ૨૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિરંધ** = નિર્મૂળ આંધળા **ન્યાય વિનું** = ન્યાય વિના **નિરમીત** = સ્થાપન કર્યા, નિર્માણ કર્યું **નિજ કરતાર** = મૂળ સર્જનહાર, આદિ કર્તા **વિનેહુ** = વિનાનાને, સિવાયનાને **સબને** = સર્વએ **થપે** = સ્થાપના કરી **કરતકે** = રચના પૈકીના **કર્તા** = ભગવાનો, ઈશ્વરો **ઓરુ** = અને **અકત** = અકર્તા **બ્રહ્મ** = બ્રહ્મ **જેહુ** = જે.

## અનુવાદ

**તે નિર્મૂળ આંધળાઓએ ન્યાય વિના જ નિજકર્તાનું સ્થાપન કર્યું છે. આમ સૌએ કૃત પૈકીના કર્તા અને બ્રહ્મપદનું સ્થાપન કરેલું છે.**

## ભાવાર્થ

અગાઉના નિરંધ આચાર્યોએ ન્યાયિક પ્રમાણ વિના નિજકર્તા સિવાયના પદોનું સ્થાપન કર્યું છે. તેમાં સૌએ નાશવંત રચના પૈકીના પદોમાં કોઈએ અકર્તા બ્રહ્મનું સ્થાપન કરીને નિર્ગુણ સિદ્ધાંતનું સ્થાપન કર્યું છે તો કોઈએ ત્રિગુણાત્મક દેવી-દેવતાઓનું કર્તા તરીકે સ્થાપન કરીને સગુણ સિદ્ધાંતને સ્થાપિત કર્યો છે.

**અકરતકે આપન નહીં અંશુ, કતા કરતકે બંધુ;**
**એક બંધવ એક અકરતકે પદ, કિનસે કિયે સબંધુ. ૨૪**

### શબ્દાર્થ

**અકરતકે** = અકર્તા બ્રહ્મના **આપન** = આપને **નહીં** = નથી **અંશુ** = અંશો **કતા** = સર્જનહાર **કરતકે** = રચનાના, કતના **બંધુ** = બાંધવ, ભાઈ **એક** = એક **બંધવ** = ભાઈ **એક** = એક **અકરતકે પદ** = અકર્તા પદ **કિનસે** = કોની જોડે **કિયે** = કરવો **સબંધુ** = સબંધ.

### અનુવાદ

**આપણે અકર્તાના અંશો નથી અને કર્તાના કરેલા બધા બાંધવો છે. એટલે એક બંધુ અને એક અકર્તાપદ છે તો પછી કોની જોડે સબંધ બાંધવો ?**

### ભાવાર્થ

સચરાચર વ્યાપેલ અકર્તા અને નિ:સત્વ બ્રહ્મની સજાતિના આપણે અંશો નથી. કર્તાએ ઉત્પન્ન કરેલા બધા જ અંશો તો એકબીજાના સબંધ પક્ષે બાંધવો જ કહેવાય. એટલે કે સગુણ સિદ્ધાંતમાં માનનારા ઈષ્ટ દેવી-દેવતાઓ તો અંશની સજાતિએ બંધુઓ છે જ્યારે નિર્ગુણ સિદ્ધાંતમાં ઈષ્ટ ગણાતું બ્રહ્મપદતો અકર્તા છે, જે કર્તૃત્વ શક્તિ વિનાનું હોવાથી તે બાપ બની શકે તેમ નથી. તો પછી એક નપુંસક નિયંતા અને એક બંધવ એમ બંને પૈકી કોની સાથે સબંધ બાંધશો? કારણકે બંને પૈકી કોઈ અંશ જેનો સજાતિ છે તેવા અંશના ઉત્પન્ન કરનાર અંશી કોઈ નથી.

**બંધવ સોઈ કરતકે કર્તા, અકરત બ્રહ્મ અમોહુ;**
**પણ આપણે સરજન નિજ સામ્રથ, જબત્યે નહીંન દોહુ. ૨૫**

### શબ્દાર્થ

**બંધવ** = ભાઈ **સોઈ** = તે **કરતકે** = રચના પૈકીના **કર્તા** = સર્જનહારની **અકરત** = અકર્તા **બ્રહ્મ** = બ્રહ્મ **અમોહુ** = આમોહ, મોહ વિનાનું, અનાસક્ત **પણ** = પરંતુ **આપણે** = આપણા **સરજન** = સર્જનહાર **નિજ** = આદિમૂળ **સામ્રથ** = સમર્થ **જબત્યે** = જેથી, જેમાંથી **નહીંન** = કોઈજ નથી **દોહુ** = બન્ને.

## અનુવાદ

**કર્તાની ઉત્પત્તિના બધા બાંધવો છે અને અકર્તા બ્રહ્મ અનાસક્ત છે. તેમાં આપણને ઉત્પન્ન કરનાર સમર્થ સર્જનહાર તે બંનેમાંથી કોઈજ નથી.**

## ભાવાર્થ

સર્જનહાર કેવલકર્તા દ્વારા ઉત્પન્ન કરેલા સામાન્ય વિશેષ અને પરમ વિશેષ અંશો બધા એકબીજાના બાંધવો (ભાઈઓ) જ કહેવાય. વળી અકર્તા બ્રહ્મ છે તે નપુંસક અને કોઈ પણ આસક્તિ વિનાનું છે. તે પિતા બની શકે તેમ નથી. એટલે આ બંને પૈકી આપણને ઉત્પન્ન કરનાર સર્જનહાર (સકર્તા પતિ) કોઈ જ નથી.

**એ ભવ તો ઈનકી મહી અટકે, દ્દ્રઢ પરતીત જમાઈ;**
**વંક નહીં ઈત જગ જીવનકે, આગલે ગયે ફનાઈ. ૨૬**

### શબ્દાર્થ

**એ ભવતો** = આ સંસારનો, આ જગતનો **ઈનકી મહી** = એમાંજ, એમની અંદરજ **અટકે** = અટકી ગયું છે **દ્દ્રઢ** = મક્કમ, સ્થિર, અતિશય, અડગ, અચલ, નિષ્ઠુર **પરતીત** = પ્રીતિ, આસ્થા, વિશ્વાસ **જમાઈ** = જમાવીને, રાખીને, સ્થિર કરીને **વંક** = વાંક, ગુનો, અપરાધ, દોષ **નહીં** = નહીં **ઈત** = આ **જગ જીવનકે** = જગતના જીવોનો **આગલે** = આગળના **ગયે** = ગયા **ફનાઈ** = ફના, પાયમાલ, પ્રપંચી જાળ.

## અનુવાદ

**આ સંસાર તો એમની અંદર જ દઢ પ્રતીતિ જમાવીને અટકી ગયો છે. આ જગતના જીવોનો તેમાં વાંક નથી. કારણકે આગળથી પ્રપંચી જાળ પાથરી (ફેલાવી) ગયેલા છે.**

## ભાવાર્થ

જગતના બધા જ સંસારી માનવોએ સગુણ અને નિર્ગુણની પરંપરા તથા પ્રણાલિકાને અપનાવી છે. તેની અંદર પ્રતીતિ લાવીને અટકી ગયા છે. પરંતુ તેમાં સંસારના જીવોનો દોષ નથી. કારણ કે, તેમને અટકાવી રાખનાર અગાઉ થઈ ગયેલા અજ્ઞાની અને અંધ આચાર્યો છે. તેમને પોતાને જ સર્જનહારના પરમપદની સાચી સમજ ન હતી. તેથી જેઓ કર્તા નથી તેવા બાદલા પદો ઊભા કરીને પોતાની પ્રપંચ

જાળ પાથરી છે. આ જાળમાં અજ્ઞાની અને અબુધ જીવો ફસાઈ ગયા છે.

**બચન પુરાને ફસે સબ ફોગટ, અનુભવ આંખ વિનાઈ;**
**સાચી કહત પરમગુરુ પરમીત, જીનું પરતીત ન પાઈ. ૨૭**

### શબ્દાર્થ

**બચન** = વાણી, ઉપદેશ, બોધ **પુરાને** = પુરાણ, જૂનો, આદિ **ફસે** = ફસાયા, ભરાઈ પડ્યા **સબ** = સર્વ **ફોગટ** = નકામા, વ્યર્થ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **આંખ** = ચક્ષુ **વિનાઈ** = વિના, સિવાય **સાચી કહત** = સાચુ કહે છે **પરમગુરુ** = પરમગુરુ **પરમીત** = પ્રમાણ બધ્ધ, પ્રમાણ આપીને, ન્યાયીક સિદ્ધાંતને દર્શાવીને **જીનું** = જેને, જેમાં **પરતીત** = પ્રતિતી, વિશ્વાસ **ન** = નહિં **પાઈ** = પ્રાપ્ત કર્યા, મેળવ્યો, રાખ્યો.

### અનુવાદ

**અનુભવની આંખ વિના જૂના ઉપદેશોમાં સૌ વ્યર્થ ફસાયા છે. દિવ્ય પરમગુરુ પ્રમાણ આપીને સાચું કહે છે, પરંતુ તેમાં કોઈ પ્રતીતિ રાખતા નથી.**

### ભાવાર્થ

સાચી સમજના અભાવે (દિવ્ય ચક્ષુ વિનાના) જગતના અજ્ઞાની જીવો અગાઉથી ચાલી આવેલી (પુરાણી પરંપરાગત) બોધાત્મક વાણીમાં વિશ્વાસ રાખીને નાહકના ફસાયા છે. પોતાના સ્વની સમજ અને પ્રત્યક્ષ જ્ઞાનના અવલોકનની દિવ્ય દૃષ્ટિ વિનાના અંધ જીવોને સાચી હકીકત અને પ્રમાણ સહિત ન્યાયપૂર્વક રજૂ કરેલો પરમગુરુનો સકર્તા સિદ્ધાંત હોવા છતાં પણ તેમાં વિશ્વાસ આવતો નથી.

**એહી પરકાર સકલ ભવ ભરમીત, કૃતવનકે પદ પાગી;**
**નિજ કરતાર લહે નહીં લંપટ, જેહી અજ્ઞાન અભાગી. ૨૮**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **સકલ** = સર્વ, તમામ **ભવ** = સંસાર, જગત **ભરમીત** = ભ્રમણામાં પડી, ભ્રમિત થઈને **કૃતવનકે** = રચના પૈકી **પદ** = પદોને **પાગી** = વળગી, પામી **નિજ કરતાર** = મૂળ સર્જનહાર, આદિ કર્તા **લહે નહીં** = જાણ્યા નહીં **લંપટ** = વિષયી, આસક્ત **જેહી** = જે **અજ્ઞાન** = અજ્ઞાન **અભાગી** = અભાગીયા, ભાગ્યહિન.

### અનુવાદ

**આ પ્રકારે રચના પૈકીના પદોમાં વળગી જઈ સમગ્ર સંસાર ભ્રમિત થયો છે. તેવા અજ્ઞાની, અભાગી અને લંપટ જીવોએ નિજ કરતારને જાણ્યા નથી.**

### ભાવાર્થ

આ પ્રમાણે સર્જનહારની રચના પૈકીના ત્રિગુણાત્મક દેવી-દેવતાઓનો સગુણ સિદ્ધાંત અને નિઃસત્વ બ્રહ્મનો નિર્ગુણ સિદ્ધાંત દર્શાવવામાં આવ્યા છે. આ બે સિદ્ધાંત પૈકીના વિધ-વિધ નાશવંત પદોમાં જ સંસારના બધા લોકો ભ્રમિત થઈને વળગી રહ્યા છે. આ કારણને લીધે જ અભાગી, લંપટ અને જ્ઞાનચક્ષુથી આંધળા તમામ જીવો જગતના સાચા સર્જનહાર નિજ કૈવલકર્તાને જાણી શક્યા નથી.

**તેહી અજ્ઞાન રખા ભવકે મહી, શાસ્ત્ર પુરાન પઠનકે;**
**અનુભવ નિષ્ટ કરીત મહાજનકે, થપીતવ વચન વડનકે. ૨૯**

#### શબ્દાર્થ

**તેહી** = તે **અજ્ઞાન** = જ્ઞાન વિનાના **રખા** = રાખ્યા, રખેવાડ રહેલા **ભવકે મહી** = સંસારમાં, જગતની અંદર **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાન** = પુરાણ **પઠનકે** = પઢાવીને, પઢીને **અનુભવ** = પ્રત્યજ્ઞ, જ્ઞાન **નિષ્ટ** = નિષ્ઠા **કરીત** = કરીને **મહાજનકે** = મોટાઓમાં **થપીતવ** = સ્થાપીત થયેલા **વચન** = વચનો, વાણી **વડનકે** = વડીલોના.

### અનુવાદ

**તેથી શાસ્ત્ર અને પુરાણ પઢાવીને ભવમાં (સૌને) અજ્ઞાની રાખ્યા છે. વડીલોના વચનોમાં વિશ્વાસ રાખીને પોતાના સ્વાનુભવે કથેલા મહાપુરુષોના વચનોને નષ્ટ કરે છે.**

### ભાવાર્થ

કહેવાતા પુરાણા ધર્મગ્રંથો જેવા કે ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણને જ પઢાવીને કર્તાપદના જ્ઞાનથી જગતના જીવોને રખેવાળ રૂપે રહેલા પુરુષોએ અજ્ઞાની રાખ્યા છે. જેથી આવા અજ્ઞાની જીવો પોતાના મનમાં ઘર કરી ગયેલી

માન્યતાઓને આધિન થઈ ગયા છે. આમ વડીલોના વચનોમાં વિશ્વાસ સ્થાપિત કરીને પોતાની વિભૂતિને વિરામ પમાડી છે. પરંતુ પોતાના સ્વાનુભવ અને કર્તાની આપેલી વિભૂતિ તથા કરુણાઓના પ્રતાપે કોઈ મહાપુરુષોના વચનોમાં પ્રીતિ ન ધરાવતાં તેને નષ્ટ કરી છે. અર્થાત્ તેવી વાણીને તેઓ ચિત્તમાં ધારણ કરતા નથી.

**વડપણ સોઈ જીનું વીતે કાલ બહુ, તીનકે શબ્દ સરાઈ;**
**જયૌતે ભેડ પુરાની વક્ત કયા, નવિન સીંઘ સમતાઈ. ૩૦**

### શબ્દાર્થ

**વડપણ** = મોટાઈ, મહાનતા **સોઈ** = તે **જીનું** = જેને **વીતે** = વિત્યા, પસાર થયા **કાલ** = કાળ **બહુ** = બહુ **તીનકે** = તેઓના **શબ્દ** = વચનો, બોધ, ઉપદેશ **સરાઈ** = સરાહના, વંદના **જ્યૌતે** = જેમકે **ભેડ** = ઘેટું **પુરાની** = જુનું **વક્ત** = બોલ **ક્યા** = ક્યા, શું **નવિન** = નવું, તાજુ **સીંઘ** = સિંહનું બચ્ચું **સમતાઈ** = સમાન, સામનો, સરખામણું.

### અનુવાદ

**જેણે લાંબો સમય વીતાવ્યો હોય તેને મોટા (વડીલ) કહેવાય છે. તેમના વચનોની સરાહના થાય છે, પરંતુ સિંહના નવા જન્મેલા બચ્ચાની વાણી મોટા ઘેટાં (ની વાણી) સાથે શી રીતે સરખામણી કરી શકે ?**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈની વધુ સ્પષ્ટતા અને જૂની-નવી (પ્રાચીન અર્વાચીન) વાણીની સરખામણીમાં વધારે શ્રેષ્ઠતા (ચઢિયાતાપણું) દર્શાવતા કહ્યું છે કે જેણે લાંબો (ઘણો) સમય વીતાવ્યો હોય તેવા લાંબા સમયગાળા સુધી (જૂના) હોય તેને વડીલો કહેવાય. તેમની વાણી તથા તેવા ધર્માચાર્યોના વચનોની સરાહના સંસારના જીવો કરે છે. પરંતુ સિંહનું તાજા જન્મેલા બચ્ચાની વાણીની તુલના કે સરખામણી ઉંમર લાયક ઘેટું કદી પણ કરી શકતું નથી. આ પ્રમાણે અજ્ઞાની પુરુષો જુના હોવા છતાં નવીન મહાન અનુભવી પુરુષોની સરખામણી કરી શકે તેમ નથી.

**ઓર વ્યાકરણ સુરકે શુદ્ધ કહી તમ, પ્રાકૃત કરીત અભાવું;**
**જ્ઞાન હીન ગંડુર ગતિ વિનકે, સમજત નહીં નિજ ન્યાવું. ૩૧**

### શબ્દાર્થ

**ઓર** = અને **વ્યાકરણ** = વ્યાકરણ, પદ અને પદાર્થની અશુદ્ધિને દૂર કરી, નિયમન દ્વારા ભાષાને શુદ્ધ કરી શબ્દોને સ્પષ્ટિકરણ કરતું, વિદ્વતા સભર બંધારણીય લખાણ માટેનું શાસ્ત્ર **સુરકે** = દેવાને **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **કહી** = કહીને **તમ** = તમોને **પ્રાકૃત** = રોજબરોજના વ્યવહારમાં બોલાતી અપભ્રષ્ટ, અપભ્રંશ, પ્રાચીન લોકભાષા **કરીત** = કરીને **અભાવું** = અભાવ અણગમો, અરુચિ **જ્ઞાન હીન** = જ્ઞાન વગરના, સમજ વિનાના **ગંડુર** = ગાંડા **ગતિ વિનકે** = ગતિ વિનાના, સમજ સિવાયના **સમજત** = સમજતા **નહીં** = નથી **નિજ ન્યાવું** = મૂળ ન્યાયને, ન્યાયિક્તાને.

## અનુવાદ

**અને વ્યાકરણયુક્ત દેવ વાણીને શુદ્ધ કહી તમે પ્રાકૃત પ્રત્યે અભાવ ધારણ કરો છો, પરંતુ હે જ્ઞાન વિનાના ગાંડા અને સમજણ વિનાના જીવો ! તમને સાચા ન્યાયની સમજ જ નથી.**

## ભાવાર્થ

જૂનું એજ સાચું એવી માન્યતા જીવોના હૃદયમાં પ્રસ્થાપિત થઈ ગઈ છે. તેથી વેદની જૂની-પુરાણી વ્યાકરણ યુક્ત દેવવાણીને શુદ્ધ વાણીનો દરજ્જો આપીને જીવો પ્રાકૃત ભાષા પ્રત્યે અભાવ ધારણ કરે છે. આમ જડ અને જ્ઞાન વગરના ગાંડા અને સમજણ સિવાયના માનવોને ન્યાયપૂર્ણ દર્શાવેલ વસ્તુતાની સાચી સમજ નહીં હોવાથી આવી ગેરસમજ થવા પામી છે.

**પ્રાકૃત વ્રણીતવ કિયે પારસકે, વ્યાકરણ વ્રણીત કનકહી;**
**અરથ વિચાર કરીત દોહુનકે, અધિ કમ કુન જન કહી. ૩૨**

### શબ્દાર્થ

**પ્રાકૃત** = પ્રાકૃતમાં **વ્રણીતવ** = વર્ણન **કિયે** = કર્યું હોય **પારસકે** = પારસમણિનું **વ્યાકરણ** = વ્યાકણવાળી દેવભાષામાં **વ્રણીત** = વર્ણન **કનકહી** = સોનાનું **અરથ** = કિંમતી મૂલ્ય **વિચાર** = વિચાર **કરીત** = કરતાં **દોહુનકે** = બન્નેનો **અધિ** = અધિક, દિર્ઘ **કમ** = ઓછું, લઘું **કુન** = કોને **જન** = માનવી **કહી** = કહે, કહેશે.

## અનુવાદ

**પ્રાકૃતમાં પારસનું વર્ણન કર્યું હોય અને વ્યાકરણમાં સોનાનું વર્ણન કર્યુ હોય, પરંતુ બંનેના મૂલ્યનો વિચાર કરતાં માનવી અધિક નૂન્ય કોને કહેશે ?**

## ભાવાર્થ

વાણી અંગે અહીં દૃષ્ટાંત આપ્યું છે કે જો લોકભોગ્ય બનેલી પ્રાકૃત ભાષામાં અધિક મૂલ્યવાન એવા પારસમણિનું વર્ણન કરવામાં આવ્યું હોય અને દેવવાણી ગણાતી વ્યાકરણયુક્ત ભાષામાં સોનાનું વર્ણન કરવામાં આવ્યું હોય તો મૂલ્યની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો માનવી પારસ અને સોના પૈકી કોની મૂલ્યવાન ધાતુ તરીકે ગણત્રી કરશે?

**તદપી તાય પ્રાકૃત વ્યાકરણહી, અધિક નૂન્ય કુન કેહુ;**
**પણ જીનું અરથ સરસ પદ પરમીત, તેહી ગણીત કરી લેહુ. ૩૩**

### શબ્દાર્થ

**તદપી** = તેમ છતાં **તાય** = તે **પ્રાકૃત** = પ્રાકૃત **વ્યાકરણ હી** = વ્યાકરણમાં **અધિક** = વધારે, વિશેષ **નૂન્ય** = ઓછું, અલ્પ **કુન** = કોને **કેહુ** = કહેવાય કહેવું **પણ** = પરંતુ **જીનું** = જેના **અરથ** = કિંમત, મૂલ્ય **સરસ** = ઉત્તમ **પદ** = સ્થાન **પરમીત** = પ્રમાણયુક્ત, પ્રમાણીત હોય તેવું **તેહી** = તે **ગણીત** = ગણતરી **કરી** = કરીને **લેહુ** = લેવું જોઈએ, નક્કી કરવું જોઈએ.

## અનુવાદ

**તેમ છતાં તે પ્રાકૃત અને વ્યાકરણમાં અધિક ન્યૂન કોને કહેવાય ? તેનું પ્રમાણયુક્ત ઉત્તમતા (શ્રેષ્ઠતા) તેની કિંમતની ગણતરી કરીને લેવી જોઈએ.**

## ભાવાર્થ

લોકભોગ્ય બનેલી પ્રાકૃત ભાષામાં વર્ણન કરેલ અને વ્યાકરણયુક્ત દેવ ભાષામાં વર્ણન કરેલ વસ્તુ માટે અધિક નૂન્ય કોને કહેવાય ? જ્યારે મૂલ્યનો દૃષ્ટિકોણ રાખીને પ્રમાણિત કરેલ દ્રવ્યની શ્રેષ્ઠતા (ઉત્તમતા)નું મૂલ્યાંકન કરીએ તો જ તે સાચું મૂલ્યાંકન કહેવાય. પરંતુ જો ભાષાની દૃષ્ટિએ તેને મૂલવવામાં આવે તો તે ખોટું ઠરે છે.

**વ્યાકરણ સો વદીતવ વિદવનકે, જીનું પ્રતિવાદ કરનકું;**
**દેશ દેશ કે વિવિધ ભાષ કૃત, તીનકી સુજ પરનકું. ૩૪**

### શબ્દાર્થ

**વ્યાકરણ સો** = વ્યાકરણતો **વદીતવ** = બોલવામાં આવે **વિદવનકે** = વિદ્વતા માટે **જીનું** = જેમને **પ્રતિવાદ** = ખંડન, સામોવાદ, વિરૂધ્ધવાદ, બચાવ, વિરોધાત્મક, ખંડન **કરનકું** = કરવા માટે **દેશ દેશ કે** = પ્રત્યેક દેશની **વિવિધ ભાષ** = અલગ ભાષા **કૃત** = રચના **તીનકી** = તેની **સુજ** = સમજ **પરનકું** = પાડવા માટે.

### અનુવાદ

**વ્યાકરણ તો વિદ્વતાપૂર્વક વાદવિવાદ કરવા માટે જ બોલવામાં આવે છે. પરંતુ દેશ-દેશની વિવિધ ભાષાની સમજ પાડવા (આપવા) માટે વ્યાકરણની રચના કરેલી છે.**

### ભાવાર્થ

વ્યાકરણયુક્ત ભાષા તો ખાસ કરીને વિદ્વતાપૂર્વક કોઈ અન્ય વિદ્વાન સાથે નિષેધાત્મક ખંડન કરવા માટે જ બોલવામાં આવતી હોય છે. જેમાં માત્ર ભાષાકીય વાદ-વિવાદને મહત્ત્વ અપાતું હોય છે. વળી દેશ-વિદેશની જુદી જુદી ભાષાની રચના કરવામાં આવી છે. તે તો તે દેશના રહીશોને રોજ-બરોજના વ્યવહારમાં લેવડ-દેવડથી માંડીને સામાજિક જીવન વ્યવહારની સમજ આપવા માટે રચાયેલી છે.

**પણ આતો નિજવ્રત પ્રાકૃતકી, શુધ્ધિ સમજ સબેહુ;**
**અનુભવ અર્થ વિલોકી પાય પદ, વ્યાકરણ કામ ન કેહું. ૩૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **આતો** = આતો **નિજ** = મૂળ, આદિ પોતાના **વ્રત** = નિયમપૂર્વકના આચરણ વાળુ પૂણ્ય કમ, અમુક ધાર્મિક કર્મ કે ક્રિયા કરવી કે નકરવી તેનો નિશ્ચય, પ્રતિજ્ઞા **પ્રાકૃતકી** = પ્રાકતની **શુધ્ધિ** = શુદ્ધતા, ચોખ્ખાઈ નિર્મળતા **સમજ** = સમજ **સબેહુ** = સર્વને **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અર્થ** = અર્થ, મતલબ **વિલોકી** = અવલોકન કરીને, બારીકાઈથી, નિહાળીને **પાય** = પ્રાપ્ત કરવું **પદ** = પરમપદ, સ્થાન, દરજ્જો **વ્યાકરણ** = વ્યાકરણ **કામ ન કહુે** = કોઈ કામ આવતી નથી, કાંઈ કામ નથી.

### અનુવાદ

**પરંતુ પ્રાકૃત ભાષાથી બધાને (સૌને) શુદ્ધ સમજ પડે છે. વળી અનુભવની વાણીના અર્થનું અવલોકન કરીને પરમપદ પ્રાપ્ત કરવામાં વ્યાકરણનું કોઈ જ કામ નથી.**

### ભાવાર્થ

સંસારમાં નિયમપૂર્વકની ધાર્મિક ક્રિયા કરવી કે ન કરવી તેનો નિશ્ચય કરવા માટે પ્રાકૃત ભાષા થકી જ દરેકને શુદ્ધ સમજ પડતી હોય છે. વળી જો કોઈ અનુભવી પુરુષે સમજાવેલી વ્યવહારુ પ્રાકૃત વાણીથી પરમપદની સમજ પ્રાપ્ત થાય, પરંતુ વ્યાકરણયુક્ત (સંસ્કૃત) ભાષા કામ આવતી નથી.

**વ્યાકરણ પઢ પઢ મુવે સકલકો, વિપ્ર વેદ કુલ ધરમે;**
**બીન સતગુરુ જબતે અબલગ લ્યૌ, કુટુંબ સહિત ભવભરમે. ૩૬**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = વ્યાકરણ **પઢ પઢ** = પઢી પઢી, વાંચી વાંચી, ભણી ભણી **મુવે** = મૃત્યુને વર્યા, મર્યા **સકલકો** = સર્વ, તમામ **વિપ્ર** = બ્રાહ્મણ **વેદ** = ચારવેદ **કુલ** = વંશ, કુળ **ધરમે** = આચરણે, સદાચરણે, કર્તવ્યે **બીન** = સિવાય, વિના **સતગુરુ** = સદ્‌ગુરુ **જબતે** = જ્યારથી **અબલગ લ્યૌ** = અત્યાર સુધી **કુટુંબ સહિત** = સહકુટુંબ **ભવ ભરમે** = સમગ્ર સંસારમાં, જગત ભરમાં.

### અનુવાદ

**સદ્‌ગુરુને પ્રાપ્ત કર્યા સિવાય પ્રારંભથી અત્યાર સુધી બ્રાહ્મણ કુળના કર્તવ્ય મુજબ વ્યાકરણયુક્ત ભાષાવાળા વેદ ભણી-ભણીને જગતભરમાં કુંટુંબ સહિત બધા જ ચાલ્યા ગયા.**

### ભાવાર્થ

સદ્‌ગુરુનો લક્ષ પ્રાપ્ત કર્યા વિના જગતભરમાં પ્રારંભથી તે અત્યાર સુધીના બ્રાહ્મણ કુળમાં જન્મેલા બધા પોતાના કર્તવ્ય મુજબના આચરણને વળગી રહ્યા છે. તેઓ માત્ર વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષામાં લખાયેલા ચાર વેદને ભણી ભણીને પંડિત

બન્યા. આ પ્રમાણે કુંટુંબ સહિત બધા મૃત્યુને વશ થઈ ગયા, પરંતુ તેઓ પૈકી કોઈ મુક્તિ પામ્યા નથી.

**તબ જેહી તેહી પરકાર જીવનકે, કાજ કરનસે કામુ;**
**કયા ભાષા ગીરવાણ કથનમે, જાંહા પ્રભુ પાય વિરામુ. ૩૭**

### શબ્દાર્થ

**તબ** = તેથી **જેહી તેહી** = જે રીતે બને તે રીતે, જે તે **પરકાર** = પ્રકારે **જીવનકે** = જીવનનો, જીવોને **કાજ** = કામ **કરનસે** = કરવા માટે **કામુ** = કામ છે **કયા** = શું **ભાષા** = ભાષા **ગીરવાણ** = સંસ્કૃત **કથનમે** = બોલવામાં **જાંહા** = જ્યાં **પ્રભુ** = પરમાત્મા **પાય** = પ્રાપ્ત કરે **વિરામુ** = આરામ, મુક્તિ, વિરામ.

### અનુવાદ

**તેટલા માટે જે તે પ્રકારે જીવોને તો પોતાના કલ્યાણ કરવા સાથે (મતલબ) કામ છે, કે જે થકી પ્રભુ પ્રાપ્ત થાય અને મુક્તિ મળે, તો પછી સંસ્કૃત ભાષાના કથન (વાણી)થી શું પ્રયોજન ? (શા કામનું ?)**

### ભાવાર્થ

સંસારમાં જીવોને તો યેન કેન પ્રકારે પોતાના આત્માનું કલ્યાણ કરવા સાથે જ મતલબ હોય છે. તો પછી પ્રભુપદ રૂપ પરમપદ પ્રાપ્ત કરવા માટે ભાષા જ મહત્વની નથી. જો સરળ વ્યાવહારિક પ્રાકૃત ભાષાથી કામ ચાલતુ હોય તો પછી તેમના માટે વ્યાકરણ રૂપ સંસ્કૃત ભાષાનું કથન શા કામનું ?

**જબ કયા રહી ગીરવાણ ભાષકી, અદકે એક ગમાંની;**
**સત્‌ગુરુ મિલે પરમપદ પાવત, ઉભયે વાણ અમાંની. ૩૮**

### શબ્દાર્થ

**જબ** = જેથી, જયારે, તો પછી **કયા રહી** = શું રહી **ગીરવાણ ભાષકી** = સંસ્કૃત ભાષાની **અદકે** = મહત્તા, વિશેષતા **એક** = એક **ગમાંની** = ગમતી, પસંદગીની **સત્‌ગુરુ** = સત્‌ગુરુ **મિલે** = મળે **પરમપદ** = પરમપદ, શ્રેષ્ઠધામ **પાવત** = પ્રાપ્ત થાય **ઉભયે** = બન્નેવ **વાણ** = વાણી, ભાષા **અમાંની** = અમાનીતી, નાપસંદ, માન વગરની, નિરર્થક.

## અનુવાદ

**તો પછી પસંદગીમાં એક માત્ર સંસ્કૃત ભાષાની મહત્તા ક્યાં રહી ? સદ્‌ગુરુ મળે અને પરમપદ પ્રાપ્ત થાય ત્યારે બંને વાણી નિરર્થક છે.**

## ભાવાર્થ

તો પછી પસંદગીમાં એક માત્ર સંસ્કૃત ભાષાની મહત્તા ક્યાં રહી ? સદ્‌ભાગ્યે જો આપણને સદ્‌ગુરુ મળી જાય અને પરમપદ પ્રાપ્ત થઈ જાય તે જ મહત્ત્વનું છે. ભલે પછી વાણી ગમે તે હોય. અર્થાત્ ભાષા (વાણી) પ્રાકૃત હોય કે સંસ્કૃત, પછી ભાષાનું મહત્ત્વ રહેતું નથી. જીવો માટે તો આત્મકલ્યાણ મહત્ત્વનું છે.

**અબ કોઈ ધરો માન મત જીનકે, વ્યાકરણ કે વેતુ;**
**કયા મનુષ કયા દેવન ઉચરન, પ્રભુ તો પ્રેમ સહેતુ. ૩૯**

### શબ્દાર્થ

**અબ** = હવે **કોઈ** = કોઈ **ધરો** = ધારણ કરો **માન** = માન, મોભો, પ્રતિભા **મત** = નહિં **જીનકે** = જેના અંગે, જેનું **વ્યાકરણ કે વેતુ** = વ્યાકરણના જાણનારા **કયા** = શું **મનુષ** = મનુષ્ય **કયા** = શું **દેવન** = દેવ **ઉચરન** = બોલે, ઉચ્ચાર કરે **પ્રભુ તો** = સર્જનહારતો, પરમેશ્વરતો **પ્રેમ સહેતુ** = પ્રેમ સહિત પ્રાપ્ત થાય છે, પ્રેમ અને હેત જુવે છે.

## અનુવાદ

**હવે હે વ્યાકરણના જાણનારા ! તમે તેનું અભિમાન ધારણ કરશો નહીં. કારણકે મનુષ્યની ભાષા કે દેવવાણી બોલવામાં આવે, પરંતુ પ્રભુ તો પ્રેમ અને હેતને જુએ છે.**

## ભાવાર્થ

કોઈ વ્યાકરણ જાણનારા પંડિતો કે વિદ્વાનોએ ભાષાનું અભિમાન ધારણ કરવું જોઈએ નહીં. કારણ કે મનુષ્ય પોતાની કાલી-ઘેલી ભાષામાં ભક્તિ કે કીર્તન કરે કે પછી દેવો પોતાની દેવવાણી રૂપ સંસ્કૃતમાં ભક્તિ કે પ્રાર્થના કરે, પરંતુ પ્રભુ તો મનમાં ભક્તિ સાથે જોડાયેલા પ્રેમ અને તેમને મળવાની આરતના ભાવને નિહાળીને ભક્ત ઉપર પ્રસન્ન થાય છે.

**જ્યૌ માતનકુ બાલ બરાબર, દીરઘ લઘુ સમ સોઈ;**
**દોહુનકે ઉચરન શ્રવણીત હીત, અધિક નુન્ય નહીં કોઈ. ૪૦**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમકે **માતનકુ** = માતાને **બાલ** = બાળકો, સંતાન **બરાબર** = બધા જ એક સરખા **દીરઘ** = મોટા **લઘુ** = નાના **સમ સોઈ** = સર્વ એક સમાન **દોહુનકે** = બન્નેના **ઉચરન** = બોલી, વાણી **શ્રવણીત** = સાંભળીને **હીત** = પ્રેમ **અધિક** = વધારે **નુન્ય** = ઓછો **નહીં** = નહીં **કોઈ** = કોઈના ઉપર.

### અનુવાદ

**જેમ કે માતાને નાના-મોટા સંતાનો બરાબર એક સમાન છે. બંનેનું બોલેલું સાંભળીને વધારે કે ઓછો પ્રેમ રાખતી નથી.**

### ભાવાર્થ

જેમકે માતા પોતાના બાળકો નાનાં હોય કે મોટાં પરંતુ બધા જ બાળકો સાથે એક સરખો જ વ્યવહાર કે પ્રેમ રાખે છે. તેને માટે બધા બાળકો સરખા હોય છે. મોટા બાળકો સ્પષ્ટ ઉચ્ચાર કરીને રજૂઆત કરે, જ્યારે નાનાં બાળકો સંપૂર્ણ રીતે બોલતાં શીખ્યા ન હોય, છતાં તેઓ તેમની કાલી-ઘેલી ભાષામાં માતાને ઘણું બધું કહી દેતા હોય છે. તેમ છતાં માતા બાળકના હાવ-ભાવ પરથી બંનેની વાણીને સારી રીતે સમજે છે. તે (માતા) નાનાં કે મોટા બાળકો પ્રત્યે વધારે કે ઓછો પ્રેમ કદી પણ રાખતી નથી આ પ્રમાણે માતા (નાના-મોટા) બંનેની જરૂરીયાતને હેત-પ્રેમથી સંતોષ આપીને (બંનેને) સરખા ખુશ રાખે છે.

**ત્યૌ ગીરવાણ ઉચ્ચાર દીરઘ સુત, લઘુ વચન પ્રાકૃતહી;**
**નિજ કર્તા તો હેતુ લહત એક, ગણીત ન ગીરા આકતહી. ૪૧**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેમ, તેવીજ રીતે **ગીરવાણ** = સંસ્કૃતભાષા **ઉચ્ચાર** = ઉચ્ચારણ કરે, બોલે, વદે **દીરઘ સુત** = મોટા પુત્રો, મહાન દેવો **લઘુ** = નાના **વચન** = બોલે **પ્રાકૃતહી** = પ્રાકૃત ભાષા **નિજ કર્તા** = મૂળ સર્જનહાર, આદ્યકર્તા **તો** = તો **હેતુ લહત એક** = એકમાત્ર ઉદ્દેશ, આશયને જાણે છે **ગણીત** = ગણત્રી **ન** = ન **ગીરા** = વાણી, ભાષા **આકતહી** = આકર્ષણ, ખેંચાણવાળી, મોહક.

## અનુવાદ

**તેવી જ રીતે મોટા પુત્રો સંસ્કૃત બોલે અને નાના પ્રાકૃત બોલે, તેમ છતાં નિજકર્તા તો હેતુ (આશય) ને ગ્રહણ કરે છે. (તેઓ) વાણીને ગણત્રીમાં લઈને આકર્ષાતા નથી.**

## ભાવાર્થ

તેવી જ રીતે મોટા પુત્રો સમાન દેવી-દેવતાઓ વ્યાકરણયુક્ત સંસ્કૃત (દેવવાણી) બોલે છે, જ્યારે સામાન્ય માનવ પોત-પોતાની વ્યાવહારિક પ્રાકૃત વાણી બોલે છે. આ પ્રમાણે તેઓ સૌ સર્જનહારની પ્રાર્થના, સ્તુતિ કે ઉપાસના દ્વારા ભક્તિ કરે છે. પરંતુ નિજકર્તા તો વાણી (બોલી)ને ધ્યાનમાં લઈને પ્રસન્ન (ખુશ) થતા નથી. તેઓ તો ભક્તોના નિર્મળ ભાવને નિહાળીને તથા હૃદયપૂર્વકની ભક્તિ ગ્રહણ કરીને જ પ્રસન્ન થાય છે.

**તબ સરજન એક સાચકે સંગી, અંતરભાવ સહેતા;**
**ઓર સકલ સબ સુષક જ્ઞાનીકે, કરત ન હેત હમેતા. ૪૨**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે, તેટલા માટેજ **સરજન** = સર્જનહાર **એક** = એક માત્ર **સાચકે** = સાચા માટે, સત્યના **સંગી** = સાથી, સબંધી **અંતરભાવ** = હૃદયનો ભાવ **સહેતા** = પ્રેમ સહિત, સપ્રેમ **ઓર** = બીજા **સકલ** = બધા **સબ** = સર્વ **સુષક** = શુષ્ક, નીરસ **જ્ઞાનીકે** = જ્ઞાનીઓને **કરત ન હેત** = હેત કરતા નથી **હમેતા** = હંમેશા, હંમેશને માટે.

## અનુવાદ

**તેટલા માટે એકમાત્ર પ્રેમ સહિત અંતરના ભાવવાળા સાથે જ સર્જનહાર સબંધ રાખે છે. બીજા બધા ભાવ રહીતના ફોગટ જ્ઞાનીજનોને કદી પણ હેત કરતા નથી.**

## ભાવાર્થ

તેટલા માટે સર્જનહાર એકમાત્ર પ્રેમપૂર્વક હૃદયનો ભાવ ધારણ કરીને પ્રાર્થના કરનાર ભક્તો સાથે સબંધ રાખીને તેમના ઉપર પ્રસન્ન થાય છે. ભાવ વગરના બીજા

કોઈ વ્યર્થ દેખાવ પુરતા જ્ઞાનનો ઢોંગ કરનારા અને ભક્તિનો ફોગટ ડોળ કરનાર ઢોંગીઓ ઉપર કદી પણ હેત ધારણ કરતા નથી.

**તબતે સાચ પ્રેમ પ્રભુ પરત્યે, રખો નિરંતર નેહુ;**
**તો રાજી કરતાર પુરંજન, જીનમે નહિં સંદેહુ. ૪૩**

### શબ્દાર્થ

**તબતે** = તેથીજ **સાચ** = સાચો, નિર્મળ, શુદ્ધ **પ્રેમ** = પ્રેમ **પ્રભુ પરત્યે** = પ્રભુ પ્રત્યે **રખો** = રાખો **નિરંતર** = હંમેશને માટે, અંતર ન પડે તેવો, અતુટ **નેહુ** = સ્નેહ, પ્રેમ **તો** = તો **રાજી** = ખુશ, પ્રસન્ન **કરતાર** = કર્તા, સર્જનહાર **પુરંજન** = માયાથી પર રહેલા **જીનમે** = જેમાં **નહિં** = નથી **સંદેહુ** = શંકા, સંશય.

### અનુવાદ

**તેથી પ્રભુ સાથે નિરંતર સાચો સ્નેહ રાખો ત્યારે જ માયાથી પર રહેલા સર્જનહાર પ્રસન્ન રહેશે જેમાં શંકા નથી.**

### ભાવાર્થ

આપણે સકર્તા સર્જનહાર, કેવલકર્તા પ્રત્યે નિરંતર સાચો સ્નેહ ધારણ કરીને રહેવું જોઈએ. તેમની શુદ્ધ અંશ ભાવે ભક્તિ કરવી જોઈએ ત્યારે જ માયાથી પર ( ભિન્ન) રહેલા સર્જનહાર આપણા ઉપર સદાને માટે પ્રસન્ન રહેશે તેમાં લેશમાત્ર પણ શંકા રાખવાની જરૂર નથી.

# વ્યાકરણ ભાષા અને પ્રાકૃત ભાષાકો
# અંગ ૯

**સકલ દેશકી સમજ સરાવન, વ્યાકરણ કરીત વિલોકુ;**
**નહીંતર તો પ્રાકૃતસે પતીતવ, જેહી જાંહાં કે વાંહાં વોંકુ. ૧**

### શબ્દાર્થ

**સકલ** = સમગ્ર **દેશકી** = દેશની **સમજ** = જાણ, માહિતી **સરાવન** = સમજવી, મેળવવી, પ્રાપ્ત કરવી **વ્યાકરણ** = વ્યાકરણનું **કરીત** = કરીને **વિલોકુ** = અવલોકન, બારીકાઈથી, નિરિક્ષણ **નહીંતર તો** = નહિં તરતો **પ્રાકૃતસે** = પ્રાકૃતથી **પતીતવ** = પતાવવું પડે, ચલાવવું પડે **જેહી** = જે **જાંહાં** = જ્યાં **કે** = કે **વાંહાં** = ત્યાં **વોંકુ** = પ્રતીતિ, વિશ્વાસ, સ્વીકારવુ.

### અનુવાદ

**સમગ્ર દેશની સમજ પ્રાપ્ત કરવા માટે વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે. નહીંતર તો જ્યાં જે છે ત્યાં તે રીતની ભાષા સ્વીકારીને પ્રાકૃત પર વિશ્વાસ રાખે છે.**

### ભાવાર્થ

સમગ્ર દેશની વિવિધતાભરી ભાષા જો સમજવી હોય તો ભાષાના વ્યાકરણને ધ્યાનપૂર્વક તપાસવું પડે, ત્યારે જ જે તે ભાષાની સમજ પડે. નહીં તો જ્યાં જે ભાષા વપરાતી હોય તેવી ત્યાંની ભાષાને સ્વીકારીને પ્રાકૃત ભાષાથી જ વ્યવહાર (કામ-કાજ) ચલાવવો પડે છે. તે તે પ્રદેશની પ્રાકૃત ભાષામાં વિશ્વાસ રાખીને વ્યવહાર કરવો પડે છે.

**પણ નિજ કર્તા કલિતન કોઉ કિનું, વ્યાકરણ ઓરુ પ્રાકૃતહી;**
**પરમગુરુ બિન પરમ પુનિત પદ, પાવત નહિં કોઉ કતહી. ૨**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નિજ કર્તા** = મૂળ સર્જનહાર, આદિકર્તાને **કલિતન** = જાણવા માટે, સમજવા માટે **કોઉ** = કોણ, કાંઈ **કિનું** = કોઈ **વ્યાકરણ** = વ્યાકરણ **ઓરુ** = અને **પ્રાકૃતહી** = પ્રાકૃત **પરમગુરુ** = પરમગુરુ

**બિન** = વિના, સિવાય **પરમ પુનિત પદ** = પવિત્ર પરમપદ **પાવત** = પ્રાપ્ત કરી શકાય **નહિં** = નહિં **કોઉ** = કોના, કોઈ **કૃતહી** = રચનાથી, ઉત્પત્તિથી.

## અનુવાદ

**પરંતુ વ્યાકરણ કે પ્રાકૃતથી ક્યાંય કોઈ નિજકર્તાને જાણી શક્યું નથી. દિવ્ય પરમગુરુ વિના સૃષ્ટિની રચનાને જાણી શકાય પરંતુ પવિત્ર પરમપદ પ્રાપ્ત કરી શકાય નહીં.**

## ભાવાર્થ

વ્યાકરણયુક્ત ભાષા કે પ્રાકૃત ભાષાથી અત્યાર સુધી ક્યાંય પણ કોઈ પરમપવિત્ર એવા કૈવલકર્તાના પદને જાણી શકાતું નથી. વળી માત્ર ભાષા થકી જાણી ન શકાય. તેવી જ રીતે પરમગુરુ સિવાય અકર્તા પદ કે સગુણ પદને જાણી શકાય પણ સર્જનહારનું પરમપદ પ્રાપ્ત કરી શકાય નહીં.

**તેહી માટે ગુરુ પરમ સકલ શિર, પરમ મોક્ષ કે દાતા;**
**ઓર સકલ ઈતકે ઈત ગત્યકી, કરન કૃત વિક્ષાતા. ૩**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે **ગુરુ પરમ** = પરમગુરુ **સકલ શિર** = સર્વના શિર ઉપર, સર્વોપરિ, સર્વના મુખિયા **પરમ મોક્ષ કે** = પરમ મોક્ષના **દાતા** = દેનારા, દાન કરનારા **ઓર** = અન્ય **સકલ** = સર્વ, તમામ **ઈતકે ઈત** = અહીંના અહીંની, મૃત્યુલોકની **ગત્યકી** = ગતિની, સમજની **કરન** = કરે છે **કૃત** = રચનાની **વિક્ષાતા** = વિખ્યાત, પ્રસિદ્ધ, જાહેર.

## અનુવાદ

**તે માટે દિવ્ય પરમગુરુ સૌના શિર પર હોઈ તેઓ પરમમોક્ષના દાતા છે, જ્યારે બીજા બધા અહીંના મૃત્યુલોકની જ સમજથી રચનાની પ્રસિદ્ધિ કરે છે.**

## ભાવાર્થ

તે માટે સમગ્ર બ્રહ્માંડમાં રહેલા સર્વ અંશોમાં શ્રેષ્ઠ એવા દિવ્ય પરમગુરુ છે. શરણે આવેલા અંશોને તેઓ પરમપદનું દાન બક્ષે છે. જ્યારે બાકીના બધા તો

સર્જનહારની રચના પૈકીના મૃત્યુલોક અને દેવલોકની જ સમજણ આપે છે અને બધી રચના પૈકીની જ માહિતી પ્રસિદ્ધ કરી શકે છે.

**સો ન લહત કરતાર પુરંજન, અકરત કરત થપનકે;**
**કયા વ્યાકરણ કયા ગિરાગ્રંથહી, ચવહીત ભાવાર્થનકે. ૪**

### શબ્દાર્થ

**સો** = તેઓ **ન** = નહીં **લહત** = જાણતા **કરતાર** = કર્તા, સર્જનહાર **પુરંજન** = માયાથી તિત, પુરાણ **અકરત** = અકર્તા બ્રહ્મ **કરત** = ક્તવી દેવી દેવતાઓ **થપનકે** = સ્થાપના કરીને **કયા** = શું **વ્યાકરણ** = વ્યાકરણ **કયા** = શું **ગિરાગ્રંથહી** = સંસ્કૃતગ્રંથોની **ચવહીત** = રચવાનો **ભાવાર્થનકે** = આશય, ભાવાર્થ.

### અનુવાદ

**તેઓ માયાથી પર રહેલા સર્જનહારને જાણતા નથી તેથી અકર્તા (બ્રહ્મ) અને ક્તવી પદની સ્થાપના કરી છે તો પછી વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષા દ્વારા ગ્રંથોની રચના કરવાનો ભાવાર્થ શો હશે ?**

### ભાવાર્થ

તેઓ માયાથી પર રહેલા સકર્તાપતિ સર્જનહારને જાણતા નથી. તેના કારણે જ તેમણે અકર્તા બ્રહ્મપદનું અને ક્તવી દેવી-દેવતાઓનું સ્થાપન કર્યુ છે, તો પછી જગતમાં વ્યાકરણની રચના કે સંસ્કૃત ભાષામાં ગ્રંથોની રચના કરવા પાછળનો માત્ર વિદ્વતા દેખાડવા સિવાય અન્ય મતલબ શું હોઈ શકે ?

**બેર બેર ઉલટાઈ કહત જે, ગુરુ પરમ પરતાપુ;**
**શાસ્ત્ર પુરાન વારુ તિનકે શિર, નિજગુરુ બિન જેહી જાપુ. ૫**

### શબ્દાર્થ

**બેર બેર** = વારંવાર **ઉલટાઈ** = ઉલટાવીને, ફરી ફરીને કહેવું **કહત** = કહ્યું **જે** = જે **ગુરુ પરમ** = પરમગુરુ **પરતાપુ** = પ્રતાપ, સામર્થતા **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાન** = પુરાણ **વારુ** = વારીધરવું, ના ઉપર કુરબાન કરવું **તિનકે** = તેમના **શિર** = માથે **નિજગુરુ** = મૂળગુરુ **બિન** = વિના, સિવાય **જેહી** = જે **જાપુ** = જાપ.

### અનુવાદ

**પરમગુરુના સામર્થ્ય વિષે વારંવાર ફરી ફરીને કહ્યું છે, કે શાસ્ત્ર અને પુરાણમાં નિજ ગુરુએ દર્શાવેલ જાપ ન હોવાથી તેને સમર્થ ગુરુના શિર પર વારી ધરવા જોઈએ.**

### ભાવાર્થ

આ અગાઉ પરમગુરુના સામર્થ્ય વિષે વારંવાર આપણને સમજ આપવામાં આવી છે. એવા સમર્થ ગુરુના શિર પર જે શાસ્ત્ર અને પુરાણ છે તે વારી ધરવા જોઈએ કારણકે તેવા ધર્મગ્રંથોમાં નિજગુરુએ દર્શાવેલ સર્જનહારને પ્રાપ્ત કરવા માટેના જાપનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અર્થાત્ તેવા શાસ્ત્ર-પુરાણને પોતે ન સ્વીકારતા તેને ગુરુના શરણમાં સમર્પિત કરીને ત્યાગ કરવા જોઈએ.

**જીનત્યે મીલે સકર્તા સર્જન, તીન ત્યે કુન અધિકહી;**
**જીવકુ બોધ રખે ઈતકે ઈત, તીનકે શિર ધિક્ ધિકહી. ૬**

#### શબ્દાર્થ

**જીનત્યે** = જેના થકી, જેના દ્વારા **મીલે** = મળે **સકર્તા સર્જન** = સકર્તાપતિ, સર્જનહાર **તીન ત્યે** = તેમનાથી **કુન** = કોણ **અધિકહી** = વિશેષ, મહાન, સમર્થ, મોટા **જીવકુ** = જીવોને **બોધ** = આદેશ, ઉપદેશ **રખે** = રાખે **ઈતકે ઈત** = અહીંના અહીંજ **તીનકે** = તેમના **શિર** = માથું, ઉપર **ધિક્ ધિકહી** = ધિક્કાર છે.

### અનુવાદ

**જેમનાથી સકર્તાપતિ સર્જનહાર મળે તેમનાથી અધિક શ્રેષ્ઠ શું હોઈ શકે ? વળી જેમના બોધથી જીવો અહીંના અહીં જ રહે છે તેવા ગુરુઓને ધિક્કાર છે.**

### ભાવાર્થ

જેમની કૃપા દ્વારા સકર્તાપતિ સર્જનહાર પ્રાપ્ત થતા હોય તેવા પરમગુરુથી આ બ્રહ્માંડમાં આપણા માટે વિશેષ કોણ હોઈ શકે ? વળી અન્ય ગુરુઓ કે જેમના ઉપદેશને વળગીને રહેલા જીવો અહીંના અહીંજ જન્મ-મરણની ઘટમાળમાં ભટકતા રહેતા હોવાથી તેવા ગુરુઓ ધિક્કારને પાત્ર છે.

**ઈત ઈતકે સોઈ અનિત સકલ પદ, નિત્યકે નહીં રહનકે;**
**જીનમે રખે જીવ વિલમાઈત, જેહી કલપંત દહનકે. ૭**

### શબ્દાર્થ

**ઈત ઈતકે** = અહીંના અહીંજ **સોઈ** = એટલે, તે **અનિત** = નાશવંત **સકલ** = સર્વ **પદ** = પદોમાં, ધામોમાં **નિત્યકે** = અવિનાશી, શાશ્વત **નહીં** = નથી **રહનકે** = રહેવાના, રહેવાવાળા **જીનમે** = જેમાં **રખે** = રાખ્યા **જીવ** = જીવોને **વિલમાઈત** = જોડી રાખવું, અટકાવી રાખવું, વળગાવી રાખવું **જેહી** = જે **કલપંત** = કલ્પના અંત સુધી **દહનકે** = તપ્યા કરે છે, બળ્યા કરે છે, નાશ પામે છે.

### અનુવાદ

**અહીંના અહીં જ એટલે નિત્ય નહીં રહેવાવાળા સર્વ પદો નાશવંત છે. જેમાં જીવોને અટકાવી રાખ્યા છે. પરંતુ તે તો કલ્પના અંતે નાશ પામનારા છે.**

### ભાવાર્થ

અહીંના અહીં જ એટલે કે મૃત્યુલોક અને અંતરિક્ષમાં રહેલા સર્વ નાશવંત ધામોનો સમાવેશ થાય છે. જેઓ કદી શાશ્વત રહેવાવાળાં નથી. તેમ છતાં ધર્માચાર્યોએ જગતના જીવોને આવા નાશવંત પદોમાં વળગાવી રાખ્યા છે. તેના કારણે જીવો કલ્પ પર્યંત જન્મ અને મરણનું દુઃખ સહન કર્યા કરે છે. વળી કલ્પના અંતે આવા ધામોનો પણ નાશ થતો હોય છે.

**અજભવ ઔરુ વૈકુંઠ લોક ગૌ, પુરુષ આદ્ય પરકરતિ;**
**યાંહાં લ્યૌ સકલ અનિત્યે ભવહિતકે, નિજપતિ પરમ વિકરતિ. ૮**

### શબ્દાર્થ

**અજભવ** = બ્રહ્મા અને શંકરના બ્રહ્મપુરી અને કૈલાસપુરી **ઔરુ** = અને **વૈકુંઠ** = વિષ્ણનું વૈકુંઠ **લોક ગૌ** = ગૌલોક ધામ **પુરુષ** = નિરંજન પુરુષ **આદ્ય** = આદિ **પરકરતિ** = પ્રકૃતિ, મહામાયા **યાંહાં લ્યૌ** = અહીં સુધિ **સકલ** = સર્વ **અનિત્યે** = નાશવંત **ભવહિતકે** = જગતના શ્રેય માટે, જગતને સહાયતા કરવા માટેના **નિજપતિ** = સર્જનહાર **પરમ** = શ્રેષ્ઠ, મહાન **વિકરતિ** = વિકસાવેલાં, વિકારવાળું, વિકાર પામેલું.

## અનુવાદ

**નિરંજન પુરુષ, આદ્ય મહામાયાની આદ્ય લઈ બ્રહ્મા, શંકર અને વિષ્ણુના વૈકુંઠ અને ગૌ લોક સુધીના સર્વ નાશવંત ધામો છે. જગતની સહાયતા માટે જ સર્જનહારે તેમને શ્રેષ્ઠ રીતે વિકસાવેલા છે.**

## ભાવાર્થ

આદ્ય નિરંજનપુરુષ અને આદ્ય મહામાયા સહિત બ્રહ્મા, શંકર અને વિષ્ણુના વૈકુંઠ અને ગૌ લોક સુધીના સર્વ મહાદેવોના ધામો છે. તે બધા નાશવંત છે. આ સર્વ દેવી-દેવતાઓને વિશેષ વિભૂતિવાન બનાવી એક-એક કરુણા સોંપી જગતના જીવોને સહાયભૂત થવા માટે જ સર્જનહારે પોતાની રચનામાં સામેલ કરેલા છે. જેથી સર્જનહારની વિકારયુક્ત રચના પૈકીના રહેલા છે.

**તેહી વિકરતકે ઈષ્ટ થપીત ઈત, આચારજે સબનહી;**
**લાગ રહે તીનમે ભવભર જન, નિજપતિ પાય કબનહી. ૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **વિકરતકે** = વિકૃતિને **ઈષ્ટ** = મહાન, શ્રેષ્ઠ **થપીત** = સ્થાપના કરીને **ઈત** = અહીંના **આચારજે** = આચાર્યોએ **સબનહી** = સર્વ **લાગ રહે** = લાગી રહ્યા, વળગી રહ્યા, જોડાઈ રહ્યા **તીનમે** = તેમાં **ભવભર** = ભવભરના, સમગ્ર જગતના, જગતભરના **જન** = લોકો, માનવો **નિજપતિ** = પોતાના સર્જનહાર **પાય** = પ્રાપ્ત કરે **કબનહી** = ક્યારેય પણ નહિં, કદીપણ નહિં.

## અનુવાદ

**તે વિકારરૂપ રચનાને અહીંના સર્વ આચાર્યોએ ઈષ્ટ તરીકે સ્થાપિત કરેલા છે. ભવભરના માનવી તેમાં જ લાગી રહ્યા છે, જેથી કદી પણ સર્જનહારને પ્રાપ્ત કરી શકવાના નથી.**

## ભાવાર્થ

સર્જનહારે જે વિકારરૂપ રચના કરી છે તે પૈકીના આવા મહાન દેવતાઓના પદોની અહીંના ધર્માચાર્યોએ સર્વથી શ્રેષ્ઠ અને સર્વોપરી પદ તરીકે સ્થાપના કરી

છે. જગતભરના બધા માનવો તેમાં જ પોતાના કલ્યાણની ભાવના પુરી થશે તેમ માનીને વળગી રહ્યા છે. પરંતુ આવા નાશવંત પદોમાં જોડાવાથી જગતના માનવો કદી પણ સર્જનહારના પરમપદને પ્રાપ્ત કરી શકવાના નથી.

**જીનું સંકલ્પકે જનિત સફુરણ, લખે સો ગ્રંથ પરતમે;**
**ભંડુરમાંહી કુલાલ ન પાવત, ત્યૌ નહિં ક્રતા કરતમેં. ૧૦**

### શબ્દાર્થ

**જીનું** = જેઓના, જેમના **સંકલ્પકે** = સંકલ્પથી **જનિત** = ઉત્પન્ન થયેલાં, જન્મ પામેલાં જણાય છે **સફુરણ** = સ્ફુરણા પામેલાં, એકા એક જણાયેલાં **લખે** = લખવામાં આવ્યું છે **સો** = તે **ગ્રંથ** = ગ્રંથોની **પરતમે** = પ્રતોમાં, લખાણની નકલમાં **ભંડુરમાંહી** = વાસણોમાંથી **કુલાલ** = પ્રજાપતિ **ન** = નહીં **પાવત** = મેળવી શકાય, પ્રાપ્ત કરી શકાય **ત્યૌ** = તેવી જ રીતે **નહિં** = નથી **ક્રતા** = સર્જનહાર **કરતમેં** = ક્રતમાં, રચનામાં, ઉત્પત્તિમાં.

### અનુવાદ

**ગ્રંથોના લખાણમાં જણાવ્યા મુજબ જેમના સંકલ્પથી સમગ્ર રચના સ્ફુરણા પામેલી જણાય છે. તેવા સર્જનહાર પોતાની રચનામાં હોતા નથી. જેમ કે વાસણોમાં પ્રજાપતિ હોતો નથી.**

### ભાવાર્થ

મૂળ ગ્રંથોનાં લખાણને નિહાળતાં જણાય છે કે આ સમગ્ર રચના સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી ઉત્પન્ન કરેલી છે. તેના કારણે તે સમગ્ર ઉત્પત્તિ સ્ફુરણા પામેલી છે. આ સર્વ વિવિધતાવાળી રચનાના કારણરૂપે રહેલા સકર્તાપતિ સર્જનહાર કદી પણ પોતાની બનાવેલી રચનામાં આવતાં નથી. જેમકે કોઈ પ્રજાપતિ પોતે નાનાં-મોટાં અનેક વાસણો બનાવે છે. તેમ છતાં તે વાસણોની રચનામાં કુંભાર હોતો નથી.

**ઓર વરખકે પુષ્પ પત્રમે, બીજ બટોર ન પાઈ;**
**તેહી પરકારન જેહી રચનારન, રચના મહી ન તાઈ. ૧૧**

### શબ્દાર્થ

**ઓર** = અને **વરખકે** = વૃક્ષના **પુષ્પ** = ફૂલો **પત્રમે** = પાનમાં **બીજ** = બીજક **બટોર** = શોધીશું તો **ન** = નહિં **પાઈ** = પ્રાપ્ત થાય, મળે **તેહી** = તે **પરકારન** = પ્રકારે **જેહી** = જે **રચનારન** = રચનાર **રચના મહી** = રચનાની અંદર **ન** = નહિં **તાઈ** = તે.

## અનુવાદ

**વળી વૃક્ષના પુષ્પ અને પાંદડામાં તેના બીજગને શોધવા છતાં મળશે નહીં. તેજ પ્રકારે જે રચનાર છે તે રચનાની અંદર નથી.**

## ભાવાર્થ

જેવી રીતે વૃક્ષના અસંખ્ય પાંદડા અને ફૂલો ખીલેલા હોય છે, પરંતુ તે વૃક્ષનું મૂળ બીજગ તેના ફૂલો કે પાંદડામાં મળતુ નથી તેવી જ રીતે જે રચનાર (સર્જનહાર) છે તે પોતે કરેલી રચનાની અંદર શોધવામાં આવે તો કદી પણ મળતા નથી.

**જ્યોં તે ઈન્દ્ર ઘટા ઘનકી મહી, આપ ઈન્દ્ર નહીં સોઈ;**
**ત્યોં કરતાર કરતકી અંદર, પાવત નહીં કિનું કોઈ. ૧૨**

### શબ્દાર્થ

**જ્યોં તે** = જેમકે, જેવી રીતે **ઈન્દ્ર** = ઈન્દ્રદેવ **ઘટા ઘનકી મહી** = ઘનઘોર વાદળોની અંદર **આપ** = પોતે **ઈન્દ્ર** = ઈન્દ્રદેવ **નહીં** = નથી **સોઈ** = તે **ત્યોં** = તેમ, તેવી જ રીતે **કરતાર** = રચનાર, સર્જનહાર **કરતકી** = રચનાની **અંદર** = અંદર **પાવત** = પ્રાપ્ત, મેળવી શકાય **નહીં** = નહીં **કિનું કોઈ** = કોઈ પણ, ક્યાંય પણ.

## અનુવાદ

**જેમ કે ઈન્દ્રએ કરેલા ઘનઘોર વાદળોની અંદર ઈન્દ્ર પોતે હોતા નથી. તેવી રીતે રચનાની અંદર સર્જનહારને કોઈ ક્યાંય પણ પ્રાપ્ત કરી શકે નહીં.**

## ભાવાર્થ

જેમ ઈન્દ્રદેવ દ્વારા ઘનઘોર વાદળો તૈયાર થાય છે. પરંતુ તેવા ઘટાઘોર વાદળોમાં ઈન્દ્રદેવ પોતે હોતા નથી. તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડમાં બ્રહ્માંડની રચના કરનાર (સર્જનહાર) તે રચનાની અંદર કોઈ હોતાં નથી.

**ઓરુ ક્રસનીકે ક્રસન ખેતકે, કણ કણ જોત નિહારી;**
**તીનમે નહિં ક્રસની ક્રતકારન, જેહી કણકે વિસ્તારી. ૧૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **ક્રસનીકે** = ખેડૂતને **ક્રસન ખેતકે** = ખેતી લાયક ખેતરમાં **કણ કણ** = કણે-કણ **જોત** = જોતાં **નિહારી** = નિહાળીને, બારીકાઈથી જોવા છતાં **તીનમે** = તેમાં **નહિં** = નહિં, નથી **ક્રસની** = ખેડૂત **ક્રતકારન** = રચનાનાં કારણરૂપ, ખેતપેદાશના કારણરૂપે **જેહી** = જે **કણકે** = કણોને **વિસ્તારી** = વિસ્તાર, ફેલાવો, ઉપજ

### અનુવાદ

**વળી ખેડૂતના ખેતી કરેલા ખેતરમાં કણેકણને નિહાળીએ તો જે કણોનો વિસ્તાર થયો છે. તેમાં તેની ઉત્પત્તિના કારણરૂપે રહેલો ખેડૂત હોતો નથી.**

### ભાવાર્થ

જેમ કોઈ ખેડૂત પોતાના ખેતરમાં ખેતી કરે છે. તેવા ખેતરમાં અનાજનો પાક તૈયાર થયેલો હોય, તે અનાજના કણે કણમાં નિહાળીએ તો તે કણોમાં તેની ઉત્પત્તિના કારણરૂપે રહેલો ખેડૂત તેમાં હોતો નથી.

**ત્યોં ભવખેત તત્વ તન કરસણ, રૂપ સહિત રચનામેં;**
**જીનકે કણ ઈન્દ્રિ ગુણ ઘણમેં, રચનારન નહીં જામે. ૧૪**

### શબ્દાર્થ

**ત્યોં** = તેમ **ભવખેત** = ભવરૂપ ખેતર, બ્રહ્મક્ષેત્ર **તત્વ** = તત્વોનાં **તન** = શરીર **કરસણ** = ખેતી **રૂપ સહિત** = રૂપ સહિત, આકાર સહિત **રચનામેં** = રચનામાં **જીનકે** = જેનાં **કણ** = કણ, દાણા **ઈન્દ્રિ** = ઈન્દ્રિયોં **ગુણ** = ગુણ **ઘણમેં** = ઘણમાં **રચનારન** = રચનારો, બનાવનારો, સર્જનહાર **નહિં** = નથી **જામે** = જેમાં, તેમાં.

### અનુવાદ

**તેમ ભવરૂપ ખેતરમાં તત્ત્વોના શરીરની આદ્ય લઈ આકારવાળી રચનામાં અને ઈન્દ્રિ, ગુણ, ઘણ રૂપી પ્રત્યેક કણોમાં તેનો રચનાર નથી.**

## ભાવાર્થ

તેવી જ રીતે બ્રહ્મક્ષેત્રમાં ખેતી રૂપ વિવિધ તત્ત્વોના મિશ્રણથી બનાવેલા દેહોની આદ્ય લઈ આકાર સહિત રચેલી રચના છે. તેના કણ રૂપ ઈન્દ્રિયો, ત્રણ ગુણ, ત્રણ ઘણ વિગેરેની અંદર તેની રચનાના રચનાર સર્જનહાર હોતા નથી.

**તેહી રચનામેં દેખી દિવ્ય ગત, અધિક સરસ ઈશ્વરીયે;**
**નિજ કારણ તીનું થપે આચારજ, તબ જગ જીનું સમરીયે. ૧૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **રચનામેં** = રચનામાં **દેખી** = જોઈ **દિવ્ય ગત** = દિવ્ય ગતિ, અદ્‌ભુત ગતિ **અધિક** = વિશેષ **સરસ** = સારાં **ઈશ્વરીયે** = ઐશ્વર્ય, **નિજ કારણ** = તેનાં મૂળ કારણરૂપે **તીનું** = તેઓની **થપે** = સ્થાપના કરી **આચારજ** = આચાર્યોએ **તબ** = તેથી **જગ** = જગત **જીનું** = જેઓને, તેઓને **સમરીયે** = સ્મરણ કરે છે.

## અનુવાદ

**તે રચનામાં અધિક સારાં ઐશ્વર્યો અને દિવ્ય ગતિ જોઈને આચાર્યોએ તેના કારણરૂપે તેઓની સ્થાપના કરી છે, તેથી જગત તેઓનું સ્મરણ કરે છે.**

## ભાવાર્થ

સર્જનહારે રચેલી તમામ વિવિધતાવાળી ઉત્પત્તિ પૈકી કેટલાકમાં અધિક ઐશ્વર્ય અને અલૌકિક ગતિ પોખેલી છે. તે નિહાળીને જગતના ધર્માચાર્યોએ તેવા ઐશ્વર્યવાન્ મહાપુરુષોને જગતના કારણરૂપે તેઓ જ છે તેવું સમજીને તેમની ઈષ્ટ તરીકે સ્થાપના કરી છે. તે કારણને લીધે જ જગતના અલ્પજ્ઞ અને અજ્ઞાની જીવો તેવા મહાપુરુષોને સર્જનહાર માનીને તેમનું ભજન-સ્મરણ કરે છે.

**ઓરુ તીનકે પ્રતિપાદ કરન દઢ, સંસ્કૃત દેઈ છાપુ;**
**જ્યૌ બાદલ નાણાં ચલવાવત, રાજ મહોર પ્રતાપુ. ૧૬**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **તીનકે** = તેઓનાં **પ્રતિપાદ** = કબુલ, સ્થાપન, પ્રમાણ **કરન** = કરવા **દઢ** = દઢતાપૂર્વક **સંસ્કૃત** = સંસ્કૃત ભાષા **દેઈ** = દઈને, આપીને **છાપુ** = છાપ, મહોર **જ્યૌ** = જેમ

**બાદલ** = ખોટા, જૂઠાં, ભળતા, નકલી **નાણાં** = ચલણ, દ્રવ્ય **ચલવાવત** = ચલાવે છે **રાજ મહોર** = રાજાની છાપ, સિક્કો **પ્રતાપુ** = પ્રતાપે.

## અનુવાદ

**અને તેનું દઢ પ્રમાણ દર્શાવવા સંસ્કૃત ભાષાની મહોર મારેલી છે. જેમ રાજાની છાપના પ્રતાપે નકલી નાણુ છાપવામાં આવે છે.**

## ભાવાર્થ

વળી આવા ઐશ્વર્યવાન મહાપુરુષોની સ્થાપના કરીને તેનો વિશેષ પ્રભાવ અને પ્રમાણ દઢ કરાવવા માટે તેના ઉપર સંસ્કૃત ભાષાની મહોર મારીને વિશેષતા વધારવા પ્રયત્ન કર્યા છે. જેમ કે પહેલાના જમાનામાં રાજાશાહી ચાલતી હતી. તેવા સમયમાં રાજાની છાપવાળું નાણું વ્યવહારમાં ચાલતું હતું. ત્યારે નકલી નાણુ પણ રાજાની મહોરવાળુ બનાવીને ચલાવવામાં આવતું હતું. આ પ્રમાણે રાજ્યમાં પ્રજા પણ તે નકલી નાણાંનો ઉપયોગ અસલી નાણાં તરીકે કરતી હતી.

**તેહી પણ ચલે કિમત બિનકે મહી, ઉપલી સુરત દેખનકે;**
**અંતરકે અવિલોકન બિના વિત્ત, કપટ ધાત ઉરીયનમે. ૧૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **પણ** = પણ **ચલે** = ચાલતું **કિમત** = મૂલ્યાંકન, દામ, ભાવ **બિનકે** = વિના **મહી** = તેમાં, અંદર **ઉપલી** = ઉપર, ઉપલક, ઉપરથી, બાહ્ય **સુરત** = દેખાવ **દેખનકે** = જોઈને **અંતરકે** = અંતરથી, અંતરદષ્ટિથી **અવિલોકન** = નિહાળતાં **બિના વિત્ત** = વિત સિવાયનું દ્રવ્ય. **કપટ** = કપટી, પ્રપંચ **ધાત** = ધાતુ **ઉરીયનમે** = તેમાં ઓગાળેલી, તેની અંદર મિશ્રણ.

## અનુવાદ

**ઉપલક દેખાવને દેખીને તે કિમત વિનાના દ્રવ્યને તેમાં પ્રપંચયુક્ત મિશ્રણવાળી ધાતુને ધ્યાનથી નિહાળ્યા વિના પણ ચાલતું હોય છે.**

## ભાવાર્થ

નકલી સિક્કો પણ ઉપલક દષ્ટિથી જોતાં અસલી જેવો જ દેખાય છે. પરંતુ તેમાં

અન્ય ધાતુનું મિશ્રણ કરેલું હોય છે. પરંતુ તેને ખૂબજ બારીકાઈથી તપાસવામાં ન આવે ત્યાં સુધી તે નકલી નાણું અસલી નાણાની કિમતે જ વ્યવહારમાં વપરાતું હોય છે. પ્રજાજનો પણ તેનો ઉપયોગ રાબેતા મુજબ કરતા હોય છે. બજારમાં પણ તેવું નકલી નાણું ચાલતું હોય છે.

**તેહી પરકાર સૃષ્ટ સમરધર, જબતે અબલગ જેહુ;**
**તેતન્યે ભરકે સકલ આચારજ, ઉપલી દ્રષ્ટ સરેહુ. ૧૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરકાર** = પ્રકારે **સૃષ્ટ** = સૃષ્ટિ, દુનિયા, વિશ્વ **સમરધર** = સમરધર **જબતે** = જ્યારથી, ત્યારથી **અબલગ** = અત્યાર સુધી **જેહુ** = જેટલા **તેતન્યે** = તેટલા **ભરકે** = સુધીના **આચારજ** = આચાર્યોએ **ઉપલી** = ઉપરની, બાહ્ય, ઉપલક **દ્રષ્ટ** = દૃષ્ટિ, નજર **સરેહુ** = સરાહના, પ્રસંશા.

### અનુવાદ

**તે જ પ્રકારે સૃષ્ટિ સમરધર (ઉત્પન્ન) થઈ ત્યારથી અત્યાર સુધીમાં જેટલા જેટલા આચાર્યો થયા તેટલા બધાએ ઉપલક દૃષ્ટિથી જ પ્રસંશા કરી છે.**

### ભાવાર્થ

તે જ પ્રકારે સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી અત્યાર સુધીમાં જેટલા જેટલા ધર્માચાર્યો થઈ ગયા તે બધા જ આચાર્યોએ માત્ર ઉપલક દૃષ્ટિથી જ નિહાળ્યું. તેમણે પોત-પોતાની સમજ મુજબ રચનાની ઉત્પત્તિનું મૂલ્યાંકન કરીને રૂપ-ગુણવાળા સાકારની પ્રસંશા કરી છે.

**તીનમે કિને ન ખોજ કરીત જીત, નિજ કરતાર પતિનકી;**
**ગયે સકલ ઈતકે મીત બરણીત, નિજ કારણ કૃત જીનકી. ૧૯**

### શબ્દાર્થ

**તીનમે** = તેઓનામાં **કિને** = કોઈએ પણ **ન** = નહીં, નથી **ખોજ** = શોધ **કરીત** = કરી **જીત** = જણાતી **નિજ કરતાર** = મૂળ સર્જનહાર, આદિ કર્તા **પતિનકી** = પતિની, માલિકની, ધણીની **ગયે** = ગયા **સકલ** = સર્વ **ઈતકે** = અહીંના **મીત** = માપક **બરણીત** = વર્ણન કરીને **નિજ કારણ** = મૂળ કારણરૂપે **કૃત** = રચના **જીનકી** = ની, જેની.

### અનુવાદ

**તેઓમાં કોઈએ પણ રચનાના નિજ કારણરૂપ નિજ સર્જનહાર માલિકની શોધ કરી નથી. બધા અહીંના માપકનું જ વર્ણન કરી ગયા છે.**

### ભાવાર્થ

બધા જ ધર્માચાર્યોમાં કોઈએ પણ બ્રહ્માંડની રચનાના કારણરૂપે રહેલા સકર્તાપતિ સર્જનહારની શોધ કરી નથી. તેમણે સૌએ તો માત્ર સર્જનહારની રચના પૈકીના અંતરિક્ષના ચૌદ લોકમાં વસતા દેવી-દેવતાઓ અને અવતારાદિક મહાપુરુષોની જ યશગાથા ગાઈ છે તથા તેમના ઐશ્વર્યોનું જ વર્ણન કરેલું છે.

**વ્યાકરણ છાપ દેખી દલ દરજીત, પ્રતિત લાય રત્ય પાગે;**
**કહેણ કહેણ કહીત નહીં કરતવ, અનુભવ ખોજ અભાગે. ૨૦**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = વ્યાકરણની **છાપ** = મહોર, સિક્કો **દેખી** = દેખીને, જોઈને **દલ** = હૃદય **દરજીત** = રાજી, આનંદીત **પ્રતિત** = વિશ્વાસ **લાય** = લાવી **રત્ય** = આરત, પ્રેમ **પાગે** = પામે છે **કહેણ કહેણ** = કહેતા કહેતા **કહીત** = કહી, જણાવી **નહીં** = નહીં **કરતવ** = રચના કરી, ઉપાય કર્યો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ખોજ** = શોધ **અભાગે** = ભાગ્યહિન, અભાગિયા.

### અનુવાદ

**વ્યાકરણની છાપ જોઈને પ્રેમપૂર્વક તેમાં વિશ્વાસ લાવીને હૃદયથી રાજી થાય છે. વળી રચનાને નિહાળીને પણ અભાગિયાઓએ શોધ કરી નહીં અને કહેતા કહેતી વર્ણવી ગયા છે.**

### ભાવાર્થ

આવા ધર્માચાર્યોએ બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલા ચાર વેદમાં વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષાની મહોર જોઈ. તેમાં વિશ્વાસ લાવીને પોતાના હૃદયમાં આનંદ અનુભવ્યો. પરંતુ આવા અભાગિયાઓ સમગ્ર બ્રહ્માંડની અદ્‌ભુત અને કળી ન શકાય તેવી રચનારને નિહાળીને પણ પોતાના અનુભવ થકી રચનાની મહત્તા સમજી શક્યા

નહીં. આ પ્રમાણે સાચા સકર્તાપતિની કોઈએ શોધ કરી નહીં. માત્ર અગાઉથી ચાલી આવેલી કહેતા કહેતી વાણીનું જ તેઓ વર્ણન કરી ગયા છે.

**કહેણ આદ્ય અજકે અનુભવકી, કરન પુત્ર પરમોધુ;**
**આપ વિષેઈ હુતે તબ તીનકુ, વદીતવ વચન વિરોધુ. ૨૧**

### શબ્દાર્થ

**કહેણ** = કેણ, વચન, વાણી **આદ્ય** = આદિ **અજકે** = બ્રહ્માજીની **અનુભવકી** = પ્રત્યક્ષ જ્ઞાનની **કરન** = કરીને **પુત્ર** = પુત્ર, સુનકાદિકો **પરમોધુ** = શ્રેષ્ઠ બોધ, મહાન ઉપદેશ **આપ** = પોતે **વિષેઈ** = વિષયી, રજોગુણી **હુતે** = હતા **તબ** = તેથી, તે છતાં **તીનકુ** = તેઓના **વદીતવ** = બોલેલા **વચન** = વચનો **વિરોધુ** = વિરોધી, અનાદર, અવળા, વિરૂદ્ધ.

### અનુવાદ

**અનુભવી બ્રહ્માજીએ આદિમાં પુત્રોને શ્રેષ્ઠ બોધ કહ્યો, પરંતુ પોતે જ વિષયી હતા. તેથી તેમના વદેલા વચનોનો તેઓએ વિરોધ કર્યો.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ આદિમાં ઉત્પન્ન થયેલા પોતાના પુત્રો સુનકાદિકોને સ્વાનુભવથી શ્રેષ્ઠ બોધ આપ્યો હતો. તેમ છતાં સનકાદિકોએ તે ઉપદેશ માન્યો નહીં. કારણકે ખુદ બ્રહ્માજી પોતે રજોગુણી હતા. તેથી સંસારના વિષય આનંદમાં જ સાચુ સુખ છે, એવો તેમણે વૈરાગી સુનકાદિકોને આપેલ ઉપદેશની અસર થઈ નહીં. પરિણામે બ્રહ્માજીના વચનોનો વિરોધ કરીને સુનકાદિકો સંસારમાં ન રહેતાં પરમપદની શોધ માટે તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા.

**વચન વિરોધ કરન કર્તા બીચ, તીવ્ર ત્યાગ વિલયનકે;**
**દેઈ પરતીત સંસ્કૃતકી સદ, સુર ભાષણ કિલયનકે. ૨૨**

### શબ્દાર્થ

**વચન** = વચનો **વિરોધ** = અટકાવ, અવરોધ, પ્રતિકાર **કરન** = કરીને **કર્તા** = સર્જનહાર **બીચ** = પ્રત્યેનોં, સાથેનો, વચ્ચેનો **તીવ્ર ત્યાગ** = તીવ્ર ત્યાગ **વિલયનકે** = વિલસાઈ જાય, નાશ પામે

**દેઈ** = આપીને **પરતીત** = પ્રતીતિ, વિશ્વાસ **સંસ્કૃતકી** = સંસ્કૃત ભાષાની **સદ** = તેઓ **સુર ભાષણ** = દેવોની વાણી, દેવોનો ઉપદેશ **કિલયનકે** = ખરેખર, સાચો સાચ, નિશ્ચિતરૂપે.

### અનુવાદ

**કર્તા પ્રત્યેના લગાવને લીધે તીવ્ર ત્યાગ વિલમાયો નહીં અને વચનોનો વિરોધ કર્યો. તેમ છતાં તેઓ દેવોની ભાષા કહીને સંસ્કૃતમાં સાચે સાચી પ્રતીતિ લાવે છે.**

### ભાવાર્થ

સનકાદિકો અને કર્તા બન્ને વચ્ચેના ભાવ અને આરતને લીધે બ્રહ્માજીના મુખનો ઉપદેશ સનકાદિકોના તીવ્ર ત્યાગને વિલમાવી (ડગાવી) શક્યો નહીં. તેથી સનકાદિકો બ્રહ્માજીના વચનોનો વિરોધ કરીને ચાલ્યા ગયા. તેમ છતાં આચાર્યો સંસ્કૃતને દેવોની ભાષા (વાણી) કહીને તેમાં સાચે સાચી પ્રતીતિ લાવી જગતને ઉપદેશાત્મક વચનોનો ઉચ્ચાર કરે છે.

**તીનકે લેઈ પરમાણ પ્રતિતજન, ધરીત ઉરીત અનુરાવું;**
**તીનમેં દૃઢ ધીરજ મજબુત કર, પ્રાકૃત ધરીત અભાવુ. ૨૩**

### શબ્દાર્થ

**તીનકે લેઈ** = તેના લીધે, તેને લઈને **પરમાણ** = પ્રમાણ, સાબિતી **પ્રતિતજન** = માનવોને વિશ્વાસ **ધરીત** = ધારણ કરીને **ઉરીત** = હૃદયમાં **અનુરાવું** = અનુરાગ, પ્રેમ **તીનમેં** = તેમા **દૃઢ** = મજબૂત, મક્કમ **ધીરજ** = ધીરજ **મજબુત** = મજબૂત **કર** = કરીને **પ્રાકૃત** = પ્રાકૃત ભાષા પ્રત્યે **ધરીત** = ધારણ કર્યા **અભાવુ** = અભાવ.

### અનુવાદ

**તેનું પ્રમાણ લઈને માનવોએ હૃદયમાં વિશ્વાસ લાવી પ્રેમ ધારણ કર્યો. વળી તેમાં જ ધીરજને મક્કમ કરી પ્રાકૃત પ્રત્યે અભાવ ધારણ કર્યો.**

### ભાવાર્થ

ધર્માચાર્યો દ્વારા સંસ્કૃતને દેવવાણીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું તેને લઈને

જગતના અજ્ઞાની માનવોએ પોતાના હૃદયમાં તેમના ઉપદેશમાં વિશ્વાસ કરીને સંસ્કૃત પ્રત્યે વિશેષ પ્રેમ ધારણ કર્યો. આ પ્રમાણે તેઓએ તેમાં જ દઢતા અને ધીરજપૂર્વક મક્કમ થઈને પ્રાકૃત ભાષા પ્રત્યે અભાવ ધારણ કર્યો છે.

**પણ પરથમ પ્રાકૃત પરભાષીત, વ્યાકરણ વ્રણીત પીછેહુ;**
**તીનકે કરીત કરામલ કહ હીત, નરણીત ન્યાવ જશ જેહું. ૨૪**

### શબ્દાર્થ

**પણ** = પણ, પરંતુ **પરથમ** = પ્રથમ **પ્રાકૃત** = પ્રાકૃત, લોકભોગ્ય **પરભાષીત** = પ્રભાવવાળી ભાષા **વ્યાકરણ** = વ્યાકરણ **વ્રણીત** = વર્ણન **પીછેહુ** = પછીથી, પાછળથી **તીનકે** = તેનો **કરીત** = કરીને **કરામલ** = કરામત, યુક્તિ **કહ હીત** = કહુ છું **નરણીત** = નિર્ણય કરીને **ન્યાવ** = ન્યાવ **જશ જેહું** = જેનો જેવો યશ છે તે રીતે.

### અનુવાદ

**પરંતુ પ્રથમ પ્રભાવવાળી લોક ભોગ્ય પ્રાકૃત ભાષા બની. ત્યારબાદ વ્યાકરણનું વર્ણન થયું છે. તેની યુક્તિ ન્યાયપૂર્વક નિર્ણય કરીને જેનો જેવો યશ છે તે રીતે કહું છું.**

### ભાવાર્થ

પરંતુ સૌ પ્રથમ રોજ-બરોજના વ્યવહારમાં સગવડ માટેની લોક-ભોગ્ય બનેલી પ્રભાવવાળી પ્રાકૃત ભાષા અમલમાં આવી છે. ત્યાર પછી વિદ્વતાપૂર્ણ તે ભાષાના ઉપયોગને ધ્યાનમાં રાખીને તેના વ્યાકરણનો પાછળથી અમલ થયો છે. એટલે કે વ્યાકરણની રચના પાછળથી થયેલી છે. કુવેરસ્વામી આ વિષય અંગેની યુક્તિને ન્યાયપૂર્વક નિર્ણય કરીને જેનો જેવો યશ છે તેમ રજૂ કરે છે.

**પ્રથમ વાણી પ્રાજીનું પ્રાકૃતહી, દેશ દેશ ભિન્ન ભિન્નકે;**
**ફરક ફરક બોલીનકી બાબજ, પણ પ્રાકૃત તેહી તીનકે. ૨૫**

### શબ્દાર્થ

**પ્રથમ** = પ્રારંભમાં, પહેલાં **વાણી** = ભાષા, બોલી **પ્રાજીનું** = પ્રાચીન, પુરાણી **પ્રાકૃતહી** = પ્રાકૃત ભાષા છે **દેશ દેશ** = પ્રત્યેક મુલક, દેશ દેશ **ભિન્ન ભિન્નકે** = જુદી જુદી છે, અલગ-અલગ છે

**ફરક ફરક** = ફેરફાર, તફાવત **બોલીનકી** = બોલવાની **બાબજ** = બાબતમાં **પણ** = પરંતુ **પ્રાકૃત** = પ્રાકૃત ભાષા **તેહી** = તે **તીનકે** = તેઓની, તેમની.

## અનુવાદ

**પ્રથમ પ્રાચીન પ્રાકૃત વાણી જે પ્રત્યેક મુલકની જુદી જુદી ભાષા હોય છે. માત્ર બોલવાની બાબતમાં ભિન્નતા જોવા મળે છે. પરંતુ તે તેમની પ્રાકૃત ભાષા જ છે.**

## ભાવાર્થ

પ્રાચીન કાળમાં માનવોએ સૌ પ્રથમ એકબીજા સાથે બોલવાની શરૂઆત કરી તે મૂળ પ્રાચીન પ્રાકૃત વાણી છે. જેમાં પ્રત્યેક મુલક (પ્રદેશ)ની જુદી જુદી ભાષા હોય છે. તેમાં ખાસ કરીને બોલવાની રીતમાં પણ ભિન્નતા જોવા મળે છે. પરંતુ તે જે બોલે છે તેને તે મુલકની પ્રાકૃત ભાષા જ કહેવાય.

**જીનકે કરીત સમોહ સકલ અરથ, વ્યાકરણ નામ તીનેહુ;**
**આગમકે જેહી નરપ ચક્રવર્તિ, સમટી જીને કીનેહુ. ૨૬**

### શબ્દાર્થ

**જીનકે** = જેની **કરીત** = કરીને **સમોહ** = મિશ્રણ, સમુહ **સકલ** = સર્વ **અરથ** = અર્થે, વિશ્લેષણ **વ્યાકરણ** = વ્યાકરણ **નામ** = નામ **તીનેહુ** = તેનું **આગમકે** = આગળના **જેહી** = જે **નરપ** = રાજા **ચક્રવર્તિ** = ચક્રવર્તિ **સમટી** = ભેગા કરીને, એકત્રિત કરીને **જીને** = જેને, તેઓએ **કીનેહુ** = કરેલું છે, બનાવી છે, કર્યુ છે, કરી છે.

## અનુવાદ

**અગાઉ જે ચક્રવર્તિ રાજા હતા તેમણે વિવિધ બોલાતી પ્રાકૃત ભાષાને ભેગી કરી તેની અર્થપૂર્ણ રજૂઆત કરી તેનું નામ વ્યાકરણ કહેવાય.**

## ભાવાર્થ

પહેલાના સમયમાં દેશના ચક્રવર્તિ રાજા હતા તેઓએ વિદ્વાન ભાષા જ્ઞાનીઓ દ્વારા અલગ-અલગ બોલાતી પ્રાકૃત ભાષાને ભેગી કરાવીને તેમાં શબ્દોનું શાસન

દ્વારા નિયમબધ્ધ રીતે સ્વર, પ્રકૃતિ, પ્રત્યય વગેરેનું વાક્યમાં પરસ્પર સબંધનું વિવેચન કરાવ્યુ તેને વ્યાકરણ નામથી સંબોધવામાં આવ્યુ છે.

**પ્રાકૃત કુલપ ભાસ ભવ સબકી, વ્યાકરણ કીલી કબજહી;**
**તીનકી કીલી પુનીત પ્રાકત કત, સમજીત અરથ સબજહી. ૨૭**

### શબ્દાર્થ

**પ્રાકૃત** = પ્રાકૃત **કુલપ** = તાળા સમાન **ભાસ** = ભાષા **ભવ** = જગતમાં, સંસારમાં **સબકી** = સર્વની **વ્યાકરણ** = વ્યાકરણ **કીલી** = કુંચી, ચાવી **કબજહી** = કબજો, તાબામાં **તીનકી** = તેની **કીલી** = કુંચી, ચાવી **પુનીત** = વળી, પવિત્ર, શુદ્ધ **પ્રાકત** = પ્રાકૃત **કત** = રચના **સમજીત** = સમજીને **અરથ** = અર્થ **સબજહી** = સર્વની.

### અનુવાદ

**સમગ્ર સંસારમાં પ્રાકૃત ભાષા તાળારૂપ છે અને તેને કબજે કરવા કુંચી રૂપ વ્યાકરણ છે. એટલે કે તે ચાવી પ્રાકૃતની શુદ્ધ રચના માટેની જ છે જે સર્વના અર્થને સમજીને બનાવી છે.**

### ભાવાર્થ

સમગ્ર સંસારમાં વિવિધ રીતે બોલાતી જે બોલી છે તે પ્રાકૃત ભાષા છે. તે મૂળ તાળા રૂપ છે. તેને નિયમ બધ્ધ વાપરવા અને નાથવા માટે કુંચી રૂપે વ્યાકરણની રચના કરેલી છે. તે ચાવી રૂપ વ્યાકરણ પ્રાકૃત ભાષાની અશુદ્ધિને દૂર કરીને શુદ્ધ સ્વરૂપે કરવામાં આવેલી રચના છે. જેમાં બધા પ્રકારની બોલાતી બોલીના વર્ણોના ઉચ્ચારણોનો અને શબ્દોના માળખાનો તથા વાક્યમાં શબ્દનો પરસ્પર સબંધનો ખ્યાલ આપ્યો હોય છે.

**એહી વ્યાકરણ પ્રાકત પર ભાષીત, કિયે સકલ સબ તેહું;**
**જેહી જીનકી જેમ હુતી તત્ત્વતા, તેહી તમ ખચીત કરેહુ. ૨૮**

### શબ્દાર્થ

**એહી** = એ, તે **વ્યાકરણ** = વ્યાકરણ **પ્રાકત** = પ્રાકત **પર** = ઉપર **ભાષીત** = ભાષા **કિયે** = કરવામાં આવી, કરી **સકલ** = સર્વ **સબ** = બધી બોલીની **તેહું** = તે **જેહી** = જે **જીનકી** = જેની **જેમ** = જે પ્રમાણે

**હુતી** = હતી **તત્ત્વતા** = યથાર્થતા, વાસ્તવિકતા **તેહી** = તે **તમ** = તમો, તેમ, તેમાં **ખચીત** = ચોક્કસાઈ, ખાતરી, નક્કીપણું **કરેહુ** = કર્યું છે.

## અનુવાદ

**તે સર્વ પ્રાકૃત ભાષાની પર તે વ્યાકરણ છે. જે જેની જે પ્રમાણે વાસ્તવિકતા હતી તે તમોને ખાતરી કરીને જણાવ્યું છે.**

## ભાવાર્થ

વિવિધ રીતે બોલાતી અલગ-અલગ પ્રાકૃત ભાષાને મેળવ્યા પછી વ્યાકરણ બનાવવામાં આવે છે. કુવેરસ્વામીએ પ્રાકૃત ભાષા અને વ્યાકરણ અંગેની જે વાસ્તવિકતા હતી તે આપણને ચોકસાઈ કરીને દર્શાવી.

**તદીપ વાણી એહી નહીં દેવનકી, ઉભે ભાષ એહી ભવકી;**
**નિગમ શાસ્ત્ર સહિતમ ઈતકે સબ, મહાદ મનુષ ગત ચવકી. ૨૯**

### શબ્દાર્થ

**તદીપ** = તેથી **વાણી** = બોલી, ભાષા **એહી** = એ, તે **નહીં** = નથી **દેવનકી** = દેવોની **ઉભે** = બન્ને **ભાષ** = ભાષા **એહી** = આ **ભવકી** = ભવની, જગતની **નિગમ** = વેદ **શાસ્ત્ર** = શાસ્ત્ર **સહિતમ** = સહિત **ઈતકે** = અહીંના **સબ** = સર્વ **મહાદ** = વિશેષ રૂપમાં, શ્રેષ્ઠ **મનુષ** = મનુષ્યો, પુરુષો **ગત** = સમજ, જ્ઞાન **ચવકી** = કથેલું, વર્ણવેલું.

## અનુવાદ

**તેથી એ દેવોની વાણી નથી પરંતુ બંને ભાષા જગતની છે. કારણકે મહાપુરુષો દ્વારા કથેલ ચાર વેદ અને શાસ્ત્ર સહિત બધા અહીંના જ છે.**

## ભાવાર્થ

માટે જો સંસ્કૃત ભાષાને દેવવાણી જ છે એમ કહેવામાં આવે તો તે યોગ્ય નથી. પરંતુ પ્રાકૃત અને સંસ્કૃત એમ બંને પ્રકારની ભાષા મૃત્યુલોક અને દેવલોક સહિત સમગ્ર જગતની છે. કારણકે મહાપુરુષોએ પોતાની સમજ મુજબ વદેલા ચાર વેદ

અને રચેલા છ શાસ્ત્ર સહિત બધાં જ ધર્મ પુસ્તકો અહીંના જ બનાવેલાં છે.

**જો કહેશો સુરકે સદ ભાષન, તીનકી વંશ મનુષહી;**
**જુવો પરંપર સરલ શંભુકી, તીનકી આદ્ય સબ ઉસકી. ૩૦**

### શબ્દાર્થ

**જો કહેશો** = જો કહેશો **સુરકે** = દેવોનું **સદ** = સાચું **ભાષન** = ભાષા **તીનકી** = તેઓની **વંશ** = વંશ, જાતિ, કુળ **મનુષહી** = મનુષ્યો છે **જુવો** = જુઓ, દેખો, નિહાળો **પરંપર** = પરંપરા ચાલી આવેલી **સરલ** = સરળ રીતે, સહેલાઈથી **શંભુકી** = શંકરની **તીનકી** = તેમની **આદ્ય** = આદિ, સહિતની **સબ** = સર્વ **ઉસકી** = તેમની, તેઓની.

### અનુવાદ

**જો એમ કહેશો કે તે સાચે દેવોની જ ભાષા છે તો તેમની વંશ જ મનુષ્ય છે. વળી તે શંભુની આદ્ય લઈ સર્વ તેમની જ પરંપરાથી સરળ રીતે ચાલી આવેલી છે તે જુઓ.**

### ભાવાર્થ

જો કોઈ એમ કહે કે સંસ્કૃત ભાષા દેવોની જ ભાષા છે તો દેવોના વંશજોથી મનુષ્યોની ઉત્પત્તિ ચાલી આવેલી છે. એટલે કે, ઉત્પત્તિની તે પરંપરા શંભુની આદ્ય લઈ અત્યાર સુધી ચાલી આવેલી છે. તે મુજબ જ બધા વર્તમાન કરી બંને ભાષા પણ બોલે છે, તે તમે જુઓ.

**તબતે દેવ મનુષ્ય એકતાયન, જીનમે હેર ન ફેરા;**
**અરથ વિચારતાં અનવે ગત, નરણીત કિયે નવેરા. ૩૧**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે, તેથી **દેવ** = દેવો **મનુષ્ય** = મનુષ્યો **એકતાયન** = સમાનતા, એકતાપણું **જીનમે** = જેમાં **હેર ન ફેરા** = હેરા ફેરી નથી, ફેરફાર નથી **અરથ** = અર્થ **વિચારતાં** = વિચાર કરીએ તો **અનવે** = પક્ષપાત રહિત **ગત** = સમજ, ગતિ **નરણીત** = નિર્ણય **કિયે** = કર્યા **નવેરા** = નિવેડો, ફેંસલો, અનોખું.

## અનુવાદ

**તેથી દેવ અને મનુષ્યમાં ઐક્યતા છે તેમાં કોઈ ફેરફાર નથી. તેના અર્થને વિચારતાં પક્ષપાત રહિત નિર્ણય કરીને ફેંસલો કર્યો છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ કહી શકાય કે દેવો અને મનુષ્યોમાં સમાનતા જોવા મળે છે. તેમાં ભાષા બોલવા અંગે કોઈ પણ પ્રકારનો ફેરફાર નથી. કારણકે માનવો પણ પ્રાકૃત અને સંસ્કૃત એમ બંને ભાષા બોલે છે. આ રીતે વિચાર કરતા પક્ષપાત રહિત સમજ કેળવીને ન્યાયપૂર્વક નિર્ણય કરીને જ કુવેરસ્વામીએ ભાષા અંગે ફેંસલો કરેલો છે.

**વ્યાકરણ પ્રાકૃત પ્રતિત પ્રેમકી, જાંહાં જેમ જીનું રત પાગી;**
**તીતકે ઈતકી માનત નહીં તો, ઈતકે તીત કયા લાગી. ૩૨**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = વ્યાકરણ **પ્રાકૃત** = પ્રાકૃત **પ્રતિત** = પ્રીતિ, ફાવટ, લગાવુ, વિશ્વાસ **પ્રેમકી** = પ્રેમની, સ્નેહથી **જાંહાં** = જ્યાં **જેમ** = જેમ, જેવી રીતે **જીનું** = જેની **રત** = પ્રેમ, લગાવ, પ્રીતિ **પાગી** = પામી, પ્રાપ્ત થઈ, લાગી **તીતકે** = ત્યાંની **ઈતકી** = અહીંની **માનત** = માને **નહીં** = નહિં **તો** = તે પછી **ઈતકે** = અહીંની **તીત** = ત્યાં **કયા** = શું **લાગી** = લાગે વળગે, સબંધ.

## અનુવાદ

**વ્યાકરણ અને પ્રાકૃત પ્રત્યે જેને જેમાં વિશ્વાસ આવ્યો તેમાં તેને પ્રીતિ લાગી છે. તેઓ અહીંની માનતા નથી તો અહીંનાઓને ત્યાંનુ શું લાગે વળગે ?**

## ભાવાર્થ

વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષા અને લોક ભોગ્ય પ્રાકૃત પૈકી જેને જેમાં વિશ્વાસ આવ્યો (ફાવટ આવી) તે ભાષાનો તેઓએ પ્રીતિ લગાવીને ઉપયોગ કરવા માંડ્યો. જો દેવ અહીંની પ્રાકૃત ભાષાને ન માનતા હોય તો પછી માનવે સંસ્કૃત ભાષા સાથે શા માટે સબંધ રાખવો ? અર્થાત્ કોઈ એક ભાષામાં પ્રેમ રાખનારા બીજી ભાષાનો આદર ન કરતા હોય તો બીજી ભાષાવાળાએ અન્ય ભાષાનો આદર કરવો જોઈએ નહીં.

**વ્યાકરણ કામ પરે પ્રાક્તકે, ટીકે તલબ જનાવા;**
**પણ પ્રાકૃતકી સરલ સમજમે, વ્યાકરણ કામ ન આવા. ૩૩**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = વ્યાકરણ **કામ** = કામ, જરૂર, સાથની **પરે** = પડે **પ્રાક્તકે** = પ્રાકૃતની **ટીકે** = ટીકા, વિવરણ, અનુવાદ અને ભાવાર્થ **તલબ** = મતલબને **જનાવા** = જણાવવા માટે **પણ** = પરંતુ **પ્રાકૃતકી** = પ્રાકૃત ભાષાની **સરલ** = સરળ, સહેલી **સમજમે** = સમજણમાં **વ્યાકરણ** = વ્યાકરણ **કામ ન આવા** = કામ આવતી નથી.

### અનુવાદ

**કોઈ અનુવાદ કે ભાવાર્થની મતલબને જણાવવા માટે વ્યાકરણને પ્રાકૃતનું કામ પડતું હોય છે. પરંતુ પ્રાકૃતની સરળ સમજમાં વ્યાકરણ કામ આવતું નથી.**

### ભાવાર્થ

વ્યાકરણને જ્યારે કોઈ અર્થપૂર્ણ વિવેચન માટે તેના અનુવાદ કે ભાવાર્થની મતલબ જણાવવી હોય તો નિશ્ચિત રૂપે પ્રાકૃત ભાષાની આવશ્યકતા ઊભી થાય છે. પ્રાકૃત ભાષા સિવાય તેની વિગતવાર સમજણ આપી શકાય નહીં. પરંતુ જો પ્રાકૃત ભાષામાં દર્શાવેલી અર્થસભર સરળ સમજમાં વ્યાકરણની કદી પણ જરૂર પડતી નથી. એટલે કે પ્રાકૃત ભાષાની સમજમાં વ્યાકરણ કામ આવતું નથી.

**તેહી માટે નહીં કરીત વાદવિદ, પ્રાક્ત ઓરુ વ્યાકરણકે;**
**ઉલટ પુલટ નહીં ચલીત બેહુ બિન, એહી જગ જન ધ્રાપણકે. ૩૪**

### શબ્દાર્થ

**તેહી માટે** = તેટલા માટેજ **નહીં** = નહિં **કરીત** = કરવો **વાદવિદ** = વાદ-વિવાદ, વાદ-પ્રતિવાદ **પ્રાક્ત** = પ્રાકૃત ભાષા **ઓરુ** = અને **વ્યાકરણકે** = વ્યાકરણનો **ઉલટ પુલટ** = ઉલટા-સુલટી, અન્યો અન્ય, પરસ્પર **નહિં** = નથી **ચલીત** = ચાલતું **બેહુ** = બન્ને **બિન** = વિના **એહી** = આ **જગ** = જગતના **જન** = માનવો **ધ્રાપણકે** = સંતોષ માટે, તૃપ્તિ માટે, ધીરજ માટે.

## અનુવાદ

**તે માટે પ્રાકૃત અને વ્યાકરણનો વાદ-વિવાદ કરવો નહીં. આ જગતના માનવોને અરસ-પરસ સંતોષ માટે બંને વિના ચાલે તેમ નથી.**

## ભાવાર્થ

તેટલા માટે પ્રાકૃત અને વ્યાકરણ અંગે કોઈ પણ પ્રકારનો વાદ-વિવાદ કરવો જોઈએ નહીં. કારણકે જગતના માનવોને પરસ્પર અને સંતોષપૂર્વક એકબીજાની વાત સમજવી હોય અથવા એકબીજાની પ્રાકૃત ભાષાને સમજવી હોય તો વ્યાકરણ અને પ્રાકૃત વગર ચાલી શકે તેમ નથી.

**જેહી જીનકે દેશનકી ઉચરણ, તેહી તીનકે પ્રાકતહી;**
**તેહી સકલકે અર્થ આરોપન, વ્યાકરણ કરીત વીવ્રતહી. ૩૫**

### શબ્દાર્થ

**જેહી** = જે **જીનકે** = જેના **દેશનકી** = દેશની, મુલકની **ઉચરણ** = બોલાતી **તેહી** = તે **તીનકે** = તેઓની **પ્રાકતહી** = પ્રાકૃત ભાષા છે **તેહી** = તે **સકલકે** = સર્વના **અર્થ** = અર્થ, મતલબ **આરોપન** = સમજવા, દર્શાવવા, આલેખન કરવા **વ્યાકરણ** = વ્યાકરણનું **કરીત** = કરીને **વીવ્રતહી** = વિવરણ, વિવેચન, સ્પષ્ટિકરણ.

## અનુવાદ

**જેમના દેશમાં જે ભાષા બોલાતી હોય તે તેમની પ્રાકૃત ભાષા છે. તે સર્વની સમજનું આરોપણ વ્યાકરણથી જ સ્પષ્ટીકરણ થાય છે.**

## ભાવાર્થ

જે મુલક (પ્રદેશ)માં જે રીતે ભાષા બોલાતી હોય તે તેમના પ્રદેશમાં રહેતા માનવની પ્રાકૃત ભાષા છે. તે બધી ભાષાઓની સમજનું આલેખન કરવા માટે વ્યાકરણ અતિ મહત્ત્વનું છે. વ્યાકરણ થકી જ તે ભાષાનું વધુ સ્પષ્ટીકરણ થાય છે.

**એહી વહીવટ ભાષન ઈતકે સબ, સુરકી કહી સહિતમહી;**
**બિનું ભાષણકે ભાર અઢારન, સકલ સાજ સમદમહી. ૩૬**

### શબ્દાર્થ

**એહી** = એ **વહીવટ** = વ્યવસ્થા, કારભાર, શિરસ્તો, લેવડદેવડ **ભાષન** = ભાષા **ઈતકે** = અહીંની **સબ** = બધી, સર્વ **સુરકી** = દેવોની **કહી** = કહી છે **સહિતમહી** = સહિત **બિનું** = વિના, સિવાય **ભાષણકે** = ભાષા **ભાર અઢારન** = અઢાર ભાર વનસ્પતિ **સકલ** = સર્વ **સાજ** = ઉત્પત્તિ, રચના **સમદમહી** = શાંત, અનબોલ, અમોલ, જેમ છે તેમજ.

### અનુવાદ

**દેવો સહિત અહીંની બધી ભાષાઓનો શિરસ્તો કહી જણાવ્યો છે. ભાષા વિના અઢાર ભાર વનસ્પતિની સર્વ રચના સમદમ પણે રહેલી છે.**

### ભાવાર્થ

દેવોની વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષા અને અહીંની બોલાતી સર્વ પ્રાકૃત ભાષાનો ઉપયોગ પરસ્પર લેવડ-દેવડ અથવા તો વ્યવહાર ચલાવવા માટે થાય છે. તેની સમજ સર્વ રીતે કહી સમજાવી છે. જ્યારે અઢાર ભાર વનસ્પતિ જે પૃથ્વી પર ઊગે છે. તે બધી વનસ્પતિ પરસ્પર લેવડ-દેવડ કે વ્યવહારના અભાવે ભાષાના ઉપયોગ વગર સમદમપણે સ્થિર થઈને રહેલી છે.

**તેહી સમદમહી ચલીત સંપ્રદાય, ધર સેતી અબલગહી;**
**બિનું ભાષણ ભરકે રસ પલ્લવ, રહત સદા ઝગમગહી. ૩૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **સમદમહી** = સમદમપણે **ચલીત** = ચાલે છે **સંપ્રદાય** = શાખાઓ, પરંપરા, સમુહ **ધર સેતી** = ધરતી બની ત્યારથી **અબલગહી** = અત્યાર સુધી **બિનું** = વિના, સિવાય **ભાષણ** = ભાષા **ભરકે** = ભરીને **રસ** = રસ, અમી **પલ્લવ** = પલ્લવીત થઈને **રહત** = રહે છે **સદા** = સદાને માટે **ઝગમગહી** = ઝગમગ, પ્રફુલ્લિત, તેજોમય, પ્રકાશમય.

## અનુવાદ

**ધરતી બની ત્યારથી અત્યાર સુધી સમદમપણે તે જ પ્રમાણેની પરંપરા ચાલે છે. ભાષા વિના જ રસ ભરીને પલ્લવિત થઈ સદાને માટે તેજોમય રહે છે.**

## ભાવાર્થ

જ્યારથી પૃથ્વીનું સ્વરૂપ બંધાયું ત્યારથી અત્યાર સુધીમાં અઢાર ભાર સ્થાવર જાતિની (વનસ્પતિની) રચના સમદમપણે ચાલી આવેલી પરંપરા મુજબ ઊગ્યા કરે છે. તે પોતાની જાતિમાં પરસ્પર ભાષાનો ઉપયોગ કર્યા સિવાય દરેક પોત-પોતાની રીતે ફળ-ફૂલોમાં રસ ભરીને પલ્લવિત થાય છે તથા સદાને માટે પ્રફુલ્લિત અને તેજોમય રહે છે.

**ફુલત ફલત એકાએકહી જીત, અમૃતફલ રસ રિધકે;**
**ઓરુ તીક્ષણ ખટુકે કટુકાયન, ક્તા કિન કેહી વિધકે. ૩૮**

### શબ્દાર્થ

**ફુલત** = ફુલો આપે છે **ફલત** = ફળ આપે છે **એકાએકહી** = એકા-એક, આપો-આપ, પોત-પોતાની રીતે **જીત** = જે રીતે **અમૃતફલ** = અમૃતફળ **રસ** = સ્વાદ **રિધકે** = સમૃધ્ધિવાન **ઓરુ** = અને **તીક્ષણ** = તીખો **ખટુકે** = ખાટો **કટુકાયન** = કડવો **ક્તા** = સર્જહાર **કિન** = કર્યું છે **કેહી** = કેવો **વિધકે** = પ્રકારે, રીતે.

## અનુવાદ

**તે જે રીતે ફુલ અને ફળ તેમજ સમૃદ્ધિનો સ્વાદ અમૃત ફલ આપે છે. તે તીખો, ખાટો અને કડવો હોય છે. આ ગોઠવણ કર્તાએ કેવી રીતે કરી હશે.?**

## ભાવાર્થ

અઢાર ભાર સ્થિર સ્થાવર જાતિ પરંપરાગત એકમાંથી અનેક બીજગોના અંકુરીત થવાને કારણે પૃથ્વી પર પલ્લવિત થાય છે. તેમાં સર્જનહારે પોખ્યા પ્રમાણેના સર્વ તત્ત્વોના આધારે જે તે વનસ્પતિ ફૂલે-ફાલે છે. વળી સમય સમયે તેને ફળ-ફુલ આવતાં હોય છે. વળી અમૃતફળ સમાન સમૃદ્ધિ રૂપે રસો પણ ભરાયેલાં હોય છે.

કોઈમાં તીખો તો કોઈમાં ખાટો, કડવો વિગેરે પ્રકારનાં ખટ રસોનું સંવર્ધન થતું હોય છે. આ બધી કરામત સર્જનહારે કેવી રીતે કરી હશે. ?

**બિનું બોલન બોલનકે જેહી પત, પોખત હે સરભરહી;**
**એસે પરમ દયાલ પ્રભુ પર, અહંગ વારી તીન પરહી. ૩૯**

### શબ્દાર્થ

**બિનું** = વિના, સિવાય **બોલન** = બોલતાં **બોલનકે** = બોલતા **જેહી** = જે **પત** = પતિ **પોખત હે** = પોખે છે, આપે છે, ભરે છે **સરભરહી** = સભરાભર, ભરપૂર, સરખા પ્રમાણમાં **એસે** = એવા **પરમ** = શ્રેષ્ઠ, મહાન **દયાલ** = દયાળુ **પ્રભુ પર** = પ્રભુના ઉપર, પરમેશ્વર ઉપર **અહંગ** = મારું, હું **વારી** = વારી જાવું છું **તીન** = તેમના **પરહી** = ઉપર.

### અનુવાદ

**અબોલને અને બોલે છે તેમનું પતિ (માલિક) સરખા પ્રમાણમાં પોષણ કરે છે. એવા મહાન દયાળુ પ્રભુ ઉપર હું મારુ સ્વરૂપ વારી જાઉં છું.**

### ભાવાર્થ

અબોલ સ્થાવર જાતિના ઘાટ અને બોલી શકે છે તેવા જંગમ જાતિના તમામ ઘાટનું સકર્તાપતિ સર્જનહાર એક સરખા પ્રમાણમાં પોષણ કરે છે. તેઓ કોઈના પ્રત્યે ભેદ-ભાવ (વળ) રાખતા નથી. એવા મહાન દયાળુ કૈવલકર્તા ઉપર કુવેરસ્વામી તેમનું શુદ્ધ ચૈતન સ્વરૂપ ન્યોછાવર કરે છે.

**આપને બિન વંદનકે જેહી તન, રખત તોય તીન હેતુ;**
**તો જેહી જન અહોનિષ ઝંખીતકે, ક્યૌ હરિ હોય ન સખેતુ. ૪૦**

### શબ્દાર્થ

**આપને** = પોતાને **બિન** = વિના, સિવાય **વંદનકે** = વંદના, ભક્તિ, સ્મરણ **જેહી** = જે **તન** = ઘાટ **રખત** = રાખે છે **તોય** = તેમ છતાં **તીન** = તેઓના ઉપર **હેતુ** = ભાવ, પ્રેમ, દયા **તો** = તો **જેહી** = જે **જન** = માનવો **અહોનિષ** = અહર્નિશ, રાત-દિવસ **ઝંખીતકે** = ઝંખના હોય, મનમાં તીવ્ર મળવાની આશા હોય, રટણ કરતા હોય **ક્યૌ** = કેમ **હરિ** = પ્રભુ, સ્વામી **હોય** = હોય **ન** = ન **સખેતુ** = સુખી, ખુશી, પ્રસન્ન.

## અનુવાદ

**જે ઘાટ પોતાના સર્જનહારની વંદના કરતા નથી, છતાં તેમની પર હેત રાખે છે. તો અહોનિશ રટણ કરનાર પર (તેમના ઉપર) પ્રભુ કેમ પ્રસન્ન ન હોય. ?**

## ભાવાર્થ

અબોલ સ્થાવર જાતિના ઘાટ સર્જનહારની સ્તુતિ પ્રાર્થના કરી શકતા નથી. તેમ છતાં તેવા ઘાટ ઉપર દયાળુ પ્રભુ સદાને માટે હેત રાખે છે. વળી સમય, સ્થળ અને સંજોગોને આધિન તેમની રક્ષા પણ કરે છે. તો પછી જે માનવો એવા દયાળુ કૈવલકર્તા પ્રત્યે અહોભાવ ધારણ કરીને રાત-દિવસ તેમનું રટણ કરતા હોયતો તેમના ઉપર પ્રભુ કેમ પ્રસન્ન ન હોય ?

**ઓરુ બિનું વંદન તનકે કરતા, પોષણ કરીત કહતહી;**
**ઈન્દ્રિ સમેટ વિકલ ચિત્ત ચલીત ન, રહત સેજ જતમતહી. ૪૧**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **બિનું વંદન** = ભક્તિ સિવાયના, સ્તુતિ વિનાના **તનકે** = ઘાટને **કરતા** = કર્તા, સર્જનહાર **પોષણ** = પોષણ **કરીત** = કરે છે **કહતહી** = કહ્યું છે **ઈન્દ્રિ** = ઈન્દ્રિયોને **સમેટ** = સહિત, સમેટીને **વિકલ ચિત્ત** = ચિત્તને વ્યાકુળ, અચેત **ચલીત ન** = ચાલી ન શકનારા **રહત** = રહે છે **સેજ** = સહેજ સ્વભાવે **જતમતહી** = જતમતપણે, જે સ્થિતિમાં છે તેજ સ્થિતિમાં, સ્થિતપ્રજ્ઞ.

## અનુવાદ

**વળી અબોલ ઘાટને સર્જનહાર પોષણ આપે છે. તેમ કહ્યું છે, કારણકે તે ઈન્દ્રિયો સહિત ચિત્તથી અચેત અને ચાલી ન શકનાર જે સહજ ભાવે જતમત પણે રહે છે.**

## ભાવાર્થ

વળી અગાઉ અબોલ ઘાટ જે સ્તુતિ-પ્રાર્થના ન કરી શકતા હોવા છતાં સર્જનહાર તેમનું પોષણ કરે છે તેમ કહ્યું, કારણકે તેવા ઘાટ ઈન્દ્રિયો અને ચિત્ત રહિત અચેત છે, વળી ચાલી ન શકવાને કારણે એક જ જગ્યાએ સ્થિર રહે છે. તેવા જતમતપણે સહજભાવે રહેતા ઘાટ છે.

**એહી વિધિ તજ્ઞ તંત તરુ દેખીત, ઓરુ નહીં બુરી ભલીનકે;**
**સહત ઘાવ આપને પર સબકે, કૃતા પાલત તવ તીનકે. ૪૨**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રકારે **તજ્ઞ** = તત્ત્વ જ્ઞાનથી, તત્ત્વને જાણીને **તંત** = તત્ત્વો, ઘાટ **તરુ** = વૃક્ષો **દેખીત** = જોઈ **ઓરુ** = અને **નહીં** = નથી કરતા **બુરી** = બુરાઈ **ભલીનકે** = ભલાઈ **સહત** = સહે છે **ઘાવ** = જખમ, પ્રહાર **આપને** = પોતાને **પર** = ઉપર **સબકે** = સર્વના **કૃતા** = સર્જનહાર **પાલત** = પાળે છે, પોષણ કરે છે, સંભાળ રાખે છે **તવ** = તેથી **તીનકે** = તેઓનું, તેમનો

### અનુવાદ

**આ પ્રમાણે તત્વજ્ઞાનથી વૃક્ષના ઘાટને જોઈને તેમજ કોઈની બુરાઈ કે ભલાઈ ન ઈચ્છનારાં તથા પોતાના ઉપર સૌના ઘા સહન કરનારા હોઈ સર્જનહાર તેમનું પાલન કરે છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિના અબોલ વૃક્ષના લક્ષણોને જ્ઞાનથી નિહાળીને તેમજ તેઓ કોઈની બુરાઈ કે ભલાઈ કદી ઈચ્છતા નથી તથા પોતાના પર સર્વ પ્રકારના ઘા સહન કરે છે. એવા વૃક્ષ જાતિનું સર્જનહાર, કૈવલકર્તા પાલન-પોષણ કરે છે.

**પ્રેમ પ્રિત જીનકે નહીં જણીતત, જ્ઞાન નહિં લવ લેશું;**
**સાર અસાર કછુ નહિં જાણત, અંધ પરમ જડ ભેશુ. ૪૩**

### શબ્દાર્થ

**પ્રેમ** = સ્નેહ, વાત્સલ્ય **પ્રિત** = લાગણી **જીનકે** = જેનામાં **નહીં** = નથી **જણીતત** = જણાતી **જ્ઞાન** = સમજ **નહિં** = નથી **લવ લેશું** = જરા પણ, સહેજ પણ, થોડી પણ **સાર** = સારુ **અસાર** = ખોટુ **કછુ** = કાંઈ, **નહિં** = નથી **જાણત** = જાણતા **અંધ** = ચક્ષુ વિહિન **પરમ** = વિશેષ પ્રમાણમાં **જડ** = જડ, અચેત **ભેશુ** = વેશ, શરીર, ઘાટ.

### અનુવાદ

**તેમનામાં સ્નેહ કે લાગણી હોતી નથી. વળી તેમનામાં લેશ માત્ર સમજ નથી.**

**તેઓ સાર અસાર કંઈ જાણતા નથી. એવા જડ ઘાટ પરમ અંધ છે.**

### ભાવાર્થ

આવી સ્થાવર જાતિમાં કોઈને અન્ય પ્રત્યે કે પોતાની સ્વજાતિમાં એક બીજા પ્રત્યે પ્રેમ કે લાગણી હોતી નથી. તેમનામાં લેશ માત્ર સમજ હોતી નથી. તેઓ સારું-નરસુ (ખરું-ખોટું) પણ કાંઈ જાણતા નથી. એવા ચક્ષુ વિનાના તે જડ અને પરમઅંધ સ્વરૂપે રહેલા છે.

**તોય રખત સંભાલ તેહુનકી, સરજનહાર સદ જેહી;**
**આપણ તો નિજ પરમપતિકે, જ્ઞાન સહિત ગુણ ગ્રેહી. ૪૪**

### શબ્દાર્થ

**તોય** = તેમ છતાં **રખત** = રાખે છે **સંભાળ** = કાળજી, દરકાર **તેહુનકી** = તેઓની **સરજનહાર** = રચયીતા, કર્તા **સદ** = પોતે **જેહી** = જે **આપણ તો** = આપણે તો **નિજ પરમપતિકે** = મૂળ સકર્તાપતિને **જ્ઞાન સહિત** = જ્ઞાન વડે **ગુણ** = ગુણોને **ગ્રેહી** = ગ્રહી શકીયે છીએ, પ્રાપ્ત કરી શકીયે છીએ.

### અનુવાદ

**તેમ છતાં સર્જનહાર તેમની સંભાળ રાખે છે. જ્યારે આપણે તો નિજ પરમપતિને જ્ઞાન સહિત ગુણોથી ગ્રહી શકીએ છીએ.**

### ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તા તો આવા અઢાર ભાર વૃક્ષ, વેલી, પાંદડી અને પનડી જાતિની સંભાળ રાખે છે. જ્યારે આપણે તો નિજ સકર્તાપતિ કૈવલકર્તાના અંશો છીએ. આપણે આપણા શુદ્ધ ચૈતન સ્વરૂપને ઓળખીને અંશ જેની સજાતિનો છે એવા કૈવલકર્તાને (જ્ઞાન સહિત લક્ષણોને આધારે ગુણોને અનુભવીને) પ્રાપ્ત કરી શકીએ છીએ.

**તો તીનકુ કયૌ દેત ન કરતા, પરમ મોક્ષ પદ આદુ;**
**તાંહી વસાવત અચલ કરીનકે, જેહી નિજ ધામ અનાદુ. ૪૫**

### શબ્દાર્થ

**તો** = તો પછી **તીનકુ** = તેઓને **ક્યૌ** = કેમ **દેત ન** = આપતા નથી **કરતા** = કર્તા, સર્જનહાર **પરમ મોક્ષ પદ** = શ્રેષ્ઠ મોક્ષનું પરમપદ **આદુ** = આદિ, પુરાણુ, આદ્ય **તાંહી** = ત્યાં **વસાવત** = વસાવે છે, સદાને માટે નિવાસ કરાવે છે **અચલ** = અચળ, સ્થિર **કરીનકે** = કરીને **જેહી** = જે **નિજ ધામ** = મૂળ આદિ ધામ, કૈવલધામ **અનાદુ** = અનાદિ.

### અનુવાદ

**તો પછી કર્તા તેઓને આદિ પરમમોક્ષનું પદ કેમ આપતા નથી ? વળી જે અનાદિ નિજ ધામ છે ત્યાં અચળ કરીને (કેમ) વસાવતા નથી ?**

### ભાવાર્થ

તો પછી સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા માનવોને આદિ પરમમોક્ષનું અંતિમ પદ કેમ આપતા નથી ? વળી જે અનાદિ નિજ કૈવલધામ કે જે બ્રહ્માંડથી તીત રહેલું છે, ત્યાં અચળ કરીને શા માટે નિવાસ કરાવતા નથી ?

# દેહ ધારીકો કર્તા નહિં સંબોધ વિષયકો
# અંગ ૧૦

**જો જડકે જતમત ત્યાગન પર, વાચ રહિત વિન હેતુ;**
**તીનકે કરીત નિભાવ નાથ નિજ, ક્યોં ન કરીત આપનેતુ. ૧**

### શબ્દાર્થ

**જો** = જો **જડકે** = જડવત રહેનારા **જતમત** = જતમત પણે, સ્થિર **ત્યાગન** = ત્યાગની **પર** = ઉપર **વાચ** = વાણી **રહિત** = વિના, સિવાય **વિન** = વિના **હેતુ** = ઉદ્દેશ, હેત, પ્રીત **તીનકે** = તેમના **કરીત** = કરે છે **નિભાવ** = પોષણ, રક્ષણ, ભરણ પોષણ **નાથ** = પતિ, ધણી **નિજ** = પોતે, મૂળ, આદિ **ક્યોં** = કેમ **ન** = નહીં **કરીત** = કરે **આપનેતુ** = આપણને, આપણું.

### અનુવાદ

**અબોલા (વાણી વગરના), પ્રેમ વિનાના જતમતપણે રહેલા જડ વૃક્ષોના ત્યાગને લીધે નિજ નાથ તેમનો નિભાવ કરે છે, તો પછી આપણો નિભાવ કેમ ન કરે ?**

### ભાવાર્થ

જે બોલી શકતા નથી તેવા અબોલા પ્રેમથી રહિત, જતમતપણે સ્થિર રહેલા અઢાર ભાર વનસ્પતિના ત્યાગને લીધે સર્જનહાર કૈવલકર્તા તેમનું ભરણ-પોષણ કરે છે. જ્યારે આપણે તો બોલી શકીએ છીએ તથા ભક્તિ-ઉપાસના કરીને સકર્તાપતિને પ્રસન્ન કરીએ, તો તેઓ આપણુ ભરણ-પોષણ કેમ ન કરે ?

**ઓરુ સ્થાવર જંગમકી ફરકીત, કહત સૂનો અબ જેહી;**
**સ્થાવરકે પ્રતિપાલન ઉપલે, જંગમ જનીત સનેહી. ૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **સ્થાવર** = સ્થાવર જાતિ **જંગમકી** = જંગમ જાતિનો **ફરકીત** = ફરક, તફાવત **કહત** = કહું છું **સૂનો** = શ્રવણ કરો, સાંભળો **અબ** = હવે **જેહી** = જે **સ્થાવરકે** = સ્થાવર જાતિને

**પ્રતિપાલન** = ભરણપોષણ, રક્ષણ **ઉપલે** = ઉપલક **જંગમ** = જંગમજાતિ **જનીત** = જણાય છે **સનેહી** = સ્નેહ, લાગણી.

## અનુવાદ

**હવે સ્થાવર-જંગમનો જે તફાવત છે તે હું કહું છું, તે સૌ કોઈ સાંભળો સ્થાવરનું ભરણ-પોષણ ઉપલક રીતે થાય છે જ્યારે જંગમનું સ્નેહપૂર્વક થતું હોય છે.**

## ભાવાર્થ

હવે સ્થાવર જાતિની વનસ્પતિ અને જંગમજાતિના વિવિધતાવાળા ઘાટનો જે તફાવત છે તે કુવેરસ્વામી કહે છે. તે સૌ કોઈને ચિત્ત દઈને સાંભળવા માટે અનુરોધ કરવામાં આવે છે. સ્થાવર જાતિનું ભરણ-પોષણ તેની બાહ્યદષ્ટિના વિકાસને અનુલક્ષીને ઉપલક થતું હોય છે. જ્યારે જંગમ જાતિના ઘાટનું ભરણ-પોષણ કોઈને આધિન સ્નેહપૂર્વકના સબંધને કારણે થતું હોય છે.

**તદીપ કરો તીનકે વંદન જન, અહો એસે પતિ અપને;**
**બ્રહ્માદિક ભવકુ જેહી દુરલભ, સુર પાવત નહિં સુપને. ૩**

### શબ્દાર્થ

**તદીપ** = તેના કારણે, તેથી **કરો** = કરો **તીનકે** = તેમને **વંદન** = વંદના, સ્તુતિ, પ્રાર્થના **જન** = માનવો **અહો** = અહોભાવ દર્શાવીને **એસે** = એવા **પતિ** = સ્વામી, માલિક **અપને** = આપણા **બ્રહ્માદિક** = બ્રહ્માથી માંડીને **ભવકુ** = શંકરને **જેહી** = જે **દુરલભ** = દુર્લભ, મળવું મુશ્કેલ **સુર** = દેવો **પાવત** = પ્રાપ્ત કરે **નહિં** = નહિં **સુપને** = સ્વપ્ન અવસ્થા.

## અનુવાદ

**તેથી માનવોએ તેમની વંદના કરતાં કહેવું કે અહો ! આપણા પતિ એવા છે ? કેમ કે બ્રહ્મા સહિત શંકર અને દેવોને પણ સ્વપ્નાંતરે પ્રાપ્ત કરવા દુર્લભ છે.**

## ભાવાર્થ

તેથી માનવોએ એવા સકર્તાપતિ સર્જનહારની સ્તુતિ-પ્રાર્થના કરવી જોઈએ.

એવા મહાન દયાળુ કૈવલકર્તા છે. તેમનો મનમાં અહોભાવ પદર્શિત કરવો જોઈએ. કારણકે બ્રહ્માજીની આદ્ય લઈ શંકર સહિતના અન્ય દેવોને પણ એવા મહાન કૈવલકર્તાને સ્વપ્નાંતરે પણ પ્રાપ્ત થવા અત્યંત દુર્લભ છે.

**જીનકી કરીત નેતિ નિગમાદિક, તે ન પતિ ઉતઈતમેં;**
**એ ભવકે સિદ્ધાંત સકલ મહી, લખીત નહિં કોઉ કીતમે. ૪**

**શબ્દાર્થ**

**જીનકી** = જેમના માટે **કરીત** = કરી છે **નેતિ** = ન ઈતિ, જેનો કોઈ અંત નથી **નિગમાદિક** = નિગમ, આદિ ધર્મગ્રંથોએ **તે** = તે **ન** = નથી **પતિ** = સ્વામી, માલિક **ઉતઈતમેં** = મૃત્યુલોક કે દેવલોકમાં **એ** = એ **ભવકે** = દુનિયાના, વિશ્વના **સિદ્ધાંત** = પ્રસ્થાપિત માન્યતા, મત **સકલ** = સર્વ, તમામ **મહી** = અંદર, માં **લખીત** = જણાયા, દર્શાવ્યા **નહિં** = નથી **કોઉ** = કોઈએ **કીતમે** = ક્યાંય.

**અનુવાદ**

**તે પતિ મૃત્યુલોક અને દેવલોકમાં ન હોવાથી તેમને માટે નિગમ સહિતમાં નેતિ કહી છે. આ વિશ્વનાં તમામ સિદ્ધાંતોમાં (તેમના વિશે) કોઈએ કશું પણ લખ્યુ જ નથી.**

**ભાવાર્થ**

એવા સકર્તાપતિ સર્જનહારની રચના પૈકીના દેવલોક અને મૃત્યુલોકની આદ્ય લઈ સમગ્ર બ્રહ્માંડમાં સર્જનહાર ન હોવાને કારણે બ્રહ્માજીએ પોતાના ચાર વેદમાં ‘નેતિ’ શબ્દનો પોકાર કર્યો છે. વળી આ જગતના સર્વ ધાર્મિક, મત-પંથો અને સિદ્ધાંતોમાં મહાન કૈવલ પતિ વિષે કોઈએ ક્યાંય પણ દર્શાવ્યું નથી કે તેની શોધ કરવા માટે કોઈએ પ્રયત્ન પણ કર્યો નથી.

**તેહી પતિનકે અંશ સકલ ઈત, અચર ચરાચર માંહી,**
**સુર સુરીનર મુનિજન અજભવ લ્યૌ, પ્રકૃતિ પુરુષ લગ જાંહી. ૫**

**શબ્દાર્થ**

**તેહી** = તે **પતિનકે** = માલિકના, ધણીના **અંશ** = સજાણ જાણ, ચૈતન સ્વરૂપ **સકલ** = સર્વ **ઈત** = અહીં **અચર** = સ્થાવર **ચરાચર** = જંગમ **માંહી** = માં **સુર સુરીનર** = દેવી-દેવતાઓ **મુનિજન** = મુનિજનો

**અજ** = બ્રહ્મા **ભવ** = શંકર **લ્યૌ** = સુધી **પ્રકૃતિ** = આદ્ય શક્તિ **પુરુષ** = નિરંજન પુરુષ **લગ** = સુધી **જાંહી** = જ્યાં, જેમાં.

## અનુવાદ

**નિરંજન પુરુષ, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આદ્ય લઈ સર્વ દેવી-દેવતાઓ, મુનિજનો તેમજ સ્થાવર-જંગમના સર્વ ઘાટમાં તે સકર્તાપતિના જ અંશો છે.**

## ભાવાર્થ

આદિ પુરુષ નિરંજન, આદ્ય શક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા મહાન દેવતાઓની આદ્ય લઈ અન્ય સામાન્ય તેત્રીસ કરોડ દેવતાઓ નવ કરોડ દેવીઓ, મુનિજનો તેમજ સ્થાવર અને જંગમના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ સહિત દરેકમાં સકર્તાપતિ કૈવલકર્તાના અંશો વસેલા છે.

**તેહી સકલ નિજપતિ કરતવકે, કરતા થઈ સરાયે;**
**અલ્પજ્ઞે જીનું અંશ આલંબીત, નિજ ગમ ગતિ ન પાયે. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકલ** = સર્વ **નિજપતિ** = સકર્તાપતિના, માલિકના પોતાના **કરતવકે** = કૃત, રચના પૈકીના **કરતા** = માલિક **થઈ** = થઈને **સરાયે** = સરાહના પામ્યા છે, પ્રશંસા પામ્યા છે, વખાણ્યા છે **અલ્પજ્ઞે** = અલ્પજ્ઞ, સામાન્ય **જીનું** = જે **અંશ** = અંશો **આલંબીત** = આધાર રાખીને, આધાર લઈને **નિજ ગમ** = મૂળ સમજ **ગતિ** = જ્ઞાન **ન** = નથી **પાયે** = પ્રાપ્ત કર્યું, પામ્યા.

## અનુવાદ

**તે બધા નિજપતિની રચના પૈકીના હોવા છતાં જગતના જીવો દ્વારા પ્રશંસા પામ્યા છે. સામાન્ય અંશો તેઓને અવલંબીત થઈને રહ્યા છે. જેથી નિજ ગમ-ગતિને પામી શક્યા નથી.**

## ભાવાર્થ

મૃત્યુલોકમાં વસતા સ્થાવર-જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ અને

અંતરિક્ષમાં છ મહાદેવોની આદ્ય લઈને તેત્રીસ કરોડ દેવતાઓ અને નવ કરોડ દેવીઓ સહિત બધા જ નિજપતિની રચના પૈકીના છે. તેમ છતાં આચાર્યોએ વિશેષ વિભૂતિવાન દેવી-દેવતાઓની માલિક તરીકે સ્થાપના કરીને પ્રશંસા કરી છે. તે કારણે સામાન્ય અંશો તેવા વિભૂતિવાન દેવી-દેવતાઓનો આધાર રાખીને તેમની સરાહના કરે છે. આ પ્રમાણે સાચા સર્જનહારની મૂળ સમજના અભાવે સત્ય જ્ઞાનને પ્રાપ્ત કરી શક્યા નથી.

**તદપી તાય ભવભરકે ઈષ્ટમહી, આપન અંશ તીનું નાંહી;**
**એતો ભવ ભરમાવન ઈતકે, તીતકી ગતિ ન કાંહી. ૭**

### શબ્દાર્થ

**તદપી** = તેથી, તેમ છતાં **તાય** = તેઓ **ભવભરકે** = સમગ્ર વિશ્વના **ઈષ્ટમહી** = મોટાઓમાં **આપન** = આપણે **અંશ** = સજાણ જાણ ચૈતન અંશ સ્વરૂપ **તીનું** = તેમના **નાંહી** = નથી **એતો** = એતો **ભવ** = સંસારને **ભરમાવન** = ભરમાવવા માટે **ઈતકે** = અહીંના **તીતકી** = ત્યાંની **ગતિ** = સમજ, જ્ઞાન, જાણ **ન** = નહિં **કાંહી** =કાંઈ.

### અનુવાદ

**જગતભરના સર્વ દેવી-દેવતાઓની સજાતિના આપણે અંશો નથી. તીતની ગતિને કોઈ ન જાણનારા અહીંના આચાર્યોએ આ રીતે જગતને ભરમાવ્યું છે.**

### ભાવાર્થ

તેથી જગતભરના સર્વ દેવી-દેવતાઓની સજાતીના આપણે અંશો નથી. બ્રહ્માંડથી પરે રહેલા સકર્તાપતિના પરમપદની સાચી સમજ ન હોવાથી અજ્ઞાની આગેવાન ધર્મ સ્થાપકોએ અંતરિક્ષના દેવીધામોમાં વસેલા દેવી-દેવતાઓને જ માલિક તરીકે સ્થાપના કરી. આ પ્રમાણે સમગ્ર જગતને અવળે માર્ગે વાળીને ભ્રમણામાં નાંખી ભરમાવ્યું છે.

**જબ આપને તીનું અંશ વિનાતો, તીનું આપને ક્યા લાગે;**
**બડે બંધુકુ બાપ કહત હો, ગંદુર જ્ઞાન અભાગે. ૮**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **આપને** = આપણે **તીનું** = તેઓના **અંશ** = અંશ **વિનાતો** = સિવાઈતો, વિનાતો **તીનું** = તેઓ **આપને** = આપણે **ક્યા** = શું **લાગે** = લગાવ હોય, સબંધ હોવા, લાગે વળગે **બડે** = મોટા **બંધુકુ** = ભાઈને **બાપ** = પિતા **કહત હો** = કહો છો **ગંડુર** = ગાંડા **જ્ઞાન** = જ્ઞાનથી, સમજથી **અભાગે** = અભાગીયા, ભાગ્યહિન.

### અનુવાદ

**જ્યારે આપણે તેમના અંશ નથી તો પછી આપણને શું લાગે વળગે ? હે ગાંડા જ્ઞાનથી અભાગિયાઓ ! મોટાભાઈને બાપ કહો છો ?**

### ભાવાર્થ

મહાન અને ઐશ્વર્યવાન વિભૂતિ ધરાવતા દેવી-દેવતાઓ નાશવંત દેહધારી છે, અને આપણે પણ નાશવંત દેહ ધારણ કરેલો છે. આપણે અને તેઓ સર્જનહારની રચના પૈકીના જ ઘાટ છે. દરેક ઘાટમાં રહેલા ચૈતન અંશો એ કર્તાની સજાતિના છે, તો પછી આપણે વિભૂતિવાન દેવી-દેવતાઓના સજાતીય અંશો ન હોવાને કારણે આપણને અને તેમના વચ્ચે શું સબંધ હોય ? જગતના ગાંડા, અજ્ઞાની અને ભાગ્યહીન માનવો ! ઐશ્વર્યવાન દેવતાઓ તો આપણા મોટા ભાઈ સમાન હોવા છતાં તેમને શા માટે બાપ કહેવા જોઈએ ? અર્થાત્ મોટાભાઈને કદી પણ પિતા કહેવાય નહિં.

**રાજકુંવર પાટનકે પતકો, અમલ સકલ શિર રાજે;**
**બરન અઢાર અનુજ બંધવ પર, આણ્ય જેહુનકી છાજે. ૯**

### શબ્દાર્થ

**રાજકુંવર** = રાજના કુંવર **પાટનકે** = મોટા, સોથી જયેષ્ટ **પતકો** = રાજનો **અમલ** = હુકમ, સત્તા **સકલ** = સર્વના **શિર** = માથે **રાજે** = લાગે **બરન અઢાર** = અઢારે વર્ણના લોકો **અનુજ** = નાના **બંધવ** = ભાઈઓ **પર** = ઉપર **આણ્ય** = આજ્ઞા, આદેશ **જેહુનકી** = જેની, તેઓની **છાજે** = છવાઈ રહે.

### અનુવાદ

**રાજા બનેલા જ્યેષ્ઠ રાજકુંવરનો અમલ દરેક ઉપર લાગે છે, જેમાં અઢારે જાતિ અને નાના ભાઈઓ ઉપર તેની આણ્ય છવાય છે.**

### ભાવાર્થ

જેવી રીતે રાજાની રાજગાદી (સિંહાસન) ઉપર જ્યેષ્ઠ રાજકુંવર બેઠેલો હોવાથી તેનો અમલ રાજ્યના દરેક વ્યક્તિ ઉપર ચાલતો હોય છે. જેમાં અઢારે વર્ણના માનવો તેમજ તેના અન્ય નાના-ભાઈઓ ઉપર પણ પાટવી રાજકુંવરનો હુકમ સમાન રીતે છવાઈ રહે છે.

**અનુજ બંધ ગાદીપત વિનકે, ઓર હુકમ વિન જેહી;**
**પિતાપક્ષ સરભરકે સમંધી, અધિક નુન્ય કિનું કેહી. ૧૦**

### શબ્દાર્થ

**અનુજ** = નાના **બંધ** = ભાઈઓ **ગાદીપત** = રાજગાદી, રાજ સિંહાસન **વિનકે** = સિવાયના, વિનાના **ઓર** = અને **હુકમ** = સત્તા **વિન** =વિનાના **જેહી** = જે **પિતાપક્ષ** = પિતાનાં સબંધે, પિતાનાં તરફે **સરભરકે** = સમાન, સરખે સરખા **સમંધી** = સબંધી, નાતો ધરાવતા **અધિક** = મોટા **નુન્ય** = નાના **કિનું** = કોણ **કેહી** = કોનાથી.

### અનુવાદ

**રાજગાદી સિવાયના અને સત્તા વિનાના જે નાના ભાઈઓ છે, તે પિતાના સબંધે એક સરખા છે. તેમાં નાના કે મોટા કોને કહી શકાય ?**

### ભાવાર્થ

રાજાનો સૌથી મોટો રાજકુંવર ગાદીપતિ થઈને રાજ્ય સંભાળે છે. તેના નાના ભાઈઓ રાજગાદી સિવાયના હોવાથી રાજ્યના કારભાર અંગેનો અમલ અને સત્તા તેમની પાસે હોતાં નથી. આમ છતાં વંશજો અને કુટુંબીઓના સબંધને ધ્યાનમાં લેતાં બધા એક જ પિતાના સંતાનો હોવાથી બધા ભાઈ-ભાઈ વચ્ચે સરખો સબંધ ધરાવે છે. જેમાં કોણ કોને નાનાં કે મોટાં કહી શકે ?

**રાજહુકમ ગાદીનસે માનત, લોક સકલ સબ જીનકુ;**
**એહી વિધકી પ્રભુતા જીનું બંધવ, પિતા કહત નહીં તીનકુ. ૧૧**

### શબ્દાર્થ

**રાજહુકમ** = રાજનો હુકમ, રાજાનો આદેશ **ગાદીનસે** = ગાદીપતિ હોવાને નાતે, રાજગાદી પર હોવાને લીધે **માનત** = માને છે **લોક** = રૈયત, પ્રજા **સકલ** = સર્વ **સબ** = બધા **જીનકુ** = જેનો **એહી** = એ **વિધકી** = પ્રમાણેની **પ્રભુતા** = મોટાઈ, મોભો, ઐશ્વર્ય **જીનું** = જેના **બંધવ** = ભાઈને **પિતા** = પિતા, બાપ **કહત** = કહેવાય **નહીં** = નહિં **તીનકુ** = તેને.

### અનુવાદ

**બધા જ લોકો રાજગાદીના રાજહુકમને માને છે. આ પ્રમાણે મોટાભાઈનો મોભો હોવા છતાં તેને પિતા કહેતા નથી.**

### ભાવાર્થ

રાજગાદી પર બેઠેલા જયેષ્ઠ રાજકુંવરના હુકમને તેના નાના ભાઈઓ સહિત રાજ્યની તમામ રૈયત (પ્રજા) માને છે. પોતાના મોટા ભાઈનો વૈભવ અને મોભો હોવા છતાં તેના નાના ભાઈઓ ભલે સત્તા વિહિન હોય અને આદેશનું પાલન કરતા હોવા છતાં રાજગાદી પર બેઠેલા રાજાને કદાપી પિતા (બાપ) કહેતા નથી.

**જેહી જીનકે અધિકાર સમોવડ, તેહી તીનસે તમ રહીયે;**
**પણ મોટે બંધવ અમલીસે, તીનકુ તાત નવ કહીયે. ૧૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **જીનકે** = જેનાં **અધિકાર** = સત્તા, હકુમત, **સમોવડ** = સમાન, બરોબરી **તેહી** = તેની **તીનસે** = તેને **તમ** = તેમ **રહીયે** = રહીયે, રહેવુ જોઈએ **પણ** = પરંતુ **મોટે** = મોટા **બંધવ** = ભાઈ **અમલીસે** = સત્તાધીશને **તીનકુ** = તેને **તાત** = પિતા, બાપ **નવ** = ના **કહીયે** = કહેવાય.

### અનુવાદ

**જેનો જેવો અધિકાર હોય તેને તેની સાથે તેમ રાખવું જોઈએ. પરંતુ મોટા ભાઈ અધિકારી હોય તો તેને બાપ કહેવાય નહીં.**

### ભાવાર્થ

રાજ્યના ધારા ધોરણ અને નીતિ નિયમ મુજબ જેનો જેવો અમલી અધિકાર હોય

તેને તેની સત્તા અને મોભા મુજબ માન સન્માન આપવુ જોઈએ. તેમની સાથે રૈયતે પણ તે મુજબ વર્તન કરવું જોઈએ. એ જ રીતે નાના ભાઈઓએ પણ રાજગાદી પર બિરાજમાન મોટા ભાઈનું રાજા તરીકે જ સન્માન જાળવવું (રાખવું) જોઈએ. તેમનો એ જ સાચો રાજ ધર્મ છે. પરંતુ રાજગાદી પર બેઠા છે તેવા મોટા ભાઈને બાપ કદી ન કહેવાય.

**તેહી માટે નિજ તાત સકલકે, એકહી સર્જનહારે;**
**બ્રહ્મા વિષન માહેશ શેષ લ્યૌ, પ્રકૃતિ પુરુષ લગ સારે. ૧૩**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે **નિજ** = મૂળ, આદિ, પોતાના **તાત** = પિતા, માલિક **સકલકે** = સર્વના **એકહી** = એક જ **સર્જનહારે** = સર્જનહાર, કર્તા, બનાવનારા, **બ્રહ્મા** = બ્રહ્માજી **વિષન** = વિષ્ણુ **માહેશ** = શંકર **શેષ** = શેષ નારાયણ **લ્યૌ** = સુધી, સહિત **પ્રકૃતિ** = મહામાયા, આદ્યશક્તિ **પુરુષ** = નિરંજન પુરુષ **લગ** = સુધીના **સારે** = સર્વ.

### અનુવાદ

**તેટલા માટે નિરંજન પુરુષ, આદ્યશક્તિ અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા શેષ નારાયણ સુધી બધાના એક જ સર્જનહાર છે.**

### ભાવાર્થ

તેટલા માટે ચોક્કસ કહી શકાય કે આદ્ય પુરુષ નિરંજન, આદ્યશક્તિ મહામાયા સહિત બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને શેષ નારાયણ સુધી બધા જ દેહધારીઓને ઉત્પન્ન કરનારા એક જ સકર્તાપતિ સર્જનહાર છે.

**આગલે ભયે પુરાની પરખ વિન, નિજ કરતાર ન સુઝે;**
**તીનકી કહી સુનીત ભવભરકે, જંત અજાણ અમુઝે. ૧૪**

### શબ્દાર્થ

**આગલે** = આગળ **ભયે** = થઈ ગયેલા **પુરાની** = પ્રાચીન, જૂના **પરખ વિન** = ઓળખ્યા સિવાય, જાણ્યા સિવાય **નિજ** = મૂળ આદિ **કરતાર** = સર્જનહાર, કર્તા **ન** = નહિં **સુઝે** = જાણ્યા **તીનકી** = તેઓની

**કહી** = કહેલી વાતો, કહેલુ **સુનીત** = સાંભળીને **ભવભરકે** = જગતભરના **જંત** = માનવો **અજાણ** = અજાણ્યા **અમુઝે** = અમુઝ, વ્યાકુળ, ગભરૂ, ગભરામણવાળા.

## અનુવાદ

**આગળના પ્રાચીન થઈ ગયેલાઓની ઓળખ વિના નિજ કરતાર જાણ્યા નહીં. તેમનું કહ્યું સાંભળીને જગતભરના માનવો અજાણ્યા અને અમુઝણમાં રહ્યા.**

## ભાવાર્થ

અગાઉ થઈ ગયેલા મહાપુરુષોમાં પરીક્ષણ કરવાની શક્તિના અભાવે સાચા સર્જનહારને તેઓ ઓળખી શક્યા નહીં અને ઐશ્વર્યવાન અવતારોની વિભૂતિમાં અંજાઈ ગયા. તેમનું કહ્યું સાંભળીને જગતભરના અજ્ઞાની અને અબુજ માનવો પણ પરમપદના જ્ઞાનથી અજાણ્યા રહેતાં મુંઝવણમાં પડ્યા છે.

**તદીપ તાય ગુણ નામ રુપકે, ઈશતા થઈ સરાવે;**
**તેહી સકલ આપને બડ બંધવ, નિજ કરતાર ન કહાવે. ૧૫**

### શબ્દાર્થ

**તદીપ** = તેથી **તાય** = તેવા **ગુણ** = ગુણો સહિત, ગુણવાળા **નામ** = નામધારી **રુપકે** = આકારધારી, સ્વરૂપધારી **ઈશતા** = મહાન, મોટા **થઈ** = થઈને **સરાવે** = સરાહ્યાના પામ્યા છે **તેહી** = તે **સકલ** = સર્વ, તમામ **આપને** = આપણા **બડ બંધવ** = મોટાભાઈ **નિજ કરતાર** = મૂળ સર્જનહાર, આદિ કર્તા **ન** = ન **કહાવે** = કહી શકાય, કહેવાય.

## અનુવાદ

**તેથી તે નામ, રૂપ, ગુણવાળા ઈશ્વર થઈને સરાહના પામ્યા છે. તે બધા આપણા મોટાભાઈ છે. પરંતુ નિજકર્તા ન કહેવાય.**

## ભાવાર્થ

વિશ્વમાં જે નામ ધારણ કરેલ છે તેવા ત્રણ ગુણના લક્ષણોવાળા અને તત્ત્વોના મિશ્રણવાળા શરીર ધારણ કર્યા હોય તેવા દેહધારી તમામ પોતાની ઐશ્વર્યતા અને

સર્જનહારે પોખેલી વિભૂતિને કારણે સરાહના પામ્યા છે. પરંતુ તેવા મહાન ગણાતા સર્વ આપણા મોટાભાઈ છે. જેથી મોટાભાઈ તરીકેની ફરજ બજાવતા અને પાલન-પોષણનો કારભાર કરતા મોટાભાઈને કદી પણ પિતા કે સર્જનહાર કહી શકાય નહીં.

**નિજ કર્તા અવતાર લેત નહિં, એહી સકલ ઠગબાજી;**
**જેહી જીનકે આચારજ ને ઈત, થપે અનિત ઈતરાજી. ૧૬**

### શબ્દાર્થ

**નિજકર્તા** = સર્જનહાર પોતે **અવતાર** = શરીર ધારણ કરીને પૃથ્વી પર અવતરણ થવું તે **લેત નહિં** = લેતા નથી **એહી** = એતો **સકલ** = સર્વ **ઠગબાજી** = ઠગવાની વાતો છે, ઠગ વિદ્યાની કરામત છે **જેહી** = જે, જેથી **જીનકે** = જેની **આચારજ ને** = આચાર્યો એ **ઈત** = અહીં **થપે** = સ્થાપના કરી છે તે **અનિત** = નાશવંત ખોટી, મિથ્યા **ઈતરાજી** = એમને રાજી રાખવાની આપવડાઈ.

### અનુવાદ

**નિજકર્તા અવતાર લેતા જ નથી. અહીંના જે આચાર્યોએ જેમની સ્થાપના કરી છે તે મિથ્યા આપ વડાઈ હોઈ એ સર્વ ઠગ વિદ્યા છે.**

### ભાવાર્થ

સકર્તાપતિ સર્જનહાર કદી પણ પોતાની બનાવેલી રચનામાં અવતાર ધારણ કરીને આવતા જ નથી. અહીં જે જે ધર્માચાર્યો થઈ ગયા તેમણે જે જે મહાપુરુષો કે અવતારાદિક દેવી-દેવતાઓને ઈષ્ટ તરીકે સ્થાપના કરીને તેમને રાજી રાખવા માટેની આપ વડાઈ સિવાય કાંઈ જ કર્યું નથી. આ તો માત્ર ધર્માચાર્યો દ્વારા સમાજને ઠગવા માટેની ઠગ વિદ્યા જ છે.

**જ્યૌ વનકે ગૌચાર ગોવાલન, થપે શ્રેષ્ઠ કર એકુ;**
**જીનકે હુકમ મહી સબ વરતત, પણ ચારન નિજ ગેકુ. ૧૭**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **વનકે** = વન-વગડામાં **ગૌચાર** = ગાયો ચરાવનાર **ગોવાલન** = ગોવાળો **થપે** = સ્થાપે, નક્કી કરે **શ્રેષ્ઠ** = નેતા, મહાન, મોટા **કર** = કરીને **એકુ** = એકને **જીનકે** = જેનો **હુકમ** = આદેશ, આજ્ઞા

**મહી** = માં, અંદર **સબ** = બધા **વરતત** = વર્તે છે **પણ** = પરંતુ **ચારન** = ચરાવવાનું કામ **નિજ** = મૂળ, પોતે **ગેકુ** = ગાયોને.

### અનુવાદ

**જેમ વન-વગડામાં ગાયો ચારતા ગોવાળિયાઓ કોઈને આગેવાન તરીકે નક્કી કરે છે. તેના હુકમમાં બધા વર્તતા હોય છે. પરંતુ બધા ગાયોને જ ચરાવતા હોય છે.**

### ભાવાર્થ

જેમ વન-વગડામાં ગાયો ચરાવનાર ગોવાળીયાઓ જ્યારે ગાયો ચરાવવા જાય ત્યારે બધા ગોવાળિયાઓ એકને નેતા નક્કી કરે છે. બીજા બધા જ ગોવાળિયાઓ તેના આદેશનું પાલન કરતા હોય છે અને તે મુજબ ગાયો ચરાવે છે. આમાં અન્ય ગોવાળિયાઓ અને જે નેતા બનેલો છે તે ગોવાળિયો એમ બધા જ મૂળ તો ગાયો ચરાવવાનું જ કામ કરતા હોય છે.

**જો કદાપિ ગૌ ખૂન કરે જિન, તેહી રોષ કર ધાવે;**
**ભાગી જાત બડ સહિત સકલ જન, તાંહાં નહીં અમલ પસાવે. ૧૮**

#### શબ્દાર્થ

**જો** = જો **કદાપિ** = કોઈ કારણ વસાત્, કદાચ **ગૌ** = ગાય ખૂન **કરે** = મારીનાંખે **જિન** = તેઓનામાંથી, કોઈનું **તેહી** = તે **રોષ કર** = ગુસ્સો કરીને **ધાવે** = પાછળ પડે, દોડે **ભાગી જાત** = ભાગી જાય, દૂર થઈ જાય, જતા રહે **બડ** = આગેવાન, નેતા **સહિત** = સાથે **સકલ જન** = બધા, દરેક જણા, સર્વ ગોવાળો **તાંહાં** = ત્યાં **નહીં** = ના **અમલ** = સત્તા, અધિકાર **પસાવે** = પસારો, ફેલાવો, ચાલી શકે, અજમાવવું, અખતરો કરવો.

### અનુવાદ

**જો કદાચ ગાય રોષ કરીને દોડીને તેમનામાંથી કોઈનું ખૂન કરે તો નેતા સહિત બધા જ ગોવાળિયાઓ નાસી જાય છે. પણ ત્યાં તેનો અમલ ચાલતો નથી.**

### ભાવાર્થ

સંજોગવસાત્ કોઈ ગાય ગાંડી થઈ ગોવાળો સામે દોડી આવે તો તે વખતે નેતા સહિત બધા જ ગોવાળિયાઓ પોતાનો જાન (જીવ) બચાવવા નાસી જાય છે. જો

કદાચ ગાય કોઈને મારી નાંખે તો નેતા અને અન્ય ગોવાળિયાઓનો અમલ ગાયો ઉપર ચાલતો નથી.

**એહી વિધિકે ભગવાન થપે ભવ, ગૌ ગોવાલન સરખે;**
**જન્મ મરણ તેહી મેટ શકે કયૌ, જીવ થાપન વિનું પરખે. ૧૯**

### શબ્દાર્થ

**એહી વિધિકે** = એજ પ્રમાણે **ભગવાન** = મોટા ઈષ્ટ **થપે** = સ્થાપ્યા **ભવ** = ભવમાં, જગતે **ગૌ** = ગાય **ગોવાલન** = ગોપાળ **સરખે** = સરખા, ના જેવાજ **જન્મ મરણ** = જન્મ અને મરણ **તેહી** = તેઓના **મેટ** = મટાડી **શકે** = શકે **ક્યૌ** = કેવી રીતે, કેમ શું **જીવ** = જીવોના **થાપન** = સ્થાપેલા **વિનું** = સિવાય, વગર **પરખે** = પરીક્ષા, પરખ, યોગ્યતા.

### અનુવાદ

**આ પ્રમાણે યોગ્યતા વિના જગતમાં ગાયોના ગોવાળની જેમ ભગવાન તરીકે સ્થાપ્યા છે, તો પછી જન્મ-મરણ કેવી રીતે મટાડી શકે ?**

### ભાવાર્થ

આ પ્રમાણે જગતમાં પણ સામાન્ય જીવોને સહાયભૂત થનાર વિભૂતિવાન મહાપુરુષો અને અવતારાદિક દેવી-દેવતાઓ સર્જનહારની રચેલા પૈકીના જીવો છે. તેમાંથી સ્થાપિત કરેલા ભગવાનો પણ અન્ય જીવોની જેમ નાશવંત દેહધારીઓ જ છે. જગતે કોઈ પણ કર્તાપણાની સામર્થ્યતાનું પરિક્ષણ (તપાસ) કર્યા સિવાય માત્ર ઐશ્વર્યતામાં અંજાઈને વિભૂતિવાન પુરુષોની ભગવાન તરીકે સ્થાપના કરેલી હોઈ જીવોના જન્મ-મરણનું દુઃખ તેઓ કેવી રીતે મટાડી શકે ?

**માટે નિજકર્તા નિજ ઘરથી, અચલ ચલી નહીં આવે;**
**જો જન હોય સૃષ્ટમાં સાચે, તીનકુ તાંહી બોલાવે. ૨૦**

### શબ્દાર્થ

**માટે** = તેથી **નિજકર્તા** = સર્જનહાર પોતે **નિજ ઘરથી** = પોતાના ધામમાંથી **અચલ** = અચળ **ચલી નહીં આવે** = ચાલીને આવતા નથી **જો જન** = જે માનવ, જે વ્યક્તિ **હોય** = હોય

**સૃષ્ટમાં સાચે** = જગતમાં સાચા, વિશ્વમાં સત્ય પથ પર ચાલનારા **તીનકુ** = તેઓને **તાંહી** = ત્યાં **બોલાવે** = બોલાવી લે છે.

### અનુવાદ

**માટે નિજકર્તા પોતાના અચળ ધામમાંથી ચલાયમાન થઈને આવતા નથી. જો સૃષ્ટિમાં કોઈ સાચો માનવ હોય તો તેને ત્યાં બોલાવે છે.**

### ભાવાર્થ

સૌને ઉત્પન્ન કરનાર સર્જનહાર પોતે પોતાના અચળ કૈવલધામમાંથી ચલાયમાન થઈને પોતાની બનાવેલી સૃષ્ટિમાં કદી આવતા નથી. જો સૃષ્ટિમાં કોઈ સત્યના પથ પર ચાલનાર યોગ્ય વ્યક્તિ લાગે તો તેવા અધિકારી અંશને સર્જનહાર પોતે કૈવલ ધામમાં બોલાવી લે છે.

## અલ્પજ્ઞે નર રાજ અનિતકે, તેહી પણ હુકમ બજાવે;
## અરથ પરે તીનુ લેત બોલાઈત, પણ નિજ રાય ન જાવે. ૨૧

### શબ્દાર્થ

**અલ્પજ્ઞે** = સામાન્ય રીતે **નર રાજ** = માનવોમાં રાજા **અનિતકે** = અનિત્ય, નાશવંત, મિથ્યા, અલ્પ શક્તિ **તેહી પણ** = તે પણ **હુકમ** = હુકમ, આજ્ઞા **બજાવે** = ફરમાવે છે **અરથ પરે** = જરૂર પડે ત્યારે **તીનુ** = તેને **લેત** = લે છે **બોલાઈત** = બોલાવી **પણ** = પરંતુ **નિજ રાય** = રાજા પોતે **ન જાવે** = જતા નથી.

### અનુવાદ

**સામાન્ય રીતે અલ્પકાલીન રાજા પણ હુકમ બજાવીને જરૂર પડે તેને બોલાવી લે છે, પરંતુ રાજા પોતે જતા નથી.**

### ભાવાર્થ

સામાન્ય રીતે જોતાં અલ્પકાલીન રાજા પણ રાજગાદી પર બિરાજમાન રહીને રાજ્યભરમાં પોતાનો હુકમ ચલાવે છે. રાજ્યમાં જો કોઈ ગુનાહીત કાર્ય કરે તો તેને દંડ દેવો કે સારાં કાર્ય માટે તેને શાબાશી યા ઈનામ આપવા માટેની સ્થિતિ પેદા થાય તો રાજા તેને હુકમ કરીને પોતાના અમલદારો દ્વારા રાજસભામાં બોલાવે છે, પરંતુ

રાજા તે વ્યક્તિ પાસે સામે ચાલીને જતા નથી.

**એ તો નિજ કરતાર પુરંજન, જીનકે કોહુ ન તોલે;**
**ઈંડ સરવ બિન અમલ જેહુનકે, તેહી કયૌ ઘેર ઘેર ડોલે. ૨૨**

**શબ્દાર્થ**

**એ તો** = એતો **નિજ** = પોતે **કરતાર** = સર્જનહાર **પુરંજન** = પુરાણ, માયાથી રહિત **જીનકે** = જેમની **કોહુ** = કોઈ **ન** = નહીં **તોલે** = બરાબરી, સરખામણી **ઈંડ** = ઘાટ **સરવ** = સર્વના **બિન** = ઉપર **અમલ** = હુકમ, સત્તા **જેહુનકે** = જેઓની **તેહી** = તેઓ **કયૌ** = કેમ, શા માટે **ઘેર ઘેર** = ઘરે ઘર **ડોલે** = ફરે, વિચલીત થાય.

**અનુવાદ**

**એ તો પોતે માયા રહિત સર્જનહાર છે. જેમની સરખામણીમાં કોઈજ નથી તેમનો અમલ અસંખ્ય ઘાટ ઉપર હોય તે શા માટે ઘેર ઘેર ફરે ?**

**ભાવાર્થ**

સર્જનહાર માયાથી રહિત અને બ્રહ્માંડથી તિત રહેલા પુરાણા પુરુષ છે. તેઓ સદાને માટે પોતાના કૈવલધામમાં નિવાસ કરે છે. તેમનો અમલ સમગ્ર બ્રહ્માંડમાં વસતા અસંખ્ય ઘાટ ઉપર વર્તાય છે. જેમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ ધરાવતા સૌનો સમાવેશ થાય છે. તો પછી એવા સૌના અમલી કૈવલકર્તા દેહ ધારણ કરીને ઘેર ઘેર શા માટે વિચરણ કરે ?

**જેહી ઘેર ઘેર ડોલનકી ઈશતા, ગાદીપત નહીં તાઈ;**
**રાજદ્વાર સપાયનકુ જીત, પઠવાવત તાંહાં જાઈ. ૨૩**

**શબ્દાર્થ**

**જેહી** = જે **ઘેર ઘેર** = ઘેરે ઘેર **ડોલનકી** = ફરવાની, રખડવાની **ઈશતા** = સામર્થતા **ગાદીપત** = રાજા **નહીં** = નથી **તાઈ** = તેઓની, તેમની **રાજદ્વાર** = રાજ દરબારમાં, રાજમહેલમાં **સપાયનકુ** = સિપાઈઓને **જીત** = જ્યાં **પઠવાવત** = મોકલે **તાંહાં** = ત્યાં **જાઈ** = જાય.

### અનુવાદ

**જે ઘેર ઘેર ફરતા હોય તેમની સામર્થ્યતા જોતાં તે રાજા ન હોઈ શકે, કારણકે રાજદરબારમાં સિપાઈઓને જ્યાં મોકલવામાં આવે ત્યાં તે જાય છે.**

### ભાવાર્થ

રાજા જરૂરિયાત મુજબ રાજદરબારમાંથી સિપાઈઓને રાજ્યમાં જ્યાં જરૂર પડે તે પ્રમાણે ત્યાં મોકલે છે, પરંતુ રાજા પોતે સામે ચાલીને રાજ્યમાં ઘેર ઘેર જતા નથી. જે ઘેર ઘેર ફરતા હોય તેની સામર્થ્યતા જોતાં તે રાજા ન હોઈ શકે પરંતુ તેમના સિપાઈઓ છે તેમ નિશ્ચિતપણે કહી શકાય.

**ત્યૌ નરપત નર પુરુષ નિરંજન, જેહી શકતનકે હેતુ;**
**દશ અવતાર પઠાયલ જીનકે, ચૌદેઈ અંશ સમેતુ. ૨૪**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી રીતે **નરપત** = રાજા **નર પુરુષ નિરંજન** = પૂર્ણ નિરંજન પુરુષ **જેહી** = જે **શકતનકે** = શક્તિના, મહામાયાના **હેતુ** = ઉદ્દેશ, કારણ, આશય **દશ અવતાર** = દશ અવતારાદિક પુરુષો **પઠાયલ** = મોકલ્યા **જીનકે** = જેઓના **ચૌદેઈ** = ચૌદ **અંશ** = અંશો **સમેતુ** = સમેત, સહિત.

### અનુવાદ

**તેવી જ રીતે રાજા રૂપ નર જાતિમાં શ્રેષ્ઠ એવા નિરંજન પુરુષે શક્તિના આશયને માટે ચૌદેય અંશ સહિત દશ અવતારને મોકલ્યા છે.**

### ભાવાર્થ

તેવી જ રીતે સૃષ્ટિમાં રાજા રૂપ રહેલા નર જાતિના પૂર્ણ સ્વરૂપ પરમ વિશેષ અંશ આદ્ય નિરંજન પુરુષે આદ્ય શક્તિ મહામાયાના ઉદ્દેશને સહાયભૂત થવા માટે ચૌદેય વિશેષ અંશો સહિત વિષ્ણુના દશ અવતારોને પૃથ્વી પર મોકલેલા છે.

**તેહી ન જાનત પરમ પુરુષકુ, જીને અંશ ઉપજાયે;**
**જેહી સામાન્ય વિશેષ આદ્ય લ્યૌ, રહે અગ્ય અનુરાયે. ૨૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **ન** = નહીં **જાનત** = જાણતા **પરમ પુરુષકુ** = પરમપુરુષને **જીને** = જેમણે **અંશ** = અંશોને **ઉપજાયે** = ઉત્પન્ન કર્યા **જેહી** = જે **સામાન્ય** = સામાન્ય **વિશેષ** = વિશેષ **આદ્ય લ્યૌ** = સહિતની આદ્ય લઈને **રહે** = રહ્યા **અગ્ય** = અજ્ઞાની, અજાણ **અનુરાયે** = અગાઉની માન્યતા પ્રમાણે, પ્રારંભિક માન્યતા મુજબ, પ્રસ્થાપિત થયેલી મંતવ્યને અનુસરીને.

### અનુવાદ

**જેમણે અંશ ઉત્પન્ન કર્યા છે તેવા પરમપુરુષને તેઓ જાણતા નથી. પ્રારંભથી રાયને અનુસરીને સામાન્ય વિશેષની આદ્ય લઈ સૌ અજ્ઞાન રહ્યા છે.**

### ભાવાર્થ

જેમણે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણે પ્રકારના અંશોને ઉત્પન્ન કર્યા છે. એવા પૂર્ણ ચૈતન કૈવલકર્તાને અગાઉ વર્ણવેલા વિશેષ અને પરમ વિશેષ અંશો જાણતા નથી. જેથી વિશ્વના પ્રારંભમાં જ સામાન્ય વિશેષની આદ્ય લઈને સૌ અજ્ઞાની હોઈ પરમપુરુષ રૂપ કૈવલકર્તાથી અજ્ઞાત અને અજાણ્યા રહ્યા છે.

**વિશેષકે સિદ્ધાંત બ્રહ્મકે, તેહી નિગમસે પાયે;**
**આપ નહીં અનુભવ અવિગતકે, સુરતી કહીત રત લાયે. ૨૬**

### શબ્દાર્થ

**વિશેષકે** = વિશેષ અંશોએ **સિદ્ધાંત બ્રહ્મકે** = બ્રહ્મ સિદ્ધાંતને **તેહી** = તે **નિગમસે** = ચાર વેદના અધ્યયનથી **પાયે** = પ્રાપ્ત કર્યા છે **આપ** = પોતે **નહીં** = નથી **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અવિગતકે** = અવિગતનું, બ્રહ્માંડથી તિત રહેલા પરમપદનું **સુરતી** = શ્રૃતિ, વેદએ **કહીત** = કહેલામાં **રત** = પ્રેમ, આશક્તિ, ચાહના **લાયે** = લાવ્યા, રાખી.

### અનુવાદ

**વિશેષ અંશોનો બ્રહ્મ સિદ્ધાંત છે. જે નિગમમાંથી પ્રાપ્ત કર્યો છે. પોતાને અવિગતનો અનુભવ ન હોવાથી વેદએ જે કહ્યું તેમાં પ્રીતિ રાખે છે.**

## ભાવાર્થ

વિશેષ અંશોની માન્યતા બ્રહ્મ સિદ્ધાંતમાં સ્થિર થયેલી છે. જે બ્રહ્મ સિદ્ધાંત તેઓએ ચાર વેદના અધ્યયનથી પ્રાપ્ત કર્યો છે. કારણકે બ્રહ્માજી પણ પાંચમાં મુખના છેદન બાદ પરમપદની સમજ વિસ્મૃતિ પામ્યા પછી તેમણે ચાર વેદમાં સર્વ શ્રેષ્ઠ પદ તરીકે બ્રહ્મને સ્થાપિત કર્યુ છે. પોતાને બ્રહ્મની પણ પુરી યથાયોગ્ય સમજ અને પરમપદનો અનુભવ ન હોવાને કારણે 'નેતિ' નો પોકાર કરીને પોતાની અજાણપણાની સંમતિ દર્શાવી છે. તેથી ત્યાર પછીના બધા જ વિશેષ અંશો બ્રહ્માજીના વદેલા વેદનો જ આધાર રાખીને બ્રહ્મ સિદ્ધાંતમાં જ પ્રીતિ રાખીને રહ્યા છે.

# અન્ય ગુરુઓ અને પરમગુરુની પિછાનકો
# અંગ ૧૧

**ઓરુ સામાનય અંશ અવિલંબે, સુનિત પુરાન કવિતકે;**
**નિજકે જ્ઞાન વિના ગતિ હીણસે, ભયે સકલ જીત તીતકે. ૧**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **સામાનય** = સામાન્ય **અંશ** = અંશો **અવિલંબે** = અવલંબિત, પરાધિન, આધાર રાખીને **સુનિત** = સાંભળી **પુરાન** = પુરાણની **કવિતકે** = કવિતાને **નિજકે** = પોતાના **જ્ઞાન** = સમજ, જાણ **વિના** = સિવાય **ગતિ હીણસે** = જ્ઞાન વિના, સમજ વગર **ભયે** = થયા **સકલ** = સર્વ **જીત તીતકે** = જ્યાં ત્યાં.

### અનુવાદ

**અને સામાન્ય અંશો પુરાણની કવિતા સાંભળીને પરાધિન થઈ ગયા તથા પોતાના ‘સ્વ’નું જ્ઞાન અને સમજ વિનાના થવાથી જ્યાં તે ત્યાં ફસાયા છે.**

### ભાવાર્થ

સંસારમાં વ્યાસજી દ્વારા નિર્મિત કાલ્પનિક કવિતા રૂપ પુરાણ સાંભળીને સામાન્ય જીવો તેમાં જણાવેલી વાતોનો આધાર રાખીને જીવન જીવવા લાગ્યા અને પરાધિન બની ગયા છે. જેના કારણે પોતાના ચૈતન સ્વરૂપ અંશની સાચી સમજ (યથાર્થ જ્ઞાન)ના અભાવે ધર્માચાર્યોએ સ્થાપેલા ગુણ ઈન્દ્રિયો અને આકારવાળા અવતારાદિક મહાપુરુષો તથા ઐશ્વર્યવાન સંત પુરુષોના શરણમાં જ્યાં ફાવટ આવી ત્યાં સમર્પિત થઈને ફસાયા છે.

**એહી પરકાર અંધ અખિલ કુલ, વિશેષ સહિત સમોહુ;**
**એતને માંહી પરમપતિકી ગત, કલિત નહીં કિન કોહુ. ૨**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **અંધ** = આંધળા **અખિલ કુલ** = સર્વ મળીને **વિશેષ** = વિશેષ અંશો **સહિત** = સહિત **સમોહુ** = સમુહ, જુથ **એતને માંહી** = આટલામાં, તેમનામાં **પરમપતિકી** = પરમપતિની

**ગત** = સમજ, જ્ઞાન **કલિત** = જાણી **નહીં** = નથી **કિન કોહુ** = કાંઈ કોઈએ, કોઈ પણ, કોઈએ કોને.

## અનુવાદ

**એ પ્રકારે વિશેષ અંશોના સમુહ સહિત સર્વ (મળીને) અંધ સમાન રહ્યા તેથી આટલા બધામાં કોઈ પણ પરમ પતિની ગતિને કળી શકયા નથી.**

## ભાવાર્થ

આ પ્રકારે સામાન્ય અંશોની આદ્ય લઈ વિશેષ અંશો સહિત દરેકે દરેક પરમપદની સમજ વિનાના જ્ઞાનચક્ષુથી અંધ રહ્યા છે. પરિણામે પોતાના સજાતીય મહદ્ સજાણ જાણ કૈવલ પતિને ઓળખ્યા વિનાના અજાણ્યા રહ્યા છે.

**જેહી અનુભવ અવિલોક એહુનકે, દેખેહુ દષ્ટ કરીનકે;**
**આદ્ય થકી અબલગ લ્યુ કોઉને, કિયે ન ભાલ ફરીનકે. ૩**

### શબ્દાર્થ

**જેહી** = જે **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અવિલોક** = બારીકાઈથી નિહાળતાં **એહુનકે** = એમનો **દેખેહુ** = જોયુ, દેખ્યુ **દષ્ટ** = નજર **કરીનકે** = કરીને **આદ્ય થકી** = પ્રારંભથી **અબલગ લ્યુ** = અત્યાર સુધી **કોઉને** = કોઈએ **કિયે** = કરી **ન** = નહીં **ભાલ** = તપાસ, શોધ **ફરીનકે** = પાછું વળીને, પુનઃ વિચારણા કરીને, ઉલટવૃત્તિ કરીને.

## અનુવાદ

**એમનો જે અનુભવ છે તેનુ દષ્ટિ દ્વારા અવલોકન કરતાં જણાય છે કે પ્રારંભથી તે અત્યાર સુધીમાં કોઈએ પાછા ફરીને સત્યની શોધ કરી જ નથી.**

## ભાવાર્થ

સામાન્ય અને વિશેષ એમ બધા જ અંશોના અનુભવને જ્ઞાનદષ્ટિ દ્વારા બારીકાઈથી અવલોકન કરીને નિહાળતાં સ્પષ્ટ જણાય છે કે સૃષ્ટિના પ્રારંભથી અત્યાર સુધીના લાંબા સમયગાળામાં કોઈએ પણ પોતાની વૃત્તિઓને ઉલટાવી પુનઃ વિચારણા કરીને સકર્તા પતિની તપાસ કરવા પ્રયત્ન કર્યો નથી.

**વેદ પુરાણ જ્ઞાનકે ગમકી, લહી ગતિ સુજ સબનહી;**
**ઉલજે અંશ સકલ જીતકે તીત, વિશેષ સહિત સુજનહી. ૪**

### શબ્દાર્થ

**વેદ** = ચાર વેદ **પુરાણ** = વ્યાસજી રચિત કાલ્પનિક વાતો, અઢાર પુરાણ **જ્ઞાનકે** = જ્ઞાનની, સમજણની **ગમકી** = સમજની **લહી** = જાણી **ગતિ** = જાણ, માહિતી **સુજ** = સમજ **સબનહી** = સર્વએ, બધા જ **ઉલજે** = ફસાયા, અટકી પડ્યા, મુઝવણમાં પડ્યા **અંશ** = અંશો **સકલ** = બધા **જીતકે તીત** = જ્યાં ને ત્યાં **વિશેષ** = વિશેષ અંશો **સહિત** = સાથે **સુજનહી** = સજ્જનો.

### અનુવાદ

**વેદ-પુરાણના જ્ઞાનને જાણીને સૌની સમજની પહોંચ ત્યાં સુધીની છે. તેથી વિશેષ અંશો અને સજ્જનો સહિતના તમામ અંશો જ્યાં ને ત્યાં ફસાયા છે.**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા વદેલા ચાર વેદ અને વ્યાસજી દ્વારા રચેલા કાલ્પનિક અઢાર પુરાણમાં દર્શાવેલી માહિતી (જ્ઞાન) જાણીને દેવ, દાનવો અને માનવો સહિત સર્વની સમજ ત્યાં સુધીની જ રહેવા પામી. જેના કારણે વિશેષ અંશોની આદ્ય લઈ સજ્જનો સહિતના સર્વ અંશો જ્યાં ઠીક લાગ્યું ત્યાં ચિત્તવૃત્તિને સ્થિર કરવાથી ફસાયા છે.

**યાતે અખિલ અંશ અનુસુજીત, નિજ કરતાર પતિનકે;**
**દિવ્ય ચક્ષુ નરણીત કરીત કહી, પેખીત રતી રતીનકે. ૫**

### શબ્દાર્થ

**યાતે** = આથી, તેથી **અખિલ** = સમસ્ત, બધા **અંશ** = અંશો **અનુસુજીત** = સૂઝ વગરના, સમજ્યા વિનાના, અણસમજુ **નિજ કરતાર** = મૂળ સર્જનહાર, પોતાના કર્તા **પતિનકે** = પતિને **દિવ્ય ચક્ષુ** = દિવ્ય દૃષ્ટિવાળુ, જ્ઞાનચક્ષુ, અંતરજ્ઞાનથી **નરણીત** = નિર્ણય **કરીત** = કરીને **કહી** = કહી **પેખીત** = પરીક્ષા કરી, નિહાળીને, અવલોકન કરીને **રતી રતીનકે** = રતીએ રતીને, જરાયે જરા, થોડામાંથી પણ થોડુ.

### અનુવાદ

**આથી સર્વ અંશો નિજ કરતાર પતિની સૂઝ વગરના રહ્યા છે. આ પ્રમાણે**

**(પરમગુરુ) દિવ્ય ચક્ષુ દ્વારા રતીએ રતીની પરીક્ષા કર્યા પછી નિર્ણય કરીને જ કહ્યું છે.**

## ભાવાર્થ

આ કારણથી સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ અખિલ સૃષ્ટિના બધા જ અંશો પોતે જેના સજાતિ છે એવા સકર્તાપતિ સર્જનહારની સમજ વગરના અજાણ રહેલા છે. કુવેરસ્વામીએ તેમના દિવ્ય જ્ઞાનચક્ષુ દ્વારા રતીએ રતીની પરીક્ષા કર્યા બાદ ન્યાયપૂર્વકનો નિર્ણય કરીને જ આ તારણ રજૂ કર્યું છે.

**નહીં નંદ કોઉ કરીત ન્યાય બીન, તરક તમા ધરીયનકે;**
**નિજ ગમ લહીત નવેર નિરાક્રણ, થપીત થાપ જગ જીનસે. ૬**

### શબ્દાર્થ

**નહીં** = નથી **નંદ** = નિંદા **કોઉ** = કોઈની **કરીત** = કરીને **ન્યાય બીન** = ન્યાય સિવાય **તરક** = તર્ક, અનુમાન, અટકળ, અડસટ્ટે **તમા** = તમોગુણ, ગુસ્સો, ક્રોધ **ધરીયનકે** = ધારણ કરીને **નિજ ગમ** = પોતાની સમજ દ્વારા **લહીત** = સમજી, વિચારી, જાણી **નવેર** = નિર્ણય **નિરાક્રણ** = નિરાકરણ, ખુલાસો, અંતિમ, પરિણામ **થપીત** = સ્થપાયેલ **થાપ** = સ્થાપના **જગ** = જગતમાં **જીનસે** = જેમના દ્વારા.

## અનુવાદ

**ન્યાય વિના કોઈની નિંદા કરી નથી, અનુમાન કે ક્રોધ ધારણ કર્યો નથી. પરંતુ જગતમાં જેઓએ સ્થાપના કરી છે તે મેં પોતાની સમજથી જાણી વિચારીને જ સત્ય નિરાકરણ કર્યુ છે.**

## ભાવાર્થ

ઉપર પ્રમાણેનો નિર્ણય કુવેરસ્વામીએ અનુમાન કે ક્રોધ ધારણ કરીને કર્યો નથી. તેમજ ન્યાયપૂર્વકના નિર્ણય વગર કોઈની નિંદા કરી નથી, પરંતુ જગતના જે સ્થાપિત સિદ્ધાંતો, મત પંથો અને આદી ધર્મગ્રંથો કહેવાતા ચાર વેદ, શાસ્ત્ર અને પુરાણને જ્ઞાન ચક્ષુ દ્વારા તપાસ્યા બાદ સમજી વિચારીને સત્ય નિરાકરણ કર્યું છે.

**જેતને ભર ભવમાંહી ભયે જન, અવધકાલ તન ધારી;**
**તેતને ભર નહીં નિજ કારણપદ, ક્રતા અંશ અવતારી. ૭**

### શબ્દાર્થ

**જેતને ભર** = જેટલા જેટલા, જેટલો સમુહ **ભવમાંહી** = જગતમાં, વિશ્વમાં **ભયે** = થયા **જન** = માનવી **અવધકાલ** = અવધિકાળ, નાશવંત **તન** = શરીર **ધારી** = ધારણ કરેલ **તેતને ભર** = તેટલા બધા જ **નહીં** = નથી **નિજ** = મૂળ, આદિ **કારણપદ** = કારણરૂપે રહેલું પદ **ક્રતા** = સર્જનહારના **અંશ** = અંશો **અવતારી** = અવતાર ધારણ કરેલ.

### અનુવાદ

**જે જે માનવો વિશ્વમાં નાશવંત શરીર ધારણ કરનારા તે મૂળ કારણરૂપે કર્તા નથી. પરંતુ બધા કર્તાના અવતારી અંશો છે.**

### ભાવાર્થ

વિશ્વમાં અવધિકાળવાળાં નાશવંત શરીર ધારણ કરીને જે જે જન્મ્યા છે અને મૃત્યુ પામ્યા છે તે બધા જ જગતના મૂળ કારણરૂપ કર્તાપદને ધારણ કરનાર સર્જનહાર નથી. પરંતુ તે બધા અવતારીઓ તો બ્રહ્માંડને ધારણ કરનાર ધણી એવા કૈવલકર્તાના ઉત્પન્ન કરેલ સજાતીય ચૈતન અંશો જ છે.

**બીન સત્‌ગુરુ એહી મહાદ મરમહી, પરમ ગતિ નહીં પાવે;**
**એહી વિધિ છાણ કરનકે સામ્રથ, ગુરુ પરમ દરશાવે. ૮**

### શબ્દાર્થ

**બીન** = સિવાય, વિના **સત્‌ગુરુ** = સદગુરુ **એહી** = એ **મહાદ** = મહાન, શ્રેષ્ઠ **મરમહી** = મર્મને, રહસ્યને **પરમ ગતિ** = મહાન ગતિ, શ્રેષ્ઠ ગતિ **નહીં પાવે** = પ્રાપ્તના કરે **એહી વિધિ** = આ રીતે, આ પ્રમાણે **છાણ** = છણાવટ **કરનકે** = કરવા માટે, કરીને **સામ્રથ** = સમર્થ **ગુરુ પરમ** = પરમગુરુ **દરશાવે** = દર્શાવે જણાવે.

### અનુવાદ

**સત્‌ગુરુ સિવાય આ મહાદ મર્મની પરમગતિને પ્રાપ્ત કરી શકાય નહીં. એ**

**પ્રમાણેની છણાવટ કરીને સમર્થ પરમગુરુ દર્શાવે છે.**

## ભાવાર્થ

નાશવંત શરીર ધારણ કરનાર સર્જનહાર હોઈ ન શકે, વળી સર્વ અંશો જેની સજાતિના છે એવા કૈવલકર્તાના પરમપદની મહાન ગતિના મર્મને સત્‌ગુરુ સિવાય કોઈ પ્રાપ્ત કરાવી શકે તેમ નથી. આ પરમગતિ પ્રાપ્ત કરવા માટેનું કૈવલજ્ઞાન બધી જ રીતે છણાવટ કરીને સમગ્ર બ્રહ્માંડમાં માત્રને માત્ર એક એવા કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે.

**અબકે કહત ગુરુ એહી ભવકે, ત્યાગ વિના તપ હીનકે;**
**રહેણી કરણી કરનકે કાહર, ઓરુ નહીં જ્ઞાન અગમકે. ૯**

### શબ્દાર્થ

**અબકે** = હવે **કહત** = કહું છું **ગુરુ** = ગુરુઓ **એહી** = આ **ભવકે** = સંસારના, જગતના, વિશ્વના **ત્યાગ વિના** = ત્યાગ સિવાય, વૈરાગ વગરના **તપ હીનકે** = તપ વિનાના, તપશ્ચર્યા સિવાયના **રહેણી કરણી** = આચરણ અને કર્મ, રીત-ભાત, આચાર-વિચાર **કરનકે** = કરવાના **કાહર** = કાયર, નામર્દ, ના હિંમત, અક્ષમતાવાળા, અનુત્સાહિત **ઓરુ** = અને **નહીં** = નથી **જ્ઞાન** = સમજ, જાણ, માહિતી **અગમકે** = અગમની, બ્રહ્મથી પરે રહેલા પરમપદની.

## અનુવાદ

**હવે આ ભવના ગુરુ વિષે કહું છું કે તેઓ ત્યાગ અને તપશ્ચર્યા વિનાના રહેણી-કરણીમાં કાયરતાવાળા અને અગમપદના જ્ઞાન વિનાના છે.**

## ભાવાર્થ

જગતમાં ગુરુ તરીકેનું પદ (સ્થાન) ધરાવતા અને પોતાને ગુરુ તરીકે ઓળખાવતા પુરુષો અંગે હવે પછી કુવેરસ્વામી આપણને જણાવે છે કે-તેમનામાં ત્યાગ કે વૈરાગનો અભાવ હોય છે. તેઓ આત્મકલ્યાણ માટે શરીર અને ઈન્દ્રિયોને કષ્ટ આપી કોઈ વ્રત કે નિયમ પાળીને તપશ્ચર્યા કરતા નથી. આ ઉપરાંત ઇન્દ્રિયો દ્વારા કરવામાં આવતા કર્મ અને આચરણમાં કાયરતા દાખવે છે. જેથી તેમનામાં

અગમ પદનું જ્ઞાન હોતું નથી.

**ઓર લહત નહીં આપનુ આપ નિજ, પુનિ અંશકે કરતા;**
**જીનકે શુદ્ધ સંકલ્પે સકલ કુલ, જેહી ઉપજાવન હરતા. ૧૦**

### શબ્દાર્થ

**ઓર** = અને **લહત નહીં** = જાણતા નથી **આપનુ** = પોતાનું **આપ નિજ** = સ્વ ચૈતન સ્વરૂપ **પુનિ** = વળી **અંશકે** = અંશના **કરતા** = કર્તા, ઉત્પન્ન કરનાર, સર્જનહાર **જીનકે** = જેમના **શુદ્ધ સંકલ્પે** = શુદ્ધ સંકલ્પથી **સકલ કુલ** = સર્વ રચના, સમસ્ત રચના **જેહી** = જે **ઉપજાવન** = ઉત્પન્ન કરનારા **હરતા** = નાશ કરનારા, પ્રલય કરવાવાળા.

### અનુવાદ

**વળી પોતાના નિજ સ્વરૂપને તેમજ અંશના કર્તાને પણ જાણતા નથી કે જેમના શુદ્ધ સંકલ્પથી સમસ્ત આલમ (દુનિયા)ની ઉત્પત્તિ અને પ્રલય થાય છે.**

### ભાવાર્થ

વળી કહેવાતા ગુરુઓ પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને પણ જાણતા નથી. ચૈતન અંશ જેની સજાતિનો છે તેવા મહદ્ સજાણ જાણ પૂર્ણ ચૈતન અંશીને પણ જાણતા નથી કે તેમના શુદ્ધ સંકલ્પ દ્વારા આ સમગ્ર બ્રહ્માંડની રંગબેરંગી રિદ્ધિ સિદ્ધિથી ભરપુર રચના થયેલી છે. તેઓએ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોની રચના કરેલી છે, તે દેહોને ચલાયમાન (ચેતનવંત) કરનાર સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોને પણ તેમણે જ ઉત્પન્ન કરેલા છે. વળી શુદ્ધ સંકલ્પ સમાવી દેતાં જે ઉત્પત્તિ કરી છે તેને ક્રમશઃ નાશ કરનારા પણ તેઓ જ છે. એવા નિજ કૈવલકર્તાને પણ તેઓ જાણતા નથી.

**તેહી કરતાર પ્રીછ વિનુ પરમીત, મરમીત મોજ કરનકે;**
**ઉપલે ઠાઠ ભેખકુ ભજવીત, લજવીત ત્યાગ તરનકે. ૧૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **કરતાર** = કર્તા, સર્જનહાર **પ્રીછ** = જણ્યા **વિનુ** = વિના **પરમીત** = અલૌકિક, વ્યાપક **મરમીત** = લૌકિક, માપક **મોજ** = આનંદ, ખુશી **કરનકે** = કરવા માટે **ઉપલે** = ઉપલક

**ઠાઠ** = ઠઠારો, ભપકો, શોભા **ભેખકુ** = ભેખનો **ભજવીત** = ભજવીને **લજવીત** = લજવે છે **ત્યાગ** = ત્યાગ, વૈરાગ **તરનકે** = ભવપાર કરવાનો.

## અનુવાદ

**તેઓ વ્યાપકની જાણ વિના માપકમાં મોજ કરે છે. અને ઉપલક ઠાઠવાળા ભેખને ભજવીને ભવસાગર તરવા માટેના ત્યાગને લજવે છે.**

## ભાવાર્થ

આવા ઠગ ગુરુઓ વ્યાપક શાશ્વતપદને જાણ્યા વિના જગતના નાશવંત માપક પદોમાં મોજ માણીને સંસારમાં લોપાયમાન થઈ, ઉપલક ઠાઠવાળો ભેખ ભજવીને ભવસાગર તરવા માટે લીધેલા ભેખને લજવે છે.

**યા વિધિ ભેખ ધરીત સબ ઠગકે, દુનિ દેખાવન દરસી;**
**પોમી પરનકે રુચીત પદારથ, પણ ન પાય પદ અરસી. ૧૨**

### શબ્દાર્થ

**યા વિધિ** = આ રીતે, આ પ્રમાણે **ભેખ** = ભેખ **ધરીત** = ધારણ કરીને **સબ** = બધાને **ઠગકે** = ઠગીને, ઠગનો **દુનિ** = દુનિયાને **દેખાવન** = દેખાડવા, બનાવવા **દરસી** = દેખાડે, દશ્યમાન કરે **પોમી** = પૃથ્વી **પરનકે** = પરના **રુચીત** = મન પસંદ, ઈચ્છિત, મન ગમતા **પદારથ** = પદાર્થ, ભોગ **પણ** = પરંતુ **ન** = નહીં **પાય** = પ્રાપ્ત કરે **પદ** = સ્થાન, ધામ **અરસી** = અંતરિક્ષના.

## અનુવાદ

**આ પ્રમાણે દુનિયાને દેખાડવા પુરતો ભેખ ધારણ કરીને સૌને ઠગે છે, જેથી પૃથ્વી પરના મનગમતા પદાર્થો પ્રાપ્ત કરે, પરંતુ અંતરિક્ષના પદને પ્રાપ્ત કરી શકે નહીં.**

## ભાવાર્થ

આ પ્રમાણે કહેવાતા ભેખધારી ગુરુઓ દુનિયાને દેખાડવા પુરતો ભેખનો ઠાઠ બતાવે છે. તેના બહાના હેઠળ દુનિયાના ભક્તજનો પાસેથી ધન-સંપત્તિ, દ્રવ્ય અને

શરીરનું શોષણ કરીને સર્વને ઠગે છે. ભેખને આધારે ઢોંગી ગુરૂઓ પોતાને મન-પસંદ ભૌતિક સુખાકારીના સર્વ પદાર્થો પ્રાપ્ત કરે છે, પરંતુ તેઓ કદી પણ અંતરિક્ષના પરમપદને પ્રાપ્ત કરી શકતા નથી.

**અરસી તો અવિનાશી એક નિજ, ઓર સકલ પદ પરસી;**
**કાલ ઝકોરનકે જેહી લાયક, નામ રુપ ગુણ ધરસી. ૧૩**

### શબ્દાર્થ

**અરસી** = અંતરિક્ષના **તો** = તો **અવિનાશી** = શાશ્વત **એક** = એક જ **નિજ** = પોતાના, આદિ **ઓર** = અન્ય **સકલ** = સર્વ **પદ** = પદો, ધામ **પરસી** = સ્પર્શવા યોગ્ય **કાલ** = કાળ **ઝકોરનકે** = ઝપાટાને **જેહી** = જે **લાયક** = અનુરૂપ, યોગ્ય, ઉચિત **નામ** = નામ **રુપ** = સ્વરૂપ, આકાર **ગુણ** = ત્રિગુણાત્મક લક્ષણો **ધરસી** = ધારણ કરેલા.

### અનુવાદ

**અરસી તો એક આપણા અવિનાશી કર્તા છે,જ્યારે બીજા બધા પદો સ્પર્શી છે. જે નામ, રૂપ અને ગુણ ધરાવતા હોઈ કાળના ઝપાટાને લાયક છે.**

### ભાવાર્થ

અરસી એટલે અંતરિક્ષમાં બ્રહ્માંડથી પરે આવેલુ પદ કે જે આપણા ચૈતન અંશના સજાતીય સકર્તાપતિ કૈવલકર્તાનું અવિનાશી કૈવલપદ છે. જ્યારે બાકીના બધા દેવી-દેવતાઓનાં પદો છે કે જે નામ રૂપ અને ગુણવાળાં હોઈ કાળના ઝપાટામાં આવે તેવા નાશવંત પદો છે. એટલે કે કાળના ભક્ષણને લાયક નાશવંત હોઈ મહાપ્રલય કાળે નાશ પામનારા છે.

**એસેહી ભેખનકે ભવ બોધક, પાવત ક્યૌ સરજનકુ;**
**જેસે લગત ફૂલ ફલ જીનકે, વિવિધી ભાતી સબ વનકુ. ૧૪**

### શબ્દાર્થ

**એસેહી** = એવા, તેવા **ભેખનકે** = ભેખના **ભવ** = સંસાર, જગતના **બોધક** = બોધ લેનારા **પાવત** = પ્રાપ્ત કરે **ક્યૌ** = કેમ કરીને **સરજનકુ** = સર્જનહારને **જેસે** = જેવી રીતે **ફૂલ ફલ** = ફૂલો અને

ફળો **જીનકે** = જેના, જેવા **વિવિધ** = વિધ વિધ **ભાતી** = પ્રકારના **સબ** = સર્વ **વનકુ** = વનને, જંગલમાં.

## અનુવાદ

**એવા ભેખધારીઓનો જગતમાં ઉપદેશ લેનારાઓ સર્જનહારને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? જેમ કે વનમાં ઊગેલા વૃક્ષોની જેવી જાતિ તેવા તેને સર્વ ફળ-ફૂલ લાગે છે.**

## ભાવાર્થ

જંગલોમાં અનેક પ્રકારનાં રંગબેરંગી ફૂલો અને ફળો હોય છે, પરંતુ તેમાં જેવી વૃક્ષની જાતિ તેવા તેના ફળ-ફૂલ લાગતાં હોય છે. તેમ સંસારમાં પણ એવા ઢોંગી અને ઠગારા ગુરૂઓના ઉપદેશ ગ્રહણ કરનારાઓ પરમપદને ક્યાંથી પામી શકવાના ? કારણ કે જેવા જેમના ગુરુઓ તેવા જ તેમના ઉપદેશ ગ્રહણ કરનારા એમ બંને સરખા જ હોય છે.

**જેહી પરકાર સ્વાદકે તરવર, તેહી તીનકે ફલ હોઈ;**
**મિષ્ટ મધુર ખટ કટુક ચરપરા, વરખ સરિખ સબ કોઈ. ૧૫**

### શબ્દાર્થ

**જેહી** = જે **પરકાર** = પ્રકારના **સ્વાદકે** = સ્વાદના **તરવર** = વૃક્ષ, વનસ્પતિ **તેહી** = તેવા **તીનકે** = તેના **ફલ** = ફળો **હોઈ** = હોઈ છે **મિષ્ટ** = મીઠાં **મધુર** = ગળ્યાં **ખટ** = ખાટાં **કટુક** = કડવા **ચરપરા** = ચરપરા **વરખ** = વૃક્ષ **સરિખ** = સરખા, સમાન, જેવા **સબ** = સર્વ **કોઈ** = કોઈ.

## અનુવાદ

**જે પ્રકારના સ્વાદવાળા વૃક્ષ, તેવાં તેનાં ફળ હોય છે. જેમાં વૃક્ષની જાતિ મુજબ સર્વ કોઈ મીઠાં, ગળ્યાં, ખાટાં, કડવા કે ચરપરા હોય છે.**

## ભાવાર્થ

જે પ્રકારના ફળ આપનારા વૃક્ષો હોય તેના ઉપર તે જ પ્રકારના સ્વાદવાળા ફળો લાગતાં હોય છે. જેમાં વૃક્ષ જાતિ મુજબ તેનાં લાગેલાં ફળોના સ્વાદ મીઠાં, ગળ્યા, ખાટા, કડવા કે ચરપરા એમ અલગ-અલગ હોય છે.

**તેસેહી શિષ ગુરુ વૃક્ષનકે ફલ, દ્રવિત ડીટ દલ લાગે;**
**વંક નહીં શિષકે શિર દેવન, ગુરુ સરીખ ગુન પાગે. ૧૬**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી રીતે **શિષ** = શિષ્ય, સેવક **ગુરુ** = ગુરુ **વૃક્ષનકે** = વૃક્ષના **ફલ** = ફળો **દ્રવિત** = દ્રવિત થયેલો, ગળેલો રસ **ડીટ** = ડીટ **દલ** = પાન, ઘનતા, જાડાઈ **લાગે** = લાગે છે **વંક નહીં** = વાંક નથી, ગુનો નથી **શિષકે શિર** = શિષ્યના માથે **દેવન** = દેવાનો **ગુરુ** = ગુરુ **સરીખ** = જેવા, સરખા, સમાન **ગુન** = ગુણ, લક્ષણ **પાગે** = પ્રાપ્ત કરે, મળે, મેળવે છે.

### અનુવાદ

**તેવી રીતે ફળ રૂપ શિષ્યમાં વૃક્ષ રૂપ ગુરુના ડીંટથી દ્રવિત થાય તેટલું જ વિત્ત હોય છે અને ફળ દળદાર લાગે છે. તેમાં શિષ્યના શિરે કોઈ વાંક નથી. કારણકે તે ગુરુના જેવા જ ગુણો મેળવે છે.**

### ભાવાર્થ

વૃક્ષ મુજબ વૃક્ષના ડીંટથી દ્રવિત થાય તેટલું વિત્ત તેના ફળમાં જાય છે અને તે મુજબ સ્વાદવાળુ તેમજ દળદાર ફળ બને છે. તે જ ન્યાયે ગુરુમાં રહેલા ગુણ દોષનો પ્રભાવ તેમના શિષ્યમાં આવતા હોય છે. તેમાં શિષ્યનો જરા પણ વાંક કહેવાય નહીં. કારણકે સંસારમાં જેવા ગુરુ તેવા તેમના ચેલા જોવા મળે છે.

**તેહી સકલ ગુરુ કીયે આગમ જે, વહીતલ વિશ્વ ઠગનકે;**
**તીનકે શિષ શાખા તેહી સરખે, જ્યૌં તે ફલ વરખનકે. ૧૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકલ** = સર્વ **ગુરુ** = ગુરુઓ **કીયે** = કહ્યા **આગમ જે** = આગળ જે **વહીતલ** = પાખંડી, વિટંડી **વિશ્વ** = જગતને **ઠગનકે** = ઠગવાવાળા, ઠગનારા **તીનકે** = તેમની **શિષ** = શિષ્યો **શાખા** = પરંપરા, ફાંટા, સેવક, પરિવાર **તેહી** = તેમના **સરખે** = સરખા, સમાન, જેવા જ **જ્યૌં તે** = જેમકે **ફલ** = ફળો **વરખનકે** = વૃક્ષના.

### અનુવાદ

**તેથી આગળ મેં જે વિતંડી સર્વ ગુરુઓ કહ્યા કે જે વિશ્વને ઠગે છે. તે વૃક્ષના**

**ફળોની જેમ જ તેમની સેવક રૂપી શાખાઓ પણ તેમના જેવી જ છે.**

### ભાવાર્થ

તેથી જ કુવેરસ્વામીએ આગળ કહ્યું છે કે જગતના આવા ગુરુઓ વિતંડી અને પાખંડી છે, જે માત્ર ઉપલક ભેખ ધારણ કરીને જગતને ઠગે છે. જેમ વૃક્ષની જાતિ મુજબ તેના ફળોનો સ્વાદ હોય છે. તેવી જ રીતે ગુરુના જ ગુણધર્મો ધરાવતી તેમની શિષ્ય રૂપી શાખાઓ પણ હોય છે.

**તદપી તાય કોઈ હમકુ કહીત જન, તુમ હો પુરુષ પરમહી;**
**તો તુમેરે શિષ ચહીયે સરીખ તુમ, કદપી ન હોય તુમ સમહી. ૧૮**

### શબ્દાર્થ

**તદપી** = ત્યારે **તાય** = તમારા પૈકી, તમો **કોઈ** = કોઈ **હમકુ** = મને **કહીત** = કહો **જન** = માનવી **તુમ** = તમે **હો** = છો **પુરુષ પરમહી** = પરમપુરુષ **તો** = તો **તુમેરે** = તમારા **શિષ** = શિષ્યો, સેવકો **ચહીયે** = હોવા જોઈએ **સરીખ તુમ** = તમારા સરખા **કદપી** = ક્યારેય પણ **ન** = નથી **હોય** = હોતા **તુમ** = તમારા **સમહી** = સમાન, સરખા.

### અનુવાદ

**ત્યારે તમો કોઈ મને કહો કે તમો પરમપુરુષ છો તો તમારા શિષ્યો તમારા સરખા હોવા જોઈએ, પરંતુ ક્યારેય તમારા સરખા હોતા નથી.**

### ભાવાર્થ

ત્યારે કોઈ પ્રતિવાદી કુવેરસ્વામીને સામો સવાલ પૂછે કે જો જેવા ગુરુ તેવા ચેલા કહેતા હોય તો કુવેરસ્વામી તો સ્વયં પરમપુરુષ છે તો પછી તેમના શિષ્યો પણ તેવા જ ગુણોવાળા હોવા જોઈએ, પરંતુ શિષ્યો પૈકી કોઈ પણ એવા ગુણોવાળા જણાતા નથી.

**તદપી વંક પણ તુમેરે શિષ શિર, નહીંન દેવન કોઉ કીનકે;**
**જેસે તુમ તેસે તેહી ઉપજત, કહેણ કહી રહી તીનકે. ૧૯**

### શબ્દાર્થ

**તદપી** = તો પછી, ત્યારે **વંક** = વાંક, ગુનો **પણ** = પણ **તુમેરે** = તમારો **શિષ** = શિષ્ય, સેવક **શિર** = માથે **નહીંન** = નહીં **દેવન** = દેવાય, અપાય **કોઉ** = કોઈ **કીનકે** = કોને, કોઈને **જેસે** = જેવી રીતે **તુમ** = તમો **તેસે** = તેવા **તેહી** = તે **ઉપજત** = ઉત્પન્ન થાય, ઉપજે **કહેણ કહી** = વચન કયાં **રહી** = રહી **તીનકે** = તેની.

## અનુવાદ

**તો પછી વાંક તમારા શિષ્યોના શિર ઉપર કોઈને દેવાય નહીં ને ? જેવા તમો તેવા તે ઉપજે તેમ કહેલી વાત ક્યાં રહી ?**

## ભાવાર્થ

વળી પ્રતિવાદીના મંતવ્ય મુજબ તેનો વાંક કુવેરસ્વામીના શિષ્યોના શિર પર કે કોઈ અન્ય કોઈને પણ દેવાય નહીં, તો પછી કુવેરસ્વામી જેવા જ તેમના શિષ્યો થવા જોઈએ. એ પ્રમાણેની અગાઉ ગુરુ અને શિષ્યની વાત કહી હતી તે ક્યાં રહેવા પામી ?

**વનસ્પતિનકી કહી તમનને, તરુ જેસે ફલ જાની;**
**ત્યૌ શિષકે અંધેર દેખીતવ, ગુરુ કિના અજ્ઞાની. ૨૦**

### શબ્દાર્થ

**વનસ્પતિનકી** = વનસ્પતિની **કહી** = કહ્યું **તમનને** = તમોએ **તરુ** = વૃક્ષ **જેસે** = જેવુજ **ફલ** = ફળ **જાની** = જાણવું **ત્યૌ** = તેમ **શિષકે** = શિષ્યોને **અંધેર** = આંધળા, અજ્ઞાની **દેખીતવ** = દેખાતાં તો **ગુરુ** = ગુરુ **કિના** = કર્યા **અજ્ઞાની** = અજ્ઞાની.

## અનુવાદ

**વનસ્પતિની તમોએ વાત કહી તેમ વૃક્ષ જેવાં જ ફળ જાણવા તો પછી શિષ્યોને અજ્ઞાની દેખતાં તો તેમણે ગુરુ પણ અજ્ઞાની કર્યા હશે ?**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ અગાઉ વનસ્પતિનું ઉદાહરણ આપીને સમજાવ્યું હતું કે જેવું વૃક્ષ તેવાં લક્ષણોવાળાં જ તેના ફળ જાણવાં અને ગુરુ જેવા જ તેમના શિષ્ય થાય છે, તો

પછી તેઓના શિષ્યોમાં તો અજ્ઞાન જોવા મળે છે. તો તેમને પણ અજ્ઞાની ગુરુ જ કર્યા હશે કે કેમ ?

**એહી વિધકે નરણીત ન્યાવનસે, તુમભી પણ તેહી સરખે;**
**જો શિષ હોય તુમેરે તુમસે, જયૌ ત્યે કહીત ફલ વરખે. ૨૧**

**શબ્દાર્થ**

**એહી** = એ **વિધકે** = પ્રમાણે, રીતે **નરણીત** = નિર્ણયના **ન્યાવનસે** = ન્યાયથી **તુમભી** = તમો **પણ** = પણ **તેહી** = તેમના **સરખે** = બરાબર, સરખા **જો** = જો **શીષ** = શિષ્ય, સેવક **હોય** = હોય **તુમેરે** = તમારા **તુમસે** = તમારા જેવા **જયૌ** = જ્યાં, જેમ, જેવી **ત્યે** = રીતે **કહીત** = કહ્યું **ફલ** = ફળ **વરખે** = વૃક્ષના.

**અનુવાદ**

**આ પ્રમાણે ન્યાયીક નિર્ણયથી તો તમો પણ તેમના જેવા જ છો. જેવી રીતે વૃક્ષના ફળ અંગે કહ્યું તેમ શિષ્ય પણ તમારા સમાન હોવા જોઈએ.**

**ભાવાર્થ**

જો આ પ્રમાણેનો ન્યાયિક નિર્ણય કરવામાં આવે તો શિષ્યો અજ્ઞાની છે તો કુવેરસ્વામી પણ ગુરુ તરીકે અજ્ઞાની હોવા જોઈએ. કયાં તો (કારણકે) જેવી રીતે વૃક્ષના ફળ અંગે કહ્યું તે જ ન્યાયે શિષ્યો પણ ગુરુના સમાન જ્ઞાની જ હોવા જોઈએ.

**તે તો નહીન દેખીતવ કોઉ કીત, એ ભવભર નરનારી;**
**તુમેરે પરમપુરુષ કે સરભર, કયોં હોવત સંસારી. ૨૨**

**શબ્દાર્થ**

**તે તો** = તે તો **નહીંન** = નથી **દેખીતવ** = દેખાતુ **કોઉ કીત** = કોઈ ક્યાંય **એ** = આ **ભવભર** = સંસારના, જગતનાં **નરનારી** = સ્ત્રી પુરુષો **તુમેરે** = તમારા, તેમનાં **પરમપુરુષકે** = પરમપુરુષના **સરભર** = સમાન, સરખા **કયોં** = કેમ કરી **હોવત** = હોય **સંસારી** = સંસારનાં જીવો, સંસારનાં માનવો.

### અનુવાદ

**આ જગતના સ્ત્રી-પુરુષોમાં એવું તો કોઈ ક્યાંય દેખાતું નથી. પરમપુરુષ સમાન હોવાને બદલે તેમના શિષ્યો કેવી રીતે સંસારી હોઈ શકે ? (થઈ શકે ?)**

### ભાવાર્થ

આ જગતના સ્ત્રી-પુરુષોને નિહાળતાં એવું કોઈ ક્યાંય જ્ઞાની દેખાતું નથી. કુવેરસ્વામી તો મહાન જ્ઞાની અને પરમપુરુષ છે, તો પછી તેમના શિષ્ય સમુદાયના બીજા બધા અનુયાયી વર્ગ પરમગુરુ સમાન થવાને બદલે કેવી રીતે સંસારી થઈ શકે ?

**જો ન હોવે દૃષ્ટાંત દીન સમ, તવ તુમ વચન વિરોધુ;**
**આપ સરીખ હોય આપને જન, જબ પ્રમાણ પ્રમોધુ. ૨૩**

#### શબ્દાર્થ

**જો** = જો **ન હોવે** = ન હોય **દૃષ્ટાંત** = દૃષ્ટાંત, ઉદાહરણ **દીન** = આપ્યું, દીધું **સમ** = મુજબ, સમાન **તવ** = તો, ત્યારે **તુમ** = તમારા **વચન** = વચનો **વિરોધુ** = વિરોધી, પ્રતિરોધી, ઉલટું **આપ** = તમારા, આપણા **સરીખ** = સમાન **હોય** = હોય **આપને** = તમારા, આપણા **જન** = વ્યક્તિ, સજ્જનો, માનવો **જબ** = જ્યારે, ત્યારે, તેજ **પ્રમાણ** = પ્રમાણ, રેસ્યો **પ્રમોધુ** = ઉપદેશ, વચન.

### અનુવાદ

**જો દૃષ્ટાંત આપ્યા મુજબ ન હોય તો તમારા વચનો ઉલટા ઠરે. તમારા જેવા તમારા શિષ્યો હોય તો જ આપના વચનો પ્રમાણયુક્ત ગણાય.**

### ભાવાર્થ

અગાઉ દૃષ્ટાંત આપ્યું હતું કે વૃક્ષ પ્રમાણે જ તેનાં ફળ લાગે છે. તો તે દૃષ્ટાંત મુજબ જો કુવેરસ્વામીના શિષ્યો તેમના જેવા ન હોય તો તેમના વચનો પ્રમાણયુક્ત ન ગણાય અને વચનો ઉલટા સાબિત થાય.

**સો તો ભયે નહિં ઉતઈતમે, તો કુન ન્યાવ તમેરા;**
**ન્યાવ વિના નિરફલકે ઉચરન, અંધ પરમ અદબેરા. ૨૪**

### શબ્દાર્થ

**સો તો** = તે તો **ભયે** = થયા **નહિં** = નહીં **ઉતઈતમે** = અહીં તહિં **તો** = તો **કુન** = કેવો **ન્યાવ** = ન્યાય **તમેરા** = તમારો **ન્યાવ વિના** = ન્યાય વિના **નિરફલકે** = નિષ્ફળ પણે **ઉચરન** = ઉચ્ચાર **અંધ** = આંધળો **પરમ** = વિશેષ, મહાન **અદબેરા** = અદબદ, અચોક્કસ, અદબહેરુ, ભેળસેળ વાળુ.

### અનુવાદ

**તે તો ઉત ઈતમાં થયું જ નથી તો પછી તમારો ન્યાય કેવો ? ન્યાય વિનાનું આંધળે આંધળુ બોલેલુ નિષ્ફળ છે.**

### ભાવાર્થ

મૃત્યુલોકમાં કે દેવલોકમાં કુવેરસ્વામીના જેવા તેમના શિષ્યો નથી થયા, તો પછી તેમનો ન્યાય કેવો કહેવાય ? તેમના દ્વારા ન્યાય વિનાનું આંધળે આંધળુ અને અદબેહરુ (અદબદ) ઉચ્ચારણ કરેલું તે તો તદ્દન નિષ્ફળ ગયેલું કહેવાય.

**અબ તો તુમ તુમેરે બોલનમે, આઈ ગયે બંધનમે;**
**તીનકે કરીત ખુલાસ ખરાખર, પરીત જનીત સબ જનમે. ૨૫**

### શબ્દાર્થ

**અબતો** = હવેતો **તુમ** = તમો **તુમેરે** = તમારા **બોલનમે** = બોલવામાં વચનોમાં **આઈ ગયે** = આવી ગયા **બંધનમે** = બંધાઈને, બંધનમાં **તીનકે** = તેનો **કરીત** = કરીને **ખુલાસ** = ખુલાસો, ચોખવટ **ખરાખર** = સાચે સાચો, ખરે ખરો **પરીત** = પડે **જનીત** = જેની **સબ** = સર્વ **જનમે** = લોકોમાં, જનોમાં, વ્યક્તિમાં, માનવોમાં.

### અનુવાદ

**હવે તો તમો તમારા બોલેલા વચનોના બંધનમાં આવી ગયા છો. તેનો બધા માનવોને સમજ પડે તેવો સાચે સાચો ખુલાસો કરીને જણાવો.**

### ભાવાર્થ

પ્રતિવાદી કુવેરસ્વામીને તેમના બોલેલા વચનોના બંધનમાં તેઓ આવી ગયા છે, તેમ જણાવે છે. તે વાતનું સ્પષ્ટીકરણ કરવા માટે કુવેરસ્વામીને કહે છે. જેથી

જગતના બધા મનુષ્યોને તેમના વચનોમાં કેટલી સત્યતા છે તેની ખબર પડે.

**જબ જેહી સૂણો દેત પરિઉત્તર, તીનકે કરીત કરામલ;**
**એ ભવકે જેહી સંત સમોવડ, હમ નહીં હલક હરામલ. ૨૬**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે, જેથી, ત્યારે **જેહી** = જે અંગે, જેના માટે **સૂણો** = સાંભળો **દેત** = દેવું છું, આપુ છું **પરિઉત્તર** = સામો જવાબ, વળતો જવાબ **તીનકે** = તેનો **કરીત** = કરીને **કરામલ** = યુક્તિપૂર્વક, કળપૂર્વક **એ** = આ **ભવકે** = સંસારના, જગતના **જેહી** = જે **સંત** = સંતપુરુષો **સમોવડ** = સરખો, ના જેવો **હમ** = હું **નહીં** = નથી **હલક** = હલકો, હલકટ **હરામલ** = હરામી, બદમાસ.

### અનુવાદ

**જેથી તેનો વળતો જવાબ યુક્તિપૂર્વક આપું છું તે શ્રવણ કરો. આ ભવના જે સંતો છે તેમના જેવો હું હલકટ અને હરામી નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી પ્રતિવાદીની વિવિધતાભરી જે મુંઝવણ (સમસ્યા) હતી તેનો યુક્તિપૂર્વકની સમજ આપે છે. એ માટે પ્રતિવાદી સહિત દરેક જિજ્ઞાસુઓને તે સાંભળવા માટે અનુરોધ કરવામાં આવે છે. કુવેરસ્વામી સ્પષ્ટતા કરતાં કહે છે કે આ સંસારમાં જે સંત પુરુષો છે તેમના જેવા તેઓ (કુવેરસ્વામી) હલકટ અને હરામી નથી.

**તીનકે કહુ દૃષ્ટાંત એક અબ, સુનો સકલ સબ સંતુ;**
**નહિં સમોવડ કિયે હમનકે, તેહી તુમન જનવંતુ. ૨૭**

### શબ્દાર્થ

**તીનકે** = તેનું **કહુ** = કહું છું **દૃષ્ટાંત** = ઉદાહરણ **એક** = એક **અબ** = હવે **સુનો** = સાંભળો **સકલ સબ** = સર્વ તમામ **સંતુ** = સંતો **નહિં** = નથી **સમોવડ** = સમાન, બરાબર **કિયે** = કહ્યું **હમનકે** = અમે, મેં, અમોએ **તેહી** = તે **તુમન** = તમોને **જનવંતુ** = જણાવું છું.

### અનુવાદ

**અમારા સમોવડ બધા સંતો નથી તેવું મે કહ્યું હતું, તે હવે હું એક દૃષ્ટાંત આપીને તમોને જણાવું છું, તે સર્વ સંતો સાંભળો.**

### ભાવાર્થ

અગાઉ કુવેરસ્વામીએ કહ્યું હતું કે તેમના બધા સંતો તેમની (તેમના જેવા ગુણો ધરાવીને) બરોબરી કરી શકે તેમ નથી. તે અંગે હવે તેઓ ખુલાસો આપતુ દૃષ્ટાંત આપીને સ્પષ્ટતા કરતાં જણાવે છે. તે પ્રતિવાદી સહિત સઘળા સંતોને શ્રવણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

**દિનકર દિપક સમ નહીં કહાવત, જાહેર ફરક જોવનકે;**
**રવિ પ્રકાશ ભુવન ભરનકે, દિપક દરસ ભોવનકે. ૨૮**

### શબ્દાર્થ

**દિનકર** = સૂર્ય **દિપક** = દીપક **સમ** = સમાન **નહીં** = નથી **કહાવત** = કહેવાય **જાહેર** = પ્રસિદ્ધ, પ્રગટ **ફરક** = તફાવત **જોવનકે** = જોતાંની સાથેજ, દેખીતો **રવિ** = સૂર્ય **પ્રકાશ** = અજવાળુ, પ્રકાશ **ભુવન** = જગત, સૃષ્ટિ, વિશ્વ **ભરનકે** = ભરમાં **દિપક** = દીવો **દરસ** = દર્શાય, બતાવે **ભોવનકે** = રહેઠાણ, ઘર, ભવન, મકાન, મંદિર.

### અનુવાદ

**સૂર્યને દિપક સમાન કહી શકાય નહીં. કારણકે તેનો દેખીતો પ્રસિદ્ધ તફાવત છે. સૂર્ય તો જગતને પ્રકાશિત કરે છે જ્યારે દિપકથી (પ્રકાશ) મકાનમાં જ દેખાય છે.**

### ભાવાર્થ

સૂર્ય અને દિપક એ બંનેની સરખામણી કદી પણ કરી શકાય નહીં. કારણ કે બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ રીતે જણાય છે. સૂર્યનો તેજસ્વી પ્રકાશ સમગ્ર જગતમાં સર્વ વ્યાપક રીતે પ્રસરેલો હોય છે, જ્યારે દિપકનો પ્રકાશ તો મકાન (ઘર) ના સિમિત અંધકારને જ દૂર કરે છે. કારણકે દિપકના પ્રકાશની ક્ષમતા અત્યંત અલ્પ છે જે મર્યાદિત અંધકારને દૂર કરી શકે છે.

**પણ પરકાશીક ઉભે કરનકે, કહુ જીનુ જન જમ જેહુ;**
**દીપકસે દીપક હોય સરભર, સુર તે સુર ન કેહુ. ૨૯**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **પરકાશીક** = પ્રકાશમય **ઉભે** = બન્ને **કરનકે** = કરનારા છે **કહુ** = કહું છું **જીનુ** = જેનો **જન** = જે **જેમ** = જેમ **જેહુ** = જે પ્રકારે **દીપકસે** = દીપકથી **દીપક** = દીપક **હોય** = થાય, હોય **સરભર** = તેના સમાન **સુર તે** = સૂર્યથી **સુર** = અન્ય સૂર્ય **ન** = નહીં **કેહુ** = કોઈ, કાંઈ, કદી પણ.

### અનુવાદ

**બંને પ્રકાશ કરનારા છે, પરંતુ જેનો જે રીતે અને જેમ પ્રકાશ છે તેમ હું કહું છું. દીપકથી બીજો દીપક પ્રગટાવી શકાય પરંતુ સૂર્યથી કદી પણ બીજો સૂર્ય થતો નથી.**

### ભાવાર્થ

સૂર્ય અને દીપક બંને પ્રકાશનો ફેલાવો કરે છે. અર્થાત્ બંને પ્રકાશ ફેલાવનાર પ્રકાશક છે. તેમ છતાં પ્રકાશ ફેલાવવાની ક્ષમતા સમજાવતા કુવેરસ્વામી જણાવે છે કે દીપકથી તેના જેવા બીજા દીપક પ્રગટાવી શકાય છે પરંતુ સૂર્ય થકી બીજો તેના જેવો સૂર્ય કદાપી (પ્રગટાવી શકાય નહીં) થઈ શકે નહીં.

**દીપ સમોવડ સંત તીનું જન, તબ ચહીયે તીનુ સરખા;**
**હમ તો સુર પરમ પરકાશીક, કોઈક વિરલકુ પરખા. ૩૦**

### શબ્દાર્થ

**દીપ** = દિપક **સમોવડ** = સમાન, બરાબર **સંત** = સંતપુરુષ **તીનું** = તેઓના **જન** = વ્યક્તિ **તબ** = ત્યારે **ચહીયે** = થઈ શકે, થાય **તીનુ** = તેમના **સરખા** = સમાન, બરાબર, જેવા **હમ તો** = હું તો **સુર** = સૂર્ય રૂપ **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પરકાશીક** = પ્રકાશક **કોઈક** = કોઈક **વિરલકુ** = વિરલાઓને જ **પરખા** = ઓળખ્યા, જાણ્યા.

### અનુવાદ

**સંત પુરુષો દિપક સમાન છે, જેથી તેમના જેવી અન્ય વ્યક્તિ થઈ શકે છે. પરંતુ હું તો પરમ પ્રકાશક સૂર્ય છું, જેને કોઈક વિરલાઓએ ઓળખ્યો છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ દીપકથી અન્ય દીપક પ્રગટાવી શકાય છે. એ જ ન્યાયે સંત પુરુષો દિપક સમાન હોઈ તેમનાથી તેમના જેવા સંત પુરુષો થઈ શકે છે, જ્યારે કુવેરસ્વામી તો સમગ્ર વિશ્વને પરમ પ્રકાશ આપનાર કૈવલજ્ઞાનના પ્રકાશક છે. જેઓને વિશ્વમાં કોઈ જાગૃત આત્મજ્ઞાની વિરલા પુરુષો જ સમજીને ઓળખી શકે છે.

**જ્યૌ સુરનતે સુર ન હોવત, ત્યૌ હમસે જન જોઈ;**
**કરું પરકાશ પરમપદકે સદ, પણ હમ સમ નહીં હોઈ. ૩૧**

#### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **સુરનતે** = સૂર્યથી **સુર ન હોવત** = સૂર્ય થઈ શકતો નથી **ત્યૌ** = તેમ **હમસે** = મારાથી **જન** = માનવ, વ્યક્તિ **જોઈ** = જોવું **કરું** = કરું છું **પરકાશ** = પ્રકાશ, ફેલાવો **પરમપદકે** = પરમપદનો **સદ** = પોતે, સત્ય **પણ** = પરંતુ **હમ સમ** = મારા સમાન **નહીં** = નથી **હોઈ** = હોય શકે, થાય.

### અનુવાદ

**જેમ સૂર્યથી સૂર્ય ન થાય તેમ મારાથી (મારા સમાન કોઈ ન થઈ શકે) એમ માનવીએ જોવું જોઈએ. હું પરમપદનો સદાને માટે પ્રકાશ કરું છું પરંતુ મારા સમાન કોઈ હોઈ શકે નહીં.**

### ભાવાર્થ

જેમ સૂર્યથી અન્ય સૂર્ય ન થઈ શકે તેમ કુવેરસ્વામીથી પણ અન્ય તેમના શિષ્યોમાં તેમના જેવા અન્ય પરમગુરુ જેવા થઈ શકે નહીં. કુવેરસ્વામી તો કૈવલકર્તાના પરમ વિશેષ પાટવી અંશ અને કૈવલવેત્તાના નાતે સમગ્ર બ્રહ્માંડમાં પરમ કૈવલ પદનો પ્રકાશ કરે છે. તેઓ અંશ-અંશીનો લક્ષ દર્શાવતું કૈવલજ્ઞાન આપી અંશને સર્જનહાર સાથે મેળાપ કરાવી આપે છે. કુવેરસ્વામી જેવી સામર્થ્યતા સમગ્ર બ્રહ્માંડમાં અન્ય કોઈની પણ નથી અને હોઈ શકે પણ નહીં.

**ઓરુ ઉરકે અંધેર મિટાવહુ, રોમ રોમ રગ રગકે;**
**દીરઘ નેંન દેઉ સકલ દરસકે, રખુ ન અગ્ય કોઉ મગકે. ૩૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **ઉરકે** = હૃદયના, શરીરના **અંધેર** = અજ્ઞાન **મિટાવહુ** = મીટાવી દઉં, દૂર કરુ, નાશ કરુ **રોમ રોમ** = રોમ રોમમાં **રગ રગકે** = રગે રગનું **દીરઘ** = દીવ્ય, દીર્ઘ **નેંન** = ચક્ષુ, નેત્રો **દેઉં** = આપુ **સકલ** = સર્વ, તમામ **દરસકે** = નિહાળી શકે, જોવા માટેની, સમજી શકે **રખુ ન** = રાખુ નહીં **અગ્ય** = અજ્ઞાન **કોઉ** = કોઈ **મગકે** = માર્ગનું, પંથનું, સિદ્ધાંતનું.

## અનુવાદ

**વળી શરીરના રોમે રોમ અને રગેરગનું અજ્ઞાન દૂર કરીને સર્વ પ્રકારની સમજ પડે તેવા દિવ્યચક્ષુ આપુ છું. જેના કારણે કોઈ પણ પંથોનું અજ્ઞાન રહેવા પામે નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી જગતના જીવોમાં રગેરગ અને રોમેરોમમાં વ્યાપેલા અજ્ઞાનને યથાર્થ કૈવલજ્ઞાનના માધ્યમથી ન્યાયપૂર્વક સમજ આપીને દૂર કરે છે. તેઓ અલૌકિક દિવ્ય ચક્ષુ પ્રદાન કરે છે. જેથી માનવીને દરેક સિદ્ધાંતોની સાચી સમજ પડે અને પ્રત્યક્ષ જ્ઞાન (અનુભવ) થી નિહાળી શકે. આમ જગતભરમાં મતપંથોની હદને તપાસીને સત્ય જ્ઞાનની પરખ કરી શકવા શક્તિમાન થાય. પરિણામે કોઈ પણ પ્રકારનું અજ્ઞાન રહેવા પામે નહીં.

**પરહી સુઝ અવિલોક અચરચર, અખિલ ન્યાય નરણીતકે;**
**કછુ ન રહે અનપેખીત કોઉ કીત, ભવભરમેં ઉતઈતકે. ૩૩**

### શબ્દાર્થ

**પરહી** = પડે **સુઝ** = સમજ **અવિલોક** = બારીકાઈથી નિહાળીને, અવલોકન કરીને **અચરચર** = સ્થાવર-જંગમના ઘાટની, સર્વત્રની **અખિલ** = સમસ્ત, સર્વ જગતના **ન્યાય** = ન્યાયપૂર્વક **નરણીતકે** = નિર્ણય કરીને, નિર્ણય દ્વારા **કછુ ન રહે** = કંઈ પણ રહેવા ન પામે **અનપેખીત** = અજાણ્યું, જાણ્ય વગરનું **કોઉ** = કાંઈ **કીત** = ક્યાંય પણ **ભવભરમેં** = જગતભરમાં **ઉતઈતકે** = આલોક અને પરલોકમાં, બ્રહ્માંડ અને બ્રહ્માંડથી તીત.

## અનુવાદ

**વળી ન્યાયપૂર્વક નિર્ણય દ્વારા સમસ્ત સ્થાવર અને જંગમના ઘાટનું અવિલોકન**

**કરાવીને સર્વ પ્રકારની સમજ પ્રાપ્ત કરાવું છું. જેથી જગતભરની આદ્ય લઈ બ્રહ્માંડ અને તેના પર રહેલા પરમપદની સમજ પડતાં કોઈને કંઈ પણ અજાણ્યું રહેતું નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામી સકર્તા સિદ્ધાંતના જ્ઞાનથી જીવોના હૃદયનો અંધકાર નાશ કરીને જ્ઞાનનો પ્રકાશ કરે છે. જ્ઞાનચક્ષુ ખુલી જતાં સમસ્ત સ્થાવર અને જંગમના ઘાટમાં ન્યાયપૂર્વકના નિર્ણય દ્વારા નિજપતિનો જ અંશ બિરાજમાન છે, તેવી સમજ પ્રાપ્તિ થાય છે. એટલે સર્વને અંશ ભાવે અવિલોકન કરવાથી કર્તાની મહત્તા પણ સમજાય છે. આ ઉપરાંત બ્રહ્માંડની સર્વ રચનાને નિહાળતાં સકર્તાપતિના પરમપદની સામર્થ્યતાની પણ સમજ પડે છે. પરિણામે મૃત્યુલોક તેમજ દેવલોકમાં કંઈ પણ અજાણ્યું રહેવા પામતું નથી.

**એહી પરકાર દ્દષ્ટ કરુ જનકી, મમ ચરનન આવનકી;**
**આદ્ય અંત મધ્યકી ગમ ગતિયાં, પાવે અગમ નિગમકી. ૩૪**

## શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **દ્દષ્ટ** = દૃષ્ટિ, દિવ્ય ચક્ષુ **કરુ** = કરું **જનકી** = વ્યક્તિની, માનવીની **મમ** = મારા **ચરનન** = ચરણમાં, શરણમાં **આવનકી** = આવનારની **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **અંત** = છેવટ, પૂર્ણકાળ **મધ્યકી** = પસારોનો સમય **ગમ** = સમજ **ગતિયાં** = જ્ઞાન, જાણ **પાવે** = પ્રાપ્ત કરે **અગમ** = વેદની પરે રહેલા પરમપદની, ભવિષ્યકાળ **નિગમકી** = ભૂતકાળની (વેદમાં દર્શાવેલ બ્રહ્મપદની).

## અનુવાદ

**મારા ચરણમાં આવનાર વ્યક્તિની એ પ્રકારની દૃષ્ટિ કરું છું, કે જેથી તે આદ્ય, મધ્ય અને અંતની ગમગતિ સહિત અગમ-નિગમની ગતિને પ્રાપ્ત કરે છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીના શરણમાં તન-મન-ધન સમર્પિત કરીને તેમની કૃપા પ્રાપ્ત કરનાર માનવીને તેઓ અલૌકિક જ્ઞાન ચક્ષુ બક્ષે છે. જેથી તેવા કૃપાવંત અને ભાગ્યવાન વ્યક્તિને સૃષ્ટિના આદ્ય, મધ્ય અને અંત સુધીની તમામ ગમગતિ પ્રાપ્ત થાય છે.

અર્થાત્ નિગમે-દર્શાવેલા બ્રહ્મપદ અને તેની પરે રહેલા પરમપદની સમજ મળે છે.

**યા વિધકે જેહી સરલ સતંતર, હોઈ પરમગત વેતા;**
**ઓરુ આપન પતકી રત ઉપજત, સબ વિધિ ભાવ સહેતા. ૩૫**

**શબ્દાર્થ**

**યા વિધકે** = આ રીતે, આ પ્રમાણે **જેહી** = જે **સરલ** = સરળ **સતંતર** = નિરંતર, હંમેશા, લગાતાર, સતત, સદૈવ **હોઈ** = થાય **પરમગત** = પરમગતિના **વેતા** = જાણકાર **ઓરુ** = વળી, અને **આપન** = પોતાના **પતકી** = સ્વામીની, ધણીની **રત** = આરત **ઉપજત** = ઉપજે છે **સબ વિધિ** = બધી જ રીતે **ભાવ** = ઈચ્છા, ઈરાદો **સહેતા** = હેતપૂર્વક, હેત સહિત.

**અનુવાદ**

**આ પ્રમાણે જે સરળ રીતે નિરંતરપણે શરણમાં રહે તો તે પરમગતિના વેત્તા બને છે. એટલે આપણા માલિકને સર્વ પ્રકારના ભાવ અને હેત સહિત મળવાની આરત ઉત્પન્ન થાય છે.**

**ભાવાર્થ**

આ પ્રમાણે કુવેરસ્વામીના શરણમાં જે માનવ સરળ રીતે સમર્પિત રહે તેવા અધિકારી જનો પરમગતિના વેત્તા બને છે. તેમને ગુરુ પ્રતાપે અંશ જેની સજાતિનો છે, એવા સર્જનહાર સકર્તાપતિ કૈવલકર્તાને મળવા માટેની આરત જાગે છે અને તેમને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે.

**પુનહી પાય પદ મોક્ષ મહાદ રધ, તદીપ ન હોય મમ સમહી;**
**જયૌ દિપક મહા અગ્ન સમાયત, સુર સમ નહીં જમ તમહી. ૩૬**

**શબ્દાર્થ**

**પુનહી** = વળી, ફરીથી **પાય** = પ્રાપ્ત કરે **પદ મોક્ષ** = મોક્ષપદ **મહાદ રધ** = મહાન રિદ્ધિવાળુ **તદીપ** = તેમ છતાં, પરંતુ **ન હોય** = થાય નહીં **મમ** = મારા **સમહી** = સમાન, બરાબર **જયૌ** = જેમકે **દિપક** = દિપક, દીવો **મહા અગ્ન** = મહા અગ્નિમાં **સમાયત** = સમાઈ જાય **સુર સમ** = સૂર્ય સમાન **નહીં** = નથી **જમ તમહી** = કેમ કરીને પણ, જેમ તેમ, મુશ્કેલીથી કોઈ પણ રીતે.

## અનુવાદ

**જેમ દિપક મહા અગ્નિમાં સમાઈ જાય છે, પરંતુ તે સૂર્ય સમાન ન થઈ શકે. તેવી જ રીતે ફરીથી કહું છું કે મહાન રિદ્ધિવાળુ પરમપદ પ્રાપ્ત કરી શકે, પરંતુ મારા સમાન ન થઈ શકે.**

## ભાવાર્થ

જેમ દિપક ગમે તેટલો પ્રબળ બનવા પ્રયત્ન કરે તેમ તે અંતે તો મહાઅગ્નિમાં જ સમાઈ જાય છે. પરંતુ ગમે તેવા પ્રયત્નો કરવા છતાં તે સૂર્ય સમાન કદી પણ થઈ શકતો નથી. તેવી જ રીતે શિષ્ય પણ ગમે તેટલા ભક્તિભાવ અને તપશ્ચર્યા કરી કુવેરસ્વામીના જણાવ્યા મુજબ રહેણી-કરણી અને ધ્યાન-ભજન વિધિ દ્વારા તેમની કૃપા પ્રાપ્ત કરીને પરમપદના વેત્તા બને. આ ઉપરાંત મહાન રિદ્ધિ સમાન પંચમી અખંડ કૈવલ મુક્તિ પણ પ્રાપ્ત કરે તથા સદેહે કૈવલધામની અનુભૂતિ કરી શકે. આ પ્રમાણેની પ્રભુતા પ્રાપ્ત કરી હોવા છતાં કોઈ પણ શિષ્ય કુવેરસ્વામીની સમાન બની શકે નહીં કે તેમની સામર્થ્યતાની બરાબરી કરી શકે નહીં.

**સુરતે અગ્ન હોત જીનું દીપક, અન્યો અન્ય અનેકુ;**
**આપ સરીખ કરે સબયનકુ, ઉર આરત ગત જેકુ. ૩૭**

### શબ્દાર્થ

**સુરતે** = સૂર્યની **અગ્ન** = અગ્નિથી **હોત** = થાય **જે** = જે **દિપક** = દીવો **અન્યો અન્ય** = અરસપરસ, પરસ્પર **અનેકુ** = અનેક **આપ સરીખ** = પોતાના સમાન **કરે** = કરે **સબયનકુ** = સૌને, બધાને **ઉર** = હ્રદયમાં **આરત** = મળવાની ઈચ્છા પ્રાપ્ત કરવાની તમન્ના **ગત** = ગતિ, જ્ઞાન **જેકુ** = જેઓને.

## અનુવાદ

**સૂર્યના અગ્નિથી જે દિપક પ્રગટે તેનાથી પરસ્પર અનેક દીવા પ્રગટાવી શકાય છે. તેમ શિષ્ય પણ જેના હ્રદયમાં જ્ઞાન થકી આરત હોય તેવા બધાને પોતાના સમાન કરી શકે છે.**

## ભાવાર્થ

સૂર્યના કિરણોને કેન્દ્રિત કરીને અગ્નિ પ્રગટાવી શકાય છે. તે પ્રગટેલા

દિપકની જ્યોતિથી અન્યો અન્ય દીપક પણ પ્રગટાવી શકાય છે. તેવી જ રીતે કુવેરસ્વામીની કૃપા થકી જ્ઞાન પ્રાપ્ત કરીને જાગૃત થયેલા મુમુક્ષુજનો અથવા સંતજનો જે વ્યક્તિમાં સર્જનહારને પ્રાપ્ત કરવાની (હૃદયમાં) ઉત્કંઠા છે. એવા દરેકને કુવેરસ્વામી રચીત ધર્મગ્રંથોના આધારે કૈવલ જ્ઞાનની સમજ આપીને તેમના સમાન જ્ઞાની બનાવી શકે છે.

**આરત સો બાતી સમ જીનમે, ચીકટ ગ્રથ ગત જ્ઞાનુ;**
**એતને સ્ત્રાજમ સહિત મિલે જન, તદીપ ન રહે અજ્ઞાનુ. ૩૮**

### શબ્દાર્થ

**આરત** = ઉત્કંઠા, તાલાવેલી, મળવાનો ભાવ **સો** = તે **બાતી** = બત્તી, દીવેટ **સમ** = સમાન **જીનમે** = જેમનામાં **ચીકટ** = તેલી પદાર્થ **ગ્રથ** = ઘી, **ગત** = ગતિ, સમજ **જ્ઞાનુ** = જ્ઞાન, માહિતી, જાણ **એતને** = એટલા **સ્ત્રાજમ** = પદાર્થ, સાધન, સરંજામ **સહિત** = સાથે **મિલે** = મળે **જન** = વ્યક્તિ, માનવી **તદીપ** = તો પછી, તેમ છતાં, ત્યારે **ન** = ન **રહે** = રહેવા પામે **અજ્ઞાનુ** = અજ્ઞાની.

### અનુવાદ

**જેનામાં આરત રૂપી દીવેટ અને જ્ઞાનની સમજ રૂપી ઘીના ચીકાશ સહિતનો સરંજામ હોય તે વ્યક્તિ મળે તો તે કદી પણ અજ્ઞાની રહેતો નથી.**

### ભાવાર્થ

જે મુમુક્ષુમાં નાશવંત પદાર્થ પ્રત્યે અનાસક્તિ અને હૃદયમાં શાશ્વતને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રૂપી આરત હોય, વળી તે પોતે ચૈતન અંશ રૂપી દિવેટની માફક શુદ્ધ સમજ અને કૈવલ જ્ઞાન રૂપી ઘીની ચીકાશથી લીપ્ત બનેલો હોય અને કુવેરસ્વામીના શરણમાં સંપૂર્ણ રીતે સમર્પિત થાય તો નિશ્ચિતપણે તે કૃપા પ્રાપ્ત બને છે. એટલું જ નહીં પરંતુ તે વ્યક્તિ ક્યારેય અજ્ઞાની રહેશે જ નહીં.

**જબ અજ્ઞાન જાય જેહી જનકે, આપનુ આપ જીનુ સુઝે;**
**નિજ કારન કરતારનકે તબ, ન્યાય સહિત લખ બુઝે. ૩૯**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **અજ્ઞાન જાય** = અજ્ઞાન જાય **જેહી** = જે **જનકે** = વ્યક્તિનું **આપનું આપ** = પોતાનું ચૈતન સ્વરૂપ **જીનુ** = જેને **સુઝે** = ખ્યાલ આવે **નિજ** =અંશના પોતાના **કારન** = કારણરૂપે રહેલા **કરતારનકે** = કર્તાને, સર્જનહારને **તબ** = ત્યારે **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક **લખ** = લક્ષ **બુઝે** = સમજે, જાણે.

### અનુવાદ

**જ્યારે તે વ્યક્તિનું અજ્ઞાન (નષ્ટ થતાં) જતાં જ તેને પોતાનું ચૈતન અંશ સ્વરૂપ સુઝે છે. ત્યારે તે પોતાના કારણરૂપે રહેલા કર્તાના લક્ષને ન્યાય સહિત જાણે છે.**

### ભાવાર્થ

જ્યારે શિષ્યનું અજ્ઞાન નષ્ટ થતાંની સાથે જ તેને પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપની સૂઝ પડે છે. દરેક ઘાટમાં સકર્તાપતિનો અંશ બિરાજમાન છે. તેવી સમજ પડતાં તે સર્વ ઘાટને ચૈતન દૃષ્ટિએ નિહાળે છે. ત્યારે તે સમગ્ર ઉત્પત્તિના કારણરૂપે રહેલા સકર્તાપતિ કૈવલકર્તાના લક્ષને ન્યાયપૂર્વક જાણી શકે છે.

**યા વિધકે ચેતન મમ સંતુ, હવિત મિલે જન જેકુ;**
**આપ સરીખ કરે જ્યૌ પ્રજલીત, દીપે દીપ અનેકુ. ૪૦**

### શબ્દાર્થ

**યા વિધકે** = આ રીતે **ચેતન** = જ્ઞાનથી જાગ્રત, જ્ઞાની **મમ** = મારા **સંતુ** = સંત પુરુષો **હવિત** = થયેલા, હોય તેવા **મિલે** = મળે **જન** = માનવી, વ્યક્તિ **જેકુ** = જે કોઈ **આપ** = પોતાનો **સરીખ** = સરખા, સમાન **કરે** = કરે **જ્યૌ** = જેમ **પ્રજલીત** = પ્રગટેલો, જ્યોતથી પ્રજવલીત થયેલો **દીપે** = દીવાથી **દીપ** = દીવો **અનેકુ** = અનેક.

### અનુવાદ

**આ રીતે મારા જ્ઞાની થયેલા સંતને જો કોઈ વ્યક્તિ મળે તો જેમ પ્રજ્જવલિત દીવાથી અનેક દીવા પ્રગટાવી શકાય છે. તેમ તેઓ પોતાના સમાન કરે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે કુવેરસ્વામીના ચરણમાં સમર્પિત થઈને જ્ઞાન વડે જાગ્રત થયેલા

કૃપા પાત્ર સંત પુરુષોને કોઈ આરતવંત માનવ જઈને મળે તો તેનું અજ્ઞાન દૂર થાય છે. જેમ એક દીવાની જ્યોતથી અનેક દીવા પ્રગટાવી શકાય છે. તેમ એક જ્ઞાની સંત-પુરુષ જ્ઞાનના પ્રભાવે અનેક માનવોને કૈવલજ્ઞાનની સમજ આપીને પોતાના સમાન (જ્ઞાની) કરી શકે છે.

**એહી પરકાર જગાવન જનકુ, હમ હૈ અકલ પુરેષુ;**
**અંશ અનેક ઉધાર કરનકુ, ધરી આયે ભવ ભેસુ. ૪૧**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, આ પ્રમાણે **જગાવન** = જગાડવા માટે, જાગ્રત કરવા માટે, અજ્ઞાનમાંથી મુક્ત કરવા માટે **જનકુ** = માનવોને **હમ હૈ** = હું છું **અકલ** = અકળ, અગમ્ય, દિવ્ય **પુરેષુ** = પુરુષ **અંશ** = અંશ **અનેક** = અનેક **ઉધાર** = ઉદ્ધાર, ભવમુક્ત **કરનકુ** = કરવા માટે **ધરી** = ધારણ કરી **આયે** = આવ્યો **ભવ** = જગતમાં, વિશ્વમાં **ભેસુ** = દેહ, શરીર, ઘાટ, વેશ.

### અનુવાદ

**આ પ્રમાણે માનવોને જાગ્રત કરનાર હું દિવ્ય પુરુષ છું. અનેક અંશોનો ઉદ્ધાર કરવા માટે જ વિશ્વમાં દેહ ધારણ કરીને આવ્યો છું.**

### ભાવાર્થ

કર્તાની જાણ્ય વિનાના અજ્ઞાની અંધ જીવોને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન આપી જાગ્રત કરનાર કૈવલવેત્તા શ્રીમત્ કરુણાસાગર અલૌકિક અને અકળ પુરુષ છે. તેઓને સર્જનહારે સોળ વિભૂતિ અને નવ બુદ્ધિની સમૃદ્ધિ રૂપ હથિયારથી સજ્જ કરીને આ વિશ્વમાં દિવ્ય દેહ ધારણ કરાવીને મોકલ્યા છે. તેમનો મુખ્ય આશય અંશોને શુદ્ધ સ્વરૂપે કરી પંચમી અખંડ કૈવલ મુક્તિ બક્ષીને કૈવલધામમાં મોકલવાનો છે.

**કારજ સો કારન સમ હવીત ન, દિપ ન હોય સુર સોઈ;**
**ત્યૌ હમસે જન ભવિત મોક્ષ ગત, પણ હમ સમ નહીં કોઈ. ૪૨**

### શબ્દાર્થ

**કારજ** = કામ, કાર્ય, ધંધો **સો** = તો **કારન** = કારણ, કર્તા, માલિક **સમ** = સમાન **હવીત** = હોય, થાય **ન** = નહીં **દિપ** = દિવો **ન** = નહીં **હોય** = થાય **સુર** = સૂર્ય **સોઈ** = તે **ત્યૌ** = તેમ **હમસે** = મારાથી **જન** = માનવ, વ્યક્તિ **ભવિત** = થાય, પામે, મેળવે **મોક્ષ ગત** = મોક્ષગતિ, મુક્તિ **પણ** = પરંતુ **હમ** = મારા **સમ** = સમાન **નહીં** = નહીં **કોઈ** = કોઈ.

### અનુવાદ

**કાર્ય તો કર્તા સમાન ન થઈ શકે અને તે દીપક કદી સૂર્ય ન થઈ શકે. તેમ મારાથી માનવી મોક્ષની ગતિ પ્રાપ્ત કરી શકે પરંતુ મારા સમાન ન થઈ શકે.**

### ભાવાર્થ

જેમ ઉત્પાદિત પદાર્થ, ઉત્પાદક સમાન કદી પણ બની શકે નહીં. અર્થાત્ રચનાર દ્વારા રચાયેલી રચના કદી રચનાર સમાન થઈ શકે નહીં. તેવી જ રીતે દીપક ગમે તેટલો પ્રકાશ આપે પરંતુ તે સૂર્ય સમાન બની શકતો નથી. તે જ ન્યાયે કુવેરસ્વામીની કૃપાથી માનવી પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત કરી શકે પરંતુ તે ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત કરે તેમ છતાં કુવેરસ્વામીની તુલના કદી પણ કરી ન શકે. અર્થાત્ કોઈ પણ માનવ કુવેરસ્વામી તુલ્ય થઈ શકે નહીં.

# દિવ્ય પરમગુરુ પ્રત્યે લાગ લગાવન નીતિકો
# અંગ ૧૨

**ઓરુ અવનિ એકતાયન ઉદવિત, વનસ્પતિ બહુ ભાતી;**
**પોખત રસ સમદ્દષ્ટ સકલકુ, ફલ ઉપજીત જીનું જાતિ. ૧**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **અવનિ** = પૃથ્વી **એકતાયન** = એકતા, તાદાત્મયતા,ઐકયતા,અભિન્નતા **ઉદવિત** = ઊગે છે **વનસ્પતિ** = વનસ્પતિ **બહુ ભાતી** = ઘણી જાતની, ઘણા પ્રકારની **પોખત** = પોષે છે **રસ** = જળ, અમી, પ્રવાહી **સમદ્દષ્ટ** = સમાન દ્દષ્ટિ રાખીને **સકલકુ** = સર્વને **ફલ** = ફળ **ઉપજીત** = ઉત્પન્ન થાય છે, લાગે છે **જીનું** = જેવી, જેની **જાતિ** = જાતિ, પ્રકાર, વર્ગ.

### અનુવાદ

**વળી પૃથ્વી સાથેની ઐક્યતાથી અનેક પ્રકારની વનસ્પતિનો ઉદય થાય છે. તેમાં સમદ્દષ્ટિથી સર્વમાં રસનું પોષણ થાય છે. છતાં જેવી જાતિ તેવાં ફળ ઉપજે છે.**

### ભાવાર્થ

વળી પૃથ્વી સાથેની એકતાને કારણે તેમાં રહેલા બીજગોને યોગ્ય વાતાવરણ મળતાં વિધ વિધ પ્રકારની વનસ્પતિ ઊગી નીકળે છે. તેમાં વરસાદ દ્વારા સમદ્દષ્ટિથી પાણીનું સિંચન થાય છે. જે તે વનસ્પતિના મૂળ દ્વારા પૃથ્વીમાંથી રસનું એક સરખુ પોષણ મળે છે. તેમ છતાં જે પ્રકારના વૃક્ષ, વેલ, પનડી કે છોડ જેવી જાતિ હોય તેવા જ તેના ફળ હોય છે.

**અવની સમોવડ હવીત ન કોઉ કીત, ભાર અઢાર વરખમે;**
**તરણ આદ્ય તરુ માંહી વિલોકીત, જમી જમ કુન દરખમે. ૨**

### શબ્દાર્થ

**અવની** = પૃથ્વી **સમોવડ** = સમાન બરાબર **હવીત ન** = થતા નથી **કોઉ કીત** = કોઈ પણ **ભાર અઢાર** = અઢાર ભાર (એક ભાર = ૨૦,૨૧,૭૬,૦૦૦ ની સંખ્યા એવી અઢાર ભાર વનસ્પતિ)

**વરખમે** = વનસ્પતિમાં **તરણ** = તણખલાની **આદ્ય** = આદ્ય લઈ **તરુ** = વૃક્ષ **માંહી** = માં **વિલોકીત** = અવલોકન કરતાં **જમી** = જમીન, પૃથ્વી **જમ** = જેમ **કુન** = કોણ **દરખમે** = દેખાવમાં.

## અનુવાદ

**અઢાર ભાર વનસ્પતિમાં કોઈ પૃથ્વી સમાન હોતું નથી. તરણની આદ્ય લઈ વૃક્ષને અવલોકતાં જમીન (પૃથ્વી, અવની) ની જેમ દેખાવમાં કોણ હોય છે ?**

## ભાવાર્થ

ચાર ભાર ફળ આપતાં અને ચાર ભાર ફળ ન આપતા વૃક્ષો, ચાર ભાર કાંટાવાળા વૃક્ષો અને છ ભાર વેલીઓનો સમાવેશ થતાં કુલ-અઢાર ભાર વનસ્પતિમાં કોઈ પણ વૃક્ષ ખુબ ઊંચા, પહોળા અને વિશાળ હોવા છતાં પૃથ્વીની તુલનામાં કોઈ આવી શકતાં નથી. અર્થાત્ પ્રત્યક્ષ રીતે નિહાળતાં તરણાની આદ્ય લઈ કોઈ પણ વૃક્ષ પૃથ્વીની તોલે (દેખાવમાં) આવી શકતાં નથી.

**તેસેહી હમ ધરણી જન તરવર, પોખહુ પ્રેમ અમુલ;**
**તદપી અંશ કોઉ હોય ન મોઈ સમ, જયોં તરુ નહીં જમી તુલ. ૩**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી રીતે, તે પ્રમાણે **હમ** = હું **ધરણી** = પૃથ્વી, ધરતી **જન** = માનવ **તરવર** = વનસ્પતિ **પોખહુ** = પોક્ષણ કરું છું **પ્રેમ** = પ્રેમપૂર્વક **અમુલ** = અપાર, ઉમદા, ઉત્તમ, શ્રેષ્ઠ **તદપી** = તેમ છતાં **અંશ** = અંશ **કોઉ** = કોઈ **હોઉ ન** = ન થાય **મોઈ સમ** = મારા સમાન **જયોં** = જેમ **તરુ** = વૃક્ષ **નહીં** = નથી **જમી** = પૃથ્વી **તુલ** = તુલ્ય, સમાન, બરાબર.

## અનુવાદ

**તેવી જ રીતે હું પૃથ્વી રૂપે અને માનવો વનસ્પતિ જેવા છે. તેમને હું પ્રેમપૂર્વક અમૂલ્ય પોક્ષણ આપુ છુ. તેમ છતાં જેમ વૃક્ષ પૃથ્વી સમાન ન હોય તેમ કોઈ અંશ મારા સમાન ન હોઈ શકે.**

## ભાવાર્થ

તેવી જ રીતે કુવેરસ્વામી પૃથ્વી રૂપે અને માનવો વનસ્પતિ સ્વરૂપે રહેલા છે. કુવેરસ્વામી પ્રેમપૂર્વક તેમનું અમૂલ્ય કૈવલજ્ઞાનથી સર્વને પોષણ કરે છે. છતાં જેમ પૃથ્વી સમાન કોઈ વૃક્ષ થઈ શકતું નથી તેમ કુવેરસ્વામી સમાન સામાન્ય, વિશેષ કે પરમ વિશેષ પૈકી કોઈ પણ અંશ થઈ શકતા નથી.

**તુલ થયનકે પરીત કામ કયા, ભવજલ તો તરહીનકે;**
**જયૌ ભેડાસે લંગીત નદકુ, ફરી નાવ સમ કજ કીનકે. ૪**

### શબ્દાર્થ

**તુલ** = તુલના, સમાન, સમોવડીયા **થયનકે** = થવાની **પરીત** = પડે **કામ** = કામ, કાર્ય **કયા** = શું **ભવજલ** = ભવસાગર **તો** = તો **તરહીનકે** = તરવા માટે તો, તરવા થકી, તરી શકાય છે **જયૌ** = જેમ **ભેડાસે** = દોરડાથી **લંગીત** = લંગરીત થયેલ **નદકુ** = નદીના પ્રવાહને, નદીના વહેણને **ફરી** = પાછું, ફરીથી **નાવ** = નદીમાં તરવાનું સાધન, નાવડી **સમ** = સમાન **કજ** = કાર્ય, કામ **કીનકે** = શું.

## અનુવાદ

**એક વખત નદીપાર કર્યા પછી ફરીથી દોરડાથી લંગારેલી નાવનું શું કામ પડે ? તેમ ભવજલ જો તરાતું હોય તો પછી મારા સમાન થવાની શી જરૂર છે ?**

## ભાવાર્થ

એક વખત નદીને પાર કર્યા પછી લંગર સાથે દોરડાથી (ભેડાથી) બાંધેલી નાવની ફરીથી જરૂર નથી. તેમ પરમગુરુની કૃપાથી સંસારસાગર પાર થઈ શકાતો હોય તો પછી કુવેરસ્વામી સમાન થવાની શી જરૂર છે ? અર્થાત્ કાર્યની સફળતા મળતી હોયતો કારણરૂપ બનવાની જરૂર નથી.

**બહોરહુ હમ તો કલ્પવૃક્ષ તરુ, અવિગત અકળ ઉદાસી;**
**જીનકી છાંય ચરન ચિત્ત વરતત, તેહી તીનકા ફલ પાસી. ૫**

### શબ્દાર્થ

**બહોરહુ** = ફરથી કહું છું, વળી **હમ તો** = હું તો **કલ્પવૃક્ષ તરુ** = કલ્પવૃક્ષના ઝાડ સમાન **અવિગત** = અવિગત **અકળ** = અકળ **ઉદાસી** = ત્યાગી, સંન્યાસી **જીનકી** = જેની **છાંય** = છાંયો **ચરન** = પગ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **વરતત** = વર્તમાન કરે, વર્તે **તેહી** = તે **તીનકા** = તેનાં **ફલ** = ફળ **પાસી** = પ્રાપ્ત કરે છે

### અનુવાદ

**વળી હું તો અવિગત અકળ અને ત્યાગી હોઈ કલ્પવૃક્ષના ઝાડ સમાન છું. જેની છાયા રૂપ ચરણોમાં વર્તીને ચિતવન કરે તો તેનું ફળ પ્રાપ્ત થાય છે.**

### ભાવાર્થ

વળી કુવેરસ્વામી તો અકળ અને પરમ ત્યાગી હોઈ સંસારમાં દૈવી વૃક્ષ તરીકે ગણાતા કલ્પવૃક્ષ જેવા છે. જે કોઈ માનવી તેમના કહ્યા પ્રમાણે આચરણ કરીને તેમના ચરણકમળમાં પોતાની ચિત્તવૃત્તિને સ્થિર કરી જે કંઈ ચિતવન કરે તે પ્રમાણેનું ફળ તેમને અવશ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેમના ચરણકમળમાં માનવીનું જન્મ-મરણનું ભવ સંકટ દૂર થાય છે. પરિણામે અખંડ મુક્તિ પ્રાપ્ત કરવાની જે તમન્ના પરિપૂર્ણ થઈ જાય છે.

**કલ્પતરુસે કલ્પિત પાવત, જેહી જીનકે ઉર ધરહી;**
**પણ જીનમે જન કોહુ ન હોવત, કલ્પતરુ સરભરહી. ૬**

### શબ્દાર્થ

**કલ્પતરુસે** = કલ્પતરુથી **કલ્પિત** = કલ્પના કરવામાં આવે તે **પાવત** = પ્રાપ્ત થાય છે **જેહી** = જે **ઉર** = હૃદય **ધરહી** = ધારેલું હોય તે **પણ** = પરંતુ **જીનમે** = જેનામાં **જન** = મનુષ્ય, માનવ, વ્યક્તિ **કોહુ** = કોઈ **ન** = નહીં **હોવત** = થાય **કલ્પતરુ** = કલ્પતરુ **સરભરહી** = સમાન, સરખા, બરાબર.

### અનુવાદ

**પોતાના હૃદયમાં જે ધાર્યું હોય તેવી કલ્પનાનું ફળ કલ્પતરુથી પ્રાપ્ત થાય છે, પરંતુ તેનાથી કોઈ વ્યક્તિ કલ્પતરુ સમાન થઈ શકતો નથી.**

## ભાવાર્થ

કોઈ પણ માનવે કલ્પતરુ વૃક્ષની છાયામાં રહીને પોતાના હૃદયમાં જેવી પદાર્થ પ્રાપ્તિની ધારણા કરી હોય તે મુજબ તેની કલ્પનાનું ફળ તેને મળે છે. પરંતુ કલ્પના કરનાર કોઈ પણ માનવ કલ્પવૃક્ષ સમાન બની શકતો નથી.

**ત્યૌ મેરે જન ચરણ હમનકે, જેહી જીનુ જમ રત પાગે;**
**ત્યૌ તીનકે ફલ પાય તેહુનસે, હમ સમ લાગ ન લાગે. ૭**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેમ **મેરે** = મારા **જન** = સેવેકો, અનુયાયીઓ, શિષ્યો **ચરણ** = ચરણમાં **હમનકે** = અમારા, મારા **જેહી** = જેવું **જીનુ** = જેઓનું **જમ** = જે રીતે **રત** = પ્રીતિ, આરત **પાગે** = પામે, જાગે, કરે **ત્યૌ** = તેવું જ, તેમ **તીનકે** = તેમનું **ફલ** = ફળ **પાય** = પ્રાપ્ત કરે **તેહુનસે** = તેઓને **હમ** = મારા **સમ** = સમાન, બરોબરી **લાગ ન લાગે** = તક મળે નહીં, લાગ લાગે નહીં, મોકો ન મળે.

## અનુવાદ

**તેમ મારા ચરણમાં રહેલા અનુયાયીઓને જેને જે રીતે જેવી આરત જાગે તેને તેવું ફળ પ્રાપ્ત થાય છે, પરંતુ મારા સમાન થવાની તક મળી ન શકે.**

## ભાવાર્થ

સકર્તા સિદ્ધાંતને અનુસરનારા કાયમપંથીઓ પરમગુરુના ચરણકમળમાં સદાને માટે ચિત્ત જોડીને રહે તો જેને જેવી આરત હૃદયમાં જાગે તેને તે મુજબનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ કોઈ પણ કાયમપંથીને કુવેરસ્વામી થવાનું ટાણું (લાગ) કદી પણ મળતુ નથી, કારણ કે તે સંભવ નથી.

**લાગ લગનકી કહત રહેણી રત, જતમત જોગ જમાકી;**
**મેરે વચન ઓલંગી કાજકો, કરહી ન તરક તમાકી. ૮**

### શબ્દાર્થ

**લાગ લગનકી** = સબંધ બાંધવાની **કહત** = કહું છું **રહેણી** = આચરણ **રત** = પ્રીત **જતમત** = જતમતપણે **જોગ** = યોગ, વૈરાગ **જમાકી** = જમાવવો, જમાવટ કરવો, ટકાવવો **મેરે વચન** = મારા વચનોને

**ઓલંગી** = ઓળંગીને **કાજકો** = કાર્ય, કામકાજ **કરહી** = કરે **ન** = નહીં **તરક** = તર્ક, વિચાર, તરક્કી **તમાકી** = પરવાહ, દરકાર, કાળજી, ગરજ, લાલચ, ઈચ્છા, સ્પૃહા.

## અનુવાદ

**મારી સાથે સબંધ બાંધવાની લાગણી અને રહેણી-કરણી કહું છું કે જતમતપણે યોગ જમાવવો, પરંતુ મારા વચનો ઓળંગી કોઈ પણ કાર્ય કરવાના વિચારની ઈચ્છા કરવી નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી સાથે પ્રેમપૂર્વક સબંધ બાંધીને કાયમપંથીએ કેવી રહેણી-કરણી પાળવી તે જણાવે છે. બધા સેવકોએ જતમતપણે સાંસારિક સબંધનો ત્યાગ કરીને વૈરાગ ધારણ કરી જાળવી રાખવો જોઈએ. વળી ધર્મગ્રંથોમાં દર્શાવ્યા મુજબના બધા વચનોનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈએ. કોઈ પણ વચનોનું ઉલંઘન થાય તેવું કોઈ કાર્ય કરવા માટે વિચાર કરવાની સ્પૃહા પણ કરવી નહીં.

**હુકમ વિના કિત પાવ ધરત નહીં, અપને મન મુખસેતી;**
**ટુક ટુક હોઈ જાય કહન પર, મેરે મુખન સહેતી. ૯**

### શબ્દાર્થ

**હુકમ** = ફરમાન, આદેશ **વિના** = સિવાય **કિત** = કાંઈપણ, ક્યાંય પણ **પાવ ધરત નહીં** = પગ ધરવો નહીં, કાર્ય કરવું નહીં, પ્રયત્ન કરવો નહીં, પગ મુકવો નહીં **અપને** = પોતાના **મન મુખસેતી** = મનસ્વીપણે **ટુક ટુક હોઈ** = ન્યોછાવર થઈ જવું, સમર્પણ થવુ **જાય** = જવું **કહન પર** = કહેલા વચનો ઉપર **મેરે** = મારા **મુખન** = મુખથી, ઉચ્ચારેલા (વચનો) **સહેતી** = હેત રાખીને, પ્રેમપૂર્વક.

## અનુવાદ

**આદેશ સિવાય મનસ્વીપણે કોઈ પણ કાર્ય કરવું નહીં. મારા મુખથી કહેલા હેતપૂર્વકના વચનો ઉપર ટૂકડે ટૂકડા થઈ જવું.**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ જે પ્રમાણેનો આદેશ આપ્યો છે તે મુજબ રહેણી-કરણી પાળીને

તેમણે દર્શાવેલ પ્રણિપત વિધિ અને ધ્યાન-ભજન વિધિનું ચુસ્તપણે પાલન કરી પૂર્ણ વૈરાગ ધારણ કરવો જોઈએ. ત્યારબાદ ચિત્તને સદાને માટે સકર્તાપતિના સ્મરણમાં (ચરણમાં) જોડી રાખવું. ગુરુના આદેશ સિવાય કોઈ પણ કાર્ય મનસ્વીપણે કરવું જોઈએ નહીં. કુવેરસ્વામીના મુખથી ઉચ્ચારાયેલા જ્ઞાનોપદેશના પ્રેમ ભર્યા વચનો ઉપર પૂર્ણતઃ સમર્પિત થઈને રહેવું જોઈએ.

**હલન ચલન જેહી કરીત કાજ તન, તેહી મમ વચન વદીતમે;**
**કબજ કસોટી ચાહ નહીં ચહકીત, રહત સદા ભયેભીતમે. ૧૦**

**શબ્દાર્થ**

**હલન ચલન** = હાલવું ચાલવું **જેહી** = જે **કરીત** = કરીને **કાજ** = કામકાજ, કાર્ય **તન** = શરીરના **તેહી** = તે **મમ** = મારા **વચન** = વચનો **વદીતમે** = બોલવામાં **કબજ** = સ્વાધીન, તાબામાં **કસોટી** = પરીક્ષા, અજમાયસ **ચાહ** = ઈચ્છા **નહીં** = નહીં **ચહકીત** = ભૂલ થાય, ચુક થાય, છટકે, બહેકી જવું, અંકુશમાંથી સરી જવું **રહત** = રહેવું **સદા** = હમેશાં **ભયેભીતમે** = ડરીને, ગભરાઈને.

**અનુવાદ**

**શરીરથી હલનની ક્રિયા ચલન સહિત તમામ કાર્ય મારા વચનો અનુસાર હોવા જોઈએ. ચાહનાથી બહેકી ન જવાય તે રીતે કસોટી દ્વારા અંકુશમાં રાખીને હંમેશને માટે ભયભીત રહેવું.**

**ભાવાર્થ**

હાલવા ચાલવાની પ્રવૃત્તિની આદ્ય લઈ શરીરની ઈન્દ્રિયો દ્વારા થતા બધા જ કાર્યો કુવેરસ્વામીના કહેલા વચનો અનુસાર હોવા જોઈએ. સાંસારિક વિષય વાસના અને નાશવંત પદાર્થોના મોહમાં ઈન્દ્રિયો બહેકી ન જાય તે રીતે કસોટી દ્વારા અંકુશમાં રાખીને હમેશાં સર્જનહારથી ડરીને રહેવું. જેથી ભૂલેચૂકે પણ એવાં કર્મ ન થાય કે જે કર્મબંધન ઊભું થાય.

**તે કયૌ કરીત કાંય મુજ ઉપરીત, જતમત જોગ જેહુનકે;**
**સુરત નુરત ચિતવન ચિતકે તન, કરીત ન ભાન દેહનકે. ૧૧**

### શબ્દાર્થ

**તે** = તે **કયૌ** = શા માટે, કેમ **કરીત** = કરે **કાંય** = કાંઈપણ **મુજ** = મારાથી **ઉપરીત** = ઉપરવટ થઈને **જતમત** = જતમતપણે **જોગ** = યોગ, વૈરાગ **જેહુનકે** = જેઓનો, જેનો **સુરત** = સુરતા **નુરત** = નુરતા **ચિતવન ચિતકે** = ચિત્ત દ્વારા થતું ચિતવન **તન** = શરીરથી **કરીત** = કરવું **ન** = નહીં **ભાન** = ભાન **દેહનકે** = દેહાભિમાન.

## અનુવાદ

**જતમતપણે જેણે વૈરાગ ધારણ કર્યો હોય તે મારાથી ઉપરવટ થઈને કોઈ પણ કાર્ય કેવી રીતે કરી શકે ? વળી શરીરનું દેહાભિમાન કર્યા સિવાય સુરતા અને નુરતા દ્વારા ચિત્તથી ચિતવન કરવુ.**

## ભાવાર્થ

દરેક સંત પુરુષોએ જતમતપણે દશ ઈન્દ્રિયો અને મન ઉપર કાબુ મેળવીને સંસાર પ્રત્યે વિરકતભાવ ધારણ કરવો. આમ વૈરાગ ટકાવીને જીવન જીવવું જોઈએ. કુવેરસ્વામીના આદેશથી ઉપરવટ થઈને કોઈ પણ કાર્ય કરવું નહીં. વળી સ્થૂળ દેહના જાતિ, કુલ, સૌંદર્ય, મોભો અને પ્રતિષ્ઠાનું દેહાભિમાન કર્યા સિવાય નાશવંત દેહનું ભાન ભૂલીને શાશ્વત અંશના ઉદ્ધાર માટે સુરતા-નુરતાનો એકતાર કરીને ચિત્તના ચિતવનથી પ્રગટ કૈવલ જાપનું રટણ કરવું. તેમજ દિવ્ય પરમગુરુએ દર્શાવેલી ધ્યાન-ભજન વિધિ અનુસાર અમરમંત્રના જાપનું સ્મરણ નિશ્ચિત ગણત્રી અને સમય મુજબ કરવું જોઈએ.

**આઠેય પહોર અનીન રત સે અત, સનમુખ રહત સચેતુ;**
**અવિલોકત ઉરકે નેંનનસે, આરતવંત સહેતુ. ૧૨**

### શબ્દાર્થ

**આઠેય પહોર** = ચોવીસે કલાક **અનીન** = નમ્ર, વિનમ્ર **રત સે** = ભાવથી, પ્રેમથી **અત** = અત્યંત **સનમુખ** = સન્મુખ **રહત** = રહેવું **સચેતુ** = સતેજ, ઉજાગ્રત **અવિલોકત** = અવિલોકન કરી, બારિકાઈથી નિહાળીને **ઉરકે** = હૃદયની **નેંનનસે** = આંખોથી, દૃષ્ટિથી **આરતવંત** = આરતપૂર્વક **સહેતુ** = હેત ધારણ કરીને, પ્રેમ સહિત, પ્રીતિ પૂર્વક.

## અનુવાદ

**આવા સંત પુરુષોએ આઠેય પહોર અત્યંત વિનમ્ર ભાવે ઉજાગ્રત બનીને સન્મુખ રહેવું તથા પ્રેમપૂર્વક આરતવંત બનીને અંતરચક્ષુથી અવિલોકન કરવું જોઈએ.**

## ભાવાર્થ

આવા સંત પુરુષોએ આઠેય પહોર અત્યંત વિનમ્ર ભાવ ધારણ કરીને અતિ ઉજાગ્રત અવસ્થામાં બાહ્યવૃત્તિથી કુવેરસ્વામીના દિવ્ય ઘનશ્યામ સ્વરૂપમાં તલ્લીન બનીને નિરખતા રહેવું જોઈએ. વળી આંતરવૃત્તિથી પ્રેમપૂર્વક સકર્તાપિતિ સર્જનહારને મળવાની આરત ધારણ કરીને અતિ આરતવંત થઈ પોતાના અલ્પ સજાણ-જાણ ચૈતન અંશ સ્વરૂપે મહાદ્ સજાણ જાણ અંશી સાથે એકતા સાધીને તેમનું જ અવલોકન કરવું જોઈએ.

**પુનિ વૈરાગ વિષમ સહિતમ ગમ, તન ધન ઓરુ તરીયનકે;**
**અલગ રહત અનહુતકે જૂથસે, હેરત નહીં ફેરીયનકે. ૧૩**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **વૈરાગ** = સંસાર પ્રત્યે આસક્તિ **વિષમ** = વિરુદ્ધ, પ્રતિકૂળ, દુશ્મનાવટ ભરેલુ, અસંગત, ઈચ્છવાયોગ નહીં **સહિતમ** = સહિત **ગમ** = સમજ, જ્ઞાન, ગતિ **તન** = શરીર **ધન** = દ્રવ્ય, સંપત્તિ **ઓરુ** = અને **તરીયનકે** =સ્ત્રી જાતિ **અલગ** = ભિન્ન, જુદા **રહત** = રહીને **અનહુતકે** = મિથ્યા, અસત્ય, નાશવંત **જૂથસે** = જૂથથી, સમુહથી **હેરત** = નજર નાંખવી, જોવું, છૂપી રીતે, કટાક્ષ દૃષ્ટિ કરવી **નહીં** = નહીં **ફેરીયનકે** = પાછા ફરીને, વળતાં, ફરીથી.

## અનુવાદ

**વળી વૈરાગીઓએ તેમને પ્રતિકૂળ એવા શરીર, ધન અને સ્ત્રી સહિત નાશવંત સમુહની ગતિથી ભિન્ન રહ્યા બાદ પાછું વળીને દૃષ્ટિ કરવી નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામીના શરણમાં ગયેલા વૈરીગી સંત પુરુષોએ વૈરાગને પ્રતિકૂળ એવા શરીરની ઈન્દ્રિયોના સુખ, ધન સંપત્તિ અને સ્ત્રી દેહના નાશવંત ભોગ વિલાસની

સાચી સમજ કેળવ્યા બાદ ભિન્ન રહ્યા પછી સ્વપ્નાંતરે પણ તેના પ્રત્યે દૃષ્ટિપાત પણ કરવો જોઈએ નહીં.

**નિમસ ન રખીત ન્યાર હમસે મન, ઓરુ ચિત્ત બુધ અહંકારુ;**
**બંધેહુ પ્રાણ સહિત રહે વહી જમ, મીન પરત જલ ન્યારુ. ૧૪**

### શબ્દાર્થ

**નિમસ** = પળવાર **ન** = નહીં **રખીત** = રાખવા **ન્યાર** = ભિન્ન, જુદુ **હમસે** = મારાથી **મન** = મન અંતઃકરણ **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **ઓરુ** =અને **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **અહંકારુ** = અહંકાર અંતઃકરણ **બંધેહુ** = વિંધે છે, ત્યજે છે **પ્રાણ** = જીવ **સહિત** = સાથે **રહે** = રહેતો **વહી** = તે, સુંધી **જમ** = જેમ **મીન** = માછલી **પરત** = પડે છે **જલ** = પાણીથી **ન્યારુ** = અળગુ જુદુ.

### અનુવાદ

**જળથી છુટી પડેલી માછલીનો પ્રાણ વિંધાતો હોવાથી તે જેમ પાણીમાં જ રહે છે, તેમ મારાથી એક પળ પણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છૂટા (પડવા દેવા) રાખવા નહીં.**

### ભાવાર્થ

જેવી રીતે માછલી જળથી જુદી પડતાં પોતે તરફડીયા મારે છે અને પોતાના પ્રાણને વિંધાતો હોવાના કારણે તે સદાને માટે પાણીમાં જ રહે છે. તેમ દરેક અનુયાયીઓએ પોતાના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અંતઃકરણોને જરા પણ અલગ ન રાખતાં સદાને માટે કરુણાસાગરના ચરણકમળમાં રાખવાં. ભૂલે ચૂકે પણ તેમનાથી જુદા પડશે તો તે અંતઃકરણો અંશની પ્રાણઘાતક ક્રિયા રૂપ કર્મ બંધનો ઊભા કરવામાં વળગી જશે તેની કાળજી રાખવી.

**નીખ શીખ સહિતમ સમલ સમર્પણ, કરીત હમનસે જેહુ;**
**આપ તરફ કછુ રખે ન હવીતવ, મેરે વચન વીદેહુ. ૧૫**

### શબ્દાર્થ

**નીખ શીખ સહિતમ** = પગના નખથી માથાની શિખા સુધી **સમલ** = સંપૂર્ણપણે, સર્વસ્વ **સમર્પણ** = અર્પણ **કરીત** = કરીને **હમનસે** = અમોને, મને **જેહુ** = જેઓ, જે **આપ** = પોતાના **તરફ** = તરફે,

પાસે **કછુ** = કાંઈપણ **રખે** = રાખે **ન** = નહીં **હવીતવ** = રાખવાપણુ, હોવાપણુ **મેરે** = મારા **વચન** = વચનો **વીદેહુ** = વદેલા, બોલેલા, કહેલાં.

## અનુવાદ

**મારાં કહેલાં વચનો અનુસાર પોતાની પાસે કંઈ પણ ન રાખતાં નખથી શિખા પર્યંત બધું જ મને સમર્પિત કરીને રહેવું.**

## ભાવાર્થ

કુવેરસ્વામીના કહેલા વચનો અનુસાર નાશવંત સંપત્તિની આદ્ય લઈ દશ ઈન્દ્રિયો અને ચારે અંતઃકરણ સહિત તમામ તત્ત્વોનાં સાજને પોતાની ઈચ્છા મુજબ ન રાખતાં (વાપરતાં) તેને કુવેરસ્વામીના ચરણોમાં સમર્પિત કરી દેવા. એટલું જ નહીં પરંતુ નખથી શિખા પર્યંત સંપૂર્ણ શરીર તેમને સમર્પિત કરી જિંદગી જીવવી જોઈએ.

**અંતર બાજ સહિત એકતાયન, ન્યારે નહીં નિરંતુ;**
**એકમેક હમસે થઈ વરતત, કરત ન કાજ એકંતુ. ૧૬**

### શબ્દાર્થ

**અંતર** = આંતરિક **બાજ** = બાહ્ય દૃષ્ટિ **સહિત** = સાથે **એકતાયન** = એકતા રાખીને **ન્યારે** = જુદા **નહીં** = નહીં **નિરંતુ** = સતત, નિરંતર હંમેશ, અંતર રહિત **એકમેક** = અન્યો અન્ય, પરસ્પર, માંહો માંહે **હમસે** = મારાથી **થઈ** = થઈને **વરતત** = વર્તે, આચરણ કરે **કરત** = કરે **ન** = નહીં **કાજ** = કાર્ય, કામ **એકંતુ** = એકપણ.

## અનુવાદ

**નિરંતર ન્યારા ન રહેતાં આંતર અને બાહ્ય દૃષ્ટિ સહિત એકતા રાખીને રહેવું અને મારી સાથે એકમેક થઈને વર્તે તેમજ એકપણ કાર્ય મારી આજ્ઞા વિરુદ્ધ કરવાં નહિં.**

## ભાવાર્થ

જાગૃત અને શરણે આવેલા શિષ્યોએ સદાને માટે કુવેરસ્વામીથી સહેજ પણ ન્યારા ન રહેતાં તેમની આંતરિક અને બાહ્ય દૃષ્ટિ સહિત એકતા રાખીને રહેવું.

તેઓએ કુવેરસ્વામી સાથે એકમેક થઈને પોતાનું આચરણ કરવું. એક પણ કાર્ય તેમના આદેશની અવગણના કરીને કે ઉપરવટ થઈને કરવું નહિં.

**અગમ નિગમકી સુઝ સતંતર, લહન લહે હમ કેહુ;**
**તો તેહી જન તન ધર ભર હમસે, છપી રખે કછુ કેહુ. ૧૭**

### શબ્દાર્થ

**અગમ** = ભવિષ્ય, વેદમાંથી પરંપરાગત કથેલ ધર્મ શાસ્ત્રનો સમુહ **નિગમકી** = ભૂતકાળની, ચાર વેદની **સુઝ** = સમજ, જ્ઞાન, જાણ્ય **સતંતર** = સતત, અભિન્ન **લહન** = જાણ્ય **લહે** = જાણે **હમ** = મને **કેહુ** = કાંઈપણ **તો** = તો **તેહી** = તે **જન** = માનવ, વ્યક્તિ **તન** = શરીર **ધર** = ધારણ કરીને **ભર** = દરમિયાન **હમસે** = મારાથી **છપી** = છુપી, છાની **રખે** = રાખે **કછુ** = કાંઈ **કેહુ** = કોઈ પણ.

### અનુવાદ

**અગમ નિગમની આદ્ય લઈ મને નિરંતરપણે જાણ્ય છે, તો પછી સેવકો શરીર ધારણ કર્યા દરમિયાન કોઈ પણ વાત મારાથી કેમ કરીને કંઈ પણ છૂપી રાખી શકે ?**

### ભાવાર્થ

આવા સેવકોને અગમ નિગમની તેમજ કુવેરસ્વામીના આપેલા કૈવલજ્ઞાનની પણ જાણ્ય નિરંતર રાખતા હોય અને તેમની સામર્થ્યતાને યોગ્ય રીતે જ્ઞાન થકી જાણતા હોય તો એવી વ્યક્તિઓએ તેમના જીવનકાળ દરમિયાન કરેલા દરેક કર્મો કુવેરસ્વામીથી છૂપાં રહેતાં નથી કારણકે તે તો સજાણ પુરુષ હોય તેમનાથી ગુપ્ત કંઈ પણ રહી શકે નહીં.

**એહી વિધકે જાનન જન મુજકે, તેહી ન રહે ભિન્ન હમસે;**
**રખુ કાંહાં તીનકુ હમકે બિન, ઠોરન ઠરન આરામસે. ૧૮**

### શબ્દાર્થ

**એહી વિધકે** = એવી રીતે **જાનન** = જાણવાવાળા **જન** = માનવ **મુજકે** = મને **તેહી** = તે **ન** = નહીં **રહે** = રહેવા પામે **ભિન્ન** = જુદા, અલગ, અળગા **હમસે** = મારાથી **રખુ** = રાખુ **કાંહાં** = ક્યાં, કેમ **તીનકુ** = તેઓને, તેમને **હમકે** = મારાથી **બિન** = વિના **ઠોરન ઠરન** = ઠરીને ઠેકાણે ઠરવાનુ

**આરામસે** = આરામથી, નિશ્ચિતપણે, નિર્ભયતાથી, શાંતિથી.

## અનુવાદ

**એવી રીતે મને જાણવાવાળા મારાથી જુદા રહી શકે નહીં. મારા સિવાય તેઓ શાંતિપૂર્વક ઠરીને ઠેકાણે ક્યાં રહેશે ?**

## ભાવાર્થ

જેમણે કુવેરસ્વામીની સામર્થ્યતા જાણી છે. તે સંત હોય કે સંસારી, પરંતુ તેમના શુદ્ધ અંશ ભાવે કુવેરસ્વામીથી જુદા રહી શકે નહીં. તેઓ રાત-દિવસ કૈવલકર્તાનું રટણ અને તેમના શરણમાં જ એકતા રાખીને રહે છે. તેમને ખબર છે કે ચાર પ્રકારની મુક્તિથી અલ્પ વિશ્રાંતિ મળશે પરંતુ પંચમી અખંડ કૈવલ મુક્તિ તો માત્ર કુવેરસ્વામીની કૃપાથી જ મળવાની છે. ત્યારે જ અંશને પોતાના મૂળ વતનમાં શાંતિથી સદાને માટે રહેવાનો અવસર પ્રાપ્ત થાય છે, તો પછી તેમને કુવેરસ્વામી તેમના સિવાય ક્યાં રાખે ? અર્થાત્ તેમને કુવેરસ્વામી મૂળ વતનમાં પહોંચાડીને શાંતિપૂર્વક ઠરીને રહે તેવી મૂક્તિ પ્રદાન કરે છે.

**તબતે તેહી મુજમે એકતારન, રહત સદાય સમોહુ;**
**નિરમલ તંત મલીત મુજમે સૂજ, અરપીત રહીત અછોહુ. ૧૯**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે **તેહી** = તેઓ **મુજમે** = મારામાં **એકતારન** = એકતા સાધીને **રહત** = રહે છે **સદાય** = હંમેશ માટે **સમોહુ** = પ્રેમ સહિત, ભાવપૂર્વક **નિરમલ** = નિર્મળ, પવિત્ર **તંત** = દેહ સ્વરૂપ **મલીત** = મળીને **મુજમે** = મારામાં **સૂજ** = સમજ, જ્ઞાન, જાણ્ય **અરપીત** = અર્પણ કરી **રહીત** = રહે છે **અછોહુ** = નિરાળા, ત્યાગી, વિયોગી.

## અનુવાદ

**તેટલા માટે જ તેઓ હમેશાં મારામાં પ્રેમ સહિત એકતા રાખી રહે છે. મારામાં રહેલા નિર્મળ સ્વરૂપના જ્ઞાનમાં અર્પિત થઈને રહેશે તો હું તેમને છોડીશ નહીં.**

### ભાવાર્થ

તેટલા માટે જ સર્વ અનુયાયી વર્ગ હમેશને માટે કુવેરસ્વામીમાં પ્રેમ સહિત ચિત્તની એકતા સાધીને તલ્લીન રહે છે. વળી તેમનો દિવ્ય દેહ કૈવલજ્ઞાનનો ભંડાર છે. તેવા નિર્મળ જ્ઞાનમાં બધા પોતાના અંશ સ્વરૂપને અર્પિત થઈને રહેશે તેમને પરમગુરુ અલગ થવા નહીં દે.

**એહી પરકાર યાર સમુદાયક, લાયક હંસ હમારા;**
**કરહીત કીટ વિહંગમ જયૌ તે, ભૃંગી ચટક એકતારા. ૨૦**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, આ પ્રમાણે **યાર** = સ્નેહી, અનુયાયી, દોસ્ત **સમુદાયક** = સમુદાય, જૂથ **લાયક** = લાયકાત ધરાવતુ, યોગ્ય **હંસ** = હંસ ગતિવાળા અંશ **હમારા** = અમારા **કરહીત** = પરોપકાર કરે છે **કીટ** = કીટાણુ, કીડો **વિહંગમ** = વિહંગ, પંખી **જયૌ** = જે રીતે **તે** = તે **ભૃંગી** = ભમરી **ચટક** = ડંખ **એકતારા** = એક ચિત્ત, તલ્લીન, ધ્યાનમગ્ન, એકતાન.

### અનુવાદ

**એ પ્રમાણે અમારા અનુયાયીના સમુહને હંસની લાયકાત ધરાવતો કરું છું. જેમ ભ્રમરી એકતાન થઈ વિહંગના કીડાને ડંખ મારીને તેનું હીત કરે છે.**

### ભાવાર્થ

જેમ હવામાં ઊડતી વિહંગ ભમરી પોતાના કીડાને પોતાની જેમ ઊડતું કરવા માટે સતત ડંખ મારે છે. તેથી તે ઈયળ મટીને ભમરી બને છે અને ઊડવા માંડે છે. તેવી જ રીતે કુવેરસ્વામી પણ પોતાના અધિકારી અનુયાયીના સમુહને કૈવલજ્ઞાનના માધ્યમથી જાગૃત કરીને પોતાની કૃપા દ્વારા અંશો પર ચઢેલા આવરણોને અને કર્મોના બંધનોને દૂર કરી શુદ્ધ હંસના ગુણોવાળો બનાવે છે.

**એસે હી જન કોઈ જગે જકતમે, પરખ હમનકી પાઈ;**
**તો તીનકુ હમ કરત સમોવડ, ભમર કીટકી ન્યાઈ. ૨૧**

### શબ્દાર્થ

**એસે હી** = એ રીતે, એવો **જન** = માનવ, વ્યક્તિ **કોઈ** = કોઈક **જગે** = જાગ્રત થાય **જકતમે** = જગતમાં **પરખ** = ઓળખ, પરીક્ષા **હમનકી** = મારી, અમારી **પાઈ** = પ્રાપ્ત કરીને, મેળવીને **તો** = તો **તીનકુ** = તેને **હમ** = હું **કરત** = કરું છું **સમોવડ** = સરખો, બરાબર, ના જેવો **ભ્રમર** = ભ્રમર **કીટકી** = ઈયળની **ન્યાઈ** = ન્યાય મુજબ.

## અનુવાદ

**આ રીતે જે માનવ જગતમાં મારી પરખ (ઓળખ) પ્રાપ્ત કરીને જાગશે તો તેને હું ભ્રમર-કીડાના ન્યાયે મારા જેવો કરીશ.**

## ભાવાર્થ

જગતમાં કુવેરસ્વામીની સામર્થ્યતા ઓળખીને તેમને શરણે ગયેલા મુમુક્ષુજનો કૃપાના અધિકારી બનશે. તેઓ કૈવલજ્ઞાનથી જાગ્રત થશે તો તેવા અધિકારી અંશોને તેઓ કૃપા કરીને ભ્રમરી અને કીડાના ન્યાયે જેમ કીડામાંથી ભ્રમર બની ઊડવા માંડે તેમ તેઓ હંસ ગતિના બનાવી દે છે. જેથી મોક્ષગતિને પ્રાપ્ત કરી શકે.

**કરીત સમોવડ જેહી જનકી અબ, તીનકી સુનો કહતકી;**
**જયૌ તે નરપ હુકમ દે આંનકુ, દેખી સગુન મન પતહી. ૨૨**

### શબ્દાર્થ

**કરીત** = કરું છું **સમોવડ** = બરોબરી, જેવો **જેહી** = જે **જનકી** = માનવની **અબ** = હવે **તીનકી** = તેના અંગે **સુનો** = સાંભળો **કહતકી** = કહેવાનો ઈરાદો, હકીકત **જયૌ** = જેમ **તે** = તે **નરપ** = રાજા **હુકમ** = આદેશ, ફરમાન **દે** = આપે, કરે **આંનકુ** = ઈજ્જત કરે, પ્રતીજ્ઞા લેવડાવે **દેખી** = જોઈને **સગુન** = સારા ગુણો **મન** = મનમાં **પતહી** = પતિયાર, વિશ્વાસ.

## અનુવાદ

**તે વ્યક્તિને મારા સમાન બનાવું છું એ હકીકત કહેવાનો ઈરાદો સાંભળો. જેમ રાજા સારા ગુણો જોઈ મનમાં વિશ્વાસ લાવી હુકમ કરીને ઈજ્જત કરે છે.**

### ભાવાર્થ

અધિકારી અંશને કુવેરસ્વામી તેમના સમાન બનાવી દે છે. જેનો હવે પછી એવું કહેવા પાછળનો તેમનો ઈરાદો સમજાવે છે. જેમ રાજા કોઈ વ્યક્તિને તેના સારા ગુણો જોઈ મનમાં વિશ્વાસ લાવીને હુકમ કરે છે અને તેને ઈજ્જત કરીને કારભાર કરવાની જવાબદારી સોંપે છે.

**જબ લગી ગુન તેહીકે તેહી દેખીત, તબ લગી રાજ તેહુનકે;**
**દેખી અગુન તીનુ લેત છીનાઈત, કરીતવ અમલ વિહુનકે. ૨૩**

### શબ્દાર્થ

**જબ લગી** = જ્યાં સુધી **ગુન** = ગુણો **તેહીકે તેહી** = તેવાને તેવા **દેખીત** = દેખાય, જણાય **તબ લગી** = ત્યાં સુધી **રાજ તેહુનકે** = તેને રાજકારભાર ચલાવવા દે છે **દેખી** = જોઈ **અગુન** = અવગુણ **તીનુ** = તેને **લેત** = લે છે **છીનાઈત** = છીનવી, ઝુંટવી **કરીતવ** = કરે છે **અમલ વિહુનકે** = સત્તા વિનાનો, અમલ વિહોણો.

### અનુવાદ

**જ્યાં સુધી તેવાને તેવા જ ગુણો જુએ ત્યાં સુધી તેને રાજ્યનો કારભાર ચલાવવા દે છે. પરંતુ અવગુણ જણાતાં તેની સત્તા છીનવી લઈને અમલ વિહોણો કરે છે.**

### ભાવાર્થ

રાજાએ તે વ્યક્તિના સદ્ગુણો જોઈને તેનો વિશ્વાસ કરી સત્તા ચલાવવા માટે હુકમ આપ્યો હતો. એટલે જ્યાં સુધી તેનામાં તેવા જ સદ્ગુણો જુએ (હોય) ત્યાં સુધી તેને રાજ્યનો કારભાર ચલાવવા દે છે. જ્યારે તેનામાં સત્તાનો દૂરુપયોગ કરાતા અવગુણો જણાય તો તરત જ તેને આપેલી સત્તા પાછી છીનવી લઈને અમલ વિહોણો કરી દે છે.

**એસે હી જન ગુરુ પરમ પુરુષકે, કરીત આપ સમ જેહી;**
**જો અભિમાન ધરે અહંપદકે, નરપ કિયે તમ તેહી. ૨૪**

### શબ્દાર્થ

**એસે હી** = એવી જ રીતે **જન** = મનુષ્ય, માનવ **ગુરુ પરમ** = પરમગુરુ **પુરુષકે** = પુરુષને, માનવને **કરીત** = કરે છે **આપ સમ** = પોતાના સમાન **જેહી** = જે, જેવા **જો** = જો **અભિમાન** = ગર્વ **ધરે** = ધારણ કરે **અહંપદકે** = અભિમાનનો, પોતાની સત્તાના હોદ્દાનું **નરપ** = રાજા **કિયે** = કરે છે **તમ** = તેમ **તેહી** = તેઓના, તેવું, તેઓ.

### અનુવાદ

**તેવી જ રીતે પરમગુરુ તે પુરુષને પોતાના સમાન કરે છે. પરંતુ રાજા જેમ સત્તાના હોદ્દાનું અભિમાન ધારણ કરનારને જેવું કરે છે તે જ પ્રમાણે તમોને હું પણ કરીશ.**

### ભાવાર્થ

તેવી જ રીતે દિવ્ય પરમગુરુ પણ કોઈ અધિકારી સંતકે ભક્તજનને પોતાના સમાન હંસ સ્વરૂપને લાયક બનાવે ખરા, પરંતુ રાજા અવગુણોવાળા અધિકારી પાસેથી સત્તા છીનવી લે છે અને તેને અમલ વિહોણો કરી દે છે તેમ કુવેરસ્વામી પણ તેમની આજ્ઞાનું પાલન ન કરનાર તથા અહંપણાનું અભિમાન ધારણ કરનાર શિષ્યની તેવી જ સ્થિતિ કરે છે.

**તીનકી શાખ કહત પરવેદીક, ભેદીક જાય ભરમહી;**
**મુસલમાનીમે ભયે પેગમ્બર, જબરાયલ પરમહી. ૨૫**

### શબ્દાર્થ

**તીનકી** = તેની **શાખ** = પુરાવો, સંમતી **કહત** = કહું છું **પરવેદીક** = વૈદિક વિનાની અવૈદિક **ભેદીક જાય** = દૂર થાય, નષ્ટ થાય, ભેદાઈ જાય **ભરમહી** = ભ્રમણા, વહેમ, શંકા **મુસલમાનીમે** = મુસ્લીમ સમુદાયમાં, મુસલમાનોમાં **ભયે** = થયા **પેગમ્બર** = દેવદૂત, દૈવી પૈગામ લાવનારા **જબરાયલ** = જબરો, શક્તિશાળી **પરમહી** = મહાન, શ્રેષ્ઠ.

### અનુવાદ

**તેનો અવૈદિક પુરાવો કહું છું જેથી ભ્રમણા ભેદાઈ જાય. મુસલમાનોમાં મહાન જબરાઈલ પેગંબર થયા.**

### ભાવાર્થ

કુવેરસ્વામી તે હકીકતના પુરાવા રૂપ એક અવૈદિક શાખ આપે છે કે જેથી શ્રોતાવર્ગમાં રહેલી ભ્રમણાનો નાશ થશે. પ્રારંભિક ઈસ્લામ ધર્મમાં તાકાતવાન એક મહાન પેંગમ્બર થઈ ગયા હતા. જેનું નામ ઈલીયાસ હતું. (જે વાતની સાક્ષી કુરાનમાં સુરા બકરા-૨ આયત-૩૩ માં જોવા મળે છે.)

**અલ્લાકે જેહી અરસ પરસકે, હમ પદ હુકમ ન માને;**
**સરદા કરન કીયે મોરીદનકુ, વચન વિડારીત રાને. ૨૬**

### શબ્દાર્થ

**અલ્લાકે** = અલ્લાને **જેહી** = જે **અરસ પરસકે** = અન્યોન્ય, પરસ્પરનો **હમ પદ** = હું પણું, અહંપદ, અભિમાન **હુકમ** = ફરમાન **ન** = નહીં **માને** = માનતા, વર્તતા, ગણકારતા **સરદા** = શ્રદ્ધા, યકિન નમન **કરન કીયે** = કહ્યું, કહેવામાં આવ્યું **મોરીદનકુ** = પયગંબરને **વચન** = આજ્ઞા **વિડારીત** = અવગણનાથી, ઉલ્લંઘનથી અનાદરથી **રાને** = દુઃખી, હેરાન, કનડગત.

### અનુવાદ

**અલ્લાહની સાથે પરસ્પરતા હોવા છતાં હું પણાને લીધે તેમની આજ્ઞા માની નહીં. મોરીદને નમન કરવા કહ્યું પણ આજ્ઞાનો અનાદર કરતાં દુઃખી થયા.**

### ભાવાર્થ

ઈલીયાસ પોતે મહાન શક્તિશાળી હોઈ અલ્લાહની સાથે પરસ્પરતા સાધીને રહેતા હોવા છતાં તેમનામાં અહંપણાનું અભિમાન થતાં મોરીદને નમન કરવાનું કહેવા છતાં તેમની આજ્ઞા માની નહીં અલ્લાની આજ્ઞાનો અનાદર કર્યો જેથી તેઓને પયગંબરના સ્થાનેથી બરતરફ કરી "અબલીસ" તરીકે શેતાન બનાવતાં દુઃખી થયા.

**અલ્લાકે સમદાય રહનકે, તીનુ કિયે બેતરપી;**
**તો ઓરનકી કુન ગનીત મે, તદીપ ચલો તુમ ડરપી. ૨૭**

### શબ્દાર્થ

**અલ્લાકે** = અલ્લાના **સમદાય** = સમીપમાં **રહનકે** = રહેવા છતાં **તીનુ** = તેની **કિયે** = કરી **બેતરપી** = બરતરફી **તો** = તો પછી **ઓરનકી** = બીજાની **કુન** = શી **ગનીત મે** = ગણત્રીમાં **તદીપ** = તેથી **ચલો** = ચાલો, વર્તો, કરણી કરો **તુમ** = તમે **ડરપી** = ડરીને, ડર રાખીને.

### અનુવાદ

**અલ્લાની નજીક રહેવા છતાં તેમની બરતરફી કરવામાં આવી, તો પછી બીજાની શી ગણત્રી ? માટે તમો કર્તાનો ડર રાખીને ચાલો.**

### ભાવાર્થ

અલ્લાના ખુબ જ નજીક અને અરસ પરસ થઈને તેઓ રહેતા હતા છતાં પણ તેમની બરતરફી કરવામાં આવી તો પછી અન્ય વ્યક્તિની તો ગણતરી જ શી ? તેથી કુવેરસ્વામી સ્પષ્ટ કહે છે કે દરેક પ્રકારના કર્મો કરતા પહેલાં સંસારમાં માલિકનો ડર રાખીને બધાએ ચાલવુ જોઈએ. અર્થાત્ હર હમેશાં સકર્તા સર્જનહારનો ડર રાખીને જ આચરણ કરવું જોઈએ.

**સામ્રથ કરે ચહાય સો ધરીતવ, આપને શિર પર સોઈ;**
**વચન વિડાર ન કરીત કાજકો, જીનકી કહીત સકોઈ. ૨૮**

### શબ્દાર્થ

**સામ્રથ** = સામર્થ્યવાન, સર્વોપરી **કરે** = કરે **ચહાય** = ઈચ્છા, ચાહના **સો** = તે **ધરી** = ધારણ કરી **તવ** = ત્યારે **આપને** = આપણા **શિર પર** = માથે, માથા પર **સોઈ** = તે **વચન** = આજ્ઞા, આદેશ **વિડાર** = ઉલ્લઘન **ન** = નહીં **કરીત** = કરીને **કાજકો** = કાર્યને, કામને **જીનકી** = જેની **કહીત** = કહી, દર્શાવી **સકોઈ** = સર્વ કોઈ, બધીજ.

### અનુવાદ

**સામર્થ્યવાન જે આજ્ઞા કરે તે આપણે શિર પર ધારણ કરવી જોઈએ. તેમના વચનોનું ઉલ્લંઘન કરીને કાર્ય ન કરવું જોઈએ. તેમજ સર્વ કોઈએ તેમનું જ કહેલું માનવું.**

### ભાવાર્થ

સર્જનહારે જેને ઐશ્વર્યતા અને વિભૂતિની સામર્થ્યતા બક્ષી છે, તેવા સામર્થ્યવાન મહાપુરુષ જે આજ્ઞા કરે તે આપણે સંપૂર્ણપણે માનીને તે પ્રમાણે જ આચરણ કરવું જોઈએ. વળી સંત અને સજ્જન નર-નારી સહિત બધાએ તેમની આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન કરવું ન જોઈએ, પરંતુ તેમણે જણાવ્યા પ્રમાણેની રહેણી-કરણી ચુસ્તપણે પાળીને આચરણ કરવું જોઈએ.

**માટે હી બાપ મુસલ હિંદુવનકી, એકહી રાહુ રેહનકી;**
**સાચ વિના સાહેબ કોવુ કીતકી, કરીત ન બકસ બેહનકી. ૨૯**

### શબ્દાર્થ

**માટે** = તેથી **હી** = જ **બાપ** = બાપ **મુસલ** = મુસલમાન **હિંદુવનકી** = હિંદુઓની **એકહી** = એક જ **રાહુ** = માર્ગ **રેહનકી** = રહેણી-કરણી, રહેવાની **સાચ** = સત્ય, શાશ્વત, સાચુ **વિના** = સિવાય, વગર **સાહેબ** = માલિક **કોવુ** = કોઈ **કીતકી** = કોઈના, ક્યારેય પણ **કરીત** = કરે **ન** = નહીં **બકસ** = બક્ષીશ, માફ **બેહનકી** = બંનેની.

### અનુવાદ

**માટે હે બાપ ! હિન્દુ અને મુસલમાનની રહેણી-કરણીનો એક જ સાચો માર્ગ છે. સાચા (સત્ય) માર્ગ વિના બંને પૈકી કોઈના ગુના ક્યારેય સર્જનહાર માફ કરતાં નથી.**

### ભાવાર્થ

માટે કુવેરસ્વામી હિંદુ અને મુસલમાન એમ બંનેને આત્મબંધુનો નાતો હોવા છતાં પણ બાપ કહીને સંબોધન કરતાં કહે છે કે તે બંનેની માન્યતાના માર્ગો અને રહેણી-કરણી જોતાં એક જ નાશવંત પદને વરેલા છે. પરંતુ હકીકતમાં તો શાશ્વત માલિક સત્યમાર્ગ વિના બંને પૈકી કોઈના પણ ગુનાઓને માફ કરતાં નથી.

**તેહી માટે સાચનકે સજીતવ, સાચ કપટ વિન કેરુ;**
**આશા તૃષ્ણા અમરીખ ઈર્ષા, તજીત તાય ભવ ભેરુ. ૩૦**

### શબ્દાર્થ

**તેહી માટે** = તેટલા માટે **સાચનકે** = શાશ્વતને **સજીતવ** = સજીને, ધ્યાનમાં રાખીને, સજ્જ થઈને **સાચ** = સાચુ **કપટ વિન** = કપટ રહિત, **કેરુ** = નુ **આશા** = ઈચ્છા, કામના **તૃષ્ણા** = કામના, લાલસા **અમરીખ** = ક્રોધ **ઈર્ષા** = અદેખાઈ, દ્વેષ **તજીત** = ત્યજીને **તાય** = તે **ભવ** = જગત, સંસાર **ભેરુ** = મિત્ર, સાથી.

### અનુવાદ

**તેથી શાશ્વતને માટે કપટ વિનાનો સત્યનો સાજ સજવો તેમજ આશા, તૃષ્ણા, દ્વેષ અને ક્રોધને ત્યજવા.**

### ભાવાર્થ

તે માટે શાશ્વતને ધ્યાનમાં રાખીને માત્ર સત્યના પથ પર ચાલવું. બધુ જ આચરણ છળ-કપટ વિનાનું જ આચરવું. વળી સંસારના ભેરુ રૂપ નાશવંત સુખ સહિત આશા-તૃષ્ણા, કામ, ક્રોધનો પણ ત્યાગ કરી જીવન જીવવું જોઈએ.

**ભેરુ તો ભઈબંધ ભવનકે, આપ સરીખ ગત કરહી;**
**તબતે તીનકુ તજીત તરણવત્, ભવહીત ભાવ ઈતરહી. ૩૧**

### શબ્દાર્થ

**ભેરુ** = મિત્ર, સાથી **તો** = તો **ભઈબંધ** = મિત્ર **ભવનકે** = સંસારના, જગતના **આપ** = પોતાના **સરીખ** = સમાન, બરાબરી **ગત** = ગતિ **કરહી** = કરે છે **તબતે** = તેથી, તેટલા માટે **તીનકુ** = તેને **તજીત** = ત્યજી દેતાં **તરણવત્** = તણખલા સમાન **ભવહીત** = જગતનું કલ્યાણ, ભવતારણ **ભાવ** = લાગણી, મનમાં ઉપજતી વૃત્તિ, મનનો વિકાર **ઈતરહી** = અહીંના, આ બાજુના, જગતપક્ષના.

### અનુવાદ

**દુર્ગુણો જગતના જીવો સાથે મિત્રતા રાખીને તેમની દુર્ગતિ કરે છે. તેટલા માટે ભવ તરવાનો ભાવ રાખીને તેમને (દુર્ગુણોને) તરણાની જેમ સમજી ત્યજી દેવાં જોઈએ.**

### ભાવાર્થ

ભેરુ એટલે જગતમાં જેઓ મિત્ર થઈને રહેતા હોય તે. તેઓ નાશવંત હોઈ

જીવોની પણ તેમના સમાન અધોગતિ કરે છે. તેટલા માટે તેવા જગત પક્ષના દુર્ગુણોને તણખલા સમાન ગણીને ત્યજી દેવાં જોઈએ. પોતાની મનમાં ઉપજતી વૃત્તિ ભવપાર થવા માટેની રાખીને વૈરાગી જીવન વ્યતિત કરવું જોઈએ.

**ભવહીત ભાવ કરન ઈતરનકે, તેહી લખ ખોજ કરેતુ;**
**ઓરુ જીનકુ કોઉ પીર શકે નહીં, ઈન્દ્રિ પંચ પરેતુ. ૩૨**

### શબ્દાર્થ

**ભવહીત** = ભવ તરવાનો **ભાવ** = ઈચ્છા, ભાવના **કરન** = કરીને **ઈતરનકે** = અહીંથી જગતમાંથી **તેહી** = તે **લખ** = લક્ષ **ખોજ** = શોધ **કરેતુ** = કરવી જોઈએ **ઓરુ** = અને, વળી **જીનકુ** = જેને **કોઉ** = કોઈ **પીર** = પીડા, દુખી શકે **નહીં** = કરી ન શકે **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **પંચ** = પાંચ **પરેતુ** = થી ઉપર, ની પરે થઈને.

### અનુવાદ

**જગતમાંથી ભવપાર થવાનો ભાવ રાખીને તેના સત્ય લક્ષની શોધ કરવી જોઈએ. વળી પાંચ કર્મેન્દ્રિયોથી પર થઈને રહેનારને (ઇન્દ્રિયોની વાસના) કોઈ પ્રકારની પીડા આપી શકે નહીં.**

### ભાવાર્થ

જગતમાં રહેલા અવગુણો રૂપી મિત્રોથી દૂર રહેનાર વ્યક્તિ કે જેની ભાવના માત્ર જગતમાંથી જન્મ-મરણના દુઃખમાંથી ભવપાર થવાની છે. એવા મુમુક્ષુઓએ કર્તાના અંશ-અંશીના લક્ષની શોધ કરવી જોઈએ. વળી પાંચ કર્મેન્દ્રિયો પર કાબુ મેળવી વૈરાગી રહેનારને તે ઈન્દ્રિયોની વાસના કદી પણ પીડા આપતી નથી.

**તેહી વૈરાગ વિના એતનેહી, કોઉ કીનુ આંચ ન માને;**
**શીલ સંતોષ સહન સમતાકુ, સુચીત સહિત નહીં રાને. ૩૩**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **વૈરાગ** = ત્યાગમય જીવન **વિના** = સિવાય **એતનેહી** = એટલાં **કોઉ** = કોઈ પણ પ્રકારનું **કીનુ** = કાંઈ **આંચ** = આઘાત, ચોટ,અહીંત, અનિષ્ટ ત્રાસ, જુલમ, ભય, બીક, ચિંતા **ન** = નહીં **માને** = માનવું, પ્રમાણે વર્તવુ, સ્વીકારવું **શીલ** = ચારિત્ર્ય, ચાલચલગત **સંતોષ** = તૃપ્ત હોવાપણુ

**સહન** = સહન શક્તિ, સહેવુ, ખમવું **સમતાકુ** = સમત્વ, સરખાપણુ, સમભાવ, અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં રાગ દ્વેષ રહિત થવું તે **સુચીત** = સારા ચિત્તવાળુ **સહિત** = સહિત **નહીં** = નહીં **રાને** = દુ:ખી, હેરાન, કનડગત.

## અનુવાદ

**પરંતુ વૈરાગ વિના એ દુર્ગુણો કોઈની આંચ માનશે નહીં. વળી શીલ, સંતોષ, સહિષ્ણુતા, સમતા, સુચિત સહિત પણ કનડશે નહીં.**

## ભાવાર્થ

જગતમાં સાથી બનીને ભળેલાં દુર્ગુણોનો ત્યાગ કરીને વૈરાગ ધારણ કરવો જોઈએ. જો તેવા વૈરાગ સિવાયના બધા અવગુણો કોઈના પણ કહ્યામાં રહેશે નહીં, કોઈની આંચ માનશે પણ નહીં. વળી શીલ, સંતોષ, સહિષ્ણુતા, સમભાવ અને સારા ચિત્તવાળા સહિતના તમામ ગુણો પણ ત્યાગીને કષ્ટદાયી બનશે નહીં અર્થાત્ જિંદગી જીવવામાં હેરાન કરશે નહીં. ઉલટા લાભદાયી બનીને સહકાર આપશે.

**તદીપ પરમગુરુ વચન નિભાવન, તીવ્ર ત્યાગ પથ સેતી;**
**લાલચ લોભ હર્ષ નહીં જીનમે, તો કયૌ વચન તજેતી. ૩૪**

### શબ્દાર્થ

**તદીપ** = તેથી, માટે **પરમગુરુ** = પરમગુરુ, કુવેરસ્વામી **વચન** = આજ્ઞા, ઉપદેશ **નિભાવન** = નિભાવવું, પાળવુ, આદર કરવો **તીવ્ર ત્યાગ** = મહાન ત્યાગ, શ્રેષ્ઠ વૈરાગ **પથ** = ચરી **સેતી** = સહિત **લાલચ** = લોલુપતા, મેળવી લેવાની ભાવના **લોભ** = તૃષ્ણા, ચિંગુશાઈ **હર્ષ** = આનંદ **નહીં** = નથી **જીનમે** = જેનામાં **તો** = તો પછી **કયૌ** = શા માટે, કેમ **વચન** = વચનોને, આજ્ઞાને **તજેતી** = તજી દેવો, અનાદર કરવો, ઉલ્લંઘન કરવું.

## અનુવાદ

**તેથી પરમગુરુના વચનો નિભાવવા માટે તીવ્ર ત્યાગની ચરી પાળવી જોઈએ. વળી લાલચ, લોભ અને હર્ષ જેનામાં નથી તો પછી શા માટે વચનોપાળવા ન જોઈએ?**

### ભાવાર્થ

તેટલા માટે કુવેરસ્વામીના વચનોને દરેક વ્યક્તિએ પૂર્ણપણે (સંપૂર્ણ રીતે) પાળવા જોઈએ. કલ્યાણની ભાવના માટે તીવ્ર ત્યાગની ચરી પાળવી જોઈએ. વળી જે માનવના હૃદયમાં અવગુણો ગણાતા લાલચ, લોભ, ઈર્ષ્યા, હર્ષ, શોક વગેરેનું સ્થાન જ ન હોય તો પછી કુવેરસ્વામીના વચનોનું શા માટે ઉલ્લંઘન કરવું જોઈએ ? અર્થાત્ તેમના વચનો ત્યજીને શા માટે સ્વચ્છંદી આચરણ કરવું જોઈએ ?

**વચન વિડાર કરનકે કારન, લાલચ લોભ હરષહી;**
**સો તો તીવ્ર રાગત્યે તજીતવ, જબ તીનુ નહીંન તરસહી. ૩૫**

#### શબ્દાર્થ

**વચન** = આજ્ઞા, બોધ **વિડાર** = ઉલ્લંઘન, અનાદર **કરનકે** = કરવાના **કારન** = કારણે **લાલચન** = મેળવી લેવાની ભાવના, લોલુપતા **લોભ** = તૃષ્ણા **હરષહી** = હર્ષ **સો તો** = તે તો **તીવ્ર રાગત્યે** = તીવ્ર વૈરાગથી **તજી** = તજીને **તવ** = ત્યારે, **દઈને જબ** = જ્યારે, જેને **તીનુ** = તે અંગે **નહીંન** = નહીં **તરસહી** = તીવ્ર ઈચ્છા રાખવી, તૃષ્ણા હોવી.

### અનુવાદ

**વચન ઉલ્લંઘન કરવાનું કારણ તો લાલચ, લોભ અને હર્ષ છે, પરંતુ તે તો તીવ્ર ત્યાગથી ત્યજી દીધાં છે, તો પછી તેઓની તૃષ્ણા રાખવી નહીં.**

### ભાવાર્થ

જો કોઈ કુવેરસ્વામીના વચનોનું ઉલ્લંઘન કરે તો તેની પાછળ તે વ્યક્તિમાં રહેલી લાલચ, લોભ, હર્ષ અને શોક હોય છે. પરંતુ આ લાલચ, લોભ અને હર્ષ-શોકના અવગુણો તો તીવ્ર વૈરાગથી ત્યજી દીધા છે. માટે તેવા અવગુણોની ઈચ્છા કદી પણ રાખવી જોઈએ નહીં કે તેવા અવગુણો પ્રત્યે તૃષ્ણા પણ રાખવી જોઈએ નહીં.

**મીટે તરસ તમા નહીં તનકી, મનકે મોહ મુઝાઈ;**
**ઓરુ ચિત્તકે ચિતવન નહીં ઉબરીત, તનકી તરક બુજાઈ. ૩૬**

### શબ્દાર્થ

**મીટે** = મટે, નષ્ટ થાય **તરસ** = તૃષા, મેળવવાની ઈચ્છા, તૃષ્ણા **તમા** = દરકાર, પરવા, ભય, બીક, લાલચ, સ્પૃહા, ઈચ્છા **નહીં** = નહીં **તનકી** = શરીરની **મનકે** = મનના **મોહ** = સંકલ્પો, લાગણી, આસક્તિ, ભ્રાંતિ **મુઝાઈ** = મુરજાવું, કરમાવું, લીન પામવું, નાશ થવો **ઓરુ** = અને **ચિત્તકે** = ચિતના **ચિતવન** = ચિંતવન **નહીં** = નહીં **ઉબરીત** = બચતા, બાકી રહેતા, ઉગરતા **તનકી** = શરીરની **તરક** = તર્ક, તૃષ્ણા, કલ્પના **બુજાઈ** = નાશ પામે, ઓલવાઈ જાય.

## અનુવાદ

**મનના મોહ મુઝાઈ જતાં અને તૃષ્ણા નષ્ટ થવાથી શરીરની દરકાર રહેતી નથી તથા ચિત્તમાં કંઈ પણ ચિંતવન રહેવા પામતું નથી. જેથી શરીરનો તર્ક પણ નાશ પામે છે.**

## ભાવાર્થ

એવા તીવ્ર વૈરાગી પુરુષોના મનમાં કોઈ પણ પ્રકારનો મોહ રહેવા પામતો નથી. બધા જ પ્રકારની તૃષ્ણાઓ નષ્ટ થવાથી તેઓ શરીરની પણ પરવા કરતા નથી. એને કારણે તેમના ચિત્તમાં કોઈ પણ પ્રકારનું ચિંતવન રહેવા પામતુ નથી. પરિણામે શરીરમાં પેદા થતા તર્કો અને વિકલ્પો પણ નષ્ટ થઈ લીન થઈ જાય છે.

**દેખો તીવ્ર ત્યાગ તરકનસે એતને, જાવત મૂલ જડાકે;**
**તબ નરવેદ રખો રોવુ રોવુ રગ, કાલન કરપ મડાકે. ૩૭**

### શબ્દાર્થ

**દેખો** = જુઓ, નિહાળો **તીવ્ર ત્યાગ** = મહાન વૈરાગ **તરકનસે** = તર્કથી **એતને** = એટલાં **જાવત** = જાય **મૂલ જડાકે** = ધરમૂળથી, જળમૂળથી **તબ** = ત્યારે **નરવેદ** = વૈરાગ **રખો** = રાખવો જોઈએ **રોવુ રોવુ** = રોમ રોમ અને **રગ** = રગમાં **કાલન** = કાળનો **કરપ** = ડર, બીક **મડાકે** = મડદાને, મૃત શરીરને, મરજીવાને.

## અનુવાદ

**તીવ્ર ત્યાગના તર્કને તો જુઓ કે અગાઉ દર્શાવ્યા એટલા અવગુણ જડમૂળથી જાય છે. તેથી રગેરગ અને રોમે રોમ વૈરાગ રાખો, કારણકે મરજીવાને કાળનો ડર હોતો નથી.**

## ભાવાર્થ

આશા-તૃષ્ણા, વેર-ઝેર, ઈર્ષ્યા જેવાં અવગુણો તેમજ શીલ, સંતોષ, સમતા, સુચિત્તતા અને સહનશીલતા જેવા ગુણોનાં લક્ષણો તીવ્ર ત્યાગીના શરીરમાંથી જડમૂળથી દૂર થતાં હોય છે. એવા પુરુષમાં રગેરગ અને રોમે રોમમાં વૈરાગ વ્યાપી જાય છે. જેમ મરજીવાને કદી પણ કાળનો ડર હોતો નથી. તેમ આવા વૈરાગીને પણ કાળનો ડર સતાવતો નથી. તે તો પોતાના કલ્યાણના લક્ષને કેન્દ્ર સ્થાને રાખીને મદમસ્ત રીતે તલ્લીન થઈને જ જીવતા હોય છે.

**સુનકાદીક શિવ સપ્ત ઋષેશ્વર, દરુ સહિત નવ યોગી;**
**કાલ ન ડસે આદ્ય અબલગ લ્યું, દેખી ત્યાગ વિનું ભોગી. ૩૮**

## શબ્દાર્થ

**સુનકાદીક** = બ્રહ્માપુત્રો **શિવ** = શિવજી **સપ્ત ઋષેશ્વર** = સાત ઋષિમુનિ **દરુ** = ધ્રૃવ **સહિત** = સહિત **નવ યોગી** = નવ યોગેશ્વરો **કાલ** = કાળ, મૃત્યુનો ભય **ન** = નહિં **ડસે** = કરડે, ડંખે, ભરખે **આદ્ય** = આદિથી **અબલગ લ્યું** = અત્યાર સુધી **દેખી** = જોઈને, દેખીને **ત્યાગ** = વૈરાગ્ય, ત્યજવાની વૃત્તિ **વિનું ભોગી** = ભોગ વિના, વિષય વિનાના.

## અનુવાદ

**સનકાદિક, શિવ, સાત મહાન ઋષિ, ધ્રુવ સહિત નવ યોગેશ્વરોના વિષય વાસના વિનાનો વૈરાગ જોઈને આદિથી અત્યાર સુધી તેમને કાળ ડસી શક્યો નથી.**

## ભાવાર્થ

બ્રહ્માપુત્ર સનકાદિકો, શિવજી, સાત મહાન ઋષિ-પુલક ક્રતુ, પુલિત્સ્ય, અત્રિ, અંગિરા, વશિષ્ઠ અને મરીચિ-ઉત્તાનપાદ રાજા અને સુનીતિનો પુત્ર ધ્રુવ, સહિત શુક્રાચાર્ય, નારાયણ, અંતરિક્ષ, પ્રબુધ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર ધ્વુમિલ યમસ અને કરભાજન એવા નવયોગી વિગેરે બધાએ સંસારનો ભોગ-વિલાસ અને વિષય વાસનાનો ત્યાગ કરીને તીવ્ર વૈરાગ ધારણ કર્યો છે. તેથી એવા મહા વૈરાગી પુરુષોને આદિથી તે અત્યાર સુધી કાળ ડસી શક્યો નથી.

**તાર પીછે સબ વંશ તેહુનકી, મરી મરી સકલ ગયેવું;**
**પણ વૈરાગ થકી એતનનકે, કાલ ન નેર ગયેવું. ૩૯**

### શબ્દાર્થ

**તાર પીછે** = ત્યાર પછી, ત્યારબાદ **સબ** = સર્વ, બધા **વંશ** = કુળ, વંશજો **તેહુનકી** = તેઓનો, તેઓ **મરી મરી સકલ** = સર્વ મરણ પામીને **ગયેવું** = ગયા, ચાલ્યા ગયા, નાશ પામ્યા **પણ** = પરંતુ **વૈરાગ થકી** = વૈરાગને કારણે, વૈરાગને લીધે **એતનનકે** = એટલાને **કાલ** = કાળ **ન** = નહીં **નેર** = નેરુ, નજીકમાં, પાસે **ગયેવું** = ગયો.

### અનુવાદ

**ત્યાર પછીના તેમના વંશજો સર્વ મરણને વશ થઈ ગયા છે. પરંતુ વૈરાગને કારણે ઉપર જણાવેલાઓની પાસે કાળ જઈ શક્યો નથી.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં દર્શાવેલા સર્વ વૈરાગી પુરુષો પછીના તેમના વંશજો આ જગતમાં જન્મ ધારણ કરીને આખરે મૃત્યુને વશ થઈ ગયા અને ચાલ્યા ગયા. પરંતુ આ બધા વૈરાગી મહા પુરુષોને તેમના તીવ્ર વૈરાગના, આત્મબળને લીધે કાળ તેમની નજીક પણ જઈ શકયો નથી.

**દહે સકલ નરવેદ જીનું તન, અકલ અગન્યસે તાઈ;**
**જ્યૌ તે ડીમક દાર ભખત પણ, કોયલ ખાખ નહીં ખાઈ. ૪૦**

### શબ્દાર્થ

**દહે** = ભક્ષણ કરે, બાળે **સકલ** = બધુ **નરવેદ** = તીવ્ર વૈરાગ **જીનું** = જેમણે **તન** = શરીર, દેહ **અકલ** = અકળ **અગન્યસે** = અગ્નિથી **તાઈ** = તેને, તપાવીને **જ્યૌ તે** = જેવી રીતે, જેમકે **ડીમક** = ઉધઈ **દાર** = લાકડુ **ભખત** = ભક્ષણ કરે, ખાય **પણ** = પરંતુ **કોયલ** = કોલસો **ખાખ** = બળેલો, ખાક થયેલો **નહીં** = નહીં **ખાઈ** = ખાય ભક્ષણ કરે.

### અનુવાદ

**અકળ વૈરાગ રૂપ અગ્નિથી તપીને સર્વનો બળેલો દેહ છે. જેવી રીતે ઉધઈ**

**લાકડાનું ભક્ષણ કરે છે. પરંતુ ખાખ થયેલા કોલસાને ખાતી નથી.**

## ભાવાર્થ

આવા તીવ્ર વૈરાગી મહાપુરુષોના દેહમાં રહેલા પ્રાકૃતિક તત્ત્વો અકળ વૈરાગ રૂપ અગ્નિથી બળીને ખાખ થયેલા કોલસા જેવા બની ગયા હોવાથી કાળ કેવી રીતે ભક્ષણ કરે ? જેવી રીતે ઉધઈ નામની જીવાત લાકડાનું ભક્ષણ કરે છે પરંતુ લાકડાનો ખાખ થયેલો કોલસો ગમે તેટલો સમય પૃથ્વીમાં પડ્યો રહે છતાં ઉધઈ તેનો નાશ કે ભક્ષણ કરતી નથી.

**ખાયલમે ખાયલ કાલન કયા, બુત વિના બાબજમે;**
**તબતે કાલ તકત તેહી તન પર, સબ વિધિ સાજ સાબજમે. ૪૧**

### શબ્દાર્થ

**ખાયલમે** = ખાવામાં **ખાયલ** = ખાય **કાલન** = કાળ **કયા** = શું **બુત** = સત્ત્વ, વિત્ત **વિના** = સિવાયની **બાબજમે** = બાબતમાં, પદાર્થમાં, વસ્તુમાં, વિષયમાં, વિગતમાં **તબતે** = તેથી તો **કાલ** = કાળ **તકત** = તાકે છે, નિશાન બનાવે, નિશાની તાકે **તન** = શરીર **પર** = ઉપર **સબ** = સર્વ **વિધિ** = રીતે **સાજ** = સામાન, અલંકાર, ઠાઠ, સામગ્રી **સાબજમે** = જડ શરીરમાં સાજુસમુ, પુરેપુરુ હયાત, સબૂત, નક્કર.

## અનુવાદ

**વિત્ત વગરની બાબતમાં કંઈ ખાવા જેવું ન હોય તો પછી કાળ શું ખાય ? તેથી તો કાળ તેનું નિશાન તેવા શરીર ઉપર સાધે છે કે જેમાં સર્વ સાજ હયાતીમાં હોય.**

## ભાવાર્થ

દેહમાં તીવ્ર વૈરાગથી પ્રાકૃતિક તત્ત્વોનો અમલ નાશ પામ્યો હોવાથી સત્ત્વ વગરના કોયલા રૂપે થઈ ગયેલા દેહમાં કંઈ પણ ખાવા જેવું હોય જ નહીં, તો પછી કાળ શું ખાય ? તેથી તો કાળ પણ પોતાનું નિશાન તેવા શરીર પર સાધે છે કે જેમાં શરીરનો સઘળો સાજ પુરેપુરો અને હયાતીમાં સાજો સમો હોય, જેથી તે તેવા તત્ત્વોને પોતાના ખોરાક તરીકે ભક્ષણ કરી શકે.

**સાબજ સાજ ઈન્દ્રિ ગુણ સહિતમ, અંતઃકરણ સમેતુ;**
**વિશે પંચ પરકરતી વરત વીત, જેતનેભર તન હેતુ. ૪૨**

### શબ્દાર્થ

**સાબજ સાજ** = હયાતીમાં રહેલી સામગ્રી, નક્કર ઠાઠ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગુણ** = ત્રણ ગુણ **સહિતમ** = સહિત **અંતઃકરણ** = અંતઃકરણો **સમેતુ** = સમેત, સહિત, મળીને **વિશે પંચ** = પચ્ચીસ **પરકરતી** = પ્રકૃતિ **વરત** = વર્તે **વીત** = વિત્તરૂપે **જેતનેભર** = જેટલે સુધી, જ્યાં સુધી **તન** = શરીરનો **હેતુ** = આશય, મતલબ, ઉદ્દેશ

### અનુવાદ

**હયાતીમાં રહેલી સામગ્રી એટલે શરીરના મતલબને જેટલા પ્રમાણમાં વીત્ત રૂપે વર્તમાન કરતી પચ્ચીસ પ્રકૃતિની જેમાં ઈન્દ્રિ, ગુણ અને અંતઃકરણો સહિત જેના સર્વ ઠાઠનો સમાવેશ થાય છે.**

### ભાવાર્થ

શરીરમાં સંપૂર્ણ હયાતી હોય તેવા શરીરનો સાજ એટલે દેહના ઉદ્દેશને જેટલા પ્રમાણમાં વિત્ત રૂપે વર્તમાન કરતી પ્રકૃતિના પચ્ચીસ તત્ત્વોનો સમાવેશ થાય છે, જે કાળ માટે ચારા રૂપે છે. તેમાં દસ આકાંક્ષાઓવાળી ઈન્દ્રિયો, ચાર અંતઃકરણો, ત્રણ ગુણ, ચાર અવસ્થા અને આનંદ તત્ત્વકારણ, મહાતત્ત્વ કારણ, ધનંજે તત્ત્વકારણ અને પ્રકૃતિ તત્ત્વકારણનો સમાવેશ થાય છે. આ સમગ્ર તત્ત્વ સામગ્રી પચ્ચીસ પ્રકૃત્તિના પ્રદેશ તરીકે ગણત્રીમાં ગણાતી હોઈ પ્રકૃતિના તાબામાં હોવાને કારણે કાળ તેનું ભક્ષણ કરે છે.

**કામ ક્રોધ મોહ ડંભ કપટ છલ, એહી મલ મેદ સભરીયા;**
**કાલ બાજકે ભક્ષ અમીખએ, જીનુ તન સભર અકરીયા. ૪૩**

### શબ્દાર્થ

**કામ** = ઈચ્છા, મનોરથ **ક્રોધ** = ગુસ્સો, રોષ **મોહ** = મિથ્યા આસક્તિ, આંધળો પ્રેમ **ડંભ** = ડોળ, ઢોંગ, દંભ **કપટ** = પ્રપંચ, છેતરવુ, લુચ્ચાઈ **છલ** = ચળ, દગો, ઠગાઈ **એહી** = એ **મલ** = વિકાર **મેદ** = સત્ત્વ, સાર **સભરીયા** = સભરાભર ભરેલ, પુરેપુરુ ભરપુર **કાલ** = કાળ

**બાજકે** = બાજ દષ્ટિથી **ભક્ષ** = ભક્ષણ **અમીખએ** = ઝેરી **જીનુ** = જેનુ **તન** = દેહ, શરીર **સભર** = સંપૂર્ણ ભરેલો **અકરીયા** = દુર્ગુણો, દુષ્કર્મ, અયોગ્ય કામ.

## અનુવાદ

**જેનુ શરીરમાં સંપૂર્ણપણે કામ, ક્રોધ, મોહ, કપટ, છલ એવા વિકારો રૂપી સત્ત્વવાળા ઝેરી દુર્ગુણો ભરેલા છે, તેને કાળ બાજ પક્ષીની માફક ભક્ષણ કરે છે.**

## ભાવાર્થ

જેના પંચ ભૌતિક જડ શરીરમાં સંપૂર્ણપણે કામ, ક્રોધ, મોહ, કપટ અને છલ જેવા વિકારોવાળા સત્ત્વરૂપ ઝેરી અવગુણો ભરેલો હોય છે. કાળ તેનું જ બાજ પક્ષીની માફક ભક્ષણ કરે છે. એટલેકે બાજ પક્ષીની દષ્ટિ માત્ર તેના ભક્ષક ઉપર કેન્દ્રિત થયેલી હોય છે તેમ કાળની દષ્ટિ પણ આવા તત્ત્વોને ભક્ષણ કરવા કેન્દ્રિત કરીને ભક્ષણ કરે છે.

**સુભર અકરીયનસે તન ખાયલ, કાલ કલંધર કેતુ;**
**બીન ગુરુ પરમ કોહુ નહીં ઉબરીત, ચુગત સકલ ભવ ખેતુ. ૪૪**

### શબ્દાર્થ

**સુભર** = ભરપૂર, સારી રીતે ભરેલા **અકરીયનસે** = દુર્ગુણો, અવગુણો **તન** = શરીર **ખાયલ** = ખાય છે **કાલ** = કાળ **કલંધર** = કલંકને ધારણ કરનાર, લાજ-શરમ વિનાનુ **કેતુ** = અતિ પાપી, રોગ, બિમારી, શત્રુ **બીન** = વગર, સિવાય **ગુરુ પરમ** = પરમગુરુ **કોહુ** = કોઈ **નહીં** = નથી **ઉબરીત** = ઉગરતા **ચુગત** = ચણે છે, ચાવે છે, એક એક કરીને ચારો ચરવો **સકલ** = સર્વ, બધા **ભવ ખેતુ** = ભવક્ષેત્ર, ભવ રૂપ ખેતર.

## અનુવાદ

**ભવરૂપ ખેતરમાં જેઓ દુર્ગુણોથી ભરપુર અને લાજ-શરમ વિનાના પાપી જીવોનો કાળ એક એક કરીને ચારો ચરે છે. જેમાંથી પરમગુરુ સિવાય કોઈ બચાવે તેમ નથી.**

## ભાવાર્થ

ભવરૂપ ખેતરમાં જેઓના શરીર માત્ર દુર્ગુણોથી સંપૂર્ણ રીતે ભરેલા છે. વળી દુનિયાની લાજ-શરમ વિના પોતાના આચરણ કરનારા પાપી સર્વ જીવાત્માઓને કાળ વીણી વીણીને એક એક કરીને પોતાનો ચારો ચરે છે. આવી મહાન વિકટ કાળના ખપ્પરમાંથી બચવા માટેની જેઓ ઈચ્છા રાખે છે. તેમને દિવ્ય પરમગુરુ સિવાય કોઈ બચાવી શકે તેમ નથી.

**જબ તીનકે નહીં વંચિત કોઉ કીત, કહું દષ્ટાંતહી જયૌસે;**
**સુકે ઘાસ પાવક જયૌ પ્રજલીત, પરવત પર દવ ત્યૌસે. ૪૫**

### શબ્દાર્થ

**જબ** = જેથી **તીનકે** = તેના પ્રભાવથી, તેનાથી **નહીં** = નહીં **વંચિત** = બાકી, વિનાનું **કોઉ** = કોઈ પણ **કીત** = ક્યાંય **કહું** = કહું છું **દષ્ટાંતહી** = ઉદાહરણ **જયૌસે** = જેમકે, જેને લગતુ **સુકે** = સુકા **ઘાસ** = ઘાસ, તૃણ, ખડ, ચાર **પાવક** = અગ્નિ **જયૌ** = જેવી રીતે જ્યાં **પ્રજલીત** = સળગે છે **પરવત** = પર્વત, ડુંગર, ટેકરી **પર** = ઉપર **દવ** = દાવાનળ **ત્યૌસે** = તેવી રીતે.

## અનુવાદ

**કાળથી કોઈ બાકી રહેતું નથી. જેના માટે દષ્ટાંત કહું છું કે જેમ પર્વત ઉપર દાવાનળ લાગવાથી બધુ જ સૂકુ ઘાસ અગ્નિમાં બળી જાય છે.**

## ભાવાર્થ

મહાકાળના ખપ્પરમાં (મુખમાંથી) ક્યાંય કોઈ બચી શકતું નથી. જેના સંદર્ભમાં કુવેરસ્વામી દષ્ટાંત આપીને સમજાવે છે કે પર્વત ઉપર દાવાનળ અગ્નિ એટલો બધો પ્રબળ હોય છે કે તેની જવાળાઓ પર્વત ઉપરના સૂકા ઘાસને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

**પણ પરવત પર તરણ વિના કોઉ, રહેવત કુન કરપસે;**
**તરણ આદ્ય તરુ જડ ન જમાયત, કહુ તીનુ જીનુ ડરપસે. ૪૬**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **પરવત** = પર્વત **પર** = ઉપર **તરણ** = ઘાસ, વનસ્પતિ **વિના** = સિવાય **કોઉ** = કાંઈપણ **રહેવત** = રહેવા પામતુ **કુન** = કોણ, શુ, કોના **કરપસે** = ધાકથી, હાકથી **તરણ** = ઘાસ, સૂકા તરણા **આદ્ય** = ની આદ્ય, લઈને **તરુ** = વૃક્ષ, ઝાડ **જડ** = મૂળીયાં **ન** = નથી **જમાયત** = જમાવતા, પ્રસરતા **કહુ** = કહુ છું **તીનુ** = તેને **જીનુ** = જેના **ડરપસે** = બીકથી, ડરથી, ભયથી.

### અનુવાદ

**પરંતુ પર્વત કોઈ પણ પ્રકારના વનસ્પતિ વિના કોની ધાકથી રહે છે ? વળી તરણાની આદ્ય લઈ વૃક્ષના મૂળ જામી શકતા નથી. તેના ભયનું કારણ કહું છું.**

### ભાવાર્થ

આના સંદર્ભમાં બીજુ એક દષ્ટાંત આપતા કુવેરસ્વામી કહે છે કે કોઈ એવો પર્વત હોય કે તેના ઉપર કોઈ પણ પ્રકારની વનસ્પતિ ઊગતી જ નથી. તો તે કોની ધાકથી તેવું બનતું હશે ? વળી તે પર્વત ઉપર ઘાસચારાની આદ્ય લઈ કોઈ પણ પ્રકારના વૃક્ષના મૂળીયાં પૃથ્વીમાં જામતાં જ નથી, તો તેના ભયનું કારણ શું હોઈ શકે ? આ બધી બાબતનો હવે પછી ખુલાસો કરવામાં આવે છે.

**જીનત્યે સોમલ હોત હલાહલ, તેહી વિછુવા જેહી નગમે;**
**વૃક્ષ વેલી તરુ જામત નહીં જડ, રલીત ઝેહેર રગ રગમે. ૪૭**

### શબ્દાર્થ

**જીનત્યે** = જેનાથી, જેનુ **સોમલ** = ખુબજ ઝેરી પદાર્થ **હોત** = હોય છે **હલાહલ** = અત્યંત તીવ્ર, અસર કરનારુ, કાતીલ ઝેર **તેહી** = તે **વિછુવા** = વિંછી **જેહી** = જે **નગમે** = પર્વતમાં **વૃક્ષ** = ઝાડ **વેલી** = વેલ **તરુ** = વનસ્પતિ **જામત નહીં** = જામતી નથી, પ્રસરે નહીં, જામણ નહીં થાય **જડ** = મૂળિયાં **રલીત** = વ્યાપક પથરાયેલું **ઝેહેર** = ઝેર **રગ રગમે** = રગે રગમાં, સર્વત્ર.

### અનુવાદ

**જેના થકી કાતીલ ઝેર ઉત્પન્ન થાય છે, તેવા વીંછીઓ પર્વતમાં હોય છે. જેનું ઝેર સર્વત્ર પથરાયેલું હોવાથી વૃક્ષવેલીની આદ્ય લઈ વનસ્પતિનાં મૂળ જામતાં નથી.**

## ભાવાર્થ

કાતીલ ઝેર ઉત્પન્ન થાય છે, તેવા પ્રકાર વીંછીઓ આવા પર્વત ઉપર રહેતા હોય છે. આવા વીંછીઓ કે જે એક ઝેરી જંતુ તરીકે માનવામાં આવે છે, જે પોતાના શરીરમાંથી પૂંછડીને છેડે તીણો અણીયાળો આંકડો હોય છે તેમાંથી કાતિલ ઝેરી પ્રવાહી કાઢે છે. આવું ઝેર જે પર્વત ઉપર સર્વત્ર પથરાયેલુ હોય છે. તેવા પર્વત ઉપર પનડી, વૃક્ષ, વેલીની આદ્ય લઈ કોઈ પણ પ્રકારની વનસ્પતિના મૂળ (મૂળિયાનો પ્રજનક ગઠ્ઠા (જૂથ) જેવા ભાગ)નું જામણ થતુ નથી.

**તેહી પરકારન નર નગકે તન, વીછુવા ઉર વૈરાગુ;**
**ઈન્દ્રિ અંતઃકરણ ઘાસ ગુણ, જમીત ન અનંગ ઉમાગુ. ૪૮**

## શબ્દાર્થ

**તેહી** = તે **પરકારન** = પ્રકારે **નર** = પુરુષ **નગકે** = પર્વત **તન** = શરી **વીછુવા** = વિંછી **ઉર** = હૃદયમાં **વૈરાગુ** = વૈરાગ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અંતઃકરણ** = અંતઃકરણો **ઘાસ** = ખડ, ઘાસ **ગુણ** = ગુણ **જમીત** = જામે, બંધાય **ન** = નહીં **અનંગ** = કામના, આસક્તિ, કામદેવ **ઉમાગુ** = ઉમંગભેર, ઉમંગથી.

## અનુવાદ

**તે પ્રકારે પર્વતરૂપે પુરુષના હૃદયમાં વિંછી રૂપ વૈરાગ હોય તો ઈન્દ્રિ, અંતઃકરણ અને ગુણો રૂપી ઘાસની કામનાનો ઉમંગ જામતો નથી.**

## ભાવાર્થ

આ દૃષ્ટાંતના ન્યાયે પર્વત રૂપ પુરુષના હૃદયમાં જો વીંછી રૂપ તીવ્ર વૈરાગ, હોય તો તેવા વૈરાગના કાતિલ ઝેરના પ્રભાવથી શરીરમાં રહેલી દશ ઈન્દ્રિઓ, ચાર અંતઃકરણ અને રજો, સતો અને તમો ગુણ રૂપી વનસ્પતિના મૂળિયાં રૂપ કામનાનો ઉમંગ કદી પણ જામતો નથી.

**કામ, ક્રોધ મદ મોહ મચ્છ તરુ, તીનુ પણ જડ નહીં જામે;**
**આશા તૃષ્ણા અમરીખ ઈર્ષા, વેલન મૂલ વિરામે. ૪૯**

### શબ્દાર્થ

**કામ** = કામના, કામયુક્ત ભાવ **ક્રોધ** = ગુસ્સો **મદ** = ગર્વ, અભિમાન **મોહ** = આસક્તિપણુ **મચ્છ** = ઈર્ષ્યા **તરુ** = વનસ્પતિ **તીનુ** = તેને **જડ** = મૂળિયા **નહીં** = નથી **જામે** = જામતાં, બંધાતા **આશા** = ઈચ્છા, મહેચ્છા **તૃષ્ણા** = તૃષ્ણા, લાલચ **અમરીખ** = અદેખાઈ, ક્રોધાગ્નિ **ઈર્ષા** = દ્વેષ **વેલન** = વેલીજાતિ **મૂલ** = મૂળ **વિરામે** = વિરામ પામવું, અટકવું, બંધ પડતું, અંત આવવો, થોભવું.

### અનુવાદ

**કામ, ક્રોધ, મદ, મોહ અને ઈર્ષ્યા રૂપ વૃક્ષની જડ પણ જામતી નથી. વળી આશા, તૃષ્ણા, અદેખાઈ અને દ્વેષ રૂપ વેલના મૂળ પણ થોભી જાય છે.**

### ભાવાર્થ

તેવા ત્યાગી અને તીવ્ર વૈરાગ ધારણ કરેલ પુરુષના શરીરમાં કામ, ક્રોધ, અભિમાન, કામના અને ઈર્ષ્યા જેવા દુર્ગુણો રૂપી વૃક્ષની જડ પણ જામતી નથી. અર્થાત્ પેદા થતા નથી. આ ઉપરાંત આશા, તૃષ્ણા, અદેખાઈ અને દ્વેષ રૂપ વેલના મૂળ પણ પસારો ન પામતા અટકી જાય છે, જેથી આવા અવગુણોનો વિકાસ થતો નથી.

**એતહી સાજ સકલ અનહુતકે, મૂલ ન મેદ જમાઈ;**
**વિછુવાવત્ વૈરાગનસે સબ, ઉદ્ભવ કરીત ન તાઈ. ૫૦**

### શબ્દાર્થ

**એતહી** = એટલાં, તેટલાં **સાજ** = અલંકાર, સરંજામ, આભૂષણ **સકલ** = બધા, સર્વ **અનહુતકે** = નિરર્થક, નાશવંત, અસત્ય, અનૃત **મૂલ** = મૂળીયાં **ન** = નહીં **મેદ** = ચરબી, સત્વ, સાર, ગર્ભ **જમાઈ** = જામે, બંધાય **વિછુવાવત્** = વિંછી સમાન **વૈરાગનસે** = વૈરાગથી **સબ** = બધા, સર્વ **ઉદ્ભવ** = પેદા, ઉત્પન્ન **કરીત** = કરે, થાય **ન** = નહીં **તાઈ** = તેનાં, તેટલાં, તે.

### અનુવાદ

**એ સર્વ મિથ્યા સાજના મૂળનો ગર્ભ જામતો નથી અને વીંછી સમાન વૈરાગથી તે સર્વ ઉત્પન્ન થતાં નથી.**

### ભાવાર્થ

કામ, ક્રોધ, અભિમાન, આસક્તિ, ઈર્ષ્યા, આશા, તૃષ્ણા, અદેખાઈ, દ્વેષ જેવાં દુર્ગુણોનો સાજ વીંછી સમાન તીવ્ર વૈરાગ ધારણ કરેલ વૈરાગી પુરુષમાં રહેવા પામતા નથી. એટલું જ નહીં પણ તેમના શરીરમાં તેવા ગુણો કદી ઉત્પન્ન થતા નથી.

**તબતે સકલ સિદ્ધાંતકે સદ, માયા મોર ચઢહનકે;**
**તીવ્ર તેગ વૈરાગ કૃપણ વિન, કોઉસે નહીં ભહનકે. ૫૧**

#### શબ્દાર્થ

**તબતે** = તેથી,તેટલા માટે **સકલ** = તમામ, બધા **સિદ્ધાંતકે** = માન્યતાઓની **સદ** = છેવટે, અંતે **માયા** = મહામાયા, શક્તિ, સ્નેહ, પ્રીતિ **મોર** = મોખરે, આગળ, પૂર્વે **ચઢહનકે** = ચઢાવવાનો ભાવ, ચઢાવનારનો ભાવ **તીવ્ર** = અત્યંત, ગાઢ, તીક્ષ્ણ **તેગ** = ત્યાગ, તલવાર, સમશેર **કૃપણ** = હથિયાર **વિન** = વિના **કોઉસે** = કોઈનાથી **નહીં** = નથી **ભહનકે** = ભસ્મ, રાખ, નાશ.

### અનુવાદ

**તેથી બધા સિદ્ધાંતો માયાને આગળ ચઢાવનારા માર્ગ છે. તેથી તીક્ષ્ણ તલવાર (તીવ્ર ત્યાગ) રૂપ હથિયાર જેવા વૈરાગ વિના કોઈનાથી તે નાશ પામી શકે તેમ નથી.**

### ભાવાર્થ

તેથી જગતના માન્ય કરેલા બધા જ મતપંથોના અંતને નિહાળતા તે બધામાં માયાને અગ્રતા આપીને તથા તેના મોહને અગ્રિમ સ્થાન આપીને તેની સરાહના કરવાવાળા જણાય છે. એવી પ્રચંડ અને વ્યાપક માયાને નાથવા માટે માત્ર તીક્ષ્ણ તલવારના હથિયાર રૂપી તીવ્ર વૈરાગ સિવાય તેને અન્ય કોઈથી નાશ કરી શકાય તેમ નથી કે નાથી શકાય તેમ નથી.

**એ ભવ ભયન થકી નિરભે નિજ, બીન નરવેદ નરેશુ;**
**કરહી શકે નહીં કોઉ ઉતઈતમેં, આદ્યહી અંત ધરેશુ. ૫૨**

### શબ્દાર્થ

**એ ભવ** = આ સંસાર, આ વિશ્વમાં **ભયન** = ડર, ભય **થકી** = થી **નિરભે** = નિર્ભય **નિજ** = પોતે **બીન** = સિવાય **નરવેદ** = વૈરાગ **નરેશુ** = વિજય પ્રાપ્ત કરી શકાય, રાજપદ ધારણ કરી શકાય **કરહી શકે** = પ્રાપ્ત કરી શકે **નહીં** = નહીં **કોઉ** = કોઈ **ઉતઈતમેં** = અહીં કે ત્યાં, મૃત્યુલોક અને દેવલોકમાં **આદ્યહી** = શરૂઆતથી, પ્રારંભથી **અંત** = અંત, પ્રલય **ધરેશુ** = ઈશ્વર, પરમેશ્વર, ધારણ કરનાર, ધણી.

## અનુવાદ

**સંસારમાં એ માયાના ભયથી નિર્ભય થવા વૈરાગ સિવાય વિજય પ્રાપ્ત કરી શકાય નહીં. તે સિવાય આદ્યથી અંત સુધી અને મૃત્યુ લોક કે દેવલોકમાં પણ કોઈ પરમેશ્વરને પ્રાપ્ત કરી શકે નહીં.**

## ભાવાર્થ

સંસારમાં એવી મહાન માયાના ભયથી જો જાતે નિર્ભય થવું હોય અથવા તેના ઉપર વિજય પ્રાપ્ત કરવો હોય તો તે માત્ર તીવ્ર વૈરાગ ધારણ કર્યા સિવાય શક્ય નથી. વળી વૈરાગી બન્યા સિવાય આદ્યથી અંત અને મૃત્યુલોક કે દેવલોકમાં પણ કોઈ પરમેશ્વરને પ્રાપ્ત કરી શકે તેમ નથી.

# અખંડ કૈવલધામકી સત્ય પહેંચાનકો
# અંગ ૧૩

**અબ જીનુ તરન ચાહો ભવ નિધિ જલ, નૌકા ત્યાગ તીવરહી;**
**જ્ઞાન ભક્તિ સહિતમ મહી મસરીત, પાય પરમ નિજ ઘરહી. ૧**

### શબ્દાર્થ

**અબ** = હવે **જીનુ** = જેને, જે **તરન** = તરવા **ચાહો** = ચાહના રાખતા હોય **ભવ નિધિ જલ** = સંસાર સમુદ્ર **નૌકા** = નાવડી **ત્યાગ તીવરહી** = તીવ્ર ત્યાગની **જ્ઞાન** = સમજ **ભક્તિ** = પવિત્ર ભાવથી પ્રભુને પ્રાપ્ત કરવાનો ઉપચાર **સહિતમ** = સહિત **મહી મસરીત** = માં ભેળવીને **પાય** = પ્રાપ્ત કરી શકાય **પરમ નિજ ઘરહી** = પોતાનું શ્રેષ્ઠ ધામ, અંતિમ કૈવલ ધામ.

### અનુવાદ

**હવે જેને સંસાર સમુદ્ર તરવાની ચાહના હોય તેમને માટે તીવ્ર વૈરાગની નૌકા છે. વળી તેમાં જ્ઞાન અને ભક્તિ મિશ્રિત કરવાથી પોતાના પરમ ધામને પ્રાપ્ત કરી શકાય છે.**

### ભાવાર્થ

મોંઘો માનવ દેહ ધારણ કર્યા પછી તેને માયાના નાશવંત સુખમાં વેડફી ન નાખતાં પોતાના આત્મ કલ્યાણ માટે સંસાર સમુદ્રને તરવાની ચાહના રાખવી જોઈએ. શાશ્વત સુખ મેળવવા માટે સંસાર સમુદ્રને પાર કરવો હોય તો તીવ્ર ત્યાગની નૌકા અનિવાર્ય છે. વળી માનવી વૈરાગની સાથે જ્ઞાન અને ભક્તિનો સહારો લઈને પોતાના લક્ષ માટે પ્રયત્નશીલ રહે તો નિશ્ચિતપણે પોતાની મૂળ ઉત્પત્તિ રૂપે રહેલું (અંતિમ ઠેકાણા સ્વરૂપે) પરમ કૈવલધામ છે તેને પ્રાપ્ત કરી શકે છે.

**સો નિજ ઘરમેં વસે નિરંતર, અધિપત પુરુષ પુરેશુ;**
**સકલ અંશકે સરજન સામ્રથ, અવધકાલ વિન વેશુ. ૨**

### શબ્દાર્થ

**સો** = તેવા **નિજ ઘરમેં** = મૂળ ધામમાં **વસે** = રહે છે, વસવાટ કરે છે **નિરંતર** = સદાને માટે, હમેશા **અધિપત** = ઉપરી, સ્વામી, અધિપતિ **પુરુષ** = પુરુષ **પુરેશુ** = પુરાણા, સર્વના ઈશ **સકલ** = સર્વ, બધા **અંશકે** = અંશોના **સરજન** = ઉત્પન્ન કરનારા **સામ્રથ** = સમર્થ **અવધકાલ** = અવધિકાળ **વિન** = સિવાયના **વેશુ** = વેશ, દેહ, આકાર, ઘાટ.

### અનુવાદ

**તે મૂળ ધામમાં પુરાણા પુરુષ અધિપતિ હંમેશને માટે વસે છે, તે સર્વ અંશોના ઉત્પન્ન કરનારા, સમર્થ, અવિનાશી અને ઘાટ રહિત છે.**

### ભાવાર્થ

તે તત્ત્વાતિત નિજ કૈવલધામમાં પુરાણા પુરુષ એવા સર્વોપરિ સ્વામી સદાને માટે બિરાજમાન રહેલા છે. સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ બધા અંશોને ઉત્પન્ન કરનાર સજાતીય સમર્થ સર્જનહાર પોતે કાળથી રહિત, અવિનાશી અને રૂપ અરૂપથી પર છે.

**અચલ સદેહ દિવ્ય દુરઘટ તન, જેહી અચુત અવે અરસી;**
**ધન્ય ધન્ય તેહી ધામ ધરન બિન, અધર અમર ગત સરસી. ૩**

### શબ્દાર્થ

**અચલ** = અચળ, સ્થિર **સદેહ** = પોતે જાતે **દિવ્ય દુરઘટ તન** = ઘાટ રહિત, દેવ્ય દેહવાળા **જેહી** = જે **અચુત** = અજન્મા **અવે** = વયથી રહિત **અરસી** = અંતરીક્ષી, અસાર **ધન્ય ધન્ય** = ધન્યવાદ **તેહી** = તે **ધામ** = ઠેકાણું, રહેઠાણ **ધરન** = ધારણ કરનારા **બિન** = સિવાય, વિના **અધર** = આધાર **અમર** = શાશ્વત, અવિનાશી **ગત સરસી** = શ્રેષ્ઠ ગતિવાળા.

### અનુવાદ

**તેઓ આકાર રહિત, દિવ્ય દેહવાળા, અજન્મ્યા, વય વિનાના પોતે અંતરીક્ષમાં રહેનારા છે. આધાર વિનાના, અવિનાશી અને શ્રેષ્ઠ ગતિવાળા ધામને ધારણ કરનારને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

સકર્તાપતિ સર્જનહાર આકાર રહિત દિવ્ય દેહવાળા છે. વળી તેઓ અજન્મા, વય વિનાના, પોતે મહાશૂન્યમાં આવેલા કૈવલધામમાં રહેનારાં છે. જે કૈવલધામ અક્ષર વિનાનું, અમર અને શ્રેષ્ઠ ગતિવાળું છે. એવા કૈવલધામને ધારણ કરીને રહેનારા કૈવલકર્તાને ધન્યવાદ છે.

**જીનું ઉપમાકી કહત બનીત નહીં, બિનુ દૃષ્ટાંત દેવનકી;**
**જ્યૌં તે સરભર કરીત કોહુનકી, અપરમ શૂન્ય જેહુનકી. ૪**

### શબ્દાર્થ

**જીનું** = જેની **ઉપમાકી** = સરખામણીની, મળતાપણાની, તુલનાની **કહત** = કહેવાનુ **બનીત** = બની શકે **નહીં** = નહીં **બિનુ** = સિવાય **દૃષ્ટાંત** =ઉદાહરણ **દેવનકી** = આપીને, દઈને **જ્યૌં તે** = જેમકે, જેવી રીતે **સરભર** = સમાન, મળતુ **કરીત** = કરી શકાય **કોહુનકી** = કોઈનાથી, કોઈથી **અપરમ શૂન્ય** = અપાર શૂન્ય **જેહુનકી** = જેમની, જેઓની, જેની.

### અનુવાદ

**જેની ઉપમા માટે દૃષ્ટાંત આપી શકાય તેમ નથી. કારણ કે તે અપરંપાર શૂન્ય જેવું છે. જેથી તેની સરખામણી કોઈની સાથે કરી શકાય તેમ નથી.**

### ભાવાર્થ

કૈવલધામની ઉપમા અન્ય કોઈની સાથે આપીને કહી શકાય તેમ નથી, કારણ કે તે ધામની સરખામણી કરવા જેવું અન્ય કોઈ ધામ જ ન હોવાથી તેની સરખામણી કોની સાથે કરવી ? માત્ર દૃષ્ટાંત આપીને સમજાવી શકાય કે તે અપરંપાર શૂન્ય જેવું છે, પરંતુ તેની બરોબરીયું કોઈ ન હોવાથી તુલના કરવી અશક્ય અને અસંભવ છે.

**તે સમકે તો તેહી અમરવત, અવિગત અપરમપારા;**
**અતિ અથાહ ન થાહ અપરમીત, ખુદકે ધામ પસારા. ૫**

### શબ્દાર્થ

**તે** = તે **સમકે** = સમાન **તો** = તો **તેહી** = તે જ **અમરવત** = નાશ ન થાય તેવું, શાશ્વત **અવિગત** = જેની વિગત જાણી ન શકાય તેવું **અપરમપારા** = અરપરંપાર, વારપાર સિવાયનું **અતિ** = ઘણુ **અથાહ ન થાહ** = પાર ન પામી શકાય તેવું **અપરમીત** = અમાપ **ખુદકે** = પોતાનું **ધામ** = ધામ, ઠેકાણુ, રહેઠાણ **પસારા** = પસારો, ફેલાવો.

### અનુવાદ

**તેની સરખામણીમાં તો તે જ આવે જે શાશ્વત, અવિગત અને અપરંપાર હોય. વળી તેમના પોતાના ધામનો પસારો થાહ ન પામી શકાય તેવો અથાહ અને અપાર છે.**

### ભાવાર્થ

કૈવલધામની સરખામણીમાં તો તે જ ધામ આવે કે જેનો કદી નાશ ન થાય. તે તેવું શાશ્વત અને અપરંપાર છે. તે કૈવલધામનો પસારો થાહ ન પામી શકાય તેવો અથાહ અને અપાર છે.

**અવર્ણ વર્ણ સુવર્ણ શોભીવત, નિજ ગમ નેંન દેખનકે;**
**ચરમચક્ષુ સુર સહિતમ ઈતકે, તીતકુ નહીં પેખનકે. ૬**

### શબ્દાર્થ

**અવર્ણ** = અવર્ણનીય **વર્ણ** = શોભા **સુવર્ણ** = સોનાની જેમ **શોભીવત** = શોભાયમાન **નિજ ગમ નેંન** = પોતાના જ્ઞાન ચક્ષુથી **દેખનકે** = જોઈને, જોતાં **ચરમચક્ષુ** = ચર્મચક્ષુથી, આંખોથી **સુર** = સૂર્ય **સહિતમ** = સહિત **ઈતકે** = અહીંના **તીતકુ** = ત્યાંના **નહીં** = નહીં, નથી **પેખનકે** = જોવાય, દેખી શકાય, પેખી શકાય

### અનુવાદ

**અનોપમ શોભા સોનાની જેમ સુશોભિત છે, જેને પોતાના જ્ઞાન ચક્ષુથી જ નિહાળી શકાય છે, કારણકે ચર્મચક્ષુથી તો સૂર્ય સહિતનું અહીંનું જોઈ શકાય પરંતુ ત્યાંનું જોઈ શકાય નહીં.**

### ભાવાર્થ

કૈવલધામની અનુપમ શોભા સોનાની જેમ સુવર્ણમય ઝગમગાટથી

સુશોભિત છે. જેને માત્ર પોતાના સજાણ જાણ જ્ઞાનચક્ષુથી નિહાળી શકાય છે. કારણકે દેહના ચર્મચક્ષુ વડે તો અહીંની સર્વ સ્થૂળ રચનાની આદ્ય લઈ સૂર્યને જોઈ શકાય છે. પરંતુ બ્રહ્માંડની પરે રહેલા તત્ત્વાતિતને કદી પણ જોઈ શકાય નહીં.

**અતહી પ્રૌઢ અપરંપર જીનકે, અદ્‌ભુત પેજ પસેરા;**
**ચકિત હવાય તાય તીનુ નિરખીત, સરજન સોજ સહેરા. ૭**

### શબ્દાર્થ

**અતહી** = અત્યંત, અતિ **પ્રૌઢ** = પુરાણુ, જુનું **અપરંપર** = અપરંપાર **જીનકે** = જેનો **અદ્‌ભુત** = અદ્‌ભૂત **પેજ** = યુક્તિ, કળ **પસેરા** = પસારો, ફેલાવો, વિસ્તાર **ચકિત** = આશ્ચર્ય, અચંબો, વિસ્મય **હવાય** = થવાય, પમાય **તાય** = તે **તીનુ** = તેને **નિરખીત** = નિહાળીને, જોઈને, દેખીને **સરજન** = રચના **સોજ** = સૌજન્ય, સદ્‌વર્તન, સાજ **સહેરા** = કૌવતવાળુ, સત્વસહિત.

### અનુવાદ

**તે અત્યંત પુરાણુ અને અપરંપાર હોઈ તેનો અદ્‌ભૂત યુક્તિવાળો વિસ્તાર છે. તેની સોજવાળી રચનાના દૈવત્વને નિરખતાં આશ્ચર્યચકિત થઈ જવાય છે.**

### ભાવાર્થ

તે કૈવલધામ અત્યંત પુરાણુ અને તેનો પાર ન પામી શકાય તેવું અપરંપાર છે. તેના સમગ્ર વિસ્તારનો પસારો યુક્તિવાળો થયેલો છે. તેવા તત્ત્વાતીત અને બ્રહ્માંડની મધ્યે રહેલા કૈવલધામની સોજવાળી અદ્‌ભૂત રચનાના દૈવત્વને નિરખતાં આશ્ચર્યચકિત થઈ જવાય છે.

**અવિરલ ભોમ ભોવન તાંહાં તેહી સમ, પરમીત તેજ પ્રકાશા;**
**ઈતકે સુર મહા અગ્નિ સહિતકે, તાંહાં નહીં કરીત ઉજાસા. ૮**

### શબ્દાર્થ

**અવિરલ** = અખંડ, સજ્જડ, ભરપુર **ભોમ** = સ્થાન **ભોવન** = ઠામ, રહેઠાણ **તાંહાં** = ત્યાં **તેહી** = તેના **સમ** = સમાન **પરમીત** = પર્યાપ્ત **તેજ** = તેજસ્વી, શક્તિમાન, પ્રબળ **પ્રકાશા** = પ્રકાશ

**ઈતકે** = અહીંનો **સુર** = સૂર્ય **મહા અગ્નિ** = મહદ્ અગ્નિ **સહિતકે** = સહિતનો **તાંહાં** = ત્યાં **નહીં** = નહીં, નથી **કરીત** = કરીશકે **ઉજાસા** = અજવાળુ, પ્રકાશ.

## અનુવાદ

**તેના રહેવાનું ભુવન પણ અખંડ છે અને તેના જેવો જ તેનો પ્રકાશ તેજસ્વી છે. જેથી અહીંનો મહાન પ્રકાશિત સૂર્ય સહિત મહદ અગ્નિ ત્યાં અજવાળુ કરી શકતો નથી.**

## ભાવાર્થ

તે કૈવલ ધામ (અંશીના રહેઠાણનું ભુવન) અખંડ છે. તે ધામનો પ્રર્યાપ્ત તેજસ્વી પ્રકાશ પણ અખંડ છે. અહીંનો મહાન પ્રકાશિત ગણાતો સૂર્ય તેમજ મહદ્ અગ્નિ તે કૈવલધામમાં પ્રકાશ કરી શકતો નથી.

**તેહો તો તેજ અખંડ રહનકે, આ તો અલ્પજ્ઞેહી;**
**પંચતત્ત્વકે હવિત નાશ મહી, અલ્પજ્ઞ તેજ તબેહી. ૯**

### શબ્દાર્થ

**તેહો તો** = ત્યાંતો, ત્યાંનુ તો **તેજ** = પ્રકાશ **અખંડ** = અવિરલ સજ્જડ, અસીમ, સળંગ **રહનકે** = રહેવાવાળો **આ તો** = આતો **અલ્પજ્ઞેહી** = અલ્પજ્ઞ છે, સીમિત છે ખંડિત છે **પંચ તત્ત્વકે** = પાંચ મહાતત્ત્વોના **હવિત** = બનેલા, થયેલા **નાશ** = નાશવંત **મહી** = માં, અંદર, વાળા હોવાથી **અલ્પજ્ઞ** = નાશવંત, અલ્પતાવાળુ **તેજ** = પ્રકાશ **તબેહી** = તેથી જ, તે માટે.

## અનુવાદ

**ત્યાંનુ તેજ તો અખંડ રહેવાવાળુ છે. જ્યારે આ તો અલ્પજ્ઞ છે. પાંચ તત્ત્વોનો નાશ થતો હોવાથી તે પ્રકાશ અલ્પજ્ઞ છે.**

## ભાવાર્થ

કૈવલધામનો જે પ્રર્યાપ્ત તેજસ્વી પ્રકાશ છે તે તો કદી પણ ખંડિત ન થાય તેવો સળંગ રહેનારો છે. જ્યારે સૂર્યનો પ્રકાશ તો નાશવંત છે. કારણકે જે પાંચ મહાતત્ત્વો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ મહાપ્રલયકાળે નાશ પામનારા છે. તેથી તેના

બંધારણથી બનેલો સૂર્ય પણ નાશવંત હોઈ તેનો પ્રકાશ અલ્પજ્ઞ જ કહેવાય.

**મહા અજુજ અસ્થાન અનોપમ, અચલ સદા સદ સોઈ;**
**અખિલ અંશ વિપતનકી વરતન, જનુની જોન સમ જોઈ. ૧૦**

### શબ્દાર્થ

**મહા** = મહાન **અજુજ** = વિસ્તારવાળુ **અસ્થાન** = સ્થાન, ધામ **અનોપમ** = અદ્વિતીય, અનુપમ, અજોડ **અચલ** = અચળ, સ્થિર **સદા** = સદાને માટે **સદ** = શાશ્વત, સત્ય **સોઈ** = છે, તે **અખિલ** = તમામ, સર્વ **અંશ** = અંશો **વિપતનકી** = ઉત્પત્તિની, વિત્તરૂપની **વરતન** = વર્તન **જનુની** = જનની, જનેતારૂપ **જોન** = યોનિ **સમ** = સમાન **જોઈ** = જોઈ.

### અનુવાદ

**મહાન વિસ્તારવાળુ ધામ અનુપમ અને સદાને માટે શાશ્વત છે. વળી વિત્તરૂપે રહેલા સર્વ અંશોના વતન રૂપે જન્મ આપનાર યોનિ સમાન છે.**

### ભાવાર્થ

મહાન કૈવલધામ બ્રહ્માંડની મધ્યે બહોળા (મોટા) વિસ્તારવાળુ અનુપમ, અચળ અને સદા સર્વદા શાશ્વત સ્થાન છે. જે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો સહિત સૌનુ મૂળ વતન તથા જન્મ આપનાર યોનિ સમાન છે. કારણકે બધા જ અંશો કૈવલ કર્તાની છટ્ઠી અંશવૃત્તિથી ઉત્પન્ન થયા છે, વળી કૈવલધામ માંથી જ બ્રહ્માંડમાં આવ્યા છે અને મહાપ્રલયકાળે પાછા કૈવલધામમાં જઈ ત્યાં જ (કૈવલકર્તામાં) જ ભળી જવાના છે. એટલે તે સર્વ અંશોનું મૂળ ઠેકાણું ગણાય છે.

**જમી આસમાન સકત નહીં સરજીત, પંચતત્વ ગુણ સેતી;**
**પુનિ પુરુષ નહીં જ્યોત નિરંજન, ઓરકી કુન ગનેતી. ૧૧**

### શબ્દાર્થ

**જમી** = પૃથ્વી **આસમાન** = આકાશ **સકત** = આદ્ય શક્તિ **નહીં** = નહીં **સરજીત** = સર્જાયેલા **પંચતત્વ** = પાંચ મહાતત્ત્વો **ગુણ** = ત્રણ ગુણ **સેતી** = સહિત **પુનિ** = વળી **પુરુષ** = પુરુષ **નહીં** = નહીં **જ્યોત નિરંજન** = નિરંજન જ્યોતિ સ્વરૂપ **ઓરકી** = બીજાની **કુન** = શી **ગનેતી** = ગણતરી.

### અનુવાદ

**પૃથ્વી, આસમાન સહિતના પાંચ તત્ત્વો, ત્રણ ગુણ, આદ્ય શક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજન પુરુષ પણ સર્જાયેલા ન હતા તો પછી બીજાની તો શી ગણત્રી ?**

### ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભ કાળમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિત પાંચ મહાતત્ત્વોની આદ્ય લઈ રજો, સતો અને તમોગુણી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ આદ્યશક્તિ મહામાયા અને જ્યોતિ સ્વરૂપ નિરંજન પુરુષ પણ સર્જાયા ન હતા, તો પછી બીજા સામાન્ય અંશો અને વિવિધ રચનાની તો શી ગણતરી હોય ?

**જબ ઉતઈત કોઉ નુતા નિહાલન, કાલ સહિત કીનુ કોઈ;**
**તા દિન હુતે શૂન્ય મે સરજન, એકલ અરસ અમોઈ. ૧૨**

#### શબ્દાર્થ

**જબ** = જ્યારે **ઉતઈત** = મૃત્યુલોક કે દેવલોક **કોઉ** = કોઈ પણ **નુતા** = ન હતા **નિહાલન** = જોનારા, દેખભાળ કરનારા **કાલ** = કાળ **સહિત** = સહિત **કિનુ કોઈ** = કોઈ પણ, કોઈ કહેતા, કોઈ પણ **તા દિન** = તે દિવસે **હુતે** = હતા **શૂન્ય મે** = શૂન્યમાં, મહાશૂન્યમાં **સરજન** = સર્જનહાર, કર્તા **એકલ** = એકલા **અરસ** = અંરરીક્ષમાં **અમોઈ** = પૂર્ણ ચૈતન સ્વરૂપે, મોહ રહિત નિર્મોહિ.

### અનુવાદ

**જ્યારે મૃત્યુલોક કે દેવલોકમાં કાળ સહિત નિહાળનારુ કોઈ પણ ન હતું ત્યારે મહાશૂન્યમાં સર્જનહાર એકલા પૂર્ણ ચૈતન સ્વરૂપે હતા.**

### ભાવાર્થ

જ્યારે મૃત્યુલોકમાં કોઈ પણ પ્રકારની સ્થાવર જંગમ સહિતની ઉત્પતિ ન હતી. એ જ રીતે દેવલોકમાં ચૌદ ધામોનાં દેવી-દેવતાઓ અને તે સૌને નિહાળનારુ કાળ સહિત કોઈ કહેતાં કોઈની પણ ઉત્પત્તિ થઈ ન હતી. ત્યારે મહાશૂન્યમાં કેવલ પુરુષ એકલા જ કૈવલધામમાં પૂર્ણ ચૈતન સ્વરૂપે હતા.

**તેહી અરસ એહી કીયે જો બરનન, ખુદકે રહન સદાઈ;**
**પુનિ પુનિ પ્રસરન કરીત કાલકો, જબતે હવીલ ઉમાઈ. ૧૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **અરસ** = અંતરીક્ષનું **એહી** = એ પ્રમાણે **કીયે** = કર્યું **જો** = જો, જે **બરનન** = વર્ણન **ખુદકે** = કર્તા પોતે **રહન** = રહે છે **સદાઈ** = સદાને માટે **પુનિ પુનિ** = ફરી ફરી **પ્રસરન** = પસારો **કરીત** = કરીને **કાલકો** = કાળનો, સૃષ્ટિનો **જબતે** = જેથી, જ્યારે **હવીલ** = કરે છે **ઉમાઈ** = ઉત્પન્ન, પેદા, ઉમંગ.

### અનુવાદ

**તે અંતરીક્ષનું જે વર્ણન કર્યુ તેમાં કર્તા પોતે સદાને માટે રહે છે. જ્યારે ઉમંગ પેદા થાય છે. ત્યારે ત્યારે કાળનો પસારો કરે છે.**

### ભાવાર્થ

ઉપર મુજબ મહાશૂન્યમાં રહેલા કૈવલધામનું જે વર્ણન કર્યું તેવા મહાન કૈવલધામમાં સકર્તાપતિ કૈવલ પુરુષ મહદ્ નિજ જાણ સ્વરૂપે પૂર્ણ ચૈતનપણે સદાને માટે રહે છે. જ્યારે જ્યારે તેમને ઉમંગ પેદા થાય છે. ત્યારે ત્યારે વારંવાર પોતાના શુદ્ધ સંકલ્પ વડે સૃષ્ટિનો પસારો કરે છે.

**જબ હમ કિયે આગુ સબહુનકે, વરતન એક ઉપજકી;**
**પીછે વિખરીત ભયે સકલકો, વરતી હવિત રુપજકી. ૧૪**

### શબ્દાર્થ

**જબ હમ** = જેથી મેં **કિયે** = કહ્યું **આગુ** = અગાઉ **સબહુનકે** = દરેકનો **વરતન** = વતન, ઠેકાણું **એક** = એક જ **ઉપજકી** = ઉત્પત્તિનું **પીછે** = પાછળથી **વિખરીત** = વિખેરાયા **ભયે** = થયું, થયા **સકલકો** = સર્વને **વરતી** = વૃત્તિ **હવિત** = થઈ **રુપજકી** = રૂપની, ઘાટની, દેહની.

### અનુવાદ

**જેથી મેં અગાઉ સર્વનુ ઉત્પત્તિ અને વતન એક જ છે એમ કહ્યું છે. પછીથી સૌ વિખરાઈ ગયા અને વૃત્તિ દેહમય બની.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ અગાઉ જણાવ્યુ કે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ દરેક અંશોનું ઉત્પત્તિ સ્થાન અને મૂળવતન એક જ કૈવલધામ છે. તે ઉત્પન્ન થયા પછી બધા અંશો બ્રહ્મભૂમિકામાં વિખેરાયા. જ્યારે કૈવલધામમાંથી છૂટા પડ્યા ત્યારે બધા શુદ્ધ અણીઅગ્ર અંકુરીત સ્વરૂપે હતા. બ્રહ્માંડમાં આવ્યા બાદ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના સંસર્ગથી અંશો પદાર્થોને ભોગવવા લાગ્યા જેથી વૃત્તિ રૂપવાળી દેહમય બની.

**જબતે એક ભોવનકે ઉતપન, આપન અંશ સબેહી;**
**પુનિ ઉપાવન એક પતિ નિજ, વતનહી એક તબેહી. ૧૫**

#### શબ્દાર્થ

**જબતે** = જેથી, એટલા માટે **એક** = એક **ભોવનકે** = ધામમાં **ઉતપન** = ઉત્પન્ન થયા **આપન** = આપણે **અંશ** = અંશો **સબેહી** = બધા જ **પુનિ** = વળી **ઉપાવન** = ઉત્પન્ન કરનાર, ઉપજાવનાર **એક** = એક **પતિ** = ધણી, સ્વામી **નિજ** = પોતે **વતનહી** = વતન, ઠેકાણું **એક** = એક **તબેહી** = તેથી, તેટલા માટે.

### અનુવાદ

**એટલા માટે આપણે બધા એક જ ધામમાં ઉત્પન્ન થયેલા છીએ. વળી ઉત્પન્ન કરનાર ધણી પણ એક જ છે. તેથી સૌનું વતન એક જ છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કહે છે કે એટલા માટે તેમના સહિત બધા અંશો એક જ કૈવલધામમાંથી ઉત્પન્ન થયેલા છે. વળી સૌને ઉત્પન્ન કરનાર ધણી પણ એક માત્ર કૈવલકર્તા પોતે જ છે. એટલે દરેક અંશોનું મૂળ વતન પણ એક જ નિશ્ચિત છે. એમ કહી શકાય.

**એહી નીજ આદ્ય કહી સબયનકી, પુનિ અંતકી તેહી;**
**બીચ નહીં ઉતઈત કોઉ કર્તા, કરીત નવેર સબેહી. ૧૬**

### શબ્દાર્થ

**એહી** = એ **નીજ** = પોતાની **આદ્ય** = પ્રારંભ, શરૂઆત **કહી** = દર્શાવી, જણાવી **સબયનકી** = સૌની, બધાની **પુનિ** = વળી **અંતકી** = અંતની, છેવટની **તેહી** = તે જ, તે **બીચ** = વચ્ચે, પસારા દરમિયાન **નહીં** = નથી **ઉતઈત** = મૃત્યુલોક કે દેવલોકમાં **કોઉ** = કોઈ **કર્તા** = સર્જનહાર **કરીત** = કરીને **નવેર** = નિર્ણય, નિવેડો **સબેહી** = બધી રીતે, સર્વપ્રકારનો.

### અનુવાદ

**સર્વના એ નિજ આદ્ય જે કહ્યા તે જ અંતના પણ છે. વચ્ચે મૃત્યુલોક કે દેવલોકમાં કોઈ કર્તા નથી તેનો બધી રીતે નિર્ણય કરીને જણાવ્યો.**

### ભાવાર્થ

કૈવલધામમાં બિરાજમાન કૈવલ પુરાણા પુરુષ છે જે અગાઉ દર્શાવ્યા છે. બધા અંશોની આદ્ય લઈ તે જ તમામ ઉત્પત્તિના આદ્ય કર્તા છે. તેઓ ઉત્પત્તિ પહેલાં પણ હતા અને તેઓ જ પ્રલયકાળના પણ કારણરૂપે છે. એટલે પ્રલયકાળ પછી પણ તેઓ એકલા જ રહે છે. તેથી પસારાના સમય દરમિયાન મૃત્યુલોક કે દેવલોકમાં આપણા અન્ય કોઈ કર્તા માલિક નથી. આ હકીકતનો નિર્ણય બધી જ રીતે ન્યાયપૂર્વકનો નિર્ણય કરીને કુવેરસ્વામીએ આપણને દર્શાવ્યો છે.

## જીનને રચી સકલ એહી રચના, બાકી ન એક બાબજકી;
## પીછે કરનન રખી કોહુનકે, એહી વિધિ સજી સાબજકી. ૧૭

### શબ્દાર્થ

**જીનને** = જેઓએ **રચી** = રચના કરી, બનાવી **સકલ** = સર્વ **એહી** = આ **રચના** = ઉત્પત્તિ **બાકી** = અપૂર્ણ, અધુરું **એક** = એકપણ **ન** = નહીં **બાબજકી** = બાબતની **પીછે** = પાછળથી **કરનન** = કરવા માટે, ઉત્પત્તિ માટે, બનાવવા માટે **રખી** = રાખ્યુ **કોહુનકે** = કોઈના માટે **એહી** = આ **વિધિ** = પ્રમાણે, રીતે **સજી** = ઉત્પન્ન કરી **સાબજકી** = સર્વ ઉત્પત્તિને, બધી બાબતને.

### અનુવાદ

**જેમણે આ બધી રચના રચી છે તેમણે એક પણ બાબત અધૂરી રાખી નથી કે જેથી પાછળથી કોઈએ કરવી પડે. એ પ્રમાણે જ બધી રચના રચેલી છે.**

## ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડના એક માત્ર સર્જનહાર કૈવલકર્તા છે. તેમણે પોતાના શુદ્ધ સંકલ્પથી કોઈની પણ મદદ લીધા વિના આ સઘળી રચના રચી છે. તેમાં એક પણ રચના અધૂરી કે અપૂર્ણ રાખી નથી કે જેથી પાછળથી તેમને કે અન્ય કોઈને તેમાં સુધારો-વધારો કે બાકી રહેલું કામ પુરુ કરવું પડે. આ પ્રમાણે કોઈને કંઈ પણ કરવું ન પડે તેવા ખ્યાલને પ્રથમથી ધ્યાનમાં લઈને જ કૈવલકર્તાએ બધી તત્ત્વ સામગ્રી બનાવી ને વિવિધતા વાળી રંગબેરંગી ઉત્પત્તિને તથા પાંચ પ્રકારના દેહો તેમજ ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા છે.

**જબતે આદ્ય થકી જેહી સ્ત્રાજમ, તેહી કે તેહી અબેહી;**
**પીછે કરીત કછુ કોઉ કિનને, જેહી કે જેહી જબેહી. ૧૮**

### શબ્દાર્થ

**જબતે** = જ્યારથી, તેટલા માટે, એટલે જ **આદ્ય** = આરંભ, શરૂઆત **થકી** = થી જ **સ્ત્રાજમ** = સામગ્રી, સરંજામ **તેહી કે** = તેવીને **તેહી** = તેવીજ **અબેહી** = અત્યારે પણ, આજ સુધી, આજ દિન સુધી **પીછે** = પાછળથી **કરીત** = કર્યુ **કછુ** = કાંઈપણ **કોઉ** = કયાં **કિનને** = કોઈએ **જેહી** = જેવું, જેમનુ **કે** = કે **જેહી** = જેવું, જેમ **જબેહી** = જ્યારથી.

## અનુવાદ

**જેથી પ્રારંભથી જેવી રચના કરી તેવી ને તેવી અત્યારે પણ છે. પાછળથી પણ કોઈએ ક્યાં કંઈ કર્યું છે ? જ્યારથી જે રચ્યું ત્યારથી તેમનું તેમ જ છે.**

## ભાવાર્થ

સર્જનહારે પ્રારંભમાં જે દિનથી સમગ્ર બ્રહ્માંડની સઘળી રચના કરી ત્યારથી તેવીને તેવી જ રચના આજે પણ જોવા મળે છે. ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમના ઘાટની આદ્ય લઈ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો, અંતરીક્ષના ચૌદ લોક, મૃત્યુલોકની બધી રચના સહિત બધું જ તેવું ને તેવું જ પરંપરાગત ગોઠવણી મુજબ ચાલ્યા કરે છે. તેમાં પાછળથી પસારાના ગાળા દરમ્યાન કોઈએ કંઈ પણ સુધારો વધારો કે નવીન રચના કરી નથી. તેથી કહી શકાય કે જેવી આદિમાં (પ્રારંભમાં) હતી તેવી ને તેવી જ રચના આજે પણ છે.

**ખાનપાન જીનું જેહી જીવનકુ, તેહી તેહુનકુ સબહી;**
**તરણ આદ્ય વૃક્ષ વેલી અચરચર, ધરહી થકી સબ જબહી. ૧૯**

### શબ્દાર્થ

**ખાનપાન** = ખાવા પીવાનું **જીનું** = જેનું **જેહી** = જે **જીવનકુ** = જીવોનું, ઘાટનું **તેહી** = તે પ્રમાણે, ને **તેહુનકુ** = તેમનું, તેમને **સબહી** = સર્વ **તરણ** = તરણું, તૃણ, ઘાસ **આદ્ય** = આદિ **વૃક્ષ** = ઝાડ **વેલી** = વેલ, લતાઓ **અચર ચર** = સ્થાવર-જંગમ ઘાટ **ધરહી** = પ્રથમ થી, શરૂઆતથી **થકી** = થી **સબ** = સર્વ **જબહી** = જ્યારથી.

### અનુવાદ

**જે જીવોને જેવું ખાવા-પીવાનું તે પ્રમાણે સર્વનું તે જ છે. જેમાં તૃણની આદ્ય લઈ વૃક્ષ વેલી, સ્થાવર-જંગમ ઘાટ સહિત સર્વનું જયારથી જેવું હતું તેવું જ છે.**

### ભાવાર્થ

સર્જનહારે પ્રથમથી જ દેહના બંધારણમાં ગોઠવેલ હવા-પાણી અને ખોરાકની જીવો માટે વ્યવસ્થા કરી છે. તે પ્રમાણે અનોમય, મનોમય, આનંદમય, પ્રાણમય અને વિજ્ઞાનમયકોશ પ્રમાણે દરેક દેહની ખાવા-પીવાની ગોઠવણી કરેલી છે. તે પ્રમાણ સર્વ ઘાટનું ખાન-પાન પરંપરાગત ચાલી આવેલું છે. જેમાં તૃણ, વૃક્ષ, વેલીજાતિ સહિત તમામ સ્થાવર અને જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ જોતાં તે મુજબનું જ પ્રારંભથી જેવું હતું તેવું જ ચાલી આવેલ છે.

**જેતનેભર તનુ સ્ત્રજીત આદ્યસે, પ્રકૃતિ પુરુષ અણુ લગહી;**
**પંચતત્ત્વ રવિ શશી ગુણ ઘણ લ્યૌ, ઔર સહિત સબ જગહી. ૨૦**

### શબ્દાર્થ

**જેતનેભર** = જેટલા છે તેટલા **તનુ** = શરીર, ઘાટ, દેહો **સ્ત્રજીત** = સર્જેલા, ઉત્પન્ન કરેલા **આદ્યસે** = પ્રારંભથી, આદિથી **પ્રકૃતિ** = આદ્ય શક્તિ **પુરુષ** = નિરંજન પુરુષ **અણુ** = અણુમાત્ર **લગહી** = સુધી **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વોવાળા **રવિ** = સૂર્ય **શશી** = ચંદ્ર **ગુણ** = ત્રણ ગુણો **ઘણ** = ત્રણ ઘણો **લ્યૌ** = સુધી, સહિત **ઔર** = અને **સહિત** = સહિત **સબ** = સર્વ, તમામ **જગહી** = વિશ્વ, જગત.

## અનુવાદ

**આદિમાં જેટલા ઘાટની રચના થઈ છે જેમાં પ્રકૃતિ, પુરુષ, પંચતત્ત્વો, સૂર્ય, ચંદ્ર, ત્રણ ગુણ, ત્રણ ઘણ અને અણુની આદ્ય લઈ જગતના સર્વ ઘાટની રચના છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડની રચનાના પ્રારંભમાં ઘાટની રચના થઈ છે. તે સર્વમાં પૃથ્વી, જળ, તેજ, આકાશ અને પવન એમ પાંચ મહાતત્ત્વોની આદ્ય લઈને તત્ત્વવાળા આદ્યશક્તિ, જ્યોતિસ્વરૂપ નિરંજનપુરુષ, સૂર્ય, ચંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ ગુણના અધિપતિ દેવતાઓ, કોરમ, મીંડક અને શેષનારાયણ એમ ત્રણ ઘણના અધિપતિ દેવતાઓ સહિત સર્વ ઘાટનો સમાવેશ થાય છે.

**તીનમે નવીન તંત કોઉ કિનને, ઉદ્‌ભવ કરીત જેહુનમે;**
**ન્યારા કરીત કહો નરણીતસે, વરજીત આદ્ય વેશનમે. ૨૧**

### શબ્દાર્થ

**તીનમે** = તેમાં **નવીન** = નવું **તંત** = ઘાટ, તત્ત્વ, દેહ **કોઉ** = ક્યાંય **કિનને** = કોઈએ **ઉદ્‌ભવ** = ઉત્પન્ન, પેદા **કરીત** = કર્યો **જેહુનમે** = જેમાં **ન્યારા** = ભિન્ન, જુદા **કરીત** = કરીને **કહો** = કહો **નરણીતસે** = નિર્ણય કરીને **વરજીત** = સિવાય, અલગ **આદ્ય** = પ્રારંભથી, આદિથી **વેશનમે** = શરીરમાં.

## અનુવાદ

**જે રચના રચેલી છે તેનો નિર્ણય કરીને કહો કે તે શરીરથી જુદા કરીને તેમાં નવીન દેહ ક્યાંય કોઈએ પેદા કર્યા છે ?**

## ભાવાર્થ

સર્જનહારે સર્વ રચના આદિથી રચેલી છે. તે રચના પ્રારંભથી અત્યાર સુધીમાં ચાલી આવેલી પરંપરાથી ઉત્પન્ન થતા શરીરનો નિર્ણય કરીને જોઈએ તો તેવા શરીરથી જુદા કરીને તેમાં નવીન દેહો ક્યાં કોઈએ પેદા કર્યા છે ? અર્થાત્ સર્જનહારે પ્રારંભમાં જે જે દેહોની રચના કરી છે તેમાં શરીરની ઘટમાળ ચાલુ રહી, પરંતુ

શરીરની થયેલી રચનાથી ભિન્ન બનાવીને નવીન શરીર આજ દિન સુધી કોઈએ પેદા કર્યા નથી કે નવીન ઘાટ બનાવ્યા નથી.

**એહી પરકાર આદ્ય અબલગ લ્યૌ, ક્તા કરત સબ જુનહી;**
**ઈશ્વર ઓરુ અવતાર આય ભવ, અવર ન કીન કછુ નહી. ૨૨**

**શબ્દાર્થ**

**એહી** = એ **પરકાર** = પ્રકારે **આદ્ય** = પ્રારંભથી, આદિથી **અબલગ** = અત્યાસ સુધી **લ્યૌ** = સુધી **ક્તા** = સર્જનહાર **કરત** = કરેલી **સબ** = સર્વ **જુનહી** = જણાય છે **ઈશ્વર** = ઐશ્વર્યવાન મહા પુરુષો **ઓરુ** = અને **અવતાર** = અવતારાદિક પુરુષો **આય** = આવ્યા **ભવ** = પૃથ્વી પર **અવર** = બીજુ, નવીન **ન** = નહિં **કિન** = કર્યું **કછુ** = કાંઈ **નહીં** = નથી.

**અનુવાદ**

**આ પ્રકારે આદિથી અત્યાર સુધીમાં સર્જનહારે રચેલી બધી જ રચના દેખાય છે. ઈશ્વરો અને પૃથ્વી ઉપર આવેલા અવતારોએ નવીન કંઈ જ કર્યું નથી.**

**ભાવાર્થ**

આ પ્રમાણે નિહાળતાં આદિ-અનાદિથી સર્જનહારે જે રીતે દેહોની તેમજ અન્ય રચના કરેલી છે તે જ રચના આજે પણ તેવી ને તેવી જ જોવા મળે છે. જગતના વહીવટી કારભારને ચલાવવા માટે સર્જનહારે ઐશ્વર્યતા અને વિભૂતિ સોંપીને સૃષ્ટિમાં મુકેલા ઈશ્વરોની આદ્ય લઈ સૂર્ય-ચંદ્ર સહિત મહાન છ દેવતાઓ અને વિષ્ણુના યુગે યુગે પૃથ્વી ઉપર થતા અવતારાદિક મહાપુરુષો દ્વારા કોઈ પણ નવીન કાર્ય કરવામાં આવ્યું નથી કે સર્જનહારે રચેલી રચનામાં કોઈએ સુધારો-વધારો કર્યો નથી. પરંતુ સર્જનહારે તેમને જે જે જવાબદારી અને કાર્ય સોપેલું છે તે મુજબ દરેક પોત પોતાની જવાબદારી નિભાવીને વફાદારીપૂર્વક કાર્ય કર્યા કરે છે.

**આપ આપને આચારજને ઈત, લીયે ઈષ્ટ ભવ થાપી;**
**અધબીચ ગયે વિલાય સકલકે, કોહુ ન રહે અદ્યાપી. ૨૩**

### શબ્દાર્થ

**આપ** = પોતે **આપને** = પોતાના **આચારજને** = આચાર્યોએ **ઈત** = અહીંના **લીયે** = લીધા **ઈષ્ટ** = મહાન, મુખ્ય, ઈષ્ટ દેવ **ભવ** = વિશ્વમાં, જગતમાં **થાપી** = સ્થાપના કરી **અધબીચ** = અધવચ્ચે **ગયે** = ગયા **વિલાય** = નાશ **સકલકે** = સર્વને **કોહુ** = કોઈ **ન** = નહીં **રહે** = રહ્યા **અદ્યાપી** = અત્યાર સુધી, આજદિન પર્યંત.

## અનુવાદ

**જગતના આચાર્યોએ પોતે પોતાના ઈષ્ટદેવની સ્થાપના કરી છે, પરંતુ આ બધાં અધવચ્ચે નાશ પામ્યા હોવાથી આજદિન પર્યંત કોઈ રહ્યા નથી.**

## ભાવાર્થ

વિશ્વમાં પોતે પોતાની માન્યતાઓને આધારે આચાર્યોએ વિધ વિધ ધર્મપંથોની રચના કરી છે અને પોતાને મનગમતા ઈષ્ટદેવોની સ્થાપના કરી છે. પરંતુ તે ઈષ્ટદેવો તો પોતાના સેવકોને અધવચ્ચે છોડીને મહાપ્રલયકાળ પહેલાં નાશ પામ્યા છે. જે આજદિન પર્યંત તેવા કોઈ ઈષ્ટદેવો રહેવા પામ્યા નથી.

**જબતે આદ્ય રહનકે સરજન, પરમ ધામકે પતહી;**
**આગુ કીયે બરનન હમ જીનકે, જાંહાં નિજ મહાદ મુગતહી. ૨૪**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **આદ્ય** = આદિ, જેમના પહેલાં કોઈ નહતું તેવા **રહનકે** = રહ્યા, રહેલા **સરજન** = સર્જનહાર **પરમ ધામકે** = પરમધામના **પતહી** = પતિ, માલિક, ધણી **આગુ** = આગળ **કીયે** = કયુ **બરનન** = વર્ણન **હમ** = મેં **જીનકે** = જેમનું, જેનું **જાંહાં** = જ્યાં **નિજ** = પોતે, મૂળ **મહાદ** = મહદ, અખંડ **મુગતહી** = મુક્તિ, મોક્ષ.

## અનુવાદ

**જેથી તે આદ્ય સર્જનહાર પરમ ધામના ધણી તરીકે રહેલા છે. જે અંગે આગળ મેં તેમનું વર્ણન કર્યું છે, કે જ્યાં પોતાને (અંશને) અખંડ મુક્તિ મળે છે.**

### ભાવાર્થ

જેથી તેવા પરમ કૈવલધામમાં ધણી તરીકે આદ્ય સર્જનહાર કૈવલકર્તા જ રહેલા છે. જે અંગે અગાઉ કુવેરસ્વામીએ સવિસ્તાર સમજ આપી છે. તે કૈવલધામમાં નિવાસ કરનાર અંશોને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે છે. એટલે કે તે નિજ કૈવલધામ અંશો માટે અખંડ મુક્તિ પ્રાપ્ત કરવાનું પવિત્ર સ્થાન છે.

**વારંવાર કહુ કાહા તીનકી, જીનકી અપર શોભનકી;**
**શારદ શેષ અનુભવી કવિ કુલ લ્યૌ, ગાય ન શકે સોહનકી. ૨૫**

### શબ્દાર્થ

**વારંવાર** = અનેક વખત, ઘડીયે ઘડીયે **કહુ** = કહુ **કાહા** = શું **તીનકી** = તેની, તે અંગે **જીનકી** = જેની **અપર** = અપરંપાર **શોભનકી** = શોભાની, પ્રતિષ્ઠા, સુંદર શોભાની **શારદ** = શારદા દેવી **શેષ** = શેષ નારાયણ **અનુભવી** = નિષ્ણાંત, સમજુ **કવિ** = કાવ્યના રચનારા, ભાટ **કુલ** = સર્વ **લ્યૌ** = સુધી **ગાય** = ગાથાને ગાવી **ન** = નહિં **શકે** = શકે **સોહનકી** = તેની.

### અનુવાદ

**તે ધામની અપરંપાર શોભા વિશે હું શું કહું ? કારણ કે શારદાદેવી, શેષનારાયણ, અનુભવીઓ અને કવિઓ બધા જ તેની ગાથા ગાઈ શકે તેમ નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ આ અગાઉ કૈવલધામનું વિશેષ પ્રમાણમાં વિગતવાર વર્ણન કર્યું છે. હવે વારંવાર તેનું શું વર્ણન કરવું ? કારણકે એવા મહાન તત્ત્વાતિત બ્રહ્માંડની મધ્યે રહેલા ગુણાતીત પરમપવિત્ર કૈવલધામનું વર્ણન વિદ્યાની દેવી શારદા, હજાર ફેણધારી શેષજી, અનુભવી પુરુષો અને કાવ્યની રચના કરનાર કવિઓ પણ (તેની શોભાનું વર્ણન) કરી શકે તેમ નથી.

**અનંત ઈંડ બ્રહ્માંડ અસંખીત, જીનું સંકલ્પત્પે હોઈ;**
**તો તીનકે નિજ યેન વસનમે, બાકી રખે કીમુ કોઈ. ૨૬**

### શબ્દાર્થ

**અનંત** = અંત રહિત **ઈંડ** = ઘાટ **બ્રહ્માંડ** = બ્રહ્મનો પસારો થયેલ ઘટક, કૈવલધામની ચારે બાજુનો બ્રહ્મનો પ્રકાશ થયેલ વિસ્તાર **અસંખીત** = અસંખ્ય **જીનું** = જેમના **સંકલ્પત્યે** = સંકલ્પથી **હોઈ** = થઈ છે **તો** = તો **તીનકે** = તેના, તેમના **નિજ** = પોતાના **યેન** = ઘર, ધામ **વસનમે** = વસવા માટેના **બાકી** = બાકી **રખે** = રાખે **કીમુ કોઈ** = કાંઈપણ.

### અનુવાદ

**જેમના સંકલ્પથી અંત રહિત બ્રહ્માંડ અને અસંખ્ય ઘાટ થયાં છે તો પછી પોતાના વસવા માટેના ધામમાં શાં માટે કાંઈ બાકી રાખે ?**

### ભાવાર્થ

મહાદ્ સજાણ જાણ વિશ્વનિયંતા પોતાના શુદ્ધ સંકલ્પથી અંત રહિત બ્રહ્માંડ અને અસંખ્ય ઘાટ ઉત્પન્ન થાય છે. તો પછી તેવી સર્વજ્ઞતા અને શક્તિ ધરાવતા કૈવલકર્તા પોતાના રહેવા માટેના કૈવલધામમાં શું કામ કાંઈ બાકી રાખે? અર્થાત્ તેની અનુપમતા અને શોભામાં કેમ ખામી રાખે ?

**તબ તીનું બરન કહાય કોહુનસે, મહાદ્ શૂન્ય મપ જયૌસે;**
**આદ્ય અંત કોઉકુ નહિં પાવત, રહત અવરણીત ત્યૌસે. ૨૭**

### શબ્દાર્થ

**તબ** = તેથી તો **તીનું** = તેનું **બરન** = વર્ણન **કહાય** = કહેવાય **કોહુનસે** = કોઈનાથી **મહાદ્** = અમાપ, વિશાળ, મહાન **શૂન્ય** = શૂન્ય **મપ** = માપ **જયૌસે** = જેવી રીતે, જેમ **આદ્ય** = પ્રારંભ **અંત** = છેવટ **કોઉકુ** = કોઈને **નહિં** = નથી **પાવત** = પ્રાપ્ત થઈ **રહત** = રહેલું છે **અવરણીત** = અવર્ણનીય, અજાણ્ય **ત્યૌસે** = તેથી, તેમ.

### અનુવાદ

**મહાદ્ શૂન્યના માપની જેમ જ તેનું પણ વર્ણન કોનાથી કરી શકાય ? તેનો આદ્ય અને અંત કોઈથી પ્રાપ્ત થાય તેમ ન હોવાથી તે અવર્ણનીય રહ્યું છે.**

### ભાવાર્થ

જેમ મહાદ્ શૂન્યનું માપ મેળવી શકાય તેમ નથી તેમ કૈવલધામનું પણ

વર્ણન પૂર્ણપણે કોઈથી થઈ શકે તેમ નથી. વળી તેના આદ્ય અને અંતના મર્મને કોઈ પણ જાણી શકે તેમ નથી. તેના કારણે જ કૈવલધામનું વર્ણન અવર્ણનીય રહ્યું છે.

**ઉગ્ર તેજમયે ધામ પતિનકે, ઝલાવંત ઝલકેતી;**
**પરમ પુનિત તેહી અંશ વિલોકિત, ઓર જીવનકી નેતી. ૨૮**

**શબ્દાર્થ**

**ઉગ્ર** = આકરુ, તીવ્ર, અતિ **તેજમયે** = તેજોમય **ધામ** = ધામ, રહેઠાણ **પતિનકે** = પતિનું, ધણીનું, માલીકનું **ઝલાવંત** = ચળકીતતા, ચમકતા **ઝલકેતી** = તેજસ્વી **પરમ** = શ્રેષ્ઠ, મહાન **પુનિત** = પવિત્ર, પુણ્યશાળી **તેહી** = તે **અંશ** = સજાણ જાણ શુદ્ધ ચૈતન સ્વરૂપ **વિલોકિત** = અવલોકન કરી શકે, નિહાળી શકે, માણી શકે **ઓર** = બીજા, અન્ય **જીવનકી** = જીવો માટે, જીવોની **નેતી** = ન બની શકે તેવું, અંત સિવાયનું, અસંભવ.

**અનુવાદ**

**નિજપતિનું (માલિકનું) ધામ તો તીવ્ર તેજોમય અને તેજસ્વી ચળકાટ ધરાવે છે. જેને મહાન પુણ્યશાળી અંશો જ માણી શકે છે, જ્યારે બાકીના જીવો માટે તો નેતિ સમાન છે.**

**ભાવાર્થ**

સર્વના કારણરૂપે રહેલા માલિકનું કૈવલધામ તો અતિ તેજોમય અને ઝગમગાટ ચળકાટથી ચળકી રહેલું છે. તે ધામમાંથી વિખૂટા પડેલા અંશોના સંચિત કર્મોનો જો ઉદય થાય અને કુવેરસ્વામીની કૃપા પ્રાપ્ત કરે તો તેવા જીવદશા ભોગવતા જીવોને વળી પાછા અણિઅગ્ર અંકુરિત શુદ્ધ સ્વરૂપ કરીને કૈવલધામમાં મોકલે છે. તેવા મહાન ભાગ્યવંત અને પૂણ્યશાળી હંસો જ તેના સુખને માણી શકે છે. જ્યારે સૃષ્ટિમાં રખડતા જીવો માટે તો તે પરમપદ "નેતિ" સમાન છે.

**સધર સભોમ પીયુષ રસ ભરીતવ, કરન અંશ અચવાની;**
**નિજગુરુ પરમ વચનકે વહીતલ, જંત શક્ત નહીં જાની. ૨૯**

### શબ્દાર્થ

**સધર** = સદ્ધર, શક્તિમાન, સબધુ **સભોમ** = સમર્થ ભૂમિકા, સૌની જન્મ ભૂમિ **પીયુષ** = અમૃત **રસ** = રસ **ભરીતવ** = ભરેલો, ભરેલું **કરન** = કરવા **અંશ** = અંશોને **અચવાની** = આચમન, પ્રસાદીક રૂપે પીવું **નિજગુરુ** = નિજ પરમગુરુ **પરમ** = પવિત્ર **વચનકે** = વચનોના, ઉપદેશથી **વહીતલ** = વીટંડી, વિમુખ **જંત** = માનવી, જનો, જીવો **શકત** = શકે, શકતા **નહીં** = નથી **જાની** =જાણી.

### અનુવાદ

**તે શક્તિમાન અને સૌની જન્મભૂમિ અમૃત રસથી ભરેલી છે. અંશો જેને પ્રાસાદિક રૂપે આચમન કરે છે. જ્યારે નિજ પરમગુરુના પવિત્ર વચનોથી વિમુખ રહેલા જીવો તેને જાણી શકતા નથી.**

### ભાવાર્થ

તે કેવલધામ મહાન શક્તિમાન અને સર્વ ઉત્પત્તિની જન્મભૂમિ છે. તે ધામ અમૃતરસથી ભરપુર ભરેલું છે. સમર્થ કુવેરસ્વામીની કૃપાથી જેઓ અણી અગ્ર અંકુરીત સ્વરૂપે થયેલા અંશો હોય તો તેઓ જ અમૃતરસનું પ્રાસાદિક રૂપે આચમન કરે છે. જે જીવો નિજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર વચનરૂપી ઉપદેશથી વિમુખ રહેલા છે. તેવા ભાગ્યહીન જીવો ત્યાંના અમૃતરસથી ભરેલા આ અખંડ સુખને જાણી યા માણી શકતા નથી અર્થાત્ રસપાન કરી શકતા નથી.

**અગણિત અવરણ વિનું બરનનકે, બાજંતર જાંહાં બાજે;**
**તબલ ટેર ટહંકારનકી ધૂની, ગગન ઘોર ગ્રજ ગાજે. ૩૦**

### શબ્દાર્થ

**અગણિત** = અસંખ્ય **અવરણ** = અવર્ણનીય, જેનું વર્ણન ન થઈ શકે તેવું **વિનું** = સિવાય, વિના **બરનનકે** = વિગતવાર કહેવું તે, વર્ણન **બાજંતર** = વાજીંત્રો **જાંહાં** = જ્યાં **બાજે** = વાગે છે **તબલ** = નગારૂ, ડંકો, નરઘું, તબલા **ટેર** = ધ્વનિ, સૂર **ટહંકારનકી** = ટહંકારની **ધૂની** = ધૂન, લહેર **ગગન** = આકાશમાં **ઘોર** = ગાઢ, અત્યંત **ગ્રજ** = ગર્જના **ગાજે** = ગાજવું, ગરજવું

### અનુવાદ

**ત્યાં વર્ણન ન થઈ શકે તેવા અવર્ણનીય અસંખ્ય વાજિંત્રો વાગે છે. વળી નરઘા**

**(તબલા) ના જેવા સૂર આકાશમાં થતી ઘોર ગર્જનાની જેમ ગાજે છે.**

## ભાવાર્થ

કૈવલધામમાં જેનું વર્ણન કરવું અશક્ય છે તેવા મધુર અવર્ણનીય અસંખ્ય વાજિંત્રો વાગે છે. વળી નરઘાના થપાટ જેવા અને વાજિંત્રના રણકારથી થતા સૂર આકાશમાં થતી ઘોર ગર્જનાની જેમ સમસ્ત કૈવલધામમાં ગાજે છે.

**અમીત અરસ અવધિ વિનું અપરમ, સકલ સુખદ રસ ભરીયે;**
**મહાદ મોજ મજબુત મનોહર, ભુક્તમાન અનુકરીયે. ૩૧**

### શબ્દાર્થ

**અમીત** = અમાપ, અમિત **અરસ** = અંતરીક્ષમાં, મહાશૂન્યમાં **અવધિ વિનું** = અવધિકાળ સિવાયનું, નિત્ય **અપરમ** = અપરંપાર **સકલ** = સર્વ **સુખદ** = સુખદાયી **રસ** = રસ, અર્ક, સત્વ, આનં સ્વરૂપ **ભરીયે** = ભરેલું **મહાદ** = મહદ, મહાન **મોજ** = આનંદ **મજબુત** = અચ્છેદ, ટકાઉ, ખડતલ, અખંડ **મનોહર** = સુંદર, મનને ગમતું, આકર્ષક, અહ્લાદજનક, મોહક **ભુક્તમાન** = ભોગવે, માણે **અનુકરીયે** = ક્રિયા કર્યા સિવાઈના, કર્મથી મુક્ત થયેલા, નિષ્કર્મી બનેલા.

## અનુવાદ

**અમાપ મહાશૂન્યમાં અવધિકાળ વિનાનુ આ ધામ સર્વ પ્રકારના અપેક્ષીત સુખોના રસથી ભરેલું છે. જેનો અખંડ અને અહ્લાદક નિષ્કર્મી થયેલા અંશો ભોગવે છે.**

## ભાવાર્થ

અમાપ મહાશૂન્યમાં બ્રહ્માંડની મધ્યે આવેલું કૈવલધામ અવધિકાળ વિનાનું અને સર્વ પ્રકારના અપરંપાર સુખોના અર્કથી ભરપુર છે. પરમગુરુની કૃપા થકી કર્મબંધનમાંથી ફારગતી પામીને બ્રહ્માંડમાંથી નિષ્કામી અને શુદ્ધ હંસ સ્વરૂપે થયેલા વૈરાગી જીવાત્માઓ તેવા ધામમાં સર્જનહાર કૈવલકર્તાના સાંનિધ્યમાં રહીને આવા અખંડ સુખનો ઉપભોગ કરે છે. (માણે છે.)

**એહી વિધકે નિજ અરસ અમોઘીત, ભોગીત ભવર જેહુનકે;**
**અતહી કષ્ટ વૈરાગનકે ફલ, પાવન અંશ તેહુનકે. ૩૨**

### શબ્દાર્થ

**એહી** = આ **વિધકે** = રીતનું, પ્રમાણેનું **નિજ** = મૂળ, પોતાનું **અરસ** = અંતરિક્ષ, મહા શૂન્ય **અમોઘીત** = ઈષ્ટ ફળ આપનારુ, નિષ્ફળ ન જાય તેવું **ભોગીત** = ભોગવે છે **ભવર** = ભ્રમ્મર રૂપ **જેહુનકે** = જેને-તેને **અતહી** = વિશેષ, તીવ્ર, મહાન **કષ્ટ** = દુઃખ, યાતના **વૈરાગનકે** = વૈરાગની, ત્યાગની **ફલ** = ફળ, પરિણામ **પાવન** = પ્રાપ્ત કરે છે **અંશ** = અંશો **તેહુનકે** = તેને, તે.

### અનુવાદ

**આ રીતે અંતરિક્ષમાં રહેલા મૂળ ધામના સુખને ભ્રમર જેવી વૃત્તિ રાખીને તેવા અંશો જ ભોગવે છે. જેઓને અત્યંત કષ્ટ વેઠીને ધારણ કરેલા તીવ્ર વૈરાગનું ફળ પ્રાપ્ત થયું છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે મહાશૂન્યમાં રહેલું અને પંચમી અખંડ કૈવલ મુક્તિનું શ્રેષ્ઠ સુખ આપનારુ મૂળ કૈવલધામ છે. જેમણે અત્યંત કષ્ટ વેઠીને તીવ્ર વૈરાગનું ફળ પ્રાપ્ત કર્યું છે, તેવા પવિત્ર અને શુદ્ધ થયેલા અંશો જ પોતાની વૃત્તિને ભમરાની જેમ સર્જનહારમાં જ તલ્લીન કરીને કૈવલધામના આ અખંડ સુખના આનંદને માણે છે.

**તીવ્ર ત્યાગ તારીપકે તદવત, જેહી અસ્થાન અનુપા;**
**સદા સદોદિત રહત અચલ અજ, જુગધર કોઈક જનુપા. ૩૩**

### શબ્દાર્થ

**તીવ્રત્યાગ** = તીવ્ર ત્યાગ **તારીપકે** = પ્રશંસાને **તદવત** = તદાકાર **જેહી** = જે **અસ્થાન** = સ્થાન, ધામ **અનુપા** = અનોપમ **સદા સદોદિત** = સદાને માટે શાશ્વત **રહત** = રહેલું છે **અચલ** = અચળ, સ્થિર **અજ** = અજાણ્યું, ગુપ્ત **જુગધર** = જગતભરમાં **કોઈક** = કોઈક જ **જનુપા** = જાણે છે.

### અનુવાદ

**તીવ્ર ત્યાગમાં તદાકાર થવાથી પ્રશંસા પામેલા માટે હર હંમેશને માટે સ્થિર**

**થઈને રહેવાનું આ અનોપમ સ્થાન છે, જે જગતભરમાં અજાણ્યું રહેલું હોઈ કોઈક જ તેને જાણે છે.**

## ભાવાર્થ

જેઓ જીવનકાળ દરમિયાન અત્યંત કષ્ટદાયક તીવ્ર ત્યાગ ધારણ કરીને પોતાના સ્વ સ્વરૂપમાં તદ્રૂપ થઈને પરમગુરુની પ્રસન્નતા પામેલા છે. તેવા અંશો માટે જ હરહંમેશ સ્થિર થઈને રહેવાનું આ અનોપમ સ્થાન છે. સૃષ્ટિના પ્રારંભથી જ અંશો માયામાં લોપાયમાન થયેલા છે. તેઓ દેહોના આવરણોથી લપટાઈને અજ્ઞાન રૂપી અંધકારમાં ગરકાવ થઈ ગયેલા છે. કોઈએ પણ પરમ પિતાના પરમપદ માટે શોધ કરી નથી, તેથી જ આ પરમપદ અજાણ્યું રહી ગયેલું છે. કૈવલવેત્તા દ્વારા દર્શાવેલ સકર્તા સિદ્ધાંતનાં જ્ઞાનને જેઓ સમજે છે. તેવા કોઈક જ વિરલા પુરુષો આ ધામને યથાર્થ રીતે જાણે છે.

**તેહી અસ્થાન અનોપમકી મધ્ય, તખત પતિનકો રાજે;**
**ચિંતામણીસે સરસ શોભીતવ, જહાં નિજ પુરુષ બિરાજે. ૩૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **અસ્થાન** = સ્થાન **અનોપમકી** = અનોપમ, જેની સરખામણી નથી તેવું **મધ્ય** = મધ્યે, માં **તખત** = આસન **પતિનકો** = ધણીનું **રાજે** = આવેલું છે, શોભિ રહ્યુ છે **ચિંતામણીસે** = ચિંતામણિથી **સરસ** = ઉત્તમ, સારું **શોભીતવ** = શોભાયમાન **જહાં** = જ્યાં **નિજ** = મૂળ **પુરુષ** = પુરુષ **બિરાજે** = બિરાજમાન થાય છે, બિરાજે છે.

## અનુવાદ

**તે અનોપમ સ્થાન (કૈવલધામ) મધ્યે નિજપતિનું આસન શોભી રહ્યું છે. ચિંતામણિથી પણ ઉત્તમ શોભાયમાન તે આસન છે, જ્યાં નિજ પુરુષ બિરાજમાન છે.**

## ભાવાર્થ

જેની સરખામણી થઈ શકે તેમ નથી તેવા કૈવલધામ મધ્યે અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાનું આસન અત્યંત અલૌકિક રીતે શોભી રહ્યું છે. તે ચિંતામણિથી પણ સરસ

એવા શોભાયમાન અટલ આસન ઉપર વિશ્વનિયંતા અને સર્વના ધણી નિજ કૈવલ પુરુષ બિરાજમાન છે.

**જાઈ મિલે કોઈ હંસ તાંહી તવ, અતિ અવિલોક ઉમંગે;**
**કરીતે મેલાપ લેત આપને ઉર, ચંપીત હરસ સો રંગે. ૩૫**

**શબ્દાર્થ**

**જાઈ** = જઈને **મિલે** = મળે **કોઈ** = કોઈ **હંસ** = હંસ ગતિના અંશો **તાંહી** = ત્યાં **તવ** = ત્યારે **અતિ** = અત્યંત, ઘણું **અવિલોક** = ધ્યાનથી નિહાળીને **ઉમંગે** = ઉમંગભેર **કરીત** = કરે છે **મેલાપ** = મેળાપ **લેત** = લઈને **આપને** = પોતાને **ઉર** = હૃદય સરસાં **ચંપીત** = ચાંપે છે, લગાવે છે **હરસ** = હરખ **સો રંગે** = સહિત આનંદે, અતિ આનંદે.

**અનુવાદ**

**ત્યાં જઈને કોઈ હંસ મળે ત્યારે કર્તા અત્યંત ઉમંગથી નિહાળે છે અને પોતે હૃદય-સરસો ચાંપીને હરખભેર અતિ આનંદીત થઈને તેને ભેટે છે.**

**ભાવાર્થ**

ગુરુ કૃપાથી શુદ્ધ અણિઅગ્ર અંકુરીત હંસ સ્વરૂપે થયેલા અંશ કૈવલધામમાં જઈને જ્યારે કૈવલકર્તાને મળે છે, ત્યારે કૈવલકર્તા પાછા આવેલા અંશને પોતાના દિવ્ય નયનો થકી ઉમંગભેર નિહાળે છે. વળી હંસદશાના અંશને કર્તા પોતે હૃદયસરસો ચાંપીને હરખભેર અત્યંત આનંદપૂર્વક ભેટે છે.

**અહો ધન્ય તુમ આઈ મિલે મુજ, કલપ કોટ બિછરનકે;**
**સુક્રિત અંશ હંસ ભવતારન, કારજ કોટી કરનકે. ૩૬**

**શબ્દાર્થ**

**અહો** = અહો ! ઉદ્ગાર વાચક શબ્દ **ધન્ય** = ધન્ય છે **તુમ** = તુ **આઈ** = આવીને **મીલે** = મળ્યો છે **મુજ** = મને **કલપ કોટ** = કરોડો કલ્પો **બિછરનકે** = વિખૂટો પડેલો, છૂટો પડેલો **સુક્રિત** = સારા કર્મો, પુણ્ય કર્મ **અંશ** = અંશના **હંસ** = હંસ દશા **ભવતારન** = ભવ તરવા **કારજ** = કાર્ય કાજે **કોટી** = કરોડો **કરનકે** = કરીને.

### અનુવાદ

**ભવસાગર તરવા માટેના કાર્યો માટે (કરોડો) સત્કર્મો કરીને હંસદશા પ્રાપ્ત કરી છે એવા કરોડો કલ્પોથી વિખૂટા પડેલા હે અંશ ! તું આવીને મને મળ્યો તેથી તને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

કૈવલધામમાંથી છૂટા પડ્યા બાદ અંશને બ્રહ્માંડમાં કરોડો કલ્પો વીતી ગયા છે. અહીં આવીને પોતે જન્મ-મરણના અસાધ્ય દુઃખથી પીડાતો રહેતો હતો. પોતાના (નિજ સ્વરૂપ)ના કલ્યાણ અને પંચમી અખંડ કૈવલ મુક્તિ મેળવવા માટે અંશે કષ્ટદાયક વૈરાગ ધારણ કર્યો અને અનેક સત્કર્મો કર્યા. પરિણામે ગુરુકૃપાથી તેણે હંસદશા પ્રાપ્ત કરી. એવો હંસદશાનો અંશ પોતે બ્રહ્માંડમાં ભટક્યા પછી કરોડો કલ્પો બાદ પાછો જઈ કૈવલકર્તાને મળે ત્યારે નિજકર્તા તેને અતિ આનંદપૂર્વક (આવકાર આપીને) ભેટીને ધન્યવાદ આપે છે.

**તેહી અંશ તુમ ધામ આજ મોઈ, પ્રોઢ પુનિતસે પાયે;**
**કરી કરી હેત હરસ ઉર અંતર, બેર બેર છત લાયે. ૩૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **અંશ** = અંશ **તુમ** = તુ **ધામ** = કૈવલધામમાં **આજ** = આજે **મોઈ** = મને **પ્રૌઢ** = મહાન, ભવ્ય, પુખ્ત **પુનિતસે** = પુણ્યોના પ્રતાપે **પાયે** = પ્રાપ્ત કર્યું છે, પામ્યો છે **કરી કરી હેત** = પ્રેમ કરી કરીને, વારંવાર વહાલ કરીને **હરસ** = હરખ ભેર **ઉર અંતર** = હૃદયમાં આનંદ લાવીને **બેર બેર** = ઘડીયે ઘડીયે **છત** = છાતીએ **લાયે** = લગાવે છે.

### અનુવાદ

**તે અંશ મહાન પુણ્યના પ્રતાપે કૈવલધામમાં આવીને આજે મને મળ્યો છે. તેથી કર્તા હૃદયમાં આનંદ લાવીને હરખભોર વારંવાર તેને વહાલ કરે છે અને વારંવાર છાતી સરસો ચાંપે છે. (ભેટે છે)**

### ભાવાર્થ

કરોડો કલ્પોથી પોતાનાથી છૂટો પડેલો પોતાની સજાતીય સજાણ જાણ અંશ

તેના પ્રૌઢ (મહાન) પુણ્યના પ્રતાપે જ્યારે કૈવલધામમાં જઈને કૈવલ પિતાને મળે છે, ત્યારે કૈવલ પિતા પણ પોતાના પુત્ર સમાન અંશને હૃદયમાં અત્યંત આનંદ લાવીને હરખભેર વારંવાર વહાલ કરે છે, તથા અનેકવાર છાતી સરસો લગાવે છે.

**નિજપતિ આપને કંઠ લગાઈત, અંશ હેત ઘર તાઈ;**
**કોટી યુગન અનુક્રમ તપત તન, જાવત તુરત બુજાઈ. ૩૮**

### શબ્દાર્થ

**નિજપતિ** = આદિ કર્તા, મુળ પિતા **આપને** = પોતાના **કંઠ** = કંઠે, ગળે **લગાઈત** = લગાવીને **અંશ** = અંશ **હેત** = પ્રેમથી **ઘર** = ઘરે **તાઈ** = તેના **કોટી** = કરોડો **યુગન** = યુગોના **અનુક્રમ** = ક્રમાનુસાર, ક્રમશઃ, અનુક્રમે **તપત** = તપેલું **તન** = શરીર, સ્વરૂપ **જાવત** = જાય છે **તુરત** = તરતજ **બુજાઈ** = શાંત પામે છે, શાંત થાય.

### અનુવાદ

**અંશ પ્રેમથી તેના ઘેર આવે છે ત્યારે નિજપતિ પોતાને ગળે લગાવે છે. જેથી કરોડો યુગોથી ક્રમશઃ તપેલું સ્વરૂપ તુરત જ શાંત થાય છે.**

### ભાવાર્થ

જ્યારે અંશ પાછો પોતાના ઘેર કૈવલધામમાં પાછો જાય છે, ત્યારે કૈવલપતિ તે અંશને પોતાના ગળે લગાવે છે. આથી કરોડો યુગોના કર્મોથી ક્રમશઃ તપેલું હંસનું ચૈતન સ્વરૂપ તુરત જ શાંત થઈ જાય છે.

**અતિ સનમાન લેત કરુણાકર, હંસ હજુર ગયેકુ;**
**બાજંતર બહુ વિવિધ ભાતકે, તેહી સમ શોર ભયેકુ. ૩૯**

### શબ્દાર્થ

**અતિ** = ઘણું **સનમાન** = આદર સત્કાર **લેત** = આપે છે **કરુણાકર** = કરુણા કરીને **હંસ** = હંસ, અંશ **હજુર** = સન્મુખ, પાસે, સામે, સમક્ષ **ગયેકુ** = ગયો હોય છે, જાય છે, ગયેલા **બાજંતર** = વાજિંત્રો **બહુ** = ઘણાં **વિવિધ** = વિધ-વિધ **ભાતકે** = પ્રકારનાં **તેહી** = તે પણ **સમ** = સમયે, તે સમાનાં **શોર** = ધ્વનિ, નાદ **ભયેકુ** = થાય છે.

## અનુવાદ

**પોતાની હજુરમાં ગયેલા હંસનું કરુણા કરીને અત્યંત સન્માન કરે છે. તે સમયે વિવિધ પ્રકારના ઘણા વાજિંત્રોનો નાદ થાય છે.**

## ભાવાર્થ

કૈવલ (પિતા) કર્તા તેમની સમક્ષ આવેલા હંસ રૂપ અંશને કરુણા કરીને અત્યંત સન્માનપૂર્વક આવકારે છે. જે સમયે કૈવલધામમાં અંશ પ્રવેશે છે, ત્યારે તેના સન્માનમાં વિવિધ પ્રકારના ઘણા વાજિંત્રોના નાદનો રણકાર થાય છે.

**જેતનેભર આપને ધામનકે, ઉપમા કરન ઉછાહુ;**
**તેતને ભર તીનું તેહી સમાયનમે, કતા કુલ કરવાહુ. ૪૦**

### શબ્દાર્થ

**જેતનેભર** = જેટલા પ્રકારના **આપને** = પોતાના **ધામનકે** = ધામના **ઉપમા** = મોટાઈ, મહિમા, કાંતિ, શોભા **કરન** = કરવા માટે **ઉછાહુ** = ઉત્સાહ, પર્વ, સપરમો દિવસ, રૂડો અવસર **તેતને ભર** = તેટ તેટલા પ્રમાણમાં **તીનું** = તેને **તેહી** = તે **સમાયનમે** = સામૈયામાં, વાજતે-ગાજતે સ્વાગત કરવામાં **કતા** = સર્જનહાર, કૈવલકર્તા **કુલ** = બધું જ **કરવાહુ** = કરાવે છે.

## અનુવાદ

**ઉત્સવ માટે જેટલા પ્રકારની શોભા કરવામાં આવે છે. તેટલા પ્રકારની સર્વ શોભા (અંશના) સામૈયામાં કર્તા કરાવે છે.**

## ભાવાર્થ

અંશ જ્યારે કૈવલધામનાં મુક્ત દ્વારમાં પ્રવેશીને કર્તાને મળે છે. ત્યારે કૈવલ પિતા (કર્તા) પોતાના કૈવલધામમાં અનેરો ઉત્સવ ઉજવાતો હોય તેમ સર્વ પ્રકારની શોભા કરાવે છે. વળી અંશને વાજતે-ગાજતે સ્વાગત કરવા માટે સામૈયુ કરીને આવકારે છે.

**હંસ કોલાહલ કરીત સમોહીત, જેહી નિજ ધામ રહનકે;**
**સાહાદર સહિત સકલ સજનનકે, અનુચિત કોઉ ન તાંહનકે. ૪૧**

### શબ્દાર્થ

**હંસ** = શુદ્ધ થયેલા અંશો, હંસ સ્વરૂપે થયેલા અંશો **કોલાહલ** = શોર-બકોર **કરીત** = કરે છે **સમોહિત** = સામુહિક રીતે **જેહી** = જે **નિજધામ** = મૂળ કૈવલધામમાં **રહનકે** = રહેલા છે તેઓ, રહેલાઓ **સાહાદર** = એક જ પિતાના સંતાન, ભાઈ **સહિત** = સહિત **સકલ** = સર્વ **સજનનકે** = સ્વજન, સબંધી **અનુચિત** = અયોગ્ય, વિજાતિ **કોઉ** = કોઈ **ન** = નહિં **તાંહનકે** = ત્યાંના.

### અનુવાદ

**જે હંસો નિજ ધામમાં રહે છે. તેઓ સામૂહિક રીતે કોલાહલ કરે છે. કારણકે ત્યાં એક જ પિતાના સંતાનોના સબંધે (આત્મબંધુઓ) હોઈ વિજાતિ હોતુ નથી.**

### ભાવાર્થ

તે મૂળ કૈવલધામમાં રહેવાવાળા હંસ ગતિએ પહોંચેલા સર્વ અંશો સામુહિક રીતે નવા આવનાર હંસના આગમન કરવામાં આનંદપૂર્વકનો કોલાહલ કરે છે. કારણકે કૈવલધામમાં તો બધા જ હંસો એક જ કૈવલ પિતાના સંતાનો હોઈ આત્મબંધુતત્ત્વનો નાતો ધરાવે છે. ત્યાં કોઈ પણ વિજાતિ હોતું જ નથી. એટલે કે ખુદ મહદ્ સજાણ જાણ પૂર્ણ ચૈતન સ્વરૂપ કૈવલકર્તા અને તેમની સજાતીય સજાણ જાણ ચૈતન અંશો સિવાય અન્ય કોઈ કૈવલધામમાં હોતુ જ નથી.

**જા દિન અંશ મિલે પતિયનકુ, ઉરહીત અંક લગાઈ;**
**તેહી દિન ઘડી મુરત સુખદનકી, કહીન જાત મોઈ તાઈ. ૪૨**

### શબ્દાર્થ

**જા** = જે **દિન** = દિવસે **અંશ** = અંશ **મિલે** = મળે **પતિયનકુ** = પતિને, પિતાને **ઉરહીત** = હ્રદયના પ્રેમથી **અંક** = ભેટે છે, આલિંગન કરે છે, બાથમાં લે છે **લગાઈ** = લગાવીને, લગાડે છે **તેહી** = તે **દિન** = દિવસ **ઘડી** = પલ, વખત, ક્ષણ **મુરત** = મૂહૂર્ત, શુભ સમય **સુખદનકી** = સુખી દિવસની **કહી ન જાત** = કહીન શકાય **મોઈ** = મારાથી **તાઈ** =તેની, તે શુભ ઘડીની, તે.

### અનુવાદ

**જે દિવસે અંશ પિતાને મળે ત્યારે તે કર્તા હ્રદયના ભાવથી આલિંગન કરે છે. તે સુખમય દિવસના શુભ સમયની ક્ષણ અંગે મારાથી કહેવાય તેમ નથી.**

## ભાવાર્થ

જે દિવસે અંશ બ્રહ્માંડમાંથી પાછો કૈવલધામમાં જઈ કૈવલપિતાને મળે ત્યારે કૈવલકર્તા તેમના હૃદયના ભાવથી અંશને પોતાની બાથમાં લઈને અતિ વહાલ કરે છે. એવા સુખમય દિવસના શુભ મુહૂર્તની ક્ષણ કેવી આનંદદાયક અને સુખમય હોય છે. તે સુખની સીમાનું યથા યોગ્ય શબ્દોમાં વર્ણન કરતાં કુવેરસ્વામી કહે છે કે તેમના માટે પણ અશક્ય હોઈ તેઓ તે સ્થિતિનું વર્ણન કરી શકે તેમ નથી. કારણકે એવા અપાર સુખની ઘડી હોય છે, કે તેનું વર્ણન કરવું અસંભવ છે અને તેના સુખનું વર્ણન કરવામાં બાવન અક્ષર ઓછા પડે તેમ છે.

**કોટિ કોટિ બ્રહ્માંડ લોકનકે, તેહી ઉપજાવનહારા;**
**તીનકે મિલન મહાદ સુખદનકે, કયૌ કરી શકુ સમારા. ૪૩**

## શબ્દાર્થ

**કોટિ કોટિ** = કરોડો **બ્રહ્માંડ લોકનકે** = લોકના ઘાટને **તેહી** = તેઓ **ઉપજાવનહારા** = ઉત્પન્ન કરવાવાળા **તીનકે** = તેમને **મિલન** = મળવાનું **મહાદ** = મહાન **સુખદનકે** = સુખ દિવસને **કયૌ** = કેમ **કરી** = કરીને **શકુ** = શકુ **સમારા** = સરખી રીતે, દર્શાવવુ, યથા યોગ્ય નિવેદન કરવું, આરોપણ કરવું, ઉપસંહાર કરવો.

## અનુવાદ

**બ્રહ્માંડના સમસ્ત લોકના કરોડો ઘાટને તેઓ ઉત્પન્ન કરવાવાળા હોઈ તેમને મળવાના મહાન સુખના દિવસનું આરોપણ કેમ કરીને કરી શકાય. ?**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં આવેલા ચૌદ તબક કૈવલધામથી ઉપર અને ચૌદ તબક નીચે મળીને કુલ અઠ્ઠાવીસ (ઈંડો) તબક તેમાં મહીમંડના પણ ચૌદ લોક અંતરીક્ષમાં અને ચૌદ લોક ભૂગર્ભમાં મળી કુલ અઠ્ઠાવીસ લોકમાં વસતા સ્થાવર-જંગમ સહિત દેવ-દાનવ, માનવના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો મળી કરોડો ઘાટના ઉત્પન્ન કરનાર કૈવલકર્તા છે. તેવા પરમપિતાને મળવાના મહાન સુખદાયક દિવસનું સમાપન કુવેરસ્વામી કહે છે કે તેઓ કેવી રીતે કરી શકે ?

**અતિ અપરંપર પરમ નેતિ સુખ, મિલના પરમ પતિનકે;**
**તાય પરંતુ નહીં ન મોજ મઝ, ધજ ધર કોહુ ગતિનકે. ૪૪**

### શબ્દાર્થ

**અતિ** = મહાન, ઘણી, સુખનો કોઈ અંત નથી **અપરંપર** = અપરંપાર **પરમ** = શ્રેષ્ઠ **નેતિ સુખ** = સુખનો કોઈ છેડો નથી **મિલના** = મળવું **પરમ** = મહાન **પતિનકે** = પતિને, માલિકને, ધણીને **તાય** = તેના જેવું **પરંતુ** = પણ **નહિં** = નથી **ન** = ના **મોજ** = આનંદ **મઝ** = મઝા **ધજ** = સમગ્ર, સુંદર રચના, જાજરમાન, સર્વોત્તમ, સરસ, શોભીતુ, જોશીલું **ધર** = પ્રમાણભૂત, ધરા, અસલ, પ્રથમનું, મૂળનું, ધરીને, લઈને **કોહુ** = કોઈની **ગતિનકે** = સમજ, જાણ, જ્ઞાન.

### અનુવાદ

**પરમપતિને મળવાના અપરંપાર સુખનો કોઈ છેડો નથી. વળી તેના જેવો અન્ય કોઈ આનંદ કે મઝા પણ નથી. વળી એવા સવોત્તમ સુખ માટે પ્રારંભથી લઈ કોઈની ગતિ પહોંચી નથી.**

### ભાવાર્થ

પરમપતિને મળવાથી જે અધિક અને અપરંપાર સુખ પ્રાપ્ત થાય છે, તે પરમસુખનો કોઈ અંત (છેડો) કાઢી શકાય નથી. એવા અખંડ સુખની કોઈ સીમા નક્કી થાય તેમ નથી અર્થાત્ અસીમ સુખ છે. સમસ્ત બ્રહ્માંડમાં તેના સંતોષની સરખામણી કરી શકાય તેવો અન્ય કોઈ આનંદ કે મઝા નથી. એવા સર્વોત્તમ અખંડ સુખ માટે સૃષ્ટિના પ્રારંભથી અત્યાર સુધી કોઈની ગતિ પહોંચી નથી.

**પુનિ પરમપતિ હેત સહિતકુ, લેતહી ઉર આપનેહી;**
**શુદ્ધ સનમાન સમોહ હંસ મીલ, કરીત સજાત સનેહી. ૪૫**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **પરમપતિ** = મહાનપતિ **હેત** = પ્રેમથી, ભાવથી **સહિતકુ** = સહિત **લેતહી** = લે છે **ઉર** = હૃદય સરસાં **આપનેહી** = પોતાના **શુદ્ધ** = નિર્મળ **સનમાન** = સત્કાર, આવકાર **સમોહ** = સામુહીક **હંસ** = હંસો **મીલ** = મળીને **કરીત** = કરે છે **સજાત** = સજાતિ **સનેહી** = સ્નેહ, સ્નેહપૂર્વક, સ્નેહથી

## અનુવાદ

**વળી પરમપતિ હેત સહિત પોતાના હૃદય સરસો ચાંપે છે. નિર્મળ હંસોના સમુહ મળીને પોતાના સજાતિનું સ્નેહપૂર્વક સન્માન કરે છે.**

## ભાવાર્થ

કૈવલ પિતા કૈવલધામમાં આવનાર અંશને હેત સહિત પોતાના હૃદય સાથે ચાંપે છે. (ભેટે છે.) ત્યાં નિવાસ કરતા અનેક હંસોનો સમુહ પણ પોતાનો સજાતીય અંશ પાછો આવ્યો તેથી આત્મબંધુત્વના નાતે સ્નેહપૂર્વક સન્માન કરે છે.

**પરમ ઉત્સાહ પ્રીત પરિપુરણ, સકલ ધામ સજનનકે;**
**ઈતકે અનિત અનંત મિલન સુખ, વિસરીત અતિ વજનનકે. ૪૬**

## શબ્દાર્થ

**પરમ** = શ્રેષ્ઠ, મહાન **ઉત્સાહ** = ઉમંગ, ઉલ્લાસ **પ્રીત** = પુરી થઈ, પ્રેરીત **પરિપુરણ** = સંપૂર્ણપણે **સકલ** = સર્વ **ધામ** = ધામના **સજનનકે** = સબંધીઓની, સજાતિઓની **ઈતકે** = અહીંના, મૃત્યુલોક **અનિત** = નાશવંત **અનંત** = અનંત, અંતરહિત **મિલન** = મળવાના **સુખ** = સુખને **વિસરીત** = ભુલાઈ **અતિ** = ઘણા **વજનનકે** = વજનવાળાં, પ્રતિષ્ઠિત, મોભાવાળું, માનદર્શક.

## અનુવાદ

**કૈવલધામના સર્વ સ્નેહીજનોના અતિ ઉમંગથી સંપૂર્ણપણે પ્રેરીત થવાથી અંશ મૃત્યુલોકનાં મળેલ અતિશય મોભાવાળાં નાશવંત સુખો વિસરી જાય છે.**

## ભાવાર્થ

કૈવલધામમાં નિવાસ કરતા આત્મબંધુત્વનો નાતો ધરાવતા સ્નેહીજનોનો ઉમંગ અને તેમના તરફથી મળેલા અતિશય પ્રેમભર્યા આવકારથી પ્રેરીત થવાથી અંશ ખૂબ જ ખુશ થાય છે. તે એવો ભાવ વિભોર બની જાય છે કે તેને મળેલા મૃત્યુલોકના માયિક નાશવંત સુખોને તે વિસરી જાય છે.

**સકલ સિદ્ધાંતન પર પદ પરસિધ, છેવટ સદન સથાપુ;**
**તીનસે નહિં કોઈ પરમ હેતુ પત, રહેન અચલ અદ્યાપુ. ૪૭**

### શબ્દાર્થ

**સકલ** = તમામ, સર્વ **સિદ્ધાંતન** = માન્ય કરેલ મતો **પર** = ઉપર, થી પરે **પદ પરસિધ** = પ્રસિદ્ધ, પરમપદ **છેવટ** = અંતિમ **સદન** = રહેઠાણ, ધામ, ઠેકાણું **સથાપુ** = સ્થાપુ છું **તીનસે** = તેને **નહીં** = નથી **કોઈ** = કોઈ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **હેતુ** = કલ્યાણ કરવાવાળા **પત** = પતિ, ધણી, માલિક **રહે** = રહ્યા **ન** = નહી **અચલ** = અચળ **અદ્યાપુ** = આજ લગી, હજી સુધીમાં.

### અનુવાદ

**સકલ સિદ્ધાંતોની પરે પ્રસિદ્ધ અંતિમ રહેલુ પરમધામ છે. તે સિવાયના અન્ય કલ્યાણકારી પરમપતિના અચળપદની આજ દિન સુધી કોઈએ સ્થાપના થઈ જ નથી.**

### ભાવાર્થ

વિશ્વના સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતની પરે પ્રસિદ્ધ અંતિમ રહેલ પરમધામ દર્શાવતું સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કુવેરસ્વામીએ કર્યું છે. તેમાં કલ્યાણકારી પરમ સકર્તા પતિ કૈવલકર્તાનું અચળ કૈવલધામને સર્વનું ઉત્પત્તિ સ્થાન અને અંતિમ રહેઠાણ દર્શાવ્યું છે. આવા પરમધામની સ્થાપના વિશ્વમાં હજી સુધી અન્ય કોઈએ કરી જ નથી.

**અચલ અદ્યાપ ધામકે ધરતા, કર્તા કરન સકલકે;**
**ઓર અવધકે થપીત અનિત પદ, ન્યાય વિનાય નકલકે. ૪૮**

### શબ્દાર્થ

**અચલ** = અચળ, સ્થિર **અદ્યાપ** = આજદિન પર્યંત **ધામકે** = ધામના **ધરતા** = ધારણ કરનારા **કર્તા** = સર્જનહાર **કરન** = કારણરૂપ, કરવાવાળા **સકલકે** = સર્વના **ઓર** = અને, વળી **અવધકે** = અવધિકાળ વાળા, નાશવંત **થપીત** = સ્થાપવામાં આવેલા **અનિત** = નાશવંત **પદ** = પદો **ન્યાય** = ન્યાય **વિનાય** = સિવાયના **નકલકે** = નકલી, બનાવટી.

### અનુવાદ

**સર્વને ઉત્પન્ન કરનારા તથા ધામને ધારણ કરનારા કર્તા આજ દિન પર્યન્ત**

**અચળ રહેલા છે. અન્ય નકલી નાશવંત ન્યાય વિનાના પદોની સ્થાપના કરવામાં આવી છે. તે અવધિકાળે નાશ થવાના છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડની મધ્યે રહેલા કૈવલધામને ધારણ કરવાવાળા અને અંશો સહિત સર્વ રચનાને ઉત્પન્ન કરવાવાળા સકર્તાપતિ સર્જનહાર આજદિન પર્યંત અચળ રહેલા છે. વળી એમનું પરમપદ સદાને માટે શાશ્વત રહેલું છે. જ્યારે વિશ્વમાં અન્ય નકલી નાશવંત ન્યાય વિનાના પદોની જે સ્થાપના કરવામાં આવી છે તે તો અવધિકાળે નષ્ટ થવાના છે.

**જુઓ સબનકી આદ્ય વિલોકીત, કુન રહત કલપનમે;**
**તેહી સકલ અલપજ્ઞ અનિત પદ, થપીત જાય જલપનમે. ૪૯**

## શબ્દાર્થ

**જુઓ** = નિહાળો, દેખો **સબનકી** = સર્વની **આદ્ય** = પ્રારંભ **વિલોકીત** = બારીકાઈથી નિહાળીને **કુન** = કોણ **રહત** = રહે છે **કલપનમે** = કલ્પ પુરો થતાં **તેહી** = તેથી **સકલ** = સર્વ **અલપજ્ઞ** = સામાન્ય **અનિત** = નાશવંત, અનિત્ય **પદ** = પદો, સ્થાનો, ધામો, લોક **થપીત** = સ્થપાયા **જાય** = જાય છે **જલપનમે** = જલપ્રલય થતાં, અંતકાળે.

## અનુવાદ

**નાશવંત પદોનો પ્રારંભ અને મહાકલ્પના અંતે કોણ બચે છે ? તે અવલોકન કરીને જોતાં ખબર પડે છે તે સર્વ સ્થાપિત સામાન્ય નાશવંત પદો જળપ્રલય વખતે નાશ પામે છે.**

## ભાવાર્થ

વિશ્વના પ્રારંભથી અત્યાર સુધી ધર્માચાર્યો દ્વારા સ્થાપવામાં આવેલા સર્વ પદોના અંતકાળને અવલોકન કરીને દૃષ્ટિપાત કરવામાં આવે તો માલુમ પડે છે કે તેમાંથી કલ્પના અંતે કોણ બચે છે ? અર્થાત્ તેવા સર્વ અલ્પજ્ઞ અને અનિત્ય પદો જ્યારે સૃષ્ટિનો જળ પ્રલય થાય ત્યારે તેમાંથી કોઈ પણ રહેવા પામતાં નથી. એટલે કે બધા જ નાશવંત હોઈ પ્રલયકાળે નાશ પામે છે.

**જબતે અચલ ધામ અવધિ વિન, નિજ કરતાર સદનહી;**
**કરીત વાસ જહાં અંશ અચલ હિત, ચલિત ન કલપ કદીનહી. ૫૦**

### શબ્દાર્થ

**જબતે** = તેથી **અચલ** = અચળ, સ્થિર, નિત્ય **ધામ** = કૈવલધામ **અવધિ વિન** = અવધિકાળ વિનાનું, નાશ ન થાય તેવું, શાશ્વત **નિજ** = મૂળ, આદિ **કરતાર** = સર્જનહાર, કર્તાનું **સદનહી** = ધામ, રહેઠાણ, નિવાસ **કરીત** = કરીને **વાસ** = નિવાસ **જહાં** = જ્યાં **અંશ** = અંશો **અચલ** = અચળ, સ્થિર **હિત** = હિતાર્થે, કલ્યાણ અર્થે **ચલિત** = ચલિત થવુ, દૂર થવુ, સ્થાન ભ્રષ્ટ, ચલાયમાન **ન** = નહિં **કલપ** = કલ્પ પર્યંત, કલ્પના અંતે **કદીનહી** = કદાપી, કદી પણ.

### અનુવાદ

**તેથી નિજકર્તાનું સદન કૈવલધામ અવધિકાળ વિનાનું છે. જ્યાં અંશો પોતાના કલ્યાણ અર્થે સ્થિર રહીને નિવાસ કરે છે. જેથી તે કલ્પના અંતે કદી પણ ચલીત થતા નથી.**

### ભાવાર્થ

જેથી સર્વના કારણરૂપ રહેલા વિશ્વનિયંતા કૈવલકર્તાનું સદન રૂપે રહેલું કૈવલધામ અવધિકાળ સિવાયનું છે. જ્યાં હંસ ગતિને વરેલા અંશો પોતે પંચમી અખંડ કૈવલ મુક્તિને પામીને સદાને માટે ત્યાં નિવાસ કરીને કર્તાના સાંનિધ્યમાં જ રહે છે. જેથી કૈવલ ધામમાં નિવાસ કરતા અંશો કદાપિ કલ્પ પુરો થવા છતાં કૈવલધામમાંથી ચલીત થતા નથી અર્થાત્ સ્થાન ભ્રષ્ટ થતા નથી.

**દેખો અંશ સકલ ભવ ઈતકે, પતિ પરમકે ધામુ;**
**અરે અચેત હેત નહીં ઉપજત, કરન તાંહી વિસરામુ. ૫૧**

### શબ્દાર્થ

**દેખો** = જુઓ, દૃષ્ટિપાત કરો **અંશ** = અંશો **સકલ** = સર્વ **ભવઈતકે** = આ સંસારના, નાશવંત જગતના, મૃત્યુલોકમાં વસતા **પતિ** = પતિ, ધણી **પરમકે** = શ્રેષ્ઠના, મહાનના **ધામુ** = ધામ, કૈવલધામ **અરે** = અરે ! ભાવ વાચક શબ્દ **અચેત** = જડ, મંદ બુદ્ધિના, અજ્ઞાની **હેત** = ભાવ, પ્રેમ **નહિં** = નથી **ઉપજત** = ઉપજતો **કરન** = કરવા **તાંહી** = ત્યાં **વિસરામું** = વિશ્રામ.

## અનુવાદ

**આ જગતના સર્વ અંશો ! પરમપતિના કૈવલધામ પ્રત્યે દૃષ્ટિપાત તો કરો. અરે ! હે જડ જીવો ! ત્યાં વિશ્રામ કરવા માટે હેત પણ ઉપજતું નથી !**

## ભાવાર્થ

કૈવલધામનું અપાર (અતિશય) સુખ અને અનુપમ પંચમી અખંડ કૈવલમુક્તિ દેનાર હોઈ કૈવલ પિતાના સાંનિધ્યમાં તેમના વાત્સલ્ય ભાવવાળી સ્થિતિને જાણ્યા પછી પણ આ જગતના સર્વ અચેત અંશોને કુવેરસ્વામી પ્રશ્ન પૂછે છે કે તેઓને આટલુ જાણ્યા પછી પણ તેવા શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટે હૃદયમાં જરા પણ હેત કેમ ઉપજતું નથી ? વળી કૈવલધામમાં નિવાસ કરવા માટેની ઈચ્છા પણ કેમ થતી નથી ?

**બેર બેર પોકાર કહતહું, સૂનિયો વચન સારમકુ;**
**મેરે સંગ સધામ સધાવન, ફેરી મીલે નહીં તુમકુ. ૫૨**

### શબ્દાર્થ

**બેર બેર** = વારંવાર **પોકાર** = ગર્જના **કહતહું** = હું કહું છું **સૂનિયો** = શાંભળો **વચન** = વાણી **સારમકુ** = સારાંશને, અંતિમ સારને **મેરે** = મારા **સંગ** = સાથે **સધામ** = સ્વનું ધામ, કૈવલધામ **સધાવન** = આવવું હોય તો, સીધા આવવા માટે **ફેરી** = પછીથી, ફરીથી **મીલે** = મળશે **નહીં** = નહીં **તુમકુ** = તમોને.

## અનુવાદ

**વારંવાર પોકાર કરીને કહું છું કે મારા સાર રૂપ વચનોને સાંભળો ! મારી સાથે સ્વધામ આવવાનું તમોને ફરીથી મળશે નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી અચેત જીવોને વારંવાર પોતાના વચનો દ્વારા અંતિમ સાર રૂપ હૃદયનો ભાવ દર્શાવે છે. તેઓ આ સાર રૂપ વચનોને સાંભળવા અનુરોધ કરે છે. તેઓ જણાવે છે કે તેમની સાથે જ કૈવલધામ જવું હોય તો આવો અમૂલ્ય અવસર હાલ અંશોને પ્રાપ્ત થયો છે. એવી અમૂલ્ય તક ફરી કદિ પણ મળશે નહીં. કારણકે મહામોઘો મનુષ્ય દેહ

ફરી ફરી મળતો નથી. વિશેષમાં કુવેરસ્વામીનું સાંનિધ્ય તો કલ્પમાં એક જ વખત પ્રાપ્ત થતું હોય છે. જે અત્યારે ગુમાવ્યા પછી ફરીથી મળવાનું નથી તે નિશ્ચિત છે.

**અબ તુમ કરીત વિચાર દેખીતવ, મેરે વચન વિલોકી;**
**જો ધરહો ઉરકી રત અંતર, કરીતવ કિમત અલોકી. ૫૩**

### શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમો **કરીત** = કરીને **વિચાર** = વિચાર, ધ્યાનથી **દેખીતવ** = જોઈને **મેરે** = મારા **વચન** = વચનો, બોલને **વિલોકી** = વિલોકન કરીને, અવલોકન કરીને **જો** = જો **ધરહો** = ધારણ કરશો **ઉરકી રત** = હૃદયનો પ્રેમ, હૃદયનો ભાવ **અંતર** = માં **કરીતવ** = કરીને **કિમત** = મૂલ્યાંકન **અલોકી** = અલૌકિક.

### અનુવાદ

**હવે તમે મારા વચનોનું વિલોકન કરીને વિચાર કરી જુઓ અને હૃદયમાં પ્રેમ ધારણ કરો તો તે અલૌકિક છે, તેમ મૂલ્યાંકન કરી શકશો.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ ગર્જનાયુક્ત જે વચનો ઉચ્ચાર્યા છે, તે વચનોનું માનવોએ અવલોકન કરીને વિચારવું જોઈએ. વળી તેને ધ્યાનથી જોઈ તપાસીને પોતાના હૃદયમાં તેમના વચનો પ્રત્યે પ્રેમ ધારણ કરવો જોઈએ. કુવેરસ્વામીના જ્ઞાનયુક્ત અને ચૈતન સ્વરૂપના કલ્યાણ કરવાવાળા વચનો પ્રેમપૂર્વક હૃદયમાં ઉતરશે તો નિશ્ચિતપણે તેનું યોગ્ય મૂલ્યાંકન કરવાથી તે વચનો અલૌકિક છે તેવો અહેસાસ થશે.

**આવાગવન હમાર કલપમે, એક હી બેર બનેહી;**
**બોહોરુ ન આવન યુગન યુગનમે, સુનીયો સજન સબેહી. ૫૪**

### શબ્દાર્થ

**આવાગવન** = આવવું જવું **હમાર** = મારું **કલપમે** = કલ્પમાં **એક હી બેર** = એક જ વખત **બનેહી** = બને છે **બોહોરુ** = ત્યાર પછી **ન** = નથી **આવન** = આવન, આવવાનું **યુગન યુગનમે** = યુગે યુગે **સુનીયો** = સાંભળો **સજન** = સજ્જનો **સબેહી** = સો, તમામ, બધા.

### અનુવાદ

**હે સર્વ સજ્જનો ! તમે સાંભળો, કે કલ્પમાં એક જ વખત મારે આવવા-જવાનું થાય છે. ત્યારબાદ યુગે યુગે આવતો નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી દરેક સજ્જન નર-નારીને સાંભળવા અનુરોધ કરે છે કે તેઓ કલ્પમાં એક જ વખત આ વિશ્વમાં આવીને જતા હોય છે. ત્યારબાદ દરેક યુગે યુગે વિશ્વમાં વારંવાર આવતા નથી.

**માટે બાપ બેર નહીં આવત, સમયો એહ કબેહુ;**
**હમેરે સંઘ સધામ સધાવન, બને તો બને અબેહુ. ૫૫**

### શબ્દાર્થ

**માટે** = માટે, તેટલા માટે જ **બાપ** = બાપ **બેર નહીં આવત** = પાછો નહીં આવે **સમયો** = સમય, અવસર **એહ** = આવો **કબેહુ** = ક્યારે પણ **હમેરે સંઘ** = મારી સાથે **સધામ** = સ્વધામ, પોતાને ઘેર, કૈવલધામ **સધાવન** = સીધાવવાનું, આવવાનું **બને તો** = બની શકે તો **બને** = બને **અબેહુ** = અત્યારે જ, હાલમાં જ, હમણાં જ.

### અનુવાદ

**માટે હે બાપ ! ક્યારેય પણ આવો સમય પાછો નહીં આવે. મારી હયાતિમાં સ્વધામ આવવાનું બની શકે તો અત્યારે જ બને તેમ છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી આત્મબંધુત્વનો નાતો ધરાવતા હોવા છતાં જગતના જીવોથી થાકી જઈને છેવટે બાપ કહીને સંબોધન કરતાં સમજાવે છે કે આવો રૂડો અને અમૂલ્ય અવસર ફરી કદી પણ મળવાનો નથી. માટે જો કુવેરસ્વામીની સાથે કૈવલધામ જવાનું બની શકે તો તે અત્યારે ને અત્યારે જ શક્ય બની શકે તેમ છે.

**એહી વચન મહેરબાન છેવટકે, આગ્રે કરીત કહનકે;**
**સહિત સમોહ ગ્રહો જેહી ઘટમે, જીનુ નિજ ધામ જહનકે. ૫૬**

### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણેના **વચન** = વચનો **મહેરબાન** = મહેરબાની કરીને કહેલાં, કૃપા કરીને વદેલાં **છેવટકે** = છેવટનાં, અંત સમયનાં **આગ્રે** = આગ્રહપૂર્વક **કરીત** = કરીને **કહનકે** = કહેલા **સહિત** = સાથે **સમોહ** = સન્મુખ, પ્રેમ યુક્ત, સપ્રેમ **ગ્રહો** = ગ્રહણ કરો, ઉતારો **જેહી** = જે **ઘટમે** = શરીરમાં, હૃદયમાં, પોતાનામાં **જીનુ** = જેમને **નિજ ધામ** = મૂળ, કૈવલધામ **જહનકે** = જવું હોય, જવાની અભિલાષા હોય.

### અનુવાદ

**એ કૃપાયુક્ત અને છેવટના વચનો આગ્રહ કરીને કહેલાં છે. જેમને નિજધામ જવાની ઈચ્છા હોય તેમણે પ્રેમપૂર્વક હૃદયમાં ગ્રહણ કરવાં જોઈએ.**

### ભાવાર્થ

કુવેરસ્વામીના આ કૃપાવાળાં વચનો તેમણે માનવ સમુદાયને છેવટની સલાહ આપવા ઉચ્ચારેલાં છે. વળી ખૂબ જ આગ્રહપૂર્વક તે કહેવામાં આવ્યા છે. જે મુમુક્ષુઓ પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરવા માટે પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાં પાછા જવાની ઉત્કંઠા હોય અને પરમપિતા કૈવલ પુરુષને મળવાની હૃદયમાં આરત હોય તેવા માનવોએ તેમનાં આ કલ્યાણકારી અને માત્ર પરોપકાર અર્થે ઉચ્ચારેલાં વચનોને હૃદયમાં અવશ્ય ગ્રહણ કરવાં જોઈએ.

**જો સંઘ બને નહીં આવન અબ, ભલે મરો ભવ ભરમી;**
**અબકી કહી ઉર નહીં ધરહીત, તો તુમ અધમ અધરમી. ૫૭**

### શબ્દાર્થ

**જો** = જો **સંઘ** = સાથે **બને** = બની શકે **નહીં** = નહીં **આવન** = આવવાનું **અબ** = અત્યારે **ભલે** = ભલેને **મરો** = મરણ પામો **ભવ** = જગતમાં **ભરમી** = ભટકીને, રખડીને, જન્મ-મરણનું અસહ્ય દુઃખ વેઠીને **અબકી** = આ વખતની, અત્યારની **કહી** = કહેલું **ઉર** = હૃદયમાં **નહીં** = નહીં **ધરહીત** = ધરો, ધરશો **તો** = તો **તુમ** = તમો **અધમ** = નીચ, હલકટ, ધિક્કારને પાત્ર, બેશરમ **અધરમી** = દુષ્ટ, દુરાચારી, ધર્મ વિરૂદ્ધ કરનાર.

## અનુવાદ

**જો અત્યારે મારી સાથે આવવાનું નહીં બને તો ભલે ભવમાં જન્મ-મરણમાં ભમ્યા કરો. અત્યારે કહ્યું હૃદયમાં ન ધરો તો પછી તમે બેશરમ અને અધર્મી છો.**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ કહેલાં વચનોને ધ્યાનમાં લઈને તેમની સાથે અત્યારે જવાનું નહીં બને તો ભવસાગરમાં ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં ભટકીને જન્મ-મરણનું અસાધ્ય દુઃખ મહાપ્રલયકાળ સુધી સહન કરવા સિવાય છુટકો જ નથી. કુવેરસ્વામીનું કહ્યું માનવો જો અત્યારે હૃદયમાં નહીં ધારણ કરે તો પછી તેમના જેવા બેશરમઅને ધર્મ વિરૂદ્ધ વર્તન કરનારા બીજા કોણ હોઈ શકે ?

**અબ હમ થકે કહીત સબયનકુ, ન્યાય સહિત નરણેહી;**
**બાબજ ગઈ અબાજ હમનકી, ધરીત ન કોઉ કરણેહી. ૫૮**

### શબ્દાર્થ

**અબ** = હવે **હમ** = હું **થકે** = થાક્યો **કહીત** = કહી કહીને **સબયનકુ** = સર્વને **ન્યાય** = ન્યાય **સહિત** = સહિતનાં **નરણેહી** = નિર્ણયન **બાબજ** = હકીકત, તથ્ય **ગઈ** = ગયું **અબાજ** = વ્યર્થ, મતલબ વગરનું **હમનકી** = મારી **ધરીત** = ધારણ કરી **ન** = નહીં **કોઉ** = કોઈએ **કરણેહી** = કાને.

## અનુવાદ

**હવે હું બધાને ન્યાય સહિતનો નિર્ણય કહીને થાક્યો છું. મારી સાચી રજુઆત વ્યર્થ ગઈ કારણકે તે કોઈએ કાને ધરી નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી વિશ્વમાં ન્યાય સહિત સકર્તા સિદ્ધાંતને પ્રતિપાદીત કરવા કૈવલજ્ઞાનની ગર્જનાયુક્ત રજૂઆત કરવા છતાં વિશ્વના જીવો સમજ્યા નહીં. વળી સાચા સર્જનહારને મળવાનો પોતાના હૃદયમાં વિરહનો અગ્નિ પ્રજ્વલિત થયો નહીં અને તેમની સાથે જવાની તૈયારી કોઈએ ન દર્શાવી તો પછી તેઓ પરોપકાર માટે અહીં આવ્યા અને જગતને અંશ-અંશીનો લક્ષ દર્શાવ્યો તેનો શો અર્થ ? જીવોની

કંગાળ વિચારસરણી નિહાળીને તેઓ પોતે કહી કહીને થાકી ગયા તેવો અહેસાસ અનુભવે છે. તેમની અહીં રજૂ કરેલી શિખામણ વ્યર્થ ગઈ, કારણકે જગતના જીવોએ તેમની વાત યોગ્ય રીતે કાને ધરી નથી.

**ઓરુ કોઈ કોઈ જન ધરે હુશે પણ, તન મન મંદ વિકારુ;**
**શૂરવીર હોઈ ખડગ ખેંચકે, જગે નહિં ઝાઝકારુ. ૫૯**

**શબ્દાર્થ**

**ઓરુ** = અને **કોઈ કોઈ** = કોક કોક **જન** = વ્યક્તિ, માનવી **ધરે હુશે** = ધરી હશે **પણ** = પરંતુ **તન** = શરીરથી **મન** = મનથી **મંદ** = અલ્પ, ધીમું, જરાક, માંદા **વિકારુ** = વિકારી **શૂરવીર** = બહાદૂર, લડવૈયા, પરાક્રમી **હોઈ** = હોયતો **ખડગ** = તલવાર **ખેંચકે** = ખેંચીને **જગે** = જાગે, જાગ્રત **નહિં** = નથી **ઝાઝકારુ** = જોશભેર, ઝઝુમવું.

**અનુવાદ**

**અન્ય કોઈ કોઈ વ્યક્તિઓ કાને ધરતા હશે પરંતુ જાગ્રત થયા વગરના મનથી અકલમંદ અને શરીરથી વિકારી હશે. ખરેખર જો શૂરવીર હોય તો તલવાર ખેંચીને ઝઝૂમે, પરંતુ તેવા જાગ્રત થયા નથી.**

**ભાવાર્થ**

જગતમાં પૂર્વ જન્મના પ્રતાપે કોઈ કોઈ વ્યક્તિ કુવેરસ્વામીના વચનો કાને ધરે છે ખરા, પરંતુ તેઓ જોઈએ તેવા જાગૃત થયા નથી કારણકે તેઓ બુદ્ધિથી મંદ અને શરીરથી વિકારી હશે. ખરેખર જો તે જાગૃત થયા હોય તો નિશ્ચિત રૂપે વચનોને વળગીને કહ્યા મુજબના જ્ઞાનને ગ્રહણ કરીને પરમપદ પામવા માટે મરજીવા થઈને પોતાના કલ્યાણમાં કાર્યશીલ બન્યા હોત. જેમ કોઈ શૂરવીર માત્ર હોંકારો કરતાં જ પોતે તલવાર ખેંચીને દુશ્મનો ઉપર ઝઝૂમીને વિજય પ્રાપ્ત કરવા ત્રાટકે છે. પરંતુ મંદ જાગ્રત થયેલ વ્યક્તિ માયાની સામે ઝઝૂમી શકતો નથી.

**ઝાઝકાર હોઈ જગે વિના નહીં, હમેરી પૂઠ પૂરનકુ;**
**હવે નહીં મનભર મેરે ઉર, જાતે રહત ઝુરનકે. ૬૦**

### શબ્દાર્થ

**ઝાઝકાર** = ઝઝૂમ્યા **હોઈ** = હોઈ **જગે** = જાગ્રત થયા **વિના** = સિવાઈ વગર **નહીં** = નહીં **હમેરી** = મારી **પૂઠ** = પાછળ **પૂરનકુ** = અનુસરે, કહ્યા મુજબ આચરણ કરે, પગલે પગલે ચાલે **હવે** = થાય, હવે **નહીં** = નથી **મનભર** = મનના ઉમંગ પ્રમાણે, મનની ઈચ્છા મુજબ **મેરે** = મારા **ઉર** = ઉરમાં, હૃદયમાં **જાતે** = પોતાની મેળે જવું **રહત** = રહુ **ઝુરનકે** = ઝૂરીને, કલ્યાંત કરીને, દુઃખી થઈને.

## અનુવાદ

**ઝઝૂમવા જેવા જાગૃત થયા સિવાયના મારી પાછળ કોણ અનુસરશે ? હવે માત્ર મને મારી ઈચ્છા મુજબનો હૃદયમાં ઉમંગ ન હોવાથી હું દુઃખી થઈને જાઉં છું.**

## ભાવાર્થ

આચરણ કરવા માટે તો શૂરવીરની જેમ ઝઝૂમવા જાગ્રત થવું જોઈએ. ઓછા પ્રમાણમાં જાગ્રત જણાતાં તેમની જે ઈચ્છા હતી તેવા પ્રમાણમાં જગતના જીવો જાગ્રત થયા નહીં. તેથી તેમના મનમાં જે ઉમંગ હોવો જોઈએ તે રહેવા પામ્યોં નહિં તેથી તેઓ પોતે દુઃખની લાગણી અનુભવે છે. પરંતુ સર્જનહારે તેમને જે કાર્ય સોંપેલુ તે મુજબની વફાદારીપૂર્વક જવાબદારી નિભાવીને હવે પાછા કૈવલધામમાં જાય છે.

**એ તો કહી લોકીત લાચારજ, હમ તો અનભે અટલહી;**
**કામ ક્રોધ મોહાદિક મદસે, રહું સદાય અમલહી. ૬૧**

### શબ્દાર્થ

**એ તો** = આતો **કહી** = કહી **લોકીત** = લૌકિક **લાચારજ** = આચાર-વિચાર, લોકાચાર, દુનિયાદારી **હમ તો** = હુંતો **અનભે** = નિર્ભય **અટલહી** = નિત્ય, સનાતન, ટળેનહીં તેવું **કામ** = કામના, અભિપ્સા, ઈન્દ્રિયસુખ, વિષયવાસના **ક્રોધ** = ગુસ્સો **મોહાદિક** = મોહ વગેરે **મદસે** = અભિમાન, ખુમારી, અહંભાવ **રહું** = રહું છું **સદાય** = હંમેશના માટે **અમલહી** = નિર્મળ, શુદ્ધ, પવિત્ર.

## અનુવાદ

**આ તો લૌકિક લોકાચાર કહ્યો પરંતુ હું તો કામ, ક્રોધ, મોહ, મદ આદિથી શુદ્ધ હોઈ નિર્ભય અને સદાને માટે નિત્ય છું.**

## ભાવાર્થ

ઉપર પ્રમાણેની જે બીના દર્શાવી તે તો માત્ર લૌકિક દુનિયાદારીની રીતે સમજ પડે તે માટે જ રજુઆત કરી છે. પરંતુ કુવેરસ્વામી તો દિવ્યદેહ ધારણ કરીને આવ્યા છે. જેથી કામ, ક્રોધ, મોહ, અભિમાન આદિ અવગુણોથી પર હોઈ શુદ્ધ અને પવિત્રપણે રહેવાવાળા છે. વળી તેઓ નિર્ભયપણે સમગ્ર બ્રહ્માંડમાં ફરતા હોઈ સદાને માટે જન્મ-મરણની ઘટમાળથી મુક્ત અને શાશ્વત સ્વરૂપે છે.

**હાર વચન હમ કિયે આગમસે, તબ પણ હોય ઉચરના;**
**અહો જીવ તુમ કાજ રખતહુ, લાજ આવનકી શરના. ૬૨**

### શબ્દાર્થ

**હાર** = હારી-થાકી ગયો **વચન** = વચન **હમ** = મેં **કિયે** = કહ્યાં, કર્યા **આગમસે** = અગાઉ **તબ પણ** = તે પણ **હોય** = છે, હોય **ઉચરના** = કહેવાના, કહેવા પુરતાં, બોલતાં **અહો** = અહો **જીવ** = જીવ **તુમ** = તમારા **કાજ** = માટે, કાર્ય માટે **રખતહુ** = હુ રાખું છું, રહ્યો છું **લાજ** = શરમ **આવનકી** = આવવાની **શરના** = શરણમાં.

## અનુવાદ

**અગાઉ મેં જે થાકી ગયો તેમ કહ્યું તે તો કહેવા પુરતા જ બોલ છે. અહો, હે જીવો ! તમારા માટે જ હું છું તો શરણમાં આવવા માટે શરમ શા માટે રાખો છો ?**

## ભાવાર્થ

અગાઉ કુવેરસ્વામીએ થાકી ગયો એમ કહ્યું હતું પણ તે લોક ઉક્તિની જેમ કહેવા અને સમજવા પુરતું જ કહેલું છે. હકીકતમાં તો તેઓ અંશોનો ઉદ્ધાર કરવાના પરોપકારી અને પવિત્ર કાર્ય માટે જ આ વિશ્વમાં પધાર્યા છે. વળી અહીં તેઓ જીવોના કલ્યાણ માટે જ રહ્યા છે, તો પછી તેમના શરણમાં જવા માટે શરમ શા માટે રાખવી જોઈએ ?

# કૈવલધામ પ્રાપ્તિ અર્થે નીતિ દર્શાવનકો
# અંગ ૧૪

---

**હમકુ પ્રિય લગત તુમ અંશુ, એહી ભવજલ તારનકુ;**
**તેસેહી હમ લાગે તુમકુ જબ, વેર ન ભવપારનકુ. ૧**

**શબ્દાર્થ**

**હમકુ** = મને **પ્રિય** = પ્રિય, વહાલા **લગત** = લાગો છો **તુમ** = તમો **અંશુ** = અંશો **એહી** = આ **ભવજલ** = સંસાર સમુદ્ર, ભવસાગર **તારનકુ** = તરવા માટે **તેસેહી** = તેવી જ રીતે **હમ** = હું, મને **લાગે** = લાગવું જોઈએ **તુમકુ** = તમને **જબ** = જ્યારે, ત્યારે **વેર** = વાર **ન** = નહીં **ભવપારનકુ** = ભવપાર કરવામાં.

**અનુવાદ**

**હે અંશો ! તમે મને વ્હાલા લાગો છો. એવી જ રીતે તમે પણ મને પ્રેમ કરશો તો આ સંસાર સમુદ્રથી પાર થવામાં (ઉતરવામાં) વાર લાગશે નહીં.**

**ભાવાર્થ**

કુવેરસ્વામી અંશોને કહે છે કે તેમને અંશો પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. તેવી જ રીતે જો અંશો કુવેરસ્વામી પ્રત્યે તેટલા જ પ્રમાણમાં પ્રેમ રાખે તો સંસારસાગરથી પાર ઉતરવામાં વાર લાગશે નહીં.

**તબતે વારંવાર દેત શીખ, સુતકુ બાપ કહીનકે;**
**તો હોય જીવન કટુલાઈ ન જાવત, જ્યોં પયે પઈત અહીનકે. ૨**

**શબ્દાર્થ**

**તબતે** = તેથી, તેટલા માટે **વારંવાર** = અનેક વખત, ઘડીયે ઘડીયે **દેત** = આપુ છું **શીખ** = શીખામણ **સુતકુ** = પુત્રને **બાપ** = પિતા **કહીનકે** = કહીને, સંબોધીને **તો** = તો **હોય** = હોય **જીવન** = જીવનમાં **કટુલાઈ** = અપ્રિયતા, કડવાપણું, દુઃખ કાટકવૃત્તિ **ન** = નહીં **જાવત** = જાય **જ્યોં** = જેમકે, જેવી રીતે **પયે** = દૂધ **પઈત** = પીવડાવવું, પાવું **અહીનકે** = સાપને, સર્પને.

### અનુવાદ

**તેટલા માટે જ પુત્રને બાપ સંબોધીને વારંવાર શિખામણ આપું છું. તેમ છતાં પણ સાપને દૂધ પીવડાવવા છતાં તેના જીવનમાં કડવાપણું (ડંશવાપણું) જતું નથી.**

### ભાવાર્થ

તેટલા માટે જ કુવેરસ્વામી પાટવી અંશ હોવાના નાતે એક મોટા ભાઈ હોવાથી નાના અંશો પોતાના પુત્ર સમાન હોવા છતાં પણ પિતા તરીકે સંબોધન કરીને વારંવાર શિખામણ આપે છે. તેમ છતાં હૃદયમાંથી કટુકાઈ જતી નથી. જેમ સાપને ગમે તેટલું દૂધ પીવડાવવામાં આવે તો પણ ઝેરી ડંસ મારવાનો મૂળ સ્વભાવ જતો નથી. તેવી જ રીતે અંશોને અમૃત રૂપ કૈવલજ્ઞાનનું પાન કરાવવા છતાં જીવો પોતાનો નિષ્ઠુર સ્વભાવ ત્યજતા નથી.

**કહી યુગન બિછરન પતિયનસે, જો ધરો ભાવ મિલનકુ;**
**તો તુમ કમર કસો આવનકી, છેવટ કિયો સજ્જનકુ. ૩**

### શબ્દાર્થ

**કહી** = કેટલાય **યુગન** = યુગોથી **બિછરન** = છુટા પડેલા **પતિયનસે** = પિતાથી, કૈવલ પતિથી **જો** = જો **ધરો** = ધારણ કરો **ભાવ** = ઈચ્છા, આકાંક્ષા **મિલનકુ** = મળવાની **તો** = તો **તુમ** = તમો **કમર કસો** = કટિબદ્ધ થવું, તૈયાર થવું, હિંમત ભિડવી **આવનકી** = આવવા માટેની **છેવટ** = છેવટે, અંતે **કિયો** = કહ્યું, કહું છું **સજ્જનકુ** = સજ્જનોને.

### અનુવાદ

**હે સજ્જનો ! છેવટે તમોને કહ્યું છું કે તમો કેટલાયે યુગોથી પતિથી છૂટા પડેલા છો તેથી જો મળવાનો ભાવ ધરો તો આવવા માટે કમર કસો.**

### ભાવાર્થ

કુવેરસ્વામી સજ્જન નર-નારીને છેવટની શિખામણના વચનો કહે છે કે કૈવલધામમાંથી છૂટા પડ્યે કેટલાયે યુગો વીતી ગયા છે. જો અંશોને કૈવલધામમાં પાછા જઈને કૈવલપિતાને મળવા માટે કમર કસીને તૈયારી કરવી પડશે. અર્થાત્

પૂર્ણપણે કમરકસીને તૈયાર થઈ જવું પડશે.

**કમર કસનકે વચન વાસ્તવિક, સૂનિયો કહત સજનહી;**
**આગમ પેજ પસાવન કારણ, કરીતવ કમર વજનહી. ૪**

### શબ્દાર્થ

**કમર કસનકે** = કમર કસવા માટેના **વચન** = વચનો, બોલ **વાસ્તવિક** = વાજબી, વ્યાવહારિક **સૂનિયો** = સાંભળો **કહત** = કહું છું **સજનહી** = સજ્જનો **આગમ** = આગળ **પેજ** = યુક્તિ, પેચ **પસાવન** = પસાર થવા **કારણ** = કારણે **કરીતવ** = કરો, કરવું **કમર** = કમર ઉપર **વજનહી** = ભાર, ટેકો, આધાર, દબાણ.

### અનુવાદ

**હે સજ્જનો ! કમર કસવાના વચનો વાસ્તવિક છે. તે માટે સાંભળો કે આગળ યુક્તિપૂર્વક પસાર થવા માટે કમર ઉપર વજન બાંધવુ પડશે. (કઠોર પરિશ્રમ કરવો પડશે.)**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ અગાઉ કહેલા કમર કસવાના વચનો ખૂબજ વાસ્તવિક છે. જેને માટે તેઓ સમજ આપે છે કે કૈવલધામમાં કૈવલ પિતાને મળવા જવા માટેના માર્ગને યુક્તિપૂર્વક પસાર કરવા માટે જનાર દરેક સજ્જનોએ તેમની કમર ઉપર વજન બાંધવુ પડશે. એટલે કે તેના માટે કઠોર પરિશ્રમ કરવો પડશે.

**દોપટા જ્ઞાન ગતિ કરતા નિજ, કહી તેહી કમર બજનકે;**
**પટકા તીવ્ર ત્યાગ તારીપકે, કાઢી કેડ સજનકે. ૫**

### શબ્દાર્થ

**દોપટા** = દુપટ્ટો, પછેડી, ઓઢણી, ખેસ **જ્ઞાન** = જ્ઞાન, કૈવલજ્ઞાન **ગતિ** = સમજ, સૂઝ, દશા **કરતા નિજ** = નિજકર્તાની **કહી** = કહી છે **તેહી** = તે **કમર** = કમર, કેડ **બજનકે** = વજનને **પટકા** = પટકો, કમરે બાંધવાનો લુગડાનો કટકો **તીવ્ર ત્યાગ** = તીવ્ર ત્યાગ **તારીપકે** = પ્રશંસાના, વખાણના, કીર્તિના **કાઢી** = દૂર કરીને **કેડ** = કમરે **સજનકે** = સજ્જનોના.

### અનુવાદ

**કમરે વજન બાંધવાનુ કહ્યું એટલે કે પ્રસંશાનો પટ્ટો દૂર કરીને નિજકર્તાના જ્ઞાનગતિનો દુપટ્ટો છે તે દુપટ્ટાના પટકાને તીવ્ર ત્યાગથી સજ્જનોની કમરે બાંધવો.**

### ભાવાર્થ

કમરે વજન બાંધવાનું જે કહ્યું તેની સમજ આપતા કુવેરસ્વામી જણાવે છે કે દરેક સજ્જન નર-નારીએ પોતાની કમરે જે પ્રશંસાનો પટ્ટો છે તેનો ત્યાગ કરીને કૈવલપિતાની ઓળખ કરાવતો કૈવલજ્ઞાન રૂપી દુપટ્ટો છે તે દુપટ્ટાના પટકાને તીવ્ર ત્યાગના શુદ્ધ વૈરાગથી બાંધવો જોઈએ.

**એહી પરકાર સાજ સજનનકે, જેહી જન જુગધરમાંહી;**
**તેહી વસન લાયક નિજ પદકે, વહીત વિટલકુ નાંહી. ૬**

### શબ્દાર્થ

**એહી** = એ **પરકાર** = પ્રકારે **સાજ** = તૈયારી **સજનનકે** = સજીને **જેહી** = જે **જન** = વ્યક્તિ **જુગધરમાંહી** = જગતભરમાં **તેહી** = તે **વસન** = વસવા **લાયક** = યોગ્ય, લાયકાત ધરાવતા **નિજ પદકે** = નિજપરમપદ માટે, મૂળ પદ માટે **વહીત** = વહીતળ **વિટલકુ** = વિટંડી **નાંહી** = નહીં.

### અનુવાદ

**એ પ્રકારે જે વ્યક્તિ જગતભરમાં સાજ સજે છે તે જ નિજ પદમાં વસવાને લાયક બને છે. જ્યારે વહીતલ અને વિતંડીઓ માટે (વસવા લાયક) નથી.**

### ભાવાર્થ

શુદ્ધ અને તીવ્ર વૈરાગ્યની કઠોર તપશ્ચર્યા પાળીને જેણે કૈવલજ્ઞાનને યુક્તિપૂર્વક ધારણ કર્યું છે તેવા સાજ સજેલા ભાગ્યવંત અને કુવેરસ્વામીની કૃપાના અધિકારી અંશો જ આ જગતભરમાંથી નાશવંત દેહને ત્યજીને અલૌકિક અને તત્ત્વાતીત સકર્તાપતિના કૈવલધામમાં વસવા માટે લાયક છે. તે સિવાયના જે જગતમાં વહિતળ અને વિટંડી થઈને સ્વચ્છંદપણે રાચતા માનવો માટે યમરાજના સજાવાળા ચોર્યાસીના ફેરા ભોગવ્યા સિવાય અન્ય કોઈ ઉપાય નથી.

**જેહી જેતની ગમ કહન હતી તે, કહી સકલ વિધિ સોઈ;**
**ભિન્ન ભિન્ન કરીકે સમજાઈત, બાકી રખી ન કોઈ. ૭**

### શબ્દાર્થ

**જેહી** = જેટ **જેતની** = જેટલી **ગમ** = જ્ઞાન, સમજ **કહન હતી** = કહેવા જેવી હતી **તે** = તે **કહી** = કહી છે **સકલ** = સર્વ **વિધિ** = રીતે **સોઈ** = તે, તેને **ભિન્ન ભિન્ન** = જુદી જુદી, અલગ-અલગ **કરીકે** = કરીને **સમજાઈત** = સમજાવી છે **બાકી** = અધુરી **રખી** = રાખી **ન કોઈ** = કોઈ નથી.

### અનુવાદ

**જેની જેટલી સમજ કહેવા જેવી હતી, તે સર્વ પ્રકારે જુદી જુદી કરીને સમજાવવામાં આવી છે. તેમાં કંઈ પણ બાકી રાખ્યું નથી.**

### ભાવાર્થ

સર્જનહારે સોંપેલી જવાબદારી પ્રમાણે કુવેરસ્વામીએ વિશ્વમાં આવીને સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. વળી અંશ-અંશીના લક્ષને દર્શાવવા કૈવલજ્ઞાનની ન્યાયપૂર્વક યોગ્ય રીતે સમજ આપી છે. આ પ્રમાણે અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાને મળવા કૈવલધામમાં જવા માટેની પ્રત્યેક તરકીબોને જુદી જુદી રીતે જગતના સર્વ જીવોને સમજાવી છે. તેમની આજ્ઞા મુજબ રહેણી-કરણી પાળીને નિયમમાં રહેનાર અધિકારી અંશને માટે કર્તાને મળવા માટેની સરળ અને સાચી સમજ દર્શાવવામાં કંઈ પણ બાકી રાખ્યું નથી.

**જેહી નિજ સંત હુતે ધામનકે, તીને લીયે ઉરમાની;**
**કોઈક કોઈક નહીં રહત સનીતમે, તીનકુ દેત જબરાની. ૮**

### શબ્દાર્થ

**જેહી** = જે **નિજ** = મૂળ **સંત** = સંતો **હુતે** = હતા **ધામનકે** = સારસાધામના **તીને** = તેઓએ **લીયે** = લઘું **ઉરમાની** = હૃદયમાં માની, હૃદયમાં ઉતારી **કોઈક કોઈક** = કોઈક કોઈક **નહીં** = નહીં **રહત** = રહ્યા **સનીતમે** = નિતિવાળાં, ધર્માચરણવાળા **તીનકુ** = તેઓ **દેત** = દીધી, કરી **જબરાની** = બળ જબરી, સખતાઈ.

### અનુવાદ

**સારસા ધામના જે નિજ સંતો હતા તેમણે હૃદયમાં માની લીધું, પરંતુ કોઈ કોઈ ધર્માચરણના નિયમમાં ન હતા. તેમના ઉપર સખતાઈ કરી.**

### ભાવાર્થ

કુવેરસ્વામીની હયાતીમાં ગુરૂગાદી સારસાધામમાં અનેક સંત પુરુષો નિવાસ કરતા હતા. તેઓ કુવેરસ્વામીની ભાવપૂર્વક અને નિષ્ઠાથી સેવામાં લીન રહેતા હતા. તે પૈકીના નિજ સંતોએ કુવેરસ્વામીની દર્શાવેલી જ્ઞાનની સઘળી સમજને તેમના હૃદયમાં ઊતારી હતી. તેમની આજ્ઞા મુજબ તેઓ ધર્માચરણ કરતા હતા. તેમ છતાં કોઈ કોઈ સંતો કે જે આજ્ઞા મુજબનું ધર્માચરણ નિયમપૂર્વક કરતા ન હતા. તેમની સાથે યુક્તિપૂર્વક ચુસ્તપણે નિયમપાલન કરાવવામાં આવતું હતું.

**ઓર સકલ સબ સંત શિરોમણિ, જેહી લહત મમ ગતિયાં;**
**નિજપતિ પરમ પાસ રહનકે, જીનું મતલબ ઉતપતીયાં. ૯**

### શબ્દાર્થ

**ઓર** = અને **સકલ** = સર્વ **સબ** = બધા **સંત** = સંત પુરુષો **શિરોમણિ** = મુખ્ય ગણાતા, મુખ્ય, આગળ પડતા, શ્રેષ્ઠ સંતગતિને વરેલાં **જેહી** = જેઓ **લહત** = જાણતા હતા **મમ** = મારી **ગતિયાં** = જ્ઞાનને, સમજને, ગતીને, આશયને **નિજપતિ પરમ** = નિજ પરમ પતિ **પાસ** = સાથે **રહનકે** = રહેવાની **જીનું** = જેઓની **મતલબ** = ઈચ્છા, આશય, ઉત્કંઠા **ઉતપતીયાં** = તીવ્રતા, વ્યાકુળતા, તાલાવેલી.

### અનુવાદ

**અને જે બધા શિરોમણી સંતો હતા તેઓ મારી ગતિને જાણતા હતા. નિજ પરમપતિની પાસે રહેવા માટેની તાલાવેલી એ જ તેમનો આશય હતો.**

### ભાવાર્થ

વળી આ સર્વ સંત પુરુષોમાં જેટલા શિરોમણિ સંતો હતા તે બધા જ કુવેરસ્વામીની જ્ઞાનગતિને પૂર્ણ રીતે જાણતા હતા અને ચુસ્તપણે આચરણમાં મુક્તા હતા. તેમના હૃદયને કર્તા સાથેના વિરહનો વિરહાગ્નિ પ્રબળ બાળતો હતો. જેથી તેમની

માત્ર સકર્તાપતિ સર્જનહારની પાસે કૈવલધામમાં જઈને નિવાસ કરવાની જ તીવ્ર ઉત્કંઠા હતી.

**જેહી મતલબ આયે હમ ભવમે, પતિ પરમ પઠવાયે;**
**તેહી મતલબકે લહન સંત જે, સો હમસે રત લાયે. ૧૦**

### શબ્દાર્થ

**જેહી** = જે **મતલબ** = આશયથી, ઈરાદાથી **આયે** = આવ્યો **હમ** = હું **ભવમે** = ભવમાં, સંસારમાં, વિશ્વમાં **પતિ પરમ** = પરમપતિ, કૈવલકર્તા **પઠવાયે** = મોકલ્યો **તેહી** = તે **મતલબકે** = આશયને **લહન** = જાણ્યો **સંત જે** = જે સંતોએ **સો** = તેઓ **હમસે** = મારાથી **રત** = પ્રેમ, આરત **લાયે** = લાવ્યા છે, લાવે છે, રાખે છે

### અનુવાદ

**પરમપિતાના મોકલવાથી હું આ વિશ્વમાં જે આશયથી આવ્યો છું તે આશયને જે સંતોએ જાણ્યો છે તેઓ જ મારા પ્રત્યે પ્રેમ રાખે છે.**

### ભાવાર્થ

વિશ્વનિયંતા સકર્તાપતિ કૈવલકર્તાએ અંશ-અંશીનો લક્ષ આપવા જગતના અજ્ઞાની અને અવળે માર્ગે જઈ રહેલા અંશો ઉપર કૃપા કરીને પોતાના સાંનિધ્યમાં રહેલા પરમ વિશેષ પાટવી અંશને વિશ્વમાં મોકલ્યા છે. તેથી કુવેરસ્વામી તે માટે જ અહીં પધાર્યા છે. સારસાધામમાં નિવાસ કરતા શિરોમણિ સંતો સહિત અન્ય સંતોએ કુવેરસ્વામીની આ મતલબ જાણીને હૃદયમાં હેત ધારણ કર્યો છે. તેવો અધિકાર પ્રાપ્ત કરેલા સંતો જ કુવેરસ્વામી પ્રત્યે પ્રેમ રાખીને શુદ્ધ ચિત્તે સમર્પણ થઈને સેવા કરે છે.

**સંત એક રમતા રતીવંતુ, આઈ ચઢે અનુચિત્તહી;**
**રામદાસ જીનું નામ સગુન તન, સાચે સુમન સુમીતહી. ૧૧**

### શબ્દાર્થ

**સંત** = સંત પુરુષ **એક** = એક **રમતા** = વિચરણ કરતા **રતીવંતુ** = પ્રેમાળ, શુદ્ધ ભાવનાવાળા, આનંદપ્રદ **આઈચઢે** = આવી ચઢ્યા **અનુચિત્તહી** = ઓચિંતાના, અચાનક, સહેજાસહેજ

**રામદાસ** = રામદાસ **જીનું** = જેઓનું **નામ** = નામ **સગુન તન** = સ્થૂલદેહનું **સાચે** = સાચેજ **સુમન** = પવિત્ર મન વાળા **સુમીતહી** = બહુ પ્રેમાળ.

## અનુવાદ

**વિચરણ કરતા એક પ્રેમાળ સંત ઓચિંતાના આવી ચઢ્યા. જેમના સ્થૂલદેહનું નામ રામદાસ હતું. જેઓ ખરેખર પવિત્ર મનવાળા અને પ્રેમાળ હતા.**

## ભાવાર્થ

કુવેરસ્વામી સારસા ધામમાં નિવાસ કરતા હતા ત્યારનો આ પ્રસંગ છે. તે સમયે એક પ્રેમાળ સંત ફરતા ફરતા સારસામાં ઓચિંતા જ કુવેરસ્વામીના દર્શને આવ્યા હતા. તે સંતના સ્થૂળ શરીરનું નામ શ્રી રામદાસ હતું. તેઓ સાચે જ પવિત્ર મનવાળા, પ્રેમાળ અને કુશળ સદ્‌બુદ્ધિ ધરાવતા હતા.

**નિજકે સંત શિરોમણિ તેહીસમ, પાગે પ્રિત પરમહી;**
**મેરે અગમ અલોકીત અનુભવ, સુણતાં ભયે આરમહી. ૧૨**

### શબ્દાર્થ

**નિજકે** = પોતાના **સંત શિરોમણિ** = શિરોમણી સંતો **તેહીસમ** = તેમના જેવાજ **પાગે** = પાંગર્યો, પ્રગટ થવું, છવાઈ જવું, વિકસવુ **પ્રિત** = વહાલ, પ્રેમ **પરમહી** = મહાન, શ્રેષ્ઠ, વિશેષ **મેરે** = મારો **અગમ** = અગમ્ય, અલૌકિક **અલોકીત** = અલૌકિક **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાનનો મહિમા **સુણતાં** = સાંભળતાંજ **ભયે** = થયા **આરમહી** = શાંત, તૃપ્ત.

## અનુવાદ

**પોતાના શિરોમણી સંતોના જેવો જ તેમનામાં પણ પ્રેમ પાંગર્યો હતો. જેથી મારો અગમ્ય અને અલૌકિક અનુભવ સાંભળતાં જ શાંતિ પામ્યા હતા.**

## ભાવાર્થ

સંત શ્રીરામદાસના હૃદયમાં કુવેરસ્વામી પ્રત્યે અન્ય શિરોમણિ સંતો જેવો જ વિનમ્ર અને શુદ્ધ ભાવ પાંગર્યો હતો. કુવેરસ્વામીના મુખથી અનુભવયુક્ત કૈવલજ્ઞાનની અલૌકિક વાણી સાંભળવાની સાથે જ તેઓ શાંતિ પામ્યા હતા. અર્થાત્

પરમગુરુના જ્ઞાનથી તેમના (રામદાસના) હૃદયે તૃપ્તિનો અનુભવ કર્યો.

**પીછે કરીતવ ખોજ ગ્રંથકી, રમણીત રલીત સકલમે;**
**પાયે પરમ પુરાતન પતકે, સમજે કલીત વિકલમે. ૧૩**

**શબ્દાર્થ**

**પીછે** = પછીથી **કરીતવ** = કરીને **ખોજ** = શોધ **ગ્રંથકી** = ગ્રંથની **રમણીત** = રમણ કરીને, જ્ઞાનમાં તરબોળ બનીને **રલીત** = ખુશી, હરખ **સકલમે** = સર્વમાં, દરેકમાં **પાયે** = પ્રાપ્ત કરીને **પરમ પુરાતન** = શ્રેષ્ઠ અને પુરાણા **પતકે** = પતિને, સ્વામીને, કર્તાને **સમજે** = સમજ્યા **કલીત** = જાણીને **વિકલમે** = વિશેષ યુક્તિથી, ગુહ્ય જ્ઞાનની કળા સમજીને, ગુપ્ત કળા.

## અનુવાદ

**ત્યાર પછી દરેક ગ્રંથોમાં તરબોળ બનીને જ્ઞાનની શોધ અનુભવતાં તેમણે પરમ પુરાતન પતિને પ્રાપ્ત કરવાની ગુપ્ત કળાને જાણી હતી.**

## ભાવાર્થ

તેમણે કુવેરસ્વામીના શરણમાં શરણાંગતિ સ્વીકારીને તેમના દ્વારા રચિત દરેક ધર્મગ્રંથોમાં ધ્યાનપૂર્વક તરબોળ બનીને અભ્યાસ કર્યો હતો. ગ્રંથોમાં સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતા કૈવલજ્ઞાનમાં અંશ-અંશીના લક્ષની શોધ અનુભવતાં તેઓ ખૂબ જ ખુશ થયા હતા. અંશ જેનો સજાતિ છે એવા મહદ્ સજાણ જાણ પરમ પુરાતન આદ્ય કૈવલ પતિને પ્રાપ્ત કરવાની ગુપ્ત કળા તેમણે જાણી લીધી હતી.

**વારપાર ઉતઈતકી કલીતવ, મલીતવ રખે સિદ્ધાંતે;**
**ઓર સકલ સબ કરીત ઉથાપન, જેહી ન રહન ગત અંતે. ૧૪**

**શબ્દાર્થ**

**વારપાર** = અપરંપાર, આદ્ય-અંત, આ પસારો **ઉતઈતકી** = અહીં અને ત્યાંની **કલીતવ** = જાણીને **મલીતવ** = મળી જઈને, જોડાઈ જઈને, એક થઈ જઈને **રખે** = રાખ્યો **સિદ્ધાંતે** = સિદ્ધાંતને **ઓર** = અને **સકલ** = સર્વને **સબ** = બધુ **કરીત** = કરીને **ઉથાપન** = ઉથાપન **જેહી** = જેઓ **ન** = ન **રહન** = રહ્યાં, રાખતાં **ગત** = ગતિમાં, જ્ઞાનમાં **અંતે** = અંતે, અંતમાં, છેવટે.

## અનુવાદ

**અહીં અને ત્યાંની અપરંપાર ગતિને જાણી તેમાં ભળી જઈને સકર્તા સિદ્ધાંતમાં મળી ગયાં. છેવટે પોતાની ગતિમાં અન્ય સર્વ સિદ્ધાંતો ન રાખતાં તેનું ઉત્થાપન કર્યું.**

## ભાવાર્થ

સહજ સ્વભાવ ધરાવતા શ્રી રામદાસે ગ્રંથોના અભ્યાસ દ્વારા બ્રહ્માંડની સર્વ નાશવંત રચના અને બ્રહ્માંડથી પરે રહેલા કૈવલધામની અપરંપાર ગતિને જાણી લીધી. ત્યારબાદ તેમાં તલ્લીન થઈ ગયા. છેવટે પોતાના અંતરમાં એક માત્ર સકર્તા સિદ્ધાંતને સ્થાપિત કર્યો. તે પછી તેમણે દુનિયાના સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતમાં પોતાની ગતિને સ્થિર ન રાખતાં નાશવંત એવા તમામ પદો દર્શાવતા સિદ્ધાંતોનું ઉત્થાપન કર્યુ.

**પ્રગટે જ્ઞાન જગે ઝઝુકારન, ઈતકે અનિત નસાઈ;**
**દિવ્યનેંન ઉઘડે દુરહીતકે, જીનત્યે શબ્દ સરાઈ. ૧૫**

### શબ્દાર્થ

**પ્રગટે** = પેદા થઈ, પ્રાપ્ત થી, સ્ફૂરણા પામી **જ્ઞાન** = જ્ઞાન, સમજ **જગે** = જાગ્યા, જાગ્રત થયા **ઝઝુકારન** = ઝઝુમતા ભેર **ઈતકે** = અહીંના, મૃત્યુલોકના, આ વિશ્વના **અનિત** = નાશવંત **નસાઈ** = દુર કરી, નષ્ટ કરીને, છોડી દઈને **દિવ્યનેંન** = દિવ્ય ચક્ષુ **ઉઘડે** = ઉઘાડ્યાં **દુરહીતકે** = દુરના કલ્યાણકારી **જીનત્યે** = જેના વડે, જેના થકી, જેના કારણે **શબ્દ** = શબ્દ, વાણીથી **સરાઈ** = સરાહના કરી.

## અનુવાદ

**જ્ઞાનનું પ્રાગટ્ય થતાં જ એકદમ શૂરાતનપૂર્ણ જાગ્રત થયા. જેના કારણે અહીંના અનિત્ય પદોનો ત્યાગ કરી દીધો. દિવ્ય નયન ઊઘડવાથી પર રહેલા કલ્યાણકારી પદની વાણીની સરાહના કરી.**

## ભાવાર્થ

ગ્રંથોના ઊંડા અભ્યાસથી પોતાનામાં જ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થયો. તેથી શ્રી રામદાસ એક શૂરવીર યોધ્ધાની જેમ ઝઝૂમીને એકદમ જાગ્રત થઈ ગયા. તેમણે

વિશ્વના તમામ નાશવંત પદોને તણખલાની જેમ ત્યજી દીધા. જેના કારણે તેમણે પોતાના દિવ્ય નયન ઉઘડવાથી તેઓ કલ્યાણકારી પરમપદની તથા કુવેરસ્વામીની ન્યાયપૂર્વક દર્શાવેલી ગર્જનાયુક્ત વાણીની સરાહના કરવા લાગ્યા.

**સાર અસાર સકલકો દેખીત, પેખીત પરખ કરેહુ;**
**સકલ પંથકી પાર હમનકુ, નરખીત શરન પરેહુ. ૧૬**

### શબ્દાર્થ

**સાર** = સારું, શાશ્વત **અસાર** = મિથ્યા, નાશવંત **સકલકો** = સર્વને **દેખીત** = જોઈને તપાસીને **પેખીત** = પીછાણીને **પરખ** = પરીક્ષા, ઓળખ **કરેહુ** = કરે છે **સકલ** = સર્વ **પંથકી** = પંથોની **પાર** = પરે **હમનકુ** = મને **નરખીત** = નીરખીને, જોઈને **શરન** = શરણમાં **પરેહુ** = પડ્યા છે.

### અનુવાદ

**બધામાં (સઘળે) સાર અને અસાર તપાસી જોઈને તેની પરીક્ષા કરતાં મને સર્વ પંથોની પાર જાણતાં (મારા) શરણમાં આવ્યાં.**

### ભાવાર્થ

વિશ્વમાં સ્થાપિત સર્વ સિદ્ધાંતોના સાર-અસારને તપાસી જોયાં અને તેની પરીક્ષા કરી. ત્યારબાદ શ્રી રામદાસને કુવેરસ્વામીનો સકર્તા સિદ્ધાંત તમામ મતપંથો તથા સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતની પરે તેમજ સર્વોપરી જણાયો. આવા ન્યાયપૂર્ણ અને પક્ષાપક્ષથી રહિત નિર્ણય જણાતાં તેઓ કુવેરસ્વામીથી પ્રભાવિત થઈને તેમના શરણમાં પડ્યા.

**હેત પ્રિત સહિતમ હમસે ચિત્ત, લગ્યો ન નેક વિછરહી;**
**એહી પરકાર દેખ અધિકારન, તબ હમને ઉરધરહી. ૧૭**

### શબ્દાર્થ

**હેત** = વહાલ, સ્નેહ **પ્રિત** = પ્યાર, લાગણી **સહિતમ** = સહિત **હમસે** = મારાથી **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **લગ્યો** = લાગી ગયુ **ન** = નહીં **નેક** = જરાપણુ, થોડુ **વિછરહી** = વિસરાતું, છુટુ પડતું **એહી** = એ **પરકાર** = પ્રકારે **દેખ** = દેખીને, દેખાંતા **અધિકારન** = અધિકારી, યોગ્યતા ધરાવતી વ્યક્તિ **તબ** = ત્યારે **હમને** = મેં **ઉર** = હૃદયમાં **ધરહી** = ધાર્યા, કૃપા કરી, ધારણ કર્યા

## અનુવાદ

**સ્નેહ અને લાગણીભર્યું તેમનું ચિત્ત જરાપણ છૂટું પડ્યા સિવાય મારા પ્રત્યે લાગેલું હતું. એ પ્રકારે અધિકારી જણાતા મેં પણ તેમને મારા હૃદયમાં સ્થાન આપ્યું.**

## ભાવાર્થ

સંતશ્રી રામદાસજીનો સ્નેહ અને લાગણી સભર ચિત્ત કુવેરસ્વામીથી જરા પણ છૂટા પડ્યા સિવાય તેમના પ્રત્યે રહેતું હતું. શ્રી રામદાસજી સંતની આવી નિષ્ઠાવાળી સ્થિતિ નિહાળતાં કુવેરસ્વામીને તેઓ અધિકારી અંશ જણાયા. તેથી કુવેરસ્વામીએ પણ રામદાસજીને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું.

**જબ હમ લીયે ઉર ધર અંતર, બરહીત બોધ કરેહુ;**
**દીનો મંત્ર મહાદ કરનમે, જીને સબ કાજ સરેહુ. ૧૮**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **હમ** = મેં **લીયે** = લીધા **ઉર** = હૃદયમાં **ધર અંતર** = ની અંદર ધારણ કર્યા **બરહીત** = કલ્યાણકારી **બોધ** = ઉપદેશ **કરેહુ** = કર્યો **દીનો** = દીધો, આપ્યો **મંત્ર** = અમરમંત્ર **મહાદ** = મહાન **કરનમે** = કાનમાં **જીને** = જેનાથી **સબ** = સર્વ **કાજ** = કાર્ય, કામ **સરેહુ** = સરીજાય, પૂરા થાય, બને, થાય.

## અનુવાદ

**જ્યારે મેં મારા હૃદયમાં સ્થાન આપ્યું, ત્યારે તેમના કાનમાં અમોધ અમરમંત્રનો કલ્યાણકારી લક્ષ બોધ સંભળાવ્યો કે જેનાથી સર્વ કાર્યો થઈ શકે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ સંત રામદાસની પૂર્ણ નિષ્ઠા નિહાળતાં તેમના ઉપર કૃપા કરીને તેમના કાનમાં અમોધ અમરમંત્ર સંભળાવ્યો. એટલે ગુરુ તરીકે પરંપરાને જાળવી રાખીને શિષ્ય તરીકે તેમને સ્વીકાર્યા. તેમને કલ્યાણકારી લક્ષબોધ આપીને સર્વ કાર્યો સરે તેવું અમરમંત્ર રૂપી અમોધ શસ્ત્ર સંતશ્રી રામદાસજીને આપ્યું.

**હિલમિલ હેત સકલ સંતનમે, રહે સદા મમ શરના,**
**ચલીત ન ચંત તંત દેખીત ભવ, હોય રહે અશરન શરના. ૧૯**

### શબ્દાર્થ

**હિલમિલ** = હળીમળીને **હેત** = ભાવ, પ્રેમ **સકલ** = સર્વ **સંતનમે** = સંતોમાં **રહે** = રહેવા લાગ્યા **સદા** = સદાને માટે, સદાય **મમ** = મારા **શરના** = શરણમાં, શરણે **ચલીત** = વિચલીત, ચલાયમાન, આઘું-પાછું **ન** = નહીં **ચંત** = ચિત્તનું, ચિંતવન **તંત** = શરીર, તત્ત્વો **દેખીત** = જોઈને **ભવ** = વિશ્વના, સંસારના **હોઈ** = થઈને **રહે** = રહેતા **અશરન શરના** = શરણમાં, શરણાંગત તરીકે.

### અનુવાદ

**સર્વ સંતો સાથે પ્રેમથી હળીમળીને મારા શરણમાં સદાને માટે રહેતા. સંસારના શરીરને જોવા છતાં તેમનું ચિત્ત મારાથી ચલિત થતું નહીં અને મારા શરણમાં શરણાગત થઈને જ રહેતા.**

### ભાવાર્થ

શ્રી રામદાસ સંત સારસા ધામમાં અન્ય સર્વ સંતો સાથે પ્રેમ ભર્યા સબંધો જાળવીને સર્વની સાથે હળીમળીને કુવેરસ્વામીના શરણમાં સદાને માટે રહેતા હતા. દર્શનાર્થે આવતા સંસારીજનો પ્રત્યે ન આકર્ષાતાં રામદાસનું ચિત્ત કુવેરસ્વામીના દિવ્ય સ્વરૂપ સાથે લાગેલું રહેતું. તેમનુ ચિત્ત સહેજ પણ સંસારમાં ચલીત થતું નહીં. તેઓ કુવેરસ્વામીના શરણમાં અનન્ય શરણાંગત તરીકે રહેતા હતા.

**બહોરુ સમોહ સંત રખી સનમુખ, કહી કરુણાય કરીનકે;**
**તુમ હમ જોગ મિલન એહી અવસર, પુનિ ન પાય ફરીનકે. ૨૦**

### શબ્દાર્થ

**બહોરુ** = વળી, ત્યાર પછી **સમોહ** = સમુહ, જૂથ **સંત** = સંતોના **રખી** = રાખીને **સનમુખ** = મુખ સામે **કહી** = કહ્યું **કરુણાય** = કરુણા **કરીનકે** = કરીને **તુમ** = તમોને **હમ** = મારો **જોગ** = સંજોગ **મિલન** = મળ્યો, મળવાનો **એહી** = આ **અવસર** = પ્રસંગ **પુનિ** = ફરીથી **ન** = નહીં **પાય** = પ્રાપ્ત થાય **ફરીનકે** = ફરીથી.

### અનુવાદ

**ત્યારબાદ સર્વ સંતોના જૂથને મારી સન્મુખ રાખીને કરુણા કરી કહ્યું કે મને મળવાનો આ અવસર તમોને પ્રાપ્ત થયો છે જે ફરીથી પ્રાપ્ત થવાનો નથી.**

### ભાવાર્થ

ત્યાર પછી કુવેરસ્વામીએ સારસા ધામના તેમજ અન્ય સર્વ સંતોના જૂથને એકત્ર કરીને સભા ભરી ત્યારબાદ સૌને સન્મુખ રાખીને અત્યંત કરુણા કરી જણાવ્યું કે સ્વરૂપે કુવેરસ્વામીને પ્રત્યક્ષ મળવાનો અમૂલ્ય અવસર સર્વ સંતોને પ્રાપ્ત થયો છે. તેવો અવસર ફરીથી ક્યારેય પ્રાપ્ત થશે નહીં.

**અબ હમ જબ તબ ધામ જાવનકે, પતિ પરમકી પાસુ;**
**તબતે અગમ કહીત સુનાઈત, પરમીત કરીત પ્રકાશુ. ૨૧**

#### શબ્દાર્થ

**અબ** = હવે **હમ** = હું **જબ** = જ્યારે **તબ** = ત્યારે **ધામ** = કૈવલધામ **જાવનકે** = જવાનો **પતિ** = સ્વામી, ધણી **પરમકી** = પરમની **પાસુ** = પાસે, જોડે **તબતે** = તેથી **અગમ** = અગમ્ય જ્ઞાનને **કહીત** = કહીને **સુનાઈત** = સંભળાવી **પરમીત** = તાદૃશ્ય **કરીત** = કરીને **પ્રકાશુ** = પ્રકાશ.

### અનુવાદ

**હવે હું જ્યારે ધામમાં જઈશ, ત્યારે પરમ પતિની પાસે જઈશ. તેટલા માટે જ પ્રમાણયુક્ત અગમ જ્ઞાનનો પ્રકાશ કરીને સંભળાવ્યો છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી સર્વ સંત-સમુદાય તેમજ હાજર રહેલા તમામ સજ્જન નર અને નારીઓને જણાવે છે કે અહીંથી હવે બીજા કોઈ દ્વીપ કે અન્ય લોકને કૈવલજ્ઞાનથી ચેતાવવાના નહીં હોવાથી સીધા કૈવલધામમાં સકર્તાપતિ કૈવલકર્તા જ્યાં બિરાજમાન છે ત્યાં આ દિવ્ય દેહ છોડીને તેમની પાસે જવાના છે. એક કૈવલવેત્તાના નાતે જંબુદ્વિપમાં આવીને અગાધ અને પ્રમાણયુક્ત અંશ-અંશીના લક્ષનું અગમ્ય કૈવલજ્ઞાન સૌના કલ્યાણ અર્થે સંભળાવ્યું છે.

**પતિ પરમકી પાસ રહનકે, સુખદ સમોહ પાવનકે;**
**તાહી તમનકુ લેઈ મેલાઈત, જો જન હોય આવનકે. ૨૨**

### શબ્દાર્થ

**પતિ પરમકી** = પરમ પતિની **પાસ** = પાસે, સાથે **રહનકે** = રહેવા માટે **સુખદ** = સુખદાયથી **સમોહ** = મેળાપ, શુદ્ધ પ્રેમ, અંશોનો સમુહ **પાવનકે** = પ્રાપ્ત કરવા માટે **તાહી** = ત્યાં **તમનકુ** = તમારો **લેઈ** = લઈને **મેલાઈત** = મેળવીશ **જો** = જો **જન** = વ્યક્તિ **હોય** = હોય **આવનકે** = આવવું હોય તે, આવનાર ને.

### અનુવાદ

**જો કોઈ શુદ્ધ પ્રેમ ધરાવનાર વ્યક્તિને પરમપતિ પાસે સુખદ મેળાપ કરવા માટે આવવું હોય તો હું ત્યાં તમોને લઈ જઈને મેળાપ કરાવીશ.**

### ભાવાર્થ

છેવટે કૈવલધામ જતી વખતે ઉપસ્થિત રહેલા સૌ સંત, સજ્જન નર-નારીઓને કુવેરસ્વામી ઉદ્‌બોધન કરે છે. તેઓ લાગણી સભર વાણીથી કહે છે કે જે કોઈ શુદ્ધ પ્રેમી મુમુક્ષુઓને પરમપતિ કૈવલકર્તા સાથે મેળાપ કરવા ઈચ્છા હોય તો તેવા અંશને તેઓ તેમની સાથે કૈવલ ધામમાં લઈ જઈ કૈવલકર્તા સાથે મેળાપ કરાવશે.

# હુકમ અને મુખત્યારપત્ર દર્શાવનકો
# અંગ ૧૫

**જેહી તારીપકે ધામ પતિનકે, બરનન બનીત કરેહુ;**
**જ્યૌ સાહરકે નિર અપરમીત, ચીડીયા ચંચ ભરેહુ. ૧**

### શબ્દાર્થ

**જેહી** = જે, જેવી રીતે, જેટલું **તારીપકે** = પ્રશંસનીય **ધામ** = કૈવલધામ **પતિનકે** = પતિનું, સ્વામીનું, ધણીનું **બરનન** = વર્ણન **બનીત** = બન્યું **કરેહુ** = કર્યું છે **જ્યૌ** = જેમ **સાહરકે** = સમુદ્રનું **નિર** = પાણી **અપરમીત** = અપરંપાર **ચીડીયા** = પક્ષી, પંખી **ચંચ** = ચાંચ **ભરેહુ** = ભરે છે.

### અનુવાદ

**જેમ સમુદ્રના અપાર જળમાં પક્ષી ચાંચ ભરે છે તેમ પતિના અપરંપાર ધામનું પ્રશંસનીય વર્ણન જેટલું બન્યું તેટલું કર્યું છે.**

### ભાવાર્થ

જેવી રીતે અગાધ સમુદ્રના અપાર જળમાં પક્ષી તો માત્ર ચાંચમાં રહે તેટલું જ પાણી પી શકે છે. તેવી જ રીતે કુવેરસ્વામી કહે છે કે અપરંપાર એવા કૈવલધામનું પ્રસંશનિય વર્ણન કૈવલવેત્તાના નાતે જેટલું શક્ય હતું તેટલું તેઓએ કર્યું છે.

**જલ નિધિવત્ અપરમ ચિડિયનકુ, ત્યૌ અવરણીત પતિ ધામુ;**
**એસેહી અપરમ સુખ ધામનસે, ક્યૌ ન કરત જન હાંમુ. ૨**

### શબ્દાર્થ

**જલ નિધિવત્** = સમુદ્રની જેમ **અપરમ** = અપરંપાર **ચિડિયનકુ** = પક્ષીઓને **ત્યૌ** = તેમજ, જેમજ **અવરણીત** = અવર્ણનીય **પતિ ધામુ** = કર્તાનું ધામ, કૈવલધામ **એસેહી** = એવા **અપરમ** = અપરંપાર **સુખ** = સુખદાયી **ધામનસે** = ધામને માટે **ક્યૌ** = કેમ, શા માટે **ન** = નહીં, નથી **કરત** = કરતા **જન** = માનવ, વ્યક્તિ **હાંમુ** = હિંમત.

## અનુવાદ

**(જેમ) પક્ષી માટે સમુદ્રનું જળ અપરંપાર છે. તેમ (નિજ) પતિનું ધામ અવર્ણનીય છે. એવા અપરંપાર સુખદાયી ધામને મેળવવા માટે હે માનવો ! શા માટે હિંમત કરતા નથી ?**

## ભાવાર્થ

જેનુ સમુદ્રનું પાણી પક્ષી માટે અપરંપાર છે તેમ કુવેરસ્વામી માટે કૈવલધામના અપરંપાર સુખનું વર્ણન કરવું પણ મુશ્કેલ છે. તેથી તેઓ કહે છે કે એ અવર્ણનીય અપરંપાર અને સુખદ એવા શાશ્વત, અખંડ કૈવલધામમાં જવા માટે જગતના માનવીઓ શા માટે હિંમત કરતા નથી ?

**સુખકી શિર સીમા વિના સદપદ, કરન વાસ અટલેતુ;**
**અરે અરે હાય હાય તુમનકુ, કયૌ ન હવિત ઉર હેતુ. ૩**

### શબ્દાર્થ

**સુખકી** = સુખની **શિર સીમા** = મહત્તમ મર્યાદા **વિના** = વિના, સિવાયનું **સદપદ** = શાશ્વત પદ **કરન** = કરવા યોગ્ય **વાસ** = નિવાસ **અટલેતુ** = અટલ, સ્થાયી, અખંડ **અરે અરે** = અરે અરે **હાય હાય** = હાય હાય, અંતરના ઊંડા દુ:ખની વ્યથા **તુમનકુ** = તમોને **કયૌ** = કેમ, શા માટે **ન** = નહીં **હવિત** = થતું **ઉર** = હૃદયમાં **હેતુ** = ભાવ, પ્રેમ, ઉમળકો, ઉમંગ.

## અનુવાદ

**સુખની મહત્તમ મર્યાદા વિનાના શાશ્વત પદમાં અખંડ નિવાસ કરવાને માટે અરેરે ! હાય ! હાય ! તમોને શા માટે હૃદયમાં ઉમંગ થતો નથી ?**

## ભાવાર્થ

હૃદયમાં ઊંડા દુ:ખની વ્યથા અનુભવતાં કુવેરસ્વામી જગતના માનવીઓને કહે છે કે સુખની મહત્તમ મર્યાદા કોઈ નથી તેવું શાશ્વત પરમ કૈવલધામ છે. તેવા ધામમાં અખંડ નિવાસ કરવા માટે માનવોને તેમનાં હૃદયમાં શા માટે ઉમંગ થતો નથી. ?

**હમ તો સ્વાદ લિયે તેહી સુખકે, તબતે કહીત તમનકુ;**
**પીછે ન રખી ચેતાવન તુમકુ, તબ નહીં દોષ હમનકુ. ૪**

### શબ્દાર્થ

**હમ તો** = મેં તો **સ્વાદ** = સ્વાદ, અનુભવ, મઝા, આનંદ **લિયે** = લીધો છે **તેહી** = તે **સુખકે** = સુખનો **તબતે** = તેથી **કહીત** = કહું છું **તમનકુ** = તમોને **પીછે** = પાછળથી **ન** = નહિ **રખી** = રાખી **ચેતાવન** = ચેતાવવા માટે, સચેત કરવા માટે **તુમકુ** = તમોને **તબ** = તેથી, ત્યારે, તેનો **નહીં** = નહીં, નથી **દોષ** = અપરાધ, વાંક, કસૂર, ગુનો **હમનકુ** = મારો, અમોને, મને.

### અનુવાદ

**મેં તો તે સુખનો અનુભવ લીધો છે. તેથી જ તમોને કહું છું કે તમને સચેત કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી તેથી તેમાં મારો અપરાધ નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ કૈવલધામના અપાર અને અખંડ સુખના આનંદને માણ્યું છે. તેથી જ તેઓ જગતના જીવોને તે સુખના અનુભવ વિષે જણાવે છે. પોતાની ફરજ બજાવી વિશ્વના જીવોને કૈવલજ્ઞાનનો ઉપદેશ આપીને બધી રીતે ચેતવ્યા છે. તેમાં કોઈ કસર રાખી નથી તેમ છતાં જો માનવીને તેવા અખંડ સુખને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા ન જાગે તો તેમાં કુવેરસ્વામીનો વાંક કાઢી શકાય નહીં.

**દૂસરી બેર કહનકી કહી તમ, અબ તુમેરી તુમ જાનો;**
**તુમકુ શીખ સમજણકી દેવત, મેં તો પુરન અઘાનો. ૫**

### શબ્દાર્થ

**દૂસરી બેર** = બીજી વખત **કહનકી** = કહેવા જેવું જે હતુ તે **કહી** = કહ્યું **તમ** = તમોને **અબ** = હવે **તુમેરી** = તમારી **તુમ જાનો** = તમે જાણો **તુમકુ** = તમોને **શીખ** = શિખામણ **સમજણકી** = સમજવા માટેની, જ્ઞાનની **દેવત** = આપી **મેં તો** = હું તો **પુરન** = પૂર્ણ, પુરાણ **અઘાનો** = અઘાટ, શાશ્વત, ઘાટ રહિત, અપાર, અનંત.

### અનુવાદ

**જે કહેવાનું હતું તે બીજી વખત પણ મેં કહ્યું છે. પછી તમારી (વાત) તમે જાણો!**

**મેં તો તમને સમજણપૂર્વક શિખામણ આપવાનો સંપૂર્ણ પરિશ્રમ કર્યો છે. હું તો ઘાટ રહિત છું.**

## ભાવાર્થ

સકર્તા સર્જનહારે કુવેરસ્વામીને જગતના જીવોને અંશ-અંશીનો લક્ષ દર્શાવવા માટે મોકલ્યા હતા તે પ્રમાણે તેમણે તેમની ફરજ વફાદારી અને નિષ્ઠાપૂર્વક બજાવી છે. તેમણે જેટલું કહેવાય તેટલું વારંવાર એક યા બીજી રીતે સમજાવીને છેલ્લામાં છેલ્લી શિખામણ પણ આપી છે. તેમની સાથે કૈવલધામ આવવાની ઉષ્કંઠાવાળાને પોતાની સાથે લઈ જઈને કૈવલ પતિ પાસે પહોંચાડવાની ખાત્રી પણ આપી છે. તેમ છતાં જો આજ્ઞાની અને અભાગી જીવોને પોતાના જ કલ્યાણ કરવાની ઈચ્છા જ ન હોય તો ભલે જન્મ-મરણના ચક્કરમાં ભટક્યા કરે. કારણકે કુવેરસ્વામી તો પોતે ઘાટ રહિત છે. તેઓ સ્વયં કૈવલવેત્તા હોઈ પરમ વિશેષ પાટવી અંશના નાતે સદાને માટે કૈવલધામમાં જ રહેનારા છે. આ તો સર્જનહારના કહેવા થકી જ કલ્પમાં એક વખત જ્ઞાનોપદેશ કરવા માટે આવે છે.

**જેહી સંત ઓરુ સજન સમેતુ, પતિ પરમકે પ્યારા;**
**તેહી રહો એકતાર હમનસે, જીનુ પરનન ભવપારા. ૬**

### શબ્દાર્થ

**જેહી** = જે **સંત** = સંત પુરુષો **ઓરુ** = અને **સજન** = સજ્જન, નર-નારી **સમેતુ** = સહિત **પતિ પરમકે** = કૈવલકર્તા, પરમપિતાને **પ્યારા** = વહાલા **તેહી** = તે જ **રહો** = રહો **એકતાર** = એકતા સાધીને **હમનસે** = મારી સાથે **જીનુ** = જેઓને **પરનન** = પહોંચાડીશ **ભવપારા** = ભવપાર, ભવમુક્ત.

## અનુવાદ

**જે સંત અને સજ્જનોને પરમપતિ પ્રત્યે વહાલ હોય તેવા સૌ મારી સાથે એકતા સાધીને રહો તો તેઓને હું ભવપાર પહોંચાડીશ (ઉતારીશ.)**

## ભાવાર્થ

કુવેરસ્વામી જગતના જીવોને ખાત્રી આપતાં કહે છે કે જે સંતપુરુષો અને

સજ્જન નર-નારી કે જેઓને સકર્તાપતિ કૈવલકર્તા પ્રત્યે વહાલ હોય અને કૈવલકર્તાને મળવાની ઉત્કંઠા હોય તેવા આરતવંત મુમુક્ષુ અંશોએ તેમની સાથે એકતા સાધીને રહેવું પડશે. જે અંશો કુવેરસ્વામી સાથે હંમેશને માટે એકતા સાધીને રહેશે તેમને તેઓ જન્મ-મરણના ભવ સંકટથી મુક્ત કરીને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રદાન કરશે.

**મેરે વચન પ્રતીત લાયકે, નિરભે રહો નિચંતુ;**
**માયા કાલ કરાલ ડરપકે, ડરપ નહીં તુમ યંતુ. ૭**

### શબ્દાર્થ

**મેરે** = મારા **વચન** = વચનોમાં **પ્રતીત** = વિશ્વાસ **લાયકે** = લાવીને **નિરભે** = નિર્ભય, નિડર **રહો** = રહો **નિચંતુ** = નિશ્ચિતપણે **માયા** = પ્રકૃતિ, આદ્યશક્તિ, આશક્તિના કારણરૂપ તત્ત્વ **કાલ** = કાળ, વિનાશ, મૃત્યુ **કરાલ** = વિકરાળ, ભયંકર **ડરપકે** = ડરથી, ધાકથી, બીકથી **ડરપ** = ડરશો **નહીં** = નહીં **તુમ** = તમો **યંતુ** = જરાપણ, યત્કિંચિત પણ.

### અનુવાદ

**મારા વચનોમાં વિશ્વાસ લાવીને નચિંતપણે નિર્ભય રહો. જેથી વિકરાળ માયા અને કાળના ભયથી જરાપણ ડરશો નહીં.**

### ભાવાર્થ

કુવેરસ્વામીના વચનોમાં પૂર્ણ પણે વિશ્વાસ લાવીને જે અંશો રહેશે તેઓ નિર્ભયતા અનુભવશે અને નચિંતપણે જિંદગી જીવી શકશે. વળી વિકરાળ માયા અને કાળના ભયનો ડર લાગશે નહિં.

**નિજ કરતાર સકલકે કારન, જીનું હમ અંશ વિશેષુ;**
**તેહી હમ આયે અવન પર તન ધર, કરન કાજ ઉપદેશુ. ૮**

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, આદિ **કરતાર** = સર્જનહાર **સકલકે** = સર્વ રચનાના **કારન** = કારણરૂપે **જીનું** = જેમનો **હમ** = હું **અંશ વિશેષુ** = વિશેષ અંશ **તેહી** = તે **હમ** = હું જ **આયે** = આવ્યો છું **અવન પર** = પૃથ્વી પર **તન** = શરીર, ઘાટ, દેહ **ધર** = ધારણ કરીને **કરન કાજ** = કરવા માટે **ઉપદેશું** = ઉપદેશ.

## અનુવાદ

**સર્વના કારણરૂપ રહેલા નિજકર્તા છે. જેમનો હું વિશેષ અંશ છું. તે હું જ પૃથ્વી પર દેહ ધારણ કરીને ઉપદેશ કરવા માટે આવ્યો છું.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં રહેલા અઠ્ઠાવીસ ઈંડો (તબકો) અને તે પૈકી મહીમંડ ઈંડ (વૈરાટ)ની અંદર રહેલા અઠ્ઠાવીશ લોક તથા તેમાં ઉત્પન્ન થયેલી સમગ્ર રંગબેરંગી વ્યક્ત અને અવ્યક્ત રચના તેમજ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહની આદ્ય લઈ સ્થાવર-જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ તેમજ તે સર્વ ઘાટને ચેતનવંત રાખનારા સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો સહિત સર્વ રચનાના કારણ રૂપે નિજ કૈવલકર્તા છે. તે કૈવલકર્તાના પરમ વિશેષ પાટવી અંશ તે કુવેરસ્વામી છે. જેઓ કૈવલકર્તાના હુકમને આધિન થઈને દિવ્ય દેહ ધારણ કરીને પૃથ્વી પર અંશ-અંશીના લક્ષનો ઉપદેશ કરવા માટે જ પધાર્યા છે.

**લેઈ નિજ સધર પ્રમાનગી પતકી, મુગતીયાર પુનિ પાઈ;**
**તારન તરન સકલ ભવજનકુ, શકે ન કોઉ અટકાઈ. ૯**

### શબ્દાર્થ

**લેઈ** = લઈને **નિજ** = મૂળ, આદિ **સધર** = સધ્ધર, મજબૂત, શક્તિવાન **પ્રમાનગી** = પરવાનગી, પરવાનો, હુકમ **પતકી** = પતિની, માલિકની **મુગતીયાર** = મુખત્યાર, મુખ્તાર, કાયદેસરનો અધિકાર, મુખ્તારનામું **પુનિ** = વળી **પાઈ** = મેળવેલ છે, પ્રાપ્ત કરીને **તારન તરન** = પોતે તરે અને અન્યને તારે, તારનાર, બચાવનાર, મુક્તિ અપાવનાર **સકલ** = બધા, સર્વ **ભવજનકુ** = જગતના માનવોને **શકે** = શકે **ન** = નહીં **કોઉ** = કોઈ **અટકાઈ** = અટકાવી.

## અનુવાદ

**નિજપતિનો સધ્ધર પરવાનો લઈને તથા મુખત્યારનામુ પ્રાપ્ત કરીને હું જગતના માનવોને મુક્તિ અપાવનાર છું. તેમાં કોઈ અટકાવી શકે નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી આ વિશ્વમાં નિજ સકર્તા કૈવલપતિના હુકમ સહિત અધિકાર મેળવીને પોતે અધિકારી રૂપે આવ્યા છે. જગતના જીવોને જન્મ-મરણના ભવ સંકટમાંથી સંપૂર્ણ રીતે છોડાવવા માટે પંચમી અખંડ કૈવલમુક્તિનો પરવાનો તેમની પાસે છે. જેનો અમલ કરવામાં દુનિયાની કોઈ દૈવત્ત્વ ધરાવતા ઐશ્વર્યવાનની તાકાત તેમને અટકાવી શકે તેમ નથી.

**રાજકુંવર પાટન પતકે નિજ, કોઉ ન હુકમ ઉઠાવે;**
**મેં તો અસંખ્ય લોક પતિ પિતુ સુત, કેતીક ફરક કહાવે. ૧૦**

### શબ્દાર્થ

**રાજકુંવર પાટન** = પાટવી રાજકુંવર **પતકે** = રાજાનો **નિજ** = પોતે, મૂળ, આદિ **કોઉ ન** = કોઈ નહીં **હુકમ** = ફરમાનઃ આજ્ઞા **ઉઠાવે** = ઉલ્લંઘન કરે **મેં તો** = હું તો **અસંખ્ય** = અસંખ્ય, અગણિત **લોક** = ઘાટ, દેહ **પતિ** = માલિક **પિતુ** = પિતાનો **સુત** = સુત **કેતીક** = કેટલીક **ફરક** = તફાવત **કહાવે** = કહેવાય.

## અનુવાદ

**રાજાના પાટવી રાજકુંવરના હુકમનું કોઈ ઉલ્લંઘન કરતું નથી, તો પછી હું તો અસંખ્ય ઘાટના માલિક પિતાનો પુત્ર છું. તો તેમાં કેટલો તફાવત કહેવાય ?**

## ભાવાર્થ

રાજા તેના પાટવી રાજકુંવરના વહીવટી હુકમનું રાજ્યભરમાં કોઈ વ્યક્તિ ઉલ્લંઘન કરી શકતું નથી. તો પછી કુવેરસ્વામી તો સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના કુલ મળીને અસંખ્ય ઘાટના માલિક છે તેવા કૈવલપિતાના પરમ વિશેષ પાટવી અંશ છે. વળી સર્જનહારે તેમને સર્વોપરી સત્તાના મુખિયા બનાવ્યા છે. તેઓને સોળ વિભૂતિ અને નવબુદ્ધિ ધરાવતો દેહ ધારણ કરાવીને બ્રહ્માંડમાં મોકલ્યા છે. તો પછી એક રાજકુંવર અને સમસ્ત બ્રહ્માંડના અધિપતિ પિતાના પાટવી, વિશેષ અંશની તુલના કરતાં તેમના વચ્ચે કેટલો તફાવત કહેવાય ?

**એતેહી ફેર ફરકકે હમહી, મહાદ અંશ મજબુતા;**
**તો મેરી કહી કુન ઉઠાવત, ભવભર અમલ અછુતા. ૧૧**

### શબ્દાર્થ

**એતેહી** = એટલો **ફેર** = તફાવત **ફરકકે** = ભિન્નતા, જુદાપણુ, ફેરફાર **હમહી** = મારો, હું છું **મહાદ** = વિશેષ **અંશ** = અંશ **મજબુતા** = અખંડનીય, ગતિવંત **તો** = તો **મેરી** = મારી **કહી** = કહેલુ કહ્યું **કુન** = કોણ **ઉઠાવત** = ઉત્થાપન, ઉપરવટ **ભવભર** = સમગ્ર જગતભરમાં **અમલ** = સત્તા, અધિકાર **અછુતા** = તદ્દ્ન નવો, કોઈ ઓળંગે નહીં તેવો, સાર્વભોમત્વ ધરાવે તેવા.

### અનુવાદ

**એટલા ફેરવાળી ભિન્નતા છે. કારણકે હું વિશેષ ગતિવાન અંશ છું, તો પછી સમગ્ર જગતમાં મારા સાર્વભોમત્વ ધરાવતા અધિકારની કોણ ઉપરવટ જઈ શકે ?**

### ભાવાર્થ

ઉપર દર્શાવ્યા પ્રમાણેનો કુવેરસ્વામી અને રાજકુંવર વચ્ચે દેખીતો તફાવત છે. કારણ કે કુવેરસ્વામી તો વિશેષ ગતિવાન પરમ વિશેષ પાટવી અંશ છે. વળી તેમને કર્તાએ સાર્વભૌમત્વ ધરાવતો અધિકાર આપેલો છે. એટલે સમગ્ર જગતમાં તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોણ ઉપરવટ જઈ શકે તેમ છે ?

**તબ તો મેરે હુકમ ઉઠાવત, કુન રહે ભવભરમે;**
**અમલ વિના ગમજ્ઞાન આચારજ, ખપે સકલ સરભરમે. ૧૨**

### શબ્દાર્થ

**તબ તો** = ત્યારે તો, તેથી તો **મેરે** = મારો **હુકમ** = આજ્ઞા, વચન **ઉઠાવત** = ઉત્થાપન, ઉલ્લંઘન **કુન** = કોણ **રહે** = રહ્યા **ભવભરમે** = સમગ્ર જગતમાં **અમલ વિના** = અધિકાર વિના, સત્તા સિવાયના **ગમજ્ઞાન** = સત્ય સમજ જ્ઞાન ગતિના **આચારજ** = આચાર્યો, ધર્માચાર્યો **ખપે** = લેખાય, ગણાય **સકલ** = બધા સર્વ **સરભરમે** = સરખે સરખા, બરાબરી ધરાવતા.

### અનુવાદ

**ત્યારે તો મારા હુકમનો અનાદર કરવાવાળા સમગ્ર જગતમાં કોણ છે ? ત્યારે**

**જ્ઞાનગતિ સિવાયના બધા આચાર્યોની ગણત્રી સરખે સરખી જ ગણાય.**

## ભાવાર્થ

એટલા માટે કુવેરસ્વામીના વચનોનો અનાદર કરવાવાળા આ જગતમાં હવે કોણ ? અર્થાત્ અન્ય કોઈ પણ નથી કે જે તેમની (કુવેરસ્વામીની) આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે. વળી જગતમાં જે અમલ અને જ્ઞાનગતિ સિવાયના આચાર્યો છે. તે તો આજ્ઞાનું પાલન કરનાર આજ્ઞાંક્તિ હોઈ એકબીજાથી સરખે સરખા (સરખામણીમાં) ગણાય, પરંતુ કુવેરસ્વામીની તુલનામાં તો તેઓ તુચ્છ અને અલ્પ જ ગણાય.

**સરભર સોઈ શ્રીમંત રંક સમ, રાજહુકમકે દોઈ;**
**તાડ કરન ઓરુ દંડ દેવનમે, અધિક નુન કિનુ કોઈ. ૧૩**

### શબ્દાર્થ

**સરભર** = સરખે સરખા **સોઈ** = તેઓ **શ્રીમંત** = ધનવાન, ધનિક, પૈસાદાર **રંક** = ગરીબ, નિર્ધન **સમ** = સમાન, સરખા **રાજહુકમકે** = રાજ્યના હુકમને પાળવાવાળા **દોઈ** = બંને **તાડ કરન** = શિક્ષા કરવા **ઓરુ** = અને **દંડ દેવનમે** = સજા કરવામાં, દમન કરવામાં, દંડ આપવામાં, શિક્ષા કરવામાં **અધિક નુન** = વધારે કે ઓછા, મોટા કે નાના **કિનુ** = કોણ **કોઈ** = કોઈ.

## અનુવાદ

**રાજ્યના હુકમ માટે તો ધનિક અને નિર્ધન બંને સરખે સરખા (એક સમાન) છે. શિક્ષા કરવા અને સજા દેવામાં નાના કે મોટા એમ કોણ કોનાથી હોઈ શકે ?**

## ભાવાર્થ

સમગ્ર રાજ્યમાં રૈયત તરીકે વસતા ધનિક હોય કે નિર્ધન વ્યક્તિ પરંતુ તેઓ બંને રાજ્યના હુકમ માટે તો એક સમાન ગણાય છે. જ્યારે રાજ્યના રાજહુકમનો કોઈ અનાદર કે અવગણના કરે તો ગુનેગારને શિક્ષા કરવા કે સજા માટે કોણ કોનાથી નાનુ કે મોટુ હોઈ શકે ? અર્થાત્ ધનિક હોય કે નિર્ધન અનાદર માટેની સજાના તો બંન્ને સરખા ગુનેગાર ગણાય છે.

**બ્રહ્મા વિષન માહેશ ઈશ લ્યૌ, ઓરુ અવતાર સમેતુ;**
**નિજપતિકે નિજ હુકમ વિનાકે. એ સબ સરખ સમેતુ. ૧૪**

### શબ્દાર્થ

**બ્રહ્મા** = બ્રહ્મા **વિષન** = વિષ્ણુ **માહેશ** = શંકર, મહેશ **ઈશ** = ઈશ્વરો **લ્યૌ** = સુધીના **ઓરુ** = અને, અન્ય **અવતાર** = અવતારાદિક પુરુષો **સમેતુ** = સહિત **નિજપતિકે** = નિજપતિના **નિજ** = પોતાના, મૂળભૂત, આદિના **હુકમ** = અધિકાર, સત્તા **વિનાકે** = સિવાયના, વિનાના **એ** = એ **સબ** = બધા, સર્વ **સરખ** = સરખા **સમેતુ** = સહિત, સુદ્ધાં.

### અનુવાદ

**બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સહિત ઈશ્વરોની આદ્ય લઈને અવતારાદિક સહિત સૌ નિજપતિના ખુદના હુકમ વિનાના એક સરખા જ છે.**

### ભાવાર્થ

વિશ્વમાં મહાન ઈશ્વરો તરીકે ગણાતા શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ અને શ્રી શંકરની તેમજ તેમની આદ્ય લઈ વિષ્ણુના (યુગે યુગે થતા) અવતારો સહિત સૌ વિશ્વનિયંતા સકર્તાપતિ સર્જનહારે બક્ષેલા અધિકાર વિનાના વહીવટીય કાર્યદક્ષતાના સંદર્ભે બધા જ એક સરખા ગણાય છે.

**ઈનમેં હુકમ લેઈ હજરતકે, કુન આયે ભવભરમે;**
**આપ આપની ઈશ્વરીયનકુ સબ, ભુગત ગયે ભવસરમેં. ૧૫**

### શબ્દાર્થ

**ઈનમેં** = તેમનામાં **હુકમ** = આજ્ઞા, અધિકાર **લેઈ** = લઈને **હજરતકે** = માલિકનો **કુન** = કોણ **આયે** = આવ્યા **ભવભરમે** = જગતભરમાં, સમગ્ર વિશ્વમાં **આપ આપની** = પોત પોતાની **ઈશ્વરીયનકુ** = ઐશ્વર્યતાના આધારે, વિભૂતિના આધારે **સબ** = સર્વ, બધી **ભુગત ગયે** = ભોગવી ગયા, ભુક્તમાન કરી ગયા **ભવસરમે** = ભવસાગરમાં.

### અનુવાદ

**માલિકનો હુકમ લઈને તેમાંથી કોણ જગતમાં આવ્યા ? પોત પોતાની વિભૂતિના**

**આધારે સૌ ભવસાગરમાં ભુક્તમાન કરીને ગયા છે.**

## ભાવાર્થ

ઉપર્યુક્ત સર્વ ઈશ્વરો અને અવતારી મહા પુરુષો પૈકી કર્તા માલિકનો પરવાનો લઈને આ જગતમાં કોણ આવ્યું છે ? તેઓ સૌ તેમને કર્તાએ આપેલી એક એક વિભૂતિ અને ઐશ્વર્યતાના જોરે પોતાને સોંપેલા વહીવટી કાર્યોને પુરા કરવા માટે આ વિશ્વમાં વહીવટીય અમલદાર તરીકે આવ્યા છે અને ભવસાગરમાં પોતાની ઐશ્વર્યતાને ભુક્તમાન કરી ગયા છે.

**કુને ન દેઈ કરતાર પરમકી, જીવકુ સીખ તરનનકી;**
**નિજ તનકે સમરન કરવાવત, કીની મુગત મરનકી. ૧૬**

### શબ્દાર્થ

**કુને** = કોઈએ **ન** = નહીં **દેઈ** = આપી, દીધી **કરતાર પરમકી** = પરમ કર્તાની **જીવકુ** = જીવોને **સીખ** = શિખામણ, સમજ **તરનનકી** = તરવા માટેની **નિજ** = પોતાની, પોતાના **તનકે** = સ્વરૂપની **સમરન** = સ્મરણ **કરવાવત** = કરાવડાવે છે **કીની** = કહીને **મુગત** = મુક્તિ **મરનકી** = મરણ પછીની.

## અનુવાદ

**જીવોને તારવા માટે કર્તાના પરમપદની સમજ કોઈએ આપી નથી. માત્ર પોતાના સ્વરૂપનું સ્મરણ કરાવીને મૃત્યુ પછીની મુક્તિ જણાવી છે.**

## ભાવાર્થ

ઈશ્વરો અને અવતારી મહાપુરુષો પૈકી કોઈએ પણ જીવોને જન્મ-મરણના ક્રમમાંથી બચવા (ઉગરવા) માટે પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરવા જગતના સર્જનહાર કૈવલકર્તાના પરમપદ્‌ની સાચી સમજ આપી જ નથી. આવા ઈશ્વરોએ તો માત્ર જીવોને પોતાના સ્વરૂપનું જ સ્મરણ કરાવડાવીને મૃત્યુ પછી સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાંનિધ્ય એમ ચાર પ્રકારની ખંડિત દેવ-ધામની પુણ્યના કાર્ય સુધી રહેવા માટેની મુક્તિ જ દર્શાવી છે.

**જો કદપી કોઈને કહી હોય તો, ગતિ પરમપત કેરી;**
**તો તીનુ લક્ષ લખાઈત કહો મમ, કયાંહાં ઉપજે કેઈ વેરી. ૧૭**

### શબ્દાર્થ

**જો કદપી** = જો કદાચ **કોઈને** = કોઈએ **કહી હોય તો** = કહી હોય તો **ગતિ** = સમજ, જ્ઞાન **પરમપત કેરી** = પરમપતિની **તો તીનુ** = તો તેનો **લક્ષ** = લક્ષ **લખાઈત** = દર્શાવીને, લખાવીને, જણાવીને **કહો મમ** = મને કહો **કયાંહાં** = ક્યાં, કેવી રીતે **ઉપજે** = ઉત્પન્ન થાય **કેઈ** = ક્યાં, કેવા **વેરી** = વેળાએ, સમયે, વખતે.

### અનુવાદ

**જો કદાચ પરમપતિનું જ્ઞાન કોઈએ કહ્યું હોય તો તે લક્ષ તેમણે કયા સમયે અને ક્યાંથી ઉત્પન્ન કર્યો તે મને કહો ?**

### ભાવાર્થ

કુવેરસ્વામી કહે છે કે વિશ્વમાં આવેલા વિષ્ણુના અવતારી પુરુષો અને મોટા ઐશ્વર્યવાન દેવતાઓએ જો કદાચ સમસ્ત વિશ્વની આદ્ય લઈ સમગ્ર બ્રહ્માંડના અધિપતિ પરમપિતાના જ્ઞાનને કોઈએ કહ્યું હોય તે તે જણાવો. ? વળી આવી અદ્‌ભૂત અને અલૌકિક રચના કયાંથી ઉત્પન્ન કરી અને કેવી રીતે કયા સમયે બનાવી ? તેની સઘળી માહિતી પણ કોઈ વેદ, શાસ્ત્ર, પુરાણ આદિ ધર્મગ્રંથોમાં દર્શાવી હોય તો તેનો ખુલાસો કરવા કહેવામાં આવ્યું છે. અર્થાત્ અવર્ણનીય પરમપતિના લક્ષથી આજ દિન સુધી સર્વ કોઈ અજાણ હોવાને કારણે કોઈ જણાવી શકયા નથી.

**બ્રહ્મ જયોત નિર્ગુણ ગુણ થપીતવ, એહી ઉપાસન સબકી;**
**સકલ સૃષ્ટિકુ તાંહાં વિલમાઈત, અવનિ રચી જા જબકી. ૧૮**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સચરાચર વ્યાપક નિર્ગુણ નિઃસત્વ બ્રહ્મ **જયોત** = જ્યોતિ સ્વરૂપ આદ્ય નિરંજન પુરુષ **નિર્ગુણ** = ગુણ રહિત **ગુણ** = ત્રિગુણાત્મક દેવતાઓ-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **થપીતવ** = સ્થાપીને **એહી** = એની જ, એજ **ઉપાસન** = ઉપાસના, ભક્તિ **સબકી** = સૌની **સકલ** = બધા, સર્વ **સૃષ્ટિકુ** = જગતને,

વિશ્વને, સંસારને **તાંહાં** = તેમાંજ, ત્યાંજ **વિલમાઈત** = જકડી રાખ્યા, વળગી રહ્યા **અવનિ** = પૃથ્વી **રચી** = રચાઈ **જા** = તે, કે, જે **જબકી** = ત્યારથી, જ્યારથી.

## અનુવાદ

**નિર્ગુણ બ્રહ્મ, જ્યોતિ સ્વરૂપ નિરંજન અને ત્રણ ગુણોનું સ્થાપન કરીને સૌ કોઈ એમની જ ઉપાસના કરે છે. પૃથ્વી રચાઈ ત્યારથી સર્વ સંસાર તેમાં જ વિલમાઈ રહ્યો છે.**

## ભાવાર્થ

સચરાચર વ્યાપક, નિર્ગુણ, નિઃસત્વ અને અકર્તા બ્રહ્મ, જ્યોતિ સ્વરૂપ આદિ નિરંજન પુરુષ, બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશની આદ્ય લઈ સર્વ નાશવંત પદોને સર્વોપરી તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે. તે બધા પદોની સમગ્ર વિશ્વના જીવો ઉપાસના કરે છે. જ્યારથી પૃથ્વીની રચના થઈ છે, ત્યારથી આજ દિન સુધી સમગ્ર સંસાર તેવા નાશવંત પદાર્થોમાં જ વિલમાઈ રહ્યો છે.

**જબતે નિજપતિ હુકમ લેઈનકે, મુગતીયાર મુગતનકે;**
**તન ધર દીપ આયે હમહી ભવ, કાજ કરન જગતનકે. ૧૯**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, તેટલા માટે **નિજપતિ** = આદિ સર્જનહારના **હુકમ** = આજ્ઞા, આદેશ **લેઈનકે** = લઈને **મુગતીયાર** = મુખત્યાર, પરવાનો **મુગતનકે** = મુક્તિનો, મોક્ષનો **તન** = દેહ **ધર** = ધારણ કરીને **દીપ** = જંબુ દ્વિપમાં **આયે** = આવ્યો **હમહી** = હું **ભવ** = વિશ્વમાં **કાજ** = કાજ, કામ **કરન** = કરવા માટે **જગતનકે** = જગતના જીવોનું.

## અનુવાદ

**તેટલા માટે જ નિજપતિનો હુકમ લઈને મુક્તિના પરવાના સાથે દિવ્ય દેહ ધારણ કરીને હું આ કાર્ય કરવા માટે વિશ્વના જંબુદ્વીપમાં આવ્યો છું.**

## ભાવાર્થ

તેટલા માટે જ કુવેરસ્વામી નિજ કૈવલકર્તાના હુકમને આધિન થઈ કર્તાએ સોંપેલ

પંચમી અખંડ કૈવલમુક્તિનો પરવાનો લઈને આ જગતના જીવોનું કલ્યાણ કરવા માટે જ પધાર્યા છે. તેથી જ તેઓ દિવ્ય દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર સાત દ્વિપો ચેતાવી છેલ્લે જંબુ દ્વિપમાં બાળ સ્વરૂપે પ્રગટ થયા છે.

**એહી પરકારનકે સામ્રથ હમ, અતહી ન્યાય નરણીતકે;**
**ઓર હુકમ સહિતમ પતિયનકે, કમ નહીં કોઉ બરનીતકે. ૨૦**

### શબ્દાર્થ

**એહી** = એ **પરકારનકે** = પ્રકારે **સામ્રથ** = સમર્થવાન **હમ** = હું **અતહી** = તેથી **ન્યાય** = ન્યાયપૂર્વક **નરણીતકે** = નિર્ણય કરું છું **ઓર** = અને **હુકમ** = આજ્ઞા, આદેશ, ફરમાન **સહિતમ** = સહિત **પતિયનકે** = માલિકનો, સકર્તાપતિનો **કમ** = ઓછું, અલ્પ, લગારેય ઉણપ **નહીં** = નથી રાખી **કોઉ** = કંઈપણ **બરનીતકે** = વર્ણન કરવામાં.

### અનુવાદ

**એ પ્રકારે હું સામર્થ્યવાન છું. તેથી ન્યાયપૂર્વક નિર્ણય કરેલો છે અને પતિના હુકમ સહિત વર્ણન કરવામાં મેં કોઈ પણ પ્રકારની ઉણપ રાખી નથી.**

### ભાવાર્થ

ઉપર દર્શાવ્યા મુજબ કુવેરસ્વામી વિશ્વમાં સર્વ દેવી-દેવતાઓની આદ્ય લઈ બ્રહ્મ સહિત સૌથી અધિક સામર્થ્યવાન છે. તેથી જ તેઓએ કર્તાના હુકમને આધિન રહીને અંશ-અંશીના લક્ષને દર્શાવવામાં કોઈ પણ પ્રકારની ઉણપ રાખી નથી. આ પ્રમાણે ન્યાયપૂર્વક નિર્ણય કરીને અજાણ્યા રહેલા કર્તાપદને વિશ્વમાં પ્રગટ કર્યું છે.

**એસેહી પુરુષ હમનસે તુમકી, કયૌ ન હોય મુગતેરી;**
**અહો અહો ધન્ય ધન્ય જીવન તુમ, ભઈ સત્સંગ હમેરી. ૨૧**

### શબ્દાર્થ

**એસેહી** = એવો **પુરુષ** = પુરુષ **હમનસે** = અમારાથી, મારાથી **તુમકી** = તમારી **કયૌ** = કેમ, શા માટે **ન** = ન **હોય** = થાય **મુગતેરી** = મુક્તિ **અહો અહો** = અહો ! અહો ! **ધન્ય ધન્ય** = ધન્ય ધન્ય

**જીવન તુમ** = તમારું જીવન **ભઈ** = થયો **સત્સંગ** = સુમેળાપ, જ્ઞાનગોષ્ટીનો અવસર **હમેરી** = અમારી સાથે, મારી સાથે.

### અનુવાદ

**(હું) એવો પુરુષ છું તો તમારી મુક્તિ મારાથી કેમ ન થાય ? તમારા જીવનને અહો ! વારંવાર ધન્ય છે કે મારી સાથે સત્સંગ થયો છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કૈવલપતિના મુક્તિના કુલમુખત્યારપત્ર ધરાવતા પરમ વિશેષ પાટવી અંશ છે. તેઓ કૈવલવેત્તાના નાતે અંશોને અંશ-અંશીનો લક્ષ દર્શાવીને પંચમી અખંડ કૈવલમુક્તિના દેનારા છે. તો પછી આવા અધિકારને લઈને તેઓ વિશ્વમાં આવ્યા હોવાથી તેમનાથી જીવોની મુક્તિનું કામ કેમ ન બની શકે ? જગતમાં જે જે જીવોને તેમની સાથે સત્સંગ કરવાનો રૂડો અવસર પ્રાપ્ત થયો છે તેવા ભાગ્યવંત અને પુણ્યશાળી જીવોને અનેક વાર ધન્યવાદ પાઠવવામાં આવ્યા છે.

**એતને દિન અનહુત અરથકે, સાબોલ હુતે સતમહી;**
**બિનુ વૈરાગ ત્યાગ તન તપસે, ખાવત કાલ ખતમહી. ૨૨**

### શબ્દાર્થ

**એતને** = એટલ **દિન** = દિવસો **અનહુત** = અનર્થ, વ્યર્થ, અસત્ય **અરથકે** = કિંમતી, મૂલ્યવાન, કામના **સાબોલ** = સત્ય બોલ, સાચી વાણી **હુતે** = હેતી **સતમહી** = સત્ય રૂપે, સાચીજ **બિનુ** = સિવાય, વગર **વૈરાગ** = સંસાર પ્રત્યેની અસક્તિ **ત્યાગ** = ત્યજવું **તન** = શરીર **તપસે** = તપથી **ખાવત** = ખાવો છો, ભોગવો છો **કાલ** = કાળનો, મૃત્યુનો **ખતમહી** = અંતમાં, છેવટે.

### અનુવાદ

**આટલા દિવસો જે અનહુત (અર્થ વગરનાં) હતા તેને કિંમતી અને સાચી વાણી રૂપે સત્ય જ હતા તેમ માનીને ગુમાવ્યા. તમારા વૈરાગ અને ત્યાગના તપ સિવાયના શરીરને અંતમાં કાળ દ્વારા ખાઈ જવા દો છો.**

## ભાવાર્થ

વિશ્વની રચના થઈ ત્યારથી અત્યાર સુધીના જે દિવસો માનવીએ પ્રસાર કર્યા તે અનહુત હતા, એટલે કે સત્યથી વિહીન હતા. તેને જગતના જીવો કિંમતી અને સાચી વાણી રૂપે સત્યપૂર્ણ સમજીને વીતાવ્યા છે. તેમણે સંસારના વિષયો પ્રત્યે વૈરાગ ધારણ કર્યો નથી. વળી ત્યાગના તપથી શરીરને તપાવ્યું પણ નથી. તેથી અંત સમયે કાળ શરીરનું ભક્ષણ કરે છે. આમ જીવોના જન્મ-મરણના ક્રમનો ક્યારેય અંત આવતો નથી.

**તો આ ભવ તજ કિયેહુ કામ કયા, ભગવા ભેખ ધરીનકે;**
**આવાગવન ન મીટી મરનકી, ભવજલ ફેર ફરીનકે. ૨૩**

### શબ્દાર્થ

**તો આ** = તો પછી આ **ભવ તજ** = સંસાર છોડીને **કિયેહુ** = કર્યું **કામ** = કામ, કાર્ય **કયા** = શું **ભગવા** = ભગવા રંગનો **ભેખ** = વેશ **ધરીનકે** = ધારણ કરીને **આવાગવન** = જન્મ અને મરણ, આવવુ અને જવુ **ન મીટી** = મટી શકી નહીં, દૂર થઈ શક્યું નથી **મરનકી** = મરણનું **ભવજલ** = ભવસાગરના, સંસાર સમુદ્રના **ફેર** = ફેરા, ચક્કર **ફરીનકે** = ફરીને.

## અનુવાદ

**તો પછી આ સંસાર છોડી, ભગવો વેશ ધારણ કરીને શું કર્યું ? આ સંસાર સાગરમાં આંટા-ફેરા (ચક્કર) રૂપ આવવા-જવાનું તો મટ્યું જ નહીં.**

## ભાવાર્થ

જે વ્યક્તિ સંસારનો ત્યાગ કરી પોતે ભગવો વેશ ધારણ કર્યો છે, તેવા ભેખધારીઓને કુવેરસ્વામી પ્રશ્ન પૂછે છે કે તેમનું સંસાર સાગરમાંથી આંટા-ફેરા રૂપ મૃત્યુ પામ્યા પછી પાછુ જન્મવાનું અને વળી પાછુ મૃત્યુ પામવાની જે ઘટમાળ છે તે તો દૂર થઈ નથી તો પછી ભગવો વેશ ધારણ કરવાથી કર્યું કાર્ય સિદ્ધ કર્યું ?

**તે તો લખીતવ હુતી લેલાટન, સુખ સંસાર સરાત્યે;**
**કુન રહી અરચીત અનુભવકી, અધિકમ ફરક ફરાત્યે. ૨૪**

### શબ્દાર્થ

**તે તો** = તેતો **લખીતવ** = લખ્યું, લખાયેલું નક્કી જ **હુતી** = હતુ **લેલાટન** = લલાટે, નસીબમાં **સુખ સંસાર** = સાંસારિક સુખ **સરાત્યે** = લાભનું, ભોગવવાનું, કૃતાર્થ થવાનું, સરાવું **કુન રહી** = ક્યાં રહી **અરચીત** = અલૌકિક **અનુભવકી** = અનુભવની, પ્રત્યક્ષ જ્ઞાનની **અધિકમ** = વત્તા-ઓછી, અધિકાધિક **ફરક** = તફાવત, ફેર **ફરાત્યે** = ફરવાના.

### અનુવાદ

**સંસારી સુખ ભોગવવાનું તો તમારે લલાટ લખાયેલું જ હતું. તો પછી અલૌકિકનો અનુભવ ક્યાં રહેવા પામ્યો ? અને અધિકાધિક ફેર કયાં રહ્યો ?**

### ભાવાર્થ

કહેવાય છે કે માનવીનાં શરીરના ગુણ અને અવગુણ તથા શારીરિક બાંધો તો બુંદ-બીજગના મેલાન વખતે નક્કી જ થઈ ગયો હોય છે. જન્મ-મરણના સમય અને સ્થળ મુજબ તેના જીવન દરમિયાન ભોગવવાના ભોગ પણ નસીબમાં લખાઈ ગયા હોય છે. તો પછી ભેખ ધારણ કરીને જે લખાયેલા લેખને મિથ્યા કરીને અલૌકિક પરમપદનો અનુભવ મેળવવાની વાત કયાં સિદ્ધ થાય, જો જન્મ-મરણનો ક્રમ ચાલુ જ રહેવાનો હોય તો ભેખ ધારણ કરીને અને સંસારમાં રહીને જન્મ-મરણના ફેરા ફરવાનો અધિકાધિક ફેર (તફાવત) કયાં રહેવા પામ્યો ? અર્થાત્ અલૌકિક સુખના અનુભવનુ અધિક મહાત્મ્ય અને લૌકિક-સાંસારિક સુખ એમ બંને (લૌકિક-અલૌકિક) વચ્ચે તફાવત ક્યાં રહેવા પામ્યો ?

**જો અબકી હમકુ નહીં ઉપજત, અનુભવ અગમ વિચારે;**
**તો તુમ જાવત કલિકે ભેખ લગ, ભેડકી લહાર કરતારે. ૨૫**

### શબ્દાર્થ

**જો** = જો **અબકી** = હવે પછી, તેમ છતાં **હમકુ** = મારો **નહીં** = નહીં **ઉપજત** = ઉપજે, ઉત્પન્ન થાય, પેદા થાય **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અગમ** = અગમ પદનો **વિચારે** = વિચાર **તો તુમ** = તો તમે **જાવત** = જશો **કલિકે ભેખ** = કલિયુગના ભેખ **લગ** = ધરીને, **ભેડકી લહાર કરતારે** = ઘેટાંની જેમ હારબંધ, એકની પાછળ એક લાઈનમાં (હારબંધ), ભેખધારીઓની જેમ.

### અનુવાદ

**જો અત્યારે મારા અગમ પદના અનુભવનો વિચાર ઉત્પન્ન નહીં થાય તો તમો પણ કળયુગના ભેખધારીઓની જેમ ઘેંટાની લહારની જેમ કતાર મુજબ (હારબંધ) વહ્યા જશો.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ વિશ્વમાં તેમના જે અગમપદનો અનુભવ હતો તે જણાવીને ન્યાયપૂર્વકનું માર્ગદર્શન આપ્યું છે. જેથી અંશ કરોડો કલ્પોથી જે પરમપદથી છૂટો પડીને જન્મ-મરણનું અસાધ્ય દુઃખ સહ્યા કરે છે તેમાંથી સદાને માટે મુક્તિ પ્રાપ્ત કરી કૈવલધામમાં જઈ પરમપિતાને મળી શકે. તેમ છતાં જો કળિયુગના કોઈ સંસારી તેવા અગમપદના અનુભવનો પોતાના હૃદયમાં વિચાર કરીને નહીં અપનાવે તો જેમ કળિયુગના ભેખધારીઓની દશા થવાની છે. તેવી જ દશા સંસારીઓની પણ થવાની છે. આમ બંને ભેગા ઘેટાંની જેમ એકની પાછળ એક એમ ચાલતી હારમાળાની (લાઈને) જેમ (માફક) સર્વ જન્મ-મરણની ઘટમાળ ભોગવવા રહેવાના જ છે.

**ભાયગવંત તુમસે નહીં જુગમે, લોક ચતુરદશમાંહી;**
**તીનુ સર તુલ મૂલ માપકે, આવત નહીં કિનું કાંહી. ૨૬**

#### શબ્દાર્થ

**ભાયગવંત** = ભાગ્યશાળી, ભાગ્યવાન **તુમસે** = તમારાથી **નહીં** = નથી **જુગમે** = જગતમાં, વિશ્વમાં **લોક ચતુરદશમાંહી** = ચૌદ લોકમાં **તીનુ** = તેમની **સર તુલ** = સરખામણી **મૂલ** = કિંમત, માપ, મૂલ્ય **માપકે** = નક્કી કરવામાં, માપવામાં, માપમાં **આવત** = આવે **નહીં** = નહીં **કિનું** = કોઈ **કાંહી** = ક્યાંય પણ.

### અનુવાદ

**જગતના ચૌદલોકમાં તમારાથી કોઈ ભાગ્યવાન નથી. તેમના મૂલ્યની સરખામણીનું માપ દર્શાવવામાં અન્ય કોઈ આવી શકે તેમ નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં આવેલા ચૌદ લોકમાં કુવેરસ્વામીના શરણે જઈને કૃપાપાત્ર અધિકારી બનીને રહેલા અંશો જેવા ભાગ્યશાળી અંશો બીજે ક્યાંય નથી. તેવા કૃપાપાત્ર બનેલા

અંશો અને અન્ય અંશોની તુલના કરીને જો ભાગ્યનું મૂલ્યાંકન કરવામાં આવે તો વિશ્વમાં બીજે ક્યાંય પણ અને કોઈ પણ અંશોનું ભાગ્ય સરખામણીમાં આવી શકે તેમ નથી. અર્થાત્ કુવેરસ્વામીના શરણે આવી કૃપાપાત્ર થયેલા અંશો જેવા ભાગ્યની તોલે અન્ય કોઈનું પણ ભાગ્ય (નસીબ) આવી શકે તેમ નથી.

**અબ જેહી બોધ કરનમે તુમકુ, બાકી રખી ન બાપુ;**
**જરુરાજરુર પરમપદ પાઈત, જેહી ઘર આદ્ય અદ્યાપુ. ૨૭**

**શબ્દાર્થ**

**અબ** = હવે **જેહી** = જે **બોધ** = ઉપદેશ, જ્ઞાન **કરનમે** = કરવામાં, મારે જે કરવાનું હતું તે **તુમકુ** = તમને **બાકી** = અપૂર્ણ, બાકી, અધુરું **રખી** = રાખ્યું **ન** = નથી **બાપુ** = બાપ **જરુરાજરુર** = જેટલું જરૂરનું હતું તેટલું, જરૂર પૂરતું, નિશ્ચિતપણે **પરમપદ** = પરમપદ, અંતિમપદ, કૈવલપદ **પાઈત** = પ્રાપ્ત કરશો **જેહી ઘર** = જે ઘર, જે ધામ **આદ્ય** = આદિ, પુરાણુ **અદ્યાપુ** = અનાદિ, આજ સુધી, હજી સુધી, હજુ પણ.

**અનુવાદ**

**અરે બાપ ! તમને ઉપદેશ કરવામાં હવે કાંઈ જ બાકી રાખ્યું નથી. જેટલું કહ્યું તે મુજબ પાલન કરશો તો નિશ્ચિતપણે જે આદિ અનાદિનું ઘર છે તે પ્રાપ્ત કરશો.**

**ભાવાર્થ**

વારંવાર કહેવા છતાં પણ જો કાને ન ધરતા હોય તેવાને સંબોધન કરવામાં આવતા વહાલભર્યા ‘બાપ’ શબ્દનું ઉદ્‌બોધન કરીને અંશોને કુવેરસ્વામી કહી રહ્યા છે. તેમણે જે પ્રમાણે સકર્તા સિદ્ધાંત સ્થાપિત કરીને કૈવલજ્ઞાન દર્શાવ્યું છે, તથા અંશ-અંશીનો લક્ષ આપ્યો છે તેમાં જગતમાં જે અજાણ પરમપદ હતું તે પ્રસિદ્ધ કરીને દર્શાવ્યું છે. હવે અંશ માટે જગતમાં કંઈ પણ જાણવાનું બાકી રાખ્યું નથી. એટલે રહેણી-કરણી પાળવા માટેનો જે આદેશ આપેલો છે તે પ્રમાણે ચુસ્તપણે જેઓ પાલન કરશે તો તેવા અધિકારી અંશો નિશ્ચિતપણે પરમપદ પ્રાપ્ત કરી શકશે.

**પણ રહેણી કરણીસે પાવત, તેહી તો હાથ તુમારે;**
**મેરે તરપનકી તમયનકુ, સબ વિધિ કહી સકારે. ૨૮**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **રહેણી-કરણીસે** = રહેણી-કરણીથી **પાવત** = પ્રાપ્ત કરવું **તેહી તો** = તે તો **હાથ તુમારે** = તમારા હાથમાં છે **મેરે** = મારા **તરપનકી** = તરફથી **તમયનકુ** = તમને **સબ વિધિ** = બધી રીતે **કહી** = કહ્યું **સકારે** = સકારાત્મક શુદ્ધતાથી.

### અનુવાદ

**પરંતુ રહેણી-કરણીથી પ્રાપ્ત કરવું તે તો તમારા હાથમાં છે. મારા તરફથી તો તમોને બધી જ રીતે સકારાત્મક કહેવામાં આવ્યું છે. (કહી દીધું છે.)**

### ભાવાર્થ

સંતો, સજ્જનો અને સામાન્ય, માનવો માટે પરમપદ પ્રાપ્ત કરવાની રહેણી-કરણી દર્શાવવાનું જે કાર્ય હતું તે કુવેરસ્વામીએ પોતાની જવાબદારીપૂર્વક સવિસ્તાર રીતે ધર્મગ્રંથોમાં વર્ણવી દીધું છે. એટલું જ નહીં પરંતુ પરમપદ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ રીતે રહેણી-કરણી પાળવાનો સ્પષ્ટતાપૂર્વક સંકેત પણ કરેલો છે. પરંતુ તેમણે દર્શાવેલી રહેણી-કરણીનું પાલન કરવું તે તો વ્યક્તિગત રીતે પોતાને આધિન હોઈ વ્યક્તિના હાથની વાત છે.

**જતમત કહી તુમકુ હમ જેહી જન, તીવ્ર ત્યાગકી આગુ;**
**તેહી કે તેહી રખો તન તજ લગ, તો તુમહી બડ ભાગુ. ૨૯**

### શબ્દાર્થ

**જતમત** = વળગી રહેવા યોગ્ય **કહી** = કહ્યું **તુમકુ** = તમને **હમ** = મેં **જેહી** = જે **જન** = વ્યક્તિ **તીવ્ર ત્યાગકી** = તીવ્ર ત્યાગની **આગુ** = અગાઉ **તેહી કે તેહી** = તે પ્રમાણે જ, તેની તેજ રીતે **રખો** = રાખો **તન** = શરીર, દેહ **તજ લગ** = ત્યજ્યા સુધી, છોડવું પડે ત્યાં સુધી **તો** = તો જ **તુમહી** = તમે **બડ ભાગુ** = મહાન ભાગ્યશાળી, ખુબજ નસીબદાર.

### અનુવાદ

**જે પ્રમાણે તીવ્ર ત્યાગને ચુસ્તપણે પાળવા માટેની રીત મેં અગાઉ દર્શાવી છે તેની તે જ રીતે દેહ છુટે ત્યાં સુધી રાખશો તો જ તમો મહાન ભાગ્યશાળી ગણાશો.**

## ભાવાર્થ

વ્યક્તિએ સંસાર પ્રત્યેની વિષય વાસનાઓને ત્યજીને ઈન્દ્રિયો ઉપર નિગ્રહ રાખીને જે પ્રમાણે તીવ્ર ત્યાગ ધારણ કર્યો તેને દેહ ટકે ત્યાં સુધી જતમતપણે કેવી રીતે જાળવી રાખવો જોઈએ. તેની રીત સવિસ્તાર અગાઉ કુવેરસ્વામીએ દર્શાવી દીધી છે. એટલે જે રીતે દર્શાવવામાં આવ્યુ છે તેવી ને તેવી જ રીતે તે ત્યાગ પોતાના દેહના છેવટ સુધી (મૃત્યુ સુધી) ટકાવી રાખશે તો તે વ્યક્તિ ખરેખર મહાન ભાગ્યશાળી છે.

**ઓર તુમકુ નિજપદ પાવનકી, નિરભે કહી જરુરી;**
**તો તુમકુ કહી પથ પાલનમે, મત કોઈ ધરો સબુરી. ૩૦**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી **તુમકુ** = તમને **નિજપદ** = નિજ પરમપદ **પાવનકી** = પ્રાપ્ત કરવાની **નિરભે** = નિર્ભયતાપૂર્વક **કહી** = કહ્યું **જરૂરી** = જરૂરી **તો** = તો **તમુકુ** = તમને **કહી** = કહ્યું **પથ** = ચરી, પરેજી **પાલનમે** = પાળવામાં **મત** = નહીં **કોઈ** = કોઈ **ધરો** = ધારણ કરો **સબુરી** = ઓછપ, શરમ, આળસ, ઉણપ.

## અનુવાદ

**વળી નિજ પરમપદ પ્રાપ્ત કરીને નિર્ભય થવાની જે જરૂરી હતી તે ચરી પાળવા માટેની રીત તમને કહી તે માટે કોઈ કસર (આળસ) રાખશો નહીં.**

## ભાવાર્થ

નિજ પરમપદ પ્રાપ્ત કરીને અંશ નિર્ભય થાય છે. તેવા પરમપદને પ્રાપ્ત કરવા માટે માનવીએ કયા પ્રકારની કર્મ-ક્રિયાની ચરી પાળવી જોઈએ તેની વિગતવાર માહિતી કુવેરસ્વામીએ દર્શાવી છે. તે માટે ચુસ્તપણે આચરણ કરવા કોઈ પણ પ્રકારની શરમ, કસર કે આળસ રાખવી નહીં. અર્થાત્ નિજ પરમપદ પ્રાપ્ત કરવું હોય તો કુવેરસ્વામીએ દર્શાવ્યા મુજબની રહેણી-કરણી રૂપ પરેજી (ચરી) કોઈ પણ પ્રકારની કસર (આળસ) રાખ્યા વિના અવશ્ય પાળવી જ પડશે.

**જૈસે વૈદ દેત ઔષધકુ, ચરી બિન રોગ ન જાઈ,**
**હમ વૈદક ભવ દુઃખ દરદકે, પથ બિનુ પદ નહીં પાઈ. ૩૧**

### શબ્દાર્થ

**જૈસે** = જેવી રીતે **વૈદ** = આયુર્વેદની રીતે દર્દીઓની ચિકિત્સા અને સારવાર કરનાર ચિકિત્સક **દેત** = આપે છે **ઔષધકુ** = દવા, ચુર્ણ, ફાકી **ચરી** = પથ, પરહેજી **બિન** = વિના, વગર, સિવાય **રોગ** = દર્દ **ન** = નહીં **જાઈ** = જાય **હમ** = હું **વૈદક** = વૈદરાજ **ભવ દુઃખ** = ભવસંકટ, જન્મ-મરણનું દુઃખ **દરદકે** = દર્દના, રોગના **પથ** = ચરી પરેજી **બિનુ** = વગર, સિવાય **પદ** = પરમપદ **નહીં** = નહીં **પાઈ** = પ્રાપ્ત થાય, મળે.

### અનુવાદ

**જેવી રીતે વૈદ દવા આપે, પરંતુ ચરી વગર રોગ જતો નથી, તેવી જ રીતે હું ભવદુઃખના દર્દનો વૈદરાજ છું, પરંતુ પથ્ય વગર પરમપદ પ્રાપ્ત થાય તેમ નથી.**

### ભાવાર્થ

જગતમાં જેમ કોઈ વૈદ દવા આપે અને દર્દી તે દવા લે ખરા, પરંતુ વૈદના કહેવા પ્રમાણે ચરી ન પાળે તો દર્દ મટતું નથી. તેમ કુવેરસ્વામી મહાન વૈદરાજ છે. તેઓ અંશોના જન્મ-મરણના અસાધ્ય રોગને મટાડવાવાળા છે. તેમણે આપેલ ઉપદેશરૂપ ઔષધ થકી ભવરોગ દૂર થાય છે. પરંતુ તે માટે તેમણે દર્શાવેલી રહેણી-કરણી રૂપ પરેજી (ચરી) અવશ્ય પાળવી જોઈએ. ભવરોગના માનવી ગુરૂ ઉપદેશ રૂપ દવા લે છે ખરા પરંતુ ચરી રૂપ તીવ્ર ત્યાગ દ્વારા અંતકાળ સુધી વૈરાગ ન ટકાવી રાખે તો તેમની પરમપદ પ્રાપ્ત કરવાની અભિલાષા (તીવ્ર ત્યાગની પવિત્ર રહેણી-કરણી વિના) કદી પૂર્ણ થતી નથી.

**અબ મેં ધ્યાન કરત નિજપદકે, તુમેરી હેર ન હેરુ;**
**કુલ કરતાર સકલકે કારણ, તાંહાં લગવી ચિત્ત મેરુ. ૩૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **મેં** = હું **ધ્યાન** = ચિત્તની એકાગ્રતા એકાગ્ર ચિત્તથી ચિંતન **કરત** = કરું છું **નિજપદકે** = નિજ (પોતાના) પરમપદ સાથે **તુમેરી** = તમારી **હેર** = દૃષ્ટિ **ન** = નહીં **હેરુ** = જોઉં, નિહાળું, દૃષ્ટિ કરું **કુલ** = બધાના **કરતાર** = કર્તા, સકર્તા, સર્જનહાર **સકલકે** = બધાના **કારણ** = કારણરૂપ **તાંહાં** = ત્યાં **લગવી** = લગાવીને **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ મેરુ = મારું.

## અનુવાદ

**હવે હું નિજપતિ પદનું ધ્યાન કરું છું. જેથી તમારી તરફ દષ્ટિ કરીને નિહાળીશ નહીં. તેઓ સર્વના કારણરૂપે રહેલા હોઈ સૌના કર્તા છે, ત્યાં મારું ચિત્ત લગાવું છું.**

## ભાવાર્થ

કુવેરસ્વામી જંબુ દ્વિપમાં કર્તાએ સોંપેલ કાર્ય વફાદારી અને નિષ્ઠાપૂર્વક પતાવીને કૈવલધામમાં જવાના હતા, ત્યારે તે સમયે હાજર રહેલા તમામ સંત-સજ્જન-ભક્તજનોને જણાવે છે કે હવે તેઓ સકર્તાપતિ નિજ કૈવલકર્તાનું ધ્યાન ધરવા માગે છે. એટલે હવે પછી તેઓ સર્વ અંશો તરફ દૃષ્ટિ કરીને નિહાળશે નહીં. તેઓ પોતાનું ચિત્ત કૈવલકર્તા અને પરમપદ રૂપ કૈવલધામ સાથે લગાવવા માગે છે.

**નિજ પતિસે ગતિ કરી એકતારન, સમદમ સુરત ધરીનકે;**
**કોટિ વિધન અગણિત આવરણસે, પતિ તજ જોઉ ન ફરીનકે. ૩૩**

### શબ્દાર્થ

**નિજ પતિસે** = મૂળ સકર્તા પતિ સાથે **ગતિ** = ચૈતનવૃત્તિ **કરી** = કરીને **એકતારન** = એકતા **સમદમ** = સપ્રમાણ દમને સમ કરીને **સુરત** = સુરતા, આંતરવૃત્તિ **ધરીનકે** = ધારણ કરીને **કોટિ** = કરોડો **વિધન** = મુશ્કેલીઓ, કષ્ટો, વિઘ્નો **અગણિત** = અસંખ્ય **આવરણસે** = આવરણોથી, અંતરાયથી, અવરોધોથી **પતિ** = માલિકને **તજ** = ત્યજીને, છોડીને **જોઉ** = નિહાળુ **ન** = નહીં **ફરીનકે** = ફરીથી, ફરી પાછું વળીને.

## અનુવાદ

**નિજપતિ સાથે ચૈતનવૃત્તિ દ્વારા એકતા કરી દમને સમ કરીને સુરતા ધારણ કર્યા બાદ કરોડો વિઘ્નો અને અગણિત અવરોધો આવે છતાં પણ પતિને ત્યજી ફરી પાછું વળીને જોઈશ નહીં.**

## ભાવાર્થ

કુવેરસ્વામી સૌને જણાવે છે કે એક વખત કૈવલકર્તા સાથે તેમની સજાણ જાણ ચૈતન વૃત્તિની મહદ્ સજાણ-જાણવૃત્તિ સાથે એકતા કર્યા બાદ પોતાના દમને સમ કરીને સુરતા ધારણ કર્યા પછી કરોડો વિઘ્નો આવે કે અગણિત

અવરોધો ઊભા થાય તો પણ કૈવલપતિને છોડીને તેઓ ફરી પાછા આ તરફ નિહાળશે નહીં.

**આવ્રણ વિઘન વિક્ષેપ કરતહી, જાંહાં લગી તનક તરસના;**
**તેહી સકલકુ મેટ કરીત જપ, તજી હરસ રસ રસના. ૩૪**

**શબ્દાર્થ**

**આવ્રણ** = અવરોધ, અંતરાય **વિઘન** = મુશ્કેલીઓ, વિઘ્ન **વિક્ષેપ** = રુકાવટ, અડચણ **કરતહી** = કરે છે **જાંહાં લગી** = જ્યાં સુધી **તનક** = શરીરની, દેહની **તરસના** = તૃષ્ણા, આસક્તિ, કામના, લાલસા **તેહી** = તે **સકલકુ** = સર્વને, સૌને **મેટ** = મીટાવીને **કરીત** = કરું છું **જપ** = અમરમંત્રનો જાપ **તજી** = તજીને **હરસ** = હર્ષ **રસ રસના** = જીભના સ્વાદ.

**અનુવાદ**

**જ્યાં સુધી શરીરની કામના છે ત્યાં સુધી અંતરાય અને મુશ્કેલીઓ રૂકાવટ કરે છે. તે બધુ મીટાવીને તથા જીભના સ્વાદ છોડીને જાપ જપું છું.**

**ભાવાર્થ**

જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ભોગ ભોગવાની કામના ઊઠે છે. ભોગ ભોગવવાની કામના ઊઠે ત્યાં સુધી ચૈતનવૃત્તિને કર્તા સાથે જોડવામાં અંતરાય અને મુશ્કેલીઓનું અડચણરૂપ રહે છે. તે સર્વને સમેટીને અને જીભના ખટરસની મનોવૃત્તિનો ત્યાગ કરીને કુવેરસ્વામી ગુપ્ત અમરમંત્રનો જાપ જપે છે.

**તો તીનકુ કયા કરીત વિઘનકો, લાલચ સકલ નસાઈ;**
**ગયા જીવ મડદાલ મનુષ્યકુ, જ્યૌ ત્યે કાલ ન ખાઈ. ૩૫**

**શબ્દાર્થ**

**તો** = તો **તીનકુ** = તેને **કયા** = શું, શી **કરીત** = કરે **વિઘનકો** = વિઘ્નને **લાલચ** = લલચાવું તે, લાલસા, તૃષ્ણા **સકલ** = સર્વ, બધુ **નસાઈ** = નષ્ટ કરીને, દૂર કરીને **ગયા જીવ** = જીવ ગયા પછી **મડદાલ મનુષ્યકુ** = મનુષ્યના મડદાને **જ્યૌ ત્યે** = જેમ તેને, જેવી રીતે **કાલ** = કાળ **ન** = નથી **ખાઈ** = ખાય, ખાતો.

## અનુવાદ

**જેણે સર્વ તૃષ્ણાને છોડી છે તેને વિઘ્નો શું આવવાના છે ? જેમ કે જીવ (નીકળી) ગયેલા મનુષ્યના મુડદાને કાળ ખાતો નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામીએ સર્વ પ્રકારની લાલસા ત્યજી દીધી છે. તો પછી તેમને સર્વ વિઘ્નો કઈ રીતે હેરાન કરી શકે ? કારણકે વિઘ્નો અનુભવનાર તેમના દિવ્ય દેહમાં કઈ પણ રહેવા પામ્યુ જ નથી. જેમકે મનુષ્યના શરીરમાંથી અંશ નીકળ્યા પછી પાર્થિવ દેહને કાળ ખાઈ શકતો નથી. કારણકે કાળને ખાવા જેવું કંઈ રહ્યું જ નથી, તો પછી કાળ કોને ખાય ?

**સકલ સાજ સુખ સહિત સમરધી, છતે તજીત તદ્વતહી;**
**ઉદે અસ્તકે નર નરપત સુખ, લહત ન જયૌ સષોપતહી. ૩૬**

### શબ્દાર્થ

**સકલ** = સર્વ **સાજ** =ઈન્દ્રિયોનો સમુહ, તત્વોના જૂથ **સુખ** = સુખ, આનંદનો ઉપભોગ **સહિત** = સહિત **સમરધી** = સમૃદ્ધિ, ખજાનો **છતે** = હોવા છતાં, હાજર હોય તો પણ **તજીત** = તજીને **તદ્વતહી** = તદાકાર, તેની સાથે એદાકાર **ઉદે** = સૂર્યનો ઉદય, સૂર્યોધ્ય **અસ્ત** = સૂર્યાસ્ત, સૂર્યનો અસ્ત **કે** = સુધી **નર** = પુરુષ **નરપત સુખ** = રાજાનું રાજ્ય સુખ **લહત** = જાણે, માણે **ન** = નહીં **જયૌ** = જેમકે **સષોપતહી** = સષોપતિ અવસ્થામાં.

## અનુવાદ

**સર્વ સુખના સાજની સમૃદ્ધિ હોવા છતાં ત્યજીને તદાકાર થયો છું. જેમકે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના રાજ્ય-સુખને રાજપુરુષ ભોગવે ચે, પણ નિદ્રાવશ થતાં સષોપતિમાં ભોગવતો નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામીના દિવ્ય દેહમાં સર્જનહારે ભલેને બધા જ પ્રકારના પ્રત્યક્ષ દેખાતા સાજ રૂપ ઈન્દ્રિયો, ગુણ, ઘણ, અંતકરણોની આદ્ય લઈ બધી જ સમૃદ્ધિનો ખજાનો આપેલો છે. તેમ છતાં તેના સુખનો ત્યાગ કરીને નિર્લેપ અવસ્થામાં રહી સર્જનહારના

સ્વરૂપમાં તદાકાર થઈને અમરમંત્રના જાપ તેઓ જપે છે. જેમ કે કોઈ રાજપુરુષ સવારથી સાંજ સુધી રાજ્ય સુખની હયાતી હોવા છતાં નિદ્રવશ થતાં સષોપતિ અવસ્થામાં તેનો અનુભવ કરતો નથી.

**એહી પરકાર કરીત જાગ્રતમે, પરહરી પાસ સકલહી;**
**નિરાલંબ થઈ નિરત નિરંતર, અવિગતકી ગત કલહી. ૩૭**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **કરીત** = કરીને **જાગ્રતમે** = જાગ્રત અવસ્થામાં **પરહરી** = ત્યજીને, છોડીને **પાસ** = બંધન **સકલહી** = સર્વ, બધા જ **નિરાલંબ** = આલંબન રહિત **થઈ** = થઈને **નિરત** = તલ્લીન, મગ્ન, નિશદિન, રતમય **નિરંતર** = સદાય, હંમેશને માટે **અવિગતકી** = જેની વિગત જાણી નથી એવા **ગત** = ગતિ, જાણ, જ્ઞાન, સમજ **કલહી** = જાણું, કળું, માનું છું.

### અનુવાદ

**આ પ્રમાણે જાગ્રત અવસ્થામાં રહીને સર્વ બંધનો પરહરી અહર્નિશ અવિગતની ગતિને કળીને હમેશને માટે નિરાલંબ થઈ તલ્લીન થઉં છું.**

### ભાવાર્થ

આ પ્રકારે કુવેરસ્વામી જાગ્રત અવસ્થામાં પણ અતિ ઉજાગ્રત રહીને દેહ, માયા અને સમૃદ્ધિના તમામ બંધનો પરહરીને રહે છે. સકર્તાપતિ કૈવલકર્તા જે અવિગત છે તેમની ગતિને કૈવલવેત્તાના નાતે તેઓ જાણે છે. તેથી જ તેઓ હંમેશને માટે નિરાલંબ સ્થિતિમાં પોતાની સજાણ જાણને કર્તાની મહદ્ સજાણજાણ સાથે એકતા સાધીને રહે છે.

**દેખો એહી પ્રભુતાય હમનકી, જેહી ન બને કોઉ કુનસે;**
**છતે ખલક બિનુ ખલક રહનકી, જેહી પલ પગુ પતિયનસે. ૩૮**

### શબ્દાર્થ

**દેખો** = જુઓ **એહી** = એ **પ્રભુતાય** = ઐશ્વર્યતા, પ્રભુતા, સામર્થ્ય, દેવત્વ **હમનકી** = મારી **જેહી** = જે **ન** = નહીં **બને** = બની શકે **કોઉ** = કોઈ **કુનસે** = કોઈથી પણ **છતે** = હોવા છતાં, હયાતીમાં

**ખલક** = વિશ્વ, જગત, સંસાર **વિનુ** = સિવાય **ખલક** = જગત, વિશ્વ, સંસાર **રહનકી** = રહેવાની **જેહી** = જે **પલ** = પળ **પગુ** = પહોંચ, પગમાં શરણ લેવું, શરણું સ્વીકારવું, સ્મરણ કરવું, વાગોળવું **પતિયનસે** = પતિનું.

## અનુવાદ

**જુઓ ! એવી મારી સામર્થ્યતા છે કે જે અન્ય કોઈથી બની શકે તેમ નથી. કારણકે હું વિશ્વમાં હોવા છતાં વિશ્વથી અલગ રહીને પતિને હરપળે વાગોળું (સ્મરણ કરું) છું.**

## ભાવાર્થ

આ અગાઉ કુવેરસ્વામીની સામર્થ્યતા અંગે આપણે ઘણું બધું સમજયા અને જાણ્યું છે તે ઉપરથી ન્યાયપૂર્વક કહી શકાય કે સર્જનહારે કુવેરસ્વામીને જે સામર્થ્યતા બક્ષી છે તે સમગ્ર બ્રહ્માંડમાં અન્ય કોઈ પણ પરમ વિશેષ, વિશેષ કે સામાન્ય અંશોના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારાણ અને પરમકારણ દેહ ધરાવતા કોઈમાં નથી. કારણકે કુવેરસ્વામી સંસારમાં આપણી સમક્ષ હોવા છતાં સંસારથી મુક્ત રહીને પળે પળે (હરપળ) કૈવલકર્તાનું જ સ્મરણ કરતા હોય છે.

**યા વિધિ અલગ રહત વિકલપસે, સુરત નુરત અનુરગહી;**
**રાખી રહત જતમત જુગતનસે, ધરીત ધ્યાન તબલગહી. ૩૯**

### શબ્દાર્થ

**યા વિધિ** = આ રીતે **અલગ** = જુદા, મુક્ત, ભિન્ન **રહત** = રહે છે **વિકલપસે** = અપવાદ રૂપ, વૈકલ્પિક રીતે **સુરત નુરત** = સુરતા અને નુરતા **અનુરગહી** = અનુરાગ ધરીને, પ્રીતિવત્ત, સ્નેહપૂર્વક **રાખી** = રાખીને **રહત** = રહું છું **જતમત** = જતમતપણે **જુગતનસે** = જગતથી, યુક્તિપૂર્વક **ધરીત** = ધરીને **ધ્યાન** = ધ્યાન, ચિત્તની એકાગ્રતા **તબલગહી** = ત્યાં સુધી.

## અનુવાદ

**આ રીતે પ્રેમપૂર્વક સુરતા-નુરતાનો એકતાર કરી જતમતપણે ધ્યાન ધારણ કરીને ત્યાં સુધી યુક્તિપૂર્વક જગતથી ભિન્ન રહું છું.**

## ભાવાર્થ

કુવેરસ્વામી જગતમાં રહેવા છતાં જગતથી ભિન્ન રહે છે. તેથી વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે તેઓ પ્રેમપૂર્વક સુરતા-નુરતાનો એકતાર કરી જતમતપણે હંમેશ માટે કર્તા સાથે પોતાની ચૈતનવૃત્તિને યુક્તિપૂર્વક જોડીને ધ્યાનસ્થ દશામાં (સ્થિતિમાં) રહે છે.

**એસેહી લક્ષ રખીત તન તજ લગ, બહોરુ પતિનપે જાવું;**
**કહે કુવેર કલપ પરજંતહી, ફેરી ન ઈતસે આવું. ૪૦**

### શબ્દાર્થ

**એસેહી** = આ પ્રમાણે **લક્ષ** = ઉદ્દેશ, ધ્યાન, એકાગ્રતા **રખીત** = રાખીને **તન** = દેહ **તજ** = છોડવા, ત્યજવા **લગ** = સુધી **બહોરુ** = ત્યારબાદ, પછીથી, ફરીથી **પતિનપે** = પતિ પાસે **જાવું** = જઈશ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કલપ** = કલ્પ **પરજંતહી** = પર્યંત **ફેરી** = ફરીથી **ન** = નહીં **ઈતસે** = અહીંયા **આવું** = આવીશ.

## અનુવાદ

**દેહ છોડું ત્યાં સુધી આ પ્રમાણે એકાગ્રતા રાખીને પછીથી પતિ પાસે જઈશ. કુવેરસ્વામી કહે છે કે ત્યારબાદ ફરીથી અહીંયા કલ્પ પર્યંત આવવાનો નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામી આ પ્રમાણે દેહ ત્યજી દેતા સુધી પોતાના દિવ્ય દેહમાં યુક્તિપૂર્વક ધ્યાનની સ્થિતિમાં રહી વિશ્વમાં બાહ્યવૃત્તિ અને આંતરવૃત્તિથી બ્રહ્માંડથી તિત રહેલા સર્જનહાર સાથે એકતા રાખીને રહે છે. દિવ્યદેહ ત્યજી દીધા બાદ હવે અન્ય કોઈ દ્વીપ ચેતાવવાનો બાકી ન રહેતાં આ વિશ્વમાં આવવાનું રહેતું નથી. તેથી કર્તાએ સોંપેલી કાર્યની જવાબદારી પૂર્ણ કરીને કૈવલધામમાં કે જ્યાં કૈવલપતિ બિરાજમાન છે ત્યાં જવાના છે. તેઓ એક વખત કૈવલધામમાં ગયા પછી એક મહાકલ્પ પૂર્ણ થતા સુધીમાં પુનઃ આ વિશ્વમાં આવવાના નથી.

**સુખકે સાગરમાંહી ઝકોલા, કરુ કરુણાનિધ જાંહી;**
**કહે કુવેર કલપીત સુખ કારન, ઈત આવત કજ કાંહી. ૪૧**

### શબ્દાર્થ

**સુખકે** = અખંડ સુખના **સાગરમાંહી** = સાગરમાં **ઝકોલા** = ડુબકી મારવી છબછબીયાં લગાવવાં, ઝબકોલા ખાવું, પરમાનંદ માણવો **કરું** = કરું **કરુણાનિધ** = કરુણાનિધાન, કરુણેશ **જાંહી** = જ્યાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કલપીત** = કલ્પનાભર્યું, બનાવટી, ક્ષણિક **સુખ** = સુખ, શાંતિ, સંતોષ તૃપ્તિ **કારન** = કારણે, માટે **ઈત** = અહીંયા **આવત** = આવવું કજ = કાર્ય, પ્રયોજન, કાજે, માટે કાંહી = શું, કેમ.

### અનુવાદ

**જ્યાં કરુણેશ કર્તા વસે છે ત્યાં સુખના સાગરમાં પરમાનંદ માણ્યા કરીશ. કુવેરસ્વામી કહે છે કે કલ્પીત (નાશવંત) સુખ માટે અહીં આવવાનું શું કામ છે ?**

### ભાવાર્થ

કુવેરસ્વામી આ નાશવંત વિશ્વને છોડીને જ્યારે કૈવલધામમાં જાય છે, પછી જ્યાં સુધી કર્તા પોતાની છઠ્ઠી અંશવૃત્તિ પોતાનામાં સમેટી લેતા નથી ત્યાં સુધી મહાપ્રલય કાળ પર્યંત તેઓ માત્ર કર્તાના સાંનિધ્યમાં પરમાનંદના અખંડ સુખને માણ્યા કરે છે. કુવેરસ્વામી કહે છે કે નાશવંત સુખ માટે તેમણે આ વિશ્વમાં પાછા આવવાનું શું પ્રયોજન હોઈ શકે ?

# ચોપાઇ અનુસુચી


| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **અ** | | | |
| અચલ સદેહ દિવ્ય દુરઘટ તન... | અંગ ૧૩ | ૩ | ૩૩૨ |
| અચલ અદ્યાપ ધામકે ધરતા... | અંગ ૧૩ | ૪૮ | ૩૬૨ |
| અમીત અરસ અવધિ વિનું અપરમ... | અંગ ૧૩ | ૩૧ | ૩૫૧ |
| અધુરન સો આપને સરજનકી... | અંગ ૭ | ૧૩ | ૧૬૨ |
| અબ મેં ધ્યાન કરત નિજપદકે... | અંગ ૧૫ | ૩૨ | ૪૦૯ |
| અબ ઈતકે ગુણ શક્તિ સહિત કી... | અંગ ૩ | ૯ | ૪૭ |
| અબ કોઈ ધરો માન મત જીનકે... | અંગ ૮ | ૩૯ | ૨૧૫ |
| અબ તીનકી ગનતી ગનવાવત... | અંગ ૬ | ૧૩ | ૧૧૩ |
| અબ તો તુમ તુમેરે બોલનમે... | અંગ ૧૧ | ૨૫ | ૨૮૨ |
| અબ તુમ કરીત વિચાર દેખીતવ... | અંગ ૧૩ | ૫૩ | ૩૬૬ |
| અબ તુમ હમસે લાગ લગીત નહીં... | અંગ ૧ | ૫૦ | ૩૩ |
| અબ હમ જબ તબ ધામ જાવનકે... | અંગ ૧૪ | ૨૧ | ૩૮૬ |
| અબ હમ થકે કહીત સબયનકુ... | અંગ ૧૩ | ૫૮ | ૩૬૯ |
| અબ જીનુ તરન ચાહો ભવ નિધિ જલ... | અંગ ૧૩ | ૧ | ૩૩૧ |
| અબ જેહી બોધ કરનમે તુમકુ... | અંગ ૧૫ | ૨૭ | ૪૦૬ |
| અબકે કહત ચતુર અંતસકે... | અંગ ૬ | ૨૦ | ૧૧૮ |
| અબકે કહત ગુરુ એહી ભવકે... | અંગ ૧૧ | ૯ | ૨૭૨ |
| અબકે તો વૈરાગ ધરીત ઈત... | અંગ ૫ | ૧ | ૭૦ |
| અબકે સુનો ઈન્દ્રિ દશકે રસ... | અંગ ૬ | ૩૩ | ૧૨૬ |
| અવની સમોવડ હવીત ન કોઉ કીત... | અંગ ૧૨ | ૨ | ૨૯૫ |
| અવર્ણ વર્ણ સુવર્ણ શોભીવત... | અંગ ૧૩ | ૬ | ૩૩૪ |
| અદ્‌ભુત વસ્તુ અમુલ અનોપમ... | અંગ ૬ | ૪૧ | ૧૩૧ |
| અકલ રહાયન તે આપને ખુદ... | અંગ ૧ | ૪૧ | ૨૭ |
| અકરતકે આપન નહીં અંશુ... | અંગ ૮ | ૨૪ | ૨૦૫ |
| અરધ વચન માનીત શંકરને... | અંગ ૩ | ૧૪ | ૫૧ |
| અરસી તો અવિનાશી એક નિજ... | અંગ ૧૧ | ૧૩ | ૨૭૫ |
| અતહી પ્રૌઢ અપરંપર જીનકે... | અંગ ૧૩ | ૭ | ૩૩૫ |

| | | | |
|---|---|---|---|
| અનંત ઈંડ બ્રહ્માંડ અસંખીત... | અંગ ૧૩ | ૨૬ | ૩૪૭ |
| અનુરાગીત નિજ પતિપદ પાગીત... | અંગ ૮ | ૭ | ૧૯૩ |
| અનુરાગીત જ્યૌ કૃપી પુરુષ ધન... | અંગ ૬ | ૬૫ | ૧૪૮ |
| અનુજ બંધ ગાદીપત વિનકે... | અંગ ૧૦ | ૧૦ | ૨૫૫ |
| અહો ધન્ય તુમ આઈ મિલે મુજ... | અંગ ૧૩ | ૩૬ | ૩૫૪ |
| અહંપદ સો આપનો આપનપુ... | અંગ ૧ | ૮ | ૬ |
| અહંગ અંશ સોઈ આપનું આપ સદ... | અંગ ૮ | ૧૩ | ૧૯૭ |
| અલ્લાકે સમદાય રહનકે... | અંગ ૧૨ | ૨૭ | ૩૧૨ |
| અલ્લાકે જેહી અરસ પરસકે... | અંગ ૧૨ | ૨૬ | ૩૧૨ |
| અલ્પજ્ઞે નર રાજ અનિતકે... | અંગ ૧૦ | ૨૧ | ૨૬૨ |
| અગમ પોકાર અપતકે ગત્યકી... | અંગ ૭ | ૪૫ | ૧૮૪ |
| અગમ નિગમકી સુઝ સતંતર... | અંગ ૧૨ | ૧૭ | ૩૦૬ |
| અગણિત અવરણ વિનું બરનનકે... | અંગ ૧૩ | ૩૦ | ૩૫૦ |
| અવિરલ ભોમ ભોવન તાંહાં તેહી સમ... | અંગ ૧૩ | ૮ | ૩૩૫ |
| અવિગત આદ્ય રહે નિજ કર્તા... | અંગ ૭ | ૪૧ | ૧૮૧ |
| અતિ રુંદન કલપાંત દેખીતવ... | અંગ ૩ | ૧૦ | ૪૮ |
| અતિ સનમાન લેત કરુણાકર... | અંગ ૧૩ | ૩૯ | ૩૫૬ |
| અતિ અપરંપર પરમ નેતિ સુખ... | અંગ ૧૩ | ૪૪ | ૩૬૦ |
| અજભવ ઔરુ વૈકુંઠ લોક ગૌ... | અંગ ૯ | ૮ | ૨૨૩ |
| અષ્ટાદશ ઓરુ પંચ સહસ્ત્ર જીનું... | અંગ ૬ | ૩ | ૧૦૭ |
| અટલ વિરામ ધામકે ધરતા... | અંગ ૮ | ૧૨ | ૧૯૬ |


**આ**


| | | | |
|---|---|---|---|
| આ ભવ કિયે કરતારન જદકે... | અંગ ૭ | ૨૭ | ૧૭૧ |
| આચારજ અગણિત અવન પર... | અંગ ૬ | ૨૫ | ૧૨૧ |
| આલમ સો અવની વસનારન... | અંગ ૭ | ૧૪ | ૧૬૨ |
| આપ આપને આચારજને ઈત... | અંગ ૧૩ | ૨૩ | ૩૪૫ |
| આપને બિન વંદનકે જેહી તન... | અંગ ૯ | ૪૦ | ૨૪૪ |
| આપહી આપ કરીત અવિલોકન... | અંગ ૪ | ૩ | ૬૧ |
| આવત નહીં તોહે લાજ નફટકુ... | અંગ ૪ | ૧૧ | ૬૬ |
| આવાગવન હમાર કલપમે... | અંગ ૧૩ | ૫૪ | ૩૬૬ |
| આવ્રણ વિધન વિક્ષેપ કરતહી... | અંગ ૧૫ | ૩૪ | ૪૧૧ |
| આરત સો બાતી સમ જીનમે... | અંગ ૧૧ | ૩૮ | ૨૯૧ |
| આગલે ભયે પુરાની પરખ વિન... | અંગ ૧૦ | ૧૪ | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| આઠેય પહોર અનીન રત સે અત... | અંગ ૧૨ | ૧૨ | ૩૦૨ |

### ઈ

| | | | |
|---|---|---|---|
| ઈનમેં હુકમ લેઈ હજરતકે... | અંગ ૧૫ | ૧૫ | ૩૯૭ |
| ઈનમેં નિજ કરતાર અંશકે... | અંગ ૬ | ૫૩ | ૧૪૦ |
| ઈન્દ્રિ દ્વાર જો ખરચ ખનાવત... | અંગ ૬ | ૫૬ | ૧૪૨ |
| ઈષ્ટપણું ક્યૌ હોય ન નરનકુ... | અંગ ૬ | ૪ | ૧૦૮ |
| ઈત ઈતકે સોઈ અનિત સકલ પદ... | અંગ ૯ | ૭ | ૨૨૩ |

### ઉ

| | | | |
|---|---|---|---|
| ઉલટી સો નિજ તીવ્ર ત્યાગકી... | અંગ ૫ | ૨૮ | ૮૮ |
| ઉપલે કરત રસિક રમણીકમે... | અંગ ૬ | ૭૧ | ૧૫૩ |
| ઉગ્ર તેજમયે ધામ પતિનકે... | અંગ ૧૩ | ૨૮ | ૩૪૯ |

### એ

| | | | |
|---|---|---|---|
| એ ભવ ભયન થકી નિરભે નિજ... | અંગ ૧૨ | ૫૨ | ૩૨૯ |
| એ ભવ તો ઈનકી મહી અટકે... | અંગ ૮ | ૨૬ | ૨૦૬ |
| એ તો કહી લોકીત લાચારજ... | અંગ ૧૩ | ૬૧ | ૩૭૧ |
| એ તો નિજ કરતાર પુરંજન... | અંગ ૧૦ | ૨૨ | ૨૬૩ |
| એક લખ સહેસ્ત્ર અઢાર ચતુરસે... | અંગ ૬ | ૩૬ | ૧૨૮ |
| એક નિગ્રે ચિત્ત હવિત નિરાલંબ... | અંગ ૨ | ૬ | ૩૯ |
| એકાએક શુન્ય મુન્ય શુનમહી... | અંગ ૨ | ૮ | ૪૦ |
| એતને ભરમાં આઈ ગયે સબ... | અંગ ૭ | ૧૫ | ૧૬૩ |
| એતને દિન અનહુત અરથકે... | અંગ ૧૫ | ૨૨ | ૪૦૨ |
| એતહી સાજ સકલ અનહુતકે... | અંગ ૧૨ | ૫૦ | ૩૨૮ |
| એતેહી જાત વિભાગ બિંદુમેં... | અંગ ૬ | ૧૭ | ૧૧૬ |
| એતેહી જતમત જોગ હવીનસે... | અંગ ૬ | ૩૦ | ૧૨૪ |
| એતેહી ફેર ફરકકે હમહી... | અંગ ૧૫ | ૧૧ | ૩૯૫ |
| એતેહી અંતસકરનકે જત... | અંગ ૬ | ૨૧ | ૧૧૮ |
| એસે હી જન કોઈ જગે જકતમે... | અંગ ૧૨ | ૨૧ | ૩૦૮ |
| એસે હી જન ગુરુ પરમ પુરુષકે... | અંગ ૧૨ | ૨૪ | ૩૧૦ |
| એસેહી લક્ષ રખીત તન તજ લગ... | અંગ ૧૫ | ૪૦ | ૪૧૫ |
| એસેહી ભેખનકે ભવ બોધક... | અંગ ૧૧ | ૧૪ | ૨૭૫ |
| એસેહી પુરુષ હમનસે તુમકી... | અંગ ૧૫ | ૨૧ | ૪૦૧ |
| એહી પરકાર લક્ષકે નિજપદ... | અંગ ૮ | ૯ | ૧૯૪ |

| | | | |
|---|---|---|---|
| એહી પરકાર દષ્ટ કરુ જનકી... | અંગ ૧૧ | ૩૪ | ૨૮૮ |
| એહી પરકાર કરીત જાગ્રતમે... | અંગ ૧૫ | ૩૭ | ૪૧૩ |
| એહી પરકાર સકલ ભવ ભરમીત... | અંગ ૮ | ૨૮ | ૨૦૭ |
| એહી પરકાર સકલ ભવ ભરમત... | અંગ ૭ | ૪૮ | ૧૮૬ |
| એહી પરકાર સકલ જડ તનકે... | અંગ ૬ | ૪૦ | ૧૩૧ |
| એહી પરકાર સાજ સજનનકે... | અંગ ૧૪ | ૬ | ૩૭૬ |
| એહી પરકાર હાન વિભૂતિનકી... | અંગ ૬ | ૧૦ | ૧૧૧ |
| એહી પરકાર હોત નારકુ... | અંગ ૬ | ૪૮ | ૧૩૬ |
| એહી પરકાર જગાવન જનકુ... | અંગ ૧૧ | ૪૧ | ૨૯૩ |
| એહી પરકાર જંત જતમતહી... | અંગ ૬ | ૫૯ | ૧૪૪ |
| એહી પરકાર શક્તિ સનમાનીત... | અંગ ૩ | ૨૬ | ૫૯ |
| એહી પરકાર યાર સમુદાયક... | અંગ ૧૨ | ૨૦ | ૩૦૮ |
| એહી પરકાર આદ્ય અબલગ લ્યૌ... | અંગ ૧૩ | ૨૨ | ૩૪૫ |
| એહી પરકાર અંધ અખિલ કુલ... | અંગ ૧૧ | ૨ | ૨૬૭ |
| એહી પરકારન ભયે ત્રિગુણ ક્રત... | અંગ ૩ | ૧૬ | ૫૨ |
| એહી પરકારન સકલ કુવારક... | અંગ ૭ | ૨૯ | ૧૭૨ |
| એહી પરકારન સકલ જાંહાંન જગ... | અંગ ૬ | ૫૧ | ૧૩૮ |
| એહી પરકારન હવે વિના ગત... | અંગ ૫ | ૧૮ | ૮૧ |
| એહી પરકારન જુઓ પુરુષને... | અંગ ૩ | ૧ | ૪૨ |
| એહી પરકારન અદલ ચલાવન... | અંગ ૭ | ૨૬ | ૧૭૦ |
| એહી પરકારન આપોઆપ નિજ... | અંગ ૧ | ૭ | ૫ |
| એહી પરકારનકે સામ્રથ હમ... | અંગ ૧૫ | ૨૦ | ૪૦૧ |
| એહી દષ્ટાંત સિદ્ધાંત કામમે... | અંગ ૭ | ૨ | ૧૫૪ |
| એહી વચન મહેરબાન છેવટકે... | અંગ ૧૩ | ૫૬ | ૩૬૮ |
| એહી વહીવટ ભાષન ઈતકે સબ... | અંગ ૯ | ૩૬ | ૨૪૨ |
| એહી દ્વાદશ દશ ખટ અંશકી... | અંગ ૬ | ૭ | ૧૦૯ |
| એહી તનમે ઈન્દ્રિ દશ બાલક... | અંગ ૭ | ૫ | ૧૫૬ |
| એહી નીજ આદ્ય કહી સબયનકી... | અંગ ૧૩ | ૧૬ | ૩૪૦ |
| એહી સબ અખિલ પદારથકી અત... | અંગ ૫ | ૩૭ | ૯૪ |
| એહી સામાન્ય વિશેષ અંશહી... | અંગ ૧ | ૧૭ | ૧૧ |
| એહી ત્રીયે પુત્ર ભયે ભવ કારજ... | અંગ ૧ | ૨૮ | ૧૯ |
| એહી ત્રીયે વૈંશ અંશકી ઉત્પન્ન... | અંગ ૧ | ૨૩ | ૧૫ |
| એહી વ્યાકરણ પ્રાક્રત પર ભાષીત... | અંગ ૯ | ૨૮ | ૨૩૬ |
| એહી વિધીકી અદ્‌ભુત અતલીબલ... | અંગ ૩ | ૫ | ૪૪ |

| | | | |
|---|---|---|---|
| એહી વિધકે નરણીત ન્યાવનસે... | અંગ ૧૧ | ૨૧ | ૨૮૦ |
| એહી વિધકે જાનન જન મુજકે... | અંગ ૧૨ | ૧૮ | ૩૦૬ |
| એહી વિધકે નિજ અરસ અમોઘીત... | અંગ ૧૩ | ૩૨ | ૩૫૨ |
| એહી વિધિ તજ્ઞ તંત તરુ દેખીત... | અંગ ૯ | ૪૨ | ૨૪૬ |
| એહી વિધિકે ભગવાન થપે ભવ... | અંગ ૧૦ | ૧૯ | ૨૬૧ |
| એહી ઉભયન કી હાનિ બરાબર... | અંગ ૬ | ૪૯ | ૧૩૭ |
| એહી ઉભયે અવિલોક ન લાયક... | અંગ ૮ | ૨૧ | ૨૦૨ |
| એહી અમોઘ સોગહી પરેહુ હમ... | અંગ ૧ | ૪૯ | ૩૩ |

**ઓ**

| | | | |
|---|---|---|---|
| ઓરુ ચોસઠ અંગુલકી હવીતવ... | અંગ ૬ | ૬ | ૧૦૯ |
| ઓરુ ક્રસનીકે ક્રસન ખેતકે... | અંગ ૯ | ૧૩ | ૨૨૭ |
| ઓરુ પોષણ જગ જીવ જંતકે... | અંગ ૭ | ૨૪ | ૧૬૯ |
| ઓરુ કોઈ કોઈ જન ધરે હુશે પણ... | અંગ ૧૩ | ૫૯ | ૩૭૦ |
| ઓરુ તીનકે પ્રતિપાદ કરન દ્દઢ... | અંગ ૯ | ૧૬ | ૨૨૮ |
| ઓરુ સામાનય અંશ અવિલંબે... | અંગ ૧૧ | ૧ | ૨૬૭ |
| ઓરુ સ્થાવર જંગમકી ફરકીત... | અંગ ૧૦ | ૨ | ૨૪૯ |
| ઓરુ બિનું વંદન તનકે કરતા... | અંગ ૯ | ૪૧ | ૨૪૫ |
| ઓરુ નિરગુણ નિરસત્વ નિરંતર... | અંગ ૮ | ૨૦ | ૨૦૨ |
| ઓરુ ઉરકે અંધેર મિટાવહુ... | અંગ ૧૧ | ૩૨ | ૨૮૬ |
| ઓરુ અવનિ એકતાયન ઉદવિત... | અંગ ૧૨ | ૧ | ૨૯૫ |
| ઓર ચતુર અંતસક્રણકે ચિત્ત... | અંગ ૫ | ૧૨ | ૭૭ |
| ઓર લહત નહીં આપનુ આપ નિજ... | અંગ ૧૧ | ૧૦ | ૨૭૩ |
| ઓર ખરચત ધન ખાત ન ખૂટત... | અંગ ૫ | ૩૪ | ૯૨ |
| ઓર વરખકે પુષ્પ પત્રમે... | અંગ ૯ | ૧૧ | ૨૨૫ |
| ઓર કહત સામાન્ય અંશકી... | અંગ ૧ | ૨૨ | ૧૫ |
| ઓર તુમકુ નિજપદ પાવનકી... | અંગ ૧૫ | ૩૦ | ૪૦૮ |
| ઓર ત્યાગ ઈતકે સબ અલપીત... | અંગ ૫ | ૨૪ | ૮૫ |
| ઓર સકલ સબ સંત શિરોમણિ... | અંગ ૧૪ | ૯ | ૩૭૮ |
| ઓર સતો રજ તમકે તન લ્યૌ... | અંગ ૬ | ૩૯ | ૧૩૦ |
| ઓર વ્યાકરણ સુરકે શુદ્ધ કહી તમ... | અંગ ૮ | ૩૧ | ૨૧૦ |
| ઓર અંશ જેહી અખિલ ખલકકે... | અંગ ૮ | ૧૬ | ૧૯૯ |
| અંતર બાજ સહિત એકતાયન... | અંગ ૧૨ | ૧૬ | ૩૦૫ |
| અંશ ઈન્દ્રિકી મધ્ય અલાધિક... | અંગ ૬ | ૫૫ | ૧૪૧ |

**ક**

| | | | |
|---|---|---|---|
| કમર કસનકે વચન વાસ્તવિક... | અંગ ૧૪ | ૪ | ૩૭૫ |
| કરીત સમોવડ જેહી જનકી અબ... | અંગ ૧૨ | ૨૨ | ૩૦૯ |
| કરીત સ્નેહ સનાતન પતસે... | અંગ ૩ | ૮ | ૪૭ |
| કરત મરમ પાયન પતિયનકી... | અંગ ૮ | ૩ | ૧૯૦ |
| કરત સકલ કર્તા સંકલ્પકે... | અંગ ૭ | ૩૨ | ૧૭૫ |
| કરત આરાધન નિજપતિકે ઉર... | અંગ ૫ | ૨૯ | ૮૯ |
| કહી યુગન બિછરન પતિયનસે... | અંગ ૧૪ | ૩ | ૩૭૪ |
| કહત તુટ અબ પ્રણવ પેચકી... | અંગ ૬ | ૩૭ | ૧૨૯ |
| કહેણ આદ્ય અજકે અનુભવકી... | અંગ ૯ | ૨૧ | ૨૩૨ |
| કલ્પ સોઈ આપને જાનનકે... | અંગ ૧ | ૧૦ | ૭ |
| કલ્પતરુસે કલ્પિત પાવત... | અંગ ૧૨ | ૬ | ૨૯૮ |
| કામ ક્રોધ મોહ ડંભ કપટ છલ... | અંગ ૧૨ | ૪૩ | ૩૨૩ |
| કામ, ક્રોધ મદ મોહ મચ્છ તરુ... | અંગ ૧૨ | ૪૯ | ૩૨૭ |
| કારજ સો કારન સમ હવીત ન... | અંગ ૧૧ | ૪૨ | ૨૯૩ |
| કિન મરમ નિજ ક્રતા સિધકે... | અંગ ૧ | ૪૬ | ૩૧ |
| કિયે સકલ અનુકરમ અંશકે... | અંગ ૧ | ૨૫ | ૧૭ |
| કિયે આગુ બાલીનકે બાલક... | અંગ ૭ | ૪ | ૧૫૬ |
| કુને ન દેઈ કરતાર પરમકી... | અંગ ૧૫ | ૧૬ | ૩૯૮ |
| કોટિ કોટિ બ્રહ્માંડ લોકનકે... | અંગ ૧૩ | ૪૩ | ૩૫૯ |
| કોઉ ન કિયે કલ્યાણ જીવકે... | અંગ ૬ | ૬૧ | ૧૪૫ |
| કોટી અનંત વસ્ત અવિલોકત... | અંગ ૫ | ૩૬ | ૯૩ |
| કયૌ કરી શકે ઈચ્છ નિજપદકી... | અંગ ૬ | ૬૩ | ૧૪૭ |
| કેતેક તો તપ જોગ કરીનકે... | અંગ ૫ | ૨૭ | ૮૭ |
| કેતેક તોહી પુરાન સુનીતસે... | અંગ ૫ | ૨૬ | ૮૭ |
| ક્રતા ફરક ઈતકે ઈતકી સબ... | અંગ ૬ | ૩૨ | ૧૨૬ |
| ક્રતાકાર ચિત્ત ક્રતા અંશકે... | અંગ ૫ | ૧૧ | ૭૭ |
| ક્રોડ કોપ ધર આપને આપ પર... | અંગ ૧ | ૩૧ | ૨૧ |

**ખ**

| | | | |
|---|---|---|---|
| ખટ નવ લક્ષ હજાર તેહીતને... | અંગ ૬ | ૪૭ | ૧૩૬ |
| ખડક સેયેલ તોપ અધિક લોહનસે... | અંગ ૭ | ૩૮ | ૧૭૯ |
| ખાન પાન જેહી સહિત ઈજતકે... | અંગ ૫ | ૫૧ | ૧૦૪ |

| | | | |
|---|---|---|---|
| ખાનપાન જીનું જેહી જીવનકુ... | અંગ ૧૩ | ૧૯ | ૩૪૩ |
| ખાયલમે ખાયલ કાલન કયા... | અંગ ૧૨ | ૪૧ | ૩૨૨ |

**ગ**

| | | | |
|---|---|---|---|
| ગૂઢ ગમ જ્ઞાન સો નિજ કારણ કલ... | અંગ ૮ | ૮ | ૧૯૪ |

**ચ**

| | | | |
|---|---|---|---|
| ચૂર હવિત અંકુર મુખનસે... | અંગ ૫ | ૪૯ | ૧૦૨ |
| ચૈતન તો જડકે સાક્ષી પણ... | અંગ ૫ | ૧૬ | ૮૦ |
| ચોસઠ વરસ પુરુષકે દિન હુત... | અંગ ૬ | ૧૪ | ૧૧૪ |

**છ**

| | | | |
|---|---|---|---|
| છોટે મોટે અંશ અખિલ મે... | અંગ ૭ | ૩૪ | ૧૭૬ |

**જ-ઝ**

| | | | |
|---|---|---|---|
| જમી આસમાન સકત નહીં સરજીત... | અંગ ૧૩ | ૧૧ | ૩૩૭ |
| જલ નિધિવત્ અપરમ ચિડિયનકુ... | અંગ ૧૫ | ૨ | ૩૮૮ |
| જબ ક્રર્તા નિજ પરમ પુરુષકુ... | અંગ ૫ | ૪૨ | ૯૭ |
| જબ લગી ગુન તેહીકે તેહી દેખીત... | અંગ ૧૨ | ૨૩ | ૩૧૦ |
| જબ કયા રહી ગીરવાણ ભાષકી... | અંગ ૮ | ૩૮ | ૨૧૪ |
| જબ તીનકે નહીં વંચિત કોઉ કીત... | અંગ ૧૨ | ૪૫ | ૩૨૫ |
| જબ તીનુ દેવ તીનુ તરીયનસે... | અંગ ૩ | ૧૩ | ૫૦ |
| જબ તો રહે અલાધિક ભવજન... | અંગ ૭ | ૨૩ | ૧૬૮ |
| જબ હમ લીયે ઉર ધર અંતર... | અંગ ૧૪ | ૧૮ | ૩૮૪ |
| જબ હમ કિયે આગુ સબહુનકે... | અંગ ૧૩ | ૧૪ | ૩૩૯ |
| જબ જેહી સૂણો દેત પરિઉત્તર... | અંગ ૧૧ | ૨૬ | ૨૮૩ |
| જબ ઉતઈત કોઉ નુતા નિહાલન... | અંગ ૧૩ | ૧૨ | ૩૩૮ |
| જબ અજ્ઞાન જાય જેહી જનકે... | અંગ ૧૧ | ૩૯ | ૨૯૧ |
| જબ આપના આપન દરશનકો... | અંગ ૫ | ૪૧ | ૯૭ |
| જબ આપને તીનું અંશ વિનાતો... | અંગ ૧૦ | ૮ | ૨૫૩ |
| જબતે નિગમ વૃક્ષકે પલવન... | અંગ ૭ | ૪૯ | ૧૮૭ |
| જબતે નિજપતિ ક્રતા કાજ કોઉ... | અંગ ૬ | ૬૪ | ૧૪૮ |
| જબતે નિજપતિ હુકમ લેઈનકે... | અંગ ૧૫ | ૧૯ | ૪૦૦ |
| જબતે અચલ ધામ અવધિ વિન... | અંગ ૧૩ | ૫૦ | ૩૬૪ |

| | | | |
|---|---|---|---|
| જબતે આદ્ય રહનકે સરજન... | અંગ ૧૩ | ૨૪ | ૩૪૬ |
| જબતે આદ્ય થકી જેહી સ્ત્રાજમ... | અંગ ૧૩ | ૧૮ | ૩૪૨ |
| જબતે અંતસકરણ ઈન્દ્રિ ગુણ... | અંગ ૫ | ૧૫ | ૮૦ |
| જબતે અંશ ખોજ ક્યૌ કરહીત... | અંગ ૮ | ૨૨ | ૨૦૩ |
| જબતે અંશ ઈશતા સહિતમ... | અંગ ૬ | ૫૮ | ૧૪૩ |
| જબતે એક ભોવનકે ઉતપન... | અંગ ૧૩ | ૧૫ | ૩૪૦ |
| જબત્યે ક્રતા અંશકે અંતસ... | અંગ ૫ | ૧૭ | ૮૧ |
| જબત્યે નિજપતિ ખોજ વિના તો... | અંગ ૭ | ૧૬ | ૧૬૪ |
| જબત્યે અબ મોઈ પરમ પતિનકી... | અંગ ૧ | ૫૧ | ૩૪ |
| જદપી ચકિત ચીન ભયે ભયંકર... | અંગ ૧ | ૪૦ | ૨૭ |
| જદપી શક્તિ સંકોચ કરીત ચિત્ત... | અંગ ૩ | ૧૯ | ૫૪ |
| જદીપ વિરંચી આદ્ય નારકે... | અંગ ૪ | ૫ | ૬૨ |
| જતમત કહી તુમકુ હમ જેહી જન... | અંગ ૧૫ | ૨૯ | ૪૦૭ |
| જનકુ બોધ કરન અતિ કુશલીત... | અંગ ૬ | ૬૦ | ૧૪૫ |
| જા દિન અંશ મિલે પતિયનકુ... | અંગ ૧૩ | ૪૨ | ૩૫૮ |
| જાઈ મિલે કોઈ હંસ તાંહી તવ... | અંગ ૧૩ | ૩૫ | ૩૫૪ |
| જિનકે હુકમ સુર સબ વરતત... | અંગ ૭ | ૨૫ | ૧૭૦ |
| જીનકી કરીત નેતિ નિગમાદિક... | અંગ ૧૦ | ૪ | ૨૫૧ |
| જીનકે કરીત સમોહ સકલ અરથ... | અંગ ૯ | ૨૬ | ૨૩૫ |
| જીનકે કહું નરણીત ન્યાયીક નિજ... | અંગ ૭ | ૪૨ | ૧૮૨ |
| જીનકે નેંન કટાક્ષ અચરચર... | અંગ ૩ | ૩ | ૪૩ |
| જીનત્યે મીલે સકર્તા સર્જન... | અંગ ૯ | ૬ | ૨૨૨ |
| જીનત્યે સોમલ હોત હલાહલ... | અંગ ૧૨ | ૪૭ | ૩૨૬ |
| જીનને રચી સકલ એહી રચના... | અંગ ૧૩ | ૧૭ | ૩૪૧ |
| જીનું સંકલ્પકે જનિત સફુરણ... | અંગ ૯ | ૧૦ | ૨૨૫ |
| જીનું ઉપમાકી કહત બનીત નહીં... | અંગ ૧૩ | ૪ | ૩૩૩ |
| જુઓ સબનકી આદ્ય વિલોકીત... | અંગ ૧૩ | ૪૯ | ૩૬૩ |
| જેતને ભર ભવમાંહી ભયે જન... | અંગ ૧૧ | ૭ | ૨૭૧ |
| જેતનેભર તનુ સ્ત્રજીત આદ્યસે... | અંગ ૧૩ | ૨૦ | ૩૪૩ |
| જેતનેભર આપને ધામનકે... | અંગ ૧૩ | ૪૦ | ૩૫૭ |
| જેતેહી પુરુષ પ્રમાણ અઈસકે... | અંગ ૧ | ૨૪ | ૧૬ |
| જેતેહી દિન ઉનમાન કહીતમેં... | અંગ ૬ | ૯ | ૧૧૧ |
| જેહી ચતુરાનન નિગમ ચતુરસે... | અંગ ૧ | ૧૪ | ૧૦ |
| જેહી મતલબ આયે હમ ભવમે... | અંગ ૧૪ | ૧૦ | ૩૭૯ |

| | | | |
|---|---|---|---|
| જેહી ઘેર ઘેર ડોલનકી ઈશતા... | અંગ ૧૦ | ૨૩ | ૨૬૩ |
| જેહી પરકાર સ્વાદકે તરવર... | અંગ ૧૧ | ૧૫ | ૨૭૬ |
| જેહી કરતા કારણ મેરે પત... | અંગ ૩ | ૨૧ | ૫૫ |
| જેહી તારીપકે ધામ પતિનકે... | અંગ ૧૫ | ૧ | ૩૮૮ |
| જેહી સોચ આપને સરજકો... | અંગ ૧ | ૪૭ | ૩૧ |
| જેહી સૂક્ષ્મ ચિત્ત અમલ અંશકે... | અંગ ૫ | ૩૮ | ૯૫ |
| જેહી સંત ઓરુ સજન સમેતુ... | અંગ ૧૫ | ૬ | ૩૯૧ |
| જેહી નિજ સંત હુતે ધામનકે... | અંગ ૧૪ | ૮ | ૩૭૭ |
| જેહી નિજપતિ પરમકે પાયલ... | અંગ ૮ | ૧૧ | ૧૯૬ |
| જેહી જીનકે દેશનકી ઉચરણ... | અંગ ૯ | ૩૫ | ૨૪૧ |
| જેહી જીનકે અધિકાર સમોવડ... | અંગ ૧૦ | ૧૨ | ૨૫૬ |
| જેહી જેતની ગમ કહન હતી તે... | અંગ ૧૪ | ૭ | ૩૭૭ |
| જેહી જેહી ભયે આચાર અવન પર... | અંગ ૮ | ૧૮ | ૨૦૦ |
| જેહી આરત નિજ અરસ ભોવનકી... | અંગ ૫ | ૩૧ | ૯૦ |
| જેહી અનુભવ અવિલોક એહુનકે... | અંગ ૧૧ | ૩ | ૨૬૮ |
| જેહી અંશ હથિયાર કરન જડ... | અંગ ૫ | ૧૩ | ૭૮ |
| જુને પક્ષ સોઈ ક્રતા કરતકે... | અંગ ૮ | ૧૯ | ૨૦૧ |
| જૈસે વૈદ દેત ઔષધકુ... | અંગ ૧૫ | ૩૧ | ૪૦૯ |
| જો કદપી કોઈને કહી હોય તો... | અંગ ૧૫ | ૧૭ | ૩૯૯ |
| જો કદપી આપને પતિ પરમીત... | અંગ ૬ | ૬૭ | ૧૫૦ |
| જો કદાપિ ગૌ ખૂન કરે જિન... | અંગ ૧૦ | ૧૮ | ૨૬૦ |
| જો કદપિ દલ સંચિત હોય તો... | અંગ ૬ | ૧૨ | ૧૧૩ |
| જો કદપિ જન આપને જાણ બિન... | અંગ ૭ | ૨૧ | ૧૬૭ |
| જો કહેશો સુરકે સદ ભાષન... | અંગ ૯ | ૩૦ | ૨૩૮ |
| જો ન હોવે દૃષ્ટાંત દીન સમ... | અંગ ૧૧ | ૨૩ | ૨૮૧ |
| જો સંઘ બને નહીં આવન અબ... | અંગ ૧૩ | ૫૭ | ૩૬૮ |
| જો જડકે જતમત ત્યાગન પર... | અંગ ૧૦ | ૧ | ૨૪૯ |
| જો અબકી હમકુ નહીં ઉપજત... | અંગ ૧૫ | ૨૫ | ૪૦૪ |
| જોગ અભાગી સકલ જેહી જનકે... | અંગ ૬ | ૬૨ | ૧૪૬ |
| જ્યૌ માતનકુ બાલ બરાબર... | અંગ ૮ | ૪૦ | ૨૧૬ |
| જ્યૌ પરહીન વિહંગમ વિચરત... | અંગ ૬ | ૨૩ | ૧૨૦ |
| જ્યૌ બાલીનકે બાલ ખેલવના... | અંગ ૭ | ૧ | ૧૫૪ |
| જ્યૌ વનકે ગૌચાર ગોવાલન... | અંગ ૧૦ | ૧૭ | ૨૫૯ |
| જ્યૌ કોઈ તામસ દેવહી ઉચરત... | અંગ ૫ | ૨૧ | ૮૩ |

| | | | |
|---|---|---|---|
| જ્યૌ તરુ જડ ઘણ લગીત ખાય જીત... | અંગ ૨ | ૪ | ૩૮ |
| જ્યૌ સુરનતે સુર ન હોવત... | અંગ ૧૧ | ૩૧ | ૨૮૬ |
| જ્યૌં તે ઈન્દ્ર ઘટા ઘનકી મહી... | અંગ ૯ | ૧૨ | ૨૨૬ |
| જ્યેતિ જ્યેતિ જગ આદ્ય પુરુષકી... | અંગ ૩ | ૭ | ૪૬ |
| ઝાઝકાર હોઈ જગે વિના નહીં... | અંગ ૧૩ | ૬૦ | ૩૭૦ |

**ન**

| | | | |
|---|---|---|---|
| નરક સરગકે ન્યાય વિના તો... | અંગ ૭ | ૨૨ | ૧૬૭ |
| નહીં નરણીત સોઈ કહે અરણેશર... | અંગ ૧ | ૨૦ | ૧૩ |
| નહીં નંદ કોઉ કરીત ન્યાય બીન... | અંગ ૧૧ | ૬ | ૨૭૦ |
| નાર સનેહ લગાવત નર ચિત્ત... | અંગ ૫ | ૪૪ | ૯૯ |
| નાર સ્નેહ ખોટ ત્રીયે ધનકી... | અંગ ૫ | ૫૨ | ૧૦૪ |
| નાહિન ભયે તુમસે નિજકે સુત... | અંગ ૩ | ૨૨ | ૫૬ |
| નીખ શીખ સહિતમ સમલ સમર્પણ... | અંગ ૧૨ | ૧૫ | ૩૦૪ |
| નિમસ ન રખીત ન્યાર હમસે મન... | અંગ ૧૨ | ૧૪ | ૩૦૪ |
| નિરાધાર તેહી અવનિ છોરીકે... | અંગ ૬ | ૨૪ | ૧૨૦ |
| નિસતારન સોઈ ભૂક્તમાન ભવ... | અંગ ૮ | ૫ | ૧૯૧ |
| નિજ મનોરથ સોઈ ક્રતા મિલન કજ... | અંગ ૬ | ૫૨ | ૧૩૯ |
| નિજ પતિસે ગતિ કરી એકતારન... | અંગ ૧૫ | ૩૩ | ૪૧૦ |
| નિજ કરતાર સકલકે કારન... | અંગ ૧૫ | ૮ | ૩૯૨ |
| નિજ કર્તા અવતાર લેત નહિં... | અંગ ૧૦ | ૧૬ | ૨૫૯ |
| નિજ કિરતાર સકલકે કારણ... | અંગ ૩ | ૨૪ | ૫૭ |
| નિજ અનુભવ ઉનમાન કરીતસે... | અંગ ૧ | ૪૩ | ૨૯ |
| નિજ અનુભવકે એહી વૈરાગુ... | અંગ ૪ | ૨ | ૬૦ |
| નિજપતિ ક્રતા કાજ કિયે કેઈ વિધિ... | અંગ ૩ | ૬ | ૪૫ |
| નિજપતિ પરમ શરણ પાવનકી... | અંગ ૮ | ૬ | ૧૯૨ |
| નિજપતિ આપને કંઠ લગાઈત... | અંગ ૧૩ | ૩૮ | ૩૫૬ |
| નિજકે સંત શિરોમણિ તેહીસમ... | અંગ ૧૪ | ૧૨ | ૩૮૦ |

**ત**

| | | | |
|---|---|---|---|
| તપત ત્યાગ સોઈ તીવ્ર તડીતવત... | અંગ ૫ | ૨ | ૭૦ |
| તબ તીનું બરન કહાય કોહુનસે... | અંગ ૧૩ | ૨૭ | ૩૪૮ |
| તબ તો મેરે હુકમ ઉઠાવત... | અંગ ૧૫ | ૧૨ | ૩૯૫ |
| તબ સરજન એક સાચકે સંગી... | અંગ ૮ | ૪૨ | ૨૧૭ |

| | | | |
|---|---|---|---|
| તબ જેહી તેહી પરકાર જીવનકે... | અંગ ૮ | ૩૭ | ૨૧૪ |
| તબતે છોડ્યો રુંદન શક્તિને... | અંગ ૩ | ૧૧ | ૪૯ |
| તબતે વારંવાર દેત શીખ... | અંગ ૧૪ | ૨ | ૩૭૩ |
| તબતે દેવ મનુષ્ય એકતાયન... | અંગ ૯ | ૩૧ | ૨૩૮ |
| તબતે તેહી મુજમે એકતારન... | અંગ ૧૨ | ૧૯ | ૩૦૭ |
| તબતે નેહ ન કરીત નારસે... | અંગ ૫ | ૪૬ | ૧૦૦ |
| તબતે સકલ સિદ્ધાંતકે સદ... | અંગ ૧૨ | ૫૧ | ૩૨૯ |
| તબતે સત્ગુરુ શરણ આઈ ક્યા... | અંગ ૫ | ૫૦ | ૧૦૩ |
| તબતે સાચ પ્રેમ પ્રભુ પરત્યે... | અંગ ૮ | ૪૩ | ૨૧૮ |
| તબતે સાંખ્ય વેદાંત સુનીત ગત... | અંગ ૫ | ૫ | ૭૨ |
| તબતે નિજ ગુરુ પરમ બોધકે... | અંગ ૫ | ૪૩ | ૯૮ |
| તબતે શુદ્ધ અભિમાન અહંગ લેઈ... | અંગ ૧ | ૯ | ૬ |
| તબતે આપના આપનકો મુખ... | અંગ ૫ | ૪૦ | ૯૬ |
| તબત્યે નિજ કરતારનકી ગમ... | અંગ ૭ | ૪૦ | ૧૮૦ |
| તદપી વંક પણ તુમેરે શિષ શિર... | અંગ ૧૧ | ૧૯ | ૨૭૮ |
| તદપી તાય પ્રાકૃત વ્યાકરણહી... | અંગ ૮ | ૩૩ | ૨૧૧ |
| તદપી તાય ભવભરકે ઈષ્ટમહી... | અંગ ૧૦ | ૭ | ૨૫૩ |
| તદપી તાય વૈરાગ ત્યાગહુ... | અંગ ૪ | ૪ | ૬૨ |
| તદપી તાય કોઈ હમકુ કહીત જન... | અંગ ૧૧ | ૧૮ | ૨૭૮ |
| તદપી તાય ઉર તીવ્ર વૈરાગ્યત્યે... | અંગ ૧ | ૩૦ | ૨૦ |
| તદપી શક્તિ કહે કુન પતિ હે... | અંગ ૧ | ૩૫ | ૨૩ |
| તીવ્ર ત્યાગ તારીપકે તદવત... | અંગ ૧૩ | ૩૩ | ૩૫૨ |
| તદીપ પરમગુરુ વચન નિભાવન... | અંગ ૧૨ | ૩૪ | ૩૧૭ |
| તદીપ વાણી એહી નહીં દેવનકી... | અંગ ૯ | ૨૯ | ૨૩૭ |
| તદીપ કરો તીનકે વંદન જન... | અંગ ૧૦ | ૩ | ૨૫૦ |
| તદીપ તાય તન મન ધન તિનકુ... | અંગ ૬ | ૬૮ | ૧૫૧ |
| તદીપ તાય ગુણ નામ રુપકે... | અંગ ૧૦ | ૧૫ | ૨૫૮ |
| તદીપ તાય જેહી ગ્રસ્ત આચારજ... | અંગ ૪ | ૭ | ૬૩ |
| તદીપ જોગ વૈરાગ રખન જીનું... | અંગ ૫ | ૧૯ | ૮૨ |
| તદીપ જેહુનત્યે હોય સ્વાંતી ગત... | અંગ ૫ | ૪ | ૭૨ |
| તદીપ શક્તિ સુનકાદિકકુ જબ... | અંગ ૩ | ૨૦ | ૫૫ |
| તદીપતાય એહી ભવકે ભેખ સબ... | અંગ ૪ | ૧૦ | ૬૫ |
| તીનમેં પરમ અંશ ઉભયે મહી... | અંગ ૧ | ૨૬ | ૧૭ |
| તીનમે નવીન તંત કોઉ કિનને... | અંગ ૧૩ | ૨૧ | ૩૪૪ |

| | | | |
|---|---|---|---|
| તીનમે કિને ન ખોજ કરીત જીત... | અંગ ૯ | ૧૯ | ૨૩૦ |
| તીનમેં જેતની બનીત સોઈ સદ... | અંગ ૬ | ૪૫ | ૧૩૪ |
| તીનકી સમજ ન્યાય લખવાવત... | અંગ ૭ | ૩ | ૧૫૫ |
| તીનકી શાખ કહત પરવેદીક... | અંગ ૧૨ | ૨૫ | ૩૧૧ |
| તીનકે લેઈ પરમાણ પ્રતિતજન... | અંગ ૯ | ૨૩ | ૨૩૩ |
| તીનકે કહત હિસાબ હકીગત... | અંગ ૬ | ૧ | ૧૦૬ |
| તીનકે કહુ પરમાણ અપરમીત... | અંગ ૬ | ૮ | ૧૧૦ |
| તીનકે કહુ દ્દષ્ટાંત એક અબ... | અંગ ૧૧ | ૨૭ | ૨૮૩ |
| તીનુ ઉર ધરે ન બોધ શક્તિકે... | અંગ ૩ | ૧૭ | ૫૩ |
| તાર પીછે સબ વંશ તેહુનકી... | અંગ ૧૨ | ૩૯ | ૩૨૧ |
| તાર પીછે ફેરી તેહી પુરુષને... | અંગ ૧ | ૨૯ | ૧૯ |
| તો તીનકુ કયા કરીત વિઘનકો... | અંગ ૧૫ | ૩૫ | ૪૧૧ |
| તો તીનકુ કયૌ દેત ન કરતા... | અંગ ૯ | ૪૫ | ૨૪૭ |
| તો નિજપદ કરતાર પુરંજન... | અંગ ૭ | ૪૬ | ૧૮૪ |
| તો આ ભવ તજ કિયેહુ કામ કયા... | અંગ ૧૫ | ૨૩ | ૪૦૩ |
| તોય રખત સંભાલ તેહુનકી... | અંગ ૯ | ૪૪ | ૨૪૭ |
| તે માટે મુખ કહેણ મોક્ષમે મત... | અંગ ૫ | ૭ | ૭૪ |
| તે માટે એહી ઠગકે ઠાઠ સબ... | અંગ ૪ | ૯ | ૬૫ |
| તે કયૌ કરીત કાંય મુજ ઉપરીત... | અંગ ૧૨ | ૧૧ | ૩૦૧ |
| તે તો લખીતવ હુતી લેલાટન... | અંગ ૧૫ | ૨૪ | ૪૦૩ |
| તે તો નહીન દેખીતવ કોઉ કીત... | અંગ ૧૧ | ૨૨ | ૨૮૦ |
| તે સમકે તો તેહી અમરવત... | અંગ ૧૩ | ૫ | ૩૩૩ |
| તેસેહી પણ અવતાર આદ્ય લ્યૌ... | અંગ ૧ | ૨૧ | ૧૪ |
| તેસેહી હમ ધરણી જન તરવર... | અંગ ૧૨ | ૩ | ૨૯૬ |
| તેસેહી શિષ ગુરુ વૃક્ષનકે ફલ... | અંગ ૧૧ | ૧૬ | ૨૭૭ |
| તેસેહી અંશ રાજ દલ ઉરભીત... | અંગ ૬ | ૧૧ | ૧૧૨ |
| તેહી માટે ચતુરન અવિલોકન... | અંગ ૬ | ૨૨ | ૧૧૯ |
| તેહી માટે તનુ જુગલ જોસકી... | અંગ ૬ | ૫૦ | ૧૩૮ |
| તેહી માટે નહીં કરીત વાદવિદ... | અંગ ૯ | ૩૪ | ૨૪૦ |
| તેહી માટે સાચનકે સજીતવ... | અંગ ૧૨ | ૩૦ | ૩૧૪ |
| તેહી માટે હમહી નિજપત નહીં... | અંગ ૧ | ૩૭ | ૨૫ |
| તેહી માટે ગુરુ પરમ સકલ શિર... | અંગ ૯ | ૩ | ૨૨૦ |
| તેહી માટે નિજ ક્રતા આદ્યકુ... | અંગ ૭ | ૯ | ૧૫૯ |
| તેહી માટે નિજ પરમગુરુ બિન... | અંગ ૮ | ૧ | ૧૮૯ |

| | | | |
|---|---|---|---|
| તેહી માટે નિજ કરતારનકે... | અંગ ૭ | ૩૧ | ૧૭૪ |
| તેહી માટે નિજ તાત સકલકે... | અંગ ૧૦ | ૧૩ | ૨૫૭ |
| તેહી માટે જેહી પ્રથમ ત્યાગકુ... | અંગ ૪ | ૬ | ૬૩ |
| તેહી ખુદનકુ કોટી કલ્પમહી... | અંગ ૧ | ૪ | ૩ |
| તેહી પરકાર સૃષ્ટ સમરધર... | અંગ ૯ | ૧૮ | ૨૩૦ |
| તેહી પરકારન ત્યાગ તડીતવત... | અંગ ૫ | ૩ | ૭૧ |
| તેહી પરકારન નર નગકે તન... | અંગ ૧૨ | ૪૮ | ૩૨૭ |
| તેહી પરકારન આપનુઆપ કણ... | અંગ ૫ | ૪૮ | ૧૦૨ |
| તેહી પતકી પહેચાન ન કિનકુ... | અંગ ૬ | ૬૯ | ૧૫૧ |
| તેહી પારસ નિજ પ્રણવ સમીરન... | અંગ ૬ | ૪૬ | ૧૩૫ |
| તેહી પતિકે આલોચીત અનુભવ... | અંગ ૧ | ૩૮ | ૨૫ |
| તેહી પતિનકે અંશ સકલ ઈત... | અંગ ૧૦ | ૫ | ૨૫૧ |
| તેહી પણ ચલે કિમત બિનકે મહી... | અંગ ૯ | ૧૭ | ૨૨૯ |
| તેહી પણ જાત વિભાગ વીરજમેં... | અંગ ૬ | ૧૯ | ૧૧૭ |
| તેહી વૈરાગ વિના એતનેહી... | અંગ ૧૨ | ૩૩ | ૩૧૬ |
| તેહી દેવનકે સંગી ઉપાસન... | અંગ ૫ | ૨૨ | ૮૪ |
| તેહી કરતાર પ્રીછ વિનુ પરમીત... | અંગ ૧૧ | ૧૧ | ૨૭૩ |
| તેહી કારણકી ભઈ તમનકુ... | અંગ ૩ | ૨૫ | ૫૮ |
| તેહી રચનામેં દેખી દિવ્ય ગત... | અંગ ૯ | ૧૫ | ૨૨૮ |
| તેહી રંક શ્રીમંત જંતકુ... | અંગ ૫ | ૬ | ૭૩ |
| તેહી તારન સદ્ગુરુ પરમ પુનિ... | અંગ ૮ | ૨ | ૧૮૯ |
| તેહી ન કરે ઉદભવ અવનિ તલ... | અંગ ૫ | ૪૭ | ૧૦૧ |
| તેહી ન જાનત પરમ પુરુષકુ... | અંગ ૧૦ | ૨૫ | ૨૬૪ |
| તેહી સમદમહી ચલીત સંપ્રદાય... | અંગ ૯ | ૩૭ | ૨૪૨ |
| તેહી સબનકી ઈન્દ્રિ આલિંગન... | અંગ ૭ | ૬ | ૧૫૭ |
| તેહી સકલ ગમ જ્ઞાન સબનકે... | અંગ ૭ | ૫૦ | ૧૮૭ |
| તેહી સકલ ગુરુ કીયે આગમ જે... | અંગ ૧૧ | ૧૭ | ૨૭૭ |
| તેહી સકલ નિજપતિ કરતવકે... | અંગ ૧૦ | ૬ | ૨૫૨ |
| તેહી સંત નિજ પરમપુરુષકે... | અંગ ૮ | ૧૦ | ૧૯૫ |
| તેહી સુરત પુનિ અકલ આરતકુ... | અંગ ૫ | ૩૨ | ૯૧ |
| તેહી વિકરતકે ઈષ્ટ થપીત ઈત... | અંગ ૯ | ૯ | ૨૨૪ |
| તેહી નિરંધ ન્યાય વિનું નિરમીત... | અંગ ૮ | ૨૩ | ૨૦૪ |
| તેહી નિગમ ગમ શ્રુતિ સહિત ઈત... | અંગ ૭ | ૪૪ | ૧૮૩ |
| તેહી નિજ જોગ કરન જુકતનકી... | અંગ ૬ | ૪૪ | ૧૩૪ |

| | | | |
|---|---|---|---|
| તેહી શુદ્ધ અભિમાન અહંગ મમ... | અંગ ૧ | ૬ | ૪ |
| તેહી ઉપાસનકે ત્યાગનકી... | અંગ ૫ | ૨૫ | ૮૬ |
| તેહી અમુઝ સુઝ બિન સંચિત... | અંગ ૧ | ૪૪ | ૨૯ |
| તેહી અજ્ઞાન રખા ભવકે મહી... | અંગ ૮ | ૨૯ | ૨૦૮ |
| તેહી અકુલાઈ દેખ તમ ત્રાસીત... | અંગ ૧ | ૪૫ | ૩૦ |
| તેહી અરસ એહી કીયે જો બરનન... | અંગ ૧૩ | ૧૩ | ૩૩૯ |
| તેહી અસ્થાન અનોપમકી મધ્ય... | અંગ ૧૩ | ૩૪ | ૩૫૩ |
| તેહી અવિલોકીત ભક્તિ ન્યાર ગત... | અંગ ૫ | ૧૦ | ૭૬ |
| તેહી અંશ તુમ ધામ આજ મોઈ... | અંગ ૧૩ | ૩૭ | ૩૫૫ |
| તેહો તો તેજ અખંડ રહનકે... | અંગ ૧૩ | ૯ | ૩૩૬ |
| તુલ થયનકે પરીત કામ કયા... | અંગ ૧૨ | ૪ | ૨૯૭ |
| ત્યૌ મેરે જન ચરણ હમનકે... | અંગ ૧૨ | ૭ | ૨૯૯ |
| ત્યૌ નરપત નર પુરુષ નિરંજન... | અંગ ૧૦ | ૨૪ | ૨૬૪ |
| ત્યૌ ગીરવાણ ઉચ્ચાર દીરઘ સુત... | અંગ ૮ | ૪૧ | ૨૧૬ |
| ત્યૌં ભવખેત તત્વ તન કરસણ... | અંગ ૯ | ૧૪ | ૨૨૭ |
| તિનમેં પરમ વિશેષ અગ્રહી... | અંગ ૧ | ૧૮ | ૧૨ |
| તિનકે કહું દૃષ્ટાંત કરાંમલ... | અંગ ૭ | ૧૮ | ૧૬૫ |
| તિનુ અનુકરમ કરતકે કારણ... | અંગ ૧ | ૨ | ૨ |


### દ


| | | | |
|---|---|---|---|
| દહે સકલ નરવેદ જીનું તન... | અંગ ૧૨ | ૪૦ | ૩૨૧ |
| દશ ઈન્દ્રિ ઓરુ સુરત સહિત ઈત... | અંગ ૭ | ૭ | ૧૫૮ |
| દીપ સમોવડ સંત તીનું જન... | અંગ ૧૧ | ૩૦ | ૨૮૫ |
| દીરઘ ઉપાધ જ્ઞાન બિનુ સુરકી... | અંગ ૭ | ૩૬ | ૧૭૭ |
| દોપટા જ્ઞાન ગતિ કરતા નિજ... | અંગ ૧૪ | ૫ | ૩૭૫ |
| દિન દિન પ્રત્યે બિંદુ એકનમેં... | અંગ ૬ | ૧૫ | ૧૧૫ |
| દિનકર દિપક સમ નહીં કહાવત... | અંગ ૧૧ | ૨૮ | ૨૮૪ |
| દૂસરી બેર કહનકી કહી તમ... | અંગ ૧૫ | ૫ | ૩૯૦ |
| દેખી ત્રાસે શક્તિ ગુણ સહિતમ... | અંગ ૧ | ૩૨ | ૨૧ |
| દેખો તીવ્ર ત્યાગ તરકનસે એતને... | અંગ ૧૨ | ૩૭ | ૩૧૯ |
| દેખો અંશ સકલ ભવ ઈતકે... | અંગ ૧૩ | ૫૧ | ૩૬૪ |
| દેખો એહી પ્રભુતાય હમનકી... | અંગ ૧૫ | ૩૮ | ૪૧૩ |
| દેખો એહી નિજ તીવ્ર ત્યાગકે... | અંગ ૪ | ૧ | ૬૦ |
| દેઈ આશિષ પુત્રકે સુતકુ... | અંગ ૩ | ૨૩ | ૫૭ |

| | | | |
|---|---|---|---|
| દ્વૈ લખ છત્રીસ હજાર ચતુરસે… | અંગ ૬ | ૩૪ | ૧૨૭ |

**ધ**

| | | | |
|---|---|---|---|
| ધન્ય ધન્ય જીનું કહી ન જાત મોઈ… | અંગ ૩ | ૨ | ૪૨ |

**પ**

| | | | |
|---|---|---|---|
| પરમ વિશેષ પ્રકાર ઊભયે ગત… | અંગ ૧ | ૧૯ | ૧૩ |
| પરમ શૂન્ય સનાતનમે સદ… | અંગ ૨ | ૭ | ૪૦ |
| પરમ ઉત્સાહ પ્રરીત પરિપુરણ… | અંગ ૧૩ | ૪૬ | ૩૬૧ |
| પરહી સુઝ અવિલોક અચરચર… | અંગ ૧૧ | ૩૩ | ૨૮૭ |
| પાગી શકે તો અંશ પગે લગ… | અંગ ૫ | ૧૪ | ૭૯ |
| પતિ પરમકી પાસ રહનકે… | અંગ ૧૪ | ૨૨ | ૩૮૭ |
| પતિ અલગ જેહી લગન લગાવત… | અંગ ૭ | ૩૩ | ૧૭૫ |
| પણ પરવત પર તરણ વિના કોઉ… | અંગ ૧૨ | ૪૬ | ૩૨૫ |
| પણ પરકાશીક ઉભે કરનકે… | અંગ ૧૧ | ૨૯ | ૨૮૫ |
| પણ પરથમ પ્રાકૃત પરભાષીત… | અંગ ૯ | ૨૪ | ૨૩૪ |
| પણ પુનિ પરમ અંશ અવિગતકો… | અંગ ૧ | ૧૬ | ૧૧ |
| પણ કરતાર પુરંજન પદકે… | અંગ ૬ | ૨૭ | ૧૨૨ |
| પણ રહેણી કરણીસે પાવત… | અંગ ૧૫ | ૨૮ | ૪૦૬ |
| પણ હમતો નિજ પાસ રહનકે… | અંગ ૮ | ૧૪ | ૧૯૮ |
| પણ નિજ કર્તા કલિતન કોઉ કિનું… | અંગ ૯ | ૨ | ૨૧૯ |
| પણ અબકે તો ત્યાગ દેખાઈત… | અંગ ૬ | ૬૬ | ૧૪૯ |
| પણ આતો નિજવ્રત પ્રાકૃતકી… | અંગ ૮ | ૩૫ | ૨૧૨ |
| પણ અનભે તો અગાધ મહાદ રધ… | અંગ ૬ | ૪૩ | ૧૩૩ |
| પીછે કરીતવ ખોજ ગ્રંથકી… | અંગ ૧૪ | ૧૩ | ૩૮૧ |
| પીછે રહે મન બુધ અહંકારન… | અંગ ૫ | ૩૯ | ૯૫ |
| પુરુષે કિયે શક્તિકે સંજમ… | અંગ ૧ | ૨૭ | ૧૮ |
| પુનહી પાય પદ મોક્ષ મહાદ રધ… | અંગ ૧૧ | ૩૬ | ૨૮૯ |
| પુત્રી તીન દીનહી પુત્રનકુ… | અંગ ૩ | ૧૨ | ૪૯ |
| પુનિ પરમપતિ હેત સહિતકુ… | અંગ ૧૩ | ૪૫ | ૩૬૦ |
| પુનિ વૈરાગ વિષમ સહિતમ ગમ… | અંગ ૧૨ | ૧૩ | ૩૦૩ |
| પુનિ જાકે પ્રાક્રમ પરમ ગત્ય… | અંગ ૩ | ૪ | ૪૪ |
| પુનિ ગુણ ઘણ લખ એક ઓર જીનું… | અંગ ૬ | ૧૮ | ૧૧૭ |
| પુનિત નારકે વચન સુનીતસે… | અંગ ૫ | ૨૦ | ૮૩ |

| | | | |
|---|---|---|---|
| પ્રકૃતિ પુરુષ ગુન બ્રહ્મજ્ઞાનકો... | અંગ ૧ | ૧૫ | ૧૦ |
| પ્રાકૃત વ્રણીતવ કિયે પારસકે... | અંગ ૮ | ૩૨ | ૨૧૦ |
| પ્રાકૃત કુલપ ભાસ ભવ સબકી... | અંગ ૯ | ૨૭ | ૨૩૬ |
| પ્રગટે જ્ઞાન જગે ઝઝુકારન... | અંગ ૧૪ | ૧૫ | ૩૮૨ |
| પ્રેમ પ્રિત જીનકે નહીં જણીતત... | અંગ ૯ | ૪૩ | ૨૪૬ |
| પ્રથમ પુરેશ સકર્તા સરજન... | અંગ ૧ | ૧ | ૧ |
| પ્રથમ વાણી પ્રાજીનું પ્રાકૃતહી... | અંગ ૯ | ૨૫ | ૨૩૪ |
| પ્રથમ આદ્ય ધંધુકાર ધૂન્યમેં... | અંગ ૧ | ૩ | ૨ |
| પ્રથમહી સુરત અકલ આરત વિત્ત... | અંગ ૬ | ૧૬ | ૧૧૫ |
| પંથ પવાડ વાડ રમતનકુ... | અંગ ૬ | ૭૦ | ૧૫૨ |

**ફ**

| | | | |
|---|---|---|---|
| ફુલત ફલત એકાએકહી જીત... | અંગ ૯ | ૩૮ | ૨૪૩ |

**બ**

| | | | |
|---|---|---|---|
| બહોરુ રહત નિજપતિ પરમપે... | અંગ ૮ | ૧૫ | ૧૯૮ |
| બહોરુ સમોહ સંત રખી સનમુખ... | અંગ ૧૪ | ૨૦ | ૩૮૫ |
| બહોરુ સુરત ઓરુ અકલ આરતકે... | અંગ ૬ | ૨૯ | ૧૨૪ |
| બહોરહુ હમ તો કલ્પવૃક્ષ તરુ... | અંગ ૧૨ | ૫ | ૨૯૭ |
| બહોરહુ જેહી પુની આચારજકે... | અંગ ૪ | ૮ | ૬૪ |
| બહોરુ બરજ ન લગી શકત તવ... | અંગ ૩ | ૧૮ | ૫૩ |
| બહોરૂ કિન પુરુષે પરમાનીક... | અંગ ૧ | ૩૬ | ૨૪ |
| બચન પુરાને ફસે સબ ફોગટ... | અંગ ૮ | ૨૭ | ૨૦૭ |
| બિંદુ બિંદુમેં પુરુષ પુરુષકે... | અંગ ૬ | ૫ | ૧૦૮ |
| બીન ઈન્દ્રિ અંતસકે કરતા... | અંગ ૧ | ૧૧ | ૭ |
| બીન સત્‌ગુરુ એહી મહાદ મરમહી... | અંગ ૧૧ | ૮ | ૨૭૧ |
| બીન હુલાસ હાસ તજ હકીગત... | અંગ ૧ | ૩૩ | ૨૨ |
| બીન અવિગત ગત પાયે વિના તો... | અંગ ૧ | ૩૪ | ૨૩ |
| બીનહુ સોજી શિર સુસક સ્વાંત ગત... | અંગ ૧ | ૪૨ | ૨૮ |
| બોહોરુ અંશ જો કરીત તાયકુ... | અંગ ૬ | ૫૭ | ૧૪૨ |
| બોહોરહુ શ્રોત પંચ તનકે તત... | અંગ ૬ | ૩૫ | ૧૨૮ |
| બેર બેર પોકાર કહતહું... | અંગ ૧૩ | ૫૨ | ૩૬૫ |
| બેર બેર ઉલટાઈ કહત જે... | અંગ ૯ | ૫ | ૨૨૧ |
| બેર બેર ઉલટાઈ કહતહુ... | અંગ ૪ | ૧૩ | ૬૭ |

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મ જયોત નિર્ગુણ ગુણ થપીતવ... | અંગ ૧૫ | ૧૮ | ૩૯૯ |
| બ્રહ્મા વિષન માહેશ ઈશ લ્યૌ... | અંગ ૧૫ | ૧૪ | ૩૯૭ |
| બ્રહ્માદિક ભવ અણુની આદ્ય કુલ... | અંગ ૭ | ૩૯ | ૧૮૦ |
| બિનહુ સધીર વિના નર સામ્રથ... | અંગ ૬ | ૪૨ | ૧૩૨ |
| બિનુ હારદ નિજ ક્રતા આદ્યકે... | અંગ ૭ | ૧૧ | ૧૬૦ |
| બિનું બોલન બોલનકે જેહી પત... | અંગ ૯ | ૩૯ | ૨૪૪ |
| બંધવ સોઈ કરતકે કર્તા... | અંગ ૮ | ૨૫ | ૨૦૫ |

**ભ**

| | | | |
|---|---|---|---|
| ભવ સોઈ ભવિત ભામનીનસે રત... | અંગ ૫ | ૩૦ | ૮૯ |
| ભવ સોઈ ભવિત નામ રુપ ગુણકે... | અંગ ૬ | ૨૬ | ૧૨૨ |
| ભવહીત ભાવ કરન ઈતરનકે... | અંગ ૧૨ | ૩૨ | ૩૧૬ |
| ભાયગવંત તુમસે નહીં જુગમે... | અંગ ૧૫ | ૨૬ | ૪૦૫ |
| ભેરુ તો ભઈબંધ ભવનકે... | અંગ ૧૨ | ૩૧ | ૩૧૫ |
| ભ્રમીત ભાવ ગત હુયે ઉર... | અંગ ૧ | ૩૯ | ૨૬ |

**મ**

| | | | |
|---|---|---|---|
| મરમ લહે બિન પરમ પુરુષકે... | અંગ ૭ | ૨૮ | ૧૭૨ |
| મન ક્રમ વચન વેદ વિત્તકે અજ... | અંગ ૫ | ૪૫ | ૧૦૦ |
| મહા રુદન કલ્પાંત કરીત જીનું... | અંગ ૨ | ૨ | ૩૬ |
| મહા અજુજ અસ્થાન અનોપમ... | અંગ ૧૩ | ૧૦ | ૩૩૭ |
| મહાદ વિભૂતન વિવિધ ભાત્ય ભવ... | અંગ ૭ | ૩૫ | ૧૭૭ |
| માટે બાપ બેર નહીં આવત... | અંગ ૧૩ | ૫૫ | ૩૬૭ |
| માટે હી બાપ મુસલ હિંદુવનકી... | અંગ ૧૨ | ૨૯ | ૩૧૪ |
| માટે નિજકર્તા નિજ ઘરથી... | અંગ ૧૦ | ૨૦ | ૨૬૧ |
| મીટે તરસ તમા નહીં તનકી... | અંગ ૧૨ | ૩૬ | ૩૧૮ |
| મોજ વિના મનોરથ પરિપૂર્ણ... | અંગ ૭ | ૨૦ | ૧૬૬ |
| મેરે વચન પ્રતીત લાયકે... | અંગ ૧૫ | ૭ | ૩૯૨ |

**ય**

| | | | |
|---|---|---|---|
| યા ગત બરનન સંગી નારકે... | અંગ ૫ | ૨૩ | ૮૫ |
| યા વિધકે ચેતન મમ સંતુ... | અંગ ૧૧ | ૪૦ | ૨૯૨ |
| યા વિધકે નરણીત કરીકે નિજ... | અંગ ૭ | ૮ | ૧૫૮ |
| યા વિધકે જેહી સરલ સતંતર... | અંગ ૧૧ | ૩૫ | ૨૮૯ |

| | | | |
|---|---|---|---|
| યા વિનું દીરઘ નાંહી ઉપરીત દુઃખ... | અંગ ૧ | ૪૮ | ૩૨ |
| યા વિધિ ભેખ ધરીત સબ ઠગકે... | અંગ ૧૧ | ૧૨ | ૨૭૪ |
| યા વિધિ અલગ રહત વિકલપસે... | અંગ ૧૫ | ૩૯ | ૪૧૪ |
| યૌ કલપંત રહે સબહી ઈત... | અંગ ૨ | ૫ | ૩૮ |
| યાતે અખિલ અંશ અનુસુજીત... | અંગ ૧૧ | ૫ | ૨૬૯ |
| યાતે અંતસકરન ઈન્દ્રિ ગુન... | અંગ ૧ | ૧૨ | ૮ |

**ર**

| | | | |
|---|---|---|---|
| રહત જોગ વૈરાગ અચલ તવ... | અંગ ૪ | ૧૪ | ૬૮ |
| રાજકુંવર પાટન પતકે નિજ... | અંગ ૧૫ | ૧૦ | ૩૯૪ |
| રાજકુંવર પાટનકે પતકો... | અંગ ૧૦ | ૯ | ૨૫૪ |
| રાજહુકમ ગાદીનસે માનત... | અંગ ૧૦ | ૧૧ | ૨૫૫ |
| રહે સકલ ઈતકે ઈત અંશુ... | અંગ ૮ | ૧૭ | ૨૦૦ |
| રીતે મગ સોઈ સર્જનહાર બીન... | અંગ ૭ | ૧૨ | ૧૬૧ |
| રોયે શૂન્ય મહાશૂન્ય અમિત પુનિ... | અંગ ૨ | ૩ | ૩૭ |

**લ**

| | | | |
|---|---|---|---|
| લાગ લગનકી કહત રહેણી રત... | અંગ ૧૨ | ૮ | ૨૯૯ |
| લોક નંદકી ક્ષોભ ધરત નહીં... | અંગ ૪ | ૧૨ | ૬૭ |
| લેઈ નિજ સધર પ્રમાનગી પતકી... | અંગ ૧૫ | ૯ | ૩૯૩ |

**વ**

| | | | |
|---|---|---|---|
| વચન વિરોધ કરન કર્તા બીચ... | અંગ ૯ | ૨૨ | ૨૩૨ |
| વચન વિડાર કરનકે કારન... | અંગ ૧૨ | ૩૫ | ૩૧૮ |
| વીશા સો સમર મહી ચોસટ... | અંગ ૬ | ૨ | ૧૦૬ |
| વાદ વિવાદ કરીત કોઉ જીનકે... | અંગ ૬ | ૨૮ | ૧૨૩ |
| વારપાર ઉતઈતકી કલીતવ... | અંગ ૧૪ | ૧૪ | ૩૮૧ |
| વારંવાર કહુ કાહા તીનકી... | અંગ ૧૩ | ૨૫ | ૩૪૭ |
| વનસ્પતિનકી કહી તમનને... | અંગ ૧૧ | ૨૦ | ૨૭૯ |
| વેદ પુરાન શાસ્ત્રકે કરતા... | અંગ ૭ | ૧૦ | ૧૬૦ |
| વેદ પુરાણ જ્ઞાનકે ગમકી... | અંગ ૧૧ | ૪ | ૨૬૯ |
| વડપણ સોઈ જીનું વીતે કાલ બહુ... | અંગ ૮ | ૩૦ | ૨૦૯ |
| વ્યાકરણ પ્રાક્રત પ્રતિત પ્રેમકી... | અંગ ૯ | ૩૨ | ૨૩૯ |
| વ્યાકરણ છાપ દેખી દલ દરજીત... | અંગ ૯ | ૨૦ | ૨૩૧ |

| | | | |
|---|---|---|---|
| વ્યાકરણ પઢ પઢ મુવે સકલકો… | અંગ ૮ | ૩૬ | ૨૧૩ |
| વ્યાકરણ કામ પરે પ્રાક્રતકે… | અંગ ૯ | ૩૩ | ૨૪૦ |
| વ્યાકરણ સો વદીતવ વિદવનકે… | અંગ ૮ | ૩૪ | ૨૧૨ |
| વિષ્ણુ વિચાર કિનહી કલપ તજ… | અંગ ૩ | ૧૫ | ૫૧ |
| વિશેષકે સિદ્ધાંત બ્રહ્મકે… | અંગ ૧૦ | ૨૬ | ૨૬૫ |


**સ**


| | | | |
|---|---|---|---|
| સધર સભ્મોમ પીયુષ રસ ભરીતવ… | અંગ ૧૩ | ૨૯ | ૩૪૯ |
| સકલ દેશકી સમજ સરાવન… | અંગ ૯ | ૧ | ૨૧૯ |
| સકલ સાજ સુખ સહિત સમરધી… | અંગ ૧૫ | ૩૬ | ૪૧૨ |
| સકલ સાજ અવિલોકન રતકો… | અંગ ૫ | ૩૫ | ૯૩ |
| સકલ સિદ્ધાંતન પર પદ પરસિધ… | અંગ ૧૩ | ૪૭ | ૩૬૨ |
| સકલ શરીર તંતકે કારણ… | અંગ ૬ | ૩૮ | ૧૨૯ |
| સરભર સોઈ શ્રીમંત રંક સમ… | અંગ ૧૫ | ૧૩ | ૩૯૬ |
| સરખે સરખ સહેત જેહુનમેં… | અંગ ૬ | ૫૪ | ૧૪૦ |
| સરખે સરખા સોઈ પદારથ… | અંગ ૭ | ૩૦ | ૧૭૩ |
| સામ્રથ કરે ચહાય સો ધરીતવ… | અંગ ૧૨ | ૨૮ | ૩૧૩ |
| સાબજ સાજ ઈન્દ્રિ ગુણ સહિતમ… | અંગ ૧૨ | ૪૨ | ૩૨૩ |
| સાર અસાર સકલકો દેખીત… | અંગ ૧૪ | ૧૬ | ૩૮૩ |
| સાંસ્ત્રત સો શુદ્ધ સ્ત્રજીત અંશકુ… | અંગ ૧ | ૧૩ | ૯ |
| સો તો ભયે નહિં ઉતઈતમે… | અંગ ૧૧ | ૨૪ | ૨૮૧ |
| સો તો સકલ વિભાગ ભંગુસે… | અંગ ૬ | ૩૧ | ૧૨૫ |
| સો તો સુરત અકલ આરત ઈત… | અંગ ૫ | ૩૩ | ૯૧ |
| સો ન લહત કરતાર પુરંજન… | અંગ ૯ | ૪ | ૨૨૧ |
| સો નિજ ઘરમેં વસે નિરંતર… | અંગ ૧૩ | ૨ | ૩૩૧ |
| સો નિજકે લક્ષ અહંગ એહી મમ… | અંગ ૫ | ૮ | ૭૫ |
| સોહી સદ્યાન ભયે તે ભવજન… | અંગ ૭ | ૪૭ | ૧૮૫ |
| સંત એક રમતા રતીવંતુ… | અંગ ૧૪ | ૧૧ | ૩૭૯ |
| સુભ્ભર અકરીયનસે તન ખાયલ… | અંગ ૧૨ | ૪૪ | ૩૨૪ |
| સુખકી શિર સીમા વિના સદપદ… | અંગ ૧૫ | ૩ | ૩૮૯ |
| સુખકે સાગરમાંહી ઝકોલા… | અંગ ૧૫ | ૪૧ | ૪૧૬ |
| સુરતે અગ્ન હોત જીનું દીપક… | અંગ ૧૧ | ૩૭ | ૨૯૦ |
| સુનકાદીક શિવ સપ્ત ઋષેશ્વર… | અંગ ૧૨ | ૩૮ | ૩૨૦ |

**શ**

| | | | |
|---|---|---|---|
| શક્તિ સમીપ રહી એતની લગ... | અંગ ૧ | ૫૨ | ૩૪ |
| શક્તિ વિજોગ પરેહુ પુરુષકે... | અંગ ૨ | ૧ | ૩૬ |
| શાસ્ત્ર પુરાન સિદ્ધાંતનકે સબ... | અંગ ૭ | ૪૩ | ૧૮૨ |

**હ**

| | | | |
|---|---|---|---|
| હમ તો સ્વાદ લિયે તેહી સુખકે... | અંગ ૧૫ | ૪ | ૩૯૦ |
| હમકુ પ્રિય લગત તુમ અંશુ... | અંગ ૧૪ | ૧ | ૩૭૩ |
| હલન ચલન જેહી કરીત કાજ તન... | અંગ ૧૨ | ૧૦ | ૩૦૧ |
| હરદે હરસ ઉપજણસે અકલિત... | અંગ ૮ | ૪ | ૧૯૧ |
| હવિત સરલ એકતાર ક્તારન... | અંગ ૫ | ૯ | ૭૫ |
| હાર વચન હમ કિયે આગમસે... | અંગ ૧૩ | ૬૨ | ૩૭૨ |
| હાર જીત તો પતિ પરમસે... | અંગ ૭ | ૧૭ | ૧૬૪ |
| હારે કે ઓરન હરવાવે... | અંગ ૭ | ૧૯ | ૧૬૬ |
| હેત પ્રિત સહિતમ હમસે ચિત્ત... | અંગ ૧૪ | ૧૭ | ૩૮૩ |
| હુકમ વિના કિત પાવ ધરત નહીં... | અંગ ૧૨ | ૯ | ૩૦૦ |
| હિલમિલ હેત સકલ સંતનમે... | અંગ ૧૪ | ૧૯ | ૩૮૫ |
| હંસ કોલાહલ કરીત સમોહીત... | અંગ ૧૩ | ૪૧ | ૩૫૭ |
| હંગ સભાખ સો અહંગ એક મમ... | અંગ ૧ | ૫ | ૪ |

**જ્ઞ**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાન વિના નિજ ગમ નહીં પાવત... | અંગ ૭ | ૩૭ | ૧૭૮ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કેવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કેવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કેવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ‘‘પંચમ સ્વસમ વેદ’’ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કેવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-4-7